અરણ્યાદ કન્યા — ચિત્રકાર : શ્રી [illegible]

સમાજ[illegible] ને મુક્ત[illegible] જીવનસ્પર્શી માસિક

કોડિયાં અને નવરચના

સંપાદક:
ઈશ્વરલાલ મોહનલાલ દવે

કોડિયાં વર્ષ ૨૦ :: 'નવરચના' વર્ષ ૧૫ :: એપ્રિલ '૫૦ • અંક ૧

અમાસની મધરાત — બાલમુકુંદ દવે

શરદપૂનમની રાતલડી — ”

○ ગાનાર : શ્રી રતિકુમાર વ્યાસ

○ રેકોર્ડ નં. GE. 8519

અમાસની મધરાત એટલે કાજળકાળું અંધારું જ અંધારું. એવી મધરાત વિષે ગીતે તે શું લખાય! ગુજરાતના લાડીલા કવિ શ્રી. બાલમુકુંદે અમાસની કાજળકાળી રાતને યુવાન ભીલડી સાથે સરખાવી એક અજોડ ગીત રચ્યું છે અને રતિકુમારના મીઠા કંઠમાં આ રેકોર્ડ પર એ રજુ થયુ છે એ જ કવિ અને એજ ગાયકે મળી શરદપૂનમની ઉજળી રાતે ઉભરાતા યૌવન ઉલ્લાસને પણ હૃદયપેટીમાં પૂરી રાખવા પડે છે — કરમે મીલની કાળી નોકરી જ લખી છે — એક યુગલની ઊર્મિને અહીં અવાજ આપ્યો છે.

માધવદાસ હરિ રામજી

GE 8520
જેને લાગ્યા શબ્દોના બાણ
ગળ ખાઈ ચોકડા ખમે

જેના કંઠે ભજનો સાંભળવા એ એક લ્હાવો છે એ શ્રી માધવદાસ ભાઈએ આ રેકોર્ડ પર બે સુંદર ભજનો ગાઈ સંભળાવ્યાં છે.

○ અમે નીમેલા નજીકના ગ્રામોફોનના વ્યાપારીની દુકાને પધારી આ રેકોર્ડ આજેજ સાંભળો

ઇંડિયા ગ્રામોફોન કું. લી.
કલકત્તા • મુંબઈ • દિલ્હી
COLUMBIA GRAPHOPHONE Co. LTD CALCUTTA, BOMBAY, DELHI

ગુજરાતી સાહિત્યનો નવો ગ્રન્થ—ફાલ

નવલકથાઓ

★

ગુર્જરેશ્વર (કુમારપાળ) — ધૂમકેતુ
ચૌલુક્ય નવલગ્રંથાવલિનું નવું પુષ્પ—નવી સૌરભ સાથે
કિંમત: ૪—૮—૦ પો. ૮ આના

પૃથ્વીશઃ — ધૂમકેતુ
રાજા તે યોગી : ને યોગી તે રાજાની નવી ફિલસૂફી રજૂ થાય છે,
કિં. : ૩—૮—૦ પો. ૮ આના

ભાઇબીજ — ધી. ધ. શાહ
છાત્રાલયના સળગતા ને મૂંઝવતા પ્રશ્નોની રસભરી નવલ
કિં. : ૪—૦—૦ પો. ૮ આના

સરિતાથી સાગરઃ — શિ. પ્રા. શુક્લ
પૂ. બાપુજીએ કરેલી દાંડી કુચની રસ, રમૂજ ને માહિતી ભરી નવલ
કિં. : ૪—૦—૦ પો. ૮ આના

ભાગ્યનિર્માણ — જયભિખ્ખુ
બિન સાંપ્રદાયિક શાસનની તવારીખ રજૂ કરતી પ્રેમ—શૌર્યભરી નવલ
કિં. : ૩—૪—૦ પો. ૮ આના

માશી—ભાણેજ — ચં. દલાલ
પ્રણય ત્રિકોણની નવલ, જેમાં ત્રિકોણ રચાતો નથી : છતાં રમ્ય તો લાગે છે
કિં : ૩—૦—૦ પો. ૮ આના

ભગવાન મલ્લિનાથ — જયભિખ્ખુ
ધર્મ અને જીવનમાં ક્રાંતિ કરે તેવી વાતોનો સંગ્રહ
કિં. ૨—૮—૦ પો. ૭ આના

વિદ્યાર્થીઓની વાતો — દામુભાઇ શુક્લ
કિં. ૧—૦—૦ પો. ૫ આના

મુન્શીના નવાં પુસ્તકો

★

પૌરાણિક નાટકો — ક. મા. મુન્શી
કિં. ૩—૮—૦ પો. ૮ આના

સામાજિક નાટકો — ક. મા. મુનશી
કિં. ૩—૮—૦ પો. ૭ આના

કાલિદાસનાં નાટકો : — કે. કા શાસ્ત્રી
ગુજરાતી અવતાર ધરતાં કવિવરનાં સુંદર નાટકો
કિ. : ૪—૮—૦ પો. ૧૦ આના

ઊંડા અંધારેથી : — મેક્સિમમ ગોર્કી
જન સામાન્યમાં જીવતાં પત્રોની સંવેદનાત્મક ભજવી શકાય તેવી કૃતિ
કિ. : ૨—૮—૦ પો. ૮ આના

મુદ્રારાક્ષસ — કે. કા શાસ્ત્રી
કવિ વિશાખદત્ત કૃત રાજકિય મહત્ત્વનું જૂનું નાટક : ગુજરાતી ભાષામાં
કિં. : ૨—૮—૦

રણછોડલાલ ને બીજાં નાટકો
પાંચ નાટકોનું સુંદર ગુચ્છ. જેમાંના સફળ રીતે ભજવાયા છે.
કિં. : ૨—૮—૦ પો. ૮ આના

ધૂમકેતુના નવાં પ્રકાશનો

જીવનપથ : જીવનના રોમાંચક સ્મરણોની કથા
કિં. ૪—૮—૦

લોકરામાયણ : નવી શૈલી અને મૌલિક દૃષ્ટિથી લખાયેલ કથા
કિંમત ૧—૮—૦

અનામિકા નવો વાર્તાસંગ્રહ કિં. : ૩—૦—૦

ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય : ગાંધીરસ્તો : અમદાવાદ

શેખચલ્લી

: લેખક :

નિરંજન વર્મા

જયમલ્લ પરમાર

કિંમત રૂા. એક

★

૧. શેખચલ્લી

૨. ચોર કે શાહુકાર ?

૩ કોણ મુરખ ?

૪. શિયાળની વકીલાત

૫ ભૂતને ભગાડનારી

પંજાબની લોકવાર્તા ઉપરથી તૈયાર કરેલી આ પાંચ વાર્તાઓનું આકર્ષણ એકવાર વાંચ્યા વિના સમજાશે નહિ.

બાળકો, બુઢ્ઢા સૌ કોઈને એક સરખો રસ આપતી આ વાર્તાઓ અવશ્ય વાંચજો.

★

ભારતી સાહિત્ય સંઘ લિ૦

ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો

અમદાવાદ-૧

ઊર્મિ નવરચના

સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

'ઊર્મિ' વર્ષ ૨૦ : 'નવરચના' વર્ષ ૧૫ : અંક ૧લો

એપ્રિલ : ૧૯૫૦

ક્રમ

વાણીની વાણી	ધૂમકેતુ	૫
જીવનપથ	ધૂમકેતુ	૮
સર્વોદય કે સામ્યવાદ ?	વસુબન્ધુ	૧૩
ચારિત્રકથાઓ	...	૨૦
માનવીનાં હૈયાં	સ્નેહરશ્મિ	૨૫
ગુરુદેવ · અમારે આંગણે	અનુઃ રમણિક મેઘાણી	૩૩
સેવાગ્રામ ડાયરી [૩]	પં. શ્રીરામ શર્મા	૪૨
જીવનનું કુરુક્ષેત્ર	વ્રજલાલ ત્રિવેદી	૪૭
વાંદરા-મંકિયા	પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ	૫૦
૩૭મી વૈજ્ઞાનિક પરિષદ	અશ્વિન ત્રિવેદી	૫૮
શારીરિક શ્રમ	ભૂપતરાય મો. દવે	૬૨
મૂર્તિકાર . એક રૂપકથા	અનુ· ગોપાલરાવ વિદ્રાંસ	૬૪
ગ્રંથસમીક્ષા	અ. મ. રા.	૬૯

—: વાર્ષિક લવાજમ :—

દેશમાં : ૭-૮-૦ :: પરદેશમાં : રૂા. ૧૦-૦-૦

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ-૧

સ્વાણી એન્ડ કંપની : ૪૦૫, કાલબાદેવી . મુંબઈ-૨

પ્રકાશક : ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ વતી ઇશ્વરલાલ મો. દવે
ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ-૧

મુદ્રક : જયંતી ઘેલાભાઈ દલાલ : વસંત પ્રેસ, ઘીકાંટા રોડ,
ઘેલાભાઈની વાડી : અમદાવાદ

શિષ્ટ અને સંસ્કારી સાહિત્ય

પાન સોપારી
હાસ્ય મર્મ અને કટાક્ષરેખા
શ્રી ચિનુભાઈ પટવાકૃત રસ રંગ
[illegible]
૬-૦-૦

મેનાપોપટ
શામળભટ્ટકૃત સિંહાસન બત્રીસીની
કુતૂહલ અને ચમત્કારભરી, રસિક
અને રંગીલી વિલક્ષણ વાર્તાઓ
૩-૮-૦

નવીના
[illegible] નારી જીવનની
નમણી કરુણમંગલ નવલકથા
૫-૦-૦

સાધના
સ્વાર્થ અને ત્યાગ વચ્ચે માનવીના
મનમાં ચાલતા મંથનને મૂર્ત કરતી
નકસીદાર સામાજિક નવલકથા
૨-૮-૦

મોભનાં પાણી
નવયુગની પલટાતી પ્રણય ભાવનાની
પ્રસંગ ભરપૂર સળંગ નવલકથા
૨-૮-૦

પ્રારબ્ધના પાસા
પાપીના પ્રપંચો, મૈત્રી મદદ અને અંતે
સત્યનો જય આપતી સનસનાટીભરી
રોમાંચક અને ભેદભરી નવલકથા
૪-૮-૦

શ્રી ચંદ્રવદન મહેતાકૃત
શકુન્તલા
શાકુન્તલનું કન્યાવિદાય સુધીનું
રૂપ ગંભીર નમણું રૂપાંતર
૧-૦-૦

પાંજરાપોળ
લગ્ન સંસ્થા સામે લાલબત્તી ધરતું
હાસ્ય અને કટાક્ષભર્યું નાટક
૨-૦-૦

શ્રી ચુનીલાલ મડિયાકૃત
હું ને મારી વહુ
રમૂજની રમત રેલાવતું
તખ્તાલાયક નવું નાટક
૧-૮-૦

પાવક જ્વાળા
જૂના અને નવા યુગના સંગમની
હૃદયંગમ સામાજિક નવલકથા
૩-૮-૦

જયગિરનાર
સચિત્ર પ્રવાહી પ્રવાસ વર્ણન
૧-૦-૦

શ્રી અવિનાશ વ્યાસકૃત
મેંદીનાં પાન
પ્રેક્ષકોની પ્રશંસા પામેલી
નવનૃત્ય-ગીત-નાટિકાઓ
૨-૮-૦

અર્વાચીના
રંગભૂમિ રસિયાની રંગલીલા
૧-૦-૦

સ્વ. ઝવેરચંદ મેઘાણીકૃત
તુલસીક્યારો
વાત્સલ્ય અને સ્વાર્થત્યાગની
જીવાતા જીવનની કુટુંબકથા
૪-૦-૦

પ્રભુપધાર્યા
બ્રહ્મદેશમાંના ગુજરાતીઓની
કરુણ-મંગલ નવલકથા
૨-૮-૦

માણસાઈના દીવા
શ્રી રવિશંકર મહારાજના
પ્રેરક ને રોમાંચક જીવનપ્રસંગો
૨-૮-૦

દાદાજીની વાતો
રોચક અને રોમાંચક
કૌતુકભરી લોકકથાઓ
૧-૪-૦

શ્રી મનસુખલાલ ઝવેરીકૃત
ફૂલદોલ
ભાવ અને ભાષાની ભભકભર્યાં
કાવ્યોનો સંગ્રહ નવી આવૃત્તિ
૨-૪-૦

ભોજ અને કાલિદાસ
હાસ્ય અને હાજરજવાબીની ૧૦૪
ચાતુર્ય અને ચમત્કારભરી વાર્તાઓ
૪૧૬ પાનાં
૪-૦-૦

શ્રી વિજયરાય વૈદ્યકૃત
નાજુક સવારી
હળવી શૈલીની મર્માળી નિબંધિકાઓ
૧-૮-૦

એન. એમ. ત્રિપાઠી લિમિટેડ,
બુકસેલર્સ . પબ્લિશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ ૨

વાણીની વાણી

[કૉન્ફ્યુશ્યસ અને બીજાઓમાંથી]

પંદર સત્તર વર્ષે વિદ્યાપ્રીતિ એ મારું ધન હતું, પણ ત્રીસની ઉમ્મરે એ પ્રીતિએ નવું રૂપ લીધું. વિદ્યાપ્રીતિને સ્થાને પછી સિદ્ધાંતની દૃઢતા આવી. ચાલીસ વર્ષની વયે તમામ શંકાઓ શમી ગઇ. પચાસ વર્ષની વયે શ્રદ્ધા જન્મી. સાઠ વર્ષની વયે, મને બીજાની વાણીમા રહેલ સત્યાંશ સમજાવા માંડ્યો સીત્તેરની વયે હું અંતઃકરણની વાણીને શ્રદ્ધાથી અનુસરવાનું બળ પ્રાપ્ત કરી શક્યો. અંતઃકરણની વાણી અને સત્ય એ બન્ને પછી અભિન્ન બનતાં ગયાં. મારા જીવનપંથમાં આવો કોઇ ક્રમ મને દેખાયો છે

માણસને જીવનપંથનું દર્શન કરવાના અનેક રસ્તાઓ મળી રહે છે.

માણસના હેતુની પરીક્ષા એ એનું સાચું સ્વરૂપ છે.

જ્યારે માણસ પોતાના જ્ઞાનમાં પોતે મગ્ન રહે છે એમાં આનંદ નિહાળે છે, ત્યારે એ પોતાની જૂની જ્ઞાનસમૃદ્ધિને હમેશાં વધારતો રહે છે જ્ઞાનમાં રમમાણ રહેનારો આવો મનુષ્ય ઉત્તમ શિક્ષક થઈ શકે.

પણ કેટલીક વખત વાણીના આનંદ કરતાં કાર્યનો આનંદ ઘણો વધારે બળવાન હોય છે. એવો માણસ બોલતો નથી કરી દેખાડે છે. અને કરી દેખાડ્યા પછી, કાર્યને અનુરૂપ એની વાણી આવે છે. આ માણસને તમે શ્રેષ્ઠ—નરોત્તમ ગણી શકો. એ સૌને દોરવા માટે છે આવા માણસનું મન પક્ષપાતથી પર હોય છે ક્ષુદ્ર માણસનું મન જ પક્ષપાતી હોય છે અને પોતાના એ પક્ષપાતને ટકાવવા એ આકાશપાતાળ એક કરતો હોય છે આવો ક્ષુદ્ર માણસ રાજકર્તા તરીકે તદ્દન નાલાયક ગણાવો જોઈએ

જ્ઞાન શું છે એ પણ સમજવા જેવી વાત છે. જ્ઞાન એટલે સમજણ એમ આપણે સમજીએ છીએ. એ સમજણ અધુરી છે જ્ઞાન એટલે સમજણ એટલું જ પૂરતું નથી. આપણી બીનસમજણની સમજણ—આપણા અજ્ઞાનની સમજણ—એ પણ જ્ઞાન છે અને એ 'પણ' જ્ઞાન છે એમ નહિ, એ જ જ્ઞાન છે.

લોક સહકાર આપે માટે રાજકર્તાઓએ પણ કેટલુંક કરવાનું હોય છે. યોગ્ય માણસને યોગ્ય સ્થાન આપવાની શક્તિમાં જ રાજતંત્રની સુવ્યવસ્થા રહી છે ! પણ જ્યારે અયોગ્યને આગળ મૂકવામા આવે ત્યારે સમજવું કે એ શાસનના દિવસો ભરાઈ રહ્યા છે ! જેટલા રાજ્યો લડાઈ કરવાથી નાશ પામ્યાં છે, એ તમામ લડાઈઓના મૂળમાં આવી ગેરવ્યવસ્થા જ વસી રહી હતી.

[૨]

માણસનું ડહાપણ, પોતાનો પાડોશી પસંદ કરવાની રીતમાં પણ દેખાઈ આવે છે. સંસ્કારી પાડોશ વિના શાંતિ રાખવી એ આકાશમાંથી કમળ લાવવા જેવી વાત છે

જેમની પાસે જ્ઞાનનું બળ નથી, પરંપરાથી પ્રાપ્ત થયેલી સદ્ગુણની વૃત્તિ નથી, અથવા તો શાંતિમાં રહેવાની જેમને તમન્ના નથી, તે દુઃખમાં કે સુખમાં લાંબો વખત સ્થિર નહી રહી શકે. સદ્ગુણી સદ્ગુણમાંથી સ્થિરતા પ્રાપ્ત કરી શકે. ડાહ્યાઓ સદ્ગુણોને ઈચ્છે

સદ્ગુણી માણસો દુનિયામાં આ વસ્તુને કે તે વસ્તુને એવી રીતે નહિ ઈચ્છે કે જેમાંથી કલહ ઉભો થાય. ક્ષુદ્ર માણસો કલહ ઉભો કરીને પણ પોતાની સગવડતા ઉભી કરશે. એટલા માટે શાંતિની ઈચ્છા રાખનારાએ પોતાનો પાડોશ પસંદ કરવામા હમેશાં વિવેક વાપરવો.

[૩]

એક રાજનીતિજ્ઞ પુરુષ ડાહ્યાની પેઠે વર્ત્યો અને લોકોએ તેની પ્રશંસા કરી એ નો એ પુરુષ મૂરખાની પેઠે વર્ત્યો ત્યારે પણ લોકોએ તેની પ્રશંસા કરી.

આ કોયડાનો ઉકેલ કોઈનાથી સમજાય છે?

ન સમજાતો હોય તો હું સમજાવું. જ્યારે દેશમાં વ્યવસ્થા, શાંતિ અને સુખ હતાં, ત્યારે એ રાજનીતિજ્ઞ પુરુષ ડાહ્યાની પેઠે વર્ત્યો, પ્રવચનો કર્યાં, શીખામણો આપી, સુશાસનનું રહસ્ય સમજાવ્યું, અને લોકોએ તેના ડહાપણની પ્રશંસા કરી.

પણ જ્યારે દેશમાં અશાંતિ આવી, અવ્યવસ્થા ઉભી થઈ, ત્યારે એ અતિશય ડાહી ડાહી વાતોને બદલે, મૂરખ જેવાં ગણાય તો મૂરખ જેવાં, પણ તાત્કાલિક વિઘ્નવેગી પગલાં લેવા માંડ્યો, અને કેટલાક લોકોને જે એની મૂર્ખાઈ જણાતી હતી તેમાં શાંતિનાં દર્શન થયાં ! અને એની આ મૂરખાઈ માટે પણ એની પ્રશંસા થઈ !

એટલા માટે પ્રાજ્ઞ પુરુષોએ કહ્યું છે કે રાજનીતિમાં દેખાતી મૂર્ખાઇ, એ તો ઘણી વખત ડાહ્યામાં ડાહ્યા માણસોના ડહાપણ કરતાં પણ ઘણી વધારે ડાહી વાત હોય છે ! કેવળ સમય જ એનો ન્યાય ઉતારી શકે છે

[૪]

જે લોકો સત્ય સમજે છે તે લોકો, એમના કરતા ખસુસ નીચે છે કોના કરતાં? જે લોકો સત્યને ચાહે છે એમના કરતાં અને આ સત્યને ચાહનારા પણ, એ લોકોના કરતાં નીચે છે, જે લોકો સત્યમાં જ આનંદ માણે છે.

[૫]

એક માણસે પૂછ્યું: 'મારી પાસે એક કિંમતી રત્ન છે. હું એ વેચી નાખું કે રાખી મૂકું?'

જવાબ મળ્યો: 'વેચી નાખવું એ એક

વસ્તુ છે. પણ વેચવા કાઢેલી વસ્તુની કિંમત આપનારો આવે ત્યાં સુધી રાહ જોવી એ બીજી જ વસ્તુ છે. આ બીજી વસ્તુ તમારી પાસે હોય તો રત્ન તમારી પાસે છે, એનો કાંઈક અર્થ છે. અને નહિતર તો એનો કાંઈ જ અર્થ નથી!'

[૬]

એક વખત વહેતા ઝરણ પાસે બે જણા ઉભા રહ્યા. ઝરણ શાંત જલવહન કરી રહ્યું હતું! બેમાંથી એક જણો બોલ્યો: 'આની પેઠે જ, રાત દિવસ એ પણ વહી જાય છે!'

બીજાએ જવાબ વાળ્યો: 'કવિતા બોલે છે સૌ; કરે છે કોઈક!'

[૭]

એક વખત એક જણો પ્રશ્ન કરતો આવ્યો: 'મહાશય! બીજી આડી અવળી વાત જવા દો. મને તો તમે મૃત્યુ વિષેની સમજણ આપી દો!'

શાંતિથી જવાબ મળ્યો: 'તું જીવન વિષેની સમજણ લઈને આવ. મૃત્યુની સમજણ હું તરત તને આપીશ!'

[૮]

'રાજનીતિને તમે એક જ શબ્દમાં સમજાવી શકો ખરા?'

'હાવે, કેમ નહિ?'

'ત્યારે રાજનીતિ શું છે?'

'જોઈએ એના કરતાં વધુ લાંબું નિશાન જે લેતી નથી, તે રાજનીતિ. અને એ ટુંકું નિશાન પણ લેતી નથી. એ માત્ર નિશાન જ લે છે લાંબુ કે ટુંકું એના શબ્દકોશમાં નથી.'

[૯]

એક વખત રાજા સોલોમનને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એને દેવદૂત દેખાયો, એણે કહ્યું: 'હે રાજા સોલોમન! જે તારી વણસંતોષાયેલી ઈચ્છા હોય તે હું પ્રગટ કરી દે અને તને જે જોઈએ તે માગી લે!'

રાજા સોલોમને શું માગ્યું?

'ઓ દેવદૂત! હું તો આ દુનિયામાં એક બાળક જેવો છું. મને આહીં કાંઈ જ સમજાતું નથી. એટલે મને આપવું હોય તો એવું હૃદય આપ જે બીજાને સમજી શકે. સેંકડો હજારો ને લાખો પ્રજાજનોની વચ્ચે હું એકલો છું. એમને સમજી શકું એવું હૃદય મને મળે એટલું થાય તો બસ છે!'

અને એની આ વાણીથી દેવદૂત રાજી રાજી થઇ ગયો. રાજાએ કીર્તિ, અમરતા, યશ, કે વૈભવ નહોતાં માગ્યાં એણે જુદ્ધનો વિજય પણ નહોતો માગ્યો. એણે તો બીજાને બરાબર સમજી શકે અને અદલ ઇન્સાફ આપી શકે એવું હૃદય માગ્યું હતું. એને રાજાનું કર્ત્તવ્ય કરવાનું હતું.

અને સોલોમન પોતાની નિદ્રામાંથી જાગી ગયો. પોતાને આ સ્વપ્ન ફળ્યું કે નહિ એ વાત પછી પણ, પોતે બીજું કાંઇ ન માગતાં આ માગ્યું છે, એવી સ્મૃતિથી એને આનંદ આનંદ થઈ ગયો!

એને લાગ્યું કે એણે લાખો કરોડોનો વૈભવ માગ્યો હોત, તો એ પ્રાપ્ત કર્યાથી એના જેવો કોઈ ગરીબ એને દેખાત નહિ!

આ ઉપરથી રાજા સોલોમનનું ડહાપણ એ કહેવત ઉભી થઇ છે. ધૂમકેતુ

★

[આગળ વધતી આપકથાનું એક વધુ પ્રકરણ]

જીવનપંથ: ખંડ ત્રીજો

ધૂમકેતુ

આ સમયની કેટલીક નોંધ હાથવગી પડી છે. તેમાં રોજનીશીની પેઠે ઘણી હકીકતો નોંધાયલી દેખાય છે. પણ તેમાંથી થોડીક જ એવી છે કે જે આજે ઉપયોગી કહી શકાય. એક ભી ખાસ કરીને વિદ્યાર્થી હતા, તેમને ઉંઘમાં ચાલવાની ટેવ હતી. એના વિષે બે ચાર સુંદર પ્રસંગો નોંધાયલા છે. એક પ્રસંગે એ પથારીમાંથી ઉઠ્યા અને ઉઠીને મોંકને કહ્યું આને ખમેડો '[પણ કરીને રંગીલદાસ મોંક] ખમેડવાનું બીજું કાંઈ ન હતું. પોતાના પગ ઉપર પોતાનો હાથ પડ્યો હતો ! પણ એમને એમ હતું કે કોઈકનો હાથ પડ્યો છે.' એ જ પ્રમાણે એક વખત ઉંઘમાં ને ઉંઘમાં ઉઠ્યા. પોતાની કોઈ ચીજ શોધી એની મુઠી વાળી પાછા પથારી વાળી ગયા અને સૂઈ ગયા. એ ઉંઘમાં ચાલી રહ્યા હતા એનું એને ભાન રહેતું નહિ. અમે સૌ એમની આ ટેવથી ચેતી ગયા હતા. તેથી એ પ્રમાણે એ જ્યારે ઉઠે ત્યારે બનતાં સુધી બોલાવતા નહિ.'

આ વર્ષો દરમ્યાન વીરપુરનો સહવાસ ઘટી જવા માંડ્યો હતો. હવે પછી ગોંડલમાં શેઠની સુતારની શેરીમાં, પછી નાની બજારમાં, પાંચમા હવેલીમાં ભોજપરામાં, તુરખાની ખડકી પાસે એમ જુદે જુદે ઠેકાણે ફરવાનું થયું. વેલા સુતારની શેરીએ પહેલો વિસામો હતો. ત્યાં અમારા જજમાન હતા. અને તેથી એમના મકાનના એક ઓરડા ઉપર મુકામ નાખ્યો હતો.

વીરપુર તજી દીધું એમાં એક પ્રસંગ કારણરૂપ બન્યો હતો. જો કે તજી દેવાનો ને કોઈ મોટા શહેરમાં જવાનો નિર્ણય તો ક્યારનો પિતાના મનમાં ઘોળાતો હતો. પણ જો તાત્કાલિક એ પ્રસંગ બન્યો ન હોત, તો કદાચ વીરપુર છોડવાનું જ બન્યું ન હત.

એ વખતે નાનકડા કે મોટા સઘળા દરબારો પાસે જે કર્મચારીઓ રહેતા તે તે જમાનાના રંગથી રંગાયલા હતા. એ જમાનો એટલે સત્તાનો. હુકમ અને સત્તાનું પાલન. આજે એમાં ફેરફાર તો ઘણો જ નજીવો છે. પણ આ જમાનાને લુચ્ચાઈ બારેથી શીદ ફાવી ગઈ છે. એમ ન હોય તો કાંઈ જે અંગ્રેજો આવ્યા ગયા, તેમણે લડાઈના જમાનામાં એક જોહુકમી ચલાવેલી કે દીવો દેખાયો. બસ, 'સમરીટ્રાયલ' ને પાંચ રૂપિયા જરાક ગુન્હા વિષે દલીલ કરી, દસ રૂપિયા, વધુ બોલ્યા, પંદર રૂપિયા વકીલો પણ તમને શિખામણ એ જ આપે 'બોલતા નહિ ગુનો કબુલ કરી લેજો પાંચ રૂપિયામાં પતી જશે !' અને આવી રીતે બનેલ પાંચસો માણસોના હમેશાં પાંચ પાંચ રૂપિયા દંડ થાય અને એ અર્થ વિનાના પ્રહસનને ન્યાય કહેવામાં આવે. અને આ અર્થહીન પ્રહસન ભજવવા માટે એક મ બુમ ત્યાં બેસાડી ગયે એને ન્યાયાધીશ કહે ! અંગ્રેજોએ આવું ન્યાયનું તદ્દન વાહિયાત રૂપ શોધી કાઢેલું. એમાં આ સરકારે પોતાની અપૂર્વતાથી વધારો કર્યો હશે. કોઈ ઘટાડો કર્યો જણાતો નથી. પાંચ પાંચ રૂપિયા આપીને આ પ્રહસન જોવાનો જેમને લ્હાવો મળ્યો હશે, એવા માણસોને બોલાવે અને એમનો વ્યક્તિગત સંપર્ક સાધે તો સુધારવાનો કે સુધરવાનો માર્ગ જડે ના ! બાકી 'આગેસે ચલતે આતે હૈં' એનું નામ જ સુશાસન એમ ગણાતું હોય તો થયું !

ત્યારે આ તો તે જમાનાની વાત છે. આ વીરપુરમાં પણ આવો પાંચ રૂપિયા જેવો કિસ્સો એક વખત થયો.

ઘણું કરીને કોઈ કારભારીએ એક વાહિયાત હુકમ કાઢ્યો.

એ હુકમ વાહિયાત હતો, માટે મારા પિતાએ માનવાની ના પાડી.

એ વાત દરબાર પાસે ગઈ. તે વખતે દરબાર સૂરજી દેવ થયેલા હમીરસિંહજી હતા. પણ નમ્ર ને વિવેકી ગણાતા. પણ કોણ જાણે શું થયું તે દિવસે, એમણે દરબારી હુકમના અપમાન માટે દસ રૂપિયાનો દંડ કર્યો ! દરબારી હુકમ સાચો ખોટો તેની સામે

ન અપીલ કે ન દલીલ! દરબારી હુકમ તે દરબારી હુકમ. જેમ 'સમરીટ્રાયલ' તે સમરીટ્રાયલ!

એ દંડના રૂપિયા લેવા સિપાઈ ઘેર આવ્યો. રૂપિયા આપ્યા. પણ તે જ દિવસે ઉતાવળે હાથે કરેલી એક નોંધ હજી પણ પિતાના અક્ષરની પડી છે. એ નોંધ પ્રમાણે તરત વીરપુર છોડી દેવાનો એમણે તે જ દિવસે અને ત્યાં ને ત્યાં સંકલ્પ કર્યો જણાય છે!

અમે ખડિયો ભરાવીને બીજે દિવસે વહેલી પ્રભાતમાં જ પિતાશ્રી ગોંડલભણી ચાલી નીકળ્યા! એ વીરપુર છોડવાનો પ્રથમ પ્રસંગ.

પછી વીરપુરમાંથી ધીમે ધીમે તમામ વ્યવહાર કાઢી નાખ્યો. મકાન પણ વેચી નાખ્યા. ને ગોંડલમાં સ્થાયી રહેવાનું કરી નાખ્યું. આ પ્રમાણે હું જ્યારે જુ. બી. એ. માં હતો ત્યારથી જ ગોંડલ મુખ્ય આકર્ષણ થયું.

જુ. બી. એમાં અમે હતા ત્યારે સામાન્ય રીતે બધા વિદ્યાર્થીઓના માનસમાં હોય છે તેમ અમારા માનસમાં પણ આ સ્વર્ગીય એક વર્ષની અતિ રમ્ય કલ્પના ઊભી થઈ ગઈ હતી, એ વાત કહેવાઈ ગઈ છે. પણ તેથી તે આખું વર્ષ લગભગ જુદી જુદી રીતે પર્યટન કરવામાં ને રખડવામાં જ માણી કાઢવાનો સંકલ્પ કરેલો લાગે છે. એક વખત હું, શ્રી. મજલાલ નારણજી દવે, અને એક ત્રીજા મિત્ર હિમ્મુખ જોશી, અમે ત્રણે જણાએ નિશ્ચય કર્યો કે આપણે એક દિવસે તો સવારમાંથી જ જંગલમાં જવું ને છેક સાંજે ઘેર આવવું.

એ નિશ્ચય પ્રમાણે રાંધવાનું પણ જંગલમાં જ રાખ્યું. ત્રણ જ જણા હતા, પણ બધી જ વસ્તુ માપ બાંધી લઈને ઉપડયા હતા. શાક માટે ખારસાં મજાનાં પાંચ શેર બટાકા ઉપાડયાં હતાં, ધારામઢ દરવાજાની બહાર એક આંબા નીચે આ બધી મીજબાની ગોઠવવી એવો નિર્ણય થયો હતો. મહારાજ પાસે લાડુનો ભુક્કો તૈયાર કરાવ્યો અને તે સાથે લીધો. બાકી બધું ત્યાં જ કરવું એમ નક્કી થયું. પાણી લાવવાનું કામ મજલાલ દવેએ ઉપાડયું. શાક તૈયાર કરવા માટે હિમ્મુખ જોશી બેઠા. લાકડાં લાવવાનું મારા માથા ઉપર હતું.

કેટલીક વખત એવું નથી બનતું સુંદર ચિત્રની પેઠે એક સુંદર પ્રસંગ આવી જાય છે તે બસ આવી જ જાય છે? કોઈ દિવસ પછી એ ફરી આવતો નથી. ને ફરી આવે છે તો ફરીને એ આનંદ આવતો નથી. આ પ્રસંગનું પણ એમ જ બન્યું તા. ૧લી જાન્યુ. ૧૯૧૯ની નોંધપોથીમાં એનું વર્ણન છે. એમાં પણ આ મનોરમ સ્વપ્ન હશે કે સાચો પ્રસંગ હશે? એવો ફરી મળશે? એવી પ્રશ્નાવલિ મૂકી છે. અને તે બરાબર છે. આ પ્રસંગને ત્યારપછી અનેક વખત ફરીને એ જ પ્રમાણે ગોઠવવા અમે સંકલ્પ કરેલો. પણ કોઈ દિવસ પછી એ સંકલ્પ ફળ્યો જ નહિ! કેવળ તે દિવસે પથ્થર ઉપર પાંદડાં ગોઠવી જે આનંદ કર્યો તેની સુખદ સ્મૃતિ સાથે રહી ગઈ! પ્રસંગ અદ્વિતીય રહી ગયો ને સ્વપ્નરૂપ બની ગયો. ખિયાને એક જગ્યાએ લખ્યું છે સુખના મનોરમ પ્યાલાનું અમૃત મળશે; પણ સરત એટલી કે એને વર્તમાનની હવા અડકી ન જોઈએ. આમાં એટલું ઉમેરાય કે વર્તમાનની પળે પળનો રસ માણે તે સંયમી, જોગી, કર્તવ્યનિષ્ઠ; ભૂતકાળની પળેપળનો રસ માણે તે કવિ!

આ વખતે અમે ત્રણ જણાએ માત્ર અમારા ત્રણ જણના જ એક મંડળી જેવું ઊભું કરવાનો સંકલ્પ કર્યો. મજલાલ દવે 'થીઓસોફી'માં રસ લેતા હતા. તેમણે તેમાંથી એક શબ્દ શોધી આપ્યો. 'Inner circle' અને એનું ભાષાંતર અમે 'રહસ્ય મંડળ' એવું કર્યું. આ રહસ્યમંડળના નામથી એક બે લેખ પણ તે વખતે પ્રસિદ્ધ થયેલા. આ રહસ્ય મંડળે એ સિવાય તો બીજું કોઈ પરાક્રમ કર્યું હોય તેમ જણાતું નથી. પણ એક વખત અમે ત્રણે ત્રણ જણા—નદિનર ઊતરે બે કે એક જણ જીંદગી ખોવાના ખોટા ખેલમાં ઊતરી ગયા હતા તેની નોંધ માત્ર મળે છે.

એવું બન્યું હતું કે જૂનાગઢનાં જંગલ ને ગીરનાર પર્વત એ અમારે માટે તો જાણે હીરામાણેકની ખાણ હતી. જરાક નવરા પડયા કે ચાલો જંગલમાં

ફરવા. અથવા ઉપરકો ગીરનાર ચડવા. આ પ્રમાણે અમે એક વખત દાતારના ડુંગરા તરફ ફરવા ઉપડ્યા.

એ વખતે તો આકાશ ચોખ્ખું હતું ચોમાસું હતું ને ચોમાસાના દિવસો હતા પણ વરસાદ આવવાનો કંઈ સંભવ જણાતો ન હતો. અમે નિરાંતે બપોરે બેત્રણ વાગે ઉપડ્યા. આ વખતે તો વળી એક વધુ મિત્ર પણ અમારી સાથે હતો. અમે ધીમેધીમે ડુંગરાઓમાં આગળ વધ્યા એક વરસાદ પડી ગયો હતો એટલે ઠેકાણે ઠેકાણે રૂપેરી ઝરણાં ચાલતાં હતાં. કુદરત પોતાના પુર બહારમાં ખીલી હતી. ડુંગરાઓ લીલા છમ થઈ ગયા હતા રસ્તા ઉપર સોનેરી રૂપેરી અનેકરંગી વેકુર પથરાઈ ગઈ હતી

અમે તો આ આનંદપર્યટનમાં આગળ વધી રહ્યા હતા. અને એમ ને એમ ઘણે દૂર સુધી નીકળી ગયા. સાંજની વેળા થવા માંડી એટલે પછી ઉતાવળે પાછા ફર્યા.

પણ જેવા અમે પાછા ફર્યા ને ધોધમાર વરસાદ તૂટી પડ્યો. એવો જબરો વરસાદ પડ્યો કે થોડીવાર થોભી જવું પડ્યું. છત્રીનું કે કોઈનું કામ આવે તેમ ન હતું ડુંગરામાંથી ગાંડાતુર પાણી દોડવા માંડ્યા સઘળે જળબંબાકાર થઈ ગયું. એક વરસાદે તો ડુંગરાઓનું રૂપજ ફેરવી નાખ્યું પાછું ફરવું જ અશક્ય થઈ પડે એવી અવસ્થા થઈ ગઈ વરસાદ ધીમો પડ્યો એટલે અમે પાછા તો ફર્યાં પણ જે રસ્તે અમે આવ્યા હતા તે તમામ રસ્તે પાણી પાણી થઈ ગયું હતું. જોરથી વહેતા વોંકળા ને ઝરણાં રસ્તામાં પડ્યાં હતાં. ઘણા ચક્રાવા લીધા, ઘણે ઠેકાણે ફર્યા પણ પાણી ઓળંગ્યા વિના જવાય એવો કોઈ માર્ગ ન હતો. અને આ વોંકળાઓમાં તો પાણીનું જોર એવું હતું કે જરાક પગ ડગતાં જ માણસ ઉપડી જાય ! અને વોંકળામાં હતા કેવળ મગરડીયા પાણા. એટલે પગ ડગે જ ડગે, એ પણ ચોક્કસ !

સંધ્યા આવી રહી હતી. ને અંધારું થવા માંડે તે પહેલાં નીકળી જવાનું હતું. કારણ કે ક્યાંય રાત રહેવાય તેવું તો કોઈ સ્થળ ત્યાં હતું જ નહિ. એ વખતે અમે અનેક ચક્રાવાઓને અંતે એક માર્ગ શોધી કાઢ્યો. લાગ્યું કે આ માર્ગ ડુંગરાઓમાંથી બહાર કાઢશે. ઝપાટાભેર એ માર્ગે ચાલ્યા;

થોડીવાર ઉત્સાહથી દોડતા જ ગયા. પણ એ માર્ગને એક ઠેકાણે આવીને અટકતો જોયો અને અમારા રામ રમી ગયા.

સામે એક મોટો ઉંડો વોંકળો વહી રહ્યો હતો. એનાં પાણી નીચે ખીણમાં પડતાં હતાં. પણ એનો અવાજ ઉપર આવી રહ્યો હતો. વોંકળામાં પાણી ઓળંગી જવાય એટલું હતું પણ એનો જોસ ચકરાવી દે તેવો હતો. અને પાણા ઉપરથી પગ સરકવાનો ભય જેવો તેવો ન હતો એટલે રાહ જોવાની હતી ! પણ સાંજ પડવા આવી હતી, એટલે અમે ઘણા જ અધીરા થઈ ગયા હતા. આહીંની સાંજ તો મૃત્યુને નોતરવા સમાન જ હતી. ચારે તરફ દૃષ્ટિ કરી પણ આવા ધોધમાર વરસાદમાં કોનો દિ ઊઠ્યો હોય તે બહાર રખાતો હોય ! આખા જંગલમાં ક્યાંય કોઈ દેખાતું ન હતું. અવાજ માત્ર શાંત હતો. એક પાણીનો અવાજ ચારે તરફથી આવી રહ્યો હતો !

એ વખતે અમને એક સાહસ કરવાનું મન થઈ આવ્યું આજ એ સાહસની વાત સંભારતાં રૂંએ-રૂંઆં ખડાં થઈ જાય છે. ખરેખર, એક પળ માત્રનું નિશ્ચયી વિવેકબળ અમને એ વખતે મળ્યું ન હોત તો બહાઉદ્દીન કોલેજના તે પછીના અંકમાં અમારી છબી પ્રગટ થઈ હોત ! આશાસ્પદ યુવાનો તરીકેની !

આ પ્રસંગ જેવા જ બીજા બે કે ત્રણ પ્રસંગો મને સાંભરે છે, જેમાં છેલ્લી પળનો નિર્ણય અદ્ભુત રીતે ભયંકર પરિણામ અટકાવી શક્યો હોય ! એવો એક પ્રસંગ તો તદ્દન હમણાંનો છે પણ તે પછી યથા સ્થાને. પણ એક પ્રશ્ન થઈ આવે છે કે આ છેલ્લી પળનો વિવેક–વિવેક કરતાં પણ કાંઇક વધુ, જાણે કોઈક અંદરથી કહેતું હોય કે ના આમ નહિ, આમ. એ નિશ્ચયી વિવેક, જે બુદ્ધિનું પરિણામ નથી જ, જેમાં કાંઈક પ્રેરણાત્મક સંદેશાના શ્રમ વહન જેવું દેખાય છે, તે શું હશે ? કેવળ મનની ભ્રમણા ?

કલ્પના ? કે અકલ્પ્ય એવી કોઈ શક્તિનું સંચાલન ? એ જે હોય તે. પણ સ્પષ્ટ રીતે એક કોઈક સહજ માર્ગદર્શન મળી ગયું હોય, 'ને પગ આમ વળવાને બદલે આમ વળે, એવી એ વાત થઇ ગઈ. અને આમ કે તેમ વળવામાં તો જીવન અને મૃત્યુ રહ્યાં હતાં ! તે વખતની નોંધપોથીમાં એનું વર્ણન આપ્યું છે :

"પાછા ફરતાં વરસાદના જોરથી, રસ્તામાં આવતો એક વોકળા જેવો ઝરો, જે અમે પ્રથમ ઓળંગ્યો હતો તે હવે બમણા જોસથી વહી રહ્યો હતો. નીચે એક જબ્બર ખાડામાં આ પ્રવાહ વહી જતો હતો. જો કોઇ ઝરો ઓળંગતાં તણાય તો આ ખાડામાં અદૃશ્ય થઇ જાય તેવું હતું. અને ગડગડીયા પથ્થરના ઝગારા પગ લપટવાનો પૂરેપૂરો સંભવ હતો. છતા દવેએ હમેશની માફક પ્રથમ સાહસ કર્યું. પણ એની લાકડી ખેંચાઇ ગઈ- પોતે સહીસલામત માંડ માંડ પાર જઇ શક્યા. ત્યાર પછી દિલસુખ ગયો. પણ એ તો પ્રવાહનો પ્રચંડ વેગ જોઈને જ પાછો ફર્યો. પાણી ઓળંગવું મુશ્કેલ હતું. મારી હિંમત પણ ન ચાલી. બીજા ઘણા રસ્તાઓ ઉપર દષ્ટિ કરી જોઇ. પણ બધે પાણી આડે હતાં ! સંધ્યા હતી ને આ વોંકળા પાસે આખા જંગલમાં અમે એકલા - ઊભા રહ્યા હતા, એ હવે ભયંકર લાગવા માંડ્યું. આ તો મૃત્યુને નિમંત્રણ જ હતું. હિંસક પશુઓનું તો આ ધામ હતું ! પણ હવે ? હવે થાય શું ? છેવટે અમે દવેને તો આગળ વધવાનું કહ્યું. પછી અમે વિચાર કરવાં બેઠા. પાણીનો પ્રવાહ વહીને નીચે આણ જેવા ખાડામાં જોસબંધ પડતો હતો. તે જગ્યાએ પંદર વીશ ફૂટને અંતરે ત્રણ મોટા થાભલા ઊભા કર્યા હતા. એ થાંભલા ઉપર પાણીનો એક આડો પાઇપ નાખ્યો હતો. આ નળની પાઇપ પણી જ જાડી હતી. એટલે એ પાઇપ ઉપર જો ચાલીએ—બરાબર પોતાની સમતોલતા જાળવીને, તો એ ચાલીસ પચાસ ફૂટનો નટખેલ માત્ર અમને ઉગારી શકે તેમ હતો !

નહિતર તો રાત આંહીં આ વોંકળાં યા કે કોઇક ઝાડ ઉપર ! ચિત્તાના કે દીપડાંના સાન્નિધ્યમાં !

એ વખતે આ સાહસ કરી નાખવાનું મને મન થઇ આવ્યું. પગ પહોળા કરીને નળ ઉપર ઘોડે-સવારી પણ કરી જોઇ. તાજા પાણીને લીધે ને કાટ વાળા પાઇપ હોવાથી એમાં ચીકાશ હતી. જો જરાક જ શરીર આમ કે તેમ થાય તો થઇ રહ્યું !

પણ એ જ વખતે અમારી નજરે આગળના ત્રીજા કે ચોથા થાંભલાના પાઇપમાં વીંટળાયેલા વેલા નજરે ચડયા ! અને પછી તો એમાં કાંઇક સાપ જેવું ડોકાતું પણ દષ્ટિભ્રમમાં ઊભું થયું ! જવાનો નિશ્ચય કરી બેઠેલા મને ના કહી દીધી !

તે છતાં પણ, થોડેક સુધી પલાંઠી વાળીને ઘોડે સવારી રૂપે હું આગળ તો વધી જ ગયો. લાગ્યું કે પાર થઈ જવાશે. વધુ આગળ વધતાં તો પછી પાછું ફરવાનો પ્રસંગ પણ રહેતો ન હતો. પણ પછી કોણ જાણે શું થયું, આમ નહિ, એવો સંકલ્પ આવ્યો અને હું એકદમ કાંઠા ઉપર પાછો આવી ગયો.

આ પાઇપ ઉપર આગળ વધીને ઓળંગવાનું સાહસ કરવા જતાં એ પ્રમાણે અચાનક જ બચી ગયા. તે વખતે એ એટલું સહેલું લાગેલું કે એ પ્રમાણે થઇ જ જાત—પણ તરત મન ફર્યું ને પાછા ફરવાનો જાણે સંકલ્પ જ ઉઠયો. એ પ્રમાણે ન થયું હોત તો ચોક્કસ આગળ વધતા જતા સમતુલા જાળવી શકાત જ નહિ ! કારણ કે પાઇપમાં ઠેરઠેર ચીકાશ હતી. ને લપસી જ જવાત !

પણ ત્યારે હવે શી રીતે સામે પાર જવું એ પ્રશ્ન ખડો થઈ ગયો. જે રસ્તો મગનલાલ દવેએ લીધો હતો તે એક જ રસ્તો હવે હતો. અમે પણ હિમ્મત કરીને એ રસ્તે જ આગળ વધ્યા. પણ પગ મૂક્યો ન મૂક્યો ને પગ નીચેનો લપસણો પથ્થર તરત સરકી ગયો. એક રીતે એ ઠીક જ થયું. વચ્ચે એ પ્રમાણે થયું હોત તો રામ રમી જાત. આ તો ચેતવણી થઇ ગઈ કે આમાં દરેક પથ્થર દગાખોર છે. ને તમને દગો આપવા માટે જ ત્યાં બેઠો છે.

પછી તો ધીરજથી એક પથ્થર સરે તે

પહેલાં જ બીજા પથ્થર ઉપર પગ મૂકી દઈને, એ પ્રમાણે ચાલીને, માંડ માંડ આ ઝરો પાર કર્યો.

આ પ્રમાણે જુ. બી. એ.માં અમે રખડપટ્ટીમાં વખત કાઢતા હતા. પણ એ સઘળું વ્યાજ સાથે પાછું વસુલ થવાનું હતું એનો એ વખતે ખ્યાલ રહ્યો ન હતો.

સાહિત્યદૃષ્ટિએ આ વખતે બે વસ્તુઓએ વધુ ધ્યાન ખેંચ્યું જણાય છે. પદ્યને બદલે ગદ્ય સ્થિર વહન જેવું બની ગયું. તે આ વર્ષોમાં પહેલા શરૂ કરેલા પત્રો અને સંવાદો આ વર્ષોમાં ઠીક ઠીક લખાયા છે. કેટલાક સંવાદો ઐતિહાસિક નવલકથાઓ ઉપરથી ઉપાડયા છે. એવા કેટલાક સંવાદોનાં નામ આગળ આવી ગયાં છે. શિવાજી અને સદાશિવભાઉ શિવાજી અને તિલક. બયલા અને ફકીર. યશપાલ અને મરીચિ. અર્જુન અને કર્ણ વગેરે. આ સંવાદો ૧૯૧૯–૧૯૨૦ દરમ્યાન પણ ચાલુ રહેલા જણાય છે. તેમાંના ઘણા શરૂ તો વહેલા થયા હતા.

પણ એ ઉપરાંત જે દસ કે પંદર પત્રો લખાયાનો ઉલ્લેખ આવી ગયેલ છે, તેમાંથી સાત આઠ તો આ વર્ષમાં 'વસંત'માં સ્થાન પણ પામ્યા હતા. આ પત્રો જોતાં જણાય છે કે તેમાં ઘણી વખત નાના નાના પ્રસંગો આવતા જણાય છે. એ દર્શાવે છે કે ટૂંકી વાર્તાની કેડી હજી પૂરેપૂરી હાથ લાગી ન હતી, પણ એ દિશામાં પ્રયત્ન થઈ રહ્યો હતો. 'શૈલમાલા' પછી વાર્તાઓ તરફ આકર્ષણ થયું જણાય છે. તે છતાં વાર્તાનું સાચું કલેવર હજી શોધી શકાયું નહિ હોય, એ કારણે કે ગમે તેમ, તે વખતે લખેલી અનેક વાર્તાઓ અપૂર્ણ સ્વરૂપમાં જ રહી ગઈ છે. અને હજી પડી છે. ઘણું કરીને જુ. બી. એ. માં શરૂ કરેલી–અને અપૂર્ણ જ રહેવા પામેલી એવી વાર્તાઓમાં સૌથી પહેલી વાર્તા નામ વિનાની જણાય છે. પાછળથી નવલકથા રૂપે પ્રગટ થયેલ 'પૃથ્વીશ' એ એનું એક પાત્ર છે. આ વાર્તા વાર્તા જેવી નથી. તેમ જ ઘણી રીતે અપૂર્ણ છે. પણ કદાચ 'શૈલમાળા'ની પણ પહેલાં એ લખાઈ હોય એમ સંભવિત છે.

આ પ્રમાણે આ દોઢ બે વર્ષનો ગાળો મને લાગે છે સંશોધનનો જ ગાળો રહ્યો છે. સાહિત્યનું કોઈક રૂપ શોધવા માટે પ્રયત્ન થઈ રહ્યો છે. પણ હજી એમાંના કોઈ ઉપર બરાબર હાથ બેઠો નથી 'સંવાદો' 'નાટકો' 'પત્રો' 'લેખો' અને 'વાર્તાઓ' –ઐતિહાસિક પાત્રાલેખનો–એક પછી એક થતાં આવે છે. પણ એ કોઈ સ્વરૂપમાં પૂરેપૂરો આનંદ કે સંતોષ મળતો ન હોય તેમ, વારંવાર સ્વરૂપો બદલાયા કરે છે, અને અનેક વખત લખાણ અધૂરાં પડયાં રહે છે. ૧૯૧૯–૧૯૨૦ દરમ્યાન લખેલું બહુ જ ઓછું લખાણ પ્રગટ થયું જણાય છે. એ શોધ જ્યારે પૂરી થાય છે ત્યારે નવલિકાનું રૂપ હાથ લાગે છે!

એ વખતનો ક્રમબદ્ધ ઇતિહાસ શોધી શકાય. તો તેમાંથી વાર્તાના વિકાસક્રમની કેટલીક આધારભૂત માહિતી મળી શકે 'ચેતન'નો પહેલો અંક જૂન ૧૯૨૦માં પ્રગટ થયો હતો. એ અંકમાં કોઈ લખાણ મોકલ્યું જણાતું નથી. પણ ત્યાર પછીના અંકોમાં પણ વાર્તાને સ્થાને સંવાદ જ મોકલ્યા છે. સ્વ. બટુભાઈ ઉમરવાડિયાના 'ચેતન'ના પ્રથમાંકમાં એમણે 'ચેતન–તેની ભાવના અને કાર્યક્રમ' પ્રગટ કરેલા છે. પણ એ લખનાર તો હતા સાહિત્યના જૂના જોગી વિજયરાય. એ ઉપરથી લાગે છે કે સાહિત્યજીવનનો રંગદર્શી ખ્યાલ તે વખતના તમામ જુવાન સાહિત્યકારોને આકર્ષી રહ્યો હતો આ રંગદર્શી ખ્યાલમાંથી જ છેવટે ગુજરાતી સાહિત્યમાં નવલિકા જન્મી એમ કહી શકાય.

તે વખતે જૂનાગઢમાં નલિનકાન્ત કે નલિનીકાન્ત કરીને એક લેખક હતા એમનાં ઘણાં લખાણો સ્વ.હાજીમહમ્મદના 'વીસમી સદી'માં પ્રગટ થતા 'વીસમીસદી'માં લખાણનું પ્રગટ થવું એ કીર્તિની પરાકાષ્ઠા સમું તે સમયે ગણાતું હતું આ નલિની કાન્ત એ સ્વ. કવિ ગિરધરના તેમ જ ભાઈશંકરના મિત્ર હતા. ભાઈશંકર સાથે એ ઘણી વખત અમને રસ્તે ફરવા જતાં મળી જતા તેમના હાથમાં 'વીસમી

(અનુસંધાન માટે જુઓ પેજ ૧૯)

સર્વોદય કે સામ્યવાદ ?

વસુબન્ધુ

પ્રકરણ ૪ થું.

આપણો ઈતિહાસ.

આપણા ઈતિહાસનો પદ્ધતીસર અભ્યાસ આ દેશમાં અંગ્રેજો આવ્યા પછી શરૂ થયો. અંગ્રેજોએ કેવળ લેખીત કે મૌખીક સાહિત્ય ઉપર સંપૂર્ણ આધાર રાખવાને બદલે સાથે સાથે પુરાતત્ત્વવેત્તાઓની પુરતી મદદ લીધી, અને ધર્મગ્રંથો કે સાહિત્ય ગ્રંથોને આધારે આપણે આપણા પૂર્વજો માટે જે અનેક કપોળકલ્પીત કલ્પનાઓ કરતા હતા તેને નિર્મૂળ કરી. અંગ્રેજોએ ઈતિહાસની હકીકતોનું સંશોધન તો કર્યું, પણ એનું અર્થકરણ એમનામાના મોટાભાગે પોતાના વિજયના મદમાં એવું કર્યું કે: "હિંદીઓ દરેક વાતે અને દરેક રીતે નાલાયક છે, અને લાંબા સમય સુધી એ આપણા ગુલામ રહે એમાં જ એમનું શ્રેય છે." જો કે એ વિજેતા પ્રજાના આ સત્યદ્રોહનું પ્રાયશ્ચિત એમનામાંના જ મેક્સમુલર, શોપનહોર, ગેટે, ટોડ, ફાર્બસ, હાવેલ, ફરગ્યુસન, રોથશીલ્ડ, ઓરેલ સ્ટાઈન અને પર્સી બ્રાઉન જેવા અંગ્રેજ ને જર્મન મહાનુભાવોએ કર્યું.

પણ એનાથી આપણને સંતોષ થયો નહીં એટલે આપણા ઈતિહાસને સમજવા માટે, આપણે એક નવીજ વિચારશ્રેણી સર્જી કાઢી. જેનું સેંકડો લેખકોએ હજારો જગાએ પુનરાવર્તન કર્યું છે એનો સાર નીચે મુજબ છે:

"ભારતવર્ષમાંથીજ જગતની સર્વ સંસ્કૃતિઓ પ્રગટી છે. આ દેશ સંસ્કૃતિનું પારણું છે. અંગ્રેજોના વડવાઓ જ્યારે નાગા ફરતા હતા, ત્યારે અમારા વડવાઓએ ઉચામા ઉંચું આધ્યાત્મિક ચિંતન કર્યું છે. રોમ, ગ્રીસ, ઈજીપ્ત, ક્રીટ ને બેબીલોનનાં કેવળ નામજ રહ્યા છે. જ્યારે આજે પણ આર્યસંસ્કૃતિ પરદેશીઓનાં અનેક આક્રમણોને હટાવી દઈને એવીને એવી એક, અખંડ, અને અવિચ્છીન્ન ઉભી રહી છે. અમારી વિરાટપ્રાણ સંસ્કૃતિએ ગ્રીક, શક, હૂણ અને બીજી અનેક પરદેશી પ્રજાઓને આત્મસાત કરી લીધી છે ભારતની સંસ્કૃતિ એ સમન્વયની સંસ્કૃતિ છે. એણે સદાય વિવિધતામાં એકતા નીહાળી છે અને અનુભવી છે. પશ્ચિમની સંસ્કૃતિના જડવાદથી અમારી આધ્યાત્મિકતા ઉપર લાગેલું ગ્રહણ આ યુગમાં મહાત્માજીએ દૂર કરીને, વિગ્રહમાં રાચતા વિશ્વને સત્ય અને અહિંસાનો સંદેશ આપીને, ફરી એક વાર ભારતવર્ષનું જગદ્‌ગુરૂપદ સિદ્ધ કર્યું છે."

પ્રજા તરીકે આપણા મિથ્યાભિમાનને પોષતી આ વિચારધારામાં સત્ય, અર્ધસત્ય અને અસત્યનું પ્રમાણ કેટલું એને વિષે ભાગ્યેજ કોઈ કદી તપાસ કરે છે.

માનવઈતિહાસને સળંગ રીતે જોઈએ, આપણા ઈતિહાસને બીજી પ્રજાઓના ઈતિહાસ સાથે સરખાવીએ, અને આપણા ઈતિહાસની હકીકતોને તટસ્થ રીતે તપાસીએ, તો જણાશે કે ઉપરના દાવાઓમાંના મોટા ભાગના દાવાઓ કેવળ હાલો શીશીપારીઓ છે.

"આપણે આધ્યાત્મિક છીએ એટલે શું?" પ્રશ્ન બહુ મહત્ત્વનો છે. કારણ કે આપણા નાનામાં નાના માણસથી મોટામાં મોટા નેતાઓ સુધીના લોકો આની આ વાતનું પિષ્ટપેષણ કર્યા કરે છે. દા. ત. હમણાંજ માનનીય દાદાસાહેબ માવળંકરે કહ્યું કે "આ નવું રચાતું બંધારણ આપણને માફક નહિ આવે કારણ કે આપણે આધ્યાત્મિક પ્રજા છીએ."

"આપણે" એટલે કોણ? હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રીસ્તી, યહુદી કે નાસ્તિક? આ દરેક સંસ્કૃતિનાં જીવનમૂલ્યો જુદાં જુદાં છે. આપણે એટલે હિન્દુઓ આધ્યાત્મિક હોઈએ, તો મુસ્લીમો જડવાદી છે? મુસ્લીમો આધ્યાત્મિક હોય તો તે હિન્દુસ્તાનના કે બેબીલોન અરબસ્તાનના પણ ખરા? હિન્દુસ્તાનના ખ્રીસ્તીઓ આધ્યાત્મિક હોય તો બીચારા ઈંગ્લેન્ડના ખ્રીસ્તીઓએ શું ગુન્હો કર્યો?

હવે 'આધ્યાત્મિકતા' એટલે શું? વર્ષો પહેલાં મેં 'શારદા'માં એક લેખ વાંચેલો. એમાં એક લેખકે અમલદારે યુરોપની અને હિન્દની રેલ્વેઓની સરખામણી કરતાં કહેલું કે યુરોપના રેલ્વે અમલદારો વિનયી હોય છે, જ્યારે આપણા ઉદ્ધત હોય છે, એનું કારણ એ છે કે આપણે આધ્યાત્મિક છીએ!

હવે જરા બીજે છેડે જઇએ. શ્રી. મશરૂવાળા જેવા વ્યવસ્થિત વિચારક જવાહરલાલજી જેવા રજોગુણી નેતાને આધ્યાત્મિક કહે છે. કારણ કે એમનું હૃદય માનવકુળ પ્રત્યે કરૂણતાથી ભરેલું છે! પ્રશ્ન એટલોજ થાય છે કે માનવકુળ પ્રત્યેની કરૂણતાનો ઇજારો શું હિંદે એકલાએજ ગણ્યો છે? દુનિયાના કોઈ દેશમાં કોઈ કાળમાં માનવજાતિ પ્રત્યે કરૂણા ધરાવતા નેતાઓ પાકયા નથી, પાકતા નથી તેમજ પાકવાનો સંભવ પણ નથી?

જી. બી. એસ. અંગ્રેજો વિષે કટાક્ષમાં કહે છે કે, અંગ્રેજ સિદ્ધાંત શીવાય કશું કામ કરતો નથી. એ રાજાશાહીના સિદ્ધાંતથી રાજાને ગાદીએ બેસાડે છે, અને પ્રજાશાહીના સિદ્ધાંતથી એનું માથું ઉડાડી દે છે!

હિન્દુને માટે આપણે જો કાંઇ કહેવું હોય તો એમ કહી શકાય કે હિન્દુ જે છીંક ખાય છે તે પણ આધ્યાત્મિક હોય છે! આ દેશમાં આધ્યાત્મિકતાને નામે બ્રહ્મચર્યના ઉપદેશ કરનારા ધર્મસંપ્રદાયો છે, તો બીજી બાજુ કૃષ્ણલીલાને નામે છડેચોક વ્યભિચાર પોષનારા સંપ્રદાયો પણ છે. નિરંકુશ સ્વેચ્છાચારમાં રાચતો વામ માર્ગ એ પણ એક ધર્મસંપ્રદાય હતો ને! નિર્દોષ વટેમાર્ગુઓને મારનારા ઠગ લોકો કાલીના ભક્તો હતા! આજ પણ શીતળા ને કોગળા જેવા કુદરતી રોગોને દેવદેવી રૂપે પૂજનારા કરોડો લોકો આ દેશમાં હયાત છે. ગાંધી સંપ્રદાયના અનુયાયીઓને ખાદીમાં આધ્યાત્મિકતા દેખાય છે, તો બીજી બાજુ હિન્દુ-મુસ્લીમ ધર્મોના અનેક વર્તમાન પ્રતિષ્ઠિત સંપ્રદાયોને ખાદી અને આધ્યાત્મિકતા વચ્ચે પરસ્પર કશોજ સબંધ દેખાતો નથી.

એટલે સૌથી પહેલાં આપણા ઇતિહાસમાં આધ્યાત્મિકતા શોધતા પહેલા આપણે આધ્યાત્મીકતા એટલે શું અને એની શક્યતાઓ ને મર્યાદાઓ કયી કયી છે એ જાણી લેવું જોઇએ.

ઇતિહાસનો કોઇપણ તટસ્થ અભ્યાસી, પછી એ હિંદી હોય કે પરદેશી, તે સંસ્કૃતિનું પાયણું ભારતવર્ષ છે એ દાવાને બીલકુલ સ્વીકારી શકશે નહિ. આપણો કડીબદ્ધ ઇતિહાસ માત્ર ૨૭૦૦ વર્ષનો મળે છે, જ્યારે ઇજીપ્ત જેવા દેશ નો તો ૬૦૦૦ વર્ષનો મળે છે.

અંગ્રેજોના વડવાઓ નાગા ફરતા હતા, ત્યારે આપણા વડવાઓ સંસ્કૃતિને શિખરે હતા. પણ આજે જ્યારે એ લોકો સંસ્કૃતિને શિખરે છે, ત્યારે આપણે કયાં છીએ? કે પછી અંગ્રેજોની નગ્નતા એ જંગલીપણું અને આપણી નગ્નતા એ આધ્યાત્મિકતા! સુધારાના તોલમાપનાં માનવબુદ્ધિને સંતોષ આપે એવાં કોઇ ત્રાજવાં છે કે નથી?

રોમ, એથેન્સ, કે બેબીલોન જેવાં નગરરાજ્યોની સંસ્કૃતિની સરખામણી હિન્દુ કે હિન્દી સંસ્કૃતિ સાથે થઇ ના શકે. એમની સરખામણી કરવી હોય તો હસ્તિનાપુર, પાટલીપુર, પાટણ, ભીન્નમાલ કે વિજયનગર સાથે થઇ શકે. જેમ ઉપરનાં પરદેશી નગરોનું કેવળ નામ રહ્યું છે, તેમ આપણા સ્વદેશી નગરોનું પણ કેવળ નામ જ રહ્યું છે. હિંદુ સંસ્કૃતિની સરખામણી ખ્રીસ્તી સંસ્કૃતિ સાથે થઇ શકે છે. હિન્દી સંસ્કૃતિની સરખામણી યુરોપીયન સંસ્કૃતિ સાથે થઇ શકે.

આપણા ઐતિહાસિક સાતત્યને કારણે આપણે આધ્યાત્મિક સાબિત થતા નથી. હિંદની પેઠે ચીનમાં પણ ઐતિહાસિક સાતત્ય છે. એટલા માટે ચીનને આપણે આધ્યાત્મિક કહીશું? અને ચીન જો આધ્યાત્મિક હોય તો એ કેમ્યુનિસ્ટ શાથી થઇ ગયું? હિંદ અને ચીનના ઐતિહાસિક સાતત્યનું કારણ એમની આધ્યાત્મિકતા નથી પણ એમની ભૌગોલિક પરિસ્થિતિ છે.

અને જીવનવિગ્રહમાં યેનકેન પ્રકારે ટકી રહી પોતાનું વ્યક્તિત્વ જાળવી દીર્ઘાયુષી થનારી પ્રજા જો આધ્યાત્મિક મનાય તો હિંદુઓની સાથે સાથે આપણે ચીનાઓ, જાપાનીઓ, પારસીઓ, યહુદીઓ અને રેડ ઇન્ડીઅનોને પણ આધ્યાત્મિક માનીશું!

શક, ગ્રીક, હુણ વગેરે પરદેશી પ્રજાઓને આત્મ-

સાત કરવાથી આપણે આધ્યાત્મિક શાશ્વિત થતા નથી. આપણે જો જગતનો ઇતિહાસ તપાસીએ તો એમ માલમ પડે છે કે દરેક વિર્યવાન તેજસ્વી સંસ્કૃતિ, પરસંસ્કારોને, પરસંસ્કૃતિને અને પરપ્રજાને આત્મસાત કરે છે.

હિંદની સંસ્કૃતિ એ સમન્વયની સંસ્કૃતિ છે એમ કહેવાય છે એ સમન્વય કાયમ હિંદુઓએ જ કર્યો છે કે ઇતિહાસના કોઈ એક યુગમાં પ્રજાઓએ બીજી પણ કર્યો છે? અને હિંદુઓએ જ કર્યો હોય તો તેમણે સદાય સદ્‌ગુણોનો સમન્વય કર્યો એ કે ક્યારેક દુર્ગુણોનો પણ કર્યો છે? એ સમન્વયમાં સ્વેચ્છાએ કેટલો થયો અને બળાત્કારે કેટલો થયો!

આ બધા પ્રશ્નોના જવાબો શોધવા માટે, આપણે આપણા ઇતિહાસની સિદ્ધિઓ માપવા માટે, ઇતિહાસની સનાતન કસોટી સર્જનનો ઉપયોગ કરવો પડશે. આધ્યાત્મિકતાના મહાભ્રમમાંથી મુક્ત થવું પડશે. આધ્યાત્મિક એટલે કે ધાર્મિક નેતાઓને પણ આજ કસોટીએ માપવા પડશે. દા. ત. બુદ્ધ અને તુકારામ બન્ને આપણા ધાર્મિક નેતાઓ. પણ એમના જીવન, કાર્ય અને સમાજ ઉપરની એમની અસરથી આપણે જો એમનું મૂલ્યાંકન કરીએ તો બન્ને એક કક્ષાના નેતાઓ ના કહી શકાય.

આપણા આખા ઇતિહાસને આપણે નીચે મુજબ સાત યુગોમાં વહેંચી શકીએ.

(૧) પાષાણયુગ (૨) પ્રાગાર્ય યુગ (૩) આર્યયુગ (૪) બૌદ્ધ યુગ (૫) હિંદુ યુગ (૬) મુસ્લીમ યુગ (૭) બ્રિટીશ યુગ.

એના જો પેટા યુગો પાડવા હોય તો તે નીચે પ્રમાણે પાડી શકાય.

(૧) પૂર્વપાષાણ યુગ (૨) ઉત્તરપાષાણ યુગ (૩) પ્રાગાર્યયુગ (૪) આર્યયુગ (૫) પૂર્વ બૌદ્ધયુગ (૬) ઉત્તર બૌદ્ધયુગ (૭) હિંદુયુગ (૮) શંકરયુગ (૯) પૂર્વ ઇસ્લામયુગ (૧૦) ઉત્તર ઇસ્લામયુગ (૧૧) શિવાજીયુગ (૧૨) બ્રિટીશ યુગ (૧૩) ગાંધી યુગ.

મેં આપણા ઇતિહાસના આ વિભાગો રાજવંશો કે સાહવારીઓ ઉપરથી નહિ, પણ સાંસ્કૃતિક સંક્રાન્ત વિકાસની દૃષ્ટિએ પાડેલા છે. ઉત્ક્રાન્તિ એ સામાન્ય રીતે અનેક વ્યક્તિઓનું સહીયારું સર્જન હોય છે, જ્યારે ક્રાન્તિ કે પ્રતિક્રાન્તિ મુખ્યત્વે એક વ્યક્તિની આજુબાજુ ફરતી હોય છે, એ લક્ષમાં રાખીને મેં આ વર્ગીકરણ કર્યું છે.

(૧) પૂર્વપાષાણ યુગ. (આજથી આશરે ૪॥ વર્ષથી ઇ સ. પૂ. ૮૦૦૦) આ યુગનો માનવી આફ્રિકા તરફથી આવ્યો હશે એમ માનવામાં આવે છે. એના જીવન અને કાર્ય વિષે અત્યારે તો આપણને બહુ જ અસ્પષ્ટ ખ્યાલો મળે છે. એ મોટે ભાગે ભટકતો માણસ હતો ઝાડ ઉપર કે ગુફામાં રહેતો પત્થરના અણઘડમાં અણઘડ હથિઆર વાપરતો, પશુપક્ષીના માંસ અને જંગલી ફળફુલ ને કંદમૂળ ઉપર રહેતો. એ સીંહ, વાઘ હાથી ને ગેંડાથી સતત ભયભીત રહેતો. ચાર–પાંચ લાખ વરસની ઇતિહાસયાત્રામાં એણે અત્યંત ધીમી પ્રગતિ કરી.

(૨) નૂતનપાષાણ યુગ. (ઇ. સ. પૂ. ૮૦૦૦થી ઇ. સ. પૂ ૫૦૦૦) જંગલી પશુઓ કરતાં સહેજ જ આગળ વધેલા પૂર્વપાષાણયુગના માનવીની કષ્ટસાધ્ય સિદ્ધિઓ ઉપર નૂતનપાષાણયુગ રચાયો આ યુગમાં પ્રગતિની ઝડપ વધી. ખેતી, અગ્નિ, પશુપાલન વસ્ત્રવિદ્યા, કુંભારકામ, નૌકાયાન અને ગુફાચિત્રોની શોધ અને સર્જન થયાં

પુરાવિદોએ ભાષાશાસ્ત્રીની મદદથી હીંદીચીન અને મલાયાના આદીવાસો અને હિંદના આદીવાસીઓ વચ્ચેનો સંબંધ શોધી કાઢ્યો છે.

(૩) પ્રાગાર્ય યુગ. (ઇ. સ પૂ. ૫૦૦૦ થી ઇ સ પૂ. ૨૦૦૦) છેલ્લાં થોડા વર્ષોમાં આ યુગ ઉપર ઘણો જ પ્રકાશ પડ્યો છે. મોહં–જો–ડેરો, અને હરપ્પાની શોધે આ સંસ્કૃતિ વિષેનો દાર્શનિક પુરાવો ઘણા મોટા પ્રમાણમાં પૂરો પાડ્યો છે. આ સિંધુસંસ્કૃતિ આર્ય હતી કે દ્રવીડ, એ હજી વિવાદગ્રસ્ત વિષય છે. કદાચ એ આર્ય કે દ્રવીડ બેમાંથી એક ના હોય.

પણ બે બાબતો ચોક્કસ છે. એ સંસ્કૃતિ ઈજીપ્ત, અને સુમેર (પુરાતન ઇરાકનો દક્ષિણભાગ)ની સંસ્કૃતિને ઘણી જ મળતી આવે છે, અને વર્તમાન હિંદુ ધર્મ લીંગપૂજા, શક્તિપૂજા અને ભક્તિસંપ્રદાય જેવાં ધર્મતત્વો માટે એ સિંધુસંસ્કૃતિનો ઋણી છે.

(૪) વૈદિક સંસ્કૃતિ આર્ય ક્રાન્તિ ઉત્ક્રાન્તિનો યુગ (ઇ સ પૂર્વે ૨૦૦૦ થી ઇ સ. પૂર્વે ૫૦૦)

આ દેશમા આર્યો બહારથી આવ્યા કે પછી અહીં સંસ્કૃતિ સર્જીને એને ઠીક બહાર જઈને ફેલાવી, એ પ્રશ્ન હજી વિવાદગ્રસ્ત છે તેમજ આર્યો જો બહારથી આ દેશમાં આવ્યા હોય તો એમના આગમનનો સમય કયો એ પણ હજી અનિશ્ચીત છે જુદા જુદા વિદ્વાનો એ સમય ઇ. સ. પૂ ૬૦૦૦થી ઇ સ. પૂ ૧૫૦૦ સુધીના લાંબા ગાળામાં મુકે છે આપણે એ અભિપ્રાયવિગ્રહમાં પડવાની જરૂર નથી. આપણો મુદ્દો આ યુગનાં મુખ્ય મુખ્ય લક્ષણો જોવાનો છે

આ જમાનાનો આપણો લેખિત ઇતિહાસ એટલે કાળા રાવણો ઉપર ગોરા રામોએ મેળવેલા વિજયોનો આર્ય ઋષિમુનીઓએ લખેલો ઇતિહાસ. આત્મશ્લાઘા, દંતકથા, કાવ્ય, ધર્મ વહેમ, અંધશ્રદ્ધા, અને તત્વ-ચિંતનના ખીચડામાથી સાચી હકીકતો તારવવાનું કામ એક ગાઢ અરણ્યમાંથી બીલાડીનું બચ્ચું શોધી કઢવા જેવું મુશ્કેલ કામ છે છતાંય માનવ પુરૂષાર્થ શું નથી સિદ્ધ કરી શકતો? છેલ્લી એક સદી કરતાં વધુ સમયથી પશ્ચિમ અને પૂર્વના વિદ્વાનોના અથાગ પરિશ્રમથી આપણા ઇતિહાસના બધા કાળોની પેઠે આ કાળ ઉપર પણ ઘણોજ પ્રકાશ પડ્યો છે.

આજે આપણે જેને હિંદુ સંસ્કૃતિ કહીએ છીએ એનાં મૂળ આ યુગમાં નંખાયાં દરેક ક્રાન્તિકાળની પેઠે આ કાળમાં પણ ઉત્ક્રાન્તિનાં તત્વો હતા, છતાંય આ કાળ મુખ્યત્વે જુની સંસ્કૃતિના વિનાશ અને સંકોચનો અને નવી સંસ્કૃતિના સર્જન અને વિસ્તારનો કાળ હતો.

રાજક્રાન્તિ આર્યો આ દેશમાં અનેક ટોળીઓમાં વાગફરતી આવ્યા હશે. આ સદીઓ દરમ્યાન તેઓ અસુરો, રાક્ષસો, દાસો, દસ્યુઓ, નાગો, દ્રવીડો ? વાનરો જેવા આદીવાસીઓ અને એમની પૂર્વેની સુસંસ્કૃત પ્રજાઓ જોડે અત્યંત લોહીયાળ રીતે આથડેલા. એ જમાનામાં એમણે કઇક જલોવાન-વાલા, આક્રોગ્નીપુર, અને પાટલીરતાનો સર્જેલા. આ અત્યાચારો ઠેઠ મહાભારતના કાળ સુધી અને કદાચ ત્યાર પછી પણ ચાલ્યા હોય એમ લાગે છે. આજે પણ મહાભારત વાંચેલા આપણને એના ભણકાર લાગે છે. કૃષ્ણે કાલીનાગને નાથ્યો, અર્જુને ખાંડવવન બાળ્યું, અને જનમેજયે સર્પસત્ર કર્યો આ તો આર્યઋષી વેદવ્યાસનો પુરાવો વિરૂદ્ધનો પુરાવો તો એથીયે ભૂંડો છે. પ્રાચીન પારસીઓ ઇશ્વરને અસુર અને સેતાનને દેવ કહેતા! તામીલ જેવી દ્રવીડ ભાષાનું સૌથી પ્રાચીન સાહિત્ય આર્યો તરફ તિર-સ્કારથી ભરેલું છે આર્યત્વ પામેલા વાલ્મીકીએ ચીતર્યો છે એટલો ભૂંડો રાવણ તો કદાચ નહિ જ હોય. આજે આપણે આપણા કોઈ બાળકનું નામ રાવણ કે દુર્યોધન રાખતા નથી, જ્યારે ખાંડમા અને ગોંડ જેવી આદીવાસી જાતીઓ પોતાના બાળોનાં નામ ગર્વપૂર્વક રાવણ રાખીને પોતાના એ પરાક્રમી પૂર્વજની સ્મૃતિને સાચવે છે.

આ સમય દરમ્યાન આર્યોને કેવળ અનાર્યો સાથેજ યુદ્ધો થતાં હતાં એમ નહી, પણ એમની જુદી જુદી ટોળીઓ પણ અંદરઅંદર આથડેલી મહાભારત એ રીતે આર્યોના આંતરવિગ્રહનું મહા કાવ્ય છે.

આર્યોના બ્રાહ્મણ-ક્ષત્રીય જેવા સત્તાધારી વર્ગો પણ અંદરઅંદર લડેલા, જેના પડઘા આપણને પરશુરામે પૃથ્વીને એકવીસવાર નક્ષત્રી કરી એ દંતકથામાં સંભળાય છે.

આર્ય સંસ્કૃતિનાં ગુણગાન ગાતી વખતે આપણે એટલું ના ભુલીયે કે એ સંસ્કૃતિના પાયામાં રાવણ થી તક્ષક સુધીના અનાર્યવીરોના લોહીમાંસ પડેલાં

ધર્મક્રાન્તિ. આર્યોએ એ જમાનામાં આ ?

એક નવો ધર્મ આપ્યો, અને આપણા વર્તમાન હિંદુ ધર્મના પાયા નાખ્યા. કાળે કરીને એમણે એ ધર્મમાં જુના ધર્મોનાં અનેક તત્વો સ્વિકાર્યાં, સુધાર્યાં, અને સંસ્કાર્યાં.

વૈદીક ધર્મ એ રાષ્ટ્રધર્મ થયો વૈદીક કર્મકાંડ અને રાજસુય ને અશ્વમેધ જેવા યજ્ઞોએ આખી પ્રજાને એક કરવામાં અજબ ફાળો આપ્યો.

સામાજીક ક્રાન્તિ. વર્ણ અને આશ્રમની વ્યવસ્થા એ આર્યસંસ્કૃતિનો હિંદની સંસ્કૃતિમાં મહત્વનો ફાળો. એ જમાનામાં વર્ણો આજની જ્ઞાતિઓ જેવા વજ્રલેપ નહોતા. વિશ્વામિત્ર ને સુવપુરાણી ક્ષત્રીય ને શુદ્ર મટીને સ્વપ્રયત્નથી બ્રાહ્મણો બન્યા હતા

ખાનપાનની બાબતોમાં કોઇ કડક બાધાઓ નહોતાં. રામાયણ ને મહાભારતના સમય સુધી ક્ષત્રિયો માંસ અને દારૂનો છૂટથી ઉપયોગ કરતા વાલ્મીકી રામાયણમાં સીતાજી વનવાસમાંથી જો હેમખેમ પાછા ફરાય ત્યાં તો ગંગાજીમાં હજાર ઘડા દારૂનો અભિષેક કરવાની બાધા લે છે. પાંડવો ને શ્રીકૃષ્ણ છાકટા થતા સુધી દારૂ પીતા હતા એ એક પ્રસંગદ્વારા વેદવ્યાસે મહાભારતમાં દર્શાવ્યું છે. ગૌમાંસ પણ લાંબા સમય સુધી નિષીદ્ધ નહોતું એ રંતીદેવને યયાતિ રાજાઓની કથાઓ પરથી જણાય છે.

મૃગયા ક્ષત્રીયનો ધર્મ મનાતો. દ્યુતના આમંત્રણનો ઇન્કાર કરવો એ ક્ષત્રિયને માટે કાયરતા લેખાતી. નળ અને યુધિષ્ઠિરના દાખલા તો એના અતિરેકના ભૂંડા પરિણામોના નમુના તરીકે રજૂ કરવામાં આવતા

આ લાંબા સમયગાળામાં લગ્નસંસ્થામાં પણ અસંખ્ય પ્રયોગો થયા છે.

અતંત્ર કામજીવન અને અજમાયશી લગ્નોથી માંડીને આદર્શ એકપત્નીત્વ સુધીના અસંખ્ય પ્રયોગો આર્યો કરી ચૂક્યા છે. સ્ત્રીના ખરીદવેચાણ થતાં, એ દાનમાં અપાતી, ભાડે ફેરવાતી, તેમજ અતિથી સત્કાર માટે પણ એનો ઉપયોગ થતો.

સત્યકામ જાબાલના પિતાની એમની માતાને ખબર નહોતી. વસિષ્ઠ અને અગસ્ત્ય ગણિકાપુત્રો હતા. સાથેસાથે વિશ્વાવરા, ઘોષા ને લોપામુદ્રા જેવી અનેક સ્ત્રીઓ મંત્રદ્રષ્ટાઓ હતી એ પણ ના ભુલવું જોઇએ.

કૃષ્ણનું બહુપત્નીત્વ, દ્રૌપદીનું બહુપતિત્વ, રામનું એકપત્નીત્વ, તારા ને મંદોદરીનું દીયરવટું, અને હરીશ્ચન્દ્રનું પત્નીવેચાણ એ આપણા પૂજ્ય સ્ત્રી–પુરૂષોમાં પડતા સામાજીક પરિસ્થિતિ અને પરિવર્તનોનાં પ્રતિબિંબો હતા.

દરેક વિજેતા પ્રજાની પેઠે આર્યોને પણ પોતાની સંસ્કૃતિનો ઘમંડ હતો. એમણે અનાર્યોને કાપ્યા, બાળ્યા, ને જંગલો અને ડુંગરોમાં નસાડ્યા, કંઇક વધુ કુમળા બનતાં એમણે અનાર્યોને પોતાની સમાજવ્યવસ્થામાં શુદ્રો ને દાસો તરીકે સમાવ્યા. પણ એમને ઉપવીત ધારણ કરવાની અને વેદ સાંભળવાની મનાઇ કરી. સ્વાભાવિક રીતે જ આર્યોનો મોટો ભાગ આર્યો અને અનાર્યો વચ્ચેના લગ્નોનો સખ્ત રીતે નાપસંદ કરતો. અર્જુન ગીતામાં ભગવાનને ફરિયાદ કરે છે કે યુદ્ધથી કુલક્ષય થવાથી કુલધર્મોનો નાશ થઇ સ્ત્રીઓ દુરાચારી થાય છે અને પ્રજા વર્ણસંકર થાય છે વર્ણસંકર પ્રજા એટલે ગોરા આર્યો ને કાળા અનાર્યોના કામસંબંધથી થતી મીશ્રરંગી પ્રજા. એ જમાનાના એંગ્લો ઇન્ડીયનો અને યુરેશીઅનો!

પણ ભગવાન કામદેવ સંસ્કૃતિની સરહદોનો સ્વીકાર કરતા હોતા નથી. એ ઉપરાંત આર્યોને અંદરઅંદરના ઝગડામાં અને અનાર્યો સાથેના યુદ્ધોમાં પણ અનેક અનાર્યોની મદદ લેવી પડી હશે, એમાંથી અનેક પ્રકારના માન્યઅમાન્ય કામસંબંધો ને લગ્નસંબંધો રચાયા હશે. શીવભીલડી, કૃષ્ણકુબ્જા અર્જુનઉલુપી અને પારાશરમત્સ્યગંધાના પ્રેમપ્રસંગો આર્યઅનાર્ય મિલનના સૂચક છે.

આ જ રીતે જંગલો કપાઇને ખેતી થઇ, નવા ઉદ્યોગો વિકસ્યા, શિક્ષણ બદલાયું એ રીતે આર્થિક, શિક્ષણવિષયક અને બીજાં અનેક ક્ષેત્રોમાં

વિપ્લવ થએલો, આપણે જોઈ શકીયે છીએ.

ધીમે ધીમે ક્રાન્તિની અસ્થિરતા ઘટતી ગઈ અને ક્રાન્તિનું સ્થાન ઉત્ક્રાન્તિની સ્થીરતા અને જડીલતા એ લેવા માંડ્યું.

ઋગ્વેદ પછીના બ્રાહ્મણકાળમાં ઋગ્વેદના સાચા મંત્રોની જગાએ જડીલ, વહેમી, દુન્યવી સંપત્તિ આપતા, હિંસક અને લાંબો વખત ચાલે એવા મંત્રોની એક જબરજસ્ત જાળ ઉભી થઈ. સાથેસાથે એનાથી અસંતુષ્ટ એવા ઋષી મુનીઓએ ઉપનિષદોનું ધર્મચિંતન શરૂ કર્યું. એ ઔપનિષદ ઋષીઓએ વિદ્યાભ્યાસના અખરા અને ધ્યર એવા ભેદ પાડ્યા. ઉત્તર વૈદીક સાહિત્યમાં આપણને પહેલવહેલાં ભવ્ય નગરો દેખા દે છે ખેતીનાં સાધનો સુધરે છે. અને નવી જાતના અનાજ ને ફળ માલુમ પડે છે. શ્રમ-વિભાગ પણ ઉચી કક્ષાએ ગયો હોય છે. સુથારથી રથશીલ્પી, તેમજ ધનુષ, એની દોરીઓ અને બાણ બનાવનાર સૌ એક બીજાથી જુદા પડેલા હોય છે

ટુંકામાં ઋગ્વેદથી બુદ્ધ–મહાવીરના જન્મ સુધીના વૈદીક ને ઉત્તર વૈદીક સાહિત્યમાં આપણે એક વીર્ય-વાન, પ્રતાપી, વિજેતા, તેમજ એક હાથે ભાંગતી ને બીજે હાથે સર્જતી સમર્થ સંસ્કૃતિનું દર્શન કરી શકીએ છીએ. એમાં જંગલીપણાનાં, અનીતિનાં, ને અંધ શ્રદ્ધાનાં તત્વો છે પણ એવાં તત્વો તો દરેક વીર્યવાન સંસ્કૃતિની શરૂઆતમાં હોય છે જ સૌથી વધારે મહત્વનું તો એ છે કે આ કાળે આપણો પ્રજાકીય પુરૂષાર્થની દીશા નક્કી કરી.

આપણો પ્રજાકીય પુરૂષાર્થ કયો ? આજે જ્યાં આપણે એક પ્રજા જ નથી ત્યાં આપણો પ્રજાકીય પુરૂષાર્થ શી રીતે નક્કી થઈ શકે ? પણ પુરાતનકાળમાં આપણો પ્રજાકીય પુરૂષાર્થ હતો જ.

દરેક વ્યક્તિ, સમાજ ને સંસ્કૃતિનું જીવન એક શબ્દની આજુબાજુ ફરતું હોય છે. બુદ્ધ એટલે કરૂણા. શંકર એટલે જ્ઞાન. અશોક એટલે પ્રચાર સમુદ્રગુપ્ત એટલે રાષ્ટ્રીયતા અકબર એટલે સમન્વય. પ્રતાપ એટલે પરાક્રમ. શીવાજી એટલે વિજય.

એવું ને એવું દરેક સંસ્કૃતિનું. ગ્રીસ, ફ્રાન્સ ને જાપાન એટલે કલા. રોમ ને ઇંગ્લેંડ એટલે વ્યવ-સ્થા અમેરિકા એટલે સ્વાતંત્ર્ય. ચીન એટલે પરંપરા. હિંદ એટલે ચિંતન

આપણા જાહોજલાલીના કાળમાં આપણા ઉત્તમો-ત્તમ પુરૂષોનો સર્વશ્રેષ્ઠ પુરૂષાર્થ ચિંતન એ હતો. એટલે જ આજે પણ ઉપનિષદો એ આર્યચિંતનના સર્વોચ્ચ શીખરોમાં ગણાય છે

આપણો સર્વશ્રેષ્ઠ પુરૂષાર્થ જો આધ્યાત્મિકતા અને ઇશ્વરપરાયણતા જ હોત તો જૈન ને બૌદ્ધ દર્શનો જેવાં નિરીશ્વરવાદી દર્શનો આ દેશમાં પાંગર્યાં જ ના હોત. સુખવાદી ચાર્વાકને આપણે જીવતો બાળી મુક્યો હોત. કૌટિલ્યના અર્થશાસ્ત્ર જેવું રાજનીતિનું, વાત્સાયનના કામસૂત્ર જેવું કામશાસ્ત્રનું અને સુશ્રુત જેવાં શસ્ત્રવિદ્યાનાં પુસ્તકો આ દેશમાં સર્જાયાં જ ના હોત

એ રીતે જોઈએ તો હિંદુધર્મ એ Religion of Reason બુદ્ધિનો ધર્મ છે. પીંડેપીંડે મતિર્ભિન્ના એ સુત્ર સાચું હોય તો સત્ય શોધવું હોય તો સૌને વિચારસ્વાતંત્ર્ય મળવું જોઈએ એનો અર્થ એ નથી કે એ ધર્મમાં શ્રદ્ધાને સ્થાન નથી પણ એના પાયામાંજ બુદ્ધિસ્વાતંત્ર્ય હોવાથી પોતાનાથી જુદી શ્રદ્ધાવાળા લોકો ઉપર હિન્દુ-ઓએ ઓછામાં ઓછા જુલમ કર્યાં છે. મુસ્લીમો ને ખ્રીસ્તીઓના વિધર્મીઓ ઉપરના જુલમો સાથે સર-ખાવી શકાય એવા જુલમો હિન્દુસંસ્કૃતિએ નિદાન છેલ્લા ત્રણ હજાર વર્ષમાં તો કર્યા નથીજ. એ પહેલાંના જુલમો પણ પાછળના ક્રમમાં ઝપાટાબંધ ભોળા પડી ગયા હતા અગસ્ત્યનો દક્ષિણવિજય એ લીવીંગ્સ્ટનના આફ્રીકાવિજય જેવોજ અહિંસક વિજય હતો હિન્દુધર્મ એ બુદ્ધિનો ધર્મ હોવાને કારણે જ

એનો કોઇ સ્થાપક નથી અને એનો કોઇ પયગમ્બર નથી. આ હકીકતમાં જ એની શકિતનો અને અશકિત બન્ને છે. સાથે સાથ આપણે એ પણ ખ્યાલમાં રાખવું જોઇએ કે આપણા પૂર્વજોનો મુખ્ય પુરૂષાર્થ ચિંતન એ હતો એટલા માટે આપણી સંસ્કૃતિ સર્વ દેશ અને કાળની સૌ સંસ્કૃતિઓમાં સર્વશ્રેષ્ઠ ઠરતી નથી. કારણ કે સંસ્કૃતિ એટલે ચિંતન નહિ પણ સર્જન. કોઇ પણ સંસ્કૃતિ સર્જન કરતી અટકી જાય એટલે એ સડવા માંડે. પછી એના પુરૂષાર્થની દીશા ગમે તે હોય એ પ્રશ્ન બહુ મહત્વનો નથી.

આર્ય ક્રાન્તિ-ઉત્ક્રાન્તિનો, વેદઉપનિષદોનો આ યુગ વિશ્વામિત્ર, વસીષ્ઠ, ઘેષા ને લોપામુદ્રા જેવા મંત્રદ્રષ્ટાઓએ, અગસ્ત્ય જેવા ધર્મને સંસ્કૃતિવીરોએ, ભરત, રામ અને યુધિષ્ઠિર જેવા સાર્વભૌમ સમ્રાટોએ, દિવોદાસ ને સુદાસ જેવા વિજેતાઓએ, અને ભગીરથ જેવા ઇજનેર રાજાઓએ સર્જ્યો. અને એ યુગે શ્રમણક્રાન્તિ જેવી ભવ્ય ક્રાન્તિ માટે પૂર્વભૂમિકા પુરી પાડી.

[ક્રમશઃ]

❋

(અનુસંધાન પેજ ૧૨નું)

સદી હોય–ને ઘણું કરીને પોતાની પ્રગટ થયેલી કોઇ વાર્તા કે કવિતા તેમાં હોય. અમે એ વખતે તેમના પ્રત્યે માનથી અને પ્રેમથી જોઇ રહેતા. જો કે ભાઇશંકર એ વસ્તુને ઘણું મહત્વ ન આપતા. પણ અમારે મન નલિનકાન્તે મેળવેલી આ સિદ્ધિ એ વખતે આકર્ષણનો ને માનનો વિષય થઇ પડી હતી. એમાંથી વાર્તાઓ લખવાનો પહેલો વિચાર ઘણું કરીને સ્ફુર્યો જણાય છે. એ વખતે કોઇપણ વાર્તાઓ હિંદી બેંગાલી કે અંગ્રેજી વાંચેલી નહિ. ઇતર વાચનમાં એ વખતે મેરીકારેલી ને મીસીસ હેન્રીવુડનો જમાનો હતો. એનાં ઘણાં પુસ્તકો મેં જોયાં હતાં. એમાંથી ઇસ્ટ લીન' ની ઘણી જ અસર થયેલી. એ ઉપરથી મેં એક 'રમા' નામે લાંબી વાર્તા શરૂ પણ કરેલી, એ વાર્તા શરૂ કદાચ વહેલી થઇ હોય–પરંતુ આ વર્ષોમાં પણ એ અધુરી હાલતમાં આમતેમ મારી પાસે રખડયા કરતી હતી. એ પૂરી તો પછી કોઇ દિવસ થઇ નહિ. પણ હાજીમહમ્મદે લેખકોના લખાણોને જે રૂપરંગે મઢવાનાં શરૂ કર્યાં હતાં, અને વળી સાહિત્ય ધુરંધરો સાથે સામાન્ય માણસોને પણ બેસારીને એમનાં જે બહુમાન શરૂ કર્યાં હતાં, એ આકર્ષણે કૈંક લેખકોને જુદાં જુદાં સ્વરૂપોની શોધમાં ભમતા કર્યા હતા. એ જ શોધમાં નીકળતાં નીકળતાં મને એક દિવસ અચાનક 'નવલિકા' મળી ગઇ. (ક્રમશઃ)

આ પુસ્તકો તમેં વાંચ્યાં ?

ગગનને ગોખે નિરંજન વર્મા જયમલ્લપરમાર		૩–૮–૦
આપણી આંગણે ઊભનારા	,,	૪–૪–૦
કદમ કદમ બઢાયેજા	,,	૩–૮–૦
અણખૂટધારા	,,	૩–૮–૦
ખંડિત કલેવરો	,,	૩–૮–૦
જીવન શિલ્પીઓ	,,	૨–૮–૦

આજે મંગાવીને રાખજો.

ભારતી સાહિત્ય સંઘ લિ.

ગાંધીરાડ—અમદાવાદ.

❋

શ્રી. ધૂમકેતુના પુસ્તકો

જિબ્રાનની જીવનવાણી	૩–૮–૦
વનછાયા.	૩–૦–૦
મેઘબિન્દુ	૩–૦–૦
બોધકથા ૧–૨	૨–૦૦–
સંસ્કારકથા	૧–૦–૦
જ્ઞાનગોષ્ટિ	૧–૦–૦
વડને છાંયડે	૧–૮–૦

ઘરમાં વસાવવા જેવા આ પુસ્તકો છે.

ભારતી સાહિત્ય સંઘ લિ.

ફરનાન્ડીઝ પુલ—અમદાવાદ.

શિવાજી મહારાજ

શિવાજી મહારાજની વાત આજથી ત્રણસો વર્ષ પહેલાંની. એ વખતે નહિ ક્યાંય રેલગાડી, નહિ મોટર, નહિ વિમાન, કે નહિ રેડિયો. એ જમાનામાં તો ઘોડેસવારી અચ્છી આવડે એ ફાવે તલવાર ચલાવતાં આવડે તે જીતે આજની અને તે વખતની વાત જ જુદી! આજે રૂપિયાનું પાશેર ઘી મળે. તે વખતે રૂપિયાનું સોળશેર મળે! આજ દરેકના કાંડા ઉપર ઘડિયાળ, એ વખતે ઘડિયાળ ગોતી મળે નહિ! કોક બાદશાહ પાસે હોય તો!

ત્રણસો વરસ પહેલાની વાત થઈ, એ યાદ કોણે રાખી હશે? કે પછી ગપે ગપ!

એમ હોય કાંઈ? તે વખતના કાગળપત્ર છે. તે વખતની વાતો છે. લખનારાઓએ બરાબર સાચવીને વાતો લખી રાખી છે. પછી કાંઈ ગપ કહેવાય? તે વખતની મોટી ઈમારતો છે! દુનિયામાં પ્રખ્યાત ગણાતો તાજમહાલ તે વખતે બંધાયો હતો! અકબર ને બીરબલની વાતો ચાલે છે. એ બાદશાહ અકબર, શાહજહાનનો દાદો! પછી ગપ કેમ કહેવાય?

એ વખતે દિલ્હીની ગાદી ઉપર બાદશાહ શાહજહાન રાજ કરે. કાબુલથી માંડીને છેક બંગાળા સુધી એની સત્તા ચાલે. કાશ્મીરમાં પણ એનું રાજ. ગુજરાત, સિંધ, ખાનદેશ, મહારાષ્ટ્ર બધે એનું રાજ.

એ વખતે દક્ષિણમાં બે ત્રણ મોટા રાજ. એક તો વિજાપુરનું. બીજું ગોવળકોંડાનું. ત્રીજું અહમદનગરનું. એ અહમદનગરની રાણી ચાંદ બીબીએ અકબર બાદશાહને પણ હંફાવેલો. એ અહમદનગરના બાદશાહને ત્યાં શાહજી નામે એક સરદાર. જાતે મરાઠા. નોકરી બાદશાહની કરે ને ગામ ગરાસી ભોગવે!

એ વખતે તો આવા સરદારોને ગામ ગરાસી મળે. ને બદલામાં જ્યારે બાદશાહ ફર્માન કરે ત્યારે પોતાનું નાનકડું સૈન્ય લઈને બાદશાહની નોકરીમાં હાજર થઈ જવાનું. જદ્ધમાં જવાનું કહે તો જદ્ધમાં જવાનું. માથા સાટે માલ ખાવા મળે એવો એ વખત!

એ શાહજીને એક રાણી. જીજાબાઈ એનું નામ. જીજાબાઈને પેટે શિવાજીનો જન્મ થયો. આજથી ત્રણસો વર્ષ પહેલાં તે વખતે સોળસો સત્તાવીસની સાલ. વિક્રમસંવત એમાં છપન વરસ ઉમેરો એટલે આવે. સોળસો ત્યાશી. શિવાજી પાંચ છ વર્ષનો થયો ત્યાં એક બનાવ બન્યો અહમદનગરના બાદશાહને ને દિલ્હીના બાદશાહને લડાઈ ચાલી. શાહજીને તો ચાકરી રહી અહમદનગરના બાદશાહની એટલે એને દિલ્હીના બાદશાહ સામે જદ્ધે ચડવું પડ્યું

પણ બન્યું એવું કે શાહજી જદ્ધમાં હતો ત્યાં જીજાબાઈ મોગલ સન્યના હાથમાં કેદ પડયા. પાડે પાડા લડે ને રૈયતનો ખોડો નીકળે એવી વાત થઈ! પણ સૌને રાજ વધારવાની વાત એમાં બીજું શું થાય?

એ વખતે શિવાજીને એક નોકરે સંતાડી દીધા નહિતર લડાઈમા તો એને ય કેદ કરે! જદ્ધમાં કોણ કોના પક્ષમાં છે એટલું જ જોવાનું! પછી બાળક હોય કે સ્ત્રી–કેદ કરીને ઉપાડી જાય! પણ નાનકડા શિવાજીને ક્યાંક સંતાડીને કોક નોકરે કેદમાથી બચાવી લીધા!

લડાઈ બંધ થઈ ત્યારે મા દીકરો મળ્યો.

× ચરિત્રકથાઓ દ્વારા અનેક જીવનચરિત્રો, પ્રૌઢ શિક્ષણ સંસ્કાર દૃષ્ટિમાં રાખીને, કથવાની યોજના છે. આનો ક્રમ પછી જાળવી લેવાશે.

પણ તે દિવસની આ બાળકના મનમાં એક વાત બેસી ગઇ ! મુસલમાનો આવાં જુદ્ધ કરે છે ? આ કાંઈ જુદ્ધ કહેવાય ? એના હૃદયમાં મુસલમાનોની આવી લડાઈ નીતિ પ્રત્યે ગાંઠ પડી ગઈ તે પડી ગઈ !

શાહજી તો નોકર રહ્યા. કોઇ કહેશે અમારે ત્યાં આવો અમે બે ગામનો વધુ ગરાસ આપીશું તો ત્યાં જાય. અહમદનગર મૂકયું પડતું, ને ગયા વિજાપુરના બાદશાહને ત્યાં ત્યાં એક તો સુખ, મોગલો સામે વારંવાર જુદ્ધ તો ન થાય ! શિવાજી મહારાજ આમ નાનકડા બાળક પણ સમજણનો કોઇ પાર નહિ. ગૌવધ થતો જુએ તો કાળજું કંપી જાય. ત્યાં તો ઉઘાડે છોગ ગૌવધ ચાલે. બાળક શિવાજીના અંતઃકરણમાં ભારે આઘાત થયો. આપણા દેશમાં તો ખેતી ઉપર જ બધો આધાર, આંહીં તો ધોરીની કાંધ ઉપર ખેતી નભે. ત્યાં ગૌવધ થાય એ તો પછી હાથે કરીને મરવાના ધંધા કહેવાય ! ગૌવધ કરનાર બાદશાહને ત્યાં નોકરી કરવી એ આવડા બાળકને ન રૂચે ! એ બાદશાહને સલામ કરવી એને ન ગમે ! એણે તો એક વિજાપુરના બાદશાહને પણ આવડી સંભળાવી દીધી !

શાહજીને લાગ્યું કે છોકરો જરાક બાળબુદ્ધિનો છે. આહીં રહેશે તો નોકરી ખોવરાવશે ને જાગીર પણ જાશે. એણે એને પુના મોકલી દીધો. ત્યાં કોઇ નામ તો ન હ્યે ! ત્યાં મોગલોની સત્તા. સાથે જીજાબાઈને પણ મોકલ્યાં. દાદાજી કોંડદેવ કરીને એક બ્રાહ્મણને મોકલ્યા. શિવાજીને બે અક્ષર વાંચતાં લખતાં તો એ શીખવાડે !

આમ શિવાજી ને એની મા જીજાબાઇ પુના ગયાં. શાહજી વીજાપુરમાં રહ્યો. એને એમ કે છોકરમત આળસશે એટલે એની મેળે ઠેકાણે આવશે.

પણ આંહીં પુનામાં દાદાજી કોંડદેવે ભણતર જ કાંઈક એવું ભણાવ્યું કે શિવાજીની આખી જીંદગી બદલાવી નાખી રામાયણ, મહાભારત અને ભાગવતની કથાઓ એને કહેવા માંડી. મુસલમાનોના હાથમાં દેશ પરાધીન પડયો છે એવી વાત એના મનમાં ઠસાવી જાણે કેમ પોતાનો પુત્ર હોય તેમ દાદાજી કોંડદેવે તો અસલના ઋષિ મુનિઓની માફક એને દેશનો ઉદ્ધાર કરવાનું સ્વપ્નું આપ્યું !

એક તો શિવાજી જેવો જુવાન અને એમાં દાદાજી કોંડદેવ જેવાએ આપેલું સ્વપ્નું ! જુવાન શિવાજીને તો ધૂન લાગી કે આપણે વળી વિજાપુરની નોકરી કેવી ? આપણે આપણા મુલકના રાજા ! આપણે નોકર શેના ?

એમાં પાછો પુનાની આસપાસ તો સહ્યાદ્રિ પર્વત પડયો છે. એ પર્વતમાં શિવાજી મહારાજે જુદ્ધની તાલીમ લેવા માડી. સંતાઇ જવાની, અચાનક છાપો મારવાની, ભાગવાની, દુશ્મનને સપડાવી દેવાની, અને એને પીંખી નાખવાની જુદ્ધકળા શીખવા માંડયા પોતાના જેવા જુવાનડાઓને ભેગા કર્યા અને જૂદ્ધની તાલીમમાં સૌ પાવરધા થવા માંડયા

વિજાપુરના બાદશાહની ધુંસરી ફગાવી દેવાની વાતો ચાલી.

પણ સૌ સમજે કે વાતોમાં કાંઇ વડાં ન થાય બાદશાહને ખબર પડે કે આ થોડાક માવલા જૂવાનડાઓ ફાટયા છે તો તરત લશ્કર મોકલે. ને બહુ હોય તો શાહજીને જ ન મોકલે ? બાપને લશ્કર લઇને દીકરા સામે જવું પડે.. શું કરે ? સૌને પેટ વળગ્યું છે !

એટલે શિવાજીએ વિચાર કર્યો કે એમ ઉતાવળે આંબા નહિ પાકે. પહેલાં ક્યાંક આપણે ઠરીને ઠામ બેસીએ એવું કોક ઠેકાણું હાથ કરો. છાપો માર્યો, પણ દુશ્મન વધારે હોય ને પાછળ પડે તો ? કાંક ડુંગરામાં કોક ઠેકાણે કિલ્લો હોય તો દોડીને કિલ્લા ભેગા થઈ જવાય. કિલ્લામા તમે પેસી ગયા એટલે તમે રાજા ! પણ કિલ્લા કાંઈ મફત થાય છે? એમાં તો લાખો સોના મહોરો જોઈએ એ ક્યાંથી લાવવી ?

શિવાજીએ જુક્તિ ગોઠવી. પુના પાસે એક મજબુત કિલ્લો તોરણનો કિલ્લો એ કિલ્લો પડાવ્યો હોય તો કામ થાય. પણ પડાવવો શી રીતે ? સામે મોંએ જુદ્ધ કરો તો તો દાંત ખાટા કરી નાખે એવા કિલ્લેદારો ત્યાં બેઠા હોય ! શિવાજી મહારાજે જુક્તિ ગોઠવી. એ તો પછી જેવા સાથે તેવાની રમત, શઠં પ્રતિ શાઠ્યમ્ સાધુ થાવા જાય તો તો હાથે કરીને માથું મૂકે એવો એ જમાનો. તોરણના કિલ્લેદારને જ સાધ્યો. એટલે તો વગર લડયે કિલ્લો હાથમાં આવ્યો. ત્યાર પછી બીજા કિલ્લા પણ લેવા માંડયા.

વિજાપુરવાળાને હવે શંકા થઈ, કે આ છોકરો શાહજીનો, પુનામાં બેઠો છે તે કાંઈ ત્યાં જાગીર સાંચવીને બેઠો રહે તેવો લાગતો નથી. એનું ધ્યાન કઈક બીજું લાગે છે.

શિવાજીએ કિલ્લા મેળવવા માંડ્યા એટલે ત્યાંના પહાડી માવળા લોકોને પણ થયું કે આ તક આવી છે. એમની તો આ જન્મભૂમિ ડુંગરા ચડવા ઉતરવા એ એમને માટે રમત જેવી વાત. શિવાજીએ પણ કોઈને દામ આપીને, કોઈને લૂંટીને, કોઈને મારીને, તો કોઈને વળી મોટા હોદ્દા આપીને પોતાની જાગીરને વધારવા માંડી. ને વિજાપુરથી પોતે સ્વતંત્ર હોય એમ વર્તન કરવા માંડયું.

પણ વિજાપુરવાળો બાદશાહ સમજ્યો કે શિવાજીનો બાપ આંહીં વિજાપુરમાં નોકરી કરે ને શિવાજી વિજાપુર સામે લડે એ કેટલા દિ' નભવાનું ! બાપને દબાવીએ એટલે દીકરો ઠરે !

શાહજી એ વખતે કર્ણાટકમાં તંજાવરમાં રહેતો હતો. ત્યાં પણ એની જાગીર હતી. બાદશાહે એક સરદાર ત્યાં મોકલ્યો. અને તેણે દગાથી શાહજીને કેદ કરી વિજાપુર આણ્યો

આ સમાચાર સાંભળીને તો શિવાજી મહારાજ વિચારમાં પડી ગયા

જો હવે લડાઈ કરે તો બાદશાહ પહેલ વહેલો એના બાપને જ મારે. ને લડાઈ ન કરે તો વિજાપુરના ગુલામ તરીકે રહેવું પડે. શિવાજીને વિજાપુરના બાદશાહે કહેવરાવ્યું કે આંહીં આવો, સમાધાન કરો, તો તમારા બાપ છુટા થાય !

માતુશ્રી જીજાબાઈએ ના પાડી કે હાથે કરીને દુશ્મનની ગુફામાં જાવું નહીં. એમની બી સઈબાઈ એમણે પણ ના પાડી. રાજકારભારીઓએ પણ ના પાડી

પણ કહ્યું છે ના કહેવતમાં કે દુશ્મનનો દુશ્મન તે આપણો દોસ્ત ! શિવાજી મહારાજે આ રાજનીતિ પકડી, એકલું લડતાં આવડે ને રાજનીતિ ન આવડે કે એકલા સાધુવેડા કરે એમ કાંઈ રાજ ચાલે ? શિવાજી મહારાજે જુક્તિ ગોઠવી. દિલ્હીના બાદશાહને ને વિજાપુરવાળાને તો ક્યાંય વેર ચાલ્યાં આવે ! એટલે શિવાજી મહારાજે શાહજહાન બાદશાહને કહેવરાવ્યું કે તમારે ત્યાં નોકરી આપો તો હું આવું !

આ તો ભાવતું'તું ને વૈદે કીધું એવી વાત થઈ. દિલ્હીવાળા તો ટાંપીને બેઠા હતા કે કોઈ એવો મદદ કરનારો મળે તો વિજાપુર ગોવળકોંડા બધું દક્ષિણ જીતી લઈએ. શાહજહાન બાદશાહે લખ્યું કે તમને પાંચહજારની સેનાના સેનાપતિ બનાવીએ, ને બદલામાં તમને જાગીરો મળે. પણ તે તમે આંહીં આવો તો પત્તો ખાય. છેટેથી વાતું કરો તેમાં કાંઈ વળે નહિ. બાકી તમારા બાપ શાહજીને છોડાવવાનો હુકમ વિજાપુરને અમે લખી મોકલીએ છીએ.

આમ દિલ્હીનું લાકડું પેઠું એટલે વિજાપુર વાળાએ શાહજીને છોડી મૂક્યો. માત્ર તે વિજાપુરમાં જ રહે એટલું ધ્યાન રાખ્યું. શિવાજી મહારાજ પણ સમજી ગયા કે ઉતાવળા થાતાં બધુંય ખોશું એટલે એ ધીરા પડી ગયા. પછી દિલ્હી જાવા કરવાનું પણ માંડી વાળ્યું.

ત્યારપછી તો દિલ્હીમાં અનેક રંગ થઈ ગયા. બાદશાહ શાહજહાન જેવાને પણ કેદ મળી ભાઈ ભાઈ વચ્ચે રાજ માટે થઈને માથાં વઢાયાં. શાહજહાન બાદશાહનો મોટો પુત્ર દારા માર્યો ગયો અને ઔરંગઝેબ બાદશાહ થયો.

શિવાજી મહારાજે તો એક ધોરણ રાખ્યું. મોટું વાવાઝોડું આવે તો જેમ છોડવા નમી જાય છે તેમ નમી જાવું ને વાવાઝોડું ચાલ્યું જાય કે પાછા હતા તેવા ને તેવા! આ તો રાજના મામલા. એમાં કેંક રમ્મત કરવી પડે, વિજાપુરમાંથી શાહજીની નજરકેદ ગઈ ને પછી એ પાછા કર્ણાટકમાં પોતાની જાગીરમાં ગયા કે તરત શિવાજી મહારાજે પોતાનું કામ શરુ કરી દીધું!

વિજાપુરના સુલતાને હવે શિવાજીને વશ કરવાનો નિશ્ચય કર્યો. બાપનું કહ્યું આ બાળતનાં દીકરો માને તેમ નથી, એની એને ખાત્રી થઈ ગઈ. એટલે અફઝલખાન નામે એક મોટા સરદારને લાવલશ્કર સાથે મોકલ્યો.

બાર હજાર ચુંટી કાઢેલા લડવૈયા સાથે એ જુદ્ધ કરવા ચડ્યો. રસ્તામાં જે મંદિર આવ્યાં તે તેણે તોડ્યાં. એટલે તો લોકોને થયું કે આ તો આપણા રાજા જ આપણાં તોડે છે માટે આપણે શિવાજીને જ મદદ કરો. તમામ રૈયત ફરી ગઈ

આ લડાઈમા શિવાજી મહારાજ જીતી જાય તો એનો પગદંડો પછી કાઢવો મુશ્કેલ થઈ પડે. એટલે કોઈપણ હિસાબે શિવાજી મહારાજને મારવાની વાત હતી

એક બીજાની વાત જાણવા છાના બાતમીદારો ગોઠવાઈ ગયા હતા. ખાનના લશ્કરની વાત શિવાજી મહારાજને કોઈ ને કોઈ રીતે પહોંચાડવાનુ કામ એ કરતા. તો ખાનના માણસો પણ શિવાજી મહારાજની વાત એને પહોંચાડતા એ તો પછી જેવી જેની હોશિયારી!

પણ શિવાજી મહારાજને ખબર મળી ગઈ હતી કે ખરી રીતે લડાઈ કર્યા વિના પોતાને જીવતા પકડી લેવાની ખાનને પ્રબળ ઈચ્છા હતી મુલક ડુંગરવાળો ને લડાઈમાં વખતે આડું અવળું વેતરાઈ જાય, માટે કોઇ રીતે શિવાજી મહારાજ, એના ડુંગરીકિલ્લામાંથી જો બહાર આવે તો પછી એને વિજાપુર ઉપાડી જવાય પછીની વાત પછી.

એ વખતે શિવાજી મહારાજ પ્રતાપગઢ નામે એક કિલ્લામાં હતા. ખાનની ઈચ્છાની જાણ થઈ એટલે તો એક બીજાએ દૂતોની

મારફત સંદેશા મોકલીને સમાધાન કરવાની વાત શરૂ કરી.

શિવાજી મહારાજે દીર્ઘદૃષ્ટિ વાપરી વખત છે સમાધાન ન થયું, કાંઇ દગો થયો તો ? એટલે ખાન સાથે મુલાકાત ગોઠવી. પણ પોતાના રક્ષણની બરાબર તૈયારી રાખી પોતે અચાનક દગાનો ભોગ થઈ પડે તો રાજ કેમ ચલાવવું એની સૂચના પણ કરી દીધી

તૈયાર થઈને મહારાજ ખાનને મળવા નીકળ્યા શરીરે બખ્તર પહેર્યું. ઉપર અંગરખું લગાવ્યું માથે લોખંડી તાસળી મૂકી. ઉપર પાઘડી બાંધી. જમણા હાથમાં ભવાની તલવાર રાખી. ડાબા હાથમાં વાઘનખ રાખ્યા વાઘનખ એટલે કાંઇ વાઘના નખ નહીં. પાંચે આંગળી પરોવાઇ જાય ને હાથની મુઠી બંધ કરો તો હાથમાં છુપાઇને પડ્યું રહે એવું હથિયાર ! આ તો ભાઈ લડાઈની વાતો હતી થોડું કાંઈ કોઈ મીટીંગમા જવાનું હતું ?

શિવાજી મહારાજ તૈયારી કરીને નીકળ્યા. માતા જીજાબાઇને પગે પડ્યા સમાધાન થાય તો તો ઠીક પણ વખત છે ને પોતે અસાવધ હોયને ખાન દગાખોર નીકળે તો ? એટલે એક સંકેત પણ આપી રાખ્યો. દગો હશે તો કિલ્લા ઉપરથી તોપ ફૂટશે એ સાંભળીને સૌએ તૈયાર થઈ જવું !

હવે શિવાજી મહારાજ માત્ર એક જ માણસને લઇને ખાનને મળવા ઉપડ્યા ખાન પણ એક જ માણસને લઈને મંડપમા આવ્યો બન્ને જણા ભેટ્યા પણ ખાન તો ઉંચો પડછંદ જબ્બર આદમી શિવાજી મહારાજ તો ઠીંગણા. ખાનને ભેટતાં એમનું માથું માંડ છાતી સુધી પહોંચ્યું. પણ આ શું ? મહારાજને તરત થયું કે આ ભેટવું જ જુદી જાતનું છે ! એમનું માથું ખાન એક હાથે જોરથી દાબી દેતો જણાયો ! એક પળ મોડું થાય પછી તો વાત વણસી જાય. મહારાજ સમજી ગયા. એક પળ ગુમાવવાની ન હતી બોલવાનો કાંઇ અર્થ ન હતો. એમણે તો તરત જ પેલા વાઘનખનો ઉપયોગ કરી કાઢ્યો. ખાનના આંતરડાં જ ખેંચી કાઢ્યાં !

દગો ! દગો ! એમ બૂમ પાડીને ખાને તરત તલવારનો ઘા કર્યો. પણ મહારાજને માથે તો લોખંડી ટોપ હતો. મહારાજે તરતજ ભવાનીનો જનોઇવિઢ ઘા કરીને ખાનને પૂરો કરી નાખ્યો. ખાનનો માણસ મહારાજ ઉપર ધસ્યો પણ તેને મહારાજના માણસે પૂરો કરી નાખ્યો

તરત જ સંકેત પ્રમાણે પ્રતાપગઢ ઉપરથી તોપ ફૂટી ડુંગરાઓમાં છૂપાઇ રહેલું લશ્કર બહાર આવ્યું શિવાજી મહારાજે આ જીત મેળવી અને સ્વરાજનો પાયો નાખ્યો. મહારાજના હાથમા ચાર હજાર ઘોડાં આવ્યાં. હાથીઓ, ઉંટ, તોપખાનું ને જરજવાહીર મળ્યું તે જુદું મહારાજે એક નિયમ રાખ્યો. જે સૈનિકો પકડાય તેમાંથી પોતાને ત્યાં નોકરી કરવા ખુશી હોય તેમને રાખી લેવા. ખુશી ન હોય તેમને જવા દેવા !

માતા જીજાબાઇને આ પ્રસંગથી એટલી ખુશાલી થઇ કે એમણે લોકકવિઓને કહ્યું: આ પ્રસંગના 'પોવાડા' બનાવો. આ પોવાડા આજ પણ કોઇ સાંભળે તો રૂંએ રૂંઆ ખડાં થઇ જાય !

(અપૂર્ણ)

‘ઊર્મિ–નવરચના’ની નવી ચાલુ વાર્તા

માનવીનાં હૈયાં—નર્મદાની કથા

સ્નેહરશ્મિ

પ્રકરણ ૬ઠ્ઠું (ચાલુ)

માતૃત્વ

વર્ષો જોતજોતામાં વહી ગયાં. અને તે સાથે નરહરિનું વ્યક્તિત્વ પણ વિકસતું ગયું. એને હું જોતી ને અનેક વાર મૂંઝવણ અનુભવતી. તે મારો પોતાનો અને છતાં મારો નહિ એવું મને લાગતું. મારા જીવનસત્વથી તેના અંગ ઘડાયાં હતાં—એટલે અંશે તે મારો હતો, પણ તેની દુનિયા, તેના રસ એ બધું સ્વતંત્ર હતું. વસ્તુને જોવાની, તેના રહસ્યને શોધી કાઢવાની અને તે અંગે પોતાના સ્વતંત્ર નિર્ણય બાંધવાની તેણે એવી તો ટેવ કેળવી હતી કે જેથી અનેક વાર હું મૂંઝાતી. દાખલા તરીકે બ્રાહ્મણ બીજી વર્ણના લોકો સાથે બેસીને એક પંગતે શા માટે જમી નહિ શકે એવા તેના પ્રશ્નના જવાબમાં ભક્ષ્યાભક્ષ્યદોષમાંથી ઉગરી જવાય તે માટે એમ હું કહેતી તે તો એને ગળે ઉતરતું પણ જ્યારે એ પૂછતો કે જે લોકો આપણા જેવો જ આહાર લે છે, લસણ ડુંગળીને પણ અડતા નથી, અને જૈનો તો આપણાથી પણ એક ડગલું આગળ વધી કંદમૂળને પણ અડતા નથી તેવા ચુસ્ત વનસ્પત્યાહારી સાથે એક પંગતે બેસીને જમવામાં શો વાંધો?—ત્યારે તેના પ્રશ્નનો સંતોષકારક જવાબ આપી શકતી નહિ. એવી રૂઢિ છે એમ કહીને તેનો માર બચાવ કરવો પડતો. તેનાથી તેને સંતોષ થતો નહિ. જે રૂઢિનો આપણને અર્થ સમજાય નહિ અને જે આપણા વિકાસની આડે આવે, જે અનેક રીતે અગવડકર્તા હોય તેવી રૂઢિ ચાલુ રાખવાનો શો અર્થ? આવું જ્યારે એ પૂછતો ત્યારે હું અકળાતી. હું બહુ રૂઢિચુસ્ત છું એવું તો નથી, પણ હું લોકાચારમાં માનનારી છુ બુદ્ધિથી આપણે ગળે ન ઊતરે એવો કોઈ રીવાજ હોય તો તે સામાન્ય રીતે પાળવો જોઈએ એવું માનવા હું નાનપણથી ટેવાઈ હતી, એટલે નરહરિના પ્રશ્નો મને અકળાવતા. એ જો બીજાઓ આગળ એ રીતે દલીલ કરતો હોય તો નાસ્તિકમાં કે વહી ગયેલામાં ગવાઈ જશે એવો મને ડર રહેતો અને એવા સંજોગોનો વિચાર થતા હું અસ્વસ્થ બનતી.

આથી જ્યારે વધુ અભ્યાસ કરવા માટે એને બહારગામ મોકલવાના સંજોગો ઊભા થયા ત્યારે અમારા ઘરમાં ઠીક ઠીક ઉચાટ મચી ગયો. એનાં દાદીમા એને પરણાવીને બહારગામ મોકલવાના મતના હતા, પણ એની આગળ પરણવાનું નામ સુદ્ધાં લઈ શકાય એમ ન હતું. એ વાત આવતાં તરત જ તે અકળાઈ ઊઠતો. આથી નિરુપાયે અમારે એને માટેના બે ત્રણ સારાં માગાં નકારવાં પડ્યાં હતાં. તે ના પાડતો તે પાછળ એની ધૂન જ હતી એવું અમને લાગતું ને એની એ ધૂન કેમ ઓછી કરાવવી એ અમને સૂઝતું નહિ.

આથી જ્યારે એનો બહારગામ જવાનો દિવસ નજીક આવ્યો ત્યારે મને મારા જીવનનું એક અગત્યનું અંગ જાણે મારાથી છૂટું પડી જતું હોય એવી વેદના થઈ. માતૃવૃક્ષથી ખરી પડેલું ફળ જેમ ફરીથી તેને નથી લાગતું તેમ મારો નરહરિ ફરીથી હું નહિ પામું—સ્થૂળ દેહે તે પાછો આવશે પણ જે સૂક્ષ્મ અને સભર જીવનને મેં મારા જીવનમાં વણી લીધું હતું તે તો હવે હું નહિ જ પામી શકું એવી મારી દૃઢ પ્રતીતિ થઈ. એવી માનસિક સ્થિતિમાં મે નરહરિને વધુ અભ્યાસ માટે અમારું વતન છોડી બહારગામ જવા વિદાય આપી.

પનીની કથા

પ્રકરણ પહેલું : પિતા

મુંબઈની ચોપાટી પર બે આધેડ વયના મિત્રો ટહેલી રહ્યા હતા. માનવસ્વભાવ ઉપર બન્ને વચ્ચે જાણે દલીલોનો ગજગ્રાહ ચાલી રહ્યો હતો. એકનું કહેવું એમ હતું કે માણસ સ્વભાવે તો ભલો અને ઉદાર છે, પણ સંજોગવશાત્ તે કૃપણ બને છે. બીજાનો એથી ઉલટો જ અભિપ્રાય હતો. માણસ સ્વભાવથી જ સ્વાર્થી છે, અભ્યાસથી તે ઉદાર બને

છે એવી તેની દૃઢ માન્યતા હતી કોણ સાચો અને કોણ ખોટો એનું પારખું કઈ રીતે થઈ શકે! ત્યાં રેતીમાં કેટલાક છોકરાં રમતાં હતાં. એક જણાનું તેમના તરફ ધ્યાન જતાં તે બોલ્યો

'જુઓ, પેલાં બે બાળકો ચવાણું કે એવું કાંઇ ખાય છે. આપણે એની પાસેથી થોડુંક માગીએ તો મને ખાત્રી છે કે તે નહિ જ આપે. માણસ સ્વભાવથી જ સ્વાર્થી છે એનો એથી વિશેષ પુરાવો બીજો કયો હોઈ શકે?'

'પણ હું માનતો જ નથી કે નહિ આપે તમે માગી જુઓ, મને આશા છે કે એ બાળકો ના નહિ પાડે' બીજાએ કહ્યું

આ સાંભળતાં પહેલો સજ્જન હસવા મંડ્યો. તે બોલ્યો, 'આ બાબત પર હું જુગાર ખેલવા તૈયાર છું, કારણ કે, મારી ખાત્રી છે કે, હું જીતવાનો છું'

'એ ખાત્રી વધુ પડતી છે.' બીજાએ જવાબ આપ્યો. 'આમ છતાં અખતરો કરી જોવા જેવો છે. એ છોકરાઓ ખાવાનું આપે તો શું?'

'એ આપે જ નહિ, અને આપે તો મારે ખરચે એ છોકરાઓને જેટલું ભણવું હોય તેટલું ભણાવું, એમને વિલાયત જવું હોય તો વિલાયત પણ મોકલું.' પહેલાએ જવાબ આપ્યો

'સારુ. આજે આ છોકરાઓ ઘરથી શુકન કરીને નિકળ્યા હશે ચાલો પૂછી જુઓ ત્યારે એમને.'

એમ વાતો કરતા બન્ને જણ તે છોકરાઓ પાસે ગયા. એમાંના એક છોકરાને પેલા બીજા સજ્જને પૂછ્યું

'એ શું ખાય છે, ભાઈ?'

ચેનો છોકરો જરાક ગભરાયો, પડીકાવાળો હાથ એણે જરા સંકોચ્યો. એ જોતાં પહેલા ગૃહસ્થે જરા વિજયના મલકાટ સાથે સ્મિત કર્યું અને હાથ લબાવી કહ્યું.

'તારુ નામ શું બેટા! મને તારા પડીકામાંથી થોડું ખાવાનું આપીશ?'

છોકરાનો હાથ લબાયો. એ જોતાં પેલા સજ્જન તો જાણે અવાક્ જ થઈ ગયા, પણ તરત જ તેમણે હસતાં હસતાં પડીકું લઈ લીધું, અને પછી પાસેના બીજા છોકરાને પૂછ્યું,

'તું મને તારૂં પડીકું આપશે?'

બીજા છોકરાએ પણ આપી દીધું. પડીકું લેતાં પહેલા ગૃહસ્થે માથું ધુણાવ્યું.

'બને જ નહિ! બને જ નહિ! છોકરાં માત્ર સ્વાર્થી. સગ્રહની એમની વૃત્તિ તો એ જન્મથી સાથે જ લઈને આવે આ બે છોકરા અપવાદરૂપ કેમ હોઈ શકે!'

'તે જે હો તે.' બીજાએ કહ્યું, 'પણ આપણી શરતનું શું?'

'તેમા કંઇ ફેર નથી પડ્યો. આજથી આ છોકરાઓ મારા, એ પણ અખતરો અજમાવી જોવા જેવો છે કે, આજે જે ઉદારતા એમણે બતાવી છે તે સ્વાભાવિક છે, કે લોભ કે ડર આદિ અન્ય કોઈ કારણને આભારી છે.'

'ભલે ત્યારે એ અખતરો પણ કરી લઈએ.'

પડીકાં તેમણે છોકરાઓને પાછાં આપી દીધાં, ને આજુબાજુમાં જ તેમના કોઈ વાલી હોવા જોઈએ એ ગણતરીએ તેની રાહ જોતા પાસેના એક બાંકડા પર તે બેઉ બેઠા. થોડી વારમાં બે બાબાગાડી ફેરવતા બે જણ ત્યાં આવી પહોંચ્યા પેલાં બાળકો દોડીને તરત તેમને વળગી ગયાં ત્યારે પેલા સજ્જનોને ખ્યાલ આવ્યો કે એ બન્ને બાળકો કોઈ ગોરા લોકોના બે બટલરોનાં હતાં. એ જમાનામાં હરિજનો ગોરાઓના બટલર તરીકે કામ કરતા પેલા બેઉ સજ્જનો બ્રાહ્મણ હતા. ક્યાં બ્રાહ્મણ ને ક્યાં અછૂત! એક ભારે સમસ્યા ખડી થઈ ગઈ, પણ પેલા પહેલા સજ્જને એ જોતાં કહ્યું,

'મારું વચન ફોક નહિ થાય ભલે એ અછૂત બાળકો હોય, આજથી એ મારાં છે'

ને પછી પેલા બે છોકરાઓના બાપ સાથે એ

બેઉ જણે વાત કરી. પેલા બે તો એ સાંભળતાં આભા જ થઈ ગયા. તેમાંનો એક બોલ્યો.

'સાહેબ, અમારા કોના છોકરાને કોણ ભણાવે! અમારા નસીબમાં બહુ બહુ તો આ બટલરનો ધંધો. આ છોકરા ખાલપા કે ચમાર નહિ થાય એ અમારે મારે ઘણું બધું, ભણતર તે કંઇ અમને ફાવે!'

'ના. ના.' પેલા પહેલા સજ્જને કહ્યું. 'એવું કંઇ જ નથી. વાણીઆ બ્રાહ્મણના છોકરાઓમાં જે નથી તે આ તમારા છોકરાઓમાં છે. તમને વાંધો ન હોય તો એમને ભણાવવાનો હું બંદોબસ્ત કરું.'

અને એ ઘટનાથી એ બેઉ હરિજન બાળકોનું નસીબ ઊઘડી ગયું.

એક આર્યસમાજી પંડિતે એ છોકરાઓને ભણાવવાની જવાબદારી ઉપાડી લીધી. પશ્ચિમની કેળવણી એમને આપવાથી તેમને ભારે હાનિ થશે એવો એ પંડિતનો અભિપ્રાય હતો. એ કેળવણીને તે આસુરી લેખતા. એમાં સંસ્કાર અવળા જ પડે, એની અસર હેઠળ આવેલા મોટે ભાગે સ્વાર્થી અને પરોપજીવી જ બને, પારકાના શોષણ વિના તેમને બીજું કંઇ સૂઝે જ નહિ, આવા એ કેળવણી અંગે તેમના વિચાર દૃઢ થઇ ગયા હતા. એટલે એ છોકરાઓને હિન્દી સંસ્કાર પડે, પોતાની કોમને ઊંચે લાવવા તે પ્રેરાય, અને તે સાથે સ્વમાનપૂર્વક તે પોતાની આજીવિકા મેળવી શકે એવી કેળવણી તેમને આપવી જોઇએ એવા ચોક્કસ ખ્યાલ સાથે એ પંડિતજીએ એ બન્ને બાળકોના ભણતરની યોજના કરી, તેમને તેમણે પોતાની સાથે રાખ્યા, અને અક્ષરજ્ઞાન ઉપરાંત ઉદ્યોગની પણ સારી એવી તાલીમ તેમણે તે બન્નેને આપી.

મોટા થતાં આ બેમાંથી એક છોકરાએ પોતાના ગામમાં રહેવાનું જ પસંદ કર્યું. બીજો છોકરો મુંબઇ ગયો. ગામમાં રહેનાર પોતાને જે સંસ્કારનો લાભ મળ્યો હતો તે પોતાની કોમને મળે, વધુ નહિ તો પોતાના ગામમાં તો પોતાની કોમને તે વધુ સ્વમાન ભર્યું જીવન ગાળતી બનાવી શકે એ મહત્ત્વાકાંક્ષા તેણે રાખી હતી. દ્રવ્ય વિના આ દુનિયામાં માણસનું ગાડું નથી નભતું એવી માન્યતાથી પ્રેરાઇ મુંબઇ જનારે પૈસા કમાવાની મહત્ત્વાકાંક્ષા સેવી હતી. બન્ને જણાએ પોતપોતાના ક્ષેત્ર અનુસાર ધંધો પસંદ કર્યો હતો. ગામડામાં રહેનારે વણકરનું કામ અને શહેરમાં રહેનારે જોડાની એક દુકાન કાઢી હતી. બન્નેએ સારા પૈસા મેળવ્યા ને પ્રતિષ્ઠા પણ સારી જમાવી.

જેણે ગામડામાં રહેવાનું પસંદ કર્યું તે કરસન નાથાની હું દીકરી. એક સમર્થ પંડિતને ચરણે બેસી બાળપણથી ઉદાત્ત સંસ્કાર પામવા છતાં મારા પિતા અસ્પૃશ્ય મટી શક્યા ન હતા. સમાજ કોઇ અદ્ભુત વસ્તુ છે. હૃદય સિવાય જીવન્ત પ્રાણીની બીજી બધી શક્તિઓ કદાચ તેની પાસે હશે. વ્યક્તિઓ પ્રત્યેનું તેનું વલણ કેવળ સ્વાર્થથી જ નક્કી થતું હોય એવું જો કોઇને લાગે તો નવાઇ નહિ. કારણ કે, ખપ પડે ત્યાં મારા બાપાનો પૂરતો ઉપયોગ સમાજ કરી લેતો, પણ તેમના અછૂતપણાને તે એક ઘડીભર પણ ભૂલવા માગતો ન હતો. અને એથી મારા પિતા પોતા કરતાં ઓછા સદ્ભાગી પોતાના જાતભાઇઓની સેવા પાછળ વધુ ને વધુ મંડેલા રહેતા. અમારા ગામના હરિજનવાસની શિકલ તેમણે બદલી નાખી હતી. શહેરની મીલોમાં જઇ જથાબંધ સૂતર લાવી તે અમારા ગામમાં વણાવતા. હરિજનવાસમાં લગભગ ઘેરઘેર શાળ આવી ગઇ હતી. એકલે હાથે મારા બાપા પ્રૌઢશિક્ષણનું કામ પણ કરતા. સફાઇમાં તો અમારા ગામમાં સૌથી સારામાં સારો મહોલ્લો અમારો જ. આખો મહોલ્લો એવો સુઘડ લાગતો કે એને અસ્પૃશ્ય લેખનાર લોકોની પામરતાને માટે આપણને ઘૃણા થાય. પણ એવી નાપસંદગીની સમાજ પર ઓછી જ અસર થાય છે. બુદ્ધ, સોક્રેટીસ કે ક્રાઇસ્ટ જેવાની નાપસંદગી જેને કોઠે પડી ગઇ છે તે સમાજને નાનાઓની તો પડી જ શું હોય!

×

મારા પિતા સાથેના બીજા છોકરા નારણ બાલાએ મુંબઇમાં પોતાનો ધંધો સારો ખીલવ્યો. તેની ઇચ્છા

હરિજન છોકરા છોકરી માટે મુંબઈમાં છાત્રાલય ખોલવાની હતી પણ તેમાંય તેને અસંખ્ય મુશ્કેલી દેખાઈ, અને તેથી હરિજનોને બીજી કોઈ રીતે મદદ થઈ શકે એવી નાની નાની યોજનાઓ તે કર્યા કરતા. આમ એ બન્ને બાલસાથીઓએ એક અકસ્માતમાંથી જીવન ઘડવાની તેમને જે એક મોટી તક મળી હતી તેનો પોતપોતાની રીતે લાભ લીધો, અને તેની અસર તેમનાં બાળકો પર પણ પડી.

તમને થતું હશે કે આ અછૂત છોકરી આ બધો શો લવારો કરવા મંડી છે! સાચી વાત છે ભાઈ. અનુભવથી હું જાણું છું કે અછૂત તરીકે જન્મવામાં મેં શું શું નથી ગુમાવ્યું! અછૂત મનુષ્ય છે, તેને પણ લાગણી હોઈ શકે છે, તેને પણ અન્ય મનુષ્યની જેમ સુખ દુઃખ, હરખ શોક, સારાસાર વિવેક વગેરે સ્પર્શી શકે છે એવો ભાગ્યે જ કહેવાતા સવર્ણોને ખ્યાલ હોય છે. પણ કોઈ હરિજન માટે કંઈક સારું જો ક્યાંક જોવા કે સાંભળવાનું તેમને મળે તો 'એ હોવું!–' આવો તુચ્છકારસૂચક બોલ તરત જ તેમના મુખમાંથી સરી પડે છે.

એટલે મારે મારા જીવન સબંધી કંઈક કહેવાનું છે, હું પણ કોઈ અન્ય સ્ત્રી જેવી સ્ત્રી છું, મને પણ મારી કોઈ સ્વપ્નસૃષ્ટિ છે, મારી પણ કોઈ તીવ્ર વેદનાઓ છે, મારા જીવનની પણ નાની મોટી અનેક ગૂંચો છે એવો અન્યને ખ્યાલ ન હોય એ સ્વાભાવિક છે. એથી જ કોઈ હરિજન છોકરીનું આ *લગભગ છે એ ખ્યાલ અનેકને કદાચ આશ્ચર્ય પમાડશે* એ હું સમજી શકું છું. મારું ચાલત તો મારા દીલની વાત એ દીલમાં જ સમાવી દેત. પણ સાગર પણ કોઈ વખત માઝા મૂકી દે છે તો બિચારા આ નાનકડા હૈયાનું શું ગજું! એટલે હૃદયના એ ભારને હળવો કરવા હું મારી કથા આલેખી રહી છું અને એમાં ઊંડે ઊંડે મને એ આશા છે કે આ વિશાળ દુનિયામાં મને કોઈ ને કોઈ સહૃદયી સમાનધર્મા મળી આવશે જ.

પ્રકરણ બીજું

બાલ્ય

મારું નામ પન્ના. પણ ઘરમાં સૌ મને પની કહેતાં. મને પણ પન્ના કરતાં પની નામ જ વધુ ગમે છે. પન્ના નામ એક હરિજન બાળાનું હોય એ સાંભળનારને વધારે લેવા જેવું લાગે એ સમજાય તેમ છે, જ્યારે પની માટે તો કોઈથી પણ વાંધો લઈ શકાય એમ નથી. હા, હું આમ લખી શકું છું, બોલી શકું છું, સંસ્કારી ભાષા વાપરી શકું છું એ પણ અનેકને ખૂંચવા સંભવ છે. વિશેષ નહિ તો એવાઓને એ અસ્વાભાવિક તો લાગવાનું જ. મારું ચાલત તો એ આઘાત પણ હું તેમને ન આપત, પણ હું કહી ગઈ તેમ મારી વાત મારા હૈયામાં હું નથી સમાવી શકતી. એ બોજ જો હું કોઈક સહૃદયી આત્મા સમક્ષ ન ઠાલવી શકું તો એના ભારે હેઠળ મારું બિચારું હૈયું કચરાઈ જશે–આમેય તે કચરાઈ તો ગયેલું જ છે, પણ એના જે કંઈ રહ્યા સહ્યા ધબકાર હશે તે પણ બધા શાન્ત થઈ જશે એથી જ સૌ કોઈની માફી માગી, કેટલાકને અનધિકાર ચેષ્ટા જેવું લાગે તેવા સાહસમાં હું પડી છું. હરિજન તરીકે નથી હું દયા યાચતી, નથી કોઈ ખાસ અધિકાર માગતી–મારી તો એક જ ઝંખના છે અને તે એ કે હું સ્ત્રી છું, મારી છાતીમાં એક સ્ત્રીનું હૃદય ધબકે છે, અને અન્ય કોઈ પણ સ્ત્રીની જેમ એ હૈયાને એની અગાધતા ને મર્યાદા છે એટલું જો સ્વીકારાય તો મારી આ કથાલેખનના સદ્ભાવ પરત્વે કોઈ અત્યાચાર રૂપ નથી, એવો મારા મનમાં વિશ્વાસ રહેશે–અને એવા જ વિશ્વાસ સાથે હું આ લખી રહી છું.

મારા પિતાના જીવનની એક અગત્યની ઘટનાનો ઉલ્લેખ તો હું કરી ગઈ છું, પણ એટલા પરથી તેમના વ્યક્તિત્વનો ખ્યાલ નહિ આવી શકે પેલા બે સજ્જનો વચ્ચે જે મતભેદ ઊભો થયો હતો તે સકારણ હતો, ને જે સજ્જનની હાર થઈ તે એક અકસ્માત જ હતો એમ હું માનું છું.

દુનિયાનો મારો જે કંઈ અનુભવ છે તે પરથી તો મને એમજ લાગે છે કે માણસમાં સત્વ, રજસ, અને તમસમાં તમોગુણનું જ બાહુલ્ય છે–પછી તે નાનું બાળક કેમ ન હો, ને કવિ નાનાલાલ જેવા તેને પ્રભુના પયગંબર તરીકે ભલે બિરદાવતા હો. આપણા પ્રાચીનોએ પણ જન્મથી તો સૌ કોઈ શુદ્ર હોય છે પણ સંસ્કારથી દ્વિજ લેખાય એમ કહી આજ વાતનું સમર્થન નથી કર્યું? એટલે હું તો દઢપણે માનું છું કે માણસ જન્મે છે તો સ્વાર્થી પણ સંસ્કારે તે ઉદારતા કેળવે છે. આ નિયમમાં મારા પિતા અપવાદરૂપ હતા. જે સહજ રીતે એમના બાલ્યમાં ચવાણાનું પડીકું એક અજાણ્યા સજ્જનને આપી દીધું હતું તેજ સરળતાથી આખી જીંદગી એ વર્ત્યા હતા, અને જીવનની જે અનેક મોટી તકો એમને લલચાવી રહી હતી તેના પ્રલોભનથી ડગ્યા વિના એથી જ તે પોતાના દીનહીન ઉપેક્ષિત અન્યાયપીડિત સમાજમાં જ રહ્યા ને તે સમાજનો બોજ કંઈક હળવો થઇ શકે તે માટે આખી જીંદગી મથતા રહ્યા.

એવા પિતાની પુત્રી તરીકે જન્મવું એ કંઈ નાનું સૂનું સદ્‌ભાગ્ય ન હતું. તેમાં વળી હું તેમનું એક માત્ર સંતાન. એટલે મને જે લાડકોડનો લહાવો મળ્યો તે પણ મારું સવિશેષ સદ્‌ભાગ્ય હતું. અમારા હરિજનવાસમાં હું સહુ કોઇની લાડિલી હતી. અનેક પ્રેમાળ મુખોની સ્મૃતિઓથી મારું જીવન ભર્યું ભર્યું છે. આજે જ્યારે જીવનને એની અનેકવિધ વિશાળતા ને જટિલતામાં જોઇ પરવારી બેઠી છું ત્યારે મને બાલ્યના એ સરળ ભોળા દિવસો જીવનની પરમ ધન્યતા જેવા લાગે છે. તે ભલી છત્રી કાકીની અમૃત નીતરતી આંખો ને જીવનના અનેક આઘાતોને ધન્ય બનાવતી, શ્રદ્ધાની પ્રતીક જેવી દલા દાદાની વૃદ્ધ મુખ પરની તે ઊંડી કરચલીઓ, લાડુ ભાભીની તે મીઠી મશ્કરીઓ ને જડીનું સ્નિગ્ધ સખ્ય એ બધું હું કઈ રીતે આલેખું? પ્રેમના અખૂટ વાતાવરણમા મારું બાલ્ય પાંગર્યું. એ સાથે ભળી મારા પિતાની સંસ્કારિતા. અમારા જીવનને વધુ સ્વમાનભર્યું, વધુ વ્યવસ્થિત અને વધુ ઉદાત્ત બનાવવા તેમણે જે જે પ્રયત્નો કર્યા હતા તે બધાનું ફળ જન્મથી જ હું ભોગવતી આવી હતી. એટલે જ્યાં સુધી અમારા સહૃદયી સમાજમાંથી હું બહાર નહોતી ગઇ ત્યાં સુધી તો મને ખ્યાલ સરખો પણ નહોતો કે પોતાના સમાજમાં જે સૌની આંખની કીકી જેવી હતી તે જગતની નજરમાં તો એક અતિ ક્ષુદ્ર અસ્પૃશ્ય જંતુ હતું–જેને હોઇ શકે ન કોઇ વ્યક્તિત્વ, ન કોઇ ઊર્મિતંત્ર, ન કોઇ સંવેદન કે ન કોઇ સન્માનનો અધિકાર. મારા જીવનમા રહેલા આવા આત્યંતિક દ્વંદ્વનો ખ્યાલ પહેલવહેલો મને મારા કન્યાગૃહમાં થયો અને ત્યાંથી જ હું મારી કથાની શરૂઆત કરું.

પ્રકરણ ત્રીજું

કન્યાગૃહ—મોટાભાઇ

કન્યાકેળવણી તે વખતે આજના જેવી વ્યાપક ન હતી. સવર્ણ કન્યાઓ પણ બહુ ઓછી વિદ્યાભ્યાસનો લાભ લઇ શકતી તો હરિજન કન્યાઓની તો વાત જ શી? પણ મારા પિતાએ મારે માટે મોટી મોટી મહત્વાકાંક્ષાઓ સેવી હતી. એક દિવસ મારા ઘરમા ભારે ધમાલ મચી રહી. મારે કોઈ જગ્યાએ જવાનું હતું તે માટે મા આગલા દિવસથી તૈયારીની ભાંજગડમાં પડી હતી. આડોશીપાડોશી પણ બધાં વારંવાર ઘરમાં આવજા કરી રહ્યાં હતાં, અને મને ન સમજાય એવા પ્રશ્નો બધાં પૂછવા મંડ્યા "પની, વહેલી વહેલી ભણીગણીને પાછી આવજે." 'અમને ભૂલતી નહિ હો.' એવાં એવા ઘણા વાક્યો મારે કાને અથડાવા મંડ્યાં મને એમાં કંઇ સમજ પડી નહિ

આ બધી ધમાલ આજ હું કન્યાગૃહમાં દાખલ થવા જનાર હતી તે ઘટનાને લઇને હતી. [illegible] ગામથી ઘણા દૂરના કોઈ એક કન્યાગૃહમાં [illegible] મળ્યું હતું. મારા પિતાના [illegible] મને પોતાથી વિખૂટી પાડતાં [illegible]

હતું પણ મારા પિતાના ડહાપણમાં તેને હંમેશ શ્રદ્ધા રહેતી અને તેથી તે જે કંઇ કરતા હશે તે બરાબર જ હશે એવા વિશ્વાસ સાથે તેણે પણ મારા નવા પ્રસ્થાનને સમ્મતિ આપી.

એ દિવસે અમે ગામ છોડયું તે વખતનાં અનેક ચિત્રો આજ પણ મારી દૃષ્ટિ સમક્ષ તરવરે છે. ત્યારે મને તેનો કશો અર્થ સમજાયો ન હતો. મારે મન તે બધું નાટક જેવું હતું. પણ આજે મને એ યાદ આવતાં હૈયું ભરાઇ આવે છે. માણસોથી આખું ઘર આખું ભરાઈ ગયું હતું 'કરસનકાકા, પનીને ત્યાં નહિ ગમે તો પાછી લાવજો હં.' 'કરસન, તું બે દહાડા ત્યાં સાથે રહીને બધા સાથે એને હેળવીને પાછો આવજે. ઉતાવળ કરતો નહિ.' 'પની, અમને ભૂલી ન જતી હો. બહેન' 'દીકરી, ખુબ ભણીને પાછી આવજે.' આવાં આવા અનેક વાક્યો ચારે બાજુએથી મારા કાન પર અથડાઇ રહ્યાં. કોઇએ મને ગળ્યું મોઢું કરાવ્યું, કોઇએ દહીંના શુકન કરાવ્યા, કોઇએ મારા હાથમાં આની તો કોઇએ ચાર એમ પૈસા મૂકયા, મને એ બધી ધમાલમાં ખુબ મઝા જ પડી. એટલું તો હું સમજી શકી કે, એ બધું મારે માટે હતું.

આવા અખૂટ પ્રેમના વાતાવરણમાં કન્યાગૃહમાં દાખલ થવા મારા પિતાની આંગળીએ વળગી હું વિદાય થઇ.

કન્યાગૃહના ઝાંપામાં જ 'આવી પહોંચ્યા કરસનભાઇ!' એવો ઉમળકાભર્યો સત્કાર મારે કાને પડ્યો. જોઉં છું તો કોઇ એક હસમુખી વ્યક્તિ અમને સત્કારી રહી હતી. એ હતા એ સંસ્થાના આચાર્ય. મને તેમની આંખ ગમી ગઇ. જાણે તે જોયા જ કરીએ એવું તેમાં કંઇક હતું. મને જોતાં જાણે તે આખો અખૂટ વાત્સલ્યથી હસી રહી હોય એમ મને લાગ્યું. બહુ સાદા અને સ્વચ્છ કપડાં તેમણે પહેર્યાં હતાં. વાત કરતાં કરતાં દૃષ્ટિ જરાક સાંભળનાર તરફ ફેરવી એ તરત જ નીચી કરી લેતા. એ જોતાં આપણને એમ જ લાગે કે જે કંઇ તે બોલતા હતા તેનો એકેએક શબ્દ જાણે તપાસી તપાસીને, તોળી તોળીને તે વાપરતા હતા. બોલવાનું પૂરું કરી તે જવાબ માટે થંભતા ત્યારે તેમનો નીચલો હોઠ અતિ બેમાલુમ રીતે ઉપલા હોઠ પર બિડાઈ જતો અને દૃષ્ટિ વધુ અન્તર્મુખ બનતી. તેમનું જડબું પહોળું હતું, પણ નાક એવું સુરેખ અને સપ્રમાણ રીતે ગોઠવાયું હતું કે આપણને એ જડબું તેમના સ્વભાવની ઉદારતાના પ્રતીક જેવું લાગે અમારો સત્કાર કરતાં મને સંબોધી તે બોલ્યા.

'આવી પહોંચી પના! કેવી મીઠી છે!' એમ બોલી મારા માથા પર તે હાથ મૂકવા ગયા કે તરત મારા પિતાને હું વળગી પડી, ને જોરથી તેમનો હાથ પકડયો. તેમની સોડમાં છુપાઇ જવા હું પ્રયત્ન કરવા માંડી, એ જોતાં બાપુજી બોલ્યા.

'જો તો પની, આ તો તારા નરેન્દ્ર ગુરુજી.'

હસતા હસતા નરેન્દ્ર ગુરુજી બોલ્યા,

'ના પની, તને એવું લાંબું નામ યાદ નહિ રહે, હું તો તારો મોટો ભાઈ છું. તારે મને મોટા-ભાઈ કહેવું'

હું નવાઈ પામી. આ વળી મારો મોટાભાઇ ક્યાંથી? અને મારે ભાઈજ કયા હતા! પણ હું કંઇ બોલી નહિ એટલે તે મારી વધુ નજીક આવ્યા. હું ભયની મારી વધુ સંકોચાઇ નીચે જોઇ રહી. તેમણે બહુ નાજૂકતાથી મારા વાંસા પર હાથ ફેરવ્યો મારા મુખને ઊંચું કરતાં તે બોલ્યા.

'જો તો પના, મારો તને ડર લાગે છે! શાથી?' કોણ જાણે શાથી પણ એ પ્રશ્ન તરત જ મારા મનમાં રમી રહ્યો. નાનપણથી જ હું ખૂબ માની હતી. ક્યાંય કોઇથી ડર્યાનું મને યાદ નથી એટલે તરત જ મારાથી બોલાઇ ગયું

'હું તો કઇએ ડરી નથી' અને જાણે મારા જ શબ્દોને ખોટી પાડતી હોઉં તેમ મારા પિતાને વધુ જોરથી વળગી પડી.

નરેન્દ્ર ગુરુજી હસતા હસતા બોલ્યા, 'સાચી

વાત છે, પની, અહીં તારે ડરવાનું કંઇ કારણ નથી.' અને એમ કહી તેમણે મને પોતાની હૂંફમાં ખેંચી લીધી. હું કેવી રીતે ખેંચાઇ ગઇ તે મને યાદ નથી, પણ થોડી જ વારમાં હું તેમની સાથે હળી ગઇ. ખરેખર તે જાણે કે જાદુગર જેવા હતા. ગમે તેવું હઠીલું બાળક કેમ ન હોય પણ તેમની આગળ બધી હઠ તે ભૂલી જતું. જે અનેક વર્ષો મેં ગૃહમાં ગાળ્યાં હતાં તે દરમ્યાન મેં જોયું હતું કે, બાળકો જ્યારે પહેલવહેલાં ગૃહમાં દાખલ થવા આવતાં ત્યારે એવાં તો મોઢું ચઢાવીને બેસતાં કે આપણને એમ જ લાગે કે આને તે કેમ સમજાવી શકાશે! કપાળમાંથી જાણે ધુમાડો કાઢી રહ્યાં હોય એવાં ધુંધવાતાં તે ઘણીવાર બેસતાં, પણ થોડા જ વખતમાં મોટાભાઇ તેમને હસતાં કરી દેતા, અને હું પણ જ્યારે મારા બાપુજી પાછા ગયા ત્યારે મોટાભાઇની ગોદમાં હસતી કલ્લોલ કરતી બેઠી હતી.

પ્રકરણ ચોથું

મોટી બહેન

મોટાભાઇની છાયામાં મારું બાલ્ય વિકસ્યું એ જેમ મારું એક પરમ સદ્ભાગ્ય હતું તેવું જ મોટું સદ્ભાગ્ય મોટી બહેનની મધુર હૂંફ મને સાથે સાથે મળી એ પણ હતું. મોટીબહેન એટલે નરેન્દ્ર ગુરુજીના પત્ની સુશીલાબહેન. મોટીબહેન અને મોટાભાઇ યાદ આવતાં નાનાલાલના 'પિતૃતર્પણ'ની અનેક પંક્તિઓ મારા મનમાં ગુંજી રહે છે. જાણે મોટાભાઇને જ વર્ણવ્યા ન હોય તેવું 'છાયા તો વડલા જેવી ભાવ તો નદના સમા' પંક્તિથી મને લાગતું, તેમ મોટીબહેનને જોતાં 'મોટે ચાંલ્લે સુહાગિની' અને 'નથી માતા વિના કુલ' પદો મને યાદ આવતાં. સાચે જ મોટાભાઇ અને મોટીબહેન અક્ષરશઃ અમારા કુલપિતા અને કુલમાતા હતાં. મોટીબહેન સહેજ શ્રીને વાન હતાં, પણ તેમનું નમણું હસમુખું મોં એવું તો મીઠું હતું કે જાણે આપણે તેને જોતાં ધરાઇએ જ નહિ તે હંમેશ હસમુખા જ દેખાતાં, હંમેશ કંઇને કંઇ કામમાં ગુંથાએલાં જ માલમ પડતાં, તેમનો સ્વચ્છતાનો આગ્રહ, વસ્તુઓને વ્યવસ્થિત રાખવાની તેમની ટેવ, બોલવા ચાલવામાં ને હરવા ફરવામાં સંયમ અને સુરુચિયુક્ત સ્વાભાવિકતા એવાં તો ચેપી હતાં કે જાણે અજાણ્યે અમે સૌ તેમનું અનુકરણ કરતા. એમના ઘરમાં અમે સૌ છૂટથી જઇ શકતાં. ઘર સાદાઇ અને સુઘડતાના આદર્શ જેવું હતું ઘરનું બધું કામ મોટીબહેન જાતે કરતાં, ઘરમાં પગ મૂકતાં જ જાણે આપણને એમ થઇ જાય કે અહીં આપણાથી ન ઊંચેથી બોલી શકાય, ન કોઈ વસ્તુ આઘીપાછી કરી શકાય. બધું એવું વ્યવસ્થિત લાગતું કે કોઇ વસ્તુને આપણે હાથ અડાડીએ તો તેને તે જે સ્થિતિમાં હતી તે જ સ્થિતિમાં પાછી મૂકવાનું આપણને સૂઝે જ. ઓછી જગામાં વધારેમાં વધારે સગવડ કેમ ઊભી કરી શકાય, અને ઓછામાં ઓછાં સાધને જીવન કેમ ભર્યું ભર્યું બનાવી શકાય એ કળા મોટીબહેનને સહજ હતી. તેમની અમારા સૌના પર એવી તો વ્યાપક અસર રહેતી કે જાણ્યે અજાણ્યે તેમની રીતે રહેવા પ્રયત્ન કરતાં. પણ અમે બહુ નાના હતાં, અને જીવનનાં અનેક પ્રલોભનો મોટાભાઇ અને મોટીબહેનના ઉદાત્ત ચારિત્ર્યે આંકેલી મર્યાદાને અવગણી ચોરીછૂપીથી અમારા બાલસમૂહમાં પ્રવેશ્યા કરતાં.

આ બાબતમાં મારી સ્થિતિ સૌથી વિષમ હતી. ગૃહમાં આવતાં થોડા જ વખતમાં હું હરિજન છું એ વાત બધી કન્યાઓમાં ફેલાઇ ગઇ એથી મને જોતાં જ 'એહ—એ તો ઢેડી છે' એવો ભાવ જાણે તિરસ્કારપૂર્વક સૌના મુખ પર તરી રહેલો હોય એવું મને લાગવા માંડ્યું. તેમની વચ્ચે હું જઇ પડી એ જાણે મારો ગંભીર ગુનો હોય એવું તેમનું મારા તરફનું વલણ રહેતું. તેમની સાથે તે મને રહેવા દેતાં હતાં એ જાણે તેમનો મારા પરનો મોટો ઉપકાર હોય એ રીતે તે વર્તતાં. મારે માટે એ બધું અત્યંત આઘાતજનક હતું. હરિજનોને વેઠવા પડતાં દુઃખો કે અન્યાયનો મને કશો જ ખ્યાલ ન હતો. કોઇ એવા સવર્ણોના પરિચયમાં હું નહોતી આવી જે અમારો પડછાયો ઝીલતાં પણ અભડાતા હોય. મારો

બધો સમય અમારા વાસમાં જ ગયેલો. ત્યાં તો હું સૌની માનીતી હતી એટલે ગૃહમાં આવતાં હું જે ઓશિયાળી સ્થિતિમાં મુકાઈ ગઈ એણે મારા સ્વભાવ પર બહુ ઘેરી અસર કરી. અનેક ગ્રંથીઓ મારા મનમાં બંધાવા માંડી. અંગસૌષ્ઠવ ને બાહ્ય ટાપ ટીપમાં બીજી કોઈપણ છોકરી કરતા હું વધારે કાળજી રાખવા મંડી મારે મારે મનમાં તિરસ્કાર રાખનાર એ કહેવાતા સ્વજનોને હું બતાવી આપીશ કે તેમના કરતાં હું વધારે રૂપાળી છું, બહુ બુદ્ધિમાન છું, વધુ નીતિમાન છું—આવા આવા અનેક ખ્યાલો મનમાં ઘૂંટી ઘૂંટી દિવસ રાત તે ખ્યાલોને પોષક એવી નવી નવી યોજનાઓ ઘડવામાં હું મશગુલ રહેવા મંડી. બધી છોકરીઓ કરતાં સારામાં સારાં કપડાં પહેરવાનો હું આગ્રહ રાખતી જે કોઈ નવી વસ્તુ હું કોઈ છોકરી પાસે જોતી તે તરત જ મંગાવતી. મારી ટ્રંકમાં સેન્ટ, ક્રીમ, પાવડર વગેરે તો રહેતા જ, પણ વાળ પણ હું શેંપુઈંગ પાવડરથી ધોવા મંડી. મોટા ભાઈ કે મોટી બહેનના ધ્યાન બહાર આ ન હતું, પણ તે એ માટે અમને મના કરવા કરતાં અમને એમાંથી વાળવા માટે અનેક સક્રિય ઉપાયો યોજતા. દાખલા તરીકે એક વખત મોટી બહેને મને માથામાં તેલ નાખી આપવા બોલાવી. કેવા સરસ રેશમ જેવા તેમના વાળ હતા! મેં કહ્યું,

"મોટીબહેન, તમારા વાળ તો અદેખાઈ આવે એવા છે."

-તે હસ્યાં ને બોલ્યાં: "તને અદેખાઈ આવે છે? નજર લાગે એવા વાળ તો તારા છે."

એ સાંભળતાં હું પણ હસવા મંડી, 'વાહ! એ ખારસું! ચાલો આપણે કરીશું અદલાબદલી?' મેં કહ્યું.

"તેમાં મને ખોટ નહિ જાય." હસતાં હસતાં તે બોલ્યાં, "પણ તું હેરાન થઈ જશે."

"કેમ જે!" મેં પૂછ્યું.

"વાળ જો અદલાબદલી થઈ શકતા હોય તો સાથે જ તું ખોટમાં આવી પડે. ખબર છે તને મારા વાળ કેવા હતા? નાનપણમાં તો એ બહુ ટૂંકા ને બરછટ હતા. પણ મારી બાએ એક વખત માટીથી મારું માથું ચોળી આપ્યું. વાળ એવા સુંવાળા બન્યા કે હું માની જ ન શકી કે તે વાળ મારા હતા. એ પછી તેમણે તલનું મીઠું તેલ તેમાં નાખી આપ્યું તે દિવસથી હંમેશ જ્યારે માથું ચોળવું હોય ત્યારે હું તળાવની કાળી માટીથી ચોળું છું. એને તું શેંપુઈંગ પાવડરની લિજ્જત ચખાડે તો એ જેવા હતા તેવા પાછા થઈ જશે. એટલે કહું છું કે તારા વાળ વધુ સારા છે. શેંપુઈંગ પાવડર છતાં મારા વાળ કરતાં કેવા રેશમ જેવા સુંવાળા અને લાંબા છે" મોટાં બહેને બહુ નિમતે કહ્યું.

"તે શું શેંપુઈંગ પાવડરથી વાળ બગડે?" મેં પૂછ્યું.

"બગડે એવું તો કેમ કહેવાય! પણ માટીથી જે મુલાયમપણું આવે છે તેની તો વાત જ જુદી. ન કશો ખરચ, ન કશી મુશ્કેલી. જ્યાં જાવ ત્યાં માટી તો મળે જ. દુકાને લેવા જવી ન પડે—ને પૈસા આપવા ન પડે." બોલી તે હસ્યાં ને ઉમેર્યું, "તલનું તેલ પણ મળે જ—ને વાળને તે કાળા, મજબૂત ને લાંબા બનાવે તે નફામાં."

બીજે જ દિવસે મેં માટીનો અખતરો કરી જોયો. ને સાચે જ મોટી બહેનની વાત અક્ષરશઃ ખરી હતી. આમ તેમની અસર અમારા પર રહ્યા જ કરતી. પણ બહારથી ચાલી આવતી હવા સામે સતત પાળ કોણ બાંધી શકે! એટલે અમારા જીવન ઉપર અનેકવિધ અસરો થતી અને કેટલીકવાર મોટાભાઈ અને મોટીબહેન અમને અનિષ્ટ અસરોમાંથી બચાવવા અસમર્થ નીવડતા.

ગુરુદેવ : અમારે આંગણે [૧૯]

શ્રી મૈત્રેયી દેવી કૃત 'મંગપુ તે રવીન્દ્રનાથ'માંથી

અનુ૦ : રમણિક મેઘાણી

"મારું સર્વસ્વ લઈને હું બેઠી છું સર્વનાશની આશામાં...એને જ કાજે વાટ જોતી, જે માનવીને આ સંસારસાગરમાં વહાવી દે છે, આપણે જેને જોઈ શકતા નથી પણ જે આપણને સૌને જોઈ શકે છે, અને જે અદૃષ્ય રહીને માનવી માત્ર માટે કલ્યાણકામના કરે છે. એ અનહદના શુભ પ્રેમ પર મન મારું મુગ્ધ બન્યું છે..." આજ સાંજથી આટઆટલાં ગીતો તમને સંભળાવ્યાં એનું ઇનામ શું આપો છો માશી? અગાઉના જમાનામાં કવિઓનાં ગીતો પર ખુશ થઈને રાજકન્યાઓ પોતાનો કંઠહાર કાઢીને કવિને ભેટ ધરી દેતી. હવે એ જમાનો નથી. હવે તો કવિ સતત ગીતો ગાતો જ રહેશે અને સામો પક્ષ તદ્દન નિરુત્તર જ...!

—"પણ અહીં રાજકન્યા ક્યાં? આ તો રંકની ઝુંપડી છે. અમારી પાસે છે જ શું કે તમને કંઇ આપી શકીએ?" મેં કહ્યું.

"પણ તું આ બધું સાંભળી કેમ રહી છો? ગળામાં તો આ મઝાનો હાર રહ્યો છે. આપી દે કાઢીને..." માશી બોલી ઊઠયાં.

"હા, એ તો છે જ, ઇચ્છા હોય તો આપી કેમ ન શકાય! પેલી ભિખારણે પણ ભિક્ષુકને નહોતી આપી? પણ ઇચ્છા હોવી જોઇએને!"—ગુરુદેવે સુર પૂરાવ્યો.

"પણ તમને ભીખ આપવી એ બહુ આકરું છે. છતાં કહો જ છો તો લો આ—" મેં કહ્યું.

—"આમ કહ્યા પછી આપો એ ઓછું લેવાય છે?" ગુરુદેવ બોલ્યા. અને પછી હાર હાથમાં લઇ ધારી ધારીને જોતાં કહેવા લાગ્યા—આને શેનો પત્થર કહેવાય, પન્ના? "હાસિ કાન્ના હીરા પાન્ના દોલે ભાલે, કાંપે છન્દે ભાલો મન્દ તાલે તાલે—" તને ખબર છે, એકવાર માત્ર એકજવાર જીવનમાં મેં ઘરેણું પહેર્યું છે, અને તે એક વીંટી. એ ભાભીએ આપી હતી. ગાઝીપુરમાં ગંગા નહાવા ગયેલો ત્યારે નદીમાં પડી ગઇ. ત્યારે એ ગુમાવવા માટે બહુ દુઃખ થયેલું. આ લો, તમારો હાર. બરાબર જોઇ લેજો તમારા હીરા પન્ના કંઈ કાઢી નથી લીધા."

—"કેમ ન રાખ્યો મારો હાર?"..

"હા. હવે એજ બાકી છે મારે માટે તમારા ઘરેણાં વેચવા એજ!" ગુરુદેવ બોલ્યા.

આ પ્રસંગે એક વાત યાદ આવે છે. એ સપ્ટેમ્બર મહિનો હતો. એજ વર્ષના ડિસેમ્બર મહિનામાં અમારા બધા ઘરેણાં ચોરાઇ ગયા. એ પછી થોડાક દિવસે હું શાન્તિનિકેતન ગઇ હતી. એમના ઓરડામાં હું પ્રવેશી કે તુરત તેઓ બોલી ઊઠયા—"કેવી બુદ્ધિશાળી છો, સર્વસ્વ ખોઇ કરીને હવે નિરાંતે ફરવા નીકળી પડી છો!"

"ઘરેણાં જ શું મારું સર્વસ્વ હતું?" મેં પૂછ્યું.

"હવે રહેવા દે કવિત્વ, મુરખ જ ભેગા મળ્યા છો સૌ. અધ્યાપકનું ઘર ન હોત તો આમ થાત ખરું!" ગુરુદેવે કહ્યું.

"પણ એમાં એમનો શો દોષ? આટલા ઘરેણાં તો ઘેર રાખતા જ નહોતા. એ તો હું જ લઇ આવી હતી." મેં કહ્યું.

"ઓહ, એ તારી જ બુદ્ધિ હતી, એ વિના આવું બને જ ક્યાંથી? તું તો અસાધારણ પ્રતિભાશાળી છો ખરુંને!"

"પણ એક વાત સાંભળો. બધાંજ ઘરેણાં ગયા—

જેનું જે કાંઇ હતું તે બધું જ. એક કણી જેટલું સોનું પણ બાકી રહ્યું નથી. પરંતુ પેલો હાર, મંજુષામાં તે દિવસે મેં તમને આપેલો એ બચી ગયો છે."

"કઇ રીતે! ચોર એ મારો છે જાણીને મૂકતો ગયો કે શું!" ગુરુદેવે પૂછ્યું.

"ના, એમ તો નથી, પણ એ એક હાર જ મારે સાસરે મૂકી આવેલી એટલે."

"અજબ કહેવાય!"

"અજબ પણ કંઇ જેવું તેવું! એ સચવાયો એથી હું તો બહુ આનંદ પામી." મેં કહ્યું.

"જોયુંને! બહુ કૃપણ થઇને એટલું જ શા માટે આપ્યું હતું તે દિવસે-બધું યે આપ્યું હોત તો બધું યે સચવાતને..."

"એ સંભવિત ખરું. જ્યારે બધું યે ગયું અને ફક્ત એ હાર જ રહ્યો ત્યારે અમે સૌ તમારી પેલી "કૃપણ" કવિતા યાદ કરતા હતા કે—

"દીધું તે યે સુવર્ણ પરત મળી ગયું;
વાહ વા રાજભિક્ષુ!
હું ત્યારે ખૂબ રોયો
સઘળાં મમ હરિ! આપવું કાં ન સૂઝ્યું!"...

'મિત્રા, તને ખબર છે, એકવાર આલમોડાથી પાછો ફરતો હતો રસ્તામાં રૂપિયા ને ટિકિટવાળું આખું પાકીટ ચોરાઇ ગયું મારી સાથે હતી મારી મોટી દિકરી. અમર્ત્ય ખૂબ જ પડી મન જ્યારે ઘુંઘવાઇને બહુ ઉદાસ થઇ ઊઠ્યું ત્યારે વિચાર્યું કે મને કોઇ લુટી ગયો એ વિચારે જ આટલું દુઃખ થાય છે. અને જે ચોરી ગયો છે તેને એ મેં જ આપ્યું છે એમ વિચારવા લાગ્યો અને પળવારમાં મન અસ્વસ્થ મટી એકદમ સ્વસ્થ બની ગયું. તું આવી એ પહેલાં મેં વિચારેલું કે આ વાત તને કહીશ"—વાત પૂરી થઇ એ ટાંકણે જ 'બુબુ'નાં લગ્નનાં ઘરેણાં આવ્યાં. ઢગલો એક નવાં ઝગઝગાટ કરતાં ઘરેણાંનો મોટો થાળ. અને એ બોલી ઊઠ્યા—

"અરે, આ છોકરીની સામે વળી પાછું આ બધું શીદ લાવો છો!"

ઘરેણાં બતાવીને સૌ ચાલ્યાં ગયાં ત્યારે ગુરુદેવને મેં કહ્યું, "તમારા ઉપર મને રોષ આવે છે તમે શું એમ માનો છો કે મારે ઘરેણાં નથી એટલે બુબુનાં ઘરેણાં જોઇ મને દુઃખ થશે!"

—"એજ તો સ્વાભાવિક છે."

"જરાયે નહિ — સ્ત્રીઓની ઘરેણાંપ્રીતિની વાત બહુ વિખ્યાત છે પણ એ અતિશય અત્યુક્તિ છે. એનું એક આર્થિક અને કળાદષ્ટિએ મૂલ્ય છે એ ખરૂં. વળી એનું કૌટુંબિક સંભારણા તરીકે પણ ઓછું મૂલ્ય નથી એને ગુમાવવા કોઇ તૈયાર નથી હોતું. છતાં જો એ ચોરાઇ યા ખોવાઇ જાય તો શું થાય!" હું બોલી.

"ત્યારે તું બહુ દુઃખી નથી થઇ મિત્રા. આ જાણી હું નચિંત થયો. વત્સ, તું પૂરતું દુઃખ અને પૂરતું સુખ માણવા યોગ્ય થજે."

*

"આલુ* પાસેથી મારીનું અશ્વારોહણ પર્વ સાંભળતો હતો. જરાક વધુ થયું હોત તો સીધા ખાઇમાં પડત, બીજું શું? એ પછી એના જમાઇએ બહુ સેવા ચાકરી કરી એને સાજા કર્યા ...આલુની વર્ણન રીતિ એવી તો રોમાંચક છે કે એ સાંભળીને કવિતાની પ્રેરણા જાગે છે—અધીર થઇને દોડવા લાગી, ચડયા ઘોડે, નીચે ઉતરી ને પછી એ તો હાંફતા માત્ર લંગડાતા, જમાઇ એના, દાક્તર સેને, ધ્યાનથી રાખ્યા જતન તેનાં..." અને તેઓ એક મોટું જોડકણું બોલવા લાગ્યા. હું એ આખું લખી નથી શકી, ઘણું ખરું ભૂલી ગઇ છું.

"પણ તમારા આ પહાડી ઘોડા ઘોડા નામને યોગ્ય નથી અરબી ઘોડા પર કદાપિ સ્વારી કરી છે? એ હોય છે ઘોડા જેવા ઘોડા. નવી ભાભી એવા ઘોડા પર સ્વારી કરી ચિતપુરને રસ્તે મોટાભાઇ સાથે ફરવા નીકળતા. એ કેવી અસાધારણ સાહસિકતા

* શ્રી સચ્ચિદાનંદ રાય

હતી તેની કલ્પના કરી શકો છો? એક તો એ જબ્બર ઘોડો, પણ એથીયે મોટી વાત તો એ જમાનામાં ગૃહસ્થ ઘરની વહુ ઘોડે ચડીને ફરવા નીકળી તે હતી, પરંતુ એ કોઈપણ ટીકાને ગણકારતા નહિ, અને એ કંઈ જેવી તેવી વાત નહોતી. એમનામાં શક્તિ હતી, અનન્ય અસાધારણ શક્તિ એમનામાં હતી...આ રહ્યા માતૃસ્વસા. આવો, આવો, શરીરે કેમ છે હવે? હું હમણાં સુધી અશ્વારોહણપર્વનામક મહાકાવ્ય વિષે જ વાતો કરતો હતો. વાલ્મીકિના હૃદયના કેન્દ્રસ્થાનેથી જે રીતે છંદ બહાર આવેલો એ જ રીતે આણુને મોંયે તમારી ઘોડેસ્વારીનું વર્ણન સાંભળતાં સાંભળતાં રવીન્દ્રનાથનું કવિત્વ જાગી ઊઠયું હતું, જે રીતે અમરલોકથી સુરધુની વહી આવે છે, જે રીતે સમુદ્રના તરંગો ઉછળી આવે છે ને જે રીતે—'

'ક્યાં છે એ કવિતા, મારે એ સાંભળવી છે'—માશીએ કહ્યું.

'એ ઓછી હજુયે મને યાદ છે? બરાબર પ્રેરણા વખતે શા માટે ન આવ્યાં? તમારી ભાણેજને પૂછો. એ બધું લખી રાખે છે, પણ આ કવિતા જ ભૂલી ગઈ છે. હવે શું થાય? મારા અમર સાહિત્યલોકમાંથી એક ઉજ્જ્વળ નક્ષત્ર—મારું—'

માશી ખીજાઈ ગયાં. 'એની વાત વધુ કહેશો મા. ગઝગની સ્વાર્થી ને ઇર્ષાળુ છે. મારા વિષેની કવિતા હતી એટલે જ લહેરથી ભૂલી ગઈ.... પોતાને વિષેની હોત તો આટલીવારમાં નકલ ઉતારીને 'પ્રવાસી'ને મોકલી પણ આપી હોત.'

'જુઓ માશી, તમે જે બધા વિશેષણ વાપરીને જે કંઈ કહ્યું, લગભગ એવુંજ હું પણ માનું છું, છતાં ડરનો માર્યો કહેતો નથી. તમારા જેવી અજબ હિંમત મારામાં નથી, નહિ તો તમારી સાથે હું પણ ઘોડેસ્વાર થઈને નીકળી ન પડત!' એમણે તુરત સૂર પૂરાવ્યો.

×

'વારુ, લોકો કહે છે કે તમે 'ઘરે—બાહિરે'માં સંદીપનું પાત્ર...ને જોઈને ચિતર્યું છે. શું એ સાચું છે?'

'લોકો એમ કહે છે? કેમ ..શું દેખાવે સંદીપ જેવો સોહામણો છે! જ્યારે 'સબુજપત્ર'માં 'ઘરે બાહિરે' ચાલુ વાર્તા તરીકે પ્રગટ થતી ત્યારે એણે શું ઉહાપોહ જગાવેલો! એક ભદ્ર મહિલાએ આવીને મને કહેલું કે એ એકદમ અસંભવિત છે, એ બની જ ન શકે—'

'શું બની ન શકે?'

'બંગાળી છોકરીના મનોભાવ એવા હોઈ જ ન શકે—એવું થાય તો તો આખો દેશ વિશુદ્ધ સતીત્વના ઉચ્ચલોકથી ધબ્બ કરતોક પાતાળમાં ધરબાઈ જાય! બંગલલના અને હિન્દુલલના, બધીજ લલના સૌથી પ્રથમ તો લલના—સ્ત્રી જ માત્ર છે, એ માણસ છે અને એનામાં પણ મોહ, વિકાર, સારું—નરસું બધું જ હોવું સંભવિત છે, એ આ લોકો માને જ શામાટે? કારણ આ તો સતીનો દેશ, પણ એટલે સોઓ આ સત્યનો દેશ બની જાય છે! હવે માણસના દષ્ટિબિન્દુમાં કેટલો ફેર પડી ગયો છે એજ વિચારું છું. એ જમાનામાં આવું કોઈને કંઈ સમજાવી શકાતું? ત્યારે તો પારેવા ને કવિના બોલની કિંમત નગદ રૂપિયો એક ગણાતી. એ જમાનામાં એકદા મારે વિષે નિન્દાનું કેવું વિષ ફેલાવાયું હતું તેની તમને ખબર નથી. એ અહેતુક વિષ શા માટે હતું? એક વાત એવી પણ ફેલાવવામાં આવેલી કે હું એક અત્યાચારી જમીનદાર છું. છતાં એવડા મોટા જુઠ્ઠાણાં બહુ ઓછાં હશે. મારી સાથે મારી વસ્તીનો સંબંધ કદીયે ક્યારેયે પ્રેમવિહોણો નહોતો. વસતી મને સાચેસાચ ચાહતી. જમીનદારીના કામે પહેલી વાર જતાં જ મેં એક સાથે એક લાખ રૂપિયા જતા કરેલા એ કંઈ સહેલાઈથી નહોતું થયું. બરાબર યાદ છે, અમારી વસ્તીમાંનો એક મુસલમાન. મઝબ લાંબો હતો એનો ચહેરો—એક વખત એ લુંટારાનો સરદાર હતો. એ મને ખૂબ જ ચાહતો! એની વાતો સાંભળવામાં મને બહુ મઝા આવતી. ક્યારેક ક્યારેક બાજુના જમીનદારની વસતીને એ ચી લાવતો. એની બીકને

કારણ્યો એ લોકોને આવવું પડતું, બીજું શું કરે ? મારી સામે લાવીને સહુને હાથનબંધ ઊભા રાખે, ને જરાક હસીને કહે–'આ લોકોને લઇ આવ્યો છું એકવાર આપણા ઠાકનુ મોં જોવા.' અને પછી એ લોકો તરફ ફરીને કહેતો–"જોયું છે આવું ચાંદ જેવું મોઢું તમે કદી !' અમારે ત્યાં તો મુસલમાન વસતી પણ કંઇ ઓછી નહોતી પણ એક વાત તો કહેવી જ પડશે કે એમના જેવો સારો વ્યવહાર અમે હિન્દુ વસતી પાસેથી પણ નથી પામ્યા. આજકાલના હડહડતા કોમી ભેદભાવના વાતાવરણમાં એ બધું યાદ આવે છે. રજમાત્ર ફરિયાદનું કારણ ક્યારેય મળ્યું નથી. જમીનદારીનું કામ જોવા સૌ પહેલો જ્યારે ગયો ત્યારે જોયુ કે લોકોને બેસવાની ગોઠવણ બહુ કઢંગી છે. ઉચ્ચ વર્ણના હિન્દુઓ અને બ્રાહ્મણો માટે જાજમ બિછાવી છે અને મુસલમાનો સારા ઘરના હોવા છતાયે ઉભા રહેશે યા જાજમ ઉપાડી નીચે એક બાજુ બેસશે. મેં કહ્યું. 'આ કદીયે નહીં ચાલે સહુ જાજમ પર બેસશે.' લોકોમાંથી પ્રબળ વિરોધ ઊઠ્યો.–તો પછી બ્રાહ્મણો જાજમ પર નહિં બેસે. મે કહ્યુ "જો એમ હોય તો ભલે ન બેસે. પણ આ રીત નહિ ચાલે. એમ કરતાં જેનો ધરમ જતો હોય તેઓ પોતાની પવિત્રતાને લઇને જરા દૂર ઉભા રહે.' આજે આ હિંદુ–મુસલમાનના ઘોર કોમી હુતાશન વેળાએ એ યાદ આવે છે આપણો ગુન્હો પણ ઓછો નથી એ યાદ રાખવાનું છે. સંજોગોથી બંધાયેલ માનવી અક્ષમ્ય અપમાનો પણ સહી લે છે, પરંતુ એની વેદનાના મૂળ અંદર ને અંદર ફેલાતાં રહે છે અને એનુ ધારૂં એટલું મોટું થતું જાય છે અને પછી જ્યારે એકાએક એ ફુટી નીકળે છે ત્યારે હાય હાય કરવાનો કંઇ અર્થ રહેતો નથી...બીજી એક વાત મને બહુ યાદ આવે છે.

એકવાર ખેતરો વચ્ચે થઇને પાલખીમાં જતો હતો. બળતા બપોરના તડકામાં ખેડુતો ખેતી કરતા હતા. પાલખીમા બેઠાં બેઠાં જ બનતાં સુધી 'ક્ષણિકા' ની કવિતા લખતો હતો. એકાએક એક જણ જે એ ખેતરમાં કામ કરતો હતો તે હૈ હૈ કરતો દોડતો આવ્યો, એણે પાલખી અટકાવી. મેં પૂછ્યું, 'તારે શુ જોઇએ છે ?' તો કહે, 'જરા થોભો' 'પણ હું કેમ થોભુ, મારો ગાડીનો વખત થઇ જાય છે.' પણ એ એવું સાંભળે તેમ હતો ! કહે, 'જરા થોભો ને.' આખરે પાલખી થોભાવી હું રોકાયો એ ખેતર વચ્ચે થઇને વાંકા–ચુંકા પંથે દોડતો ગયો. થોડીવારે એણે પાછા ફરી એક રૂપિયો મારે ચરણે ધર્યો. મે કહ્યું 'આની શુ જરૂર હતી ? શા માટે નાહકનો મને આ માટે અહીં રોક્યો ?' એ કહે હઉ નહિં ? અમે નહિ દઇએ તો તમે ખાશો શુ !' મને એનું એ ભોળપણ અને એ સાચી વાત બહુ ગમી ગઈ. એટલે જ આજે પણ યાદ છે કે–'અમે નહી દઇએ તો તમે ખાશો શુ ?'

×

"–' તે દિવસે કંઇક કામ આપો કંઇક કામ દેખાડો ' એમ પૂછતી હતી ને ? હું કહું છું કે તું આ મહાભારત એક વખત વાંચી જા. એ એક સમુદ્ર છે. એમા એટલું બધું અને એટલું વિધવિધ છે કે એનો ક્યાંય અન્ત નથી એક બાજુ જેમ દૂર–સુદૂર પ્રસારી ચિન્તન ને ગાંભીર્ય છે તો બીજી બાજુ અગાધ બાલિશતા, પાર વિનાની બાળકબુદ્ધિ પણ છે. કાશીમાની વાતો અને ગીતા બાજુબાજુમાં જ છે. આજે જેમ સાચી યા શક્ય ન હોય તેવી વાતોથી માનવીનુ મન ખુશ નથી થતું, તેથી વાર્તાને પણ સત્યનું મ્હોરું પહેરવું પડે છે, તેવું એ દિવસોમાં નહોતું. વાર્તા એટલે વાર્તા જ. એમાં શક્ય અશક્ય એકાકાર થઇ જાય છે. એમ ન હોત તો ઋષિ-મુનીઓની સાથે નાગ અને સર્પની દિવ્ય શાસ્ત્રા-લોચના શક્ય બનત ? લાવને મારી ડાયરી અને નોંધવાળી ચોપડીઓ. મેં જે નોંધ કરી છે તે તને આપું. હવે મારાથી એ નહી બને–એમાં ઘણો સમય લાગશે. હું એ તને કહી જાઉં એ રીતે કામ કરજે. આમાં એક વાત ખાસ યાદ રાખવાની છે કે મહાભારતની આખી કથા એક રૂપક છે એને એક વાત કહેવી છે અને તે કૃષ્ણનો આધાર લઇને કહેવાઈ છે. કૃષ્ણ જ એનો નાયક છે, પાંચ પાંડવોમેં

(દ્રૌપદી) કૃષ્ણને એટલે કે કૃષ્ણની નીતિને સ્વીકારી હતી. એમ ન હોય તો પાંચ ભાઈઓને એક સ્ત્રી પરણે એ કદાપિ સંભવિત છે? કૃષ્ણને જેમણે સ્વીકારી, કૃષ્ણ એનો જ આશ્રિત થયો. અને એ યુદ્ધ પણ જમીન માટે નહોતું પરંતુ કૃષ્ણને અંગે-વાદનું હતું. એમ ન હોય તો કુરુક્ષેત્રના યુદ્ધ વચ્ચે એક સો વાર લાંબી ગીતા ગાવી કદિ સંભવિત ન થાત, એનો કંઈ અર્થ જ નહોતો. મારી ડાયરીમાંથી આ બધું તું ટપકાવી લેજે. મહાભારતની સૌથી મોટી મર્મકથા—જે ઉપદેશ છે તે ઋષિમુનીઓના ઉપદેશ કે યુધિષ્ઠિરની આદર્શવાદિતામાં નથી, એ છે પાંડવોના મહાપ્રસ્થાનમાં. આવું મોટું યુદ્ધ, આવી મારામારી ને કાપાકાપી એ લોભને માટે નથી, સ્વાર્થની ઘૃણામાં એની સમાપ્તિ નથી, પણ ત્યાગ માટે જ આકાંક્ષા, વર્જન માટે જ ગ્રહણ, એનું નિર્દેશન એ જ આ મહાકાવ્યનો મહદ્ સંદેશ છે."

અહીં બંગાબ્દ ૧૩૪૭* સાતમી પોષની ઉત્સવ પ્રસંગે ગુરુદેવે આપેલા ભાષણમાંથી થોડોક ઉતારો કરું છું. વર્તમાન કાળના લોહીયાળ હિંસક યુદ્ધની પાર્શ્વભૂ ઉપર મહાભારતના યુદ્ધને તેઓ કઈ રીતે જોતા હતા તે એ દ્વારા જાણી શકાશે.

"પાશ્ચાત્ય અલંકાર મતે આ મહાકાવ્ય યુદ્ધ-મૂલક છે. મહાભારતના આખ્યાન ભાગમાં અધિકાંશે યુદ્ધનું વર્ણન જ છે. તેમ છતાં એનું પરિણામ યુદ્ધ નથી. નષ્ટ ઐશ્વર્યને લોહીના સમુદ્રમાંથી ઉગારતો પાંડવોનો હિંસક ઉલ્લાસ એમાં મુખ્યત્વે વર્ણવવામાં નથી આવ્યો. એમાં દેખાય છે કે જીતેલી સંપદને કુરુક્ષેત્રની ચિતાભસ્મ પાસે ત્યજી જઈ વિજયી પાંડવોએ વિપુલ વૈરાગ્યના પથે શાન્તિલોક તરફ પ્રયાણ કર્યું એ કાવ્યનો મહાન સંદેશ જ એ છે. એ સંદેશ સર્વ યુગનાં સર્વ માનવી માટે છે કે ભોગ એ નર્યો સ્વાર્થ છે, ત્યાગ દ્વારા એને પરિશુદ્ધ કરવો જોઈએ."

યાદ આવે છે, રોજેરોજ રેડિયોમાં યુદ્ધના સમાચારો સાંભળી, છાપાંઓ હાથમાં લઈ એ વાંચતાં માનવીની જંગાલિયતના એ કલંકથી એમને કેવી વેદના થતી તે. જીવન આખાની એમની સાધનામાં એ માનવી-માનવીને નજીક આણવા મથ્યા છે.—વિભિન્ન વર્ગના શિક્ષણ સંસ્કૃતિના આદર્શને તેઓ ભારત વર્ષના પ્રાંગણમાં એકત્ર કરવા મથ્યા છે. સદૈવ વહેતાં ઝરણાંની જેમ એમણે સમસ્ત જગતને નિત્ય પ્રેમ અને આનંદનો સંદેશ આપ્યો છે—છતાં ક્યાં છે પ્રેમ, ક્યાં છે આનંદ, ને ક્યાં છે માનવીની માનવતા! દુનિયા આખી જ્યારે આવી પાગલ બની વિકૃત બુદ્ધિએ પરસ્પરનો અંત લાવવા કટિબદ્ધ થઈ હતી ત્યારે એમની વેદના મેં દીઠી હતી. આપણે માટે દૂર દેશમાં લડાતી લડાઈ એ અધિકાંશે લડાઈની વાતો જ હતી, પરંતુ સર્વ દેશનાં સર્વ માનવીઓ જેમને પોતાનાં હતા તેમની પાસે આર્ત માનવીનું દુઃખ રોજે રોજ અત્યંત પ્રત્યક્ષ થઈને પહોંચતું. એમને એથી એટલી વેદના થતી કે ઘણીવાર તો થતું કે એમને એ વિષેના કંઈ સમાચાર જ ન સંભળાવું. પણ હું નિરૂપાય હતી. એટલે જ ઊંડી વેદનાથી એમણે લખ્યું હતું, "હિંસાય ઉન્મત્ત પૃથ્વી". અનન્ત પુણ્યના આવિર્ભાવ માટે એમાં આહવાહન હતું—

'શાન્ત હે, મુક્ત હે, હે અનન્ત પુણ્ય,
કરુણા-ઘન ધરણીતલ કર કલંકશૂન્ય.'

અને વળી એજ વેદનાપૂર્ણ હૃદયથી ઉપહાસ કરતાં એમણે લખ્યું હતું—

'એ શોના જાય રેડિઓતે બાঁচা ગાঁફેર હુમકિ
દેશ વિદેશે સહર ગ્રામે ગલા કાટાર ધૂમકિ!' ×

× × ×

ગોঁ ગોঁ હાঁકে રેડিઓটা કે জানে হার জিত,
મેશિન માને ગুঁড়িયে દিলো সভ্য বিধির ভিত.*

×આ સંભળાય રેડિયોમાં એ મૂછકટ્ટાનો સાદ. દેશ-વિદેશ કે શહેર-ગામડે 'મારો! મારો!' નો એકજ નાદ!

* ઘરર્ર ઘરર્ર રેડિયો આજે
કોણ જાણે કોની જીત,
મશીનએને ચૂરા કર્યા
સભ્ય વિધિ બાયણીત"

* આજે ૧૯૫૦માં બંગાબ્દ ૧૩૫૬ ચાલે છે. એ હિસાબે ૧૯૪૧-૪૨ ઈ. સ. ઠરી.

કારણે એ લોકોને આવવું પડતું, બીજું શું કરે ? મારી સામે લાવીને સહુને લાઇનબંધ ઊભા રાખે, ને જરાક હસીને કહે—'આ લોકોને લઈ આવ્યો છું એકવાર આપણા શેઠનું મોં જોવા.' અને પછી એ લોકો તરફ ફરીને કહેતો—"જોયું છે આવું ચાંદ જેવું મોઢું તમે કદી ?' અમારે ત્યાં તો મુસલમાન વસતી પણ કંઈ ઓછી નહોતી. પણ એક વાત તો કહેવી જ પડશે કે એમના જેવો સારો વ્યવહાર અમે હિન્દુ વસતી પાસેથી પણ નથી પામ્યા. આજ-કાલના હડહડતા કોમી ભેદભાવના વાતાવરણમાં એ બધું યાદ આવે છે. રજમાત્ર ફરિયાદનું કારણ કદાપિ મળ્યું નથી. જમીનદારીનું કામ જોવા સૌ પહેલો જ્યારે ગયો ત્યારે જોયું કે લોકોને બેસવાની ગોઠવણ બહુ કઢંગી છે. ઉચ્ચ વર્ણના હિંદુઓ અને બ્રાહ્મણો માટે જાજમ બિછાવી છે. અને મુસલમાનો બારા ઘરના હોવા છતાંયે ઊભા રહેશે યા જાજમ ઉપાડી નીચે એક બાજુ બેસશે. મેં કહ્યું, 'આ કદીયે નહીં ચાલે. સહુ જાજમ પર બેસશે.' લોકોમાંથી પ્રબળ વિરોધ ઊઠ્યો.—તો પછી બ્રાહ્મણો જાજમ પર નહિં બેસે. મેં કહ્યું. "જો એમ હોય તો ભલે ન બેસે. પણ આ રીત નહિ ચાલે. એમ કરતાં જેનો ધરમ જતો હોય તેઓ પોતાની પવિત્રતાને લઈને જરા દૂર ઊભા રહે.' આજે આ હિંદુ–મુસલમાનના ઘોર કોમી હુતાશન વેળાએ એ યાદ આવે છે. આપણો ગુન્હો પણ ઓછો નથી એ યાદ રાખવાનું છે. સંજોગોથી ઘવાયેલ માનવી અક્ષમ્ય અપમાનો પણ સહી લે છે, પરંતુ એની વેદનાના મૂળ અંદર ને અંદર ફેલાતાં રહે છે અને એનું ઘારૂં એટલું મોટું થતું જાય છે, અને પછી જ્યારે એકાએક એ ફુટી નીકળે છે ત્યારે હાય હાય કરવાનો કંઈ અર્થ રહેતો નથી...બીજી એક વાત મને બહુ યાદ આવે છે.

એકવાર ખેતરો વચ્ચે થઈને પાલખીમાં જતો હતો. બળતા બપોરના તડકામાં ખેડૂતો ખેતી કરતા હતા. પાલખીમાં બેઠાં બેઠાં જ બનતાં સુધી 'ક્ષણિકા'ની કવિતા લખતો હતો. એકાએક એક જણ જે એ ખેતરમાં કામ કરતો હતો તે હૈ હૈ કરતો દોડતો આવ્યો, એણે પાલખી અટકાવી. મેં પૂછ્યું, 'તારે શું જોઈએ છે ?' તો કહે, 'જરા થોભો.' 'પણ હું કેમ થોભું, મારો ગાડીનો વખત થઈ જાય છે.' પણ એ બોલ્યું સાંભળે તેમ હતો ! કહે, 'જરા થોભો ને.' આખરે પાલખી થોભાવી હું રોકાયો. એ ખેતર વચ્ચે થઈને ખાંડા–ચુંકા પંથે દોડતો ગયો. થોડીવારે એણે પાછા ફરી એક રૂપિયો મારે ચરણે [illegible] કહ્યું 'આની શું જરૂર હતી ! આ માટે [illegible] આ માટે અહીં રોકયો !' એ કહે [illegible]તિની વાત નહિ દઈએ તો તમે ખાશો શું [illegible] અત્યુક્તિ છે. ભોળપણ અને એ સાચી [illegible] નથી. મેં [illegible] નાયકનો મને એટલે જ આજે પણ યાદ [illegible] નહિં ? અમે તો તમે ખાશો શું ?' [illegible] મને એવું [illegible]

×

"—' તે દિવસે કંઈક કા[illegible] આપો કંઈક કામ દેખાડો' એમ પૂછતી હતી ને ? હું કહું છું કે તું આ મહાભારત એક વખત વાંચી જા. એ એક સમુદ્ર છે. એમાં એટલું બધું અને એટલું વિધવિધ છે કે એનો ક્યાંય અન્ત નથી. એક બાજુ જેમ દૂર–સુદૂર પ્રસારી ચિન્તન ને ગાંભીર્ય છે તો બીજી બાજુ અગાધ બાલિશતા, પાર વિનાની બાળબુદ્ધિ પણ છે. ડાહીમાની વાતો અને ગીતા બાજુબાજુમાં જ છે, આજે જેમ સાચી યા શક્ય ન હોય તેવી વાતોથી માનવીનું મન ખુશ નથી થતું, તેથી વાર્તાને પણ સત્યનું મ્હોરું પહેરવું પડે છે, તેવું એ દિવસોમાં નહોતું. વાર્તા એટલે વાર્તા જ. એમાં શક્ય અશક્ય એકાકાર થઈ જાય છે. એમ ન હોત તો ઋષિ-મુનીઓની સાથે નાગ અને સર્પની દિવ્ય આલોચના શક્ય બનત ! લાવને મારી ડાયરી અને નોંધવાળી ચોપડીઓ. મેં જે નોંધ કરી છે તે તને આપું. હવે મારાથી એ નહીં બને—એમાં ઘણો સમય લાગશે. હું એ તને કહી જાઉં એ રીતે કામ કરજે. આમાં એક વાત ખાસ યાદ રાખવાની છે કે મહાભારતની આખી કથા એક રૂપક છે. એને એક વાત કહેવી છે અને તે કૃષ્ણનો આધાર લઈને કહેવાઈ છે. કૃષ્ણ જ એનો નાયક છે. પાંચ પાંડવોએ

(દ્રૌપદી) કૃષ્ણાને એટલે કે કૃષ્ણની નીતિને સ્વીકારી હતી. એમ ન હોય તો પાંચ ભાઇઓને એક સ્ત્રી પરણે એ કદાપિ સંભવિત છે ? કૃષ્ણાને જેમણે સ્વીકારી, કૃષ્ણ એનો જ આશ્રિત થયો. અને એ યુદ્ધ પણ જમીન માટે નહોતું પરંતુ કૃષ્ણને અંગે-વાહતું હતું. એમ ન હોય તો કુરુક્ષેત્રના યુદ્ધ વચ્ચે એક સો વાર-લાખી ગીતા ગાવી કદિ સંભવિત ન થાત, એનો કંઇ અર્થ જ નહોતો. મારી ડાયરીમાંથી આ બધું તું ટપકાવી લેજે. મહાભારતની સૌથી મોટી મર્મકથા—જે ઉપદેશ છે તે ઋષિમુનીઓના ઉપદેશ કે યુધિષ્ઠિરની આદર્શવાદિતામાં નથી, એ છે પાંડવોના મહાપ્રસ્થાનમાં. આવું મોટું યુદ્ધ, આવી મારામારી ને કાપાકાપી એ લોભને માટે નથી, સ્વાર્થની ઘૃણામાં એની સમાપ્તિ નથી, પણ ત્યાગ માટે જ આકાંક્ષા, વર્જન માટે જ ગ્રહણ, એનું નિર્દેશન એ જ આ મહાકાવ્યનો મહદ્ સંદેશ છે."

અહીં બંગાબ્દ ૧૩૪૭* સાતમી પોષની ઉત્સવ પ્રસંગે ગુરુદેવે આપેલા ભાષણમાંથી થોડોક ઉતારો કરું છું. વર્તમાન કાળના લોહીયાળ હિંસક યુદ્ધની પાર્શ્વભૂ ઉપર મહાભારતના યુદ્ધને તેઓ કઇ રીતે જોતા હતા તે એ દ્વારા જાણી શકાશે.

"પાશ્ચાત્ય અલંકાર મતે આ મહાકાવ્ય યુદ્ધ-મૂલક છે. મહાભારતના આખ્યાન ભાગમાં અધિકાંશે યુદ્ધનું વર્ણન જ છે. તેમ છતાં એનું પરિણામ યુદ્ધ નથી. નષ્ટ ઐશ્વર્યને લોહીના સમુદ્રમાંથી ઉગારતો પાંડવોનો હિંસક ઉલ્લાસ એમાં મુખ્યત્વે વર્ણવવામાં નથી આવ્યો. એમાં દેખાય છે કે જીતેલી સંપદને કુરુક્ષેત્રની ચિતાભસ્મ પાસે ત્યજી જઇ વિજયી પાંડવોએ વિપુલ વૈરાગ્યના પથે શાન્તિલોક તરફ પ્રયાણ કર્યું એ કાવ્યનો મહાન સંદેશ જ એ છે. એ સંદેશ સર્વ યુગનાં સર્વ માનવી માટે છે કે ભોગ એ નર્યો સ્વાર્થ છે, ત્યાગ દ્વારા એને પરિશુદ્ધ કરવો જોઇએ."

યાદ આવે છે, રોજેરોજ રેડિયોમા યુદ્ધના સમાચારો સાંભળી, છાપાંઓ હાથમાં લઇ એ વાંચતાં માનવીની જંગાલિયતના એ કલંકથી એમને કેવી વેદના થતી તે. જીવન આખાની એમની સાધનામાં એ માનવી—માનવીને નજીક આણવા મથ્યા છે.—વિભિન્ન વર્ગના શિક્ષણ સંસ્કૃતિના આદર્શને તેઓ ભારત વર્ષના પ્રાંગણમાં એકત્ર કરવા મથ્યા છે. સદૈવ વહેતાં ઝરણાંની જેમ એમણે સમસ્ત જગતને નિત્ય પ્રેમ અને આનંદનો સંદેશ આપ્યો છે—છતાં ક્યાં છે પ્રેમ, ક્યાં છે આનંદ, ને ક્યાં છે માનવીની માનવતા ! દુનિયા આખી જ્યારે આવી પાગલ બની વિકૃત બુદ્ધિએ પરસ્પરનો અંત લાવવા કટિબદ્ધ થઇ હતી ત્યારે એમની વેદના મેં દીઠી હતી. આપણે માટે દૂર દેશમાં લડાતી લડાઈ એ અધિકાંશે લડાઇની વાતો જ હતી, પરંતુ સર્વ દેશનાં સર્વ માનવીઓ જેમને પોતાનાં હતા તેમની પાસે આર્ત માનવીનું દુઃખ રોજે રોજ અત્યંત પ્રત્યક્ષ થઇને પહોંચતું. એમને એથી એટલી વેદના થતી કે ઘણીવાર તો થતું કે એમને એ વિષેના કંઈ સમાચાર જ ન સંભળાવું. પણ હું નિરૂપાય હતી. એટલે જ ઊંડી વેદનાથી એમણે લખ્યું હતું, "હિંસાય ઉન્મત્ત પૃથ્વી". અનન્ત પુણ્યના આવિર્ભાવ માટે એમાં આહ્વાહન હતું—

'શાન્ત હે, મુક્ત હે, હે અનન્ત પુણ્ય,
કરુણા-ઘન ધરણીતલ કર કલંકશૂન્ય.'

અને વળી એજ વેદનાપૂર્ણ હૃદયથી ઉપહાસ કરતા એમણે લખ્યું હતું—

'એ શોના જાય રેડિઓતે ઘૅાચા ગૅાંફિર ફુમકિ
દેશ વિદેશે સહર ગ્રામે ગલા કાટાર ધૂમકિ!'×

× × ×

ગૅા ગૅા કારે રેડિઓટા કે જાને કાર જિત,
મેશિન ગાને ગુંડિયે દિલો સભ્ય વિધિર ભિત.*

* આજે ૧૯૫૦માં બંગાબ્દ ૧૩૫૬ ચાલે છે. એ હિસાબે ૧૯૪૧-૪૨ ઇ. સ. હશે

×આ સંભળાય રેડિયોમા એ મૂછકડાનો સાદ. દેશ-વિદેશ કે શહેર-ગામડે 'મારો ! મારો !' નો એકજ નાદ !

* ઘરરં ઘરરં રેડિયો ગાજે
કોણ જાણે કોની જીત,
મશીનગને ચૂરા કર્યા
સભ્ય વિધિ ભયભીત

પોતાની ચિર-વિદાય પહેલા થોડા દિવસ માનવીના આ કલંકિત ઇતિહાસે એમને તીવ્ર વેદના આપી હતી.

× × ×

અમારે ત્યાં કોઈ મહેમાન આવવાની વાત થતી કે તુરત એમના મનમાં મહેમાનની સાર-સંભાળ અંગેની ચિન્તા શરૂ થઈ જતી. કોણ ક્યાં રહેશે, ક્યાં સુશે, બધાનો સમાવેશ બરાબર થઈ રહેશે કે નહીં-એ વિચારતાં તેઓ સૌ પહેલા પોતાનો ઓરડો ખાલી કરી દેવા ઉતાવળા થતા ને કહેતા,– "મેં તમને વારંવાર કહ્યું છે ને કે મને નાની ઓરડી વધુ ગમે છે."

"એ હશે, પણ તમે જો આ ઓરડો મૂકી નાની ઓરડીમાં જશો તો પછી જેને અહીં રહેવું પડશે એને જરાયે આરામ નહીં મળે." હું કહેતી.

"એ ખરૂં. તો પછી મારા ચશ્મા આપી જાવ અને પછી થોડીવાર શાન્ત થઈને બેસો. આખો દિવસ હો હા ધમાધમા જ ગયો છે, ચીજ વસ્તુ પણ વેરણછેરણ પડી છે. થઈ છે ને કાંઈ! આજે પણ કંઈ વાંચવાનું ન થયું, ને કાલે પણ નહીં થાય" ગુરુદેવ બોલ્યા.

"કાલ કેમ કંઈ નહિ વંચાય, નક્કી વંચાશે." મેં કહ્યું.

'એમ તે થતું હશે! નવા આવનારાઓને એ બધું નહિ ગમે. તમારી જેવું અગાધ ધૈર્ય ઓછું સૌને હોય છે!"

"એ તો નક્કી. તમારે મોઢે તમારૂં વખાણ સાંભળવું એમાં કંઈ ઓછી પીડા છે! ઘણાયે અમારા આ દુઃખ માટે સહાનુભૂતિ દર્શાવે છે!"

વળતી સવારથી જ એ વ્યસ્ત બની જતા. મહેમાન તો કેટલાય મોડા આવવાના હોય પણ અમારી સાથે તો બધો વખત ઠઠ્ઠા-રમુજ કરતા હોય, 'નવા મહેમાન આવવાના ઉત્સાહમાં જૂના મહેમાનને એકદમ વિસરી જવા બેઠા છો. આજે હવે નકલ કરવાનું કામ નહિ થાય?'

'નહિ કેમ થાય, આ થાય જ છે ને' મેં કહ્યું. 'ક્યાં, દેખાતો જોઉં! હં, પણ તારી આંખ ઊંચી ઊંચી આટલી વ્યગ્ર કેમ જણાય છે!'

'દૂર એક ગાડી દેખાય છે.'

'ત્યારે તો હવે વાતેય કરવાની હોય! હવે તો 'એષુન ચલ સખિ કુંજમ્ સતિમિર પૂંજમ્,' તુચ્છ નકલ બકલ રહેવા દે એક બાજુ.'

'ના, પણ ગાડી તો ચાલી ગઈ.' મેં કહ્યું.

'ચાલી ગઈ! હાય હાય, અમારે ઓમણિયે થઈ! તારી દશા તો એકદમ જયદેવની રાધિકા જેવી થઈ ગઈ છે, 'पतती पतत्र विचलित पत्रे शंकित भवदुपयानम्'

'અરે પણ તમે શું બોલી રહ્યા છો? જેને તેને લઈને ઠઠ્ઠા-મશ્કરી!'

'કોને લઈને મશ્કરી કરૂં તો તે બરાબર કહેવાય એ તો જાણતો નથી સખી, એ જો તું બહુ છાની રીતે કહી દે તો મારે પછી જેને તેને લઈને મશ્કરી કરવી નહિં પડે...કોણ એ, ડાક્તર! આહો, તમે એવે વખતે આવી ઊભા છો જ્યારે આ મને એની બહુ-અતિ અતિ છાની વાત કહેવા જતી હતી, જે તમારી સામે હવે નહિં કહી શકે. બીજું ગમે તેમ થાય, પણ તમારી સામે તો એ ન જ કહેવાય. નહિ તો આખરે મારા તુચ્છ કુતૂહલને કારણે તમારામાં અંગામાં પડે-ગૃહ વિચ્છેદ થઈ જાય અને એ મને નહિ ગમે.'

ડાક્તર અંતરથી કંઈક અનોખા જ માનવી હતા, પણ જાહેરમાં એ બહુ શરમાળ હતા. માંડ માંડ એમણે કહ્યું, 'મહેમાનો હવે આવી ગયા છે.'

'અરે રામ એમ છે કે શું, ત્યારે તો હવે હમણાં જ મારે 'ભદ્રલોક' બનીને બેસી રહેવું પડશે. ઝભ્ભો ચડાવી લેવો પડશે. જયદેવની કવિતા હવે જરાયે નહિ ચાલે. હવે તો દેહ અને આત્માને મારે જાગ્રત કરી મૂકવા પડશે.

× × ×

અહીં આવીને એમણે એક નાની વાર્તા લખી છે. 'છેલ્લી વાત'. આ ઉમ્મરે પણ તેઓ કેવો અથાક પરિશ્રમ કરતા એ વિચારતાં દીંગ થઈ જવાય છે. વહેલી સવારે પાંચ વાગે બહાર આવી ને બેસતા અને ૭ વાગ્યામાં તો ચા–પાણી વગેરે બધું પતાવી આવેલા કાગળોના જવાબ લખવા બેસી જતા. રોજે રોજ ઢગલો એક કાગળો આવતા. એના જવાબો લખ્યા પછી ચાલતું એમનું લેખનકામ. વચ્ચે દોઢેક કલાક સ્નાનઆહાર માટેનો બાદ કરતાં સાંજે દીવા-બત્તી થાય ત્યાં સુધી એમનું કામ સતત ચાલ્યા જ કરતું. સાંજે લખવાનું પડતું મૂકી થોડીવાર અંધારામાં વરંડામાં બેસતા, થોડીવાર વાર્તાલાપ કરતા, અને એ પછી વાળુપાણી પતાવી શરૂ થતું વાંચન. અમને તો આ બધુ લાભમાં જ હતું. રોજેરોજ એમને મોંએથી એમનું લખાણ સાંભળવા મળે એ ઓછું સદ્‌ભાગ્ય હતું? છતાં બીક પણ લાગતી કે એમને પાછો થાક ચડશે તો! પણ તેઓ એને ગણકારતા જ નહિ. ઘણીવાર તો પોતે જ સામેથી કહેતા કે કેમ આજે દીવો નથી પેટાવાનો? 'છેલ્લી વાત' લખાયા પછી એમણે કહ્યું, 'હવેની વાર્તાઓ 'ગલ્પગુચ્છ'ની વાર્તાઓ જેવી નથી. આ વાર્તાઓ બહુ વધુ સાઇકોલોજીકલ થઈ ગઇ છે. ગલ્પગુચ્છની વાર્તાઓ જે રીતે ગામ-ડીનાં રોજીંદા ગૃહજીવનમાંથી સર્જાઇ છે તેવું હમણાં નથી બનતું, ક્યારેક ક્યારેક મને ય વિસ્મય થાય છે કે આટલી ઝીણવટ કઇ રીતે મારી એ વાર્તાઓમાં આવી હશે? કઇ રીતે હું એ લખતો?'

'છેલ્લી વાત' લખી લીધા પછી એક દિવસ એ પૂરેપૂરી અમને વાંચી સંભળાવી. એ પછીના દશેરાને દિવસે મને એ 'નોટ' ભેટ આપી. માશીએ આવીને કહ્યું કે આ તમારી કેવી રીત? એક જ ઘરમાં બે જણ છે અને છતાં તમે એક ને—

'એ તો છો જ. બેશક છો જ. પણ હજુ મારા દિવસો પણ ક્યાં પૂરા થઇ ગયા છે, જરા રાહ ન જોવાય?' ગુરુદેવે ઉત્તર આપ્યો.

એ વખતે દશેરા નિમિત્તે એમણે 'સહુને આમં-ત્રણ આપ્યું હતું. પર્વ પૂરું થયે હસો ચાલ્યાં ગયાં, રાત ત્યારે પડી ગઇ હતી. એમના ઓરડામાં જઇને જોઉં છું તો તેઓ ચિત્રકામ કરી રહ્યા છે.

'આ શું કરી રહ્યા છો, હવે સૂઇ જાવ, મોડું થશે.' મેં કહ્યું.

'એ નહીં બને–માશીનું ચિત્ર પૂરું કર્યા વિના હું નહિ ઊંઘી શકું.' તેઓ બોલ્યા.

અકળાતી માશી દોડતી આવી–'અત્યારે રહેવા દો, અત્યારે પડતું મૂકો. મારા શબ્દો હું પાછા ખેંચું છું.' માશીએ કહ્યું.

'તમે તમારા શબ્દો પાછા ખેંચી શકો છો પણ હું મારા શબ્દો પાછા નથી ખેંચી શકતો. તમારી વાતમાંને મારી વાતમાં અહીં જ થોડોક ફેર છે.' અને ગુરુદેવ જરા હસ્યા.

× × ×

'અયિ સીમન્તિની, નવપૂષ્પ મંજરિતા દ્રુમિ વસન્તિની, આ જો તને લખવા માટેના કાગળો ઉપર બેઠો બેઠો રેખાંકનો દોરું છું. આની નીચે લખાશે,–અયિ સીમન્તિની, નવપૂષ્પ મંજરિતા દ્રુમિ વસન્તિની, આ કેવું લાગશે?'

'એ બધી વાતો રહેવા દો. પહેલાં કાલની ચર્ચા પૂરી કરો.'

'જો સુમિત્રા, ગઈ કાલની એ ચર્ચા એ રીતે કોઇપણ વાતે પૂરી નહિ થાય, નહિ થઇ શકે, જો તું જ તારા મનમાં જરા સરખી રીતે નહિ વિચારે તો. કેટલીક વાતો એવી હોય છે જે માત્ર ચર્ચા કે દલીલથી સમજાવી શકાતી નથી. જો લાંબા સમયના સંસ્કાર પ્રભાવથી મુક્ત થઈ વિશુદ્ધ વિચારો દ્વારા બુદ્ધિની મલિનતાને દૂર ન કરી શકીએ તો. આપણે ત્યાં માનવીને ચહાયે કંઇક નહિને કંઇક વાદના થાંભલા સાથે બલિદાનના પશુની જેમ જકડીને બાંધી રાખવામાં આવ્યો છે, જેમાંથી મુક્તિ મેળવવી કઠિન હોય છે. પરંતુ માનસિક ગુલામીમાંથી છૂટવા

વિના માણસને સાચી રીતે ઓળખવો કે જીવનને સાચી રીતે જોવું જાણવું સંભવિત નથી. એક માણસની વિદાયથી બીજા એકનું જીવતર શૂન્ય બની જાય એ વાત તને ન્યાયી લાગે છે? તને કોણે કહ્યું છે કે દુઃખ અને શોક માનવીના જીવનને વ્યર્થ બનાવે છે! દુઃખથી એમનાં જીવન વ્યર્થ બને છે જેઓ પોતાની જાતને અસહાય ગણી દુઃખને સમર્પણ કરે છે, અને એમાંજ ગૌરવ અનુભવે છે. શોકને સદાકાળનો શોક બનાવીને પોતાને ત્યાંજ જીવતો-જીવત સમાધિ આપવાને આપણે ત્યાંના લોકો કહે છે સતીત્વ! એક ક્ષણિક સ્મૃતિને શંખપંદા વગાડીને અક્ષય બનાવવી પડે અને એને ખાતર જ આ ઉજ્જવળ આનંદમય પૃથ્વી તરફથી મોં ફેરવી લઈ જો મરતા બારણાં વાસી દો તેમાં શું ગૌરવ છે! તમે લોકો માનો છો કે એ બહુ મોટો ત્યાગ છે, પણ શા માટે છે એ ત્યાગ? ત્યાગનો સાચો મહિમા ત્યારે જ છે જ્યારે એ ત્યાગ જીવનને માટે થયો હોય. મૃત્યુના અંધકારને જીવનમાં આદર કરી લેવો, સંસારના દુઃખ વેદના પાસે પામર બનીને આત્મ-સમર્પણ કરવું એમાં અતિશય તુચ્છતા છે. માનવીને કોઈક એક સ્થળે જડી રાખવો અને ત્યાંજ એ એનું જીવન પૂરું કરે એવો વિધાતાનો ઉદ્દેશ નથી. વાંસના અવરોધો છતાં જેમ વાંસળી વાગે છે તેજ રીતે દુઃખ તાપમાં સળગતાં સળગતાંયે જીવનનો સૂર ચાલુ રાખવો પડશે. × × × સંસારનો પથ પુષ્પાચ્છાદિત નથી. એમાં તો પગલે પગલે કાંટા છે. એ કાંટાળા મારગે હસતે મુખડે આનંદિત ચહેરે આગળ ધપવું પડશે. એમાંજ છે માનવીની કસોટી. વેદનાને અનુભવમાં પરિણિત કરવી પડશે અને આર્તતાને માધુર્યમાં. જીવનમાં દુઃખ પણ એક અતિ જરૂરી વસ્તુ છે, એ દુઃસહ દુઃખના તાપ વારે જ પરિચય થાય છે અન્તરતમ નિત્ય 'હું' ની સાથે. × × × તદુપરાંત જરા નજર તો કરો આખી દુનિયામાં આજે ચાલી રહેલ વિનાશ-લીલા તરફ. એ દુઃસહ દુઃખના હસ-ખત પાસે તમારાં વ્યક્તિગત દુઃખ, સુખ તુચ્છ નથી બની જતાં? એને આગળ ધરતાં સંકોચ નથી થતો? × × × જેની સાથે મારે સ્નેહનો યોગ છે તેમની પાસેથી હું એ આત્મ-વિજયી સાધનાની આશા રાખું છું. આશા રાખું છું કે તમે સૌ તમારી વ્યક્તિગત વિચાર-મર્યાદાથી તમારી જાતને ઊંચે આણી શકો. × × × કાલે તમે ગયા પછી થોડીવાર સુધી હું આ વાત જ વિચાર્યા કરતો હતો. એકવાર તો મનમાં એમ પણ થયું કે તને સાદ પાડી બોલાવું અને આ બધું સમજાવું, પણ હિંમત ન કરી શક્યો. કદાચ તમે એમ પણ ધારત કે હું ઉપદેશના મોટા મોટા પથ્થર વડે તમારી વેદનાનો છુંદો કરી નાખવા માગું છું. અથવા તો હું બળજબરીથી મારો મત તમારે માથે લાદવા ઇચ્છું છું એ બન્નેમાં મને સરખો વાંધો છે. પ્રત્યેક માનવીને પોતાનો સ્વતંત્ર મત, પોતાની સ્વાધીન ઇચ્છા હોય છે. એને એની સ્વાભાવિકતાથી પોતાને મારગે જવા દેવો એજ યોગ્ય છે. મુરબ્બી-પણું કરી તેમના પર બળજબરાઈ કરવી મને જરીયે ગમતું નથી. એ માટે જ તને સાદ ન દીધો પાડ્યો.'

× × ×

'કાલ રાત્રે બે વાર સ્વપ્ન જોયાં અજાયબ કહેવાય. તને તો ખબર છે કે મને સ્વપ્ના ભાગ્યે જ આવે છે. પણ અહીં તમારે ત્યાં આવ્યા પછી હું સ્વપ્નાં જોઉં છું. પહેલીવારના સ્વપ્નમાં જોઉં છું તો હું જાણે નલિની* ને કહી રહ્યો છું કે હું એક એવું છાપું કાઢવાનો છું કે જે કોઈ વાદ કે તકની વાત નહિ કરે. જે નિરપેક્ષ રીતે બધુંયે જોવા-જાણવા, વિચારવાની દૃષ્ટિ દેશે. અને પછી નલિની જાણે એનું બોખું ગોઠવવા લાગ્યો. ક્યાંથી છાપું નીકળશે, કોણ એનો સંપાદક હશે, કોણું એને પીઠબળ હશે વગેરે. એ સ્વપ્ન કાલે એની સાથે જે અનેકવિધ વાતો થયેલી એનું ફળ હોય એમ લાગે છે. એવું છાપું કાઢ્યું હોય તો એ વિચાર કંઈ ખોટો ન કહેવાય. આપણે એક સારા દૈનિકની જરૂર તો છે જ. આજે આ વાત એને કહું! જો એની મૂળભૂત વાતનો

* નલિની સરકાર

સ્વીકાર કરી બધી ગોઠવણ એ કરતો હોય તો હું—'

'હવે રહેવા દો. આ ઉમ્મરે હવે તમારે છાપું કાઢવું નહિ પડે. તમે પોતે જ તો રાતદિવસ કહ્યા કરો છો કે હવે હું પહોંચી શકતો નથી, હવે મારે રજા જોઈએ છે, આરામ જોઈએ છે, અને તોયે પાછા છાપું કાઢીને રાજ્યો અને લોકોના વાદવિવાદના ચક્કરમાં પડવાનું કયાં વિચારો છો !'

'જે કહ્યું એ જ તો મારો દોષ છે પણ કેમે કરી શિખામણ ચડતી નથી. પણ હવે અસલ સ્વપ્નનો સાંભળ. ઓચિંતાનું મનમાં થયું જાણે હું ચૂપચાપ સૂતો છું, અને એક જણ જેના હાથમાં ધારદાર છરી છે તે મારું પેટ ચીરીને અંદર કંઈક જોઈ રહ્યો છે.'

'આવું બિહામણું અદ્ભુત સ્વપ્ન !'

'અરે પણ આખું સાંભળ તો ખરી. એ પછી હું જાણે ખુબ કંટાળીને એને ધમકાવું છું કે 'આ તે કેવી તારી રીત, કોણ છો તું ?' એ કહે છે કે 'હું નારદ છું' અને એના હાથમાંથી છરી નીચે પડી જાય છે. હવે કહે આને શું કહેવાય ? તમારે ત્યાં આવી રીતે શતકગતના નારદનો આવિર્ભાવ શાથી થતો હશે ! બસ ત્યારથી જ મન નારદ નારદ રટ્યા કરે છે. કોણ જાણે આજ કેવી જશે !'

ક્રમશઃ

રોજબરોજના જીવન ચમત્કાર રજૂ કરતું માસિક

વાર્ષિક લવાજમ ભેટ પુસ્તક સાથે રૂ. ૭
પરદેશમાં શિલીંગ બાર

વિના માણસને સાચી રીતે ઓળખવો કે જીવનને સાચી રીતે જોવું જાણવું સંભવિત નથી. એક માણસની વિદાયથી બીજા એકનું જીવતર શૂન્ય બની જાય એ વાત તને ન્યાયી લાગે છે? તને કોણે કહ્યું છે કે દુઃખ અને શોક માનવીના જીવનને વ્યર્થ બનાવે છે? દુઃખથી એમનાં જીવન વ્યર્થ બને છે જેઓ પોતાની જાતને અસહાય ગણી દુઃખને સમર્પણ કરે છે, અને એમાંજ ગૌરવ અનુભવે છે. શોકને સદાકાળનો શોક બનાવીને પોતાને ત્યાંજ જીવતો-જીવત સમાધિ આપવાને આપણે ત્યાંના લોકો કહે છે સતીત્વ! એક ક્ષણિક સ્મૃતિને શું ખર્ચે ટકાવી અક્ષય બનાવવી પડે અને એને ખાતર જ આ ઉજ્જવળ આનંદમય પૃથ્વી તરફથી મોં ફેરવી લઈ જો મરના ખારચુાં વાસી રહો તેમાં શું ગૌરવ છે? તમે લોકો માનો છો કે એ બહુ મોટો ત્યાગ છે, પણ શા માટે છે એ ત્યાગ? ત્યાગનો સાચો મહિમા ત્યારે જ છે જ્યારે એ ત્યાગ જીવનને માટે થયો હોય. મૃત્યુના અંધકારને જીવનમાં આદર કરી લેવો, સંસારના દુઃખ વેદના પાસે પામર બનીને આત્મ-સમર્પણ કરવું એમાં અતિશય તુચ્છતા છે. માનવીને કોઈક એક સ્થળે જડી રાખવો અને ત્યાંજ એ એનું જીવન પુરું કરે એવો વિધાતાનો ઉદ્દેશ નથી. વાંસના અવરોધો છતાં જેમ વાંસળી વાગે છે તેજ રીતે દુઃખ તાપમાં સળગતાં સળગતાંયે જીવનનો સૂર ચાલુ રાખવો પડશે. × × × સંસારનો પંથ પુષ્પાચ્છાદિત નથી. એમાં તો પગલે પગલે કાંટા છે. એ કાંટાળા મારગે હસતે મુખડે આનંદિત ચહેરે આગળ ધપવું પડશે. એમાંજ છે માનવીની કસોટી. વેદનાને અનુભવમાં પરિણિત કરવી પડશે અને અમ્લતાને માધુર્યમાં. જીવનમાં દુઃખ પણ એક અતિ જરૂરી વસ્તુ છે, એ દુઃસહ દુઃખના તાપ વાટે જ પરિચય થાય છે અન્તરતમ નિત્ય 'હું' ની સાથે. × × × તદુપરાંત જરા નજર તો કરો આખી દુનિયામાં આજે ચાલી રહેલ વિનાશ-લીલા તરફ. એ દુઃસહ દુઃખના દક્ષ-યજ્ઞ પાસે તમારાં વ્યક્તિગત દુઃખ સુખ તુચ્છ નથી બની જતાં? અને આગળ ધપતા સંકોચ નથી થતો? × × × જેની સાથે મારે સ્નેહનો યોગ છે તેમની પાસેથી હું એ આત્મ-વિજયી સાધનાની આશા રાખું છું. આશા રાખું છું કે તમે સૌ તમારી વ્યક્તિગત વિચાર-મર્યાદાથી તમારી જાતને ઊંચે આણી શકો. × × × કાલે તમે ગયા પછી થોડીવાર સુધી હું આ વાત જ વિચાર્યા કરતો હતો. એકવાર તો મનમાં એમ પણ થયું કે તને સાદ પાડી બોલાવું અને આ બધું સમજાવું, પણ હિંમત ન કરી શક્યો. કદાચ તમે એમ પણ ધારત કે હું ઉપદેશના મોટા મોટા પત્થર વડે તમારી વેદનાનો ભુંદો કરી નાખવા માગું છું. અથવા તો હું બળજબરીથી મારો મત તમારે માથે લાદવા ઇચ્છું છું એ બન્નેમાં મને સરખો વાંધો છે. પ્રત્યેક માનવીને પોતાનો સ્વતંત્ર મત, પોતાની સ્વાધીન ઇચ્છા હોય છે. એને એની સ્વાભાવિકતાથી પોતાને મારગે જવા દેવો એજ યોગ્ય છે. સુરુચી-પણું કરી તેમના પર બળજબરાઈ કરવી મને જરીયે ગમતું નથી. એ માટે જ તને સાદ ન હોતો પાડ્યો.'

× × ×

! કાલ રાત્રે બે ચાર સ્વપ્ન જોયાં. અજાયબ કહેવાય. તને તો ખબર છે કે મને સ્વપ્નાં ભાગ્યે જ આવે છે. પણ અહીં તમારે ત્યાં આવ્યા પછી હું સ્વપ્નાં જોઉં છું. પહેલીવારનાં સ્વપ્નમાં જોઉં છું તો હું જાણે નલિની* ને કહી રહ્યો છું : હું એક એવું છાપું કાઢવાનો છું કે જે કોઈ વાદ યા દળની વાત નહિ કરે. જે નિરપેક્ષ રીતે બધુંયે જોવા-જાણવા, વિચારવાની દૃષ્ટિ દેશે. અને પછી નલિની જાણે એનું ખોખું ગોઠવવા લાગ્યો. ક્યાંથી છાપું નીકળશે, કોણ એનો સંપાદક હશે, કેવું એને પીઠબળ હશે વગેરે. એ સ્વપ્ન કાલે એની સાથે જે અનેકવિધ વાતો થયેલી એનું ફળ હોય એમ લાગે છે. એવું છાપું કાઢ્યું હોય તો એ વિચાર કંઈ ખોટો ન કહેવાય. આપણે એક સારા દૈનિકની જરૂર તો છે જ. આજે આ વાત એને કહું? જો એની મૂળભૂત વાતનો

* નલિની સરકાર

સ્વીકાર કરી બધી ગોઠવણ એ કરતો હોય તો હું—'

'હવે રહેવા દો. આ ઉંમરે હવે તમારે છપુ કાઢવું નહિ પડે. તમે પોતે જ તો રાતદિવસ કહ્યા કરો છો કે હવે હું પહોંચી શકતો નથી, હવે મારે રજા જોઈએ છે, આરામ જોઈએ છે, અને તોયે પાછા છાપું કાઢીને રાજ્યો અને લોકોના વાદવિવાદના ચક્કરમાં પડવાનું ક્યાં વિચારો છો ?'

'જે કહ્યું એ જ તો મારો દોષ છે પણ કેમે કરી શિખામણ ચડતી નથી. પણ હવે અસલ સ્વપ્નનો સાંભળ. ઓચિંતાનું મનમાં થયું જાણે હું ચૂપચાપ સૂતો છું, અને એક જણ જેના હાથમાં ધારદાર છરી છે તે મારું પેટ ચીરીને અંદર કંઈક જોઈ રહ્યો છે.'

'આવું બિહામણું અદ્દભૂત સ્વપ્ન !'

'અરે પણ આખું સાંભળ તો ખરી. એ પછી હું જાણે ખુબ કંટાળીને એને ધમકાવું છું કે 'આ તે કેવી તારી રીત, કોણ છો તું ?' એ કહે છે કે 'હું નારદ છું' અને એના હાથમાંથી છરી નીચે પડી જાય છે. હવે કહે આને શું કહેવાય ? તમારે ત્યાં આવી રીતે રાતકરાતના નારદનો આવિર્ભાવ શાથી થતો હશે ! બસ ત્યારથી જ મન નારદ નારદ રટયા કરે છે કોણ જાણે આજ કેવી જશે !'

ક્રમશઃ

રોજબરોજના જીવન ધબકાર રજૂ કરતું માસિક

વાર્ષિક લવાજમ ભેટ પુસ્તક સાથે રૂ. ૭
પરદેશમાં શિલીંગ બાર

લેખક: પં. શ્રીરામ શર્મા
અનુ: જયેન્દ્ર ત્રિ. ત્રિવેદી

૧૬-૪-૪૨

આજે એક કલાક દળ્યું. સુતા પહેલાં અને ઉઠ્યા પછી પણ કમળાની માની ચિંતા રહી. કાલે જ એક એક્સપ્રેસ તાર આગ્રા પં. હરિશંકરજી પર કર્યો છે પણ કંઈ જવાબ નથી આવ્યો મનમાં ખૂબ ઉદાસીનતા હતી. 'હાનિલાભ, જીવનમરણ, યશ અપયશ વિધિ હાથ' એ ચોપાઈ તો યાદ આવતી પણ સંતોષ નહોતો થતો અને જ્યારે વિચાર આવતો કે ઘરની વ્યવસ્થામાં અને દેખભાળમાં હું જરાપણ મદદ નથી કરતો ત્યારે મને મારા જીવન પર જ અફસોસ થતો. સવારના ચાર વાગ્યાથી રાતના અગિયાર સુધી જે ઓને શ્વાસ લેવાની યે ફુરસદ ન હોય તેને કંઈ થઈ જાય તો પછી ઘર કેમ ચાલે?

ફરવા ગયો. બાપૂએ પૂછ્યું, 'સુંદરલાલજીને ઓળખો છો?' મેં કહ્યું, 'હા, ખૂબ સારી રીતે અને ઘણાયે વખતથી' 'આજે તેઓ આવે છે. કાલે ડૉ. તારાચંદ પણ આવવાના છે.'—બાપૂએ કહ્યું.

'કદાચ હિન્દી-હિન્દુસ્તાની સંબંધમાં જ આવવાના હશે'

'હા'—બાપૂએ કહ્યું.

હિન્દુસ્તાની અને હિન્દી પર મેં મારા વિચાર પ્રગટ કર્યા હિન્દી સાહિત્ય સમ્મેલન અને હિન્દી પત્રકાર સમ્મેલન વિષે પણ વાતો કરી. મે કહ્યું, 'ઉર્દૂને હું તો હિંદીની અંતર્ગત સમજું છું જો લિપિનો સવાલ ઉકલી જાય—એકીકરણ થઈ જાય તો હિન્દી અને ઉર્દૂનો ઝઘડો મટે. જો હિન્દીનું નામ બદલી રાખીશું તો પણ ભારતીય સ્વતંત્રતાના જે દુશ્મનો છે તેઓ તો તેનો પણ વિરોધ કરવાના, અને વળી હિન્દી નામ જ મુસલમાનોએ રાખેલું છે. હિન્દીની એક મુશ્કેલી એ છે કે જો પં. જવાહરલાલ અને એવા બીજા મોટા નેતાઓના વ્યાખ્યાન અંગ્રેજીમાં દેવાને બદલે રાષ્ટ્ર-ભાષામાં દેવાનું રાખે તો હિંદીની ઉન્નતિ બહુ જલદી થાય. બસ ત્યાં સુધી તો હિંદી જાણવા જ નથી.'

શાસ્ત્રીજીને ત્યાં પહોંચ્યા તો શાસ્ત્રીજીએ પૂછ્યું, 'બાપૂ, સેવા સાધના છે કે સાધ્ય?'

ગંભીર થઈને બાપૂએ જવાબ આપ્યો, 'સેવા સાધ્ય ન થઈ શકે, તે તો સાધના છે. પણ એક કક્ષાએ પહોંચતાં તે સાધ્ય અને સાધના એક થઈ જાય છે. અહિંસા અને સત્ય એક જ સિક્કાની બે બાજુઓ છે.'

આજનો ફરવાનો સમય તો મોટે ભાગે મારી સાથે વાતો કરવામાં જ વીત્યો.

દસ ફૂટ લાંબી, એક ફૂટ પહોળી અને એક ફૂટ ઊંડી ખાઈ, બાપૂજી અને શાસ્ત્રીજીની કુટિર વચ્ચે ખોદવાનું કૃષ્ણચંદ્રજીએ કહ્યું કોદાળી લઈને મંડ્યો પણ પાવડા વગર ખાડામાંથી માટી કાઢવી મુશ્કેલ છે. માટીમાં ચૂનાનો ભાગ વધારે છે. દોઢ ફૂટ લાંબી ખાઈ ખોદીને ચાલ્યો આવ્યો પૂરા સાધન વગર મુશ્કેલી પડે છે.

જમવા જતી વખતે પં. સુંદરલાલજી સાથે મુલાકાત થઈ. આગ્રાથી તાર પણ આવી ગયો. કુશળ છે એટલે ચિંતા દૂર થઈ અમદાવાદથી 'શિકાર'ની બે નકલો આવી અને 'કુમાર'નો એ અંક જેમાં 'દુલ્લભાભી કામો કરણ' વિષેનો મારો લેખ છે.

સુંદરલાલજી સાથ વાતો થતી રહી તેઓ મારી સાથે વાતો કરવા ઇચ્છે છે બે ત્રણ દિવસ પછી એમની જોડે વાતો કરવાનું નક્કી થયું.

આજે બાપૂને મળવા કેટલાક પંડિત આવ્યા. બધા આમ તો કટ્ટર લાગ્યા પણ બાપૂની આસ્તિકતા પર મુગ્ધ હતા. સામ્યવાદીઓ વિષે બાપૂએ કહ્યું 'તેઓ બને તો બહુ જ ભલા છે છે Lack of principles is their principle. (સિદ્ધાન્ત-હીનતા જ એમનો સિદ્ધાંત છે)

રાધેશ્યામજીના ભાઈ શ્રી સીતારામજીનો પત્ર પણ આવ્યો કે રાધેશ્યામ નોકરી ન છોડે ત્યાંએ પત્રોના જવાબ નથી દઈ શકતો 'વિશાલ ભારત' માટે

નાનો એવો લેખ લખ્યો. આજ મીરાંબહેન બહારથી આવ્યાં. ડાયરી લખ્યા પછી ૯ વાગે જ સૂઈ ગયો.'

૧૯-૪-૪૧

આજે ફરતી વખતે બાપૂ જોડે વાતો ન થઈ શકી ડૉ. સેન જોડે કોઈ રોગી વિષે બાપૂ વાતો કરતા રહ્યા. બાપૂ પછી મહાદેવભાઈ તરફ ચાલ્યા ગયા એટલે શાસ્ત્રીજી તરફ પણ ન જવાયું.

આજે મેં પાણી ભર્યું અને ખાઈ ખોદી. શ્રી. સુંદરલાલજી સાથે વાતો થઈ કે પુરુષને મૂછ શા માટે હોય છે? મેં કહ્યું કે જેમ કુકડાને કલગી, મોરને પીંછા અને હરણને શીંગડાં હોય છે તેમ પુરુષોને મૂછ હોય છે.

૨૧-૪-'૪૧

પ્રાતઃકાળે ઉઠીને 'વિશાલ ભારત'નું 'સમ્પાદકીય' લખવા બેઠો. વચમાં આરામ લેતો જતો હતો પણ સાંજ સુધીમાં પંદર સ્લિપ લખીને સૂતો.

૨૨-૪-'૪૧

૪ વાગે પ્રાતઃકાળે ઉઠીને 'વિશાલ ભારત'નું બાકી રહેલું 'સમ્પાદકીય' લખાણ પૂરું કર્યું અને express delivery થી કવર મોકલ્યું. પ્રભુદયાળજીને પોસ્ટ-ઓફીસ મોકલ્યા અને એ પાછા આવ્યા પછી હું શ્રી. જમનાલાલજી બજાજના બંગલે ડૉ. તારાચંદ અને સુંદરલાલજીને મળવા ગયો. ત્યાં ખબર પડી કે કુ. ઇંદીરા નહેરૂ અલાહાબાદ જવાનાં છે અને મેઇલ પંદર કલાક મોડો હતો. અમારી વાતો પણ ઇંદીરાજીના જવા પછી જ થવાની હતી. ઇંદીરાજીની તબીયત થોડી સારી દેખાઈ પણ પૂરી સ્વસ્થતા તો નહોતી જ.

'હિન્દુસ્તાની' પર અમારી વાતો થતી રહી ડૉ. તારાચંદે હિન્દીના ઇતિહાસ પર થોડું કહ્યું. એવું લાગ્યું કે તેમનું જ્ઞાન માત્ર પુસ્તકીયું જ છે. મેં પછી કહ્યું કે 'હિન્દુસ્તાની'ની થીસીસને મેં 'વિશાલ ભારત'માં છપાવી છે. અંગ્રેજી અખબારોમાં પણ છપાવી છે. પણ તારાચંદજીએ એમાંથી કંઈ વાંચ્યું જ નથી. હિન્દીવાળાઓથી તેઓ ગભરાતા હોય એમ લાગ્યું. મેં હવે કહ્યું કે ભાષા કરતાં લિપિનો પ્રશ્ન વધુ મહત્ત્વપૂર્ણ છે. જો લિપિના એકીકરણનો પ્રયત્ન કરવામાં આવે તો હિન્દી ઉર્દૂનો ઝઘડો મોટે ભાગે તો મટી જશે. ડૉ. તારાચન્દે કહ્યું કે ઊર્દૂ લિપિને હટાવવાથી તો દ્વેષ વધશે અને ખરી રીતે તો રોમન લિપિ રહે એજ ઠીક છે. મેં કહ્યું, 'નાગરીમાં આવશ્યક સુધારા કર્યા પછી કામ સારી રીતે ચાલશે. હા, એમાં સુધારા નહી થાય તો રોમન લિપિ આવી જશે. ઊર્દૂ લિપિ માટે તો કંઈ માર્ગ છે જ નહીં.'

હિન્દી સાહિત્ય સંમેલનને સામ્પ્રદાયિક માનવાને હું તૈયાર નથી. હિન્દુ-મુસલમાનોના ઝઘડા બ્રિટિશ નોકરશાહી રહેશે ત્યાં સુધી કદી બંધ થવાનાં નથી.

લગભગ સવા દસ વાગે રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિથી ઉપડ્યો અને સાડા દસ વાગે સેવાગ્રામ આવ્યો. બે વાગે બાપૂની કુટિરમાં ગયો તો વિજયાલક્ષ્મી પંડિતને ત્યાં બેઠેલા જોયા. તેમણે કહ્યું, 'યૂ. પી.માં સ્ત્રીઓ બાળકોને લઈને જેલમાં જાય છે અને જેલમાં જાત-જાતના નખરાં કરે છે ને લડે ઝઘડે છે. અને ઘણુ યે કોંગ્રેસજન તો 'નેશનલ હેરોલ્ડ'ના સંપાદકને ફરિયાદ કરે છે કે અમુકનું નામ છાપામાં આવી ગયું તો પોતાનું નામ કેમ નથી આવતું? કૈ. કાટજુ પણ મને પૂછે છે કે હવે અમારાવાળા બંગલામાં કોણ રહે છે? ઓહ, હજુ યે એમને મંત્રી બનવાની ઇચ્છા છે. લોકો હજુ મંત્રી-મંડળ બનાવવાનું વિચારે છે.'

મોટાભાગના લોકોનો ખ્યાલ છે કે કોઈને કોઈ રૂપે પણ સુલેહ તો થશે જ. સાંજે તે મુંબઈ ચાલ્યા ગયા અને ત્યાંથી અલાહાબાદ જશે.

૨૪-૪-'૪૧

આજે ફરવા ગયા તો આંધ્રના કેટલાક વિદ્યાર્થી સાથે થયા. પાછા ફરતી વખતે એક વિદ્યાર્થીએ પૂછ્યું, 'We are coming from Andhra Distt. (અમે દેશથી આવી રહ્યા છીએ.)

"You are coming on foot, I congratulate you." (આપ પગે ચાલતા જ

આવો છો એ માટે હું તમને અભિનંદન આપું છું)

"No, we are not coming on foot." (ના, અમે પગે ચાલતા નથી આવ્યા.)

"Then I condole with you"–said Bapu. તો હું આપની તરફ મારી સમવેદના જાહેર કરું છું.–બાપુએ કહ્યું.)

"We are students from Benaras Hindu University and are on way home. What do you say about students' duty to the country?" (અમે બનારસ હિન્દુ-વિશ્વવિદ્યાલયના વિદ્યાર્થી છીએ અને ઘેર જઈએ છીએ. આપ દેશ તરફના વિદ્યાર્થીઓના કર્તવ્ય વિષે શું કહો છો ?)

"Country's cause is for old hag like myself. You enjoy. Go and read, seek offices and spend on yourself. Take scholarship which comes from the exploitation of the masess. It's grand to think of self interest."

(દેશનું કામ તો મારા જેવા બુઢા ખખીસને માટે છે. તમે લોકો લહેર કરો. જાઓ, વાંચો, ઓફીસોમાં ઊંચી પદવીઓ શોધો અને પોતા ઉપર ખર્ચ કરો. જનતાના શોષણમાંથી ઊભી થતી શિષ્યવૃત્તિ લ્યો. સ્વાર્થ વિષેનો વિચાર ભવ્ય જ લાગે છે.)

આવા વ્યંગોથી વિદ્યાર્થીઓને બોલતા જ બંધ કરી દીધા.

લીલાવતી બહેન સાથે બાપુને થોડી વાતો કરવી હતી એટલે અમે જરા આગળ નીકળી આવ્યાં. વિદ્યાર્થીઓ અંદર-અંદર કહેવા લાગ્યા કે ફરવા જતી વખતે આવા પ્રશ્ન નહોતા કરવા જોઈતા.

ખરી રીતે વાત એમ છે કે આ લોકો, બધું ચર્ચા ખાતર જ આવે છે. કોઈ ખાસ ધ્યેય માટે નિષ્ઠાપૂર્વક કામ કરવાની સાચી લગની લઈને ચર્ચા કરવા નથી આવતા.

૨૫-૪-'૪૭

આજે પ્રભુદયાળજી રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિમાંથી આવ્યા. 'દીનબંધુ એન્ડ્રુઝ' પુસ્તક માટે બાપુજી પાસે થોડું લખાવવું હતું. બાપુની એક સારી છબી ખેંચવાના ઉદ્દેશથી હું કેમેરો લઈને મહાદેવભાઈની સાથે પહોંચ્યો. પણ પ્રભુદયાળજીએ કહ્યું કે બાપુ આજે ફરવા નહીં નીકળે. અમૃતલાલ ચેટરજીના પુત્ર અને પુત્રીઓની સાથે વાતો કરી રહ્યા છે. કંઈક ગંભીર વાતો છે. લાગે છે કે નાની કન્યા જુઠ્ઠું બોલી ત્યારે તેને ચેતવણી આપવામાં આવી હતી. બાપુ એને આશ્રમમાંથી દૂર કરવા માગતા હતા પણ લોકોએ આગ્રહ કરીને એમને રહેવા દીધેલ.

અમે લોકો નીરા પીવા ગયા પણ નીરા તો ખલાસ થઈ ગયેલ. પાછા ફર્યા. પ્રભુદયાળજી તો ચાલ્યા ગયા. બાપુએ અમૃતલાલની બંને કન્યાઓને કહી દીધું કે બીજા દિવસની સવાર પહેલાં આશ્રમ છોડી જાય અને પોતે ઉપવાસ કરવાનું નક્કી કર્યું. મેં એવું સાંભળ્યું કે બાપુ કહે છે કે પોતે ૩૦ દિવસના ઉપવાસ કરવા જોઈએ. તેમણે તો લોકોને કહ્યું કે ઉપવાસ કરવાથી પોતાને શક્તિ મળશે. ભોજનનો ઘંટ વાગતાં જ બાપુ આવ્યા. મને એમ કે ભોજન કરશે પણ તે ભોજન કરવા નહોતા આવ્યા, બાળકોને પીરસવા આવ્યા હતા. કેટલી મોટાઈ અને ત્યાગ છે!

બે વાગે બાપુની કુટિરમાં ગયો, તો એમરીનું ભાષણ વાંચીને કહેવા લાગ્યા કે, હિન્દુસ્તાનીઓ અમૂલ્યશાળી છે. પછી સૂતા સૂતા એમરીના ભાષણનો જવાબ લખાવ્યો. ૨૦ મિનિટ સુધી બોલતા રહ્યા. સિંધવાળાઓ અને ઈંદોરના એક ભાઈ જોડે વાતો પણ કરતા રહ્યા.

શ્રીમતી રાજકુમારી અમૃતકોરે મને પણીએ હિન્દીમાં લખેલી ચીઠ્ઠીઓ આપી–તેનો અંગ્રેજી અનુવાદ કરવા માટે.

એ. આઈ. સી. સી. ના પંડાલમાં અમૃતલાલ

ચેટરજી જોડે મુલાકાત થઈ. તેમણે કલકત્તાનું પોતાનું સરનામું આપ્યું, અમૃતલાલ ચેટરજી આશ્રમમાં બહુ ઉપયોગી છે. ડેપ્યુટી જેલર હતા. એ બધું છોડીને સેવામાં લાગ્યા છે. અમુક લોકોને એમની કન્યાઓના જવાનો અફસોસ હતો. મારા વિચારે તો કન્યાઓને અહીં રાખવી જ નહોતી જોઈતી.

બપોરે આભા (હવે આભા ગાંધી) બાપૂના ચિત્રો લઈને આવી અને બાપૂના હસ્તાક્ષર કરાવ્યા.

સુરેન્દ્ર નજરબંધ કોઈ સમજદાર માણસ નથી છતાં બાપૂએ એને શરણ આપ્યું છે.

ડૉક્ટર શંકરન્ અને હું ફરવા ગયા. પાયખાનાની સફાઈમા બહુ શ્રમ પડે છે. આજે પાયખાનાની સફાઈમા અમૃતલાલજીનો સાથ નહોતો.

૨૬-૪-'૪૨

આજે વહેલી સવારે પ્રભુદયાળજી આવી ગયા. નાસ્તા પછી અમે સેગાંવની પશ્ચિમ તરફ ખજૂરીઓમાં નીરા પીવા ગયા—બરાબર સાડા છ વાગે સવારના. મનમાં શંકા તો હતી કે આજે પણ કદાચ કાલની જેમ નીરા નહીં મળે. પણ મેં કહ્યું કે કાલે તો સાત વાગે ગયા હતા એટલે નહોતી મળી, આજે તો મળશે જ. બાપૂના ઉપવાસ વિષે વાતો થતી રહી. મેં પ્રભુદયાલજીને કહ્યું કે અમૃતલાલ ચેટરજીની કન્યાઓને લીધે બાપૂએ ત્રણ દિવસ ઉપવાસ કરવાનું નક્કી કર્યું છે. નાની કન્યા પારનેરકરજીને ત્યાં લાડુ ખાઈ આવી હતી અને બાપૂએ પૂછ્યું ત્યારે જુઠું બોલી ત્રણ ચાર દિવસ પહેલાં અમૃતલાલજીના પુત્ર શૈલેન્દ્રે ડૉ. શંકરન્‌ના ઓરડાનું તાળું તોડીને ફાનસ કાઢી લીધું હતું. પૂછ્યું ત્યારે તે પણ જુઠું બોલ્યો. બાપૂ પોતે તાળું જોવા ગયા, તાળું તૂટેલું હતું બાપૂને કલેશ થયો અને ઉપવાસ શરૂ કરી દીધા અમૃતલાલ પોતાની બન્ને પુત્રીઓ વીણા અને આભાને લઈને કલકત્તા ચાલ્યા ગયા અને બાપૂએ તેમને આવા બરનાઓને છોડી દેવાની સલાહ આપી. તેઓ જે માર્ગ પકડે તે પકડવા દેવાની અને અમૃતલાલજીને ઢાકા જઈને હિન્દુ-મુસલમાનોની સમસ્યા ઉકેલવામા લાગી જવાની પણ સલાહ આપી. શૈલેન્દ્ર અને ધીરેન બન્ને પુત્રો અહી છે. સાંભળ્યુ છે કે શૈલેન્દ્રને વર્ધામાં કંઇ કામ અપાવવાની વ્યવસ્થા થશે અને ધીરેન આશ્રમમાં જ રહેશે

બાપૂની નબળાઇ વધતી જાય છે એક તો એમનો રોજીંદો ખોરાક જ એવો છે કે પેટ કોઈ દિવસ ખરાબ ન થાય. જેથી ઉપવાસની જરૂર પડે એટલે ઉપવાસ કરવાથી તો એમની શક્તિ ક્ષીણ જ થતી જાય છે.

પ્રભુદયાળજીએ કહ્યું "કંઇક ગંભીર વાત હશે એટલે જ બાપૂએ ઉપવાસ કર્યા હશે" નહી તો એ નાની નાની બાબતો પર પણ ઉપવાસ કરી નાખે છે. એક વાર મગનવાડીમાં એક દિવસનો ઉપવાસ કર્યો'તો, એનું કારણ એ હતું કે એક સાધુ કે જેને બાપૂએ રાખી લીધો હતો તેણે ચણા ચોરતી વખતે થોડા પૂછ્યા વિના ખાઈ લીધા હતા. બાપૂએ સાધુને કાઢી મૂક્યો અને કહ્યું, "આવો માણસ તો પોતાને સોંપવામા આવેલી રકમ પણ ખાઈ જાય, વહુ-બેટીની છેડતી પણ કરી શકે છે" બસ, પોતે પણ ઉપવાસ કરી નાખ્યો. એક દિવસ મીરા બહેને ફરીયાદ કરી કે પ્રભુદયાળે વાસણ બરાબર નથી માંજ્યા, એમા રાખ ચોંટી છે, બાપૂએ પૂછ્યુ તો પ્રભુદયાળજીએ કહ્યું કે ખરાબ માંજ્યાં છે, બાપૂ ખીજાયા અને એક દિવસનો ઉપવાસ કરી નાખ્યો.

જમતી વખતે ખબર પડી કે બાપૂએ લખીને કહ્યું છે કે એમના ઉપવાસની ખબર આશ્રમ બહાર ન જાય

પ્રભુદયાળજી પાસેથી એ પણ જાણવા મળ્યું કે કોઇ પણ આશ્રમવાસીને કોઇ કંઇ પણ ચીજ-વસ્તુ આપે તે બાપૂને પસંદ નથી, દે તો પહેલાં બાપૂની આજ્ઞા લે. નાના બાળકોને માટે કોઇ ફળ લાવે તો તે પણ પહેલાં તો રસોડામાં જ જવા જોઇએ, અને બાળકોને માટે કોઈ ચીજની જરૂર હોય તો પોતાની પાસે માગે.

અંજનાદેવી (શ્રીમતી રામનારાયણ ચૌધરી) એ કહ્યું કે એક વાર શ્રીમતી બજાજે પોતાની નાની પુત્રી માટે થોડી દ્રાક્ષ મોકલી. એ વિષે બાપૂએ એ

નાની કન્યાને કહ્યું કે, 'દેવ તારી માનો છે.'

આજે હું બાપૂની કુટિરમાં ન ગયો. સાંભળ્યું હતું કે બાપૂએ મૌન પણ લીધું છે. એ. આઇ. સી. સી. કાર્યાલયમાં છાપાં વાંચી આવ્યો. પંતજી, કમળા, રમેશ અને બીજાઓને પત્ર લખ્યા. કમળા અને રમેશને એક ખાસ પત્ર લખ્યો કે તેઓ પોતાની આદતો સુધારે. અને મેં એમને આવવાની ના પાડી એનાં નીચે મુજબ કારણ લખ્યાં:–૧, રમેશ બુલન્દશહેર કેમ ચાલ્યો ગયો અને ૨, ઘરમાંથા ૨૦) રૂપીઆ શી રીતે ચોરાઇ ગયા? ઘરે જવાનું મન નથી થતું?

સાંજે બાપૂ પ્રાર્થનામાં આવ્યા. નબળાઈ વધતી જતી હતી પણ સુભદ્રા (રામનારાયણજીની નાની પુત્રી) સાથે વિનોદ તો કર્યો જ. સેવાગ્રામમાં પ્રાર્થના પછી સૂતર કાંતવાની હાજરી લેવાય છે કે કોણે કેટલું કાંત્યું. સુભદ્રાનું નામ આવ્યું ત્યારે તેણે ના પાડી એટલે બાપૂએ કહ્યું, 'તેં આ શું કર્યું?'...

આજે પાયખાનું સાફ કરવામાં મેં એકલાએ ખાઇ બેઠી. પરિશ્રમથી શરીર મજબૂત થતું જાય છે.

૨૭-૪-૪૧

આજે નીરા પીવા ગયો, પણ મારા પહોંચવા પહેલાં જ ખલાસ થઇ ગયેલ. બાપૂના ઉપવાસનો આજે ત્રીજો દિવસ છે. નબળાઇ બહુ આવી ગઇ છે. પાયખાનાની નાનકડી ગટર સાફ કરતો હતો ત્યારે મેં જોયું તો બાપૂને ખુરશીપર બેસાડીને સ્નાન માટે લઇ જતા હતા.

આજે રાવતનો લાંબો પત્ર આવ્યો અને અજીમ બેગ ચગતાઈનો ખૂબ દુઃખભર્યો પત્ર. એમની પત્ની પાગલ થઇ ગઇ છે. ગ્વાલિયરના એકાદ ગામમાં બાળકોને મોકલવા છે. પણ ટ્રેન ભાડાના પૈસા નથી. ડોક્ટર તારાચન્દને પૂછવું જોઇએ કે મિર્ઝા અજીમ બેગને મદદ કરવાથી શું હિન્દુ-મુસ્લિમ એકતા નહીં વધે?

એ. આઇ. સી. સી. કાર્યાલયમાં છાપાં વાંચીને લગભગ અઢીવાગે બાપૂની કુટિરમાં ગયો. શ્રીમતી રાજકુમારી અમૃતકૌરે હિન્દીમાંથી અંગ્રેજી કરવા માટે થોડા પત્ર આપ્યા. લગભગ ત્રણ વાગે બાપૂએ મને બોલાવીને કહ્યું, 'તમારે જવાનો વખત તો આવી ગયો. મેં વાતો કરવાનું કહ્યું હતું. ક્યારે જાઓ છો?'

હું: 'જવાનો તો હતો ૧-૫-૪૧ ના રોજ, પણ આપની નબળાઇને લીધે આજે તો વાતો નથી કરવી. બે ત્રણ દિવસ વધુ રોકાઇ જઇશ.'

'પણ હું તો મુંબઇ જવાનું વિચારું છું.'

'હું પણ મુંબઇ જ જાઉં છું.'

'ક્યાં ઉતરવાના છો?'

'ગમે ત્યાં ક્યાંક ઉતરીશ.'

'તો પછી ત્યાં જ વાતો કરી શકાય એવું ગોઠવીશું.'

'બરાબર છે.'

થોડીવાર પછી સુંદરલાલજી પણ આવ્યા અને એમને બાપૂએ કહ્યું, 'મેં તો એ કામ એજ દિવસે કરી લીધું હતું.' પછી તે લેખ સુંદરલાલજીને વાંચવા આપ્યો. સુંદરલાલજીએ કહ્યું, 'આપ તો આ ઠીક છે પણ આપ એક જ ભાષા ઇચ્છો છો?'

બાપૂ:–'હા.'

'તો એ વાત સાફ થઇ જવી જોઇએ.'

'બરાબર,' બાપૂએ કહ્યું. ડોક્ટરે ફરી સુંદરલાલજીને રોકી પાડયા.

સુંદરલાલજીએ મને પૂછ્યું, 'તો આપ તો ન આવ્યા. ખાલી વાતો જ કરીને?'

હું:–'હું લડીશ તો સીધો લડીશ. બાપૂના ઉપવાસને અંગે પછી હું ન આવ્યો.'

લગભગ પાંચ વાગે પ્રભુદયાળજી સાથે મુલાકાત થઇ. વર્ધા જવાની રજા મેં બાપૂ પાસેથી લઇ લીધી હતી. ઉપવાસ અને મુંબઇની થનારી યાત્રાને લીધે મેં એ વખતે ફોટો ન લીધો.

પ્રભુદયાળજી સાથે રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિમાં આવ્યો, એમની પાસેથી ખબર પડી કે તેમની રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિના એક કારકુન અને નાણાવટી વચ્ચે જરા જામી ગઇ

આશ્ચર્યની વાત તો એ છે કે બાપૂએ આ ત્રણ દિવસોમાં પોતાનું કામ જરાયે ઓછું ન કર્યું. મુલાકાતો પણ આપી, લખાવ્યું પણ ખરું, પોતે પણ લખ્યું. પરમાત્મા તરફ એટલી સત્ય નિષ્ઠા અને ઇમાનદારી છે કે તેમને કોઇ શ્રમ નથી પડતો.

(ક્રમશ)

જીવનનું કુરુક્ષેત્ર

વ્રજલાલ ત્રિવેદી

ભાલની કાળી ધરતી ઉપર ચોમાસાની ઝરમર ઝળી અને અદૃશ્ય થઈ ગઈ. કુદરતે પાથરેલ સુલાયમતા આખરે હતી નહતી થઈ ને ધરણીને પેટાળ ચીરા પાડયા. આવીજ વેદનાનું કરુણ દૃશ્ય આ લમણે સપાટા લગાવી રહ્યું છે. નિષ્ફળતા ઉપર ભયંકર નિષ્ફળતાઓ સમુદ્રના મોજાંઓ જેમ હૃદય સાથે અથડાઈ અને જીવનના સુકાનને હચમચાવી મૂકે છે. કાળની મહાન ગતિએ આખરે જીંદગીની મોજ બગાડી નાખી.

ધરતી ઉપર અંધારું, આકાશમાં મીટ માંડું તો ત્યાં પણ અંધારું, અને પ્રકાશને જોઉં છું તો પ્રકાશની ભીતરમાં પણ અંધકાર જ નીરખું છું. જીવન ખરેખર આજ કહોવાઈ ગયું છે. આજે વેદનાના શીખર ઉપરથી પ્રથમ વિષદર્શન પ્રાપ્ત થયું.

કવિવર ટાગોરનું કાવ્ય યાદ આવ્યું-

“એકલો જાને એકલો જાને, એકલો જાને રે.”

આ કાવ્યનો રણકાર કાનમાં બોદો સંભળાયો. મહાન નેપોલિયનની ડિક્ષનેરી ઉખેળી જોઈ કે “જીવનમાં અશક્ય એવું કાંઈ છે જ નહિં.”—આ જીવનસૂત્ર પણ ઝાંખું પડી ગએલું દેખાયું. ત્યારે હવે વિવેકાનંદનો પ્રતિભાશાળી સંદેશ યાદ આવ્યો.

ઉત્તિષ્ઠત જાગ્રત પ્રાપ્ય વરાન્નિબોધત ક્ષુરસ્ય ધારા—

આ સંદેશ સાંભળી આત્મા અંદરથી કકળી ઉઠયો—અરે ભાઈ! હવે પગ જ કયાં છે તે ઉઠી અને બીજા કોઈ જ્ઞાની પાસે જઈ જ્ઞાન અને પ્રકાશની યાચના કરું!

ના! ના! ના! આ બધું શું! આંખે આડા હાથ દેવાઈ ગયા કાનમાં આંગળીઓ ભરાવી દીધી. તુરતજ વેદનાને ભુલાવે એવી એક સ્મૃતિ તાજી થઈ.

“કીર્તિની કલગી સદિયારે કર દેજે,
ભોગવજે બદનામી—અંતર એકલો.
બીજાને આપજે અમૃત—ઝરણાં રેલવજે
પી લેજે વિષ તારાં તું એકલો.”

બસ હાશ! આ જ ખરું છે. હૃદયમાં જરા કળ વળી અને શાંતી થઈ. આયે પણ કોઈ દુ:ખીઆનો બેલી રડતો રડતો આ ફાની દુનિયા છોડી ચાલ્યો ગયો.

કુટુંબની ભવ્યતા શી વર્ણવું ભાઈ? કુદરતે માતાની કલ્પના જ નથી આવવા દીધી પિતાની સ્મૃતિ સ્મશાનના ખંડેરોમાં આજે પણ ચળકતી જોઉં છું—હવે ત્રીજે નંબર તો પત્નીનો આવે ખરું ને? બસ ખડખડાટ હસી લઉં. એટલું તો હસી લઉં કે પછી હાસ્યના અંતે તુરત રુદન જ શરૂ થાય. હવે તો ગામના લોકોને જોવા જાણવા મળ્યું છે. અજાણ્યાને આશ્ચર્ય થાશે કે—એવું શું જાણવા મળ્યું હશે? અરે ભાઈ!—આવી વાતોના ખુલાસા થતા હશે કાંઈ! ખુલાસો તો આટલો જ છે કે પત્નીને હું ગમ્યો નહિં કે, પત્ની મને ગમી નહિં. ખરો ટુંકસાર આ. ગમે તેમ થયું હોય પણ કોઈ ગેબી વસ્તુ અમારા જીવનની વચમાં ભાવ ભજવી ગઈ. અને અમારો ગૃહસ્થાશ્રમ ભાંગ્યો એટલે ગામના લોકોએ એની ઉપર જુદા જુદા ઇતિહાસ સરજ્યા.

હવે સ્વજનો બાકી રહ્યા. એ પણ બિચારા શું કરે! આવા વિકટ જમાનામાં આપણને કેટલી હુંફ આપી શકે? આ રહસ્ય પણ આટલેથી અટકે છે. “દૂરથી ડુંગર રળીઆમણા”.

જીવનમંથન તો આગળ ચાલવા લાગ્યું. બધીયે વસમી યાદો વિષાદમાં ફેરવાઈ ગઈ. જીંદગીની ખુમારીઓને કરચલીઓ વળી ગઈ. કોણ જાણે આ બધું શું થયું!

થોડા દિવસ પહેલાંની એક રાત્રે ફાનસની ઝીણી વાટ તગતગતી હતી. હીંચકો જરા બંધ પડયો. અંધારા જાળીઆમાંથી બહાર વિશાળ પીપળો પવનના સુસવાટા સાથે હાસ્ય કરતો હતો. મને એકાએક સાંભર્યું. અરે રામ! રામ!—પૃથ્વીરાજ ચોહાણના હાથમાંથી ધનુષ્યની કમાન છટકી અને ભાંગી ગઈ હતી ત્યારે ચંદ કવિ બોલ્યો હતો કે,

“દીન પલટયો, પલટી ઘડી,
પલટી દૈવ કમાન.
પીથલ એડી પાગ્યો,
આજ દીન પલટયો ચોહાણ”

ખરેખર આ સાંભળી દીલ ભાંગી ગયું. અને લાગ્યું કે આજથી આપણો દીનમાન પણ ભાંગ્યો છે. અરે! નહિં તો હું લોટ માગનારાઓ બ્રાહ્મણ આજ તાંબડી પણ નથી ઉંચકી શકતો. અરે! કુદરત, કેટલી હીનતા! મારા ગૃહસ્થાશ્રમનો છેલ્લો પ્રયત્ન પણ આમ પૃથ્વીરાજની કમાન જેમ કેમ ફાટી ગયો હશે! હવે તો ધરણી ફાટે અને પેટાળમાં એની કુંકમાં સમાવી લ્યે તો સારૂં. મને એમ થયું કે હાથ હજી તરફડીઆ મારતો મારતો કાળને પણ એક ફરી છેલ્લો સપાટો લગાવી લઉં, નિશાન તો નહિં જ ફરે. પણ અફસોસ! કુદરતે આંખ આગળ અંધકાર ઢાળી દીધો હતો. શબ્દ વેધીના પ્રયોગો જે અભ્યાસકાળ દરમ્યાન સાધ્યા હતા તે પણ નકામા નીવડ્યા. અને આજે ચંદ્ર-બારોટ પણ સામેથી અદૃશ્ય થઈ ગયો હતો.

મંથન વલોવાય છે. ત્યારે હવે શું કરવું? આ જગતમાં મ્લેચ્છભાવનાએ જીવન ગુજારી મરવું? એ પણ ખોટું. ત્યારે છેલ્લો ઉપાય શો?—સ્વેચ્છાએ મૃત્યુને બોલાવી જાત સમર્પણ કરવી એ જ સારૂં છે. ચાલો ત્યારે એમજ કરૂં અહિંયાં તો સામે ચંદબારોટ હતો જ નહિ કે પરસ્પર તરવારથી એક બીજાનો શિરચ્છેદ કરી મહાપ્રયાણ કરીએ. જે કાંઈ કરવાનું હતું તે તો મારે એકલાએ જ કરવાનું હતું આખરે હું તૈયાર થઈ ગયો. અને ગઝલની એક કડી લલકારી.........

અય મુસાફીર કુચકા સામાન કર,
દસ્તે હઝરત મહકે રૈના ચંદ રોજ.

ઘડીભર આ પંક્તિઓ ગાઈ અને સમય ગાળ્યો. ફાંસીને માંચડે લઈ જતા માણસને, જેલના અધિકારીઓ આખરી વરદાન માગવાનું કહે છે એવી રીત મેં માની અને ઉપરની પંક્તિઓ ગાઈ. આત્માને મહાપ્રસ્થાનને પગલે પ્રયાણ કરવાની સૂચના પણ આપી દીધી–ગૃહસ્થાશ્રમ જીવનની છેલ્લી ક્ષિપણુ નિષ્ફળતાએ આખરી જજમેન્ટ સંભળાવ્યું'

"દુનિયાએ તને સહાને માટે છોડ્યો છે. સંસ્કાર, સંસ્કૃતિ, અને માણસ તરીકે તારૂં સ્થાન હવે ક્યાંઈ પણ રહ્યું નથી. માટે હવે તું "કુંના કરી લે." સુરતજ દીપક જેવી એક ઝબૂકઝબૂકતી કુમળા હૃદય સાથે ધસાતી અદૃશ્ય થઈ ગઈ. થોડી ક્ષણોમાં 'વિષદર્શન' આંખ સામે ખડું થઈ ગયું અને લાલપીળા રંગો દેખાવા લાગ્યા. બસ થઈ રહ્યું. માનવ જીવનનું આખરી મૂલ્ય આ એક પળમાંજ ચુકવાઈ જશે.

બસ ત્યારે હે પરમાત્મા! અંધકારમાંથી પ્રકાશ તરફ લઈ જવા પ્રાર્થના કરૂં છું. હાથ ચચરી જાય છે. અંતરીક્ષમાંથી અવાજ સંભળાય છે. ડરીશ નહિ, હિંમત રાખ. દુનિયા તને સોક્રેટીસની પંક્તિમાં ગોઠવી દેશે છતાં પણ હાથ પ્રાણહીન બની જાય છે.

ના, ના, એ મહાપુરૂષના સ્થાનને મારાથી ભ્રષ્ટ ન બનાવાય. ભાવી કંઈક જુદું જ હતું

એટલામાં દૂરથી એક શ્વાન ભરડાઈ ગએલા ગળાથી વેદના વ્યક્ત કરવા લાગ્યું, અને બારી ઉપર ટાંગેલા ફાનસની વાટ મુજી ઉઠી 'વિષદર્શન' વીજળીના ચમકારની જેમ અદૃશ્ય થઈ ગયું. બસ બીજીજ ક્ષણે લથડાતી હીંમત શરીરમાં પ્રવેશ કરવા લાગી જીવનપૂર્ણાહુતીની છેલ્લી ઘડીઓને આ શ્વાને બચાવી લીધી...કેવો નિસ્વાર્થી આત્મા? હું એને કશુંજ ઈનામ આપી શક્યો નહિં. જીવતદાન દેવાવાળા આત્માને ખ્યાલ પણ નહિં હોય કે મેં આ શુભ કાર્ય કર્યું છે તે સત્કાર્ય કહેવાતું હશે. ગીતાજીનો કર્મયોગ આ શ્વાનના જીવન સાથે સરખાવી જોયો.

હવે શું રહ્યું? અરે ભાઈ! હજી ઘણુંજ બધું બાકી રહ્યું છે. મરવાનું પુણ્ય પણ અભાગીઆ જીવને ક્યાંથી હોય? આ તેયું નહિ! નહિં તો શ્વાન ક્યાંથી વચમાં ટપકી પડે? વેદનાની વરાળ એમ ક્યાંથી ઠરી જાય?

ફરી એક ભવ્ય સ્વપ્નાએ કહ્યું કે વિધિનું નિર્માણ કંઈક જુદું જ છે, આશા અને તૃષ્ણાનો ક્ષણીક આનંદ માણી લે. ત્યારપછી અંધકારની ક્ષિતિજ-

માંથી એક નાના એવા સોનેરી કિરણે ફૂટવાની શરૂઆત કરી. અને એક પછી એક એમ જાજવલ્યમાન કિરણોનો પ્રકાશ જીવનસપાટી ઉપર પથરાઈ ગયો. મન પ્રફુલ્લ બન્યું અને નવો કલ્પનાસૃષ્ટિનું સર્જન થઈ ચૂક્યું. હવે અંધકાર આવવાનો જ નથી આ વિચારે પામર મન, આવી માન્યતાથી કુદરત સામે ધમપછાડા મારવા લાગ્યું. ભવ્ય ગૃહસ્થાશ્રમની શરૂઆત થઇ અને પ્રેરણા પ્રાણ પૂરવા લાગી. આત્માએ એકબીજાને આ જીવનકોલ આપ્યા. અને સતયુગની અમર ભાવનાને અંતરપટ આડી એકબીજાએ પાથરી દીધી. બસ થઈ રહ્યું. હવે કાંઈ બાકી રહ્યું ? ના, ના, હવે તો જીવનમરણના સોદા થયા કહેવાય. પછી તો પ્રેમના ધોધનો પ્રવાહ ખળભળાટ કરતો બન્નેના જીવનમાંથી ખાલી થવા લાગ્યો.

તે વખતે સ્વપ્નાની રાત ધ્રુવ તારલાને પ્રકાશીત બનાવી રહી હતી. સાથે સાથે હવે અણધાર્યું કંઈક અશુભ થવા લાગ્યું હતું. પ્રેમના ધોધનો પ્રવાહ સતયુગની અમર ભાવનાને છીન્નભીન્ન કરતો જતો હતો ધ્રુવતારો, સ્થિર અને અડગ શ્રદ્ધાવાન બન્યો. જ્યારે રાત ગળતી જતી હતી. આખરે-વ્હેલે પરોઢીએ ધરતીના પેટાળમાંથી એક કારમી ચીસ સંભળાણી.

આપણો કાલ કળિયુગના જમાનાનો હતો. આ તો સ્વપ્નું છે. સ્વપ્નું સત્ય માનવાની ભૂલ કરશો નહિ. " હવે કંઇપણ બનવું અશક્ય છે. " બધું ભૂલી જજો. અને હવે હું વિદાય લઉં છું–

એકાએક કુરુક્ષેત્રના મેદાનમાંથી પાંચજન્યનો શંખનાદ થયો. અને હૃદય ધ્રૂજી ઉઠ્યું. તુરત મારા આત્મો શિથીલ બની ગયા. જીવનમાંથી પ્રેરણા એકદમ અદ્રશ્ય થઇ ગઈ. અને હું સ્વપ્નભંગ બન્યો. આ સ્વપ્નું હવે ભૂલી પણ નથી શકાતું અને બીજાની દૃષ્ટિએ આ ગાંડપણ કોઇને કહી પણ નથી શકાતું.

માગ ડગમગતા અસ્થિર જીવનમાં કુટુંબ જીવનની શુષ્કતા પણ સુકાનને ડગમગાવવામાં જ સહાયરૂપ બની રહી છે. કાળની સપાટી ઉપર સડસડાટ ધસાતા આ જીવનની કપરી અને દૂષિત ઘટનાઓમાંથી આજ પુનર્જન્મ થનો હોય તેવું લાગે છે. ડહોળાએલા સમુદ્રને નિર્મળ બનાવવા માટે પ્રાર્થનાના સરોવરમાં લાવ એક ડુબકી મારી લઉં.

"હવે તો થાયે છે મોડું, વિનવું હું પાયે પડું,
મારે તો થાવા બેઠો છે, ફેરો આ નકામ—
વ્હાલા મારા ફેરો આ નકામ.
જાગોજી, જાગોજી, મારા આતમરામ–જાગોજી."

હે નાથ, ભવસાગરનો આ ફેરો નકામો ન જાય એટલી મારી આખરી માગણી છે.

કાળનદના પ્રવાહમાં પેલી પાછલે પહોરને સ્વપ્ને ચઢેલી શક્તિ, પાંચજન્યના શંખનાદના ઘોષારવમાં દૂર ને દૂર હલેસાં દેતી ચાલી જતી હતી. જીવનમંથનના ધબકારને વેગ આપતી છેલ્લું વિષદર્શન પ્રગટાવી ક્ષિતિજમાં અદૃશ્ય થતી આ ચાલી જાય.

નાની નાવ ને નાવિક પંથે પળ્યાં
ગગને દળવાદળ ઘેરી વળ્યાં
આખી રાત આકાશેથી આંસુ ગળ્યાં
સૂની સરિતાને તીરે રે
રાખી મુને એકલડી
મારી સંપત લઇને રે
ચાલી સોના—નાવલડી.
મારા નાના ખેતરને રે
શેઢે હું તો એકલડી.

માનવી કહે છે હું કરું છું—કુદરત કહે છે હું દેવું પણ છું.

★

મનુષ્ય દેહની રચનાવાળાં

વાંદરાં—માંકડાં

પ્રદ્યુમ્ન કંચનલાલ દેસાઈ

માંકડાં એટલે આપણે ત્યાં જે રાતા મ્હોંના વાંદરાં થાય છે. તે આ માંકડાં દક્ષિણ ગુજરાતમાં તાપી નદી સુધી અને ઉત્તર ગુજરાત સુધી દેખાય છે. મદારીઓ પાસે આ માંકડાં જ રતન વહુ અને રતનીયાનો ખેલ કરે છે, અને એમાંથી નાસી છુટેલાં કેટલાંક માંકડાં શહેર અને ગામડાંની આસપાસ જોવામાં આવે છે. માંકડાનો પુખ્ત વયનો નર બેઠેલો હોય તો લગભગ બે ફીટની ઉંચાઈ જેટલો દેખાય છે. જ્યારે માદા પાતળી અને નાની દેખાય છે. બાકી માંકડાં બેઠાં અને જાડાં હોય છે. તેના માથા ઉપરના ખાસ પાછળ વળેલા હોય છે અને તેમાં સેંથી દેખાતી નથી. જ્યારે બીજી જાતનાં લાલ મ્હોંના વાંદરાં જે દક્ષિણ હિન્દમાં થાય છે તેને આ સેંથી સાફ દેખાય છે. તે સિવાય માંકડાંની કેડ અને પીઠ ઉપર નારંગી રાતા રંગની રૂંવાટી તેને બીજા કોઈ પણ રાતા મ્હોંના વાંદરાથી જુદાં પાડે છે.

માંકડાનો સ્વભાવ ટોળે વળી રહેવાનો છે. આવી ટોળીઓ ગામડાની વનરાજી, તળાવ અને મંદિર આસપાસ વસે છે અને જ્યાં વગડામાં વસે છે ત્યાં તેઓ ઘાટો ભાગ પસંદ કરતાં નથી. છતાં કયારેક તેઓ ઘીચ વનરાજીનો આશરો લેતાં માલુમ પડ્યાં છે. બાકી તેનો સ્વભાવ જ ખુલ્લી જગ્યા પસંદ કરવાનો છે. આપણી માન્યતા એવી કે કોઈ વખત માંકડા કે વાંદરાંને કનડવાં નહિ. એટલે કેટલાક રેલ્વે સ્ટેશનો ઉપર માંકડાં ફરતા મુસાફરોની સાથે છુટ લે છે. જેમા તેઓ હથોહાથ ધરેલો ખોરાક સ્વીકારે છે અને લાગ મળી જાય તો ખોરાક ઉપર હાથ ચલાવી દે છે. સવાર સાંજ વાડી અને બગીચા ઉપર ત્રુટવું એ તો તેઓ તેઓની ખાસ આદત છે. અને આદતને રોકવા કાંઈ પણ પગલાં ભરવાં એ તો ધર્મ વિરૂદ્ધ કામ થઈ જાય એવી સામાન્ય માન્યતા છે.

માંકડાં પોતાનો ખોરાક ખાસ કરીને જમીન ઉપરથી શોધે છે. પણ કેટલાક માંકડાંએ પોતાના રહેઠાણ તરીકે કુવા અને ટેકરીઓ પસંદ કરી છે. તેઓનો મુખ્ય ખોરાક જમીન ઉપર ઉગેલી ઝીણી વનસ્પતિ, જીવાત અને કરોળીઆનો છે. ખાવા વખતે તેઓ લંગુર વાંદરાં સાથે એકમેક થઈ જતાં દેખાય છે પણ સાંજ પડતાં બન્ને ટોળાં પાછાં જુદાં પડી જાય છે અને પોતપોતાને સ્થળે ચડ્યા જાય છે. ઠંડીથી બચવા માટે તેઓને શિયાળામાં ઘાટી રૂંવાટી આવે છે. વળી ઉનાળામાં તે આછી થઇ જાય છે. તે સિવાય સખત ગરમીમાં તેઓ ન્હાવા માટે નદી નાળામાં પડે છે. આ વખતે નાનાં બચ્ચાં તેઓની માની પીઠ ઉપર સખત રીતે વળગી રહે છે પાણીમાં પડ્યા પછી તેઓ હાથ બહાર કાઢીને બહુ મજાનું તરી શકે છે. એવી રીતે પાણીમાં ડુબકી મારીને પણ તરી શકે છે. માંકડાં આપણે ત્યાં ઘણાં સાધારણ જોવામાં આવતાં પ્રાણી છે. પણ તેના સમાજજીવન માટે આપણે એટલાજ અજાણ છીએ. વરસના કોઈ પણ ભાગમાં પ્રજનન થાય છે અને જ્યારે માદા ઋતુ ઉપર આવે ત્યારે તેના ઢેકા વધારે રાતા થાય છે.

માંકડાંની ખાસીયત સાથે તેનું બહુ મોટું કુટુંબ છે. તેની સર્વસામાન્ય ખાસીયત સૌમાં સરખી આવે છે. આ ખાસીયત જોવા માટે આપણે આફ્રીકા, અમેરીકા અને માડાગાસ્કરમાં થતાં વાંદરાં વિષે જાણવું અસ્થાને નહિ કહેવાય.

આખી પ્રાણીસૃષ્ટિમા મનુષ્ય સૌથી ઉચ્ચ કોટીમાં આવે. પછી પૂંછડી વિનાનાં વાંદરાં. જેની બે જાત આફ્રીકામાં વસે છે. એક ગોરીલા અને બીજો ચીમ્પાન્ઝી અને આવી એક જાત હિન્દમાં આસામ બાજુ વસે છે. તે ગીબન વાંદરાં પણ પુચ્છ રહિત છે. અમેરીકામાં જે વાંદરાં વસે છે તેને આપણે સ્પાઈડર મન્કીના નામથી ઓળખીએ છીએ જ્યારે માડાગાસ્કરમાં વસતાં લેમુર વાંદરાં છે અને બીજાં પુચ્છવાળાં વાંદરાં થાય છે તે તો આખા દેશમા વ્યાપક છે.

આ પ્રાણીઓનો શરીરનો ઘાટ તથા રચના મનુષ્યને મળતાં આવે છે. અને ખાસીયત પણ અમુક અંશે આપણને મળતી આવતી હોય છે પ્રાણીના વર્ગીકરણમાં વાંદરાની શરીરરચનામાં આપણાથી

બહુ નજીવો અથવા જરાય ફેર પડતો નથી. આ પ્રાણીઓની જીવન કક્ષા બહુ નીચી છે. પણ જ્યાં જેનું રહેઠાણ ત્યાંની સાથે તેનો જીવનનો મેળ; એટલે *આ પ્રાણીઓમાં તફાવત દેખાય છે. આથી આપણે* બહુ ઉંચા છીએ તે તો આપણો માનસિક ભ્રમ છે. કારણ કે આપણને વિચાર કરવાની તીવ્ર બુદ્ધિ ખીલેલી છે છતાં એટલું ચોક્કસ કે દરેક વ્યક્તિમા આ બુદ્ધિ સરખી ખીલેલી નથી. જ્યારે વાંદરાની બુદ્ધિ બીજાં પ્રાણીઓ જેટલી જ માલુમ પડી છે. એટલે આ બુદ્ધિના સાધન વડે મનુષ્ય દરેક પ્રાણી ઉપર પોતાનું સામ્રાજ્ય જમાવે છે. આ શક્તિ જ પ્રાણી અને આપણી વચ્ચેનું અંતર બતાવે છે.

પ્રાણી સૃષ્ટીમા સૌથી મોખરે આવે તેવાં આ વાંદરાંને હાથ અને પગ બન્ને અવયવો જે ખાસ કરી ચોંટવા અને પકડવામાં ખાસ ઉપયોગી છે, એટલે આ પ્રાણીના જીવનને બરાબર બંધ બેસતા આવે છે વાંદરાંના હાથની રચના આપણા હાથની રચના સાથે બરાબર મળતી આવે છે. અંગુઠો બીજાં આંગળાંની સામે આવતો હોવાથી કોઈ પણ વસ્તુને પકડીને ઉંચી કરી શકે છે. તેની સાથે એટલું ખરૂં કે તે હાથ તેઓને ચાલવામાં ઘણી મદદ કરે છે ગોરીલા, ગીબન જેવા પુચ્છરહિત મોટા વાંદરાં અને સપુચ્છ વાંદરાંમાં અંગુઠો બહુ સાધારણ વિકસેલો છે. *જ્યારે કેટલાંક સપુચ્છ વાંદરાને તો અંગુઠો હોતો જ* નથી અથવા તો હોય તો તે નામનો જ હોય છે. ગીબન અથવા હુકુ • માં અંગુઠો તેની પાતળી હથેળીમાં બહુ નીચે આવેલો હોય છે, જે આંગળાંની સામે કે સાથે ગોઠવાયેલો છે; જેથી બનાવી આપે છે કે તે અંગુઠો તેને બહુ ઉપયોગનો નથી. આથી તેનો વિકાસ પણ થયેલો દેખાતો નથી. જ્યારે લેમુરમાં તે બિલકુલ નામનો દેખાવ પુરતો છે. હુકુને આવો સામેને બદલે સાથે આવેલો અંગુઠો એ બતાવે છે કે તેની પાતળી હથેળી અને લાંબાં આંગળાં જ્યારે કોઈ વૃક્ષની ડાળી પકડી લે છે ત્યારે તેનું આખું શરીર આટલી નાની પકડથી પણ આબાદ અદ્ધર લટકાવી શકે છે. અને ઝાલીને ભાગતી વખતે સાથે આવેલો અંગુઠો તેની પકડમાં નડતર રૂપ નથી થતો જો તે સામે આવેલો હોય તો ભરાઈ જવા સંભવ ખરો. *જે અંગુઠા રહિત વાંદરાંની જાતો છે તેઓ વૃક્ષમાં* બહુ સહેલાઇથી ભાગ દોડ કરી શકે છે. અને લેમુરમા અંગુઠો સ્પષ્ટ હોય છે પણ તેની પહેલી આંગળી નાની હોય છે આ એક નવાઈની વાત છે.

પગની રચના પણ હાથને મળતી આવે છે. પગની આંગળીઓ હલીચલી શકે છે તેમાં અંગુઠાની જગ્યા મોટી આંગળી લે છે એ સામે આવે છે એટલે તેના પગ પકડી પણ શકે છે વાંદરાંનું રહેઠાણ વૃક્ષ ઉપર છે એટલે તેના પગ ડાળી પકડી પણ શકે છે. જ્યારે આપણે જમીન ઉપર રહ્યા ત્યારે આપણા પગનો તે ગુણ નાશ પામ્યો. વાંદરાંને પોતાના વ્યવહારમા પગની પકડ અનુકૂળ રહે છે એટલે પ્રકૃતિએ તેઓના હાથપગ અને શરીર રચના આવા પ્રકારના ઉપયોગમાં આવે તેવા રચ્યાં છે. તેમાં જુદી જુદી જાતમાં હાથ પગનો તફાવત દેખાય છે ખરો, આ તફાવત તેઓની વૃક્ષ ઉપર ચઢાઈ કરવાની અને ચઢતી વખતે પકડ લેવાની રીતમાં ફેર પડનો હોવાથી પડે છે. એમાં તદ્દન નજરે ચઢે તેવી જુદી રીત હુકુ અને લેમુરમાં માલુમ પડે છે. તેઓ બન્નેની શરીર રચનામાં પણ ઘણો તફાવત માલુમ પડે છે હુકુ વાંદરાની તાકાતવાળી છાતી, લાંબા હાથ અને ખભા, તેની પાતળી કડ જેવી બાંધાની રચના તેની વૃક્ષમાં ચાલવાની રીત સાથે સંકળાએલી છે. જ્યારે તે ઝડપભેર ભાગતો હોય ત્યારે તેના હાથ ઉપર જ હીંચકી એક ડાળી પકડી બીજીને પણ હીંચકીને પકડી ભાગે છે. આ રીત બીજાં પુચ્છરહિત વાંદરામાં પણ દેખાય છે. જ્યારે લેમુર અથવા કૃમ્બો આવા હાથથી વંચિત છે પણ તેના પગ પુરા વિકાસ પામેલા લાંબા છે. એટલે તેની ભગાઈમાં તે અનુકૂળ છે.

પ્રાણી જગતમાં પુછડું અમુક ચોક્કસ ભાગ ભજવે છે મોટાં વાંદરાંમાં પૂછડું હોતું નથી હુકુ

આપણી માફક ચાલે છે. તે વખતે સમતોલપણું જાળવવા માટે તેને તેના બન્ને હાથ પહોળા કરી ચાલવું પડે છે. કેટલાક વાંદરાંને લાંબી પુંછડી હોય છે જ્યારે કેટલાકને ટુંકો ડાંડો જ હોય છે અને તેવી પુંછડીથી તેઓ સમતોલપણું જાળવી શકે છે. અમેરીકાના સ્પાઇડર મન્કી પોતાની પુંછડીને પાંચમા અંગ તરીકે વાપરે છે અને તેના છેડાથી તેઓ પકડ લઇ શકે છે. આ સાધનથી તેઓ ચાલતાં બેસતાં અને આરામ કરતાં વધારાનો ટેકો મેળવી શકે છે. આપણી બાજુ થતાં કોઈ વાંદરાં આવી રીતે પોતાની પુંછડીનો ઉપયોગ કરી શકતાં નથી.

જેવી રીતે દરેક જાતનાં વાંદરામાં જેમ તેઓની ઝાડ ઉપર ચઢવાની રીતમાં તફાવત છે તેમ ચાલવા તથા દોડવામાં પણ દરેક જાતની જુદી રીત છે. તેમાં પણ ઘુંકુ અને લંગુર ચાલે છે ઘુંકુ જમીન ઉપર કે વૃક્ષની જાડી ડાળી ઉપર ટટ્ટાર ચાલે છે એ વખતે પોતાના આખા તળીયા ઉપર શરીરનું વજન હોય અને સમતોલપણું જાળવવા માટે હાથ પહોળા રાખી ચાલે છે. બીજાં પુચ્છરહિત મોટાં વાંદરા નાનાં હોય ત્યારે એવી રીતે ચાલે છે. જ્યારે વજનદાર થઈ જાય છે ત્યારે ચારે પગે ચાલે છે. એ વખતે હાથના અડધા આંગળા અંદર વાળી દે છે અને પગનાં તળીયાં ઉપર ચાલે છે પણ કોઇક વખત પગનાં આંગળા પણ અંદર વાળી દઈ ચાલતાં દેખાયાં છે.

પાણીમાં તરવામાં વાંદરાં બહુ ચાલાક હોય છે તેમાં ખાસ કરીને આપણે જોઇ ગયા તે માંકડાં પહેલા નંબરમાં આવે છે તેઓનું આખું ટોળું ગરમીના દિવસોમાં નદી નહેરોમાં વૃક્ષ ઉપરથી એક પછી એક ઝંપલાવે છે અને તરીને કાંઠે નીકળી જાય છે આ બધું અવલોકન કર્યા પછી વાંદરાનું અને કુમ્માનું સામાજીક જીવન જોઇએ. તેઓ બચ્ચાંની સંભાળ કેમ અને કેવી રીતે રાખે છે, ખોરાક કેમ કેવો અને ક્યાં શોધે છે કારણ કે ખોરાક એ જીવન ગુજારવા માટેની અગત્યની વસ્તુ છે.

વાંદરાનો અને કુમ્માનો ખોરાક પાંદડાં, કુંપળો, અને ફળફુલનો છે. વાંદરાં બનતાં સુધી શાકાહારી છે એટલે એને ખોરાક ચાવવા માટે અનુકુળ દાંત હોય હોય છે તેની ચાવવાની દાઢો ઉપરથી પહોળી અને પડખે અણીવાળી હોય છે એટલે વનસ્પતિ ચાવવા માટે ઘડાએલી છે. કુમ્મા ખોરાક ખાતી વખતે પોતાની લાંબી અને પાતળી અણીદાર મ્હોનાળ ખોરાક તરફ લંબાવી ખાય છે. જ્યારે વાંદરાં પોતાના હાથથી ખોરાક ઉપાડી મ્હોં આગળ લાવી ખાય છે. તેઓ થોડા વખતમાં ઘણું ખાઇ શકે છે, કારણ કે જંગલી પશુ ઓને ઉતાવળથી ખાવું પડે છે, એવું જ વાંદરાંમાં પણ છે. ઘણી જાતનાં વાંદરાંને થોડા વખતમાં વધુ ખોરાક સંઘરી લેવા સાધન હોય છે. તેમાં માંકડાંને બહુ સહેલાઇથી બનાવી જાય એવી ગાલની નીચે થેલીઓ હોય છે. જેમાં તે પુષ્કળ ખોરાક ભરી દે છે અને પછી ધીમે ધીમે ખોરાક ખાતાં જાય છે. જે વખતે થેલી ખોરાકથી ઠાંસીને ભરેલી હોય ત્યારે થેલીઓ જરાય નડતર બનતી નથી, અને જ્યારે સલામત જગ્યા ઉપર જાય છે ત્યારે નિરાંતે તેમાંથી ખોરાક કાઢી ખાય છે વાંદરા દરેક જાતની વનસ્પતિ સાથે જીવાત કીડા અને કરોળીયાનો પણ ખોરાકમાં સમાવેશ કરે છે વાંદરાં દિવસેજ ખોરાક શોધે છે અને કુમ્મા અંધારી રાતે પણ ખોરાકની શોધમાં નીકળી પડે છે

વાંદરાં બીજાં જંગલમાં વસતાં પ્રાણીઓ સાથે હળી મળીને રહે છે. હરણો અને જંગલી ઢોરો તો વાંદરાંના ટોળાની નીચે જ ફરતાં હોય છે અને જે કુંપળો પાંદડાં કે અડધાં ખાધેલાં ફળો નીચે ફેંકી દે તે તમામ પેલાં હરણો અને ઢોરો ચરી જાય છે પણ ઘાતકી પ્રાણી તેનાં દુશ્મન છે આપણે ત્યાં તેનો કટ્ટર શત્રુ દિપડો છે. જે ક્યાં તો સંતાઈને ચાલ્યા આવતા ટોળા ઉપર હુમલો કરે છે અથવા તો ભાગીને વૃક્ષ ઉપર ચઢવા જતા ટોળા પાછળ ચઢી જાય છે વાંદરાં જેવાં ચાલાક અને ફરતા પ્રાણીને પકડવા જે અજબ ગતિથી દિપડો પાછળ પડે છે કે વાંદરાંના હાંજા ગગડી જાય છે અને તેથી વાંદરાંને આ પ્રાણી તેઓનું પાકું દુશ્મન લાગે છે. એ સિવાય કયારેક દિપડા વાંદરાં રાતનાં ઝાડીના ઉપર આરામ કરતાં તે ઝાડ નીચે જઈ તાકે છે. આ અચાનક હાથવું વાંદરાંનું

નરમ દિલ સહન કરી શકતું નથી અને કોઈક પકડ ઢીલી પડી જવાથી નીચે આવી પડે છે. એ ઉપરથી સમજી શકાશે કે તેઓ બહુ નરમ દિલનાં પ્રાણી છે. અજગર પણ તેઓનો જબરો દુશ્મન છે. વાંદરાનું ટોળું ચાલ્યું આવતું હોય તેની કેડીમાં રોકાઈને ટોળામાંથી એક ઉપર ઝડપ મારી પકડી તેના શરીર આસપાસ ભરડો લઈ ગુંગળાવી નાંખી મારી નાંખે છે. જ્યારે પાણીમાં વસતી મગર પણ તેના માંસ ઉપર હેવાઈ થઈ જવાથી જ્યારે તેઓ પાણી પીવા કિનારે આવે ત્યારે પુંછડાથી ઝાપટ મારી એકાદને પાણીમાં ફેંકી દે છે અને પકડીને અંદર લઈ જાય છે. વાંદરાંની હિંમત આ ઠેકાણે કામ આવતી નથી. બાકી બીજે બધે ઠેકાણે બહુ હિંમત બતાવે છે પણ જ્યાં તેનો શિકાર થતો હોય ત્યાં પણ તેઓ છુપાઈને ભાગવા કરતા હોય છે.

સ્વભાવે તેઓ ગરમ દેશમાં વસવાવાળાં છે છતાં વાંદરાં ઠંડી પણ સખત સહન કરી શકે છે. કારણ કે શિયાળામાં તેઓને ઘાટી રૂંવાટી ઊગે છે અને ઉનાળામાં પાછી તે ઓછી થઈ જાય છે. તેની સાથે તડકાથી બચવા તેઓ ઘાટી વનરાજીનો આશરો શોધે છે. હુકુનો સ્વભાવ સવારની ઠંડીમાં વૃક્ષની ઉંચી ડાળે જઈ તડકામાં બેસવાનો છે પણ બપોરના તેઓ છાંયાવાળી જગ્યામાં ભરાઈ જાય છે.

વાંદરાંનું સ્થળાન્તર ખોરાકની વધઘટ ઉપર ખાસ કરીને આધાર રાખે છે.

વાંદરાં ગળામાંથી ઘણા નવાનવા અવાજો કાઢી શકે છે. છતાં તેઓ એક બીજા સાથે વાતો કરી શકે છે એ માન્યતામાં બહુ વજુદ હોય એમ માનવું ભૂલ ભરેલું છે. અલબત્ત તેઓ પોતાના અવાજથી બીક, આનંદ કે ખીજ બધું બતાવી શકે છે. એક ટોળાની તમામ વ્યક્તિને ભેગી કરવા માટે અને ખબરદારી અને ચેતવણી આપતા અમુક ચોક્કસ પ્રકારની બોલી પણ હોય છે. તે સિવાય ચહેરાના હાવભાવથી પણ તે પોતાને કહેવાનો અર્થ સમજાવી શકે છે. વાંદરાનો પોતાના ટોળાના એક બીજાના શરીર ઉપરથી રૂંવાટી જોવાનો ખાસ સ્વભાવ હોય છે. આ પ્રમાણે રૂંવાટી જોતાં જાય અને કંઈક ફોતરી અથવા મેલ મ્હોંમાં મૂકે છે. સાધારણ રીતે એવી માન્યતા પ્રવર્તે છે કે તેના સાથીના બાલમાંથી જૂ કે ચાંચડ શોધી લઈ ખાઈ જાય છે. પણ જંગલી પ્રાણી આવી જીવાતથી રહીત હોય છે. અને જે ખાય છે તે ચામડીની ફોતરી અથવા તેમાંથી નીકળતો પ્રવાહી જેમાંથી તેઓ ખારાશ મેળવી લે છે. એટલે તેનામાં આ ખાસીયત ખાસ જોવામાં આવે છે. આને આપણે એક બીજા ઉપરનો પ્રેમ પણ ગણાવી શકીએ.

ટોળામાં બંધાવાનું કારણ પ્રજનન છે. તેમાં માદા નરને આકર્ષે અને નરમાદાને આકર્ષે. વાંદરાંમાં કોઈ ખાસ ચોક્કસ મોસમ ઋતુ ઉપર આવવાની નથી; પણ ટોળામાં વસતી કોઈને કોઈ માદા તો ઋતુ ઉપર હોય જ. આ કારણથી તેઓ એક ટોળામાં બંધાયેલાં રહે છે. જો કે એટલું તો ખરું કે અમુક મહિનાઓમાં વધારે માદાઓ ઋતુ ઉપર આવતી હોય છે. માદા આઠ કે નવ મહિના સુધી ગર્ભ ધારણ કરી રાખે છે. એમ લાગે છે કે વાંદરાંના નર બહુ પત્નીમાં માને છે પણ હુકુ તેમાંથી અપવાદ છે. બીજાં વાંદરાંમાં તો જેમ તાકાતદાર નર તેમ તેનો જનાનો મોટો અને મોટો કરવામાં મથ્યો જ રહે છે, અને એક ટોળું બનાવે છે. એમાં વધારો ઘટાડો પણ થાય અને કયારેક એક માદા પણ થઈ જાય. આ બાબતનો આધાર પોતાના સમોવડીયાને મારી હટાવવા ઉપર વધારે રાખે છે. સમોવડીયા હરીફને હરાવીને પોતાનું બળ આસપાસના ટોળાને અને પોતાના ટોળાની માદાઓને બતાવે છે. તેના ટોળામાં તે ફક્ત બચ્ચા નરોને જ આશરો આપે છે. એ સિવાય જુવાન નરની હાજરી તે જરાય સહન નથી કરી શકતો. કોઈક વખત પુખ્ત વયના નરને ટોળામાં સાથે ફરવા રજા મળે છે પણ તેણે ટોળાના સરદારની ધાકમાં જ રહેવું જોઈએ. ટોળામાં રહીને તેનાથી કોઈ માદા સામે ઉંચી નજરથી જોવું ન જોઈએ અને જો છુટ લેવાઈ ગઈ તો પછી ટોળાના સરદારનો માર ખાવા તૈયાર રહેવું જોઈએ.

ઘણી વખત ટોળારહિત એકલોજ નર ફરતા

દેખાય છે. આવો એકાકી નર ઉમ્મરમાં બહુ પાકો થઇ ગયેલો અને શરીર ઉપર પોતાની જુવાનીમાં જીવન મહાલવા માટેની કરેલી મારામારીના ઘા પડેલા જોવામાં આવે છે. પોતાની ઉમ્મર સાથે તેની તાકાત ઘટે અને બીજો નવો જુવાનીયો આવી તકરાર કરી તેને હરાવીને તેના ટોળાની સરદારી લઇ લે છે અને પોતાને એકાકી જીવન ગુજારવું પડે છે. ઘણી વખત આખા ટોળામાં નરોજ ભેળા થયેલા જોવામાં આવે છે. આ નરોના ટોળાને આપણે કાં તો બ્રહ્મચારી અથવા નાગાબાવાની જમાતને નામે ઓળખીએ છીએ. આવી રીતે નરો બહુ જુવાન પણ નહિ ને બહુ તાકાતદાર પણ નથી હોતા. પણ વખત જતાં તેમાંથી એકાદ ટોળાનો સરદાર બની બધાને તાબામાં રાખે છે. અને પ્રજનન કાળ પહેલાં કોઇ ટોળાના નર સાથે માદાના ભોગવટા માટે તકરાર માંડી તેની પાસેથી કાં તો પુરું ટોળું જીતી લે અથવા તો થોડી માદાઓને ખેંચી જાય. એ રીતે નવું ટોળું તૈયાર થાય અને વધારે માંદાઓ ભેગી કરવા હારજીતના દાવ ખેલે. અને એક દિવસ તે પોતાના ટોળાનો અને બચ્ચાંનો હાકેમ બને છે. આવી રીતે બનેલું ટોળું બનતાં સુધી તેને બીજો હરીફ આવી શેહ ન આપે ત્યાં સુધી બંધાયેલું રહે છે અને જો સરખો સમોવડીયો મળી જાય તો અડધી માદાની સંખ્યા તેને સુપ્રત કરવી પડે.

બીજું એક કારણ ટોળાંનું વધવું ઘટવું ખોરાક ઉપર છે. અને દરેક ટોળું પોતાને ફરવા ચરવા માટે અમુક જગ્યાનો ભોગવટો રાખવા માંગે છે. આવી જગ્યાના ભોગવટા માટે પણ ટોળાના સરદારને પ્રતિસ્પર્ધી સાથે યુદ્ધમાં ઉતરવું પડે છે. ગોરીલા અને હુક્કુવાંદરા બહુ લાંબી મોટી જગ્યા રાખે છે. આ જગ્યાની હદમાં બીજું ટોળું આવવા મરજી રાખતું નથી.

વાંદરાને પ્રુખ્ત *વયનાં થતાં કેટલાં* વર્ષો લાગતાં હશે તે સવાલ થયા વિના રહેતો નથી. આ બાબત જંગલી વાંદરા ઉપરથી નક્કી થવી મુશ્કેલ છે. પણ પાળેલાં વાંદરા ઉપરથી કંઇક નિર્ણય ઉપર આવી શકાય છે. જવાબમાં તો એમ જ બતાવી શકાય કે જેમ બુદ્ધિનું પ્રમાણ વધુ તેમ તેને યુવાની આવતાંવારે લાગે. એમાં આપણે સરતન પ્રાણીઓ લઇએ તો માણસની બુદ્ધિ ઘણી વિકાસ પામેલી છે એટલે પંદર વીશ વરસે તે પ્રુખ્ત યુવાન બને છે. હુકુ અને ગોરીલા વાંદરાને ૭ થી બાર વર્ષે યુવાની પ્રાપ્ત થાય. બીજાં વાંદરાને ત્રણ થી પાંચ વરસે યૌવન ફુટે. જ્યારે કુત્તાની બુદ્ધિ બીજાં વાંદરાના પ્રમાણમાં બહુ થોડી વિકસેલી હોય છે એટલે તેઓ બે કે ત્રણ વરસમાં માદાની શોધમાં નીકળી પડે છે.

ઉપરની હકીકતથી એ વિચાર આવે કે બુદ્ધિ અને યૌવન ને શું સંબંધ હશે? યૌવનકાળ પ્રાપ્ત થાય તે પહેલાં જનાવરોએ પુરતો પોતાને રહેવા ખાવા પીવા વગેરેનો અનુભવ લઇ લેવો જોઇએ અને જીવનની જરૂરીયાત જાણી લેવાનો આ કાળ તમે અવલોકન કરશો તો વાંદરાનું બચ્ચું પોતાની સહજ બુદ્ધિથી ઝાડ ઉપર ચઢી જાય પણ તેને તેમાં બહુ સહેલાઇ લાગતી નથી અને બીજાં પુખ્ત ઉમ્મરના સાથીદારોને ચઢતાં અને ઠેકડા મારતાં જોવું જોઇએ. આમ જોઇને તે અનુભવ પ્રાપ્ત કરે છે અને પછી તે બાબતમાં તે નિષ્ણાત થઇ જાય છે. ખાવાની વસ્તુ ઓળખવામાં તથા તેને તોડવામાં પણ બીજાં બહુ. બધી કરતાં બચ્ચું તે કામ બરાબર કરી શકતું નથી. શું ખાવું અને શું ન ખાવું એ પણ અનુભવ વિના જાણી શકાતું નથી માટે જ યૌવનકાળ આવે તે પહેલાં આવી આવી બાબતનો અનુભવ પ્રાણી માત્ર લઇ લે છે. એટલે બચપણ લંબાય છે. એ વખતે અનુભવેલું મોટપણમાં વાપરી શકે છે. એટલે આપણી પછી બુદ્ધિ વિકાસમાં વાંદરાં આવે. એટલે યૌવનકાળ આવતાં તે પ્રમાણમાં તેને વખત લાગે છે.

બચપણનો અનુભવ યૌવનકાળમાં જીવનયુદ્ધ શરૂ કરતી વખતે કામ લાગે છે. વાંદરાનું બચ્ચું ઘણો સમય માતાની દેખરેખ નીચે વ્યતિત કરે છે. જે વખતે માતા તેના બચ્ચાંના અવિચારી કુદકા કે ભાગવાને કડકાઇ સાથે મીઠો ઠપકો આપી સમજાવે છે અને ક્યારેક સજા પણ કરી લે છે. આ સજાથી બચ્ચું ચીચીયારી અને રાડારાડી કરી મૂકે છે. પછી

તેને છાતીએ લગાડી શાન્ત કરે છે. પ્રાણીમાત્રમાં એક કાયદો છે કે પોતાની સંભાળ પોતે જ રાખવી જોઈએ એ મુખ્ય બાબત છે. પોતાની જરૂરીઆતોને પોતે જ પહોંચી વળવું અને પેટનો ખાડો પણ પોતે જ ભરવાનો હોય છે. આ બધું બચપણમાંથી જેમ જેમ ઉમ્મરમાં આવતું જાય તેમ તેમ શીખી લે છે સાથે પછી બચ્ચાની સંભાળ રાખવી એ અને એવી બીજી બાબતો યૌવન પ્રાપ્તિ સાથે પોતાની મેળે જ શીખવી રહી. અને પોતાના બચ્ચાંની સલામતી માટે જીંદગીને જોખમમાં નાખી દે છે અને તેના ભલા માટે નિષ્કામ શ્રમ ઉઠાવે છે. ટોળાનો સરદાર નર વાંદરો પોતાના ટોળાના અનુયાયીઓનો બચાવ કરવામાં જીવન હોડમા મૂકે છે અને ટોળાના કોઈ પ્રાણીને ઘા પડ્યો હોય અથવા અશક્ત થઈ ગયું હોય તો બધા તેની આસપાસ ટોળે વળી બેસે છે. જ્યારે ધાવતાં બચ્ચાં માટે તેની મા પણ આટલું જ જોખમ ખેડે છે.

વાંદરાને મોતની ખબર પડતી હોય એમ દેખાતું નથી. ઘણી વખત મરી ગયેલા બચ્ચાંને તેની મા હાથમાં રાખી ફરતી દેખાય છે, ને ઠેઠ સુકાઈ જાય ત્યાં સુધી તે બચ્ચાને ફેરબ્યાજ કરે છે. બીજાં પ્રાણી મોતને ઓળખે છે પણ વાંદરાં તેને ઓળખી શકતાં નથી. એ ઉપરથી સમજાય છે કે તેઓ પોતાની સહજબુદ્ધિ ઉપર જ વધારે આધાર રાખે છે.

સસ્તન પ્રાણીઓના બે ભાગ કર્યા છે. તેમાં પહેલામાં મનુષ્ય અને પુચ્છરહિત મોટાં વાંદરાં તથા સપુચ્છ વાંદરાનો સમાવેશ થાય છે. જ્યારે બીજામાં કુમ્મા અને તેને મળતાં આવતાં પ્રાણીઓનો સમાવેશ થાય છે હિન્દમાં મનુષ્ય જેવા મોટાં વાંદરાનો અભાવ છે. ગોરીલા અને ચીમ્પાન્ઝીનો વસવાટ આફ્રીકાના જંગલોમાં છે અને ઉરાન્ગઉટાન્ગનો બોર્નીયો અને સુમાત્રા બાજુ છે. અને હિન્દમાં જે એક જ જાત હુક્કુ છે જે આસામ અને ચાગાગોન્ગના જંગલમાં વસે છે. તેની બીજી જાતો થાય છે, પણ આ અહીં વસતી જાતને હુક્કુના નામથી ઓળખવામાં આવે છે. આ હુક્કુમાં બીજાં મોટાં વાંદરાંની માફક પૂંછડી નથી અને તેનાથી હાથ પગ વધારે લાંબા હોય છે.

બીજાં સપુચ્છ વાંદરાંને કૂતરાં જેવાં વાંદરા કહેવાથી તેને પેલા પુચ્છરહિત મોટા વાંદરાંથી જુદાં પાડી શકાય છે. પણ તેમાં એક શંકા ઉભી થાય છે કે કૂતરા જેવાં કેમ ? જો કે તેનામાં કૂતરાને મળતી આવતી કોઈ બીજી રચના નથી પણ તેની ચાલ કૂતરાંને મળતી આવે છે. કારણ કે આવાં સપુચ્છ વાંદરાં કૂતરાં અને બીજાં પ્રાણીઓની માફક ચાર પગે ચાલે છે. આવી રીતે ચાલવાની રીત હોવા અંગે તેના શરીરમાં પણ એવો થોડો ફેર દેખાય છે. આવાં વાંદરાંમાં પેલાં મોટાં વાંદરાનાં જેવાં લાંબા ટુંકા અવયવો નથી પણ લગભગ દરેક તેના માપમાં છે. કેટલાકને લાંબી પુંછડી તો કેટલાકને ટુંકી ટુંકી જ્યારે કેટલાકને તો ઠુંઠું જ હોય છે. લાંબી પુંછડીનાં વાંદરાંનો વસવાટ વધારે ભાગ વૃક્ષ ઉપર હોય છે જે તેઓમાં સમતોલપણું જાળવવા માટે પુંછડી મોટો ભાગ ભજવે છે. આપણે ત્યાં પુચ્છરહિત જાતમાં ફક્ત ગીબ્બન અથવા હુક્કુ છે અને તે સિવાય બીજી હિન્દમાં વસતી કોઈ જાત પુચ્છરહિત છે નહિ.

માંકડું અને લંગુરને ઓળખવા માટે જે નિશાનીઓ છે તેમાં સૌથી વધારે દેખાઈ આવતી તેની બેઠા ઘાટની હડી જેવી મજબુત કાયાને જ્યારે લંગુર ઉંચા પાતળા અને દેખાવદાર ઘાટનાં છે. તે સિવાય આપણે જોઈ ગયા તેમ માંકડાંને ગાલ નીચે થેલીઓ હોય છે જ્યારે લંગુરમા તે હોતી નથી.

હવે કુમ્આમાં જરાય માણસને મળતો દેખાવ નથી જે બીજાં સાધારણ વાંદરાંમાં નજરે ચડે છે. તેની અણીદાર મ્હોંનાળ તેને લોંકડી જેવો દેખાવ આપે છે. તેની બુદ્ધિનો પણ બીજાં વાંદરાંની સરખામણીમા ઘણી ઓછી હોય છે છતાં તેનામાં એટલી બુદ્ધિ નો વિકાસ પામી છે કે તેને સમસ્ત પ્રાણીઓના પહેલા વર્ગમાં લેવું જોઈએ વાંદરાંની જેમ કુમ્આનો અંગુઠો અને મોટી આંગળી પુરી વિકસેલી હોય છે જે તેને સૌથી વધારે કામ આવે છે. જ્યારે કુમ્આના પગના નખમાં બીજી આંગળીમા નહોર હોય છે. અને બીજાં આંગળામાં દરેક નખ પખ્તો હોય છે

આવી રીતનો નહોર બીજાં કોઈ પ્રાણીમાં નજરે ચઢતો નથી આ નહોરથી કુમ્બા પોતાની રૂંવાટીને ઓળાને સાફ રાખે છે અને તેના આગલા દાંત કાંસકી જેવા અણીવાળા હોવાથી રૂંવાટીની સફાઈ બરાબર કરી શકે છે. કુમ્બાની જાતો ઘણી છે, એમાંની હિંદમાં જેને શરમીન્દી બીલ્લી તરીકે ઓળખવામાં આવે છે.

હનુમાન વાંદરાં

લંગુર એટલે હનુમાન, કારણકે આપણે માનીયે છીએ કે જ્યારે હનુમાનજીએ લંકાને સળગાવી ત્યારે તેના પુંછડાને છેડે આગ હોવાથી તેના હાથ અને મોઢું દાઝી ગયાં હતાં એટલે તે કાળાં થઈ ગયાં તે આપણો લંગુર વાંદરો

લંગુર સૌરાષ્ટ્રની ગીરમાં અને ઉત્તર દક્ષિણ ગુજરાત અને અરવલ્લીમાં બહુ સામાન્ય છે. પુખ્ત ઉમરનો મોટો લંગુરનો નર બેથી અઢી ફીટ ઉંચો ત્રણથી સાડાત્રણ ફીટની પુંછડી અને વજનમાં વીશથી પાંત્રીશ શેર થાય છે

હનુમાન વાંદરાના લાંબા હાથપગ લાંબી પુંછડી મ્હોં કાળું હોય છે તેઓનો વસવાટ શહેર ગામડાં અને જંગલમાં પણ છે. માંકડાં કરતાં હનુમાન વૃક્ષનો વાસ વધારે પસંદ કરે છે છતાં કેટલેક ઠેકાણે તેઓએ ડુંગરાળ પ્રદેશમાં પણ વસવાટ કર્યો છે તેમાં પીવા માટે પાણીનું નજીકપણું હોવું ખાસ જરૂરી છે વનની ઘાટી વનરાજી અને તળાવ કે મંદિર આસપાસ નાનાં વૃક્ષમાં ઝુંડમાં પણ વસે છે આ સિવાય ગુજરાતમાં વસનાર તેના રહેઠાણથી કોઈ જ અજાણ્યો નહિ હોય. હિન્દુ સમાજ તો તેને પુજે એટલે તેના તરફ કોઈ આંગળી પણ ઉંચી ન કરે એટલે આપણી આસપાસ વસતા લંગુરની બ્હીક તદ્દન નાબુદ થઈ ગઈ છે. વળી લંગુરનો ખોરાક તદ્દન ફળફુલ અને કુંપળોનો જ છે ક્યારેક વાડીને ખખેડી નાખે છે. પણ માંકડાંની માફક તેનો ત્રાસ કરવા હમેશનો સ્વભાવ નથી અને પોતાનો દમામદાર અને પવિત્ર દેખાવ બતાવે છે. તેઓનો ખોરાક શોધવાનો સમય સવારનો છે. ગરમીના ભાગમાં તેઓ ઘાટી છાયામાં અથવા નાળાને ઓથે આરામ કરે છે અને સાંજ પડતાં તેઓ ખોરાક પાણીની શોધમાં નીકળી પડે છે પોતાના બગીચા ઉપર હમેશાં રાત પડતાં પહોંચી જાય છે અને તેજ બગીચાનો આખું ટોળું હમેશ ઉપયોગ કરે છે સાંજે જે વૃક્ષ ઉપર બધા બેસે છે તે વખતે સારી જગ્યા માટે જ્યાં સુધી આખુ ટોળુ ઉંઘી ન જાય ત્યાં સુધી ખુબ ખુબ તકરાર થાય છે આ તકરાર તેઓ લડી કાપીને માટે નથી કરતાં પણ પાતળી છેડાની ડાળી માટે કરે છે આ તેની સહજ બુદ્ધિથી શિકારી પ્રાણીથી બચવા માટે છે આપણે જોઈ ગયા કે તેનો જાતી દુશ્મન તો દીપડો છે છતાં વાઘને જોઇ જાય તો આખું ટોળું તાબડતોબ ભાગી નીકળે છે આપણે કહીએ છીએ કે બંદરજી હુક હુક એ હુક. તો એક વૃક્ષ ઉપરથી બીજા ઉપર જવા માટે આનંદથી કરેલો અવાજ છે પણ જ્યારે શિકારી પ્રાણી જોઈ જાય ત્યારે ગળામાંથી એવો ઘેરો 'હુક હુક' અવાજ કાઢે છે કે આખી આખા ટોળાને ખબર પડી જાય છે કે આપણા સાથીદારે દુશ્મનને જોયો છે. ત્યાર પછી બીજો વિચાર કર્યા વિના આખું ટોળું કુદકે ને ભુસકે ભાગી નીકળે છે લંગુરની એક ઝાડ ઉપરથી બીજા ઉપર ઠેકડો મારવાની જે અજબ હિંમત અને ચોક્કસપણું છે તે આપણને અચંબામાં નાખી દે છે આ વખતે સમતોલ પણું જાળવવા માટે તેની લાંબી પુંછડી ઘણી કામ લાગે છે અને જમીન ઉપર તો ચારે પગે કુતરાની જેમ ચાલે છે

જ્યારે લંગુર આરામથી બેસે છે ત્યારે તેના ઢેકા ઉપરની કડક ચામડી ઉપર બેસે છે જે ઢેકા કુકુમાં પણ જોવામાં આવે છે પણ અમેરીકાના કોઈ વાંદરામાં આ ઢેકા હોતા નથી. જમીન ઉપર ચાલતી વખતે આખી હથેળીને જમીન ઉપર દબાવીને અને પગના પંજા ઉપર ચાલે છે પેની જમીનથી ઉંચી રાખે છે લંગુર શાકાહારી છે તે તો આપણે જોઇ ગયા, અને તેને પણ થોડા વખતમાં વધારે ખોરાક ખાઇ લેવા માટે જેમ માંકડાંને ગાલ

નીચે થેલીઓ હોય છે તેમ લંગુર એકદમ ખાઇ લે છે અને સીધું પેટમાં ઉતારી દે છે. આમાં તેને બે પેટ હોય છે એમ નિષ્ણાતો કહે છે. જેવી રીતે ગાય, બકરાં વિગેરે પ્રાણીઓને બે પેટ હોય છે. ઘણી વખત લંગુરને ભય લાગી ગયો હોય ત્યારે તે ઉંચે વૃક્ષ ઉપર રહેવાને બદલે નીચે આવી કોઇ જાળામાં કે એવી જગ્યામાં છુપાનવાનું કરે છે. કેટલાકમાં હિંમત ઘણી હોય છે જ્યારે કેટલાક સાવ નરમ દિલના હોય છે. રેલ્વે સ્ટેશન ઉપર ઘણી વખત આખું ટોળું આવી આપણા હાથમાંથી કેળાં વગેરે લઇ જાય છે. અને લાગ મળે તો ઘરમાં ઘુસીને રાંધેલું અનાજ ઉપાડી જાય છે. એક કૌટુમ્બીક ટોળું પોતાને ખાવા માટે અમુક જગ્યા નક્કી કરી રાખતું હોય તો તે શક્ય છે.

લંગુરની માદા પોતાના બચ્ચાંને હવામાં ઉછાળીને પાછી પોતે પોતાના હાથમાં ઝીલી લે છે. આથી અજાણતાં પણ બચ્ચું પોતાના હાથથી ચોંટતાં શીખી જાય છે કૌટુમ્બીક ટોળામાં એક નર કાયમ તેનો જનાનો અને નાના બચ્ચાં અને સાવ નાના બચ્ચાં માદાની છાતીએ ચોટેલાં હોય છે; કેટલીક વખત નરમાદાનાં ટોળાં જોવામાં આવે છે. કોઇ એકલા નરોનું ટોળું જોવામાં આવે છે જેમાંથી જે તાકાતદાર હોય તે તકરાર કરી માદાઓ મેળવે. આવી રીતે હાંકી કાઢવામાં આવેલો નર એકાકી જીવન ગુજારે છે. માદાનું ગર્ભાધાન લગભગ નવ માસ પર્યંત હોવાનો સંભવ છે.

---

*હનુ ઉપરનો મારો લેખ ઓગસ્ટના ૧૯૪૯ના "રમકડું"ના અંકમાં જુઓ.

★



વધુ માહિતી માટે 'વિશ્વમંગલ' માસિકનો અંક મફત મંગાવો

૩૭મી વૈજ્ઞાનિક પરિષદ

અશ્વિન ત્રિવેદી

અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સૌજન્યથી આ વખતે, ૩૭મી વૈજ્ઞાનિક પરિષદમાં હાજર રહેવાનું સદ્‌ભાગ્ય, કેટલાક મિત્રો સાથે, મને પણ પ્રાપ્ત થયું. પરિષદનું સ્થળ પૂના હતું. અને ઉત્સાહી ૨ાઢ વર્ષની બાળકી પૂના યુનિવર્સિટીએ પરિષદને આમંત્રી હતી. પરિષદના વરાએલા પ્રમુખ, કલકત્તાના વિખ્યાત આંકડાશાસ્ત્રી (સ્ટેટીસ્ટીશીયન) ડૉ. મહાનોબીસ હતા.

આવી પરિષદો ભરવાનો મુખ્ય ઉદ્દેશ વૈજ્ઞાનિકોને એકબીજાના સંપર્કમાં લાવવાનો હોઈ શકે; જેથી વૈજ્ઞાનિકો વિચારોની આપલે કરી શકે તેમજ દેશની આગળ ઉપસ્થિત થતા પ્રશ્નોના નિરાકરણમાં વૈજ્ઞાનિકો શું ફાળો આપી શકે તેની ચર્ચા કરી શકાય. હિંદી સરકારના સૌજન્યથી કેટલાક જગવિખ્યાત પરદેશી વૈજ્ઞાનિકો પણ આ વર્ષે પધારેલા હતા. આ પ્રમાણે દેશ-પરદેશની વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ સંગઠીત કેવી રીતે થાય તેના પણ માર્ગદર્શનો મેળવવાનો લાભ પરિષદને મળ્યો.

ગોખલે અને તિલકના સ્મરણોથી પૂન્ય બનેલ ફર્ગ્યુસન કોલેજમાં પરિષદના મુખ્ય ભાષણો રાખવામાં આવ્યાં હતાં પ્રતિનિધિઓને અગીઆર રૂપીઆની ટીકીટ આપવામાં આવે છે. આ ટીકીટ દેખાડવાથી ભાષણો સાભળવા સારી જગ્યાએ બેસી શકાય, અને મુખ્ય ભાષણો વિગેરેની નકલો મળી શકે. સ્થાનિક જનતાને ઓછા હક વાળી વિદ્યાર્થી ટીકીટો કે વધુ મોંઘી અને સમાન હક વાળી સ્વાગત સમિતિના સભ્યની ટિકીટો આપવામાં આવે છે. પરંતુ પૂનામા કોઈક કારણે પ્રતિનિધિ ટીકીટની મોટી સખ્યા, સ્થાનિક જનતામાં વેચાઇ ગઇ હતી. અમારા જેવા મોડા પડેલા પ્રતિનિધિઓને ટીકીટ મેળવવા માટે, સ્થાનિક કચેરીની જુદી જુદી શાખાઓએ, પીંગપોંગના દડાની માફક અથડાવ્યા. છેવટે પરિષદના જનરલ સેક્રેટરી ડૉ. સંજીવરાવના સૌજન્યથી બધાને ટીકીટ મળી. ટીકીટો માટેના આ ધસારાનું કારણ પૂનાની જનતાની વૈજ્ઞાનિક ભાષણો સાંભળવાની આતુરતા ન હતું, પરંતુ પરિષદ ખુલ્લી મુકવાને આવનાર મુખ્ય પ્રધાન જવાહરલાલ નહેરૂને સાંભળવાની ઉત્સુકતા હતી. નાના મોટા દરેક પ્રસંગે રાજકીય નેતાઓને દબાણપૂર્વકના આમંત્રણ, પછી તે કોલેજનો વાર્ષિક ઉત્સવ હોય કે વૈજ્ઞાનિક પરિષદ હોય–આપણી રાજકીય પ્રૌઢતા (Political maturity)માં અંતરાય રૂપ છે, અને એ નેતાઓને જ માનસિક અકળામણ ઉપજાવે છે. આવા આમંત્રણો પાછળ કદાચ સંસ્થાને કે વ્યક્તિઓને આર્થિક ફાયદો થાય એ ભાવના પણ ઊંડી ઊંડી રહેલી છે. પરિષદનું ઉદ્‌ઘાટન કરતાં પંડીત જવાહરલાલ નહેરૂએ આ વસ્તુ ઉપર બે સખત શબ્દો કહ્યા.

જ્યાં સુધી વૈજ્ઞાનિકો નિસ્પૃહી નહિ બને, પરસ્પર વિરુદ્ધ માર્ગદર્શન દેશને આપવાનું નહીં મૂકે, અને સરકારી નોકર કે કમિટીના સભ્યો થવાનો મોહ નહી છોડે, ત્યાં સુધી વૈજ્ઞાનિકો દેશની પુનર્રચનામાં પોતાનો યોગ્ય ફાળો નહીં આપી શકે એમ તેમનું માનવું હતું.

પરિષદના વરાએલા પ્રમુખ, ડૉ મહાનોબિસે 'આંકડાશાસ્ત્ર શા માટે?' એ વિષય ઉપર ભાષણ આપ્યું સામાન્ય રીતે ઘણાની એવી માન્યતા હોય છે કે આંકડાશાસ્ત્ર એટલે ગપ્પાં. પરંતુ કેટલાક પ્રશ્નો એવા હોય છે કે તેનો નિકાલ માત્ર આંકડાશાસ્ત્રી જ લાવી શકે દાખલા તરીકે આવતા વર્ષે દેશને અનાજ આયાત કરવું પડશે કે નહિ તેનો જવાબ જાણવા માટે (૧) દેશમાં કેટલો પાક થવાનો સંભવ છે અને (૨) દેશની વસ્તી વધીને કેટલી થશે તે જાણવું જોઈએ આ બને પ્રશ્નોનો સંતોષકારક જવાબ મેળવવો ઘણું અઘરું છે, અને આંકડાશાસ્ત્રી જ આવા પ્રશ્નોના જવાબ આપી શકે. આવી જાતના પ્રશ્નોના નિરાકરણ માટે સરકારે યોગ્ય આંકડાશાસ્ત્રીનું એક બોર્ડ નીમવું એમ તેમની સલાહ હતી. ઘણા વખત પહેલાં શંકરના અઠવાડિકમાં એક કટાક્ષચિત્ર જોયું હતું. એમાં લોકસભાના પ્રતિનિધિઓ પ્રધાન પાસે 'મને કમિટીમાં નીમો', એમ યાચના કરતા હતા. આપણે ત્યાંના ઘણા મોટા

વૈજ્ઞાનિકોને પણ આજ પ્રકારનો મોહ છે. કોઈ પણ દેશમાં જ્યારે અગત્યના રાજકીય, સામાજીક વિગેરે ફેરફારો થતા હોય, ત્યારે આ ફેરફારો માટે સ્વતંત્ર અને જરૂર પડે તો કડવા અભિપ્રાયો આપનારાની બહુ જ જરૂર છે. વૈજ્ઞાનિકો જો સરકારી અસર અને આગ્રહથી દૂર રહે તો જ આવા અભિપ્રાય આપવા પૂરતી નિષ્પક્ષતા દાખવી શકે.

આ વખતના સંમેલનની એક વિશિષ્ટતા પૂનાથી થોડે દૂર આવેલ 'નેશનલ કેમીકલ લેબોરેટરી'નું ઉદ્‌ઘાટન હતું. ઔદ્યોગિક, સંરક્ષણ, ખેતી અને અન્ય જીવન વ્યવહારમાં આવી પડતા પ્રશ્નોના નિરાકરણ માટે આપણી સરકારે દેશમાં જુદા જુદા વિષયની પ્રયોગશાળાઓ ઉભી કરવાનું નક્કી કર્યું છે. આમાંની એક 'નેશનલ કેમીકલ લેબોરેટરી' પૂનાથી થોડે દૂર કુદરતના બહુ સુંદર દૃશ્યો વચ્ચે ઉભી કરવામાં આવી છે. એના વડા સ્ટેનફોર્ડ યુનિવર્સીટીના રસાયણના પ્રોફેસર અને જગવિખ્યાત વૈજ્ઞાનિક ડૉ. જેમ્સ માકબેઇન નિમાયા છે. આ પ્રયોગશાળાની ઉદ્‌ઘાટનક્રિયા પંડીત નહેરૂએ કરી. આ પ્રસંગના ટુંકા ભાષણોમાં વિશિષ્ટ પ્રો. માકબેઇનનું ભાષણ હતું. વૈજ્ઞાનિક સંશોધન માટે પ્રયોગશાળાની જરૂરિયાત તો છે જ; પણ કદાચ આના કરતાં વધુ જરૂરિયાત ભવિષ્યના વૈજ્ઞાનિકોમાં સત્યનો આગ્રહ, પ્રયોગોનો શોખ, નિસ્પૃહીતા અને ઉદ્યોગીપણું કેળવવાની છે. આ સમારંભમાં આપણા ચંદ્રશેખર રામને પણ એમની લાક્ષણિક શૈલીમાં ટુંકું ભાષણ કર્યું. નાની ટેકરીઓ, હરીયાળી જમીન, વીગેરે કુદરતને ખોળે બેઠેલી આ પ્રયોગશાળાના કાર્યકરો, કુદરતની માફક સતત ધીરજથી અને નિસ્પૃહી રહીને કામ કરશે એવી એમણે આશા વ્યક્ત કરી.

આ વખતના સંમેલનની વિશિષ્ટતા પરદેશ અને સ્વદેશના કેટલાક પ્રતિનિધિઓના લોકપ્રિય (Popular) ભાષણો હતાં. આમાં અમેરિકાના ડૉ. કોમ્પટનનું 'એટોમેક શક્તિનું પ્રથમ ઉત્પાદન' એ એક હતું. એમની તલસ્પર્શી વાણી, બોલવાની છટા, વૈજ્ઞાનિક તરીકે અને ખાસ કરીને અમેરિકાના એટોમિક કમીશનના પ્રમુખ તરીકેના તેમના વિશાળ અનુભવે, આ ભાષણને રોમાંચિત બનાવ્યું. આવા ભયંકર શસ્ત્રને અસ્તિત્વમાં લાવ્યા પહેલાં સ્વભાવથી શાંતિપ્રીય વૈજ્ઞાનિકોને ઉંડા મનોમંથન કરવાં પડયાં હશે. ડૉ. કોમ્પટન અને બીજા સાથીદારોનું એમ માનવું હતું કે એટમ બોમ્બ ફેંકવાથી યુદ્ધનો જલ્દી અંત આવશે, અને એનો ઉપયોગ કર્યા વિના, યુદ્ધનો અંત લાવવા માટે મુખ્ય ટાપુઓ ઉપર હવા, દરીઆ, અને જમીનથી આક્રમણ કરવું પડશે. જે ભીષણતા અને બહાદુરીથી જાપાનીસ સૈનિકો લડી રહ્યા હતા એ ઉપરથી એટલું તો સ્પષ્ટ હતું કે વધારે સાધન સંપન્ન અમેરિકાને અંતે વિજય તો મળત જ, પરંતુ એ વિજય મેળવ્યા પહેલાં લાખો અમેરિકનો અને જાપાનીઝના લોહીથી પૃથ્વી રંગાત. એટમ બોમ્બ વાપરવાની જરૂરીઆત આપણને વ્યાજબી લાગે કે નહીં, તો પણ આ વિચારબિન્દુમાં સત્યાંશ રહ્યો છે તે તો સૌ કોઈ કબુલ કરશે. ડૉ. કોમ્પટન એવી રસિક શૈલીથી બોલતા હતા કે પળવાર તો શ્રોતાજનોને જાણે આ ફુટ પ્રશ્નનો જાતે જ નિકાલ કરવાનો હોય એમ લાગેલું.

અમેરિકાના 'નેશનલ બ્યુરો ઓફ સ્ટેન્ડર્ડ'ના વડા ડૉ. કોન્ડનનું ભાષણ પણ સરસ હતું. ઈંગ્લાંડના કે આપણા દેશના સમર્થ વૈજ્ઞાનિકોને મુકાબલે, અમેરિકાના વૈજ્ઞાનિકોની વાણી, શૈલી વિગેરે એટલું લોકગ્ય હોય છે કે એમના ભાષણો શ્રોતાજનોને સમજવામાં બહુ સરળ પડે છે અને એથી એવા ભાષણોમા વધુ રસ ઉત્પન્ન થાય છે. જે સંસ્થાના પોતે વડા છે તેના કાર્ય વિષે, તેમણે સરસ ખ્યાલ આપ્યો. એક સરળ દાખલો લઈએ તો બે જુદા જુદા કારખાનામાં બનાવેલા સ્ક્રુના દોરા સરખા નથી હોતા. કોઈ યંત્રમાંથી એકાદ સ્ક્રુ પડી જાય અને એ જ કંપનીના સ્ક્રુ ફરી ન મળી શકે તો મુશ્કેલી ઉભી થાય છે. આવી, રોજના ઉપયોગમાં આવતી અનેક વસ્તુઓ, ભિન્ન ભિન્ન કંપનીઓ ભિન્ન ભિન્ન માપની

ઉત્પન્ન કરે છે. આ બધી વસ્તુઓ એક સરખા માપની ઉત્પન્ન કરવામાં આવે તો ઘણો બચાવ થાય. 'નેશનલ બ્યુરો ઑફ સ્ટેન્ડર્ડ્ઝ' આવી રોજની ઉપયોગની વસ્તુઓના 'માપ' મુકરર કરે છે અને સરકારની મારફત બધી કંપનીઓને આજ માપની વસ્તુઓ બનાવવાનો આગ્રહ રાખે છે આવી જાતના કાયદાઓ પસાર કરાવવામાં અનેક મુશ્કેલીઓ રહેલી છે. પરંતુ આપણા દેશમાં જ્યાં પ્રાંતે પ્રાંતે, જીવનની અત્યંત જરૂરિયાતની વસ્તુઓના જુદા જુદા માપને (દાખલા તરીકે શેરનું માપ, મણના શેર) લીધે અનેક મુશ્કેલીઓ ઉભી થાય છે ત્યાં આવી જાતની સંસ્થાઓની ઘણી જરૂર છે અમેરિકા જેવા આગળ વધેલા દેશમાં પણ આવી સંસ્થાઓના કાર્યક્ષેત્ર વિષે કેવું અજ્ઞાન હોય છે તેનો તેમણે સરસ દાખલો આપ્યો. ડૉ. કોન્ટન જ્યારે પહેલ વહેલા, પોતાની હોટલમાંથી નોકરી ઉપર જવા નીકળ્યા ત્યારે ટેક્સી ડ્રાઈવરને નેશનલ બ્યુરો ઑફ સ્ટેન્ડર્ડઝની કચેરીએ લઈ જવા કહ્યું અમેરિકા જેવા લાંબા વખતથી લોકશાહી પચાવેલા દેશમાં ટેક્સી ડ્રાઇવર પણ 'તત્વજ્ઞાની' હોય છે. ટેક્સી ડ્રાઇવરે એમને કહ્યું, 'વાહ સાહેબ, હવે તમારા લોકોએ બધું મૂકીને નૈતિક બાબતોમાં સ્ટેન્ડર્ડાઇઝેશન કરવું જોઇએ.'

બીજા ભાષણોમાં, પ્રો. હરમન માર્કસના, ઓક્સફર્ડ યુનિવર્સિટિના સર રોબર્ટ રોબીનસનના, પ્રો. જોલીઓ અને મેડમ ક્યુરીના, પ્રો. રીડબેકનાં ભાષણો મનનીય હતાં. પરંતુ આ બધાં ભાષણોથી નવી જ ભાત પાડતું, તો લંડનયુનિવર્સિટિના પ્રખ્યાત વૈજ્ઞાનિક અને કોમ્યુનિસ્ટ પ્રોફેસર બર્નાલનું 'વિજ્ઞાનનો ઇતિહાસ' વિષેનું ભાષણ હતું.

...વિજ્ઞાનની શરૂઆત પૂર્વમાં થઇ. પૈડું, હથિયાર, દારૂગોળો વિગેરે અનેક શોધો પહેલ વહેલી હિંદ, ચીન, અરબસ્તાન વિગેરેમાં થઇ એમ માનવાને આપણી પાસે સબળ કારણો છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિએ, પૂર્વના દેશો, ખાસ કરીને હિંદ અને ચીન, તે સમયે બહુ આગળ પડતા હતા. ત્યાર પછી ખાસ કરીને હિંદમાં સમાજના જુદા જુદા ભાગલા પડી ગયા જેથી પોતાને બુદ્ધિશાળી ગણાવતા વિદ્વાનો અને રાજકીય નેતાઓ, મજૂરી કરનાર વર્ગને નીચો લેખવા લાગ્યા. વિજ્ઞાનના વિકાસ માટે ઉચ્ચ પ્રકારની બુદ્ધિ ઉપરાંત જાતે કામ કરવાની, અને કારીગર શક્તિની (Mechanical Aptitude) પણ જરૂર છે. ગમે એવો બુદ્ધિશાળી માણસ પણ માત્ર પુસ્તકો વાંચીને કે મનન કરીને મોટી પ્રયોગાત્મક શોધો કરી શકે નહિ વિજ્ઞાનની મોટી મોટી સિદ્ધાંતની શોધો પણ આખરે તો વિજ્ઞાનના પ્રયોગો ઉપર જ આધાર રાખે છે. મજૂરી કરનારની અવગણના કરવાથી આપણે ત્યાં વિજ્ઞાનની પ્રવૃત્તિઓ અટકી ગઈ. સમાજ ઉપર રાજકીય અને ધાર્મિક નેતાઓના વર્ચસ્વે એવી સમાજરચના કરી કે જેમાં વિજ્ઞાનનો વિકાસ થાય નહિ. લગભગ આવાં જ કારણોથી એક વખતના સમૃદ્ધ રોમમાં પણ પડતી આવી હતી આપણે જો વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓ પૂરેપૂરી ખીલવવી હોય અને આ પ્રવૃત્તિઓનો દેશને લાભ આપવો હોય તો સામાન્ય પ્રજામાં-સુથાર, લુહાર, ખેડૂત, મજુર વિગેરેમાં વૈજ્ઞાનિક વિચારો ફેલાવવા જોઇએ અને એમની પાસેથી આપણે કામ કરતાં શીખવું જોઇએ. વિજ્ઞાનની શોધો સામાજીક જીવનમાં મોટો ફેરફાર કરે છે એમ આપણે જાણીએ છીએ, આ સત્ય છે. પરંતુ, યોગ્ય સામાજીક રચના વૈજ્ઞાનિક પ્રગતિ માટે એટલી જ જરૂરી છે.

પૂના શહેર એટલે જ્ઞાનનું ધામ. ખાસ કરીને સંસ્કૃત સાહિત્યના ઉંડા અભ્યાસ માટે પૂનામાં સરસ સંસ્થાઓ છે એ ઉપરાંત યુદ્ધની સામગ્રી બનાવવાનું કારખાનું, લશ્કરી છાવણી અને તેને અંગેની સંસ્થાઓ અને એવી બીજી અનેક જાતની સંસ્થાઓ પૂનામાં છે. પરંતુ અમને તો સૌથી વધુ રસ, પૂના પાસે આવેલા ખડકવાસલાના 'હાઇડ્રોડાઇનેમિક' સંશોધન સ્ટેશનમાં પડ્યો. આ સંસ્થામાં પાણીના વહન

અંગેના પ્રશ્નોનો અભ્યાસ કરવામાં આવે છે. નદી, નહેર, બંદર કેમ ખિલવી શકાય, અને તેમનો વધુમાં વધુ ઉપયોગ કેમ કરી શકાય તેના અભ્યાસ માટે કૃત્રિમ પ્રતિકો (Models) બનાવવામાં આવે છે. અમે કલકત્તાની હુગલી નદીનો, સક્કર બેરેજનો, મદ્રાસના બંદર વિગેરેના પ્રતિકો જોયાં. આ પ્રતિકોમાં, પાણીની જૂદી જૂદી જગ્યાની ઉંડાઈ, વહેણની ગતિ, અસલના જેટલીજ કૃત્રિમ રીતે રાખવામાં આવે છે. એટલે અમજો રૂપીઆ ખર્ચીને બંદર નહેરની યોજનાઓ અમલમાં મૂકવા પહેલાં આવા પ્રતિકોના અનુભવથી માર્ગદર્શન મેળવી શકાય.

આ મહાન વૈજ્ઞાનિક પરિષદનું વાતાવરણ મનમાં અનેક વિચાર જગવતું હતું. અમે નવી શ્રદ્ધા સાથે ત્યાંથી પાછા ફર્યાં.

❊

નેપચ્યૂન એસ્યોરન્સ કું૦ લિ૦

* જિંદગી
* આગ
* મોટર
અને
* અકસ્માતના
વીમાનું કામ
લેવામાં આવે છે.

[સ્થપાઈ–૧૯૩૦]
ચાલુ કામ
રૂા. ૪,૫૦,૦૦,૦૦૦
વાર્ષિક આવક
રૂા. ૨૦,૦૦,૦૦૦
કુલ અસ્કયામત
રૂા. ૭૫,૦૦,૦૦૦
એજન્સી અને બીજી માહિતી માટે લખો.
નેપચ્યૂન એસ્યોરન્સ કું. લિ.

: હેડ ઓફિસ :
નેપચૂન બિલ્ડીંગ, હોર્નબી રોડ, ફોર્ટ, મુંબાઈ.

અમદાવાદ બ્રાંચ :
પાંચકૂવા, દરવાજા સામે, અમદાવાદ.

શારીરિક શ્રમ

ભૂપતરાય મો. દવે

શ્રીમંત લોકોમાં દિનપ્રતિદિન શારીરિક શ્રમની મહત્તા ઘટતી જાય છે એ એક દુઃખદ બીના છે. સુખી કુટુંબની કેટલીક કન્યાઓ અને મોટી ઉંમરની બેનો ઘરકામ કરવામાં નાનપ માને છે. શાકભાજીથી ભરેલી થેલીનો ભાર ઉપાડવામા તેઓને થાક લાગે છે. થોડું ચાલવાનું હોય ત્યાં કંટાળો-થાક અનુભવે છે. આટલી બધી નાજુકાઈને લીધે સુખી કુટુંબની કન્યાઓની તથા મોટી વયની બેનોની તબીઅત-આરોગ્ય નબળું રહે છે જેથી નાના મોટા અનેક દર્દો તેઓના શરીરમાં ઘર કરી બેસે છે. પરિણામે જીવનભર દવાના ટેકાથી જીવવાનો પ્રયત્ન કરે છે.

આવી જ સ્થિતિ આજના યુવાનોની છે. આજનો યુવાન માયકાંગલો, કેડમાંથી નમી ગયેલો અને અકાળે વૃદ્ધ જેવો દેખાય છે. આ સ્થિતિએ પહોંચવાનાં અનેક કારણો છે. ખાસ કરીને તેઓ પણ શારીરિક શ્રમની મહત્તાને સમજી શક્યા નથી.

ગામડાંઓમા રહેતા લોકો ઘરકામ પોતાની મેળાયે કરે છે. જેથી તેઓની શારીરિક સ્થિતિ ઉત્તમ પ્રકારની હોય છે. વહેલી સવારે ઉઠીને કન્યાઓ તથા મોટી વયની બેનો પાણી ભરવા કૂવે જાય છે. ઘરકામ કરે છે. લુગડાં ધુએ છે. વાસણ સાફ કરે છે ઘરની અંદર કચરો સાફસુફી કરે છે. ઘરમાં લોટ દળવાની ઘંટી હોય છે તો ઘંટીએ અનાજ દળીને લોટ તૈયાર કરે છે. આવાં આવા તો અનેક કાર્યો તેઓને સવારથી સાંજ સુધીમાં કરવાનાં હોય છે. પરિણામે તેઓને પૂરતા પ્રમાણમાં શારીરિક શ્રમ મળવાથી ગામડામાં રહેતા લોકો વધારે મજબૂત, ખડતલ અને તંદુરસ્ત રહે છે.

જ્યારે શહેરી જીવનમાં લોકો સવારથી તે સાંજ સુધી માનસિક શ્રમ કરતા જોવામાં આવે છે. ઘર-માટે ભૈયા-બાઈ રાખવામાં આવે છે. પાણી ભરવાનું, વાસણ માંજવાનું, લુગડાં ધોવાનું કે ઘરમાંથી કચરો કાઢવાનું વગેરે કામ ભૈયો કે બાઈ કરે છે. આથી આપણે પાંગળા બની ગયા છીએ. એક દિવસ ઘર-કામ કરવાનું હોય તો પણ આપણે કરી શકતા નથી. ફરજીઆત કામ કરવાનું થાય છે તો બીજે દિવસે આપણી તબિયત લથડી જાય છે. આ કરુણ સ્થિતિ શહેરી જીવન જીવનારાઓની છે.

આ પ્રમાણે લાંબો સમય ચાલશે તો આજની ઉગતી પ્રજા નબળી પડશે અને ટુંકા આયુષ્ય ભોગવશે અને હિંદનું યૌવન ધન અકાળે વેડફાઈ જશે.

ભારત સ્વતંત્ર બન્યું છે. ભારતની પ્રજા માયકાંગલી રહે એ ભારતને કલંકરૂપ છે. દરેક વ્યક્તિએ શારીરિક શ્રમની મહત્તા સમજી લેવાની ખાસ જરૂર છે. દિવસભરમાં થોડો સમય શારીરિક શ્રમ કરવાની સૌ કોઈએ ટેવ પાડવી જોઈએ.

શારીરિક શ્રમ કરવાના અનેક માર્ગો છે. કોઈ ક્રિકેટ ખેલે છે, કોઈ વ્યાયામશાળામાં જઈને કે ઘરઆંગણે દળવી કે ભારે કસરતો કરે છે. કોઈ સવારે કે સાંજે દોડવાનું કે ચાલવાનું પસંદ કરે છે. કોઈ ઘરકામ કરીને શારીરિક શ્રમ મેળવે છે, કોઈ સૂર્યનમસ્કાર કરે છે. કોઈ ઘંટીએ દળવાનું કે કુવામાંથી પાણી ખેંચવાનું પસંદ કરે છે. કોઈ બાગની સાફસુફી કરે છે. છોડવાઓને પાણી પાય છે. આવા આવા અનેક માર્ગો શારીરિક શ્રમ કરવાના છે.

જેણે શારીરિક શ્રમ નથી કર્યો તેણે પોતાને હાથે પોતાના આરોગ્યનો નાશ કર્યો છે. એમ માની લેવું જોઈએ. બેનોએ શારીરિક શ્રમની મહત્તા ઘટાડી છે ત્યારથી તેઓનું શરીર સ્વાસ્થ્ય નીચે ઉતરતું ગયું છે. ઘર-કામ કરવાની ટેવ તજી દીધી છે ત્યારથી બેનોની તંદુરસ્તી ખલાસ થઈ છે. શરીર ઉપર ખોટી ચરબીના થર જામતા જાય છે. પેટના કેટલાક રોગો ગેસ, કબજીઆત, પાંડુરોગ, પથરી, સંધીવા, અનિયમિત માસીક, લોહિવા, હરસ, વંધ્યત્વ, હિસ્ટીરીઆ વગેરે રોગો બેઠાડુ જીવનનું પરિણામ છે.

ખેડુતની કે મજુરવર્ગની સ્ત્રીને કે કન્યાને ભાગ્યે જ કોઈ રોગ થાય છે એનું કારણ એ છે કે તેઓનું જીવન શ્રમમય છે. એ લોકોએ શારીરિક શ્રમનો

મહિમા જાણ્યો છે. તેથી જ તેઓ વધારે તન્દુરસ્ત અને ખડતલ જોવામાં આવે છે. આપણે તેઓના જીવનમાંથી પ્રેરણા લેવી જોઇએ.

જે લોકોએ શારીરિક શ્રમની કિંમત જાણી છે. અને જીવનમાં ખુબ જ મહત્ત્વ આપ્યું છે તેઓ પોતાના દરેક કાર્યમાં સફળતા મેળવે છે. તેઓ ભાગ્યે જ બિમાર પડે છે. તેઓને ટાઢ તડકો નુકશાન નથી કરતા. તેઓને મીઠી ભૂખ લાગે છે. તેઓના શરીરમાં એક પ્રકારની શક્તિ-તાજગી ઉભરાય છે. જેથી તેઓના શરીરમાં કોઇપણ રોગ નથી દેખાતો.

આપણે સૌ જાણીએ છીએ કે તંદુરસ્તીનો મુખ્ય આધાર સ્વચ્છ લોહી પર છે. સ્વચ્છ લોહી મેળવવા માટે ઉમદા ખોરાક, સતેજ જઠર અને શુદ્ધ હવા પાણી વગેરેની ખાસ જરૂર છે. આ ઉપરાંત શરીરને શ્રમની આવશ્યકતા છે. શારીરિક શ્રમ કરવાથી શ્વાસોશ્છ્વાસ ખૂબજ વધે છે. અશુદ્ધ હવા નાકદ્વારા બહાર નીકળે છે. ફેફસામાં પુષ્કળ તાજી પ્રાણવાન હવા ભરાય છે. જેથી ફેફસાં વિશાળ અને તાકાતવાળાં બને છે. જઠરાગ્નિ સતેજ, અને શરીરના દરેક અંગ ચપળ તેમજ સશક્ત થાય છે. જીવનશક્તિ વધે છે. કબજીયાત દૂર થાય છે તેમજ શરીર બળવાન સ્નાયુબદ્ધ ને ખડતલ બને છે.

શારીરિક શ્રમની મહત્તા જાણ્યા પછી સૌ કોઇએ વિચારવું ઘટે કે એકલા માનસિક શ્રમથી આરોગ્ય નહિ સચવાય. એશઆરામ અને ટાપટીપમાં કલાકો ગાળવાથી કે પૈસાથી તન્દુરસ્તી ખરીદી નહિ શકાય ગાદી-તકીએ બેસીને કે મોટર ગાડીમા ફરવાથી શરીર સ્વાસ્થ્ય મેળવી નહિ શકાય.

શારીરિક શ્રમની મહત્તા તો સૌ કોઇએ પીછાણવી પડશે ભલે તે શ્રીમંત હોય કે ગરીબ હોય, ભલે તે મોટો વેપારી હોય કે સામાન્ય કારકુન હોય, ભલે તે ધીખતી પ્રેકટીસ કરનાર ડોકટર હોય કે સામાન્ય મજૂર હોય, ભલે પ્રોફેસર હોય કે સામાન્ય શિક્ષક હોય, ભલે તે આલેશાન બંગલામાં રહેતો સુખી માણસ હોય કે ઝુંપડીમાં રહેતો તદ્દન સામાન્ય માણસ હોય, ભલે શેઠાણી હોય કે સાધારણ બાઇ હોય, સૌએ પોતાના શરીરને તન્દુરસ્ત રાખવા માટે શારીરિક શ્રમ કરવો જોઇએ.

ગમે તેવા કપરા સંજોગોમાં પોતાનો માર્ગ શોધી, આફતોનો સામનો કરી જીંદગીને સફળ બનાવવા માટે શારીરિક શ્રમની મહત્તાને આપણે આપણા દૈનિક જીવનમાં વણી લેવી જોઇએ. આટલું થાય તો જ જીવન ધન્ય બને •

ઓલ-ઇંડિયા-રેડિયો મુંબઇથી તા. ૧૪-૨-૫૦ ને રોજ થયેલ વાર્તાલાપ. ઓલ-ઇંડિયા રેડિયોના સૌજન્યથી.

❋

સ્ટોકીસ્ટ—કંચનલાલ વાડીલાલની કું.
પ્રીન્સેસ સ્ટ્રીટ, મંગલદાસ રોડ, મુંબઇ ૨

મૂર્તિકાર : એક રૂપકથા

લેખક : વિ. સ. ખાંડેકર
અનુ : ગોપાળરાવ વિદ્વાંસ

નાનકડા કિરણના એવા વર્તનથી સહુને નવાઈ થતી. બાપુજીની આંગળીએ વળગીને મંદિર જતો, પણ ત્યાં ઘંટ-ટોકરો વગાડવાની હઠ તે કદી લેતો નહિ. બીજા દર્શનાર્થી ભક્તો મૂર્તિ સામે હાથ જોડીને ઊભા રહેતા-તે જોઈ તે હસી પડતો. પોતે કદી પણ પગે લાગતો નહિ, પણ ઊભો ઊભો બસ દેવની મૂર્તિ સામે તાકી જ રહેતો. પિતાજીને લાગતું કે છોકરો નાસ્તિક થશે. હાથ પકડીને તે તેને પગે લગાડવા મહેનત કરતા તો મૂર્તિ સામે ખોડેલી દૃષ્ટિ ફેરવ્યા વિના જ કિરણ કહેતો, 'ભગવાનની મૂર્તિ બહુ સુંદર દેખાય છે, ખરું બાપુજી?'

કોઈપણ દિવસ ફળિયામાં કોઈ જાર-બાજરો કે કઠોળ સૂકવ્યાં હોય અને કોઈ નાનકડી ચકલી આનંદમાં આવી કૂદતી કૂદતી એ ખાવા માડે તો કિરણ કદી તેને હાંકી ન મૂકતો; એકી ટસે તે તેનું કમનીય દૃશ્ય જોઈ રહેતો. બાને કહેવા માંડતો: 'તું આ જો તો ખરી, બા!' બા ગુસ્સામાં આવી જવાબ આપતી: 'જોવું એ તો! તારાં તે કાંઈ લખ્ખણ છે? એમાં શું જોવું 'તું?' કિરણ હસતો હસતો કહેતો: 'બા! આમ ડોક વાંકી રાખીને ચકલી ખાય છે ત્યારે કેવી રૂપાળી દેખાય છે!'

ધીરે ધીરે કિરણ જરા મોટો થયો. માટીનાં તેણે રમકડાં બનાવવા માંડ્યાં. કૂતરું, વાછડી, બેડાંવાળી પનિહારી, હળ હાંકતો ખેડૂ, દૂધ દોહતી બા, કંઈ કંઈ બનાવતો. પાન કાપીને એની નાની નાની આકૃતિઓ બનાવવામાં તે ખૂબ કુશળ બન્યો. ગામનાં નાનાં બાળકો કિરણ ફરતાં ફરી વળતાં. 'કિરણ મને કૃષ્ણ ભગવાન કરી દેને!' 'કિરણ! મને એક મજેનો નાગ બનાવી દેને! ફેણ બરાબર બનાવજે હોં!' દરેક બાળક કાંઈ ને કાંઈ રમકડું માગતું.

છોકરો આવા ધંધા કરતો અટકી જાય, બીજાં બાળકો પેઠે એ પણ ઢોર ચરાવવા જાય, ખેતરમાં કામે લાગે, એટલા માટે કિરણના બાપે ઘણી મહેનત કરી પણ બધું નકામું ગયું. સામે મોટો ખડક આવી પડે તો પણ નદીનો પ્રવાહ એથી અટકીને પાછો ઉગમસ્થાને થોડો જ કદી જાય છે? આવી ટેવને લીધે છોકરો જતે દહાડે ભીખ માગતો થશે એવી બાપને બીક લાગવા માંડી. બીકમાંથી ક્રોધ તો જન્મે જ; એમાં વળી વિવેકવિચાર તો હોય જ શાનો? કિરણે બનાવેલું એક સુંદર સસલું ગુસ્સામાં આવી બાપે ઘા કરી ફેંકી દીધું. ભીંત સાથે અફળાઈ સસલાના ટુકડેટુકડા થઈ ગયા. એ ટુકડા એકઠા કરી પાસે બેસી કિરણ ઘણીવાર સુધી રડ્યા કર્યો. આખો દિવસ તેણે ખાધુંપીધું પણ નહિ.

છોકરાની આ ઘેલછા પાસે બાપને નમતું આપવું પડ્યું. તેણે મનમાં બંધ વાળ્યો: 'ભગવાનની મરજી હશે તો આ ગાંડપણમાંથી જ કદાચને એનાં ભાગ્ય કેમ ન ઊઘડે? કાળમીંઢ પથ્થર જેવા દેખાતાં કાળાં વાદળાંથી વીજળીનાં તેજ પાથરનારો મારો વાંસો એને ભૂખ્યો નહિ જ સુવાડે!'

કિરણની કલાના વિકાસમાં હવે કોઈ રુકાવટ રહી નહિ. કિરણના યૌવનપ્રવેશ સાથે એ પણ પૂરબહારમાં ખીલી નીકળી. કળી ખીલીને સુંદર ફૂલ બને તેમ કિરણ એક કુશળ શિલ્પી બન્યો.

પણ ગામડાના ધૂળના ઢેફાં અગર તો પથ્થરના ટુકડામાંથી તો ગામડિયો ખેડૂત જ પેટનું ગુજરાન પેદા કરે. શ્રમજીવીને માટે ધરતી માતાતુલ્ય બને તોપણ કલાકારને તે પોતાના ખોળામાં રાખી સુખી કરી શકતી નથી. કોઈ સંગીતજ્ઞ બહેરાઓના દેશમાં જાય અને આઠે પહોર મધુર આલાપોથી સંગીત રેલાવ્યા જ કરે, તેવી દશા ગામડામાં કિરણની પણ થઈ.

કીર્તિની પેઠે જ સંપત્તિ મેળવવાનો રાજમાર્ગ પણ હંમેશાં શહેરની દિશામાં જ જાય છે. પોતાની કલાની કદર થાય એ માટે કિરણ રાજધાનીમાં આવ્યો. શહેરના મોટા મોટા લોકોને બારણે જઈ ભિખારી પેઠે તે ઊભો રહ્યો, તેને દેખીને બધાં દરવાજા ધડાધડ બંધ કરવામાં આવતા! વારંવાર કરવાં પડતાં જાહેર વ્યાખ્યાનોમાં વાપરવાના ઠાલા શબ્દપ્રયોગો શોધવામાં મુત્સદ્દીઓને બીજા કશાની નવરાશ નહોતી. અમીર

કરેલું તાંણું સોનાને ભાવે કેમ કરી વેચવું તેની ચિંતામાં ને ચિંતામાં વેપારીઓ અસ્વસ્થ હતા. શ્રીમંતોને નર્તિકાઓને નાજુક હાથે અર્પાતા અમૃત કટોરા આડે આગળ એક ડગલુંય કશું દેખાતું નહોતું

ચિડાઈને કિરણ રાજમહેલ તરફ વળ્યો; પરંતુ ત્યાં પણ તેને નિરાશા જ સાંપડી. વૃદ્ધ મહારાજની નવપરિણીત તરુણ સુંદર રાણી કોઈ અજ્ઞાત રોગથી બેચેન થઈ ગઈ હતી.

કિરણને વીજળી તૂટી પડ્યા જેવું થયું. પેટમાં ભૂખના ભડકા સળગી રહ્યા હતા; હૈયાનો કણેકણ તેમાં શેકાઈ રહ્યો હતો.

ગાંડાની પેઠે તે નગર બહાર નીકળી ગયો. એક કેડીને રસ્તે તેણે ચાલવા માંડ્યું. ચાલતો ચાલતો નદીકિનારે પહોંચ્યો. સામે ગાઢું જંગલ પથરાયલું હતું. એ જંગલમાં તેણે પ્રવેશ કર્યો, દૂર જતા નદીનો એક ઊંડો ઝરો તેની નજરે ચડ્યો. ગળે મોટો પથરો બાંધી એમાં ડૂબી મરવાનું મન થઈ ગયું. પથરો શોધવા માટે તેણે આસપાસ નજર ફેરવી બાજુમાં એક મંદિર ખંડેર બની ગયું હતું. મંદિર બહુ પુરાણકાળનું હોય એમ લાગતું હતું. આસપાસ ચોમેર પથરાના ઢગલા વેરાયલા પડ્યા હતા. કિરણ એ મંદિર તરફ ગયો. પણ ત્યાં તો એ પથરાઓમાંથી કેવી સુંદર મજેની મૂર્તિઓ બની શકે એવો વિચાર એના મગજમાં સ્ફુર્યો. એ વિચાર સાથે તે પોતાની જાતને ભૂલી ગયો. જાણે તેને મન વિચાર થઈ આવ્યો: કાળ ભગવાન પોતાને લઈ જવા સામે આવી ઊભા રહ્યા હોય તો પણ તેમને કહી દેવું: 'ભગવાન! જરા ઊભા રહો! અમાંથી એક તમારી સુંદર મૂર્તિ ઘડી કાઢું પછી મને લઈ જજો!' પણ તુરત તે પોતાની જાત પર જ ચિડાયો. સાથે જકડી રાખનારા લાગણીના કોમળ પાશોને તડોતડ તોડી નાખી દોટ દઈને ઝરાને કાંઠે જઈ ઊભો રહ્યો. અંદર કૂદી પડતા પહેલાં ઈશ્વરનું સ્મરણ કરવાને ઈરાદે તેણે આંખો મીંચી, પણ તેમાં તેને કોઈ દેવની મૂર્તિનાં દર્શન ન થયાં. તેને બદલે નાનપણમાં પાન કોતરીને બનાવેલી જાતજાતની આકૃતિઓ, અને પથ્થર તથા માટીમાંથી બનાવેલાં તરેહ તરેહનાં રમકડાં તેની કલ્પનાચક્ષુ સામે ખડાં થયાં. બાપુજીએ ફેંકી દઈને ટુકડા ટુકડા કરી નાખેલું સઘળું જાણે કરુણાજનક નજરે પોતા સામે તાકી રહ્યું હોય એવો તેને ભ્રમ થયો. ઘડીવારમાં વળી દૃશ્ય બદલાયું. ચોળીને ડૂચો કરી નાખેલાં ફૂલો; ટુકડેટુકડા કરી નાખેલાં બાળકોનાં બાવલાં! એ સઘળાં દૃશ્યો જોવાનું તેને માટે અસહ્ય બન્યું દુઃખના એ ડુંગરને ઝરાને ઠેઠ તળિયે પહોંચાડી દેવા તેણે પગ ઊંચક્યો.

× × ×

હાથ પકડી કોઈ પોતાને પાછું ખેંચી રહ્યું છે એમ કિરણને લાગ્યું. એ એક વનકન્યા હતી; શામળવર્ણો એનો દેહ હતો. લજ્જા રક્ષણ પૂરતું જ એક નાનકડું વલ્કલ માત્ર એણે કેડ ફરતું વીંટ્યું હતું. પણ એનો આકાર–એ દેહયષ્ટિ કેવી સુરેખ–કેવી પ્રાણભરી હતી!

કિરણમાં રહેલો મૂર્તિકાર–શિલ્પી તુરત જાગ્રત થયો. તેની સામે જોઈ પ્રસન્ન બની તે હસી રહ્યો. સામે વનકન્યાએ પણ સ્મિત કર્યું. એ સ્મિતમાં જાણે અરુણોદય અવતર્યો છે–જાણે વનસમગ્રની વેલીઓ પર ઉઘડેલાં સઘળાં સુગંધી પુષ્પોનો પરાગ એકત્ર થઈ મઘમઘી રહ્યો છે એવો મૂર્તિકારને ભાસ થયો.

કિરણના બંને હાથ પકડી ફરી વનકન્યા હસી રહી. થોડીવાર એ હાથ છોડી દઈ એ બોલી: 'અમે તો જંગલમાં વસનારાં કહેવાઈએ. અહીંની અમારી માલીકીની સઘળી સુંદર ચીજો શહેરના મોટા ગણાતા માણસોને માટે સખ્તાઈથી–જોરજુલમથી લઈ જવામાં આવે છે. ઘણીવાર તો સમજાવવા એક ફૂલ પણ બાકી નથી રાખતા. પણ નાગરિકો અમારાં ફૂલો ભલે લૂંટી જાય, એ ફૂલોએ પઢાવેલા પાઠ અમે વનવાસી લોકો કદી ભૂલી જતાં નથી. ફૂલ ભગવાનની મરજીથી ખીલે છે; એની મરજીને લીધે જ એ કરમાઈ પણ જાય છે. એને ચોળી નાખવાનો માનવીને કશો હક નથી. એમાં શાપ છે, મહાપાપ રહેલું છે!'

કોઈ રેતીના રણમાં અકસ્માત કલ્પલતા પ્રગટી નીકળે, એવા એના બોલ કિરણને લાગ્યા એણે એ વનકન્યા પ્રત્યે એક સ્નિગ્ધ દૃષ્ટિપાત કર્યો. એ ખંડેર બનેલા મંદિરની આસપાસ વેરાઈ પડેલા પથરાઓ પર નજર ફેરવી. અને પછી વનકન્યાનો હાથ પકડી તેને કહેવા લાગ્યો: 'હું કોણ છું તું જાણે છે?'

મંદ વાયુ લહરીથી કમળકળી સહેજ કંપાયમાન થાય તેમ વનકન્યાએ ડોક ફેરવી સવાલ કર્યો

'તમે કોણ છો?'

'હું માનવી છું!'

'અહ...'

દરમાંથી સળવળ કરતો વેગભેર બહાર નીકળતો સર્પ બાળક જે કૌતુકભરી-સભય દૃષ્ટિથી જોઈ રહે, એ દૃષ્ટિ હવે એ વનકન્યાના નેત્રોમાં ઉભરાતી જણાઈ. એના બંને ખભા ઝાલી તેને હલાવીને કિરણે કહ્યુ: 'હું એક મૂર્તિકાર-શિલ્પી છું તારી એક એવી તો સુંદર મૂર્તિ ઘડવાનો છું કે—'

'મારી કે' આંખો ફાટી વચ્ચે જ એ બોલી ઊઠી 'મૂર્તિ તો ભગવાનની જ બનાવાય—'

'હા, તેથીજ તો હું તારી મૂર્તિ કોતરવાનો છું એનું નામ શું રાખીશ, ખબર છે?'

'એક માડી જંગલી છોકરી—'

'ના રે ના! પ્રીતિદેવી એનું નામ રહેશે! એ સુંદર મૂર્તિ કોતરાઈ રહેશે ત્યારે શહેરના બધા લોકો એ દેવીને દર્શને આવશે, મોટું જાત્રાનું ઠેકાણું થઈ પડશે. અને અહીં આવેલા લોકો તારા જેવી વનકન્યા જોઈને જંગલમાં રહેનારા ભોળા-સરલ માનવીઓ પર પોતે કેવો ઘોર અન્યાય કરી રહ્યા છે એનો ખ્યાલ પામશે, અને પછી—'

કિરણનો એ બોલ સાંભળતા સાંભળતાં વનકન્યાને કોઈ પર્વત શિખરેથી નીચે કુંડમાં કૂદી પડતા નિર્મળ જળનું સ્મરણ થઈ આવ્યું કિરણ પોતાની કલાના દિગ્વિજયનાં સ્વપ્નાં નિરખવામાં મસ્ત બન્યો હતો વનકન્યાને એની કલાનો કશો ખ્યાલ પણ નહોતો છતાં એ એની સ્વપ્નસૃષ્ટિ સાથે તદાકાર બની, નાનપણમાં તે જેમ પતંગિયાં પાછળ સ્વચ્છંદે દોડી જતી, તેમ હવે તે કિરણનાં સ્વપ્નાં પાછળ દોડતી-ગાતી ચાલી દોડતાં દોડતાં તે થાકી ગઈ. આંખો મીંચી દઈ એણે પોતાનું મસ્તક એના ખભા પર ધરી દીધું

× × ×

કિરણે પ્રીતિદેવીની મૂર્તિ ઘડીને તૈયાર કરી એ મૂર્તિની આંખો બંધ હતી લજ્જારક્ષણને ખાતર એણે કમરની આસપાસ આડાઅવળાં થોડાં થોડાં કમલપત્રો ગૂંથ્યાં હતાં એના પગ પાસે એક સર્પ ફેણ ઊંચી કરી રહ્યો હતો એના પગ તરફ જોતાં જ થઈ જતું હમણાં જ આ દેવી નૃત્યનો આરંભ કરશે એના પ્રથમ પહેલા પદન્યાસ સાથે જ એ કાળુસર્પ ક્યાંય દૂર નાસી જશે!

એ જીર્ણ મંદિરની પાર્શ્વભૂમિ પર પ્રીતિદેવીની એ મૂર્તિ શોભી રહી એક દહાડો શહેરના એક મોટા મહાવિદ્યાલયના છાત્રો વનવિહાર અર્થે નદીકાંઠે એ ઝરા પાસે આવ્યા માર્ગદર્શન અર્થે તેમના અધ્યાપક-આચાર્ય પણ સાથે જ હતા સંશોધક તરીકે આચાર્યની આખા દેશમાં ભારે ખ્યાતિ હતી એ મૂર્તિ એમણે જોઈ મૂર્તિ બહુ તાજેતરમાં ઘડ્યા જેવી દેખાતી હતી છતાં તે અતિ પ્રાચીન હોવી જોઈએ એમ એની સ્વરૂપરચના પરથી આચાર્યશ્રીની ખાતરી થઈ સૂક્ષ્મ નિરીક્ષણને અંતે તેમણે એ મૂર્તિ સતી પાર્વતીની છે એમ નક્કી કર્યું. એ મૂર્તિના સૌંદર્ય રહસ્યનું પૃથક્કરણ કરી શિષ્યોને સમજાવતી વેળા આચાર્ય ખીલી ઊઠ્યા તેમણે કહ્યું. 'પ્રેમ આંધળો હોય છે, માટે આ મૂર્તિની આંખો મીંચેલી છે। પ્રેમની ખાતર સતીએ અસાધારણ ગરીબાઈનો સ્વીકાર કર્યો, એના દ્યોતક ચિન્હ તરીકે શિલ્પકારે કમલપત્રોના સાવ રાંકડા આવરણ સિવાય મૂર્તિને શરીરે બીજું કશું આભૂષણ દાખવ્યું નથી. મૂર્તિના પગતળે દાખવેલો આ કાલસર્પ મૃત્યુનું પ્રતિક છે પ્રીતિ મૃત્યુ પર વિજય હાંસલ કરે છે માટે—'

વનવિહારમાંથી શહેરમાં પાછા ફરતાં જ આચાર્યશ્રીએ સતીની એ મૂર્તિ વિષે પાંડિત્યભર્યાં વ્યાખ્યાનો આપવા માંડયાં. એમના વકતૃત્વથી ઘેલી બનેલી માનવમેદની ટોળે વળી એ મૂર્તિનાં દર્શનાર્થે વન પ્રદેશના પેલા ખંડેર દેવાલય પાસે ભીડ કરવા લાગી.

પોતાના આવા પ્રિયકર વિષેના અભિમાનને ભારે વનકન્યાનું અંતઃકરણ દબાઈ ગયું. પોતાના પ્રેમીનું પહેલું સ્વપ્નું સત્ય સૃષ્ટિમાં સાકાર બન્યું હતું. એનાં બીજાં સ્વપ્નાં પણ આજ રીતે સાચાં પડશે, એની કલા વનવાસીઓનો ઉદ્ધાર કરશે, એ વિચારે એનું શરીર પુલકિત બન્યું. એ જીર્ણ મંદિરની આસપાસ અંધકાર પોતાનું સામ્રાજ્ય જમાવતો ત્યારે કિરણ એનું ચુંબન લેતો. એ વેળા વાયુલહરી પણ સાંભળી ન જાય એટલા મૃદુ અવાજે તે તેને પૂછતી: 'કિરણ! સ્વર્ગ કયાં હોય છે? પુરુષોના હોઠમાં, એમના બાહુપાશમાં કે એમના હૃદયમાં?'

આચાર્યનાં વિદ્વત્તાભર્યાં વ્યાખ્યાનોનાં વખાણ વૃદ્ધ મહારાજ તેમજ તેમની નવપરિણીત રાણીને કાને પહોંચ્યાં. રાણીના રોગનું નિદાન હજુ થયું ન હોતું. મહિનાઓથી પલંગમાં પડયાં પડયાં તે કંટાળી ગઈ હતી. એ સતીની મૂર્તિનાં દર્શન કરવાની પોતાની ઇચ્છા રાણીએ મહારાજ પાસે પ્રગટ કરી. જંગલના એ શાંત, એકાંત સ્થળે એને આરામ પડશે એમ માનીને મહારાજે રાણીની દર્શનની ઇચ્છા માન્ય રાખી. સતીની મૂર્તિનાં દર્શને જે દહાડે રાણી ગઈ તે દહાડે નદીના રસ્તા પગનો સઘળો વહેવાર-સઘળી રાહદારી બંધ કરી દેવામાં આવી હતી.

રાણી નદીને કાંઠે પહોંચી ત્યારે વનકન્યા પ્રીતિદેવીની પૂજા કરતી હતી. એ મૂર્તિને જોતાં જ રાણીને લાગ્યું: પોતાનું સદાય માંદું રહેતું મન જે શોધી રહ્યું છે તે આજ પોતાને સાંપડયું છે. આજસુધી પોતે જે પ્રીતિદેવીની આરાધના કરતી હતી તે શરમથી નીચું જોઈ રહેતી હતી, વસ્ત્રાલંકારોથી એણે પોતાના દેહને ઢાંકયો હતો, કાલસર્પને દેખી તે ભયથી થરથરતી હતી. ખરેખર,.. આજસુધી પોતે કોઈ બીજી જ દેવીનું ધ્યાન ધર્યા કર્યું હતું. પોતાની જાતનો જ ઉપહાસ કરતી હોય એમ રાણી બોલી ઊઠી: 'ગાંડી, ગાંડી છો તું!'

પણ એ શબ્દો કાને પડતાં જ પૂજા કરી રહેલી વનકન્યાએ પાછું વાળી જોયું. હીરામાણેકથી ઢંકાયેલી એ અપ્સરા સમી સ્ત્રીને કિરણની ઘડેલી મૂર્તિ ખૂબ ગમી ગઇ છે એમ જણાતાં જ તે દોડતી પોતાની ઝૂંપડીએ પહોંચી. કિરણનો હાથ ઝાલી તેણે તેને ત્યાં ખેંચી આણ્યો.

'આ મૂર્તિના શિલ્પકાર આ રહ્યા!' એમ રાણીને કહેતી વનકન્યાને મન સ્વર્ગ બે હાથ પણ દૂર નહોતું રહ્યું!

અનિમિષનેત્રે રાણી કિરણ તરફ જોઈ રહી. એની સ્થિર ખોડાયેલી નજર જોતાં જ વનકન્યાને દીવાની જ્યોતિ તરફ નિશ્ચલ ભાવે તાકી રહેલી નાગણનું સ્મરણ થઇ આવ્યું.

આખરે રાણીએ ઉદ્‌ગાર કાઢયા: 'સુંદર માનવી જ સુંદર મૂર્તિઓ ઘડી શકે છે, ખરું?'

કિરણ જવાબમાં માત્ર હસ્યો.

રાણીએ કહ્યું: 'મૂર્તિકાર! મારી તમને એક પ્રાર્થના છે—'

'પ્રાર્થના નહિ, રાણીજી! આજ્ઞા કરો—'

'ગમે તે ગણો. પણ તમારે મારી ઇચ્છા પૂરી કરવી પડશે. આવી જ એક મારી પ્રતિમા... હું સદાય માંદી રહ્યા કરું છું, એટલે તમારે મારી પ્રતિમા કરવા માટે મહેલે આવીને રહેવું પડશે. મારી ખાતર......'

રાણીની પ્રતિમા ઘડવા માટે કિરણ વનકન્યાની રજા લઈ જંગલ છોડી પાછો શહેરમાં આવ્યો. વનકન્યાની વિદાય લેતી વેળા તેણે તેના કાનમાં કહ્યું: 'રાજાની માનીતી રાણીનું મને કામ મળ્યું છે. એને મનગમતી એની પ્રતિમા તૈયાર થાય એટલે હું એની પાસે બીજી કોઇ માગણી કરવાનો નથી. આજસુધી તમ વનવાસી લોકો પર જે અન્યાયો થયા કર્યા છે

તે સઘળા દૂર કરી દેવાની જ હું માગણી કરીશ—'

× × ×

દિવસો ઉપર દિવસો પસાર થતા ચાલ્યા પણ કિરણ શહેરમાંથી પાછો ન ફર્યો. 'કલા તો મન-મોજી હોય છે' એ તેના શબ્દો સંભારી વનકન્યા પોતાના મનને મનાવતી. હજુ એને હાથે ધાર્યા જેવી રાણીની પ્રતિમા ઘડાઈ નહિ હોય; સતત મારું જ સ્મરણ થયા કરતું હશે, એટલે એને કામ કરવું પણ ગમતું નહિ હોય! તે પ્રીતિદેવી પાસે જઈ પ્રાર્થના કરતીઃ 'હે માતાજી! કિરણને મારું જરાય સ્મરણ ન થાય એવું કરજે!'

× × ×

રાણીની આબેહૂબ સુંદર પ્રતિમા ઘડી કાઢવા માટે આજે કિરણનું શહેરમાં ભારે સન્માન થવાનુ છે એવા ખબર એક દહાડો વનકન્યાને કાને પહોંચ્યા. હર્ષથી તે નાચી રહી. જંગલનાં સુંદરમાં સુંદર ફૂલો વીણી લાવી એણે એનો એક મજાનો પુષ્પગુચ્છ બનાવ્યો. જમવા રોકાય તો મોડું થાય એ વિચારે એ પુષ્પગુચ્છ સાથે ભૂખી જ રાજનગરને માર્ગે ચાલી નીકળી!

બીડમાંથી ઊંચું માથું કરી વનકન્યા ઉત્સુકતાથી જોવા લાગી. એક ઊંચા વ્યાસપીઠ ઉપર વૃદ્ધ મહારાજ, તેમની જુવાન રાણી અને મૂર્તિકાર કિરણ ત્રણ જ જણ બેઠા હતાં. રાજકવિ કિરણની કલાનું વર્ણન કાવ્ય ગાઈ રહ્યા હતા, પણ એ કાવ્યના શબ્દો તરફ રાણીનું જરાય ધ્યાન નહોતું એ વનકન્યા તુરત જોઈ શકી. કિરણે એક વાર રાણી પ્રત્યે ચોરીને કટાક્ષ ફેંકી લીધો, તે તેના ધ્યાન બહાર રહ્યું નહિ. પોતાને કોઈ જાણે ધગધગતા લોઢાના ડામ થઈ રહ્યું છે એમ તેને લાગ્યું. તેની ભૂતકાળની સ્મૃતિ જાગ્રત થઈ આવી કિરણ પોતાની તરફ પણ આવી જ નજર ફેંકતો હતો તે તેને યાદ આવ્યું. તે મૂંઝાઈ રહીઃ તેને શરીરે કંપારી છૂટી

મૂર્તિકારનું સન્માન કરવાની શરૂઆત થઈ. વૃદ્ધ મહારાજે કિરણના કંઠમાં એક મોટો રત્નહાર પહેરાવ્યો

પછી રાણી એક પુષ્પહાર લઈ ઊભી થઈ એ હારની પહેલાં પોતાનો પુષ્પગુચ્છ કિરણને અર્પણ કરવાની તીવ્ર લાલસાવાળી વનકન્યાના દિલમાં જાગી તીરની પેઠે એ ઓરડીમાંથી વેગભેર આગળ ધસી. 'કિરણ! કિરણ!' કહેતી તે ઠેઠ વ્યાસપીઠ નજીક જઈ પહોંચી.

રાણીએ ગુસ્સામાં તેના તરફ જોયું ક્રોધભર્યા અવાજે તેણે રક્ષકોને આજ્ઞા કરી· 'કોઈ ગાંડી છોકરી અહીં દોડી આવી લાગે છે! દૂર કરો એને બાજુપર લઈ જાઓ!'

રક્ષકોએ વનકન્યાને કાંડે પકડી ખેંચી; તેઓ તેને દરવાજા તરફ લઈ ચાલ્યા. આશાભરી નજરે તેણે પાછળ જોયું. કોઈ નહિ તો છેવટ કિરણ પોતાને ઓળખી જશે, એવો આછો વિચાર તેના મગજમાં ઘૂમતો હતો.

પાછી વાળેલી નજરે તેણે જોયું· રાણીના પુષ્પ હારનો સ્વીકાર કરવા માટે કિરણ પોતાનું શિર ઝુકાવી રહ્યો છે. મુત્સદ્દીઓ, વેપારીઓ. પૈસાદારો, સહુ હાથમાં હાર સાથે કિરણનો સત્કાર કરવા ઊભા થઈ રહ્યા છે.

તેણે ચીસ પાડીઃ 'ઢોંગી-લુચ્ચો-લંપટ!'

રાજ વસેલી આમ જનતાએ હમદર્દી દાખવી. 'બચારી કોઈ ગાંડીઘેલી લાગે છે!'

★

અ. મ. રા.

વીરધર્મની વાતો–ભા. ૨

[લે. 'જયભિખ્ખુ'; પ્ર. ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ; મૂલ્ય અઢી રૂપિયા]

વીરધર્મ એટલે મહાવીર–જૈન–ધર્મના ગ્રંથોમાંની છ કથાઓને તેના આત્માને હાનિ પહોંચાડયા વિના, પણ કલ્પના વિહાર અને ભાષાવિલાસનો તથા આજની વાર્તાકલાનો આશ્રય લઈ 'જયભિખ્ખુ' એ પોતાની રીતે આ પુસ્તકમાં રજૂ કરી છે. પહેલી વાર્તામાં તીર્થંકર મલ્લિનાથના પૂર્વજીવન ને ત્યાગની, બીજીમાં ભરત ચક્રવર્તીની બેન સુંદરીના વાસના-વિજય અને તપની, ત્રીજીમાં લડયા વિના દિલ્હીના પાદશાહને ગુજરાતનો મિત્ર બનાવનાર મંત્રીશ્વર વસ્તુપાલ અને એ બાબતમાં તેની પ્રેરણાદેવી બનનાર તેની પત્ની લીલાદેવીની, ચોથીમાં પાટલિપુત્રની ઉત્પત્તિની, પાંચમીમાં ભગવાન મહાવીર અને માતા દેવાનંદાની અને છઠ્ઠીમાં સુવર્ણકાર કુમારનંદીના ભોગ અને ભોગોપરામની કથા કહેવાઈ છે. છેલ્લી સિવાય બધી વાર્તાઓમાં સાધુચરિત સ્ત્રીપાત્રોની સુવાસ લેખકે સારી મહેકાવી છે. તપ ને ત્યાગનો બોધ આપતી ધર્મકથાઓ 'જયભિખ્ખુ'ની લખાવટને પ્રતાપે રસિક વાર્તાઓ બની શકી છે.

ગાંધી કાવ્ય સંગ્રહ

[સં. વિનોદ મો. ગાંધી; પ્ર. રમણલાલ સોની, શરદ કાર્યાલય, મોડાસા; મૂલ્ય, ત્રણ રૂપિયા.]

ગાંધીજી પર લખાયેલાં કાવ્યો અને ગીતોનો આ સંગ્રહ છે. કુલ સવાસો કાવ્યો અહીં સંગ્રહાયાં છે એમાં મેઘાણી, સુંદરમ્, ઉમાશંકર જેવા સિદ્ધ કવિઓથી માંડી સંપાદક જેવા શિખાઉ કવિઓ સુધીના સૌની રચનાઓ છે. કાવ્યોનો મોટો ભાગ ગાંધીજીના અવસાન પછી લખાયેલ છે. થોડાંક કાવ્યો ગાંધીજીની હયાતી દરમ્યાન તેમને અંજલીરૂપે લખાયેલાં હોય એવાં છે. બધી રચનાઓમાં કાવ્યગુણ એક સરખો નથી, ન જ હોય, પણ ગાંધીજી પ્રત્યેનો લાગણીભીનો ભક્તિભાવ તો બધીમાં દેખાય છે. પસંદગીનું ધોરણ કડક બનાવવાની જરૂર હતી. કાવ્યોનું મુદ્રણ અક્ષમ્ય બેકાળજીભર્યું થયું હોઈ સખ્યાબંધ અશુદ્ધિઓ જ્યાં ને ત્યાં નજરે ચડે છે, જે આ પ્રકાશનની કિંમત ઘટાડી દેશે.

ટારઝન: ખોવાયેલું સામ્રાજ્ય

[અનુ. શાંતિ ના. શાહ; પ્ર. રવાણી એન્ડ કં. કલબાદેવી રોડ, મુંબઈ–૨; મૂલ્ય ત્રણ રૂપિયા.]

ટારઝને ડૉ. વૉન હરમનના પુત્ર એરીચનો પત્તો કેવી મુસીબતો વચ્ચે અને કેવાં સાહસો કરીને મેળવ્યો એની, તથા એ નિમિત્તે જંગલમાં સૈકાઓ વરસથી રહી યુરોપ ને વર્તમાન જગતથી સાવ કપાઈ ગયેલા રોમનોના નાનકડા સામ્રાજ્યની કથા અંગ્રેજીમાંથી અનુવાદિત થયેલી આ ટારઝનની કલ્પિત જંગલકથામાં કહેવાઈ છે. જંગલ–કથાના ને સાહસકથાના શોખીનોને એ ગમશે.

ટારઝનના સાથીઓ:

[અનુ. પિ. રા. ભારદ્વાજ અને શાંતિ ના. શાહ; વિક્રેતા ભારતી સાહિત્ય સંઘ, અમદાવાદ; મૂલ્ય, ત્રણ રૂપિયા.]

માણસની સુધરેલી દુનિયામાં પત્ની અને બાળક સાથે રહેતા ટારઝનને રશિયન રોકોફનાં કરતૂકોને લીધે કેવી રીતે પાછા આફ્રિકાનાં જંગલોમાં વનેચર થવું પડયું અને પોતાના પશુસાથીઓ અને હબસી મિત્રની સહાયથી કેવી રીતે રોકોફ સામે વેર લઈ તે પત્ની સાથે લંડન પહોંચ્યો તેની કથા આમાં આવે છે. વનમનુષ્ય મટી સંસ્કૃત માનવી બનેલા ટારઝનને આવું વસ્તુ યોજી ફરી જંગલમાં ધકેલી તેની પાસે પરાક્રમો કરાવવાનું ટારઝનપ્રેમી જંગલકથા રસિકોની પ્રસન્નતા અર્થે મૂળ લેખકે ઈચ્છયું છે.

છે. જ્યોતિની પુરોપ ફરી આવેલી બાળવિધવા નાની બેન છાયા બનેવી નવરંગને સુધારવા જતાં તેના પ્રત્યે આકર્ષાય છે. દાંભિક લગ્નજીવન જીવી રહેલાં જ્યોતિ અને નવરંગ છૂટાછેડા લે તો નવાં લગ્નથી જ્યોતિ અને પ્રેમળનું અને છાયા તથા નવરંગનું એમ બે સુખી પ્રેમી જોડાં રચી શકાય એવી અનુકૂળતા આથી ઊભી થઈ. આમ છતાં, લગ્નના ફારસથી છૂટાછેડાથી જ્યોતિ છે તેજ સ્થિતિ ચાલુ રાખી, સમાજ ને કાયદા સામે પડકાર ફેંકતી (એક રીતે કારુણ્ય મર્મ) નફટાઈથી પોતાના બંગલાને પાંજરાપોળ નામ આપી પોતપોતાને ગમતી રીતે પ્રેમવ્યવહાર કરવાનો માર્ગ લે છે. નાટકના આવા અંતમાં લગ્ન અને સ્ત્રીપુરુષના સંબંધ પરત્વેની ચાલુ 'અનાવડી' અને 'વકલાદી' પરિસ્થિતિ સામેનો કર્તાનો રોષ સ્પષ્ટ દેખાય છે. એ રોષને પ્રહસન દ્વારા ઠાલવી તે હળવા થયા છે. બીજા ને ત્રીજા અંકમાં જ્યોતિના ઉદ્ગારો અને નાટકનું સચમપણે તરી આવતું વક્તવ્ય કેટલાક પ્રમાણમાં ગાંભીર્ય લાવે છે, છતાં નાટકનો ઢંગ પ્રહસનનો જ છે. ગુલાબદાસ અને ખુરીફોઈ તથા લીલા મામા અને લીલીમાશીના પ્રથમ સ્વાર્થમાં ઝઘડતાં આધેડ વિધુર-વિધવાઓના પાત્રોમાંથી બે પ્રેમી જોડાં ગોઠવી દઈ તેમને પણ પાંજરાપોળમાં સ્થાન આપીને શ્રી ચંદ્રવદને નાટકમાં પ્રહસનની હળવી હવા ઘણી જમાવી છે. જ્યોતિને લગ્નના ફારસનો છૂટાછેડો બીજી રીતે આપવા તેમજ પ્રહસનને જમાવવા, એને એની પત્ની વારી વારી જવું આ નાટકમાં સ્થાન લે છે. પણ એ તો શ્રી. ચંદ્રવદનને ગમતું જાણીતું આલેખન છે, જે રંગી રીતે પહોંચી ગયેલું તેમનો 'પિપાસિ' નાટકમાં. એ નાટક કરતાં આ 'પાંજરાપોળ' જરૂર ચડિયાતું છે.

મણિપુરી નર્તન

[લે. ગોવર્ધન પંચાલ; નાલંદા પબ્લિકેશન મુંબઈ; વિક્રેતા, એન. એમ. ઠક્કરની કું. મુંબઈ-૨; સાત રૂપિયા.]

નૃત્યરસિક બનતા જતા ગુજરાતને આપણા દેશના વિશિષ્ટ નૃત્યપ્રકાર મણિપુરી નર્તન વિશે જાણવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. આ પુસ્તક એ જિજ્ઞાસાને સારી રીતે સંતોષે તેવું છે. મુંબઈના ગુજરાતી સમાજમાં જાણીતા જુવાન નૃત્યકાર અને ચિત્રકાર શ્રી. ગોવર્ધન પંચાલે એતદ્વિષયક ઉપલબ્ધ સામગ્રી જોઈ જઈ સંબદ્ધ માહિતી શક્ય તેટલી શોધી નોંધી એકઠી કરી એ ઉત્સાહપૂર્વક લખ્યું છે. પુસ્તકમાં વિશેષે કરીને લાસ્યપ્રધાન અને વૈષ્ણવ ધર્મની પ્રેરણાથી પ્રવર્તેલા મણિપુરી નર્તનની જન્મભૂમિ મણિપુરનો પ્રાચીન-અર્વાચીન ઇતિહાસ, એ નર્તનનો ઇતિહાસ, એ નર્તનનાં પ્રેરક બળો અને સામાજિક પીઠિકા, એ નર્તનની લાક્ષણિકતાઓ, એના પ્રકારો, એનાં મુદ્રા, રસ, તાલ, આદિ અંગો, તેનાં કથાવસ્તુ, ગીતો, ર

સમાજ, સાહિત્ય અને સંસ્કારિતાનું ઊર્મિનવરચના માસિક

વર્ષ વીસ • જુન'૫૦ • અંક ત્રીજો

છે. જ્યોતિની પ્રુરેપ કરી આવેલી બાળવિધવા નાની બેન છાયા બનેવી નવરંગને સુધારવા જતાં તેના પ્રત્યે આકર્ષાય છે. દાંભિક લગ્નજીવન જીવી રહેલાં જ્યોતિ અને નવરંગ છૂટાછેડા લે તો નવાં લગ્નથી જ્યોતિ અને પ્રેમગનું અને છાયા તથા નવરંગનું એમ બે સુખી પ્રેમી જોડાં રચી શકાય એવી અનુકૂળતા આથી ઊભી થઈ. આમ છતાં, લગ્નના ફારસથી કંટાળેલી જ્યોતિ એ તેજ સ્થિતિ ચાલુ રાખી, સમાજ ને કાયદા સામે પડકાર ફેંકતી (એક રીતે કારુણ્ય ગર્ભ) નફટાઈથી પોતાના બંગલાને પાંજરાપોળ નામ આપી પોતપોતાને ગમતી રીતે પ્રેમવ્યવહાર કરવાનો માર્ગ લે છે. નાટકના આવા અંતમાં લગ્ન અને સ્ત્રીપુરુષના સંબંધ પરત્વેની ચાલુ 'બનાવટી' અને 'તકલાદી' પરિસ્થિતિ સામેનો કર્તાનો રોષ સ્પષ્ટ દેખાય છે. એ રોષને પ્રહસન દ્વારા ઠાલવી ને હળવા થયા છે. બીજા ને ત્રીજા અંકમાં જ્યોતિના ઉદ્ગારો અને નાટકનું સમગ્રપણે તરી આવતું વક્તવ્ય કેટલાક પ્રમાણમાં ગાંભીર્ય લાવે છે, છતાં નાટકનો ક્રમ પ્રહસનનો જ છે. ભુરાકાકા અને ભુરીફોઈ તથા લીલા મામા અને લીલીમામીના પ્રથમ સ્વાર્થમાં ઝઘડતાં આધેડ વિધુર-વિધવાઓના પાત્રોમાંથી બે પ્રેમી જોડાં ગોઠવી દઈ તેમને પણ પાંજરાપોળમાં સ્થાન આપીને શ્રી ચંદ્રવદને નાટકમાં પ્રહસનની હળવી હવા ઘણી જમાવી છે. જ્યોતિને લગ્નના ફારસનો કંટાળો બીજી રીતે પૂરો પાડવા તેમજ પ્રહસનને જમાવવા, એને એની માએ નાનપણમાં પગણ ... ની એવુ ગોઠ વીને (આ કઇ રીતે શક ... ન જાણે!) એના એ ગામડિયા પતિને પ ... લાવી તેમણે રમૂજ ઊભી કરી છે ... વેલા મુગ્ધ-પ્રેમી કવિ-પત્રકાર કેસરીના પાત્રના પણ હાસ્યની સેવામાં ઠીક વિનિયોગ કરવામાં આવ્યો છે. રંગભૂમિ-દૃષ્ટિવાળા કર્તાએ આમ કરીને નાટકને એ ભજવાય તો ઘણી ગંમત આપે તેવું બનાવ્યું છે. પ્રેક્ષકોને હસાવવાના તાનમાં બે ત્રણ સ્થળે (દાખલા તરીકે પાંચમા પાના પર અને ૯૬-૯૭ મા પાનાં પર) કર્તા શિષ્ટતા ચૂક્યા છે. આદર્શવાદી પ્રેમગનું ભોળપણ ને ઘુનીપણું અને જીવનને બરાબર ગોઠવીને જીવી જાણનારી તેજસ્વી જ્યોતિનું તેના પર ઊર્મિલ પણે વારી વારી જવું આ નાટકમાં ધ્યાન ખેંચે છે. પણ એ તો શ્રી ચંદ્રવદનને ગમતું જાણીતું આલેખન છે, જે રંગીલી રીતે પહોંચી ગયેલું તેમના 'શિખરિણી' નાટકમાં એ નાટક કરતાં આ 'પાંજરાપોળ' જરા ચડિયાતું છે.

મણિપુરી નર્તન

[લે. ગોવર્ધન પંચાલ, નાથંદા પબ્લિકેશન, મુંબઈ, વિક્રેતા, એન એમ ઠક્કરની કું. મુંબઈ-૨: સાત રૂપિયા]

જીજ્ઞાસુ બનતા જતા ગુજરાતને આપણા દેશના વિશિષ્ટ નૃત્યપ્રકાર મણિપુરી નર્તન વિષે જાણવાની ઇચ્છા થાય તે સ્વાભાવિક છે. આ પુસ્તક એ જિજ્ઞાસાને સારી રીતે સંતોષે તેવું છે. મુંબઈના ગુજરાતી સમાજમાં જાણીતા જુવાન નૃત્યકાર અને ચિત્રકાર શ્રી. ગોવર્ધન પંચાલે એતદ્વિષયક ઉપલબ્ધ સામગ્રી જોઈ જઈ સંબદ્ધ માહિતી શક્ય તેટલાં સાધનોમાંથી એકઠી કરી એ ઉત્સાહપૂર્વક લખ્યું છે. પુસ્તકમાં વિશેષે કરીને હાસ્યપ્રધાન અને વૈષ્ણવ ધર્મની પ્રેરણાથી પ્રવર્તેલા મણિપુરી નર્તનની જન્મભૂમિ મણિપુરનો પ્રાચીન-અર્વાચીન ઇતિહાસ, એ નર્તનનો ઇતિહાસ, એ નર્તનનાં પ્રેરક બળો અને સામાજિક પીઠિકા, એ નર્તનની લાક્ષણિકતાઓ, એના પ્રકારો, એનાં મુદ્રા, રસ, તાલ, આદિ અંગો, તેનાં કથાવસ્તુ, ગીતો, રંગભૂમિ, નર્તકોની વેશભૂષા, વગેરે સંબંધી ઉપયુક્ત માહિતી આપવામાં આવી છે. સચિત્રતા એ માહિતી પ્રમાણભૂત અને રોચક બનાવે છે. મુદ્રાઓ, રેખાંકનો, વાજિંત્રો અને વેશભૂષાનાં ચિત્રો મુખપૃષ્ઠ પરનું બે મણિપુરી યુવતીઓનું મણિ નર્તનની લાક્ષણિક અંગભંગી તથા નર્તન વેશભૂષા અને પશ્ચાદ્ભૂ કારોનો સાચો ખ્યાલ આ રંગીન ચિત્ર લેખક પોતે દોરેલ છે. ભાષામા થોડા જોડણીદોષો રહી ગયા છે. પુસ્તક આ વિષય પરનું આપણી ભાષામાં પહેલું જ પ્રકાશન હોઈ ... આવકાર્ય કરે છે. આપણે ત્યાં આવાં પ્રકાશનો ઓછાં ... તે આપણું પુસ્તક-પ્રકાશન સમય ... આગળ, પૂર્ણ ... જ્ઞાની નિશાની ગણાશે.

સમાજ, સાહિત્ય અને સંસ્કારવાંચ્છુનું જીવનસ્પર્શી માસિ

વર્ષ વીસ · જૂન'૫૦ · અંક ત્રીજો

જીવનધારા

' ટાગોર 'માંથી

[૧]

રાજકુમારના ઠાઠમાઠથી શણગારેલું શીશુ, પોતાની રમતગમતની મઝા ગુમાવી બેઠે છે હર ક્ષણે એને એનાં આભૂષણ સાભરી આવે છે! "રમવા જતાં ક્યાંક એ બગડે નહિ!"

એ આભૂષણની સભાળમાં ને સંભાળમાં એ બિચારું આઘુંપાછું પણ ખસી શકતું નથી.

હે મા! આ આભૂષણના ઠાઠમાઠે એને બિચારાને બંધન આપ્યું છે. એને તંદુરસ્તીની ધૂળભરી રમતમાં જતું રોક્યું છે સૌની સાથે સામાન્ય આનંદ વિનોદમાં એ ભળી જાત; પણ આ ઠાઠમાઠી આભૂષણે એને એકલું પાડી નાખ્યું છે! આ તો તેં એને બંધન બાંધ્યું છે! આભૂષણ પહેરાવ્યાં નથી.

[૨]

રે મૂરખ! તારી જાતને તારા પોતાના ખભા ઉપર લઈ જવાનું તને મન થયું છે? નવી નવાઈની વાત!

રે ભિખારી! તું, તારે ત્યાં જ, ભિક્ષાન્ન દેહિ કરવા નીકળ્યો છે? એ પણ નવાઈની વાત! ભલા માણુસ!

તારી બધી મુશ્કેલીઓને ઉપાડવાને જે સમર્થ છે, એના હાથમાં જ તારી જાત સોંપી દે ને! પણ જોજે, એ સોંપણી કર્યા પછી પાછો ચિંતા કરવા બેસતો નહિ! નહિતર સોંપણીનો એ ઢોંગ જ હશે!

તારી મનોકામના, તારા અંતરના પ્રકાશને ઝાંખો કરે છે!

એ પ્રકાશ મેળવવા માટે, એવી અદ્ભુત ભેટ માટે, પહેલાં તો તારા હાથ સ્વચ્છ ને પવિત્ર રહેવા જોઈએ

પવિત્ર પ્રેમ તરફ જે કાંઈ તને મળે તે તારું. ગૌરવ ગણતાં શીખવું જોઈએ

[૩]

આ બધી માળા, ને પ્રાર્થના ને 'રઘુપતિ રાઘવ'ની ભજનધૂનો હવે બંધ કરો આંહી' આ એકાંત ખૂણામાં બારણાં બંધ કરીને તમે કયા ઈશ્વરને શોધી રહ્યા છો ? કહેશો જરા ? તમારી આંતરચક્ષુ ઉઘાડો. ખબર પડશે કે જે ઈશ્વરના સાંનિધ્યની તમે વાતો કરો છો તે તો ત્યાં નથી

એ ઈશ્વર તો ત્યાં છે જ્યાં પેલો ખેડૂત પરસેવો પાડીને હળ ખેડે છે. જ્યાં પેલો માળી ઝાડ રોપે છે. જ્યાં પેલો મજૂર રસ્તો સુધારે છે ઈશ્વર ત્યાં બેઠો છે અને તમે એને આંહી' શોધો છો ! એ તો ત્યાં, એમની સાથે તડકામાં અને વરસાદમાં બેઠો છે એ ઈશ્વરનાં વસ્ત્રો પણ ધૂળથી ભરેલાં છે. એને ધરતી અને ધૂળ વહાલાં છે !

આ પૂજાના અંચળાને એક બાજુ મૂકો. ધરતીની પૂજા શરુ કરો, એટલે ઈશ્વરની પૂજા થાશે !

મુક્તિ ? શું કહ્યું ? મુક્તિ માટે આ તમે ફરી રહ્યા છો ? મુક્તિને ક્યાં શોધવી એમ? અરે ! ભલા માણસ, ચૌદલોકનો નાથ પોતે, આનંદપૂર્વક, સર્જનનાં આટલાં બધાં બંધનો ઉપાડી રહ્યો છે ને તમે બંધનથી મૂઝો છો ? ભગવાનની સાથે આપણે ને આપણી સાથે ભગવાન– હમેશના બંધનથી આપણે આમ બંધાયા નથી કે તમે બંધનથી છૂટવા ફાંફાં મારો છો ?

અરે ભાઈ ! બંધનથી મુક્ત થવાનું નથી. બંધનથી ન બંધાવાનું શીખો-એટલે ઘણું !

એટલે હવે તમારા ધ્યાનમાંથી બહાર આવો એ પુષ્પોને ત્યાં જ છોડો. ધૂપ દીપ ભલે ત્યાં રહ્યાં. આપણાં લૂગડાં ધૂળથી મેલાં થાય તો શું વાંધો છે ? આપણે સૌ શ્રમ કરીએ, સૌ મહેનત કરીએ, સૌ પરસેવો પાડીએ, તો જ પછી ઈશ્વરની કાંઈક ઝાંખી પામીએ

[૪]

હું જે ગીત ગાવા આવ્યો હતો તે મારું ગીત હજી ગાવાનું રહી ગયું છે !

મારો ઘણો સમય તો મારાં વાજિંત્રના તાર મેળવવામાં જ ચાલ્યો ગયો. હજી ગીતની એ પળ મને આવી મળી નથી. હજી એ શબ્દો હૈયામાં ઉગ્યા નથી. માત્ર હૃદયમાં ઊંડું ઊંડું દર્દ બેઠું છે, ન ગવાયેલા ગીતનું !

પરિમલનો ભંડાર તો અણઉઘડ્યો રહ્યો છે: માત્ર પવનની એકાદ બે લહેરખીના નિઃશ્વાસ જ આવ્યા છે !

મેં એ સૌન્દર્યસાગરની તો ઝાંખી પણ ક્યાં કરી છે ? કે એના શબ્દો- એમને પણ ક્યાં સાંભળ્યા છે ? કેવળ મારા ઘર પાસેથી પસાર થતા એના આછા પદધ્વનિને જ મેં- ક્યારેક સાંભળ્યો છે !

સારો દિવસ પસાર થવા આવ્યો છે સંધ્યાનાં આછાં અજવાળાં આ બાજુ ઢળે છે. માત્ર એની બેઠકની તૈયારીમાં જ આટલો બધો વખત વીતી ગયો ! પણ હજી મારું કોડિયું પ્રગટ્યું નથી. ઘરમાં અજવાળું આવ્યું નથી એને, અંદર આવવાનું કયે મોંએ હું કહું ?

કોઈક દિવસ, અનંતતાને પંથે કોઈક દિવસ, હું એને ભેટીશ,- એ દૂર દૂરની આશામાં હું જીવું છું.- પણ હજી એ ઝાંખીની પળ દેખાણી નથી !

[૫]

મારી તૃષ્ણાઓનો કોઇ છેડો નથી અને વળી એ અતૃપ્ત તૃષ્ણાઓ માટે મારુ આક્રંદ પણ કેટલું કરુણાજનક! પણ હે દયામય! તેં મને હમેશા બચાવ્યો છે– એ તૃષ્ણાઓની તૃપ્તિ માટે કાંઇ પણ આપવાની ચોખ્ખી ના પાડીને! અને આ તારી વજ્જર દયા મારા જીવનના અણુએ અણુમાં વણાંઇ ગઇ છે!

અને દિવસે દિવસે, સાદી પણ મહાન બક્ષીસો માટેની મારી લાયકાત તુ વધારી જ રહ્યો છે અને આવી અમૂલ્ય બક્ષીસો તુ મને વગર માગ્યે જ આપે છે! આ આકાશ, ચાંદની, પ્રકાશ, અને આ શરીર, આ જીવન, આ મારું મન–તેં મને શું શું નથી આપ્યું? અને એ આપીને તો તૃષ્ણાઓની અતિશયતામાથી તેં મને ઉગારી લીધો છે!

એવા સમય પલટા જીવનમાં આવે છે, જ્યારે હુ મારા ધ્યેયની પ્રાપ્તિ માટે જરાક આળસુ બન્યો હોઉં, અથવા તો જાગ્રત બનીને, એની શોધમાં દોડ્યો હોઉ! પણ તું અત્યંત [દયા ભરેલી] ક્રૂરતાથી મારી નજરે જ ચડતો નથી!

મારા સમસ્ત જીવન વડે હુ તને ભેટી શકું એવી લાયકાત માટે, તુ મને અવાર નવાર 'ના'ની ભેટ આપે છે અનિશ્ચિત અને નમળી તૃષ્ણાઓના ભયમાંથી એ રીતે તુ મને ઉગારતો આવે છે!

[૬]

સંસારના આ મહાન મેળામાં મને પણ આમંત્રણ હતું, અને એ માટે મને જીવતની અણમોલી બક્ષીસ મળી હતી.

મારા ચક્ષુઓએ, જોવાનું કામ કર્યું છે. મારા કાને સાંભળવાનું કામ કર્યું છે.

આ માનવ મિજબાનીમાં મારા વાજિંત્ર ઉપર મારે મારું ગીત ગાવાનુ હતુ. અને મે એ યથાશક્તિ ગાયું છે

હવે હું તને પૂછું છુ દયામય! એ વખત હજી નથી આવ્યો જ્યારે હું તારો ચહેરો જોવા પામું. ફરુ અને તારે ચરણે મારું શાંત નમન મૂકુ?

'જિબ્રાન'માંથી

(૧)

અને તેણે કહ્યું: 'આપણા જીવનદ્વીપને નિહાળો ધરતીએ આપણે માટે એમાં એક ગીત મૂક્યું છે, અને એક કોયડો મૂક્યો છે. એ ગીત ગગનગામી છે કોયડો ધરતીમાં જનારો છે પણ આપણી પોતાની વેદના વિના બીજું કોણ એ ગીતને આકાશમાં મોકલી શકે કે કોયડાને ધરતીના પેટાળમાંથી ખોળી શકે? વેદના એ જ આપણું મોટામાં મોટું બળ છે. અને વળી સાધન પણ છે

મહાન જીવનસમુદ્રની એક છોળે આપણને આંહી આણ્યા છે. એ જીવનસમુદ્રના લાખો ને કરોડો મોજામાનું એક મોજું આપણે એણે આપણને આંહીં મોકલ્યા છે, કે આપણે એની વાણી બોલી શકીએ પણ તૃષ્ણાની રેતીની સાથે અને મુશ્કેલીઓના ખડકો સાથે ઝઝુમ્યા વિના–એની વાણીને, આપણે વાણી શી રીતે આપવાના હતા? અને આપણા હૃદયની દિવાલોને ભાંગ્યા વિના આપણે શી રીતે ઝઝુમવાના હતા?

કારણ કે સમુદ્રનો અને નૌકાધારીઓનો

આ એક વણુલખ્યો કાયદો છે કે જો તમારે જીવન જીવવું હોય તો તમારે ધુમ્મસને ભેટવું જોઈએ. એ ધુમ્મસ એટલે જીવન, જેમાંથી જીવન મેળવે છે, એવી સ્વતંત્ર મુક્ત હવા! પણ જે કાંઈ આંહીં મુક્ત છે, બંધનરહીત છે, આકારહીન છે, તે આકારને બંધનને, જીવનને શોધે છે આપણે એવી શોધ કરતા કરતા જ આ જીવનદ્વીપનો કિનારો પામ્યા છીએ. એક વખત એ જ પ્રમાણે પાછા આકારહીન થઈને, નવા આકારને મેળવવાનો હોય છે.

અને એટલે મેં તમને કહ્યું કે આપણને મળેલું ગીત ગગનગામી છે. પણ આપણને મળેલો કાયદો ધરતીનો છે. અને આ કાયદો પણ બીજો કયો છે? આપણે જ આપણા માટે કાયદારૂપ છીએ.

સમુદ્રના મોજાંની માફક આપણે હરરોજ અને હરપળે, જ્યાં મુકામ થાય એવા કિનારાની શોધમાં ફરતા હોઈએ છીએ કિનારાની સાથે અથડાયા વિના જેમ સમુદ્રનું મોજું પોતાનું ગીત એકલું ગાઈ શકતું નથી, તેમ જ જીવનનું સમજવું. જીવનનું ગીત પણ એમ જ ઉભું થાય છે. અને છતાં જે ગીત ગવાય છે તેના કરતાં જે ગીત ગવાતું નથી, તે વધારે કરુણ હોય છે!

(૨)

તમે જ્યારે જાગ્રત સ્વપ્નામાં હો છો, ઊંઘના સ્વપ્નામાં નહિ પણ જાગ્રત સ્વપ્નમાં, ત્યારે તમને ખબર હોતી નથી, પણ તમે તમારા આત્માની સાથે વાત કરી રહ્યા હો છો. તમારા વિચારો એ વખતે શાંત બરફ વરસતો હોય તેમ આવે છે

અને આ જાગ્રતસ્વપ્ન એ પણ તમારા જીવનવૃક્ષની, વસંત ઋતુ જેમ, પુષ્પભરિત ઋતુ છે. તમે તમારામાંથી ઉદ્ભવતા આકારહીન કાંઈકને આકાર મળવાની રાહ જોતા બેઠેલા છો. અને જેમ આકાશમાં, તેમ તમારા જીવનના ગગનમાં તમે સૂર્યને ચંદ્રને તારાને અને ગ્રહોને જોઈ શકો છો. તમારા જીવન આકાશની તમામ વસ્તુઓ ગીતમય બની જાય છે. આ તમારું ગગનગામી ગીત છે.

ગઈ કાલે જ હજી તમારે માટે કોઈ કિનારો ન હતો તમે સમુદ્રની સફરમાં હતા. પણ પછી જીવને તમને શોધી કાઢયા. અને તમને સમુદ્રના લાખો મોજાંઓ સાથે કિનારો શોધવા મોકલ્યા. અને છતાં એ સમુદ્ર પોતે તમારા પ્રવાસમાં સાથે ને સાથે રહે છે અને પેલું તમારું જીવન ગીત પણ તમારી સાથે જ છે. અને તમે, જો કે તમારું મૂળધામ વીસરી ગયા છો, પણ એ મૂળધામ તમને ભૂલી શકતું નથી. એ તમને પોતાનાતરફ બોલાવવા માટે હમેશાં અવાજ આપે છે.

અને આ સિવાય જીવનના કાયદાનો બીજો કયો ઉકેલ હોઈ શકે?

(૩)

'Taoist Scriptures'માંથી

★ મારી સમજણ જ સાચી છે એવું અભિમાન છોડી દો, તમને જીવનમાં શોક જોવા નહિ મળે

★ 'આમ નહિ ને આમ' એવી આજ્ઞા ભરેલી ગંભીરતાને બદલે, સામાન્યજ્ઞાન ફેલાવો, પ્રજા ઉપર તમે એક હજાર ગણો વધારે ઉપકાર કરી શકશો.

★ ઉપકાર કરવાની વૃત્તિને, દયા કરવાની વૃત્તિને, નિષ્ફળ કરો; એને બદલે ન્યાય આપવાની વૃત્તિ કેળવો. લોક સંસ્કાર એનાથી સ્થિર સ્વરૂપ પકડશે.

★ કુનેહને મોટો ગુનો માનો. નફાખોરીને હિંસા ગણો. થોડા વખતમાં ચોર અને લૂંટારા નાબૂદ થઈ જાશે. આ ચાર વસ્તુને સંસ્કારના ચાર પાયા ગણો; અને છતાં સ્વાર્થને અને તૃષ્ણાને સંયમમાં રાખવાની વૃત્તિને જ સાચું બળ માનો.

★ જેને પૌરુષ ગુણો ગમે છે અને છતાં જે સ્ત્રી ગુણોને મહત્ત્વના માને છે, તેના તરફ આખી દુનિયાને આકર્ષણ થાશે.

કારણ કે ન્યાય, સત્ય, પરાક્રમ, પુરુષાર્થ એ મહત્ત્વનો છે; પણ પ્રીતિ, સહાનુભૂતિ, કરુણા, ક્ષમા, એ પણ એટલા જ મહત્ત્વનાં છે.

જે આ પ્રમાણે પુરુષના અને સ્ત્રીના ગુણોનો સમન્વય સાધી શકે છે તેને દેવો દુર્લભ એવી શિશુ અવસ્થા આપે છે. એટલે એ શિશુ જેવો નિર્દોષ બને છે. એના જેવો જ સૌનો પ્રીતિપાત્ર થઈ રહે છે.

જેને ગૌરવનું ભાન છે, અને છતાં જે નમ્ર છે, જેને દુર્ગુણનો પડછાયો ગમતો નથી છતાં જે કેવળ સદ્‌ગુણનો જ મહિમા ગાતો ફરતો નથી, પોતાનું શું છે એ જે સમજે છે, છતાં કાળા વિષે ઉદાસીન નથી, એ દુનિયાનું સામાન્ય નીતિ ધોરણ ઘડી શકે છે. એવું ધોરણ કે જે તમામને થોડા ઉંચા લે.

★પ્રાજ્ઞ તે છે, જે પોતાનું કહેવાય તેવું કાંઈ રાખતો નથી. કારણ કે એ જાણે છે કે કાં તો બધું જ પોતાનું છે, અથવા તો કાંઈ જ પોતાનું નથી. અને તેથી એ લોકના આત્માને પોતાનો આત્મા માને છે એટલે એટલે એ ભલમનસાઈને તો ભલમાનસાઈનો જવાબ વાળે છે, પણ બૂરાઈનો જવાબ પણ ભલમનસાઈથી વાળે છે, ને એ પ્રમાણે ભલમનસાઈનું વર્ચસ્વ સ્થાપે છે. એ વિશ્વાસનો બદલો વિશ્વાસથી વાળે છે પણ વિશ્વાસઘાતનો બદલો વધુ વિશ્વાસથી વાળે છે. કારણ કે એ જાણે છે એ જ રીતે વિશ્વાસનું વાતાવરણ પેદા થઈ શકે.

★સારામાં સારો સૈનિક તે છે, જે લડે છે, પણ લડાયક વૃત્તિ રાખતો નથી. સારામાં લડવૈયો તે છે, જે વીર છે, પણ ઝનૂની નથી. સારામાં સારો સરદાર લડાઈમાં ગયા વિના લડાઈ જીતે છે. સારામાં સારો માલિક પોતાને નોકરોનો નોકર માને છે. આનો અર્થ એ કે માણસોની શક્તિનો તેને ઉપયોગ લેતાં આવડે છે આનો અર્થ જ પૃથ્વીમાં સ્વર્ગ એવો થાય છે.

★શબ્દો બોલવા ત્યારે છાજે, જ્યારે અનુભવ હોય; કામ કરવું ત્યારે શોભે, જ્યારે સંયમ હોય. શબ્દો બોલવા સહેલા છે. વ્યવહારમાં ઉતારવામાં એટલા સહેલા નથી.

★જે જાણે છે તે બોલતો નથી.

જે બોલબોલ કરે છે, તે જાણતો નથી.

જે સાચો છે તે પ્રદર્શન કરતો નથી.

જે પ્રદર્શન કર્યા કરે છે તે સાચો નથી.

જે સદ્‌ગુણી છે તે લડાઈ નોતરતો નથી. લડાઈ નોતરે છે તો હારતો નથી. હારે છે તો પરાજય પામતો નથી.

જે પોતાને વિદ્યાવાન માને છે તે વિદ્વાન નથી. કારણ કે ખરી વસ્તુ તે છે જે અગાધ છે, અને અગાધને તજીયે બેઠી છે.

★

ધૂમકેતુ

આગળ વધતી આપકથાનું એક વધુ પ્રકરણ

જીવનપંથ [૬]

ધૂમકેતુ

જીવનનિર્માણનાં આ વર્ષોમાં અસ્થિરતા જ બળવાન હતી. કયે માર્ગે જવું એનો કોઈ નિશ્ચય થઈ શકતો ન હતો. એ વખતના કાઠિયાવાડમાં, તેમ જ કાઠિયાવાડમાં તો હંમેશને માટે, એક જ વસ્તુ ફાયદો આપનારી મનાતી. લાગવગ–અને–ખુશામત. મારા જેવા છેક ખૂણામાંથી આવેલા માણસને લાગવગ તો કોની હોય? એટલે એ લાગવગ મારે ઉભી કરવાની હતી. એ લાગવગ વધારવાનું કાઠિયાવાડીઓનું અમોઘ શસ્ત્ર ખુશામત. એ ખુશામત મને આવડતી ન હતી, પણ જો આગળ વધવું હોય તો એ ખુશામત મારે શીખવી જ રહી.

સેંકડો કારકુનો ને માસ્તરો સવારમાંથી જ પોતપોતાના સાહેબને ત્યાં બાઈસાહેબ કહે તે શાકપાંદડું લાવવા માટે ઝોળી લઈને પહોંચી જતા. કામ હોય કે ન હોય પણ સાહેબ જે રસ્તે નીકળવાની સંભાવના હોય તે રસ્તે અરધો કલાક કલાક અમસ્તા રખડીને પણ સાહેબની સલામ કરી લે તે દિવસે કારકુન રોટલી દસ ખાતો હોય તો દોઢડઝન પહોંચે! અને પછી એની વહુ એને સંખ્યા સંભારી આપે ત્યારે એને સાંભરે કે એણે 'ઓવરબાન્ડરી' લગાવી દીધી છે! પણ એ પ્રતાપ, પેલી સાહેબે જરાક ઓળખાણ હોય એવી મુખમુદ્રાએ, ઝીલેલી સલામનો!

જ્યાં આ વાતાવરણ ઘરઘરનું હતું ત્યાં મારા અંતરાત્માને કોઈ રીતે ચેન પડતું ન હતું એક દિવસ કોકની શીખવણીથી વિવેક ભરેલી રીતે સલામસપાટી કરતો ફરું ત્યાં ત્રીજે દિવસે કોઈ ને કોઈ સીમની હરિયાળી ટેકરીનો પડછાયો મને બોલાવી લ્યે કે, 'અલ્યા! ત્યાં મફતનો ઢેઢાં ભાંગ છ, એના કરતાં આંહી બેસીને, તારી પેલી પાડોશણ ખાંટબાઈ સમજુની જીવનકથા લખી કાઢને!' થઈ રહ્યું એ અવાજને માન આપવામાં દિવસ આઠ દસ વીતી જાય, ત્યાં તો આંહીં કેરડું મ પાણી ચાલ્યું ગયું હોય!

આ અસ્થિર મનોદશા જોઈને એક વખત, તે સમયના ટ્રાફિક સુપ્રીન્ટેન્ડેન્ટ સદ્‌ગત શ્રી. વસંતરાયે મને પ્રેમથી કહેલું ખરું કે તમારું ક્ષેત્ર નિરાળું છે! પણ હજી તો આ 'કલેક્ટ્સ' સેક્શનમાં પગલાં પાડ્યાં હતાં, ત્યાં વેપારી હટ દઈને સારામાં સારી જાતના ચોખા આપણને દેખાડે–અને "ભાવ સા'બ! પછી તમને કહેવરાવશું લ્યો, કેટલા લઈ જાઓ છો! અલા, ભાણીયા! પાંચશેર જોખી દે. જોજે કસતર આવે નહિ હો! અમારી પેલી ફાઈલ પછી જોઈ સા'બ! આજ આવું!" એમ માન આપે એટલે 'રેવન્યુ ડીપાર્ટમેન્ટ' જેવી તરત દાન અને મહાપુણ્યની, પૂર્વભવનાં ઘણાં પુન્યે માંડ માંડ મળે તેવી, આ જગ્યા છોડવાનું કોઈને મન થાય ખરું? જો વીરપુરમાં કોઈ ઓલિયો સામુ જોનો નહિ, ત્યાં ખબર પડી કે 'કલેક્ટ્સ'માં ભાઈ છે, એટલે કોઈ વખત કામે જવાનું થાય તો બજારમાં દસ જગ્યાએ ચાપાણી રાહ જોતાં હોય! એક માસ્તરું જ ભારતવર્ષમાં, એમાં પણ ગુજરાતમાં, અને એમાં પણ કાઠિયાવાડમાં, એવું છે કે, જેને પ્રાચીન સમયના ચંડાળોની જેમ સૌ અસ્પૃશ્ય ગણે છે! એટલું જ સારું છે કે પેલા ચંડાળો ગામમાં આવતા ત્યારે લોકો એમની પાસે ઘંટ રખાવતા એટલે એ વગાડતા આવે. ભદ્રલોકોને એમનો પડછાયો ન ખપે એટલે ઘંટના અવાજે આઘા પાછા થઈ જાય. જ્યારે આ, અત્યારના અસ્પૃશ્ય 'ગુરુજીઓ'ને બે હાથ જોડીને જે જે કરે છે! એ 'જે જે'ની પાછળ રહેલી ભયંકર ઉપહાસ ભરેલી કંઠીફૂરતા એ તો આખી નાટકમાળાનો વિષય થઈ જાય!

એટલે ઘણું, સાહિત્ય તરફનું આકર્ષણ પુસ્તકોમાં ખેંચતું, પણ જીવનવ્યવહારનું સત્ય આંહીં જકડી રાખતું. આગળ વધવું હોય તો આ રસ્તો હતો. પાછળ રહેવું હોય તો પેલો રસ્તો હતો.

આ દ્વિધાવૃત્તિના પ્રતાપે તે જમાનામાં ઠીક ઠીક અરજીઓ કરેલી જણાય છે. કવિ ન્હાનાલાલ તે વખતે એજ્યુકેશનલ ઇન્સપેક્ટર હતા. તેમણે પચાસ રૂપિયાનો લખતરની મીડલસ્કૂલના હેડમાસ્તર તરીકેનો ઓર્ડર પણ આપેલો. મોરબી, વાંકાનેર, રાજકોટ, વડોદરા,

અમદાવાદ, મુંબઈ, જ્યાં જાહેરખબર વાંચી ત્યાં અરજી કરી. આ પ્રમાણે એક તરફ નોકરીની સાથે સાથે જ્યારે જ્યારે વખત મળ્યો ત્યારે ત્યારે જે આવડ્યું તે લખતો ગયો.

તે છતાં એ એકાદ વર્ષ કાંઈ થઈ શકયું નથી. દેખીતી રીતે જ મને મળેલી જગ્યા, જો એને ચોંટી રહેવાની શક્તિ હોય તો, ભવિષ્યના ટ્રાફિક 'સુપ્રીન્ટેન્ડેન્ટ સુધીની શકયતાવાળી હતી આવી જગ્યા કેવળ અકસ્માતથી જ હાથ આવી ગઇ હતી. આયર સાહેબને મળવા ગયા, ઓળખાણ કોઈ નહિ, કોઈ વગ નહિ, કેવળ બે શબ્દો, ત્યાં બેઠેલા ઓડીટર પરમાર સાહેબે કહ્યા, તે પણ મારા પિતાને કાંઈક ઓળખે ને મને નજરે જાણે એટલે, એમાં કોઈ ગ્રેજ્યુએટને ઉભો ન રહેવા દે એ આયરે સાહેબ, ત્યાં ને ત્યાં ઓર્ડર આપે! આ એક સુભગ અકસ્માત હતો.

પણ એટલે એને હું ચોંટી નહિ રહું તો ભવિષ્ય ગુમાવી બેસીશ એ ચિંતા પિતાને હતી. એમણે એ માટે અનેક વખત મારું ધ્યાન દોર્યું. મારી પણ ખાસ ઇચ્છા હતી કે આને વળગી જ રહેવું. કારકુનો પહેલાં અદેખાઈ કરતા પણ ધીમે ધીમે હવે હળવા-મળતા થતા જતા હતા, મને પણ ફાવી જશે એમ લાગવા માંડ્યું હતું, તે સમયે એક બીજો અકસ્માત થયો. અને એ અકસ્માતે આખું જીવનચક્ર ફેરવી નાંખ્યું.

એ અકસ્માત મારું જીવન ફેરવવા માટે થયો હતો, એમ કહેવું એ અભિમાનની કે સ્વમાનની કે સ્વની વધારે પડતી મોહબરેલી આંકણી મૂકી કહેવાય. એ અકસ્માત એક નજીવો પ્રસંગ હતો એમ કહેવાનું મન તો થતું નથી. કારણ કે એટલી વ્યાપક એની અસર નીવડી. એ અકસ્માત હતો જ નહિ, કેવળ મારી કલ્પનાના ભૂતે એને એમ ઠરાવ્યો હતો, એવા તાર્કિકને પ્રત્યુત્તર કદાચ ન અપાય; છતાં મન એને એમ ગણવાની ના પાડ્યું જ રહે. એટલે હવે એ જે હો તે-પણ તે સમયે પોસ્ટલડીપાર્ટમેન્ટની એક બે ગ્રેજ્યુએટ માટેની જાહેર ખબર આવી.

'પોસ્ટલડીપાર્ટમેન્ટ' ને 'પેન્શનેબલ સર્વીસ' એ ધૂન તો રામજીભાઇએ ઠેઠ મેટ્રીકથી મગજમાં ભરેલી એટલે આ પચીસવર્ષની વયમર્યાદાને લક્ષમાં ન લેનારો અસાધારણ પ્રસંગ આવતાં જ, મેં તો રાજકોટ પોસ્ટલસુપ્રિન્ટેન્ડેન્ટને અરજી કરી કાઢી. અને એને ખાસ જરૂર હતી, ગ્રેજ્યુએટને કેળવીને ખાતા માટે તૈયાર કરવાની, એટલે તરત જ મળવા માટે પણ બોલાવ્યો!

પાયખાની દવેલીને સરનામે એ લાંબું ભૂરા પીળા રંગનું લાંબુ પરબીડિયું આવ્યું અને મારા આનંદની કોઈ સીમા ન હતી! પચીસવર્ષની વય વટાવ્યા પછી આ પેન્શનેબલ સર્વીસની તક મળી જતી હતી. આ તો કેવળ સુભગ અકસ્માત હતો. પાછળની બધી ભૂલો સુધરતી હતી. અને ઘરમાં જેની વાહ વાહ બોલાતી રહેતી હતી તે પોસ્ટલ ડીપાર્ટમેન્ટ મળતું હતું! જેમાં પેલી તારીખ આવે ને ફટ પગાર મળે!

આ પ્રમાણે હું તો મનનો આનંદ માણતો ઓફીસે ગયો. ત્યાં જઇને ત્રણ દિવસની રજા જ લેવાની હતી. ટેબલ ઉપર બેસીને ફાઇલો આમ તેમ ગોઠવી, એટલામાં તો વસંતભાઇની જ ચીઠ્ઠી આવી. એમણે મને મળવા માટે બોલાવ્યો હતો.

હું ઓફીસમાં ગયો. મારા મનમાં ખ્યાલ પણ ન હતો કે એમની પાસે અતિ અગત્યના સમાચાર હતા.

આયર સાહેબે થોડાવખત પહેલાં જ, મારું પરિણામ આવતાં મને ચાળીશના પગાર કરી વધારે મહત્ત્વની કામગીરી સોંપી હતી. તેમ જ જુદા જુદા વિભાગમાં મને મોકલવાની ભલામણ પણ થઇ હતી. એટલે મેં ધાર્યું આવી કોઈ વાત હશે.

હું ત્યાં ઉભો રહ્યો. થોડીવાર પછી વસંતભાઇએ ફાઇલોમાંથી ડોકું ઉંચું કરીને મારી સામે જોયું. એમણે ધીમેથી પૂછ્યું: 'તમે 'પોસ્ટલડીપાર્ટમેન્ટ'માં અરજી કરી છે!'

સવાલ સીધો હતો. અને એમની પાસે ક્યાંકથી પણ માહિતી આવેલી હોવી જોઇએ એટલે ના

પાડવાનો કાંઈ અર્થ ન હતો. હા પાડતાં, પેલી ત્રણ દિવસની રજા મારે કમર્ણાં લેવાની હતી, તે એને માટે જ હોવી જોઇએ એ વગર કહે, કહેવાઇ જતું હતું. પણ બીજો કોઇ ઉપાય ન હતો મેં કહ્યું: 'હા.'

એમણે કહ્યું: ''એ પોસ્ટલસુપ્રીન્ટેન્ડેન્ટ' આજે જ અકસ્માત આયર સાહેબને ટ્રેઇનમાં ભેટી ગયા હશે. તેમણે તમારું નામ આપીને આયર સાહેબને કહ્યું લાગે છે કે તમારે ત્યાંથી એક ગ્રેન્યુએટ મી. છ. છ. એથી, અમારે ત્યાં આવવા માગે છે, એની અરજી છે. અમે એને લેવા માગીએ છીએ! આયર સાહેબે એને તો કાંઈ કહ્યું નહિ, પણ આ ઠી આ 'મેમો' તમારે માટે મોકલ્યો છે, ને એ પોતે તો આજે મદ્રાસ ઉપડી ગયા છે એક મહિના માટે, એટલે હવે તમે મળી શકશો પણ નહિ! આ રહ્યો મેમો!''

'એ' 'મેમો' હાથમાં લીધો ને મારું લોહી ઉડી ગયું! એક મહિનાની, નોકરીમાંથી મુક્ત કરવાની નોટીસ હતી!

ત્યાં ધરતી સાથે મારા પગ જડાઇ ગયા હતા. ઉંચું કે સામે જોવાનું જાણે શરીરમાં બળ જ રહ્યું ન હતું. માંડ માંડ મળેલું પરમ સદ્ભાગ્ય વેડફાઇ જતું હતું શું—શું વેડફાઈ ગયું હતું. કેવળ મારી મૂર્ખાઇને લીધે.

આયર સાહેબનો હુકમ છેલ્લો હતો. એના ઉપર એ વખતે કોઇ સાંભળે તેમ ન હતું. સર અમથત એ વખતે ઇંગ્લંડ હતા. ને હોય તો પણ આ વાતમાં માથું મારે એ મારે માટે અશક્ય. એટલે બા'રે વહાણ ડુબ્યા જેવો મામલો હતો.

હું ત્યાંથી સલામ કરીને એક પણ શબ્દ બોલ્યા વિના બહાર નીકળી ગયો.

આ નોટીસ મળ્યાની વાત તો પવનવેગે બધે ફેલાઇ ગઇ. મારા પિતાને સમાચાર મળ્યા. એમના અફસોસની કોઇ સીમા ન હતી. મારું હૃદય, જો હું મારી જાતને કોઇ વાંચી શક્યો હોઉં તો, અમુક પરિસ્થિતિમાં, કોઇ વખત એટલી બધી વિષાદમય વ્યથા ધારણ કરી શકતું દેખાયું છે કે, એ વ્યથા શરીરને ભાંગી નાખવા માટે બસ ગણાતી હોવી જોઇએ એમ મારું માનવું છે. પણ જ્યારે જ્યારે—આવી વ્યથા એ ધારણ કરે છે, ત્યારે ત્યારે એનું અચૂક પરિણામ આવતું મેં અનુભવ્યું છે. સંભવિત છે કે એ કાકતાલીય અકસ્માત જ હોઇ શકે. પણ આવી અત્યંત ઉગ્ર વ્યથા, જેને માટે બીજો શબ્દ મળતો નથી માટે એ જ વાપરવાનો રહે છે આજ દિવસ સુધી જીવનમાં મેં માત્ર અનુભવી છે, ફક્ત ત્રણ જ વખત. એ છ સાત કે આઠ દિવસનો આખો અનુભવ જ જુદો હોય છે. એ અનુભવને શબ્દનું રૂપ આપી શકાયું નથી. આપી શકાય તેવું પણ નથી. પણ જાત ભૂલી જવાય એવી એ વ્યથા, સદ્ભાગ્યે કે પછી દુર્ભાગ્યે, આવી છે, આ લગભગ પાંચ છ દશકાના જીવનમાં માત્ર ત્રણ જ વખત! એ ત્રણે પ્રસંગો બરાબર યાદ છે એટલે એની આ નોંધ લીધી છે. એમાંથી 'કારણ' ને 'પરિણામ' તારવવા જેટલો અવિવેક કરવાની લેશ પણ વૃત્તિ નથી. આ પ્રસંગ એમનો એક છે.

એ વ્યથા, મને મારા પિતાના હૃદયનો શોક ન જોવાયાથી થઇ આવી હતી. શરીરના રોમેરોમને બાળી નાખે એટલી એ ઉગ્ર હતી. આયર સાહેબે જે નોટીસ આપી હતી તે મહિનો જ્યારે પૂરો થવા આવ્યો, ને માત્ર સાત આઠ દિવસ બાકી રહ્યા, અને નિશ્ચિત થયું કે આજથી આઠમે દિવસે આપણે ઓફીસમાં જવાનું નથી, ત્યારે મારા પોતાના માટે નહિ, પરંતુ જે પિતાએ વર્ષોના મુશ્કેલ જીવનનો સામનો કરીને મારું જીવન વ્યવસ્થિત ને શાંત વહે એ માટે પ્રયત્ન કર્યા હતા, એમનું સ્વપ્ન છિન્નભિન્ન થઈ જતું હતું એ જોઇને, એમના ચહેરા પર જે મૂંગી વેદના હતી, આંખના એક ખૂણામાં સહેજ રતાશ આવી હતી, અને એ વજ્જર પરાજયથી તો કમતું નહિ, એટલે આ નિરાશા સહન કરવા માટે જે પ્રયત્ન થઇ રહ્યો હતો એ જોઇને, મારું હૃદય એમની એ સઘળી વ્યથાનો જાણે પડઘો પાડતું હોય તેમ શોકાભિભૂત બની ગયું! એ વ્યથાયા ને વ્યથામાં મેં આયર સાહેબને એમને મદ્રાસને સરનામે એક કાગળ

લખી નાખ્યો ! એમાં એવી મતલબનું લખ્યું હતું કે આવા દેખીતા અન્યાયનું પરિણામ તમને ન નડે એવું બને જ નહિ, આ કાગળ તમારા હાથમાં આવશે અને તમને એ અનુભવ થશે !

આમ મેં શા માટે લખી નાખ્યું હશે એ તો સમજાય તેવું છે. બરાબર બેસતાવર્ષને દિવસે મારી નોટીસનો છેલ્લો દિવસ આવતો હતો એટલે જે વર્ણ-નાતીત વ્યથાનો હું અનુભવ કરી રહ્યો હતો તે રાત દિવસ જાણે મારી પાછળ ને પાછળ ભમતી હોય તેમ લાગતું હતું ! એક પળ પણ, એવા અનુભવમાં, વ્યથા વિનાની જતી નથી ! હૃદય તમામનો કબજો એના હાથમાં હોય છે. એના જ ગાંડા આવેશમાં આ કાગળ લખાઇ ગયો હોવો જોઇએ. એ ટપાલ પણ કરી કાઢયો !

કાકતાલીય ન્યાયે બન્યું એવું કે આ બાજુ આયર સાહેબ કાગળ ફોડે છે, ને પેલી બાજુ તારનો પટાવાળો ઉભો છે ! તારમાં એમની એકની એક પુત્રી વિધવા થવાના સમાચાર હતા !

આ આશ્ચર્યજનક ન મનાય તેવા કાકતાલીય પ્રસંગને લીધે હોય કે ગમે તેમ, પણ ઘણો જ તાકીદનો એક તાર ત્યાં ગોંડલના દિવાન ઉપર એમણે તરત જ કર્યો. એ તારમાં જી. જી. જોશીને તરત કામ ઉપર લઇ લેવાનો, ને જે દિવસો પડયા તેનો પગાર આપવાનો હુકમ હતો !

એ વખતે ગોંડલના દિવાનપદે રણછોડદાસ વૃંદાવનદાસ પટવારી હતા. ઘણા જ સજ્જન અને ધાર્મિક પુરુષ હતા. વૈષ્ણવધર્મ પ્રત્યે એમને અચળ ભક્તિ હતી. ગાંધીજી સાથે બાળપણમાં રમ્યા હતા. તેમના પ્રત્યે સંપૂર્ણ માન છતાં, કેટલીક વસ્તુઓ વિષેનો એમનો આગ્રહ એમને અસ્થાને કે અયોગ્ય જણાતો. આ પટવારી સાહેબને એક નિયમ હતો કે અઠવાડિયામાં એક દિવસ દરેક વૈષ્ણવસ્થાને દર્શન કરવા જવું. હું ત્યાં પાસબાની હવેલીમાં રહેતો ત્યાં પોતે ધણીવખત આવતા. મને ઓળખતા એટલે મને તરત બોલાવ્યો. હું એમને મળવા ગયો ત્યારે આયર સાહે-બનો તાર ત્યાં તેમના હાથમાં જ હતો.

તેમણે મને પૂછ્યું: 'તમે આયર સાહેબને કાંઇ લખ્યું છે ?'

મેં કહ્યું: 'હા સાહેબ! મેં એમને મારા વિષે લખ્યું હતું ! મને અન્યાય કર્યો છે તે વિષે !'

'શું લખ્યું હતું ?'

'એમણે, હું અંતઃકરણથી માનું છું કે મને અન્યાય કર્યો હતો' મેં કહ્યું: 'એટલા માટે મેં તો લખ્યું હતું કે આનું પરિણામ ન આવે એમ ન જ બને !'

'ખરેખર આમ લખ્યું હતું ?'

'હા સાહેબ !'

'પણ આમ લખાય નહિ એ તો તમે સમજો છો ના ?'

મેં જવાબ આપ્યો કે 'કેમ ન લખાય ? તમને કોઇ ગોંડલનું દીવાનપદું છોડાવી ને વડોદરાનું દીવાનપદું આપે તો તમે પ્રયત્ન કરો કે ન કરો ? આવો પ્રયત્ન કરવો એ શું કોઇ એવો મોટો અપરાધ છે કે જેને માટે માણસને, સાંભળવાની પણ તક લીધા વિના, તમે નોકરીમાંથી કાઢી જ મૂકો ! એટલે મેં તો અત્યંત દુઃખમાં આવીને આમ લખ્યું નાખ્યું હતું !'

'પણ તમને ખબર છે તમારો પત્ર મળ્યો તે જ દિવસે પણ નહિ, તે જ પળે, એમની એકના એક પુત્રી વિધવા થવાનો તાર એમને મળ્યો. એમનો કાગળ મારા ઉપર છે, ને આ તાર છે. તમને તરત નોકરી ઉપર લઇ લેવાના છે. આટલા દિવસ પડયા તે તમારી રજામાં ગણી લેનારી, પણ જુઓ હું તમને એક શિખામણ આપું. જે મનમાં આવે તે તરત બોલી નાખવું નહિ !'

'પણ સાહેબ !' મેં કહ્યું: 'મને પણ આ લખવાનું ગમ્યું નથી. અને આ તો એક અકસ્માત હતો. 'માત્ર'એટલું' હું તમને કહું છું.' આવી વ્યથા મેં કોઈ દિવસ અનુભવી નથી !'

પટવારી સાહેબ મારી સામે જોઈ રહ્યા. થોડી-

વાર પછી એમણે કહ્યું: 'તમે કાલથી ઓફીસે જજો પણ મેં કહ્યું છે તે યાદ રાખશો તો તમને ફાયદો થશે!'

મેં સલામ કરીને રજા લીધી. ઘેર આવ્યો ત્યારે ફળીમાં સૌ રાહ જોતાં બેઠા હતા; દીવાન સાહેબનું તેડું આવે એવો આ નવીન જ પ્રસંગ હતો.

મેં આવીને વાત કરી ને સૌને આશ્ચર્ય થયું કે મારા પિતાએ કહ્યું 'માણસ દુઃખથી નરમ પડી જાય છે, પણ એણે આ સારૂં કર્યું'!'

હું ઓફીસમાં જવા માંડ્યો. આ અનુભવે હવે મને ડહાપણ આવ્યું હતું. ડાહ્યોડમરો થઈને ફાઈલોમાં સેરા મારવા મંડી ગયો. હવે તો નિશ્ચય કર્યો કે આને ચોંટી રહેવું।

આ પ્રમાણે ઓફીસમાં એક દિવસ લગભગ સાડા અગીઆર બાર વાગે હુ નીચી મુંડી રાખીને ફાઈલોમાં એકધ્યાન થઈ ગયો હતો.

એટલામાં મારી પડખેથી ને ઓફીસમા ચારેતરફથી કારકુનો ને મોટા કારકુનો પણ ઉભા થવા મંડ્યા. એમના હાથમાં લખવાની પેન એમને એમ રહી ગઈ હતી. ને સૌ પોતપોતાના બટન બરાબર સંભાળી રહ્યા હતા. શું થયુ છે એ જોવા મેં મુખ્ય બારણા તરફ દૃષ્ટિ કરી તો ત્યાં આવર સાહેબ પોતે આવી રહેલા દેખાયા! એમની પાછળ જ વસંતરાયભાઈ પણ આવતા હતા!

સૌના અને મારા પોતાના પણ આશ્ચર્યની વચ્ચે, આવરસાહેબ સીધા, મારા ટેબલ તરફ આવી રહેલા મને દેખાયા!

એ ત્યાં આવ્યા. અને મને મારા પિતાના શબ્દો સાંભરી આવ્યા. ખરેખર એમના ચહેરા ઉપર ઉદાસીનતા છવાઈ ગઈ હતી. તે ધીમે શાંત પગલે ઠેઠ મારા ટેબલ પાસે આવ્યા. ત્યાં આવીને એમણે મારા ટેબલ ઉપર બે હાથે મૂક્યા. જરાક મંદ પણ શોકભીના અવાજે એમણે પહેલું આ જ કહ્યું:

'Are you, satisfied now mr. Joshi?

મને તો દીવાન સાહેબે વાત કરી હતી. મેં અત્યંત નમ્રતાથી કહ્યું: 'સાહેબ! મારાથી અકસ્માત આપને કાંઈ લખાઈ ગયું હોય તો હું માફી માગું છું!'

એમણે ફરીને કહ્યું: 'હવે તમે તમારી રાજી ખુશીથી જાઓ તો ભલે—તમને કોઈ કાંઈ કહેશે નહિ. આનંદથી તમારૂં કામ કરો!'

મને એમની સજ્જનતાની ઉંડી છાપ પડી, પણ એક અકસ્માતે કેવો વિચિત્ર અનુભવ કરાવ્યો હતો એ જોઈને મને નવાઈ લાગી!

પણ આ થયું હશે ડીસેમ્બર જાન્યુ. ૧૯૨૦માં. મને લાગે છે ત્યારપછી મેં કેટલાક મહિના સુધી ત્યા ટ્રાફિક સુપ્રીન્ટેન્ડેન્ટના ઓફીસમાં કામ કર્યું. પણ એ કામ મારા સ્વભાવને અનુકૂળ ન હતું એટલે છેવટે તો મેં ત્યાંનો હાઈસ્કૂલમાં જવાનું નક્કી કર્યું જણાય છે.

આ વખતે અમારો ત્યાં ઠીક રસિક કહેવાય એવો એક સાહિત્યસંઘ પણ જામ્યો હતો.

બચુભાઇ રાવત એ વખતે કોલેજ છોડીને અમદાવાદમાં જવાની તૈયારીમાં હતા. અને એમનો પ્રવાસ અમને પણ અમદાવાદ ખેંચી લઈ જવા માટેનો ચાલુ થયો હતો. પણ તે વખતે હજી દેશળજી પરમાર ત્યાં ગરાશીઆ કોલેજમાં હતા. એટલે દેશળજી પરમાર, હું, એક વિજયશંકર કરીને પટવાણના જુવાન મિત્ર હતા, તે ત્યાં પોર્ટ ઓફીસમાં હતા, પણ એમને સાહિત્યનો ઘણો રસ હતો. અને એ રસ પણ ઉચ્ચ કોટિનો હતો. એ અમારા મિત્ર મંડળમાં હતા—એક છોટાલાલ 'સ્વામીજી' શુક્લ. આ શુક્લ તો પછી આફ્રિકા ગયા. આ અમારી મંડળી, કોઈ વખત બાઈશંકર આવી ચડ્યા હોય તો એ પણ ખરા, રવિશંકર વિઠ્ઠલજી મહેતા ને એમના મોટાભાઈ 'જગુભાઈ!' એ તમામ મંડળ રેલ્વેને પાટે પાટે ફરવા નીકળતું. મંજુભાઈ પટેલના પિતા 'વિહારી' પોતાના કાવ્યો ત્યાં ગાતા હોય, ત્યાં રાષ્ટ્રની, રાષ્ટ્રોદ્ધારની સાહિત્યની ને અનેક મલકની વાતો થતી.

પણ પરમાર, પંડિત રવિશંકર, બચુભાઈ ને હું—એમ અમે ચાર જણા ફરફરના રેલ્વેના પુલ નીચે

રેતીમાં બેસીને જે કલ્પનાઓ કરતા એ કલ્પનાઓ અમારા મનથી એ વખતે અદ્ભુત હતી! એમાં શું અદ્ભુત હતું એ કોઈને પુછીએ તો કોઈ નહિ કહી શકે. પણ કદાચ એ અનિશ્ચયાત્મક રમણીયતાને લીધે જ અમને એ જીવન રસાયન જેવું અદ્ભુત લાગતું હતું!

એ વખતે બચુભાઈ 'જ્ઞાનાંજલિ' નામે હસ્તલિખિત કાઢતા. એમના એ સમયની ધ્યેયનિષ્ઠા એટલી એકાગ્ર હતી કે એમાંનો એક અક્ષર સુદ્ધાં પારકે હાથે ન લખાતો! લેખો બધાના લેતા. દેશળજીની કવિતાઓ આવતી હું પેલા પત્રો આપતો ભાઈશંકરનો લેખ આવતો. હારકાથી લેખ મળતે. પણ ઉતારે બધું પોતાના હાથથી—અને તે પણ એકધારા સરખા અક્ષરે!

આમાં પોતાનો કેટલો વખત જાય છે એનો એ ખ્યાલ રાખતા જ નહિ.

એમની તો એક સિદ્ધાંતને વરેલી નીતિ હતી. હસ્તલિખિત એટલે ગમે તેમ ગમે તેવા અક્ષરે ગમે તેટલાએ લખેલું એમ નહિ એક જ જણાએ સુંદર મરોડદાર અક્ષરે લખેલું!

આ સમયમાં હું જુદા જુદા માસિકોમાં લેખો મોકલતો રહેતો. 'વસંત'માં મારા પત્રો છપાતા હતા. પણ પછી શ્રી. રમણભાઈ પાસે તંત્ર આવતાં, એ પત્ર છાપવામાં કાંઈક ઢીલ થયેલી હશે, ને ઉતાવળ તો લેખો પ્રગટ કરવાની ઘણી રહેતી, એટલે કાંઈક કાગળ લખ્યો જણાય છે. એ કાગળનો રમણભાઈએ પ્રત્યુત્તર પણ આપેલો. ટીકીટ લેખક બીડે, એટલે તંત્રી, લેખ પાછો મોકલે જ, તો એ વ્યવસાય પણ છેવટે ગેરવ્યવસ્થા જન્માવે એવો એ પત્રનો ધ્વનિ હતો. આખો પત્ર, આજે ઘણા ઉગતા લેખકો તંત્રીઓ ઉપર લેખ પણ પાછો ન મોકલ્યો એવા આરોપો મૂકવા માંડ્યા છે, ત્યારે, આ માર્ગસૂચક બને તેવો તેવો લાગે છે. પત્ર નીચે પ્રમાણે છે.

અમદાવાદ, ૭ સપ્ટે. ૧૯૨૦

રા. રા. ગૌરીશંકર ગોવરધનરામ જોશી,

મુ. ગોંડળ.

આપનો તા. ૩–૯–૨૦ નો પત્ર પહોંચ્યો છે. આપ લખો છો કે (આપનો લેખ મોકલતી વખતે) "શિષ્ટાચારના ધોરણ પ્રમાણે મ્હેં ટીકીટ સાથે બીડેલી હતી એટલે એ લેખ પ્રગટ કરવા યોગ્ય ન હોય તો પાછો મોકલવો એ આપની ફરજ હતી"

પત્રના તંત્રીની એવી ફરજ હોય એમ મને લાગતું નથી. પત્રમાં પ્રસિદ્ધ થવા સારૂ તંત્રી પર આવેલા લેખ પ્રસિદ્ધ ન કરવાનું તંત્રી ઠરાવે તો તે લેખ સાચવી મૂકવાની કે પાછા મોકલવાની તંત્રીની ફરજ હોતી નથી અને હોવી પણ ન જોઈએ. લેખકો પોતાની ઇચ્છાથી લેખ મોકલે તે ઉપરથી તંત્રીને માથે એવી જવાબદારી ઉત્પન્ન થતી નથી. તંત્રીનું કાર્ય એવી જવાબદારીથી ગુંચવાવું ન જોઈએ એવી સામાન્ય માન્યતા છે.

લેખક ટપાલની ટીકીટ મોકલે તે પણ લેખ પાછો મોકલવાની તંત્રીની જવાબદારી ઉત્પન્ન કરવાનું કારણ બનતું નથી. ફક્ત લેખકને તેની ટીકીટ પાછી મોકલવી એટલી જવાબદારી તંત્રીને માથે ઉત્પન્ન થાય છે. ખરી રીતે તો એવી ટીકીટો સાચવવાનું તંત્રીને સોંપવા કરતાં ટીકીટો ન મોકલવી એ વધારે સારું છે...દરેક લેખકે પોતાને જોખમે લેખ મોકલવો એ જ નિયમ ચાલી શકે. લેખકની ખુશી હોય તો રજીસ્ટર્ડ પોસ્ટથી લેખ મોકલી લેખ પહોંચ્યાની ખાતરી મેળવે.

આમ જો હવે પછી 'વસન્ત' માટે લેખ મોકલો તો લેખો સંબંધમાં ઉપર પ્રમાણે વ્યવહાર થશે એ લક્ષમાં રાખીને લેખ મોકલશો અને ટીકીટ ન મોકલવાનો રિવાજ રાખશો.

'કેટલાક પત્રો' પત્ર–૫' એ આપનો લેખ 'વસન્ત'માં પ્રસિદ્ધ કરવાનું કેટલાક દિવસ પર ઠરેલું છે. યથાવકાશે તે પ્રસિદ્ધ થશે, અને જે અંકમાં તે પ્રસિદ્ધ થશે તે અંકની નકલ આપને મોકલવામાં આવશે"

લિ.

રમણભાઈ મહીપતરામ નીલકંઠ

તંત્રી : 'વસન્ત'

'વસન્ત'નું તંત્રીપદ રમણભાઈએ સંભાળ્યું હશે

મહીદાસ ઐતરેય

[૧]

આખું જંગલ, આ એક નાનકડા છોકરાનું રુદન સાંભળવા થંભી ગયું હોય તેમ, ઝાડનું એક પાન પણ ક્યાંય ચાલતું ન હતું. પવન બંધ થઈ ગયો હતો. વૃક્ષો શાંત હતાં. ઝરા અને ઝરણાં પણ છાનાં છાનાં વહી રહ્યાં હતાં!

કાલે સાંજે એણે ચુપચુપ રહીને એક વાત સાંભળી હતી. એના પિતા, પાસેના કોઈ નગરમાં, યજ્ઞ કરાવવા જવાના હતા. એના પિતા મોટા યજ્ઞવિદ્ હતા. એની સાથે બીજા પણ ઋષિમુનિનાં વૃંદ જવાનાં. રસ્તે આખે કથાવાર્તા ને રસવિનોદની વાતો થતી જાશે. અલક મલકની લોકકથાઓ કહેવાતી જાશે. જ્યાં પડાવ થાશે ત્યાં ફળફળાદિ કંદમૂળના ઢગલા થાશે. એટલે એનું શિશુ-હૃદય આ સાંભળીને નાચી ઉઠ્યું. એણે નિશ્ચય કરી લીધો પોતે સવારમાં વહેલો ઉઠીને કોઈ ન દેખે તેમ સૌથી પહેલો તૈયાર થઈ જાશે. માત્ર માના કાનમાં છાનું માનું કહી આવશે કે પોતે જાય છે! નહિતર પાછી એ રડે. અને પછી ખાખરાની ડાળીયે ઝોળી લટકાવીને સૌની મોઢા આગળ એ ચાલતો થઈ જાશે. પછી એને કોણ ના કહેશે? અને કોઈ ના કહેવા આવશે તો પોતે સીધો પહોંચશે પિતાજી પાસે! એને બીક એના ભાઈઓની હતી. એનો સગોભાઈ તો કોઈ હતો નહિ. પણ સાવકા ત્રણ ચાર હતા! એ એને રમવામાં પણ પાસે ઢુંકવા દેતા નહિ. પાસે જાય તો તરત કાઢી મુકતા. 'તું આંહીં નહિ! તું આંહીં નહિ! એ ઈતરાના! તું આહીં નહિ! અમારી સાથે તું નહિ, તું બીજે રમવા જા!'

હમેશાં, આ 'તું આંહીં નહિ!' એ સાંભળી સાંભળીને એને હવામાંથી પણ રાત દિ એક જ જાતના પડઘા પકડવાની જાણે ટેવ પડી ગઇ હતી! 'તું અમારી સાથે નહિ! એ ઈતરાના!' એ શબ્દો એને વારંવાર સંભળાવતા. એને સૌ ઈતરાનો છોકરો કહેતા. એની માને એણે ઘણી વખત પૂછ્યું હતું કે 'મા! તારું નામ શું?' નીચાં નેણ ઢાળીને મા એક જ જવાબ દેતી: 'બેટા! ઈતરા! મારું નામ ઈતરા!'

'પણ મા! સૌ તો કહે છે એ કોઈનું નામ જ નથી એ તો અમસ્તું કહેવાનું નામ છે. આપણે પેલી ગાયને 'સુનંદા'નું નામ આપ્યું છે, પેલા હરણના બચ્ચાને પિતાજીએ 'વિદ્યુત્રેખા' નામ આપ્યું છે,– એવું તારું સાચું નામ શું મા?'.

મા સજળ નેને દીકરા સામે જોઈ રહેતી. પછી ધીમેથી બોલતી: 'બેટા! મારું નામ ઇતરા!'

'પણ પેલા મારા ભાઈઓ તો કહે કે મા! 'ઈતરા' એટલે તો ગમે તે! સામટી ભામટી! ટકુંટગીયું! અરચુરણ પરચુરણ!' એવું તે કાંઈ નામ હોય?'

એનો જવાબ એને કોઈ દિવસ મળ્યો ન હતો.

તે સમયનો આ પત્ર એક વાત સારી રીતે સમજાવે છે કે લેખ રજીસ્ટરથી મોકલવો ને પરચુરણ વાતોમાં તંત્રીને નાની નાની ગુંચવણ ઉત્પન્ન થાય તેમ ન કરવું.

તે વખતે આનો પ્રત્યાઘાત શું થયો હશે તે જાણવાનું સાધન નથી. પણ આજે આ પત્રમાં લખેલું વ્યવહારુ સત્ય જ વધારે અનુકૂળ જણાય છે. અને ઉગતા લેખકો પોતાના લેખો વિષે તરત ફરિયાદ કરે છે એમને માર્ગદર્શન કરાવે તેવો છે.

[ક્રમશઃ].

એટલે એના શિશુ–હૃદયમાં પિતાની આ વાત સાંભળતાની સાથે જ એક ભડક પણ ઉભી થઇ હતી કયાંક એના ભાઈઓ એને ન લઇ જવાનું પિતાને કહેશે તો? એણે વૃક્ષના થડ આડેથી એક ચોર દૃષ્ટિ કરીને અંદર જોયું તો ત્યાં પર્ણકુટિમાં એના પિતાની સામે બેસીને, એના ભાઇઓ સમિધના નાનાં નાનાં પોટકાં બાંધી રહ્યાં હતાં!

એટલામાં એણે વાતચીતના શબ્દો સાંભળ્યા અને એની છાતી બેસી ગઈ. એના પિતા પોતે જ એના ભાઈઓને કહી રહ્યા હતા: 'જુઓ, આ સમિધના ઢગલા જો ઇતરાનો છોકરો જોઇ જાશે તો એ તમારી વાંસો વાંસ પ્રભાતમાંથી જ ચોંટશે હો! એને ખબર પડે એટલી વાર છે! એને જો કે કયાંક ખબર પડી યજ્ઞ કરાવવા જવાનું લાગે છે; તો પછી એ રાત આખી તમારી ચોકી ભરશે! અને સવારે ભેગો ઉપડશે!'

'અરે, એને સૂતો મુકશું પિતાજી!'

'તો ઠીક; નહિતર તે દિવસે ખબર છે ને આપણે આખી વેદી ફરીને રચવી પડી. એ આવીને કોણ જાણે કયારે ઉભો ને સૂરજ દેવતાએ પણ એના પડછાયાને બીજી દિશામાં વાળવાને બદલે, વેદી ઊપર જ નાખ્યો! આપણે આખી વેદી ફરીને રચવી પડી'

'તમે ફિકર ન કરતા ને! હું હમણાંથી જ એને અલકમલકની વાતોએ ચડાવીને સુવરાવી દઉં છું. એ સૂએ કે ઝુંપડી જ ઢસાવી દઉં. મા દીકરો મહેનત કરીને થાકે પણ સવારે બારણું જ ન ઉઘડે ને!'

મોટા છોકરાની વાતને ઋષિએ જરાક શાંત રહીને ઉત્તેજન આપ્યું. એટલે ત્યાંથી ઉભો થયો પણ જેવો એને ઉભો થતો જોયો કે ઇતરાનો છોકરો સડેડાટ દોડયો જ ગયો ને અને કયાય નજરે જ ચડયો નહિ.

પણ પ્રભાતમાં ઇતરાના છોકરાને મોઢા આગળ ચાલતો જોયો અને સૌને નવાઈ લાગી. રાતે એનો પતો લાગ્યો નહિ. ને અત્યારમાં સૌથી પહેલો હાજર! બે ત્રણ ઋષિકુમારો એને ટીંગાટોળી કરીને પાછો મૂકી આવ્યા. ફરી આવ્યો તો ફરી પાછો મૂકી આવ્યા. એના પિતાએ પણ એને સાથે લઈ જવાની ના પાડી, 'તું 'ઇતરા'નો છોકરો છે તારાથી નહિ અવાય!' પિતાએ સ્પષ્ટ શબ્દમાં ના પાડી દીધી.

એનું શિશુ–હૃદય આ નિષ્ઠુર વાણી સાંભળીને ફાટી ગયું તે હૈયાફાટ રૂદન કરતો પાછો ફર્યો. બે ઘડી જંગલ પણ એનું આ રૂદન સાંભળીને થંભી ગયાં! એને કોઈ રીતે સમજાતું ન હતું કે આ 'ઇતરા' શબ્દમાં એક શું જાદુ છે કે એ ગમે ત્યાં જાય, એક એ શબ્દનો ઉચ્ચાર થતાં જ, એની આડે મોટી વજ્જરની દિવાલ ખડી થઈ જાય છે! એની મા શું કરવા પોતાનું નામ બદલતી નથી! અને બીજા તમામ ઋષિમુનિકુમારોને રૂપાળાં રૂપાળાં નામ છે, કોઈ શ્વેતકેતુ છે, કોઈ વારૂણી છે, કોઈ આરણ્યક છે, કોઇ અશ્વત્થ છે. એકલો એ જ નામ વિનાનો? કેવળ 'ઇતરાનો છોકરો!' અને એને 'છોકરો' પણ કોઇક વખત કોઇક વિવેકમાં કહેતું. બાકી તો એ 'ઇતરાના!' એટલું જ એનું સંબોધન!

આજ એનું શિશુ–હૃદય હવે ફાટી જતું હતું. એ ધ્રૂસકે ધ્રૂસકે ત્યાં ઝરણાંને કાંઠે રહ્યો હતો. એને થતું હતું કે એનો આખો દેહ

જો આંસુ રૂપે થઈને આ ઝરણુમાં વહી જાય તો બસ!

મોડી સાંજે એ પાછો ફર્યો. એની મા ઇતરા એની રાહ જોતી ત્યાં ક્યારની ઉભી હતી. એને એણે દીઠી અને એની આંખમાંથી શ્રાવણ ભાદરવો ચાલી નીકળ્યાં. ઈતરા પણ બોલ્યા વિના જ વાત સમજી ગઈ તેણે તેને પ્રેમથી પોતાની છાતીમા દાબી દીધો 'બેટા! મેં તને કહ્યું ન હતું કે એ આપણે માટે નથી!'

'પણ ત્યારે મા! તેં તારું નામ 'ઇતરા' શું કરવા રાખ્યું? આજ તું ચાલ આપણે નામ બદલાવી કાઢીએ!' છોકરાને એમ હતું કે આ બધું નામને લીધે થાય છે એને બાળકને જ્ઞાતિભેદની આ કરામત ક્યાંથી સમજાય? બેટા! નામ બદલાવવાથી કાંઇ ન થાય. આપણું આ નામ ઠીક છે!'

'પણ મા!' છોકરો રડતો રડતો બોલ્યો:–

'તેં મને પણ કાંઈ નામ આપ્યું નથી'

'દીકરા! તારું નામ તો છે ને! તું ઇતરાનો!'

મા દીકરો બન્ને જણાં ત્યાં એમ ને એમ બેસી જ રહ્યાં. એમને કાંઈ ગતાગમ પડતી નથી કે એમણે એવો મોટો શો અપરાધ કર્યો છે કે બધી આખું પેલા મહાન યજ્ઞમાં હાજરી આપવા ગયું છે–અને કેવળ એ બે જ જણાં મા દીકરો આંહીં બાકી રહ્યાં છે!

માએ નીચાં નેણ ઢાળીને છોકરાની સામે જોયું. એની આંખમાં આંસુ આવી ગયાં હતાં. તેણે પૃથ્વી ઉપરથી થોડી ધૂળ લઇને એને હવામાં ઉડાડી!

'કેમ બોલી નહિ મા? આપણી કુળદેવતા કોણ?'

માએ ફરીને ધૂળ ઉડાડતાં કહ્યું: 'આ ધરતી દીકરા! એ આપણને એ સંઘરે એ પાળે, એ રક્ષે, મરીએ તો એ ખાંપણ આપે આપણી કુળદેવતા પૃથ્વી. ધરતી મહી આપણે એને પ્રાર્થના કરવાની એ જવાબ આપે તો!'

★

બીજે દિવસે પ્રભાતમાં મા દીકરો બન્ને જંગલમાં ગયાં. માએ શુદ્ધ માટી આણી. છોકરો સમીધ લઈ આવ્યો ઋષિમુનિઓ બનાવતા હતા એવી વેદી એણે બનાવી એક-ચિત્ત થઈને એણે મા ધરતીને આહ્વાન આપ્યું

અને મા ત્યાં ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરી રહીઃ 'હે મા! હે ધરતી! તું આ મારા દીકરાને તને ઠીક પડે તેવું નામ આપ. હે મા! તું એને નામ આપ. અને તું જ આશીર્વાદ આપ. હે મા! તું અમારી છે અને તારા વિના અમારે બીજું કોઈ નથી!

મા દીકરા બન્નેના આશ્ચર્ય વચ્ચે જાણે પવનમાંથી પડઘો ઉઠતો હોય તેમ થોડીવારે એક વાણી ઉઠીઃ 'હે ઈતરા! તારો આ પુત્ર મહીદાસ એ નામે હવે પ્રસિદ્ધ થાઓ! એ મહી એટલે ધરતીનો પુત્ર કહેવાઓ! તારો આ પુત્ર મહીદાસ ઐતરેય મારો પણ મહિમા સ્થાપશે લોકોને એ જ્ઞાન આપશે કે મહી એટલે ધરતી–એ જ અંતે સર્વની સાચી જનની છે! મહીદાસ ઐતરેય એક પરમ સત્ય આપી જશેઃ प्रज्ञानं ब्रह्म બ્રહ્મ જ્ઞાનમય છે પ્રાણી માત્ર જીવે છે કારણ કે એનામાં બે બલ છે. એક પ્રાણબલ છે, બીજું જ્ઞાનબલ છે એમ કરતાં કેવળ જ્ઞાન વડે જ્યારે એ જીવે, ત્યારે એ મુકત બને. માટે प्रज्ञानं ब्रह्म બ્રહ્મ જ્ઞાનમય છે પરમસત્યનો દૃષ્ટા હે ઈતરા! તારો આ મહીદાસ થશે!'

આ અશરીરી વાણી સાંભળતાં. મા અને દીકરાના મસ્તક ત્યાં પ્રેમથી ધરતીને અડતાં નીચે નમી પડયાં!

(૨)

જ્ઞાનદાન!

એક રાજા હતો. એનું નામ જાનશ્રુતિ. એને એવી લગની લાગી કે પોતે અન્નદાતા, ખરા અર્થમાં થાય, તો ખરો! એ કીર્તિ મેળવવા માટે એણે ઠેર ઠેર અન્નશાળાઓ બંધાવી. જે કોઇ આવે તે ત્યાં જમી જાય! ગમે તે આવે ને ગમે ત્યારે આવે અન્નની કોઈને ના નહિ.

રાજા જાનશ્રુતિની આ કીર્તિની પછી તો ઋષિમુનિઓએ પણ ગુણગાથા ગાવા માંડી. રસ્તે માણસો પણ બે ભેગાં થાય તો જાનશ્રુતિની વાતો ચાલે! જાનશ્રુતિ રાજા ખરો અન્નદાતા એમ લોકમાં એને પ્રસિદ્ધિ થઇ.

પણ એની એ કીર્તિ ધૂળ થઈ જાય એવી વાત એક દિવસ બની ગઇ.

એક ઋષિએ બીજાને કહ્યું: 'આ રાજા જાનશ્રુતિનો મહિમા ઘણો છે, પણ ગાડાવાળા રૈકવને એ ન પહોંચે!'

–'ગાડાવાળા રૈકવને આ રાજા જાનશ્રુતિ ન પહોંચે? શું બોલ્યો? તારા રૈકવે કેટલી અન્નશાળાઓ બંધાવી છે?'

'એમાં અન્નશાળાઓ બંધાવવાની વાત નથી ઋષિજી! આ તો નીરક્ષીરના ભેદની હંસ જેવી વિવેકવાત છે. અન્નદાન રાજાનું ખરું. પણ રાજા રૈકવ ગાડાવાળાને ન પહોંચે!

રૈકવ પાસે જ્ઞાન છે. સાચું જ્ઞાન જે તરત અસર કરે. એની તોલે અન્નદાન ન આવે!

રાજા આ વાત સાંભળી ગયો. એને કુતુહલ થયું.'એવો કોણ જબરો પાકયો કે જેનું દાન મારા કરતાં ચડી જાય! અને તે પણ કેવળ જ્ઞાનનું દાન? અન્નની તો વાત નહિ!'

પછી તો એ નાનામોટાની વાત થઈ. એને આખી રાત નિદ્રા આવી નહિ. સવારના પહોરમાં જ એણે સારથીને બોલાવ્યો: 'રથ જોડા, આપણે પ્રસિદ્ધ ગાડાવાળા રૈકવને મળવું છે! એને બોલાવી લાવો!' સારથી રૈકવને કયાંથી ઓળખે? પણ એણે વિચાર કર્યો કે આ કાંઇ જેવો તેવો માણસ નહિ હોય. શહેરમાં જાતાં કોઇ ને કોઇ એનો ભવ્ય મહાલય બતાવી દેશે! એને એમ કે આવડા મોટા દાનેશ્વરી રાજા કરતાં પણ, જેને ઋષિમુનિ મોટો માને એ કાંઈ ઢાંકયો રહેશે?

એણે તો અનુમાને રથ હાંકયો. શહેરના ખૂણેખૂણા ફરી વળ્યો. પણ ત્યાં રૈકવ ગાડાવાળો? કયાંય પત્તો લાગ્યો નહિ.

પાછો આવ્યો. રાજા કહેઃ 'અરે! એ તો જ્ઞાની છે. એ તે કાંઇ શહેરમાં રહેતા હશે? તપાસ કરો જંગલમાં, ત્યાં એનો પત્તો ખાશે!

સારથી ફરીને ઉપડયો. પણ રૈકવ ગાડાવાળાનો પત્તો કયાં કયાં મળે? જંગલમાં એક ઠેકાણે એક ગાડાની નીચે એક માણસને બેઠેલ જોઇને એણે અનુમાન કર્યું. 'આ તો રૈકવ નહિ હોય? રૈકવ ગાડાવાળો કહેવાય છે અને આનો મુકામ પણ ગાડાની નીચે જ રહેતો લાગે છે! ગાડું જ એનું મુકામ લાગે છે!' તેણે હાથ જોડીને એને પૂછયું: 'રૈકવ ગાડાવાળા કહેવાય છે તે તમે જ છો પ્રભુ?' રૈકવે જવાબ વાળ્યોઃ 'હું તો હું જ!'

સારથીએ દોડતા જઈને રાજાને ખબર આપી. રાજાને તો એક ધૂન હતી. જો રૈકવનું જ્ઞાન એને મળી જાય તો પછી પોતાની કીર્તિમાં કાંઈ કહેવાપણું રહે નહિ! પછી એ અન્નદાતા કહેવાય ને જ્ઞાનદાતા પણ ગણાય. એકને બદલે બે કીર્તિ મળે!

એણે તો આ જ્ઞાન મેળવવા માટે સુવર્ણ

ને ગાયો ને હારશણગાર ઉપાડયા. જઈને ઋષિને ચરણે ધર્યું. હાથ જોડીને વિનંતી કરી. 'હે ભગવાન ! તમારું જ્ઞાન મને આપો ! આ દાન લ્યો, ને જ્ઞાન આપો !'

ઋષિ રૈક્વ મનમાં હસી પડયા. આ રાજાને શું કહેવું ? એ એમ માનતો લાગે છે કે ધનથી ન ખરીદાય એવું કાંઇજ નથી. આ તો શુદ્ર જેવી વાત થઈ

એટલામાં રાજાએ ફરીને હાથ જોડયા: 'હે પ્રભુ ! મને ઉપદેશ કરો. મને તમારું જ્ઞાન આપો ! ' રૈક્વ ઋષિએ બધી વસ્તુઓ તરફ નજર કરતાં કહ્યું: 'હે શુદ્ર ! આ બધું તું લઈ જા ! જ્ઞાન એ જુદી જ વસ્તુ છે ! તને અજ્ઞાનીને જ્ઞાનનું શું જ્ઞાન હોય ? '

રાજા તો આ સાંભળીને ઉદાસ થઈ ગયો. પોતે આટલાં આટલા અન્નક્ષેત્રો બાંધ્યાં છે અને પોતે અજ્ઞાની ?

પણ એના મનમાં તો પેલી વાત ઘર કરીને બેઠી હતી ધન વડે ન મળે એવું દુનિયામાં શું હોય ? કાંઈ જ નહિ. દરેક વસ્તુને તમે મેળવી શકો માત્ર ઓછી કિમ્મત એટલું જ !

એટલે એ તો ફરીવાર રૈક્વ મુનિ પાસે આવ્યો પણ આ વખતે પાંચસોને બદલે હજાર ગાયો લાવ્યો, હાર પણ એક ને બદલે બે લાવ્યો, અને આ ઋષિ કનકથી જીતાતા ન હોય તો બીજી રીતે જીતાશે; એ પણ છેવટે છે તો માણસ કે બીજું કાંઈ ? એટલે પોતાની પુત્રી લઈને ઋષિ પાસે આવ્યો 'આ રાજકન્યા પરણાવું, ગામગરાસ આપું. પછી તો પ્રભુ ! મને ઉપદેશ કરશો ના ? ' તેણે હાથ જોડીને કહ્યું

ઋષિને મનમાં શોક થયો 'ઓહો હો !' તે વિચાર કરી રહ્યા. 'માણસ પાસે 'જ્યારે સંપત્તિ હોય છે, ત્યારે એ એમ માનતો લાગે છે કે હવે થઈ રહ્યું ! વેચાતું ન લેવાય એવું હવે કાંઇ જ રહ્યું નથી !. જ્ઞાન પણ. સોનાને બદલે મળે એમ એ 'માનવા મંડે, ત્યારે માણસાઇનું એ મોટામાં મોટું દીવાળું સમજવું ! બીજી વસ્તુ તો ઠીક, જ્ઞાન પણ ! સોનામાં એનો પણ લેખ ! તો તો થઈ રહ્યું. અજ્ઞાનકુપમાંથી પછી એ માણસ નીકળી શકે જ નહિ કારણ કે એમાં અભિમાન, લાલસા, સત્તાકાંક્ષા, બધું ભેગું થાય !'

ઋષિ ધીમેથી બેઠા થયા. રાજકન્યા પાસે આવ્યા; 'દીકરી તું આ તારા શુદ્ર બાપની સાથે પાછી ઘેર જા વિદ્યા પણ વેચાતી મેળવી શકાય છે એમ એ સમજે છે. પોતાના આત્મવિકાસ દ્વારા એ સાધવાની અલૌકિક વસ્તુ છે, એમ આને હજી સમજણ જ નથી. હે રાજા ! તું શુદ્ર છે. તું ફરીને આ લઈને આવ્યો ? જા ફરીને એ પાછું લઈ જા !'

રાજા જાનશ્રુતિની હવે આંખ ઉઘડી ગઈ. એને એમ થયું કે બહારનાં સાધન વધુ ઓછું માણસ પાસે હોય, તો એ બે પૈસા આમ કે તેમ ખચે, ધર્માદામા ખચે, છતાં જે મેળવવાનું છે જ્ઞાન, એ જો એ ન મેળવે, તો એનું એ તમામ દાન, ધર્મ, બધું ફોક ! મૂળ વસ્તુને ઉદય પમાડવા માટે જ એ સઘળું દાન પુન્ય ધર્મ છે. અને એ મૂળવસ્તુ તે આ. આંહીં આ દુનિયામાં જે કાંઈ છે તે પરમાત્માનું છે. પરમાત્મા સિવાય જ્યાં જીવન જ નથી ત્યાં પોતાનાં થોડાં ઘણાં સાધનોથી દાન ધર્માદા કરવાનું અભિમાન લેવું, એ જ મહાપાપ છે. પુણ્યને બદલે એ જ મહાપાપ !'

રાજા જાનશ્રુતિ આ સમજણનો ઉદય થતાં જ ઋષિના ચરણમાં પડી ગયો. પોતાની પાસે જે હતું તે કુછ વિસાતમાં નથી. એવું કાંઈક ખરું તત્ત્વ તો ઋષિ પાસે હતું, એની સમજણ હવે એને પડી.

[૩]
સર્વશ્રેષ્ઠ કોણ ?

એક વખત એવું બન્યું કે માણસના પોતાના શરીરમાં બળવો જાગ્યો. મન, પ્રાણ, ઇંદ્રિયો વિસંવાદ સરજાવી બેઠાં. દરેક કહેવા લાગ્યું, 'હું સૌથી શ્રેષ્ઠ હું છું તો તમે છો.'

હવે આ વસ્તુનો નિકાલ કોણ કરે ? નિકાલ કરનારૂં મન, એ પોતે જ પોતાનો પક્ષ લેનારું થાય ! એટલે વાત વળે ચડી. પછી તો બધી ઇંદ્રિયો એક પછી એક મનને જ ઘેરી વળી. આંખ આવીને મનને કહેવા લાગી: 'મારા વિના તો તુ આંધળું ધબ ! પછી તું શું જુએ ને શું સમજે ?'

મન બિચારું મુંઝાઈ ગયું. ત્યાં તો કર્ણેન્દ્રિય આવી : મનને કહે, 'તારે માટે તમામ જ્ઞાનનો વારસો હું લાવું છું એ તને ખબર છે ? તું નહિ જૂએ તો અજ્ઞાન નહિ રહે, પણ નહિ સાંભળે તો ? પાંચ વરસના બાળક જેટલું પણ પછી તને જ્ઞાન નહિ હોય ! માટે સમજી લે કે સર્વશ્રેષ્ઠ હું છું. હું કર્ણેન્દ્રિય ! મોટા મોટા નરપુંગવ પણ જો કાનના કાચા હોય તો નમાલા ગણાય છે એ આટલા જ માટે !

મન બિચારું કર્ણેન્દ્રિયની વાત સમજ્યું ન સમજ્યું ત્યાં તો એના ઉપર નાસિકાનો હલ્લો આવ્યો: 'અલ્યા એ ! નહિ જુએ તો શું ખાટું મોળું થઇ જવાનું છે ? ને નહિ સાંભળે તો શું અબખિયાળું રહી જવાનું છે ? એમ તો તું ક્યાં હમેશાં સ્વર્ગ જ જુએ છે કે અપ્સરાનાં ગાન જ સાભળે છે ? કાનના કીડા ખરી જાય એવી કુવાણી પણ સાંભળવા મળે છે, ને આ જોયાથી ન જોયું ભલું, એવું તો દિવસમાં દસવાર તું દેખે છે, એનું શું ? માટે એ બન્નેને જવા દે મારા વિના તો તારો શ્વાસ જ ધબાય નમઃ માટે સર્વશ્રેષ્ઠ હું ! મારા વિના દેહ જ ન રહે. અને દેહ નહિ હોય તો તારો પોતાનો જ ભાવ કોણ પૂછશે એ બોલને ! માટે સો વાતની એક વાત. સર્વશ્રેષ્ઠ હું નાસિકા ! લોકમાં અમસ્તી કહેવત ચાલે કે દસશેરનું માથું ભલે ડૂલ થાય પણ નવટાંક નાક ન જાય તો ઘણું !'

નાકની વાત પુરી થઈ ન થઇ ત્યાં જીભ બોલી ઉઠી: 'પણ એ નાકની પ્રતિષ્ઠા કોને લીધે છે એ કોઇ જાણો છો ? નિર્માલ્યોના નાક તો હમેશાં કપાય છે ને હમેશાં ચોડાય પણ જાતકજાતની ખબર તો મારે લીધે પડે છે એનું શું ? એના ઉપર જ નાકનાં તોલ ! 'બોલ એક માંહી તોલ માણસનો પ્રમાણે' એમ કવિજનો અમસ્તા બોલે છે ? હું છું તો માણસ માણસની સાથે રહી શકે છે; હું છું તો પરંપરા જીવતી રહે છે. હું છું તો તમે તમારી જાતને પ્રગટ કરી શકો છો હું વાણી અમૃતનો કુંભ ધારૂં છું, ને જરૂર પડે તો ઝેર પણ હું જ ઓકું છું. મેં અનેક સામ્રાજ્યો સ્થાપ્યાં છે.તે ઉથાપ્યાં છે. મેં ઈતિહાસ ઘડ્યો છે ભૂગોળને હું લોપી શકું છું. હું હતી તો વેદ વર્ષો સુધી જીવતા રહ્યા. મારા વિના તો માણસ શબ જેવો બની જાય. વગર વિચારે કહી નાખો મહેરબાન ! કે સર્વશ્રેષ્ઠ ઈંદ્રિય છે જીભ વાણી. એ જીવન લાવે છે ને મૃત્યુને પણ વારે છે. સાવિત્રીએ જમરાજાને શેના વડે હરાવ્યા ? વાણી વડે. માટે ઇંદ્રિયોમાં શ્રેષ્ઠ તો 'જીભ જ કહેવાય !'

ગામમાં પસાયતા અઢી અઢી એટલા માટે કહું છું કે એક તો ઘર્ણખરુ માંદો રહેતો ને બે હતા તે દિવસે તો છબાવાડીની પાછળ શીમમાં રખડતા ને રાતે ચોરે ચોપટ માંડતા! એક રીતે ગામડું ન ધણિયાતા ઢોર જેવું હતું!

આ ગામમાં હું ક્યાં અટકાણો એમ તો મનમાં થાય, પણ નભાવ્યા વિના બીજો કોઈ ઉપાય ન હતો

નવરાનાં ઓસડ બે કાં ચોપટ ને કાં વાતો ચોપટ મને આવડે તો ખરી, એમ તો ભલેને આખી બાજી ઉપર હારી બેસું, પણ ગાંડી કાકરી કર્યા વિના કોઈ બાજી જ હું બેસું નહિ ને! પણ આહીં તો જેની સાથે ચોપાટ માંડી શકાય એવો પણ કોઈ મળે નહિ! એટલે છેવટે મેં વાતોનો આધાર લીધો એ મજા ઠીક, કોઈ દી જૂની થાય નહિ, કોઈ દી ખૂટે નહિ, કોઈ દી એનો થાક લાગે નહિ, કોઈ દી તમને થાક આપે નહિ! ને જ્યારે જુઓ ત્યારે હાજર! વાર્તાઓની ચોપડીઓ ગોતી કાઢી ને મંદિરના બાવાજી વાતોડિયા હતા, ત્યાં દોસ્તી બાંધી

બાવાજી અલકમલકની હાંકે અધી યે ગપ પણ વચ્ચે શંકા નાખીને જો વિઘ્ન ન કરો તો બાવાજી વાતો એવી માંડે કે તમે અરેબિયન નાઇટ્સ પણ ભૂલી જાવ!

એવામાં મને એક દિવસ થયું કે બાવાજીની વાતો તો ઠીક પણ બાવાજીની પોતાની વાત જાણવા જેવી હશે એ જો કઢાવી હોય તો એમાં કાંઈક ને કાંઈક નવું મળે એટલે એક દિવસ મોડી રાતે એક પછી એક બધા ઉઠ્યા ગયા ગયા પણ તે દિવસે હું બેઠો રહ્યો બાવાજી પણ મુંગા મુંગા ચલમ ફૂંકી રહ્યા હતા

'કેમ માસ્ટર સા'બ! આજ કુછ રોટી ઓટી પકાના નહિ હય?'

'આજ તો શનીવાર છે ભજુનગરજી! કાલે રજા છે એટલે નિરાંત છે એકટાણું છે'

'તો કુછ પરસાદી લીજીયે!' કહીને બાવાજી ને તસનો એક લાડવો લઈ આવ્યા

તસનો લાડવો એણે મારી પાસે મૂક્યો પાણીનું પવાલું પણ મૂક્યું અને પાછા પોતે ચલમમાં પડી ગયા

મેં અચાનક જ કહ્યું ભજુનગરજી! આજ તો મારે તમારી પાસેથી એક વાત જાણવી છે!'

ભજુનગરજીનો જવાબ ઉપર કહ્યો તે આવ્યો નદીનાં મૂળ અને જોગીના મૂળ લેવાય નહિ! આમ બોલીને પછી પોતે મારી સામે જોઈ રહ્યો

મને થયું કે માણસ કોઈક વખત તો પોતાની વાત કહેવા તલસતો હોય છે માત્ર એ કઢાવવાની કળ જોઈએ ભજુતગર કહેશે તો એની વાત આજે વાત કહેશે અને નહિતર એ કોઈ દિવસ નહિ કહે મેં કહ્યું 'ભજુતગરજી' આ ગામ સાવ રેઢિયાળ છે આંહી કોઈ ધણીધોરી છે નહિ આપણે બે જણા છીએ તો વળી સુખદુઃખની કાંઈક માંડીએ છીએ ને દિવસ કપાઈ જાય છે ભલા એક બીજાના હેતુ મિતર થયા છીએ તો વધુ શું કહીએ! બાકી આંહી કોઈ માણસ છે?

'આંહી તો કુછ નથી, માસ્ટર સા'બ! આંહી ઝુંપડીબારશ છે કેવળ પાણપાણો ઉભા છે!'

હું એમ કહું છું કે હું તો હવે નોકરીવાળ. આજ આંહી તો બે વરસે વળી કેણ જાણે ક્યાં! સુખે દુઃખે હું આંહી વરસ બે વરસ કાઢી નાખીશ. પણ તમે કોઈ ઠેકાણે નહિ ને અહીં ક્યાં આવી ને પડ્યા? આંહી કાંઈ આકર્ષણ થાય તેવું તો છે નહિ!'

ભજુતગરે કપાળ તરફ હાથ ધર્યો માસ્ટરસા'બ આમાં માનો છો?'

માનું તો છું!'

'ન માનતા હો તો માનતા થાવ તેવી વાત છે!

મને થયું છેવટે બાવાજી ખીલે તેમ લાગે છે પણ અઘટિત ઉતાવળ કરવા જતા વખતે મૂળગી વાત

(જુઓ પાનું ૬૮)

રાતનો એક વાગ્યો હતો તે વખતે કાન્તાબહેન પોતાને કોઇ બોલાવતું હોય તેમ જાગી ગયાં. અવાજ આવ્યો: 'કાન્તાબહેન!'

અવાજ ધીમો હતો, થડકતો હતો અને 'બહેન'ના ઉચ્ચાર વખતે ઠરડાઈ ગયો હતો. કોણ હશે? કાન્તાબહેનને થયું. તે સાથે ફફડાટ પેઠો.

ઇન્દુભાઇ ઘેર ન હોય ત્યારે એ ચોકસાઇથી, જો કે રોજ ચોકસાઈ રાખતાં, પણ તે દિવસે વધુ ચોકસાઇથી ઘરનાં બારીબારણાં બંધ કરતાં, છતાં એ ફફડાટ સાથે ધીમેથી ઊભાં થયાં, બહાર હિલચાલ જણાય તેમ, બારીની સ્ટોપર બરાબર બંધ છે કે નહિ તેની ખાત્રી કરી.

ફરી અવાજ આવ્યો: 'કાન્તાબહેન!'

અવાજ સહેજ જોરથી આવ્યો છતાં સૂર ભારે થયો હતો, આખા ઉચ્ચારમાં ઠરડાટ આવી ગયો હતો.

શહેરમાં છેતરપિંડીના એવા અજબ કિસ્સા બનતા હોય છે જેથી કાન્તાબહેનને થયું કે, ઘર ફોડવાને બદલે આ રીતે અંદર પેસવાનો નવીન પેંતરો હોય તો પણ કોને ખબર? ઘરનાનું નામઠામ જાણી લે, પુરુષ ઘેર નથી તેની ખાત્રી કરી લીધી હોય, પછી આમ નામ દઇને બોલાવે એટલે સ્ત્રી સ્વાભાવિક બારણું ઉઘાડે એટલે છરો બતાવી એનું કામ પતાવી દે!

કાન્તાબહેનને આવો વહેમ આવવાનું કારણ, પાંચ દિવસ ઉપર જ આ સોસાયટીમાં એક મ્યુનિસિપાલિટીનો ઇન્સપેક્ટર બનીને ઘર માપવા આવ્યો છું કહીને ધોળે દિવસે કપાસીના બંગલામાં દાખલ થઇ અનસૂયાબહેનનાં ઘરેણાં લૂંટી ગયો હતો.

ત્યાં ફરી અવાજ આવ્યો: 'કાન્તાબહેન'! 'કાન્તાબહેન!'

'કોણ? હરિભાઈ?'

'હા.'

કાન્તાબનનો ફફડાટ હેઠો બેઠો. પૂછ્યું 'કેમ અત્યારે?'

હરિભાઇ: 'સુશીલા ઘરમાં નથી.'

'હેં!' કાન્તાબહેન હબકી ગયાં.

બારણા આગળજ એ ઉભાં હતાં, છતાં સ્ટોપર ઉઘાડતાં ઉઘાડતાં એમને સાત પાંચ થઈ. હાથમાંનું જોર ઊડી ગયું હોય તેમ સ્ટોપર ખસતી ન હતી. મહામહેનતે સ્ટોપર ઉઘાડી. બત્તી કરી હતી એટલે અજવાળામાં હરિભાઈનું મોં જોતાં એ ધ્રૂજી ઊઠયાં. હરિભાઇના મો ઉપરથી લોહી ઊડી ગયું હતું.

પૂછ્યું: 'જાજરુ તો નથી ગયાં ને?'

હરિભાઇ: 'જાજરૂ જોયું. બાથરૂમ જોઇ...'

ઊંચે આકાશમાં જાણે સુશીલાબહેન સાંભળતાં હોય તેમ કાન્તાબહેને એ તરફ મોં ફેરી ઉદ્ગાર કાઢ્યો: 'સુશીલાબહેન, તમે આ શું કર્યું!'

એક વખત સુશીલાબહેને આપઘાત કરવા પ્રયત્ન કરેલો, પણ એની ખબર પડી જતાં એ ક્ષણ ચૂકી ગયેલાં. એને દસ વર્ષ પણ થઈ ગયાં હતાં અને ઓચિંતો એમણે આ ધડાકો કર્યો!

કાન્તાબહેને પૂછ્યું: 'કંઇ બોલવુંચાલવું થયું હતું!'

ગુનેગાર હોય તેમ હરિભાઇ ગળગળા સાદે બોલ્યા: 'તમે જાણો છો, મારે શું કરવા બોલવું પડે છે તે. ભગીરથને શરદી થઈ છે છતાં એને ચડ્ડી પહેરાવ્યા વગર છો ઉપર ઓળોટવા દીધો, ઉનાળામાં રોજ મારે એ જ કકળાટ કરવાનો કે બાળકોને બપોરે બહાર નીકળવા ન દેવાં. પણ...'

કાન્તાબહેનને સુશીલાબહેનની એક કથની યાદ આવી: 'રોજના કંકાસથી હું કાયર થઇ ગઇ છું. કંકાસ કરે ત્યારે બાકી ન રાખે અને પછી કંઇ નહિ. એમના પેટમાં કંઇ પાડે ન મળે એ ખરું. પણ વીંછી ભોળાભાવે ડંખી મારે તો ય વેદના ન થાય એમ ઓછું બને છે? આપઘાત કરવાનો ઘણીવાર વિચાર આવે છે પણ બાળકોને લીધે હું એ પગલું ભરી શકતી નથી.'

કાન્તાબહેનને થયું—જરૂર, એમણે કંઇ આવું પગલું ભરી દીધેલું, બાકી આમ અધી રાતે એ ક્યાં ગુમ થાય!

કાન્તાબહેનથી ઊભું ન રહેવાયું. ચક્કર આવતાં હોય તેમ પૂતળાં ફરવા લાગી. એ નીચે બેસી ગયાં. બોલ્યાં: 'મનહરભાઈને બોલાવો. તમે બેઉ આદમી માણસો તપાસ કરો. મારા પગ તો ભાંગી ગયા છે!' મનહરભાઈનો બાજુમાં બંગલો હતો.

હરિભાઈના પગ પણ ભારે થઈ ગયા હતા એમ એમનાં પડતાં ડગલાં કહી આપતાં હતાં.

કાન્તાબહેનને થયું: 'રાજા પછી જગતમાં બધાંને ડહાપણ આવે છે. હવે બાજી હાથથી ગઈ ત્યારે હરિભાઈ ઢીલા પડી ગયા. એમના બોલવામાં પસ્તાવો છે, મો ઉપર નિરાશા છે; પણ અગાઉ કહી કહીને થાકી ગયાં કે તમારો આ સ્વભાવ છોડો, બાળો તમારે જ છે કે બીજાને પણ છે? કોક વખત તો ઠીક, પણ રોજ રોજ કોઈ પણ સ્ત્રી રોક-ટોક કેટલી સહી શકે! પણ એ માણસે છેવટ સુધી ન જ માન્યું! રતન ગુમાવે તેમ એમણે સુશીલાબહેનને ખોયાં ત્યારે જ જંપ્યા!'

વળી થયું: 'શું સુશીલાબહેને છેલ્લું જ પગલું ભર્યું હશે? રિસાઈને ચાલ્યાં ગયાં હોય તો તો બહુ સારું. પણ રિસાઈને કોઈને ઘેર–પિયરમાં પણ જાય એવો એમનો સ્વભાવ ન હતો. એ જે માનસિક તાણ ભોગવતાં હતાં એ પણ કોઈને કહેતાં ન હતાં. ફક્ત એક જ વાર, દુઃખનો ભાર ન વેઠાવાથી એમણે પોતે આપઘાત કેમ કરતાં નથી એનું કારણ વાતવાતમાં કહ્યું હતું. એટલે એમણે ઘરમાંથી પગ કાઢ્યો એનો અર્થ જ ઠેલી વાત!'

કાન્તાબહેન આંખ મીંચી ગયાં. કૂવામાં પડીને મરી ગયેલાં સુશીલાબહેનની લાશ જાણે તપાસ કરીને બહાર કાઢી હોય તેમ એમની દૃષ્ટિ આગળ વિકરાળ દૃશ્ય ખડું થયું. પથારીમાં ઘસઘસાટ ઊંઘતા દસ વર્ષના રજનીને 'ઢંઢોળાને જગાડો–બીક ઓછી થાય એ કારણે–રજની ગભરાશે એમ ઢંઢોળવાથી ઓછો જાગે! પાસું ફેરવી એ સૂઈ ગયો. એને હાથ ઝાલી બેઠો કર્યો. આંખો ચોળી એણે કહ્યું: 'શું છે?'

કાન્તાબહેન શું કહે! ન કહે તો એની ઊંઘ કેમ ઊડે! વાત ઘડી પછી તો બધે જાહેર થવાની હતી એટલે એમણે કહ્યું: 'સુશીલામાસી ઘરમાંથી જતાં રહ્યાં છે હરિકાકા શોધવા ગયા છે. આપણે જાગતા બેસવાનું છે.'

સુશીલામાસી જતાં રહ્યાં એ સાથે જ રજનીની ઊંઘ ઊડી ગઈ ક્યાં ગયાં! શું કામ ગયાં! કહ્યા વગર કેમ ગયાં? એવા સવાલ ઉપર સવાલ એણે પૂછી નાખ્યા. પણ કાન્તાબહેન એકેનો સંતોષકારક ઉત્તર આપી શક્યાં નહિ.

મહિના ઉપર આ જ સોસાયટીમાંથી, હાઈસ્કૂલમાં ભણતી સુભદ્રા નાગની છોકરી એક છોકરા સાથે ભાગી ગઈ હતી અને ત્રણ દિવસ સુધી શોધા-શોધ કરી એને પાછી પકડી આણી હતી. એ પ્રસંગ રજનીને યાદ આવ્યો એટલે એણે નવો સવાલ કર્યો: 'હેં બા! સુશીલામાસી કોઈની જોડે ભાગી ગયાં હશે?'

રજનીના ગાલે ટપલી મારતાં કાન્તાબહેન બોલ્યાં: 'મૂરખ છે કે શું! સુશીલામાસી કોઈની જોડે ભાગી જતાં હશે?'

રજની: 'સુભદ્રા નહોતી ભાગી ગઈ?'

કાન્તાબહેન: 'સુભદ્રા તો નાદાન–બુદ્ધિ વગરની છોકરી કહેવાય. સુશીલામાસી એવાં નાદાન છે!'

રજની: 'સુભદ્રાને બુદ્ધિ વગરની કેમ કહેવાય! ભણવામાં છોકરાઓ કરતાં આગળ રહે છે એમ સુશીલામાસી જ તે દહાડે વાત નહોતાં કરતાં?'

કાન્તાબહેન: 'બુદ્ધિ હોય તો માબાપને નીચું ઘાલવું પડે એવું કોઈ પગલું ભરે?'

રજની: 'સુશીલામાસીમાં બુદ્ધિ ઘણી છે એમ તું રોજ કહે છે, પછી એમણે આવું પગલું ત્યારે શું કામ ભર્યું?'

કાન્તાબહેનને શો જવાબ આપવો તે સૂઝ્યું નહિ એટલે ખિજાઈને બોલ્યાં: 'મેં તને એક કરતાં બે ભલા જાણી જગાડ્યો ત્યારે મૂરખ જેવી વાતો મૂકતો નથી. ચાલ, હરિકાકા મનહરકાકા પાસે ગયા છે એટલે જોઈએ કે શું થયું?'

રજની ઊભો થઈ ગયો. કાન્તાબહેને બારણું બંધ કર્યું.

રજની યાદ આવતાં બોલ્યો; 'દિનેશ જાગ્યો નથી ?'

કાન્તાબહેન: 'એને જગાડતો હશે ? બા જતી રહી છે એમ જાણતાં એ તો રડારડ કરે.'

રજની: 'સવારમાં ઊઠશે ત્યારે તો જાણશે ને ? તે ઘડીએ નહિ રડે ?'

કાન્તાબહેન: 'તું એને છાનો રાખજે.'

રજની: 'હું તો એને આપણે ઘેર રાખીશ.'

કાન્તાબહેન: 'ક્યાં સુધી એમ એને આપણે ઘેર રાખીશ ?'

રજની: 'એની બા આવશે ત્યાં સુધી.'

કાન્તાબહેન: 'ન આવે તો ?'

રજની: 'નથી આ તો આવશે ને ! કુમુદને નથી બા આવી છે તેમ.'

કાન્તાબહેન પાસે વળી જવાબ ન રહ્યો એટલે બોલ્યાં: 'ચાલ છાનોમાનો. આવી મૂરખાઈભરી વાતો તને સૂઝે છે ક્યાંથી !'

બંને જણ મનહરભાઈના બંગલામાં દાખલ થયાં ત્યારે એ બંને જણ બહાર નીકળતા હતા. મનહરભાઈએ હાથમાં મોટી ટોર્ચ લીધી હતી અને દોરી લીધી હતી.

કાન્તાબહેન: 'ક્યાં તપાસ કરવા જાઓ છો ?

મનહરભાઈ: 'પહેલાં સોસાયટીના કૂવામાં લાઈટ ફેંકી જોઈએ. પછી પત્તો ન લાગે તો સાયકલ ઉપર શહેરમાં જઈ આવીશું. એમની બે-ત્રણ બહેનપણીઓ છે, ત્યાં હોય તો. બાકી હેવટ પોલીસને ખબર આપવી રહી.'

રજની બોલી ઊઠ્યોઃ 'હેં બા ! સુશીલામાસી કૂવામાં પડ્યાં હશે !'

કાન્તાબહેન મનહરભાઈને ઉદ્દેશીને બોલ્યાં: 'કૂવામાં પડવા ધાર્યું હોય તો પણ એ રોજના વપરાશવાળા સોસાયટીના કૂવામાં પડે એમ હું માનતી નથી.'

મનહરભાઈઃ 'માણસ કાયર થાય ત્યારે શું કરે તે કલ્પી ન શકાય. એમ તો એ આમ ચાલ્યાં જાય એમ પણ કોણ માનતું હતું ? ભણ્યો ભૂલે અને તારો ડૂબે એમ એ ડહાપણનો ભંડાર હોવા છતાં ઘર છોડવાનું પગલું ભરી શક્યાં પછી શું કરે અને શું ના કરે એ ક્યાં રહ્યું ?'

વખત બગાડવાનો અવસર ન હતો એટલે બંને જણ આગળ ચાલ્યા. મનહરભાઈ વિધુર હતા. ઘરમાં એક દીકરી હતી એ પણ આ સમાચાર જાણતાં બી ગઈ હતી એણે કાન્તાબહેનને બોલતાં સાંભળી કહ્યુંઃ 'આવોને કાન્તાબહેન, મારો તો રહ્યો કૂવા ઉપર જવાનો જીવ જ ન ચાલ્યો એટલે નીચે જ બેસી પડી.'

કાન્તાબહેન અંદર ગયાં. લીલાવતી બોલીઃ 'સાચું પૂછો તો સુશીલાબહેન જ આવો રોજનો કંકાસ આટલા વરસ વેઠી શક્યાં, બાકી બીજું હોય તો ક્યારનું ય . . . . .'

કાન્તાબહેન: 'મને તો તે ઘડીએ જ કહેવાનું મન થઈ ગયું હતું કે, તમે એ જ લાગો છો પણ આવે વખતે એવું કહેતાં જીભ ન ઉપડી. બાકી, વાત વાતમાં એ કહે છે કે, કાલ મરતી હોય તો આજ મર ! પછી આટલા વર્ષે એ મરે એમાં નવું શું ?'

લીલાવતી: 'તમારાથી ન કહેવાયું, પણ મારા કાકાએ તરત સંભળાવ્યું.'

કાન્તાબહેન અધિરાઈ બતાવતાં બોલ્યાં: 'શું કહ્યું ?'

લીલાવતી: 'બીજું શું ! કહી દીધું—તમને એની કદર ન હતી પછી એ ગઈ તેથી હવે હાંફળા ફાંફળા શું કામ થઈ જાઓ છો ?'

કાન્તાબહેન: 'એમના જેવી ટોક તો આ જમાનામાં કોઈ ન સહી શકે દરેક વાતમાં ખૂંધરાં...'

'ખૂંધરાં તો ઠીક, પણ' લીલાવતીએ વચ્ચેથી ઉપાડી લેતાં કહ્યું: 'એક વખત હું એમને ત્યાં બેઠી હતી અને બોલવું પડ્યું. કંપાઉન્ડમાં બંગલી ઝાડું કાઢતી હતી તેના તરફ હાથ લાંબો કરીને

કહ્યું: તારાં કરતાં આ બંગડી સારી છે. સુશીલાબહેનને મારી રૂબરૂ આવું કહે તે કેવું લાગે? પણ એ બિચારા એક અક્ષર ન બોલ્યા. પણ મારાથી બોલ્યા વગર ન રહેવાયું કહ્યું: બંગડી ગમતી હોય તો એને ઘરમાં ઘાલો. છતાં ઝંખવાણા પડ્યા વગર હરિભાઈએ કહ્યું: આ મરે તો હમણાં મને ફાવે એને ઘરમાં ઘાલું' સહેજ રહીને લીલાવતીએ કહ્યું: 'મને તે ઘડીએ જ થયું, આવા ઘા વેઠીને તો સુશીલાબહેન જ રહી શકે, મારાથી એક ઘડી પણ ન વેઠાય. મનથી ગાંઠ વાળી હું તે ઘડીએ બોલી નહિ. સુશીલાબહેનને લીધે એમની સાથે સંબંધ રાખવાનો. બાકી વીંછીના મોને તો ખાસડું જ શોભે.'

કાન્તાબહેન: 'ઉવટ વીંછીનું મોં હતું એટલે ખાસડું પડ્યું ને? એમના ત્રાસે એક વખત આપઘાત કરવા તૈયાર થયા હતા છતાં એમણે પોતાની વર્તણૂંક સુધારી' નહિ અને સુશીલાબહેને ઝેર પીવાય ત્યાં સુધી પીધું.'

લીલાવતી: 'રાંડ્યા પછી ડહાપણ આવે તેમ સારાકાકાએ કડવું વેણ સંભળાવ્યું ત્યારે એમણે કહ્યું: હવે જો એક અક્ષર બોલું તો તમારું ખાસડું અને મારું માથું. એની અણઆવડત કોઈ જોતું નથી પણ મારે બોલવું પડે છે તે જ બધાની આંખે ચડે છે.'

કાન્તાબહેન: 'આ જ દુઃખ છે ને? એક અક્ષર નહિ બોલું એમ કહેવા છતાં ય બોલ્યા વગર તો ન જ રહેવાયું!'

લીલાવતી: 'સારાકાકાએ એનો પણ રોકડો જવાબ આપ્યો—બીજાની અણઆવડત જોતાં પહેલાં તમારી જુઓને. સુશીલાબહેનનું એક વાંકું હશે તો તમારાં ઊંટની જેમ અઢારે ય વાંકાં છે! એ તમારાં અઢાર વાંકાં નભાવી લે અને તમારાથી એક નભાવાતું નથી!'

કાન્તાબહેન: 'પછી હરિભાઈએ શો જવાબ આપ્યો?'

લીલાવતી: 'કાનની બૂટ પકડી કહે—હવે જો કોઈ બાબતનો ટકટકારો કરું તો તમે અને લીલાવતીબહેન સાક્ષી છો. મેં કહ્યું—રાંડ્યા પછી' આટલું ડહાપણ આવ્યું તો પહેલાં બતાવવું હતું ને!

કાન્તાબહેન: 'મને રડવું થયા કરે છે કે, સુશીલાબહેન એમ મરે નહિ. એમણે જ મને કહ્યું હતું કે હું બાળકોને લીધે જીવું છું. આવેશમાં ને આવેશમાં કદાચ રાત્રે નીકળી ગયાં હોય અને શહેરમાં બે-ત્રણ બહેનપણીઓ છે તેમાંથી ગમે તેને ઘેર ગયાં હોય.'

લીલાવતી: 'સોસાયટીના કૂવામાં જો એવું કંઈ હોય તો તરત ખબર આવે. પણ કંઈ જણાયું નહિ એટલે લાગે છે કે એ લોકો શહેરમાં ગયા.'

કાન્તાબહેન: 'શહેરમાં હોય તો તો ઠાકોર રણછોડજીને મારે થાળ કરવો. અણી ચૂકી જાય એટલે બસ. આ વખત તો હું એમને સમ ખવડાવું કે ભવિષ્યમાં પણ આવું કંઈ ન કરે.'

લીલાવતી: 'જીવતાં હોય તો પછી એવો વખત આવવાનો નથી. હરિભાઈએ કાનની બૂટ પકડી છે.'

કાન્તાબહેન: 'એ તો ઠીક. કૂતરાની પૂંછડી ભોંયમાં ઘાલો તેટલો વખત સીધી, બહાર કાઢી કે હતી એની એ.'

લીલાવતી: 'કશું કહેવાય નહિ, ઘણી વખત આમ માણસનો હૃદયપલટો થઈ જાય છે.'

રજની કાન્તાબહેનના પગ ઉપર માથું મૂકી ઝોકાં ખાતો હતો અને વચ્ચે સવાલ ઊભો કરતો ન હતો એટલે ઘેનમાં આવી ગયો છે એ જોતાં એમણે કહ્યું: 'ચાલ ઘેર જવા દે. બંનેનાં બારણાં દીધાં છે. કોઈ ઊઠકે રડ્યું કર્યું' અને એમણે રજનીનો હાથ પકડી ઊભો કર્યો.

ઊંઘમાંથી જાગતા રજની બોલ્યો: 'સુશીલામાસી આવ્યાં?'

કાન્તાબહેન: 'હરિકાકા એમને તેડવા શહેરમાં ગયા છે, ચાલ ઘેર જઈએ.'

રજનીએ ચાલતાં કહ્યું: 'હેં બા! સુશીલામાસી આમ જતાં રહ્યાં છે તે હરિકાકા એમને મારશે?'

કાન્તાબહેન: 'જો પાછો દોઢડહાપણ કરવા લાગ્યો. એમ કોઈ કોઈને મારતું હશે!'

રજની: 'દિનેશ એક દહાડો કહેતો હતો કે મારી

બાને મારા કાકાએ આજે બે તમાચા માર્યા હતા.'

કાન્તાબહેનઃ 'ખોટી વાત. દિનેશને વાતો જોડી કાઢવાની ટેવ છે એમ તો તું જ મને કહેતો હતો. એ સાચું હોય તો સુશીલામાસી મને વાત કર્યા વગર ન રહે. મને તારા બાપુ મારે છે કે એમને હરિકાકા મારે?'

રજની: 'એમ તો બાપુ તને ક્યાં વઢે છે! અને હરિકાકા તો રોજ રોજ સુશીલામાસીને વઢે છે. એક દીવસ આપણે જોતાં હતાં અને ભાતની તપેલી બહાર ફેંકી દઈ, કેવા બાંટા પાડતા હતા!'

કાન્તાબહેન : 'તું ચાલીશ હવે બાપલા! મારા ક્યા ભોગ લાગ્યા તે મેં તને વળી જગાડ્યો.'

કાન્તાબહેન ઘેર આવ્યાં. મેડા ઉપર શાન્તિ હતી એટલે કોઈ બાળક જાગ્યું નથી માની એમણે પોતાનું બારણું બંધ કર્યું, રજનીને ઊંઘ ભરાઈ હતી એટલે એ આંખો મીંચી પથારીમાં પડ્યો. બીક ન લાગે તે માટે કાન્તાબહેને બત્તી બંધ ન કરી પણ એવાં ફફડી ગયાં કે અમસ્તાં પથારીમાં આડાં પડ્યાં. એના એ જ વિચારો આવ્યા કરતા હતા.—સુશીલાબહેન મૂર્ખાં, બહાપણનો દરિયો હતા અને આમ છેક આવું કરવાનું ક્યાંથી સૂઝ્યું? બાળકનો ય સહેજ વિચાર ન આવ્યો? પંદર વર્ષ સુધી વિષ પી પીને કંઠ નીલકંઠ થઈ ગયો હતો, ઝેર ચઢી ગયું હતું અને હવે એવું ઝેર શું પીવાનું બાકી હતું કે આમ કરી બેઠાં?

ત્યાં બહારથી અવાજ આવ્યો: 'કાન્તાબહેન!'

પગ નીચે સાપ આવે અને માણસ છલંગ મારે તેમ કાન્તાબહેન ઉછળી પડ્યા. બોલ્યાં: 'કોણ! કોણ! સુશીલાબહેન!'

બારણું ઉઘાડ્યું તો સામે સુશીલાબહેન ઉભાં હતાં. બોલ્યાં : 'એ ક્યાં ગયા છે તે જાણો છો!'

કાન્તાબહેન હસી પડ્યાં. બોલ્યાં : 'તમે ક્યાંથી આવ્યાં એ તો પહેલાં કહો. એ તો જ્યાં ગયા હશે, ત્યાંથી હમણાં પાછા આવશે.'

સુશીલાબહેન : 'મને ક્યાંક શોધવા તો નથી ગયાને?'

કાન્તાબહેન : 'રાતના એક વાગે ઘરમાં સૂતેલું બૈરું ગૂમ થાય ત્યારે પુરુષ ક્યાં જાય એ તો તમે જ કહોને!'

સુશીલાબહેન :' હું તો અગાસી ઉપર હતી.'

કાન્તાબહેન : 'આટલી રાતે!'

સુશીલાબહેન : 'સૂતી વખતે બોલવું થયું એટલે મને બાર સુધી ઊંઘ ન આવી. અમૂંઝણ થવા લાગી. પવન બિલકુલ ન હતો એટલે થયું—લાવ શાન્તિ વળે ત્યાં સુધી અર્ધો કલાક ખુલ્લામાં બેસું. ઉપર ગઈ અને ઠંડા પવનમાં આડી પડી તે આંખ મીંચાઈ ગઈ!'

★

રોજબરોજના જીવન ધબકાર રજૂ કરતું માસિક

વાર્ષિક લવાજમ ભેટ પુસ્તક સાથે રૂ. ૭,

પરદેશમાં શિલીંગ બાર

વડવાગોળ અને ચામાચીડીયાં

પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ

સસ્તન પ્રાણીઓમાં ચામાચીડીયાં બહુ સહેલાઈથી ઓળખી શકાય એવું ઉડતું પ્રાણી છે કે જે ઉડવાને ઉડાન કહી શકાય. એવા પણ કેટલાંક પ્રાણીઓ છે કે જેઓ હવામા સરી શકે છે. એવા પ્રાણીઓમાં ઉડતી ખીસકોલી એક છે. છતાં તેને વિશે એટલું કહી શકાય કે એને ચોક્કસ પાંખો હોતી નથી, પણ બન્ને પ્રાખે નીકળતી પહોળી થતી ચામડી છે કે જેથી તે નીચે પડતું મુકી ધપ દઈને ન અથડાતા હવામાં સરીને આસાનીથી બેસી શકે છે. આ ચામડી એવી રીતની હોય છે કે જાણે આધુનીક હવાઈ છત્રી કે જેનો ઉપયોગ વિમાનમાંથી નીચે કુદી પડવા માટેનો હોય છે. ચામાચીડીયાં પાંખને ઉંચી નીચી વીંઝીને ઉડાન કરી શકે છે. આ સસ્તન પ્રાણીને પાંખ થવાનું કારણ શોધી શકાતું નથી એના જુના ઉત્ખાત અવશેષોમાં પણ તેઓને પાંખ હોવાનું પ્રમાણ મળી રહે છે. નિષ્ણાતોને ચામાચીડીયાની ઉત્પત્તિ કે તેના કોઈ આદ્ય વડવા વિશે માહીતિ સાંપડતી નથી. જ્યારે એવા મુદ્દા મળી રહે છે કે ચામાચીડીયાં અને આગળ જોઈ ગયા તે શાળા, છછુંદરના કુટુમ્બ સાથે સંબંધ ધરાવતા હોય એવું સમજાય છે આથી એટલું કહી શકાય કે તેઓનાં આદ્ય પ્રાણીઓનો વાસ વૃક્ષ ઉપર હોય અને જીવાતનો ચારો કરતા હોય. આથી એમ વિચાર કરી શકાય કે પહેલાં તેઓએ વૃક્ષોમાં નિવાસ કર્યો અને જીવાત પકડવા માટે ઠેકડા કુદકા મારવા શરૂ કર્યા, અને તેમાંથી તેઓ ઉડતા શીખી ગયાં. આવાજ કારણે પખીઓને પણ ઉડાનની કળા પ્રાપ્ત થઈ છે. જ્યારે ચામાચીડીયાએ હવામાં કુદકા શરૂ કર્યા હશે ત્યારે તેઓના આગલા જાળવાળા હાથ તે ઠેકડાને હવામાં રોકવા મદદરૂપ થયા હશે, અને બન્ને પડખામા હવાઈ છત્રી જેવી ચામડી હશે. આ બન્ને કારણો એકઠા થયાં ત્યારે તેની પ્રગતિ ઉડાન પ્રાપ્ત કરી શકી. હવામાં ઠેકડા મારવાનું કારણ તો ઉડતી જીવાતને હાથ કરવા અને જીવન નભાવવા માટેજ હશે. કારણ કે દરેક જાતનાં ચામાચીડીયાનો ખોરાક જીવાતનો હતો પણ જે ફળનો આહાર કરનારાં વડવાગોળ કે જે કુટુમ્બની બહુ થોડી સંખ્યા છે તે તો પાછળથી વિકાસ પામી હશે. ખોરાકનું જુદાપણું હોવા અંગે જીવાતભક્ષી અને ફળાહારી જાતનાં બાંધામાં ખાસીયતમાં બહુ નજીવો ફેર પડયો. આવા ફેરને લઈને ચામાચીડીયાંને મુખ્ય બે કુટુમ્બમાં વહેંચી નાખવામાં આવ્યાં. એક ફળાહારી કુટુમ્બ અને બીજું જીવાતભક્ષી કુટુમ્બ. આ બન્ને કુટુમ્બમાં જેઓ ફળ ખાય છે તેઓનું કદ બહુ મોટું બન્યું: અને જીવાત ખાનાર કુટુમ્બમાં કદ નાનું રહી ગયું. કોઈ ચામાચીડીયાનું કદ વડવાગોળ જેટલું કદાવર નથી.

આપણે જોઈ ગયા તેમ તેઓ પાંખ વડે ઉડતાં હોવાને અંગે બીજા સસ્તન પ્રાણીઓની હરોળમાંથી બહાર તરી આવે છે એમાં તેના હાથ છે તે પાંખનું કામ આપે છે ગ્રીક ભાષામાં ચામાચીડીયાંને ' Chiroptera' કહેવામાં આવે છે તેને છુટો પાડીએ તો " Chieros " એટલે હાથ અને "Pipreron" એટલે પાંખ થાય છે. એ ઉપરથી જાણી શકાય છે કે તેના બાવડું અને કળાઈ મળીને પાંખ થાય છે. બાવડું કોણી સુધી આવે અને કળાઈ કાંડા સુધી આવે છે જ્યારે હાથમાં અંગુઠા સાથે બીજાં ચાર આંગળાં હોય છે. અંગુઠો ટુંકો છે જ્યારે આંગળાં ખુબ લાંબાં અને વચ્ચે પાતળી ત્વચાથી જોડાએલાં હોવા છતાં હોવા છતાં ભેગાં થઈ ઉઘાડી શકે છે. એ રીતે ચામાચીડીયાં પોતાની પાંખ ઉઘાડી રાખી શકે છે. તે સિવાય આંગળામાં સાંધાની જોડ હોવાને લીધે પાંખ વિંઝવામાં સરખાઈ રહે છે તેનાં જાળવાળાં આંગળાં ભેગા કરે એટલે તે તેની પાંખને સંકડાવી શકે છે આથી તેઓ ગતિને વધારે ઓછી કે રોકી શકે છે વળી પોતાની ઉડવાની રીતમાં કાન-કડીયાંની પાંખ એટલી નરમ છે કે જોતાં એમ થઈ જાય કે પ્રકૃતિએ ચામાચીડીયાંને, ઉડાનનું આ સાધન આબાદ આપ્યું છે.

ઉપરની સામી પાંખોએથી આગળ વધીને ત્વચા પગ સુધી પહોંચે છે. ત્યાંથી પુંછડીને પણ લાગે છે. અને બન્ને પગો આગળ પહોંચતાં તેમાંથી

નીકળતા ખુણે આધાર લે છે આ ત્વચા ખભા સુધી પણ આવેલી છે. એટલે ચામાચીડીયાના આખા શરીર ફરતી આવી ત્વચા આવેલી હોવા અંગે હવાઈ છત્રી બની જાય છે. અને હવામાં ગતિ તેને વીંઝીને મેળવે છે.

જેમ શીઘ્ર ચક્ષમ બાજની શેડઉતાર લાંબી પાંખ તેઓની ઉડાનમા ગતિ બતાવે છે તેવી જ રીતે લાંબી શેડ ઉતાર પાંખ આ પ્રાણીની ઉડવાની ગતિ બતાવે છે. આવાં લાંબી પાંખના ચામાચીડીયાં સુર્યાસ્ત સમયે પોતાનો બશીરો છોડી આકાશમાં ઉંચે ઉડતા નજરે ચઢે કે જે વખતે તેઓ અબાબીલ સાથે ઉંચે ઉડતી જીવાત પકડવા માટે હરીફાઈ કરતા દેખાય છે. ઉપર બતાવ્યા પ્રમાણેની પાંખ અને ખાસીયત આવૃત્તપુચ્છ ચામાચીડીયા (Sheath Tailed Bat) મા જોવા મળે છે આ વખતે તેઓ પોતાની લાંબી પાંખ અને ગતિ તથા સુંદર રીતે ઉડવાની કળાથી તેઓ બરાબર અબાબીલ (The House Swift) જેવાં જ દેખાય છે. આ કુટુંબનાં ચામાચીડીયાં સૌથી તેજ ઉડાન કરવાવાળા ચામાચીડીયાની ગણત્રીમાં આવે છે. જેઓને ટુંકી અને ગોળ પાંખ હોય છે તેઓ બહુ ઝડપી ગતિએ ઉડી શકતા નથી આવાં ચામાચીડીયા સાંજના મોડેથી પોતાનો બશીરો છોડે છે. અંધારું થયા પછી તેઓ ધીરે ધીરે વૃક્ષ વાડની આસપાસ જીવાતની શોધમાં મંડળમાં ઉડે છે. તેઓ ભાગ્યે જ ઉંચાં ઉડે છે. તેઓને અશ્વક્ષુરગ્ર ચામાચીડીયાં [Leaf Nose] ના નામથી ઓળખીએ છીએ. આવી ઝડપી અને ધીરી ગતિના ચામાચીડિયાની વચ્ચે આવે છે આપણાં છીપાં [Pip strellesBa). આ છીપાને શિકાર કરવા માટે કોઈ ખાસ ઉંચાઈમા ફરવું પડતું નથી. તેઓનું ત્વરાથી ઉંચે જવું અને એટલેથી જ ઝડપથી નીચે આવવુ તેમાં સોંચી મારવી અને પટલી મારવી એ બધુ જોતાં આપણે ખરેખર મુગ્ધ થઇ જઈએ એ. ઘણી વખતે એક જ વિચાર આવે છે કે આ નાના છીપાનું શરીર હવામાં કેટલી સહેલાઈથી સારું તરી શકે છે. આ ઉડાન બતાવી આપે છે કે તેઓની પાંખ કેટલી પૂર્ણ છે.

જો કે આ પ્રાણીના હાથ પાંખમા ફેરવાઈ ગયા છે. છતાં તેઓ બીજાં પ્રાણી માફક પણ તેનો ઉપયોગ કરી શકે છે. તેમાં તેઓ તેનાથી ચાલી અને ચઢી શકે છે એટલું જ નહિ પરંતુ ખોરાકને પકડી અને મારી શકે છે. આપણે જોઇ ગયા કે નહોરવાળો અંગુઠો પાંખથી અલગ છે. ચાલતી વખતે પકડ મેળવવા માટે તેઓ વાપરે છે. વડવાગોળ અથવા વડવાગડાને બન્ને બાજુ એ બે નહોર હોય છે જેમાં એક છેડે આવેલો અને બીજો પહેલી આંગળીને છેડે આવેલો છે આ વધારાનો નહોર તેઓને વૃક્ષની પાતળી ડાળીએ ચોટેના ફળને પહોંચવા માટે મદદ રૂપ થાય છે. ફળ ખાનાર વડવાગોળ આ વધારાના નખ ઉપરથી તરત જ વરતાઈ જાય છે. જીવાતભક્ષી ચામાચીડીયાં આ વધારાના નહોરથી વંચિત છે. પાંખનો ઉપયોગ હાથની જેમ ચામાચીડિયાં તેનો ખોરાક પકડી રાખવા માટે કરે છે. વડવાગોળ (Ely-ingfox) જ્યારે મોટું ફળ ખાય છે ત્યારે તેને તે પાંખના ઓળાણમાં અથવા તો બન્ને કાંડાથી પકડીને ખાય છે. આવી રીતનો ઉપયોગ બતાવે છે કે પાંખો છે તે હાથ છે. આવી રીતે કેટલાંક જીવાતભક્ષી ચામાચીડીયા પણ પાંખનો હાથ તરીકે ઉપયોગ કરે છે. કેટલાંક અશ્વક્ષુરગ્ર ચામાચીડીયાં હવામાંથી મોટી જીવાત પકડી લે અને ઉડતાં ખાઈ ન શકે તો નીચે આવી લટકીને પછી પોતાની કડક ત્વચા ઉપર શિકારને પછાડીને નરમ કરી ખાય છે અથવા પોતાની પાંખને અંદરની બાજુ લાવી પોતાની મ્હોનાળ ઉપર ફટકાવી જીવાતને નરમ કરી દે છે. વળી કેટલાંક ચામાચીડીયા ઉડતી જીવાતને પાંખની ઝાપટ મારી દઇ પકડી લે છે. આ બધા ઉપરથી સમજી શકાય કે સમય પ્રમાણે પાંખનો ઉપયોગ હાથ તરીકે કરી નાંખે છે.

જ્યારે આરામમાં હોય ત્યારે ચામાચીડીયાં પોતાના શરીરની બાજુમાં પાંખને સંકેલી રાખે છે. એમાં અશ્વક્ષુરગ્ર ચામાચીડીયાં પોતાનું તમામ શરીર તથા ચહેરો પોતાની પાંખમાં જાણે ગોળ દડો હોય એમ ઢાંકી દે છે. જ્યારે આવૃતપુચ્છની પાંખો બંધ

કરવાની રીત તદ્દન જુદી છે. કે તેઓની પાંખ લાંબી અને રોડઉતાર હોવાથી તેને તદ્દન અલગ રાખી બીડી દે છે. સાધારણ રીતે આપણાં આંગળાં જેમ અંદર બીડાય છે તેમ ચામાચીડીયા પોતાનાં આંગળાં બીડે છે. પણ આવૃતપૃચ્છ પોતાનું બીજું આંગળું અંદર અને બાકીનાં બહારની બાજુથી અંદર લાવી બીડે છે, જેથી વાંકીચુંકી ઘડીથી પાંખની લંબાઈમાં ઘટાડો થાય છે.

ચામાચીડીયાના પગો તેના આગલા ભાગ અને હાથના વિકાસના પ્રમાણમાં નબળા છે. આ પ્રાણીનો બાંધો પ્રકૃતિએ ઉડવામાં સરલતા રહે એવો ઘડ્યો છે. તેનો આવો વિકાસ થયો તેની સાથે તેનો બીજો વિકાસ થઈ શક્યો નહિ આથી જમીન ઉપર ચાલે તો કદાચ તેમ કરતાં તેને બહુ મુશ્કેલી પડે છે. કારણ કે તેઓના પગ ગોઠણ પાછળ જતા હોવાથી કે બીજાં પ્રાણીઓમાં આગળ આવે છે તેથી તેને ચાલવામાં ઘણી તકલીફ આપે છે. ચામાચીડીયાં જમીન ઉપર નિરાધાર બની જાય છે જ્યારે તે કોઈ ઝપટવાળી ગતિ બતાવે છે તેમાં તેઓ આગળ પાછળ અને લગભગ કરચલાની માફક પડખાભર ચાલી નાંખે છે આ વખતે તેઓ બીજાં પ્રાણી માફક આગલા અને પાછળના બન્ને અવયવોને હલાવે છે ઉપર ચડવા માટે તેઓના અંગુઠા ઉપર નહોર તથા પગના નહોરને પકડી ઝાલવાના કામમાં લે છે. વળી કેટલાક ચામાચીડીયાના પગ નાના અને કેટલાકના મોટા પ્રકૃતિએ સર્જ્યાં છે તે કોયડો સમજણ માગી લે છે. ગુફામાં વસવાટ કરવાવાળાં ચામાચીડીયાના પગો સપાટ છત ઉપર ચોંટી શકવા માટે લાંબા સર્જાયા છે એમ કહી શકાય. ચામાચીડીયા પોતાનો શિકાર શોધવા માટે પગનો જરાય ઉપયોગ કરતાં નથી. વડવાગોળ કોઈક વખત પોતાના પગ ફળ પકડી રાખવા માટે વાપરે છે. નહિ કે તેનાથી તે પકડીને પણ તેના નહોર કાંટા માફક તેમાં ભરાવી દે છે અને અધ્ધર રાખે છે. ખાસ કરીને પગના આંગળાં ઉપરના નખો તો શરીર ઉપરની રુંવાટીને કુંણી કરવા અને સાફ રાખવા માટે વાપરે છે અથવા તો દાંતમાં ભરાએલી વસ્તુને ખોતરી કાઢવા માટે વાપરે છે. આ સિવાય જો બીજા કોઈ કામમાં પગનો ઉપયોગ કરી લે તો અજાણતા થઈ ગયેલો મનાય છે. આ તો હવાનું પ્રાણી છે. પગનો ખાસ ઉપયોગ તો પોતાની બથીરાની જગ્યાએ ચોંટવા માટે કરે છે. જ્યારે ચામાચીડીયાં બેસવા આવે છે ત્યારે પહેલાં તો તે અંગુઠા ઉપરના નહોરનો ચોંટવા માટે વાપરે છે. પછી ઝુલીને પોતાના પગથી ચોંટી જાય છે. કેટલાક ચામાચીડીયાં બેઠક ઉપર આવી ગુલાંટ મારી પગથી જ પહેલી પકડ લઈ લે છે. આમાં આપણાં અશ્વક્ષુરમ આવે છે. કારણ કે તેઓને અંગુઠાનો નહોર ઘણો નબળો હોય છે. આમ પગ ઉપર બેઠક નમાવી ચામાચીડીયું ઉંધે માથે લટકી ઉંઘમાં પડે છે. આવી રીતે ઉંધે માથે સુવું એ તેનો નિયમ છે. પણ કેટલાક પગ અને અંગુઠાના આંકડા ઉપર લટકી આખા શરીરને ઝુલતું રાખે છે અથવા તો ઉંધા પડ્યા રહે છે. જો તેને તેમ કરવા સપાટ જગ્યા મળી જાય તોજ એમ સુવે છે. તેમાં કેટલોક જાતનાં માથાં તદ્દન ચપટાં હોય, આથી તેઓની નાની એવી તડ અથવા ચીરાડમાં સહેલાઈથી ઘુસી જઈ નીંદર લે છે.

કેટલાક ચામાચીડીયાને લાંબી તો વળી બીજાને ટુંકી અને ત્રીજાં કેટલાકને તો ભાગ્યેજ વરતી શકાય એવી પુંછડી હોય છે. વડવાગોળને ટુંકી પુંછડી ચોકખી વરતાય એવી છે. અશ્વક્ષુરમ ચામાચીડીયાંને લાંબી પુંછડી છે. જ્યારે પીતવરણા ચામાચીડીયાંને તદ્દન ન દેખાય એવી પુંછડી છે જેની સાથે પાંખની ત્વચા ચોંટેલી હોય છે. જેનો ટુંકો છેડોજ દેખાય છે જે છેડો આંકડીયા તરીકે ચડવા માટેના કામમાં લે છે. જ્યારે આવૃતપુચ્છની કાંણાવાળી ત્વચા પુંછડીને ચોંટેલી છે જે સારી લંબાઈવાળી બહાર દેખાય છે.

પુંછડીનો ખાસ ઉપયોગ તો પોતાની ઉડવાની દિશા બદલવામાં અને ઓછી વધુ તશ ઉપર ઉંચે જવામાં કરે છે. અને જ્યારે પુરી સંભાળે છે ત્યારે પોતાની ઉડાનની સપાટી સાથે બરાબર સીધી રાખે છે. આવૃતપુચ્છ જીવ્યાં પોતાની

પૂંછડીને મ્યાનમાં નાંખી શકે છે અને જરૂર પડે ત્યારે બહાર પણ લાવી શકે છે જ્યારે કેટલીક જાતનાં છીપાં ઉડાનમાં અનુકૂળતા રાખવા માટે પુંછડીને પુરી લંબાવી રાખે છે આથી આથી પાંખ પૂરે પૂરી ખોલી શકાય છે. જેમ વહાણમાં સઢ પવન પકડવા માટે પુરો ખોલી દેવાય છે અને જ્યારે સખત પવન હોય તે વખતે ઓછો પવન લેવા માટે સઢને સંકેલી લેવામાં આવે છે તેમ આ ચામાચીડીયાં કરતાં હોય તો નવાઈ નહિ. ઉડાન સિવાય પુંછડી અને તેને ચોંટેલી ત્વચાનું પડ બીજા ઉપયોગમાં આવતું હોય તો ના નહિ. જ્યારે તે પૂરી ઝડપથી ઉડાન કરતું હોય ત્યારે જો જલદી રોકાવવાની જરૂર પડે તો તે પુંછડીને અંદરના ભાગમાં વાળે છે એટલે ઊડાનની ગતિ લગભગ રોકી શકે છે. તેનો બીજો ઉપયોગ એ છે કે જ્યારે તે પુંછડીને પેટ બાજુ અંદર વાળે ત્યારે હવામાંથી પકડેલા શિકારને તે ખોઈમાં રાખી ખાવાની અનુકુળતા કરે છે. ઉડતી જીવાતને પકડવા માટે પાંખની ઝાપટ તેને મારી શિકારને અશક્ત કરી પુંછડીને અંદરના ભાગમાં વાળી તે ખોઈમાં તેને ઝીલી લે છે અથવા તો જમીન ઉપર પડતાં પડતાં પણ તે ઝીલી લે છે. આ ખોઈમાં પછી પોતાનું માથું નાંખી શિકારને મારી નાંખે છે અને પછી તેમાંથીજ ખાય છે. તેનો ઉપયોગ જન્મતાં બચ્ચાંને ઝીલવામાં પણ કેટલાંક ચામાચીડીયાં આવી ખોઈ બનાવી કરે છે. આરામમાં હોય ત્યારે પુંછડી અને તેની સાથે ચોંટેલી ત્વચાને કાંતો પહોળી રાખે છે અથવા તો અંદરની બાજુ ગોઠવી દે* છે. જ્યારે કેટલાંક પીઠ પીઠ ઉપર વાળી લે છે. આ છેલ્લી રીત ઘણી જાતનાં અશ્વખુરગ્ર છીપાં અખત્યાર કરે છે

છીપાંની દંતાવાળી માટે એટલું કહી શકાય કે જે જીવાતભક્ષી છે તેઓ હવામાંથી આવી જીવાત પકડીને ખાય છે અથવા તો ક્યાંક ચોંટીને પછી ખાય છે. આ અનુમાન આપણે જ્યાં આવા છીપાંનો બસીરો હોય ત્યાંની જમીન ઉપર જીવાતના કઠણ ભાગો પડેલા જોતાં કરી શકાય છે. વડવાગોળ પણ બસીરા ઉપર પહોંચ્યા પછી ખાવા માટે ફળો લઈ જતાં માલુમ પડયાં છે કારણ કે તેઓ ઉડતાં ઉડતાં કોઈ ખોરાક ખાઈ શકતાં નથી. છીપાં કોઈ છોડવા પર ઉડતી જીવાતને ઝપટ મારતાં દેખાય છે તેના શિકાર ઉપર થરથરી ચામાચીડીયું આખનું તે મટકું મારીએ એટલો વખત બેસી શિકારને પકડી અને પાછું ઉંચે ઉડી જતાં પકડેલા શિકારને ચાવતાં જાય છે. નાની જાતનાં વડવાગોળ પણ આ રીતે ફળો ઉપર ઉડતાં નજરે ચઢે છે. આમ ઉડતાં ઉડતાં જ તેઓ ફળોને બચકાં ભરી મ્હોં ભરી લે છે. આવી રીતે મ્હોં ભરી ઉડતાં ઉડતાં ચાવતાં જાય છે. પણ આપણાં વડવાગોળ આમ કરવા માટે બહુ મોટા કદનાં પ્રાણી છે. એ તો ડાળીએ ચોંટી ઉંધે માથે લટકી ફળ ખાય છે, અને આરામ પણ ઉંધે માથે લટકીને કરે છે. વડવાગોળ અને ચામાચીડીયાં અકરાંતીયાં હોય છે. છતાં શંકા એટલી રહે છે કે જેટલું તેઓ મ્હોંમાં ભરે છે તે તમામ પેટમાં જાય છે કે કેમ? વડવાગોળ ફળોનો સત્વ અને રસ પીનારાં છે એટલે નક્કર ખોરાક નહિ પણ તેના પ્રવાહી રસ ઉપર નભે છે. અલબત તેઓ ફળનો માવો ચાવતાં દેખાય છે પણ તેનો રસ જ પેટમાં ઉતારે છે અને બીજો ભાગ કાઢી નાંખે છે. રેસાવાળાં પાંદડાં અને ફળોને ચાવીને માવો બનાવી દે છે. આ માવાને પોલા તાળવા સાથે દબાવે છે અને જ્યારે તેમાંથી રસ નીકળતો બંધ થઈ જાય એટલે જીભની મદદથી તેને બહાર કાઢતાં જાય છે. કુણાં અને જમરૂખ જેવાં માવાદાર ફળો તો ચાવીને પેટમાં ઉતારી દે છે. આ સિવાય ફૂલનું મધુ તેઓ પોતાની લાંબી જીભને ફૂલમાં ફેરવી લઈ લે છે તેઓની જીભ લાંબી હોય છે. આંબાના મહોર અને એવાં બીજાં ફૂલોને ચાવી તેનું સત્વ પી જાય છે અને બાકીનો કચરો મ્હોંમાંથી બહાર ફેંકી દે છે. વડવાગોળનો ખોરાક અને ખાવાની રીત આવી હોય છે. તેને લંબગોળ મુવાળી સપાટીવાળી દાઢો હોય છે. આ દાઢમાં ઉભો ઊંડો ચીરો આવેલો છે જે વાટે ચાવેલા ખોરાકનો રસ વડવાગોળના પેટમાં ઉતરે છે. તેની દાઢો તેના ખોરાકના પ્રમાણમાં ઘણી મજબુત છે. જ્યારે જીવાતભક્ષી ચામાચીડીયાંના દાંત

તદ્દન જુદા જ છે તેની દાઢ ફરતી અણીદાર કોર આવે છે, તેનો ઘાટ અંગ્રેજી અક્ષર Wના જેવા આકારનો હોય છે. કડક કાયાવાળા ભમરા અને બીજી જીવાતને પકડવા અને ચાવવા માટે અણીદાર દાંતની જરૂર તેઓને છે. છતા એટલું તો ખરું કે તેઓ જીવતના કડક ભાગો ખાવાની ખાસીયત ધરાવતાં નથી. પણ તોડીને કાઢી નાખી ફેંકી દે છે. ચામાચીડીયાની એક જાત લોહી ચુસનાર છે એટલે તેઓને તેના આગલા દાંત શિકારની ચામડીમાં પેસાડવા માટે ખાસ અનુકુળતા રહે એવા બન્યા છે.

આપણે એ તો જાણીએ છીએ કે ચામાચીડીયા રાતના જ બહાર ફરવા નીકળે અને એ જ વખતે ખોરાક શોધે છે. અંધારામાં ઉડવુ તેને જરાય મુશ્કેલ લાગતું નથી. કાળી રાતમા ફરતાં વચમાં આવતાં આવરણોને બાજુ પર રાખી દેવાની કેટલાક છીપાંમાં બહુ આબાદ શક્તિ હોય છે આમ કરવામાં કેટલાક પોતાની દ્રષ્ટિનો ઉપયોગ કરે છે આવા ચામાચીડીયાં કાંતો લુંઝુંવળે તે ટાણે ચરવા નીકળે અથવા તો પછી વહેલી, ઉષા સમયે ઉઠીને ચારો શોધે છે આમાં આવી રીતે અને સમયે ચરવા નીકળી ચારો શોધતાં ચામાચીડીયાનો સમાવેશ થાય છે. એવાં પણ ચામાચીડીયાં છે કે જેઓ પોતાની દ્રષ્ટિ ઉપર બહુ વિશ્વાસ રાખતાં નથી. જે છીપાને આંખનું તેજ નજીવું છે તે બધાં પણ ઘોર અંધારામાં તકલીફ વગર આબાદ ઉડી શકે છે દાખલા તરીકે ઓરડામાં આડી અવળી દોરીઓ બાંધી હોય અને જો ક્ષુદ્ર દ્રષ્ટિવાળું ચામાચીડીયું અંદર ઘુસી આવ્યું હોય તો તે ક્યારેય તે દોરી સાથે અથડાવાની ભૂલ કરતું નથી. વળી જો તેના બધીરા આસપાસ કાંટા બાંધ્યા હોય તો તેને પણ બચાવી પોતાનો ધારી જગ્યાએ પહોંચી જાય છે. અંધાપો તેઓને જરાય નડતરરૂપ બનતો નથી. આથી સહેજે વિચાર આવે કે એવી કઇ શક્તિથી ભૂલ કર્યા વગર પોતાનો રસ્તો સાફ અટકાયા વિના અંધારામાં કાપી શકતાં હશે? આ બાબત હમણાં તાજેતરમાં જ શોધ કરવામાં આવી ... ...નાતિનાતિ પડઘા ઝીલવાનું અતિ તીવ્ર

સાધન પ્રકૃતિએ બક્ષીસ કર્યું છે. સાધનને અંગ્રેજી આપણે–'Radar' કહીએ છીએ. આ સાધન આવી ચામાચીડીયાની પાસે છે. તેની ઉડાનથી જે અવાજ ઉત્પન્ન થાય છે તેનાં હવામાં મોજાં ચાલે છે. આ મોજાં કોઇપણ રસ્તામાં આવતી વસ્તુ સાથે અથડાય એનો પડઘો પડે છે. આ પડઘો આવા અંધ છીપાં આંખના પલકારામાં પકડી લે છે. આ સાવચેતીના પડઘા છીપાને પોતાની ઉડાનના કેડામાં આવતાં આવરણોની ખબર આપે છે અને તેથી તે પોતાની જાતને બચાવી લેવામાં ફતેહમંદ થાય છે. બહુ મોટું અવાજ પાર ખવાનુ યંત્ર વાપરી કેટલાક અખતરા કરનારાઓએ શોધી કાઢ્યુ છે કે તેઓનાં રાખેલાં ચામાચીડીયાં પોતાનો અડ્ડો છોડતાં પહેલાં અવાજથી ખબર મોકલે છે આ અવાજની ગતિ એક સેકંડમાં દશની સંખ્યામાં થાય છે. ઉડવાનું શરુ કર્યા પછી આ સંખ્યામાં વધારો થઇને ત્રીસ સુધી પહોંચે છે અને બરાબર પેલું સાધન કામ આપવા લાગે છે એટલે દર સેકંડે અવાજની સંખ્યા પચાસની થાય છે. આમ સંખ્યામાં વધેલા અવાજના પડઘા ખુબ ધેરા અને જોરદાર બને છે. જોરદાર અવાજ કાઢવા માટે ચામાચીડીયાને ગળું બહુ જોરદાર હોય છે. આવુ જોરદાર ગળું આ પ્રાણીને શા માટે આપવામાં આવ્યું હશે તે સમજ બહારની વાત હતી, પણ હવે ઉપરના અખતરા પછી તેના ઉપયોગની સમજ આવી ગઇ છે. આવા ગળાથી તેઓ અવાજ મોકલી શકે છે. અવાજના પડઘા આ રીતે ઝીલી અખતરાથી બતાવાયુ કે તેને આથી ઉડાનમાં માર્ગદર્શન થાય છે. છીપાને અવાજ ન કરવા દેવામાં આવે તો તે જરૂર ભૂલ કરી બેસે છે.

હવે છીપા તે ગ્રહણશીલના અવાજ ઝીલતાં કેવી રીતે હશે? તે જોવાનુ રહ્યુ અવાજ ઝીલવાની શક્તિ કોઇ એકલા કાનમાંજ નથી. એ તો બીજી ઇન્દ્રીયના મેળ અને મદદથી ઝીલે છે. આમાં અલબત્ત કર્ણેન્દ્રીય સૌ જરૂરની છે. ખાસ કરીને જીવાતભક્ષી ચામાચીડીઓમાં તેનો વિકાસ ઘણો થયેલો છે. ફળાહારી અને જીવાત ભક્ષી ચામાચીડીયાં

તેના કાન ઉપરથી ઓળખાઇ આવે છે. જીવાતભક્ષી ચામાચીડીયાંના કાનની કોર મૂળમાં ભેગી થતી નથી, જ્યારે વડવાંગડાંમાં તે કોર મુળમાં ભેગી થઈ જાય છે અને કાનને ગોળ આકારના બનાવે છે આથી કર્ણ-દ્વાર ગોળ ભૂંગળા જેવુ લાગે છે. વળી કેટલાંક કીટાદ છીપાંને કાન ઉપરાંત સાંભળવામાં વધુ મદદ થાય તેવી ગોઠવણ થઈ છે. આ ગોઠવણને અંગ્રેજીમાં Tragus નું નામ આપવામાં આવ્યું છે કે જે કાનની અંદરની બાજુમાં રહેલું છે. કાનની બહારની બાજુ ગોળ દાના જેવુ હોય છે કે જેને અંગ્રેજીમાં Anti-Tragus કહેવામાં આવે છે. એ કેટલીક વખત બહુ મોટું થાય છે. આવી રચનાથી વડવા-ગોળ વંચિત છે. તેના કાન પણ કીટાદ છીપાંના કાન કરતાં નાના હોય છે. અને અલગ અલગ સાંભળવા શકવાની શકિતવાળા છે. કીટાદ છીપાંના કાન અવાજ સાંભળવાની તીવ્ર શક્તિ ધરાવે છે. એવો અવાજ આપણા કાન સુધી પણ પહોંચી શકતો નથી. એવા અવાજ આ છીપાં ઘણી સહેલાઇથી સાંભળી શકે છે. આકાશમાં થતા ગડગડાટથી તેઓ ભાગ્યે જ મૂંઝાય છે, પણ નજીવો ચીત્કાર તેઓને તરત જ ખબરદાર બનાવી દે છે. આ બધુ બાત આપણે તેની કર્ણેન્દ્રીય વિશે કર્યું. કાન સાથે સ્પર્શની ઇન્દ્રીય સંકળાએલી છે બીજા ઘણાં થોડાં પ્રાણીમાં આ પ્રમાણે અડકવાની ઇન્દ્રીય જેટલી તેજ છીપાંમાં જોવા મળી આવે છે એટલી તેજ ભાગ્યે જ મળી આવે છે. આ ઇન્દ્રીયની નાજુકતા એટલી બધી છે કે હવામાં જરા જેટલો અવાજ છીપાં તરત જ પકડી લે છે. આ શકિત તેની પાંખની ત્વચામાં ખાસ ગોઠવાએલી છે. એક તો પાંખનો પહોળો ઘેરાવો જેમા પુષ્કળ જ્ઞાનતંતુઓ અને રક્તવાહીનીઓ અંગે ઘણીજ જલદી તેના ઉપર અસર થાય છે. આટલી શક્તિ ઉપરાંત કેટલાંક કીટાદછીપાં એક વધારાની શકિત ધરાવતાં હોય છે. આ શક્તિનું સાધન તે તે તેઓના નાક આસપાસ ત્વચાનું મોટા-પણુ છે. જેને આપણે નાસિકા પત્રનું નામ આપીએ છીએ. આ પત્ર ઘણા છીપાંમાં નાનું અને ઘણામાં મોટા વિસ્તારવાળુ હોય છે. જે લોઢી તરસુ ઝીપું છે તેને આ નાસિકા પત્ર નાનું અને, અશ્વક્ષુરદ્ર અને ચર્મપત્રવાળાં ચામાચીડીયાંમાં આ પત્ર મોટું અને અટપટું છે, જેની ઘડીઓ ઉપર ઘણા લાગણીપ્રધાન વાળ ઉગેલા હોય છે. આ સાધન પણ જોઈ શકવાની ખાસ સાહેત ધરાવે છે. જ્યારે આવાં છીપાં ભડકી જાય ત્યારે આ ચહેરા ઉપર આવેલી કલગી જેમ કાન એકદમ ધ્રુજવા લાગી જાય છે તેમ ધ્રુજવા લાગી જાય છે. આ વખતે છીપુ પોતાનું મ્હોં આમ તેમ ફેરવી ભયની જગ્યા શોધવામાં પડી જાય છે. જે છીપાં બિલકુલ અંધારામાં નીકળવાની ખાસીયત વાળાં છે તેઓને આ નાસિકા પત્ર ખાસ ઉપયોગનું અંગ ગણાય છે. આવાં છીપાં પોતાનો ખોરાક વૃક્ષો અને જાળામાંથી શોધે છે. અશ્વક્ષુરદની ખાસીઅત સાવ અંધારું થઇ ગયા પછી પોતાનો બથીરો છોડવાની છે અને પોતાના જીવાતના શિકાર માટે વનોમાં જ શોધે છે. જે વખતે તેઓ વૃક્ષની આડી અવળી ડાળોમાં ઘુસે અને બહાર આવે છે. આ ઉપરથી ખાત્રી થાય છે કે આ નાસિકા પત્ર તેઓની આડી અવળી ઉડાનમાં બહુ મોટો ભાગ ભજવે છે. છતાં એટલુ પણ ચોક્કસ છે કે આવુ નાસિકા પત્ર રહીત ચામાચીડીયા કાંઇ આડી અવળી ઉડાન કરતાં નથી એવું નથી. આ બાબતનો અખતરો કરવા ખાતર સૈન્યાચર છીપાંને આંખો બંધ કરી કાનમાં પુમડાં નાખી ઓરડામાં છોડ્યું તો તે ગભરાયા સિવાય ઉડ્યુ છે એટલુ જ નહી, પણ ત્યાંના બધાં આવરણોને બચાવી લેતું હતું એ ઉપરાંત ચાલાકીથી જાળમાં ફસાવવાની તમામ યુક્તિઓને નાકામયાબ કરી હતી. આ ઉપર એટલુ સમજી શકાયું કે નાસિકા પત્ર અને કાન સિવાય પણ બીજી આશક્તિ તેઓ ધરાવે છે કે કે જેનાથી તેઓ અંધારામાં ઉડી શકે છે. અને પોતાનો શિકાર પકડી શકે છે.

વડવાગોળને કીટાદ ચામાચીડીયાં જેટલી કર્ણેન્દ્રીય વિકાસ પામેલી નથી. તેઓમાં આવું વધારાનું કોઇ અંગ નથી કે જેનાથી તે અવાજ જોઇ શકે કે સાંભળી શકે, તેના કાન પણ અવાજ ઝીલવામાં

જુવાનીના રંગ—

—પ્રજલાલ ત્રિવેદી

મારા રખડેલ જીવતરના આ બધા પ્રસંગો લગભગ કેટલાક હમાથી 'ઊર્મિ'ની અંદર લખવા શરુ કર્યા છે, આ બધા સ્મરણો વિષે મારે શરુઆતના પ્રથમ લેખમાં જ નાની એવી પ્રસ્તાવના રૂપે પરિચય કરાવવો હતો. પણ મને એમ થયુ કે થોડાંક પ્રસંગો છપાયા બાદ પરિચય કરાવવો ઠીક પડશે એમ ધારીને આ વખતે શરુઆતની ભૂમિકા અહીંથી સાંકળી લઉં છું.

આ મોજ બધી 'જુવાની દીવાની'ના સોનેરી રજકણોના ચળકાટની છે. ખરું તો આજે ભૂતકાળના એ બધા રજકણો જીંદગીના ઘડતરને ઓપ આપી રહ્યા છે. અને કોઈ કિંમતી ઘરેણાંઓની જેમ મળી અને જાતીની સાથે જડાઈ ચૂક્યા હોય તેવુ લાગ્યા કરે છે; અને આ જીંદગીના સુખ દુ:ખમાં સમતારૂપ હરપળે રહ્યા કર્યા છે.

આ વિશિષ્ટતા ખાતર, એક સાચુ જીવન-દર્શન નમ્રપણે આ પ્રકરણોમાં રજૂ કર્યું છે.

બાગેલ જીંદગીના જન્મ પછી કુમારજીવનના સમયના ગાળા દરમ્યાન ભૂતકાળના મારા શેરી મીત્રો, ગદલ, જટીઓ, ભૂરીયો, મકનો, કુશો, એ બધા, હીરા, પાના, અને માણેકની જેમ અમે એક બીજાના જીવતર સાથે ઘડાઈ ગએલા હતા આજે એ બધા બીનજવાબદાર મસ્તીભર્યાં સ્મરણો યાદ આવે છે ત્યારે આંખો કોઇ કોઇ વખત ભીની બની જાય છે, અને દીલ પણ ભારે બની જાય છે આજના જીવનની સરખામણીમાં એ વખતના જીવનનું માપ કેવી રીતે કાઢવું? એ કહેવું તો ખરું અશક્ય છે.

ઉપર વર્ણવ્યા પ્રમાણે ઉંચી જાતના હીરા, પાના, અને માણેક જેવા દિલોજાન વેરાગીઓના સંબંધની આ કથનીઓ કોઇ સાહિત્યકારના તીર્થધામ સુધી પહોંચે અગર ન પહોંચે એનો જરા પણ ઓરતો ગણ્યા સિવાય આજે તો આ બધા પ્રસંગો લખ્યા છે.

×

હું (નંદો) અને ગદલ અમે બન્ને- અમારે કેટલાક પ્રકરણોના નાયક આવા પ્રસંગે બન્યા છીએ પણ એથીયે વધુ પરસ્પર અમે પ્રસંગોપાત રમુજ ઉપજાવે તેમ ઇશ્કના હરીફો પણ મૈત્રીની શરૂઆતથી બન્યા હતા. આ સ્થળે એટલું જરૂર સ્પષ્ટ કહી દઉં કે, અમારો એ સુવર્ણયુગ હતો. એ યુગમાં જે મોજ માણી હતી એ નિર્દોષ બાલીશતા અને અર્ધ ઘેલી મસ્તીખોર દિવાની જુવાની અમારા જીવનમાં રમી રહી હતી.

કુણીયુગ જુવાનીને લલચાવવા બીજી બાજુથી કોશીષ કરી રહ્યો હતો, પણ નિર્દોષતા એ વાતથી પર હતી.

જુવાનીએ અમારી ઉગતી મુછોના રોગમાં હજી રંગ પુરવાની જે વખતે શરુઆત પણ ન્હોતી કરી એ વખતના કેટલાક દિવાના સ્મરણો . આવાં હતા

"ઘર કામમાં કોઈપણ પ્રસંગે ગદલની બા એને કોઇ કોઇ વખત કામ સોંપે કે 'ગદલા! જા! દુકાનેથી ચાર પૈસાનું શીસામાં ઘાસલેટ લઇ આવ તો! તરત જ આજ્ઞાપાલક ગદલો, હાથમાંની મેડી એક ખુણામાં ફગાવતોક ને ડામચીયા ઉપર પડેલું તો— ખમીસ પહેરવું શરીર ઉપર ધારણ કરીને, ...

તીર નથી તેમજ નાસિકા પત્ર પણ નથી કેટલાકના કેટલાક નાની જાતનાં વડવાગોળ અંધારામાં ઉડે છે. પણ તેઓ ગીચ વનરાજીમાં ઘુસતા નથી પણ ખુલ્લી સપાટ જગ્યામાં આવેલી વાડીઓ અને વૃક્ષની આસપાસ ફરે છે. આપણી વડવાગોળ તો સૂર્યાસ્ત પછી તરતજ પોતાનો અડ્ડો છોડે છે અને ઉડવા માંડે છે. વડવાગોળ પોતાની દ્રષ્ટિને આધારે ઉડે છે. કારણકે તેઓ અંધારામા અણધાર્યાં આવરણથી બચી શકતા નથી એ તો આપણે જોયુ છે કે અંધારામાં તો ઘણી વખત વિજળીના તાર સાથે અથડાય છે અને બહુ કરુણ અંજામ પામે છે. આ તેનો ભૂલ ખાઇ જવાનો નક્કર દાખલો છે (અપૂર્ણ)

★

સીસો લઇ અને ખાકી બહાર દોટ મુકતો. એની બા આ પ્રમાણે એકલા પહેરણભેર બજારમાં દોટ કાઢતા જુએ એટલે, ઘરમાંથી જ રાડ નાખે "એ... રોયા...તારી ડોશી ધોતલી તો વીંટતો જા! આમ વેડવા વાઘરીની જેમ નાગો નાગો બજારમાં દોડસ તે ભૂંડો લાગસ." એટલે તરત જ એને ખ્યાલ આવે કે સાળું ધોતલી પહેરવી તો ભૂલી ગયો. એટલે ચોડેકથી પાછો આવી ફરી વળગણી ઉપરથી ધોતલી ખેંચીને પાછી દોડ કાઢે કે શેરીને નાકે પહોંચતા સુધીમાં ધોતલી પહેરી લ્યે. પોતાની ખડકીની અંદર પ્રવેશ કર્યો-પછી ભાગ્યે જ એ શરીર ઉપર કપડાં રાખતોઃ આવી નિર્દોષિતા તો જીવનમાં સતત વર્ણાજ કરતી હતી.

×

શ્રાવણના ઘેરા વાદળો આભમાં ગાજતા હતા. ઉતાવળીના કાંઠાઓ પાણીની છલકો લઇ અને સભરે ભરાતા હતા. એવા સાતમ આઠમના પર્વને દીવસે આજુબાજુની હરીયાળી જમીનના વચલા પાણીઘાટ ઉપર મધુરી પાણી ભરવા જતી તે પહેલાં ગદલ ઉતાવળીના પુલની ઉંચલી કાતળી ઉપર પોતડીનો કચ્છ ભીડીને તૈયાર થઇને ઉભો હોય. જેવી મધુરી નદીનો ઢળ ઉતરવા તૈયારી કરે એટલે તરતજ, નાક દબાવીને ગદલ ટોચેથી વહેતા પાણીમાં ખાબકે. મધુરી ઘણી વખત એવી રીતે ગદલને પાણીમાં ધુબકો ખાતા જોતી. કંઇક પરાક્રમ કર્યું હોય તેમ ગદલ પણ મનમાં બહેકી ઉઠતો. બીજી બાજુથી આપણા રામ પણ ગદલની હરીફાઈ કરવા ભૂતનાથ મહાદેવની દેરી આંગણ આવી પહોંચ્યા હોય. નાહી ધોઇને સરસ ગેળાનું કેસરના રંગનો ભાસ કરાવે તેવું હળદર નાંખીને ઘસેલા ચંદનનું કપાળમાં, ઉત્તર ધ્રુવથી દક્ષિણ ધ્રુવ સુધી તાણેલું ત્રિપુંડ, ખભા ઉપર લાલ પીતાંબરી, પગમાં લાકડાની ચાખડી પહેરીને ભૂતનાથની દેરીએ લોટો ચડાવવા હાજરી આપતી અને માથા ઉપર એક વાળ પણ અસ્તવ્યસ્ત ન થાય એટલી વ્યવસ્થિત ઓળેલી બાબરી, આટલો બધો શૃંગાર ભક્તિ પાછળ પાયો હતો. ખરું શું હતું એ તો મન સારી રીતે જાણતું હતું. ખરું તો ઇશ્વરની હરીફાઇ આગળ જ આ શૃંગાર દોડતો હતો. આવી રીતે દિવસોના દિવસો મધુરીની મહોબત મેળવવા પાછળ ગાળતા હતા. દરમ્યાન ભૂલેચૂકે કોઇ દિવસ મધુરીએ અમારી સામે જોઇ લીધું હોય તે દિવસ અમારો ધન્ય બની જતો. નાતની વાડીમાં જ્યારે જમણવાર હોય તે દિવસ તો ઉત્સવનો ગણાતો. મધુરી જે થાળમાં જમવા બેઠી હોય તે થાળમાં અમે લાડવાના ભરેલા ગ્રાસ ઉચકી ઉચકીને સેવા કરવા દોટંદોટ કરી મુકતા. એટલેથી તો કેમ પતે, બે ત્રણ કલાક પહેલાં વાણીયાની દુકાને જઇને કેટલી ખુશામત કરી અને એકાદુ અત્તરનું પુમડું પણ કાનમાં ભરાવી દીધેલું હોય. કોઈ પણ રીતે અમારી તરફ નજર નાખવા મધુરી મહેનત લ્યે છે કે નહિ એ ખુબ પરિશ્રમ કરી અમે જોઈ લેતા.

×

એક દિવસ હું અને ગદલ નદીએ નહાવા જતા હતા, રસ્તામાં મેં પૂછ્યુંઃ કાં દોસ્ત સિંહ કે શિયાળ? ગદલે જવાબ આપ્યોઃ અરે સિંહ, સિંહ. શિયાળ તો હોતા હઈશું વળી? આજે તો બેડો પાર.

એલા, શું થયું વાત તો કર?

કોઇને કહીશ નહી ને કે, આ તો ખાનગી રાખવા જેવી વાત છે.

બહુ સારું. કહે જોઈએ શું બન્યું?

ગઈ કાલે બપોરે મધુરી ઘી લેવા જતી હતી. મેં એને જોઈ લીધી અને તરત પછો ખડકીમાં ભરાઇ ગયો. ખડકીની તેડમાં મારી આંખના ડોળા સ્થિર થઇ ગયા હતા અને પાંપણ ઉંચી નીચી થાય એટલામાં મધુરી પસાર થઈ જાય ને!

ચોડીવારમાં જ ખડકી પાસે જાણે વીજળી પડી હોય એવી રીતે મધુરી નીકળી. ઝાંઝરીનો મધુર રણકાર થયા અને જાણે કશું બન્યું નથી એવી રીતે મેં ખારણું ખોલી નાખ્યું.

અમારી બન્નેની દૃષ્ટિ મળી, મીઠું મીઠું હસ્યા.મેં કહ્યું— ઓ હો હો, મધુરી બહેન! અત્યારે કયાં ચાલ્યા?

ખંડિયર પરની જીવનપતાકા

'કેવું હતું કેવું થયું ?' એક પડછાયા જેવો માનવી આકાર એક ટેકરીના માથા પરથી પાસે દેખાતા ગામ પર નજર નાખતો હતો. સ્ટેશનથી ઉતરીને એક જ માઇલ દૂર આવેલા ગામ તરફ જતાં એ ટેકરી પર થંભી ગયો. ટેકરી નીચેથી એક ઝરણું વહેતું હતું. એણે એ વહી જતાં ઝરણાં પર નજર નાખી.

એ બબડ્યો, 'ધરતી નવા સ્વાંગ ધરશે, આખુંય ગામ તો ફરીવાર બંધાવા માંડ્યું છે તેમ નવી નવી વસંતમાં નવું કલેવર ધરશે !'

એ આસ્તેથી નીચે ઉતર્યો. ઝરણામાં એ પોતાનો ચહેરો જોતો હોય તેમ દેખી રહ્યો. અચાનક એનું આખું શરીર કંપી ઉઠ્યું, 'મારું ખંડેર કલેવર... એના પર હવે કોઈ જીવનપતાકા ચઢશે નહિ' એણે ગમગીન સ્મિત ઉઠી જતું દેખ્યું. એ પોતાની જાતને ઠપકો દેતો હોય તેમ પૂછી રહ્યો. 'તો શું હું ક્યાં ઘસડાયો જાઉં છું !'

દૂરની જે હોસ્પીટલમાંથી મમતાભર્યો એ આટલે સુધી ખેંચાઈ આવ્યો હતો તે હોસ્પીટલ એને એને યાદ આવી. એ હોસ્પીટલમાં ત્યારે સંભળાયેલો અવાજ એ ફરી પાછો સાંભળી રહ્યો.

'એક તદ્દન નવી જ જાતનું ઓપરેશન તમારા ચહેરા પર કરવામાં આવશે.'

પછી યુદ્ધભૂમિ પર તદ્દન બળી ગયેલા એના ચહેરા પર નવો ચહેરો ચોઢવામાં આવ્યો. એની બળી આંખને ખુલ્લી મૂકવામાં આવી, તથા દેખતી કરવામાં આવી. એક બીજા શરીરમાંથી અને એના પોતાના શરીરમાંની ચામડી લઈને એના ચહેરા પર સીવવામાં આવી. એની સળગી ગયેલી એક આંખમાં જોઈ શકતી પણ દેખતી નહિ એવી ખોટી આંખ મૂકવામાં આવી. એના ગળામાં ધાતુના કકડા ચોડીને અવાજ ચાલુ કરવામાં આવ્યો.

'અને મને ખંડિયર કલેવર બનાવીને એ ડોકટરોએ, અહીં સુધી ઘસડાઈ આવવા છૂટો મૂક્યો... પણ હું ઘેર શું કામ જાઉં ?' બોલતો એ ગામ પર અનિમિષ નજરે દેખી રહ્યો.'

અને પાણીના પ્રવાહમાં તણાતા કલેવરની જેમ એ મમતાથી ઉભરાતો ખેંચાયો. સ્વપ્નમાં...ઊંઘમાં એ ચાલતો હોય તેમ એ ઝરણું પાર કરી ગયો અને જોતજોતામાં ગામનું પાદર વટાવીને અંદર પેસી ગયો. એની અંદરની આંખ સામે એક સતા નામની યુવાન નારી દેખાઈ. એ યુવતિના બંન્ને હાથ ઝાલીને કલ્લોલ કરતાં એક દિકરો અને એક દિકરી જાણે એને આવકારી રહ્યાં. એના આવવાના દીવસ ગણીને ઘરડી થઈ ગઈ હોય એવી એક વૃદ્ધા એની મનોમન ભૂમિને ઉભરાવી રહી

'લડાઈમાંથી આવો છો, બિરાદર !' અને વૃદ્ધની વિચારમાળાને વીખેરી હોય તેમ એ ચમકીને જોઈ રહ્યો. એને ત્રણ ચાર જણ ખૂબ દયાથી દેખી રહ્યાં હતાં.

'એલેક્ષી' એ કંપી ઉઠ્યો, 'એલેક્ષીનું ઘર ક્યાં !'

'કોણ છો તમે !'

'એલેક્ષીનો સાથી !'

એના હોઠ ધ્રૂજ્યા.

'આજ ઘર' એ ઊભો હતો તે સામેના ઘર તરફ એક જણે હાથ લંબાવ્યો.

અને એ પેલા ટોળાથી ગભરાતો હોય તેવો તે દરવાજા સુધી પહોંચી ગયો. એના પોતાના ઘરનો એ દરવાજો તો એણે કેટલીયે વાર ઉઘાડ્યો હતો. આસ્તેથી દરવાજો ઉઘાડ્યો.

એક વૃદ્ધા દરવાજો ઉઘાડવાનો અવાજ સાંભળીને આગળ આવી. એણે હતી એટલી હિંમત એકઠી કરીને વૃદ્ધાએ દેખી. દુઃખ, દયા અને અજાયબીથી ઉભરાતી નજરે વૃદ્ધા બોલી,

'કોણ છો, દિકરા ;—કોનું સરનામું કામ છે ?'

'તમારે પણ, માડી ! હું તમારા એલેક્ષીના ખુશખબર લાવ્યો છું.'

અને વૃદ્ધાની આંખ ચમકી ઉઠી અને ખિજાઈ ગઈ, 'તમે એને ક્યાં છોડેલો, દિકરા, હોસ્પીટલમાં ?'

'અમે રણભૂમિ પર પણ સાથે હતા, મા'

'એ ઘવાયો ત્યારે પણ ?' વૃદ્ધાના કંઠમાં ડૂસકું ભરાયું, 'હવે તો એ સારો થઈ જશે ને આવી પહોંચશેને ! એનો કાગળ હતો.'

'એની સ્ત્રી અને બાળકો તો આનંદમાંને ?'

'સત્યા તો આખોય દિવસ સંધબેનર પર અને રટયોપા મારો પૌત્ર પણ એની સાથે જ જાય છે. હવે આવી પહોંચતા હશે. એકલી નાનકી નટાશા મારી સાથે રહે છે... ને મુઈ હુંય કેવી છું, ઉંબરા પર ઉભી ઉભી જ... અંદર તો આવ દિકરા.'

અને એ વૃદ્ધા પાછળ અંદર પેઠો.

અંદર એક પાટલી પર નટાશા બેઠી હતી. પોતે નટાશા જેટલો હતો ત્યારથી જ આ ઓરડાને ઓળખતો હતો. આજે એની લાડકી નટાશાને એણે પોતાના સામે ત્રાસ અને અજાયબીથી જોઈ રહેતી દેખી. પણ એ તો આ એની દિકરીના ચહેરામાં સત્યાની છાયા વાંચતો હતો.

'તું બીતી નહિ બેટી, એતો કાકા છે. તારા બાપ પાસેથી આવ્યા છે' વૃદ્ધાનો અવાજ સંભળાયો. અને એ પાછો કંપી ઉઠયો. એની નજર નટાશા પરથી ઉઠીને દિવાલ પર લટકતી પોતાની છબી પર પડી.

'કેવો દેખાય છે, મારો એલેક્ષી !' વૃદ્ધાનો અવાજ પાછો આવ્યો.

પણ એ તો ઉઠયો, 'હું ગ્રામ સોવિયટની ઓફિસે જાઉં છું. મારે સત્યાને સંદેશો કહેવાનો છે.'

'એજ અહીં આવી પહોંચતી હશે'

તોય એ ઘસાડાતો હોય તેમ ચાલવા લાગ્યો.

થોડીવારે ગ્રામ સોવિયટની ઓફિસને દરવાજે એ પુછતો હતો, 'સત્યા છે'?

'હા અંદર'

અને ધીમે ધીમે આગળ વધ્યો. અને સત્યાની દયામય નજર એના પર પડી. સત્યાનો હસવાનો અવાજ એકાએક દબી ગયો અને એ ઉતાવળી આગળ આવી, 'ક્યાંથી આવો છો ?' પેલી દયામય નજર એના પર પળવાર ઠરી.

એ નજરનો ભાર એને કચડી રહ્યો. એક અસહ્ય વેદના એની આરપાર નીકળી ગઈ. જગતભરમાં સૌથી વધારે પ્રિય એવી નજરમાં દયાની દૃષ્ટિએ રુદન ન કરી શકાયો. બેવી નજરોની વાંકી ભમરો સંકોચાયને તાકતી ઓથી.

'આવોને અંદર, કોનું કામ છે, આપને ?'

'સત્યા માકીનોવના'

'હું જ. ઘણો આનંદ થયો તમને મળીને, પેલી દયાની નજરમાંથી દિલસોજી ઝરી.'

'હું તમારે માટે પત્ર લાવ્યો છું'

'કોનો ?'

'હોસ્પીટલમાંથી એલેક્ષીનો'

'કેમ છે હવે ? એણે લખ્યું હતું કે એ પોતે જ આવી પહોંચે છે... નહીં તો હુંજ જઈ પહોંચતને !'

'એને પાછું મોરચા પર પહોંચવાનું છે' કહેતાં એણે ઉતાવળે ગાડીમાં લખી રાખેલો અને ગજવામાં મૂકી રાખેલો પત્ર કાઢીને સત્યાના હાથમાં મૂક્યો.

'અને પાછું મોરચાપર...' એ બબડી. એણે કાગળ વાંચ્યો.

'સંગ્રામમાં અમે સાથે જ...'

'હાય,... જાણે હું એને જ મળી. ભલું થયું તમે આવ્યા... પણ મોરચા પર ફરીવાર જતાં પહેલાં...'

'સમય' એ બબડયો.

'સમયની મારામારી છે' એણે કાગળ સંકેલ્યો, અને પૂછ્યું, 'તમે એક જ ટેંક કોલમમાં ?'

'હા'

'પણ એ ઘવાયો ત્યારે !'

'હું સાથે હતો... મારોય ચહેરો સળગી ગયો'

'હા, હા' કરુણતાની છબી જેવી સત્યા દેખી રહી.

'તમારું ગામ ?'

'ડોનગ્રાસ.'

અને અત્યાર સુધીમાં આ બંનેની આસપાસ થોડાક સંપક્રિયાનો આવી પહોંચ્યા હતા. એ સૌ તરફ સત્યા ઉતાવળી બોલી, 'એલેક્ષીનો સંદેશ, રણમોરચાનો....'

અને એ ઉતાવળી બનીને રડવા માંડી રહી, 'હું જાઉં—હું ઘેર જાઉં છું.'

અને એ આ મહેમાન તરફ ફરી, 'ચાલો મારે ઘેર...તમારું પોતાનું જ ઘર માનીને આરામ કરજો.' સત્યા આગળ થઈ.

'હું આવ્યો તેવો ત્યાંજ ગયો હતો'

'ઓહો, તો તો એલેક્ષીના– અભાગી વૃદ્ધમાજીને મળીને આવ્યા' બંન્ને ચૂપચાપ ચાલ્યાં.

અને એને નાસી જવાનું મન થયું એ મનમાં ગરકાવ થઇ ગયો, કિંતુ એનું ઝગમગતું જીવન! એ જીવતરને માટે એની સાથે રહીને કયાળી નથી જ મૂકવું '

એ પાછળ ખસકાયો, પણ એના પગ પાછા પડતા હતા. 'હું હવે જાઉં તો ..વળતી ગાડીમાં!' એનો અવાજ કરગરતો બોલ્યો.

'વળતી ગાડી!' સત્યાનું હાસ્ય ખખડી ઉઠયું

'આવતી કાલે પણ ગાડી પાછી વળે છે, આજે નહીં.'

અને આ બંન્નેની સામે એક ૭ વરસનો છોકરો દોડતો આવતો હતો એ પાસે આવીને અટકયો અને શ્વાસ અટકાવી પૂછી પડયો, 'તમેજ ને—તમે જ બાપાના મેકૂબર—બાપા પાસેથી!'

અને પોતાના સગાદિકરા પર પ્રેમનો આવેશ રોકી રાખતો એ બોલ્યો, 'હુંજ . તેં કેમ જાણ્યું!'

'દાદીએ કહ્યું ને હું દોડ્યો,' એણે એલેક્ષીનો હાથ ઝાલ્યો, 'તમારો સળગી ગએલો ચહેરો. .'

'હું બીહામણો લાગુછુને!'

અને એકપળવાર સ્ટોયોપા દેખી રહ્યો, 'નાઝીમા ...નાઝી પશુએજ બિહામણા, કાં .મા!'

'હા, હા' સત્યા બોલી, 'કાકા, તો વળતી ગાડીમાં જવાનું કહેતા'તા,'

'હવે તો નથી જવાના!'

'મેં કહ્યું તને સમરાંગણની વાતો કીધા વિના તે જવાય!'

'હારતો, જવાનું નહી, હાં કે!' એણે એલેક્ષીનો હાથ ઝાલ્યો.

'પણ તું એમને પૂછી પૂછીને પજવતો નહીં... આરામ કરવા દેજે.'

'સમરાંગણની વાત કહી રહે પછીને!'

x

અને બીજા દિવસની ઉષા ઉગી

ત્યારે એ ક્યારનોય ઉઠયો હતો. એણે ઘર છોડવાનો નિશ્ચય કરી નાખ્યો હતો.

'કેમ આટલા વહેલા!' સત્યાએ હિંમત કરીને પૂછ્યું

'મારે પાછું સ્ટેશને પહોંચવું '

'મેં અમારી કાર્મોલખની ગાડી મગાવી છે. હજુ તો વાર છે, અંદર આવો વારામાં, ત્યાં આપણે નાસ્તો પાણી કરીએ. દાદી અને બાળકો તમારી રાહ જુવે છે.'

અને એ જ્યાં અનેકવાર નાસ્તો કરવા બેઠો હતો એ વાહાતરફ ખસકાયો. મમતાનો ભાર એની હસ્તીને કચડી નાખતો હતો. પણ આ બધા ભેળાને હા' સેલી નાખવાનો એણે રાતભર ન કરે તેવો નિરધાર કર્યો હતો.

'પણ તમે જાવ છો જ શું કામ! ..મારે બધી વાતો સાંભળવી છે ને સમીતોહવે વારોય નથી કહેતી' સ્ટોયોપાએ કહ્યું.

'કેમ!' એણે હસવાનો પ્રયત્ન કર્યો.

'કહે છે કે બહુ કામ છે.'

'તું આવવાનો કે અમારી સાથે મોટરમાં, કાકાને સ્ટેશન સુધી મૂકવા' બોલતી સત્યા ઉઠી. વાડાની બહાર કાર્મોલખની મોટરકાર ઉભી હતી.

અને એલેક્ષી ઉઠયો

'તમારે સ્ત્રી અને બાળકો છે કે, દિકરા! મહેમાનને મમતાભરી નજરથી ભરી દેતી વૃદ્ધા બોલી.

'મા પણ છે!'

'ક્યાંનબારામાં?'

'પણ હું ત્યાં નથી જવાનો...મને આવો જોઇને...એના મઢપણમાં વેદના વહેવાને બદલે એ

એના છેલ્લા દિવસો ભલે શાંતિમાં વીતાવી કાઢે'

'શાંતિ!' વૃદ્ધાએ ચીસ પાડી, 'તારી યાદના વિરહમાં શેકાતા કાળજાની તે શાંતિ કહેવાય ગાંડા!'

'પણ મને આવો જુએ તો એનું કાળજું ભાંગી જ જાય.'

'આ રૂસી ધરતીનું કાળજું ભાંગી ગયું છે? અને એણે શું નથી જોયું? એવું નવું મૂરખ જેવું ના કરતો બેટા!' વૃદ્ધા આખી ધ્રૂજી ઉઠી.

અને એ આગળ વધ્યો.

ચૂપચાપ ઉભેલી નાનકડી નટાશાએ મહેમાનનો હાથ બન્ને કોમળ હાથમાં પકડયો અને ચૂમ્યો. અને એનાથી અચાનક નીચું નમી પડાયું. એણે નટાશાના કપાળમાં ચુંબન કર્યું અને પછી અનુરાગના આવેશથી ઉભરાતાં એણે સ્ટોપીપાને ઉંચકયો, અને ઉંચો કર્યો અને આજથી બે વર્ષ પહેલા સમરાંગણમાં જતી વેળાએ જેવો હવામાં હિંચોળ્યો હતો તેવો બને હાથમાં ઝુલાવ્યો. અને આખા વાતાવરણને હચમચાવી નાખતી એક ચીસ જાણે ઉડતી આવી, 'અલ્યોશા...એલેક્ષી.'

અને એક છલાંગ દઈને દોડેલી સત્યાએ એલેક્ષીની છાતીને આંસુથી ભીંજવી નાખી. એક પળવાર સત્યાનાં ડૂસકાં જ સંભળાયા.

'આલ્યોશેંકા...એલેક્ષી!' ગ્રામ સોવીયટની આ પ્રમુખ યુવતિએ પેલા જીવનખંડેરના ચહેરામાં કોતરાઈ જાય તેવા અક્ષરો ઉચ્ચાર્યા.

અને બીજી ચીસ પાડતો વૃદ્ધાનો દેહ આ બન્ને જોબનવંતાઓના પગમાં લથડી પડયો. સ્તબ્ધ બનેલી નટાશા રહી પડી.

અને સત્યાએ બંને હાથમાં દબાવેલા એલેક્ષીના ચહેરાને છલકાતી આંખે ચુમ્યો ને ચીડાઈને કહ્યું, તું...ભૂંડા...તું.'

'હા, હા, હું...હું' અને અપરાધી જેવા એલેક્ષીના હોઠ પર અવાજ અથડયો, 'બાળકો મારા વિના ઉછરી શકયાં હોત...અને તારા જુવાન જીગરના ઉલ્લાસને મારા બીહામણાં પડછાયાથી કચડાવી નાખવાની કદી જ જરૂર નહોતી.'

'મોટો મૂરખ' એલેક્ષીના પગ પકડી રાખીને બેઠેલી વૃદ્ધાએ ડોક ઉંચકી.

'અને તેં મારી, કિંમત કીક કરી' સત્યાનો અવાજ વેદનાભર્યો ઉભરાયો, 'મેં તારા સુંદર ચહેરા પર જ પ્રેમ કર્યો હતો એમ ને!'

❋

યાદ

પૃથ્વી

હજી ય સ્મરણે તને ગતદિનો! અને એ બધી
સુમંગલ મહેફિલો, જ્યહીં શરાબના જામને
ભરી છલકતી સુરાહી થકી તું હું જેવા બધા
અનેક ભટકેલને અરપતી'તી સંતોષ શો!
અને તુજનું નૃત્ય એ, 'ઠમક' તાલ એ પાયનો
હજી ન વિસર્યો, હજીય રણકાર એ ઝાંઝરી
તણો હૃદય સાંભરે, મદભરેલ ગીતો તણી
જમાવટ કરેલ તેં મધુર ગાયથી ના ભૂલ્યો
પરંતુ કયમ એ તને સ્મરણમાં રહેલું બધું!
હું એક નહીં, લાખ લાખ તણી મેદની ત્યાં હતી,
અને હું તુજ ગીત સાથ મદ-મસ્ત ડોલી રહ્યો
ઘણા હૃદય જેમ તે સમય ડોલતા'તા સખે!
અને બસ કદાચ આખ પલવાર તારી સહે
ગયેલ ટકરાઈ, આજ તક યાદ શું એ તને?

હરીન્દ્ર દવે

ઇસ્લામી ક્રાન્તિ

પ્રકરણ ૬

સર્વનાશ દ્વારા સર્વોદય

પૂર્વ ઇસ્લામ યુગ અથવા તો ઇસ્લામનો ક્રાન્તિકાળ (ઈ. સ. ૧૨૦૬–૧૫૨૬)

ઇસ્લામ એ મધ્યયુગની એક મહાશક્તિ હતી. મહમ્મદના મરણ પછી એ શક્તિ રાષ્ટ્રીય મટીને આંતરરાષ્ટ્રીય બની. એના સર્જક અને વિનાશક સામર્થ્યનો અનુભવ ચીનાઓ, ખ્રીસ્તીઓ, હિંદુઓ, યાહુદીઓ અને પારસીઓ એ સૌ મહાપ્રજાએ કરી ચૂકી. અનેક સંસ્કૃતિઓના નામો નિશાન મીટાવી દેતી, આ મહાન ક્રાન્તિની અગ્નિજ્વાળાઓમાં જે જે સંસ્કૃતિઓ પીગળી ના શકી, તેમનામાં ય મોટામોટા ગાબડાં તો પડી જ ગયાં

ઇસ્લામની સાથેના સંસર્ગથી હિંદુઓએ શું શું મેળવ્યું ને શું શું ગુમાવ્યું?

પાછલા પ્રકરણમાં આપણે જોઈ ગયા કે હિંદુઓનું સાંસ્કૃતિક પતન હર્ષના મરણ પછી જ શરું થઈ ગયું હતું. એને માટે મુસ્લીમો જવાબદાર નહોતા. હિંદુ સર્જનશક્તિનો હ્રાસ જવાબદાર હતો છતાંય આપણે સાથે સાથે એ ભુલવું ના જોઈએ કે ઇસ્લામી હલ્લાઓએ આ પડતી પ્રજા ઉપર જબરજસ્ત પાટુ માર્યો.

રાષ્ટ્રમાં અર્વાચીન ઉત્સાહમાં તણાઈ જઈને અનેક લેખકોએ એમ સાબીત કરવાનો પ્રયત્ન કર્યો છે, કે મધ્યયુગમાં હિંદુમુસ્લીમો વચ્ચે થએલાં યુદ્ધો ધર્મને કારણે થયાં જ નથી. કેવળ રાજકીય કે આર્થિક કારણોસર થયા છે। પંડિત સુંદરલાલ અને પ્રો હુમાયુંન કબીર એમાનાં લેખકો છે. પ્રો. કબીરે પોતાના પુસ્તક 'Our Heritage' માં એમ બતાવ્યું છે કે મધ્ય યુગમાં હિંદુઓ અને મુસ્લીમો કરતાં મુસ્લીમો ને મુસ્લીમો વચ્ચે વધુ લડાઈઓ થઈ છે. વાત સાચી છે, પણ બિચારા હિંદુઓ પાસે 'લડવા જેવું બાકી રહ્યું હતું, એ વાત તો એ સાવ સહેલાઈથી ભુલી જાય છે!

આ ખોટું દ્રષ્ટિબિંદુ છે. ઇસ્લામનો ક્રાન્તિકાળ હિંદુ પ્રજાના અસ્તિત્વ માટે કટોકટીનો કાળ હતો બ્રીટીશ શાંતિની છત્રછાયા હેઠળ ઉછરેલી આપણી પેઢીને એનો ખ્યાલ આવવો મુશ્કેલ છે. સર્વાંગી યુદ્ધ totalitarian War ની શોધ નથી જર્મનીએ હિટલરે કરી કે નથી આધુનીક યુગે કરી. એ શોધ તો એસીરીયનો જેટલી કે કદાચ એથીય પ્રાચીન શોધ છે. જ્યારેજ્યારે બે તદ્દન પરસ્પર વિરોધી સંસ્કૃતિઓ પોતાનો જીવનમરણનો સંગ્રામ ખેલે છે, ત્યારે ત્યારે હરહમ્મેશ સર્વાંગી યુદ્ધ થાય છે.

હિંદુ અને મુસ્લીમ સંસ્કૃતિઓ વચ્ચેના વિગ્રહનો નિદાન પહેલો તબક્કો તો સર્વાંગી યુદ્ધનો જ હતો, એમાં સંશય નથી.

ઇસ્લામનો આ દેશમાં પ્રથમ પ્રવેશ તદ્દન શાંતિભર્યો હતો. કિનારા પ્રદેશના મહત્વના સ્થળોમાં આરબ વેપારીઓ અને ધર્મગુરુઓ ઇસ્લામનો પ્રચાર કરતા અને એ ઉપદેશ જેને રુચે તે ઇસ્લામની દીક્ષા લેતા. અહીં સુધીનો એનો વિકાસ આ દેશની ધર્મસહીષ્ણુ પરંપરાને અનુરૂપ હતો. પણ આ પ્રમાણે લાંબો સમય ના ચાલ્યું.

ટુંક વખતમા જ મહમ્મદ બીન કાસીમની સરદારી હેઠળ એક હાથમાં તલવાર અને બીજા હાથમાં કુરાન લઈને ઇસ્લામે પોતાનું આક્રમણ શરુ કર્યું. વલ્લભીનો નાશ, સિંધની જીત, અને મહમ્મદ ગીજનીની ધાડો પછી આવેલા શાહબુદીન ઘોરીના વિજયે આ દેશમાં ઇસ્લામી ક્રાન્તિને સ્થિર કરી. ત્યાં સુધીનો અને ત્યાર પછીનો હિન્દુપ્રજાનો ઇતિહાસ એ કેવળ હાર, માર ને પીછેહઠનો ઇતિહાસ છે. ફરીફરીને હિંદુઓએ પોતાના વિજેતાઓને ઉથલાવી નાખવા માટે માથું ઉંચક્યું છે, અને ફરીફરીને મુસ્લીમોએ એકધારી સફળતાથી એમનું માથું ભાંગ્યું છે.

ઇસ્લામના ક્રાન્તિકાળમાં, જ્યારે એક બાજુ

હિંદુઓ પોતાની પ્રાંતિક અસ્મિતા ખીલવીને એક બીજાનું કાસળ કાઢવામાં મશગુલ હતા, ત્યારે ઇસ્લામને સદ્‌ભાગ્યે એની સંસ્કૃતિએ એકમેકથી ચઢિઆતા અનેક સમર્થ સેનાપતીઓ સર્જ્યાં હતા.

મહમ્મદ બીન કાસીમ, મહમ્મદ ગીઝની, શહાબુદીન ઘોરી, કુતુબુદીન એબક, અલ્લાઉદીન ખીલજી, અલફખાન અને મલેક કાફુરને પોતાની યુદ્ધશક્તિનો પરચો બતાવવા માટે એક સડતી સંસ્કૃતિ આમંત્રણ આપી રહી હતી. પ્રલયકાળના મરૂતના સુસવાટા જેવાં, આ મુસ્લીમ સેનાપતીઓના વિજયી સૈન્યોના સપાટા આગળ સદીઓનાં જુનાં હિંદુ મહારાજ્યો ગંજીફાના મહેલની માફક જમીનદોસ્ત થવા માંડ્યાં હતાં. ' અલ્લા હો અકબર 'ના ધર્મઘોષથી હિંદના ખૂણે ખૂણાને ભરવરસ કરતાં આ ધર્માંધ ધાડાંઓને મારી હઠાવવાની શક્તિ હતવીર્ય હિંદુ સંસ્કૃતિમાં રહી નહોતી. કંઈક નાની મોટી પ્રજાઓ, અનેક મહારાજ્યો, અસંખ્ય ગ્રંથ ભંડારો ને સંસ્કાર કેન્દ્રો અને ઉત્તર હિંદનું સમસ્ત દેવસ્થાપત્ય ઇસ્લામી ક્રાંતિની અગ્નિજ્વાળામાં ભસ્મીભૂત બની ગયાં. સોનારૂપાથી માંડીને ઓષધ સુધીનું હિંદુઓનું સઘળું ધન લૂંટાઈ ઝૂંટાઈને છીન્નભીન્ન થતું ચાલ્યું. હિંદે પોતાના આખા ઇતિહાસમાં ના જોયો હોય એવો શ્રી, સરસ્વતી, શૌર્ય સંસ્કાર અને સૌંદર્યનો પ્રલય ઉત્તર હિંદે આ ત્રણ સદી દરમ્યાન જોયો.

મુલતાન, દીલ્હી, કાશી, મથુરાં, કનોજ, ચીતોડ, ચંદ્રાવતી; સોમનાથને વિજય નગર જેવી સૌંદર્યવતી મહાનગરીઓ આર્યસંસ્કૃતિના સ્મશાનોમાં ફેરવાઈ ગઈ. એકલું મથુરાં જ મહમ્મદ ગીઝની, સીકંદર લોદી, શાહજહાં, ઔરંગઝેબ અને અહમદશાહ અબદાલી એ પાંચ વિજેતાઓને હાથે તૂટ્યું, ફૂટ્યું અને લુંટાયું. બીજી નાની મોટી નુકશાનીનો તો હિસાબ જ નહિ આ દશ્યોના એક સાક્ષી ભૂષણ કવિએ નિશ્વાસ નાખ્યો:

' काशीकी कला गइ, मथुरा मस्जीद भइ '

અને આ પ્રલયનું કારણ ? દુષ્ટતા નહીં પણ શુભનિષ્ઠા. ઇસ્લામનો સંદેશ સર્વોદયનો હતો, એનો માર્ગ સર્વનાશનો હતો. મુસ્લીમો અત્યાચાર દ્વારા સદાચાર સ્થાપવા માગતા હતા. આ દેશની માનવતાને તેઓ નવા ઘાટે ઘડવા માગતા હતા. નિરંજન નિરાકાર પરમાત્માની ઉપાસના, એકેશ્વરવાદ, એકગુરૂવાદ, એકગ્રંથવાદ, ભાઇચારો, દયા, લોકશાહી, આર્થિક સમાનતા, દારૂનિષેધ, જુગારનિષેધ, અને ઓસન્માનનો રસુલે, ખુદાનો, પયગામ ફેલાવવા માટે જ એ દીનપરસ્ત પ્રજાના ગાઝીઓ બુતપરસ્ત કાફરોની કતલ કરતા હતા. ' મરીશ તો સ્વર્ગ પામીશ ને જીતીશ તો પૃથ્વીને ભોગવીશ ' એ ભગવદ્‌વચનને અનુસરીને અર્જુન જેમ કુરૂક્ષેત્રનું ધર્મયુદ્ધ લડ્યો હતો, તેમ ઇસ્લામના ગાઝીઓ મરીશું તો હુરોને ગુલામોથી ભરેલું બહિસ્ત મેળવીશુ, અને જીતીશુ તો હિંદુસ્તાન જેવુ નંદન મેળવીશુ એવી ભાવનાથી જ કાફરો સામે જેહાદ જગાવતા હતા.

બન્ને સંસ્કૃતિઓ વચ્ચે ભિષણ વિગ્રહ અનિવાર્ય હતો એક ઉત્ક્રાન્તિની સંસ્કૃતિ હતી, બીજી ક્રાન્તિની. એક સહીષ્ણુતાની, બીજી શિરજોરીની. એક સંરક્ષક, બીજી આક્રમક એક "वादे वादे जायते तत्त्वबोधः।" માનતી હતી, બીજીને તલવારના ત્રાસમાં શ્રદ્ધા હતી. એકમાં વૃદ્ધાવસ્થાનું ડહાપણ હતું, બીજીમાં યુવાનીનું પરાક્રમ હતું.

એટલે બન્નેનાં જીવનમૂલ્યો જુદાં જુદાં હતાં. જે શંકર હિંદુઓને મન પરમપૂજ્ય દેવ હતા, તે શંકર મુસ્લીમોને મન મસ્જીદના પગથીયામાં મઢાવી હજારોના પગ હેઠળ કચરવા લાયક બુતનો ટુકડો હતો. જે બ્રાહ્મણ હિંદુને મન પૃથ્વી ઉપરનો દેવ હતો, તેની કીમ્મત ગુલામ તરીકે ગીઝનીના બજારમાં માત્ર બેજ રૂપિયા ઉપજતી હતી ! જે ગાય હિન્દુને મન માતા હતી, તે ગાય મુસ્લીમને મન મંદિર ભ્રષ્ટ કરવાનું સાધન અને કુરબાનીને ખોરાક માટે જરૂરી એવું એક જાનવર હતું. વેદ, ઉપનિષદ, વ્યાસ, વાલ્મિકી, બુદ્ધ, મહાવીર, કાલિદાસ, ભવભૂતી ને ભારવિનો સંસ્કારવારસો હિંદુને મન મોંઘી દોલત હતી, મુસ્લી-

અનેક તટસ્થ રહ્યા, કેટલાય શત્રુપક્ષે ભળ્યા ! યુદ્ધમાં હિંસા થાય એમ કદી જૈનો ને બૌદ્ધો અસમ્મત થયા ! પરીણામે દાહીર લડતાં લડતાં મરાયો. એની શૂરી રાણીએ અલોરના કિલ્લા આગળ કેસરિયાં કર્યાં, અને એની પુત્રીઓ ખલીફાને ભેટ ગઈ. સિંધમાં અરબ સત્તા જામી પડી. સિંધ ઇસ્લામી ખીલાફતનો એક ભાગ બન્યું.

દોઢ સદીના મુસ્લીમ જુલમથી ત્રાસીને આખરે નવમી સદીમાં રજપુતોએ અરબોને હાંકી કાઢ્યા.

પણ એનાથી આ દેશની ધરતી ઉપર આવતાં ઈસ્લામી સંસ્કૃતિનાં મોજાં અટક્યાં નહિ. મહમ્મદ બીન કાસીમ પછીનું સૌથી મોટું મોજું તે મહમ્મદ ગીઝની.

વિશ્વસંસ્કૃતિ થવા મથતી એક ભવ્ય સંસ્કૃતિનો એ એક પ્રતાપી પ્રતિનિધિ હતો. આ મહાન મુસ્લીમ યોદ્ધો પોતાની શૂરી સેના સાથે આ દેશની ધરતી પર સત્ત-સત્તર વાર ત્રાટક્યો, અને ઈસ્લામની વિજયી યુદ્ધશક્તિનો આ દેશની પ્રજાને કદી ન ભુલાય એવો એણે પરચો બતાવ્યો. એના ઝનૂની સૈન્યના સપાટા આગળ પંજાબ પછી નગરકોટ, થાણેશ્વર, કનોજ ને મથુરાં બધાં બેઠાં થઈ ગયાં.

મથુરાની લૂંટનું વર્ણન મહમ્મદ ગઝનવીના જ મંત્રી સદિયા ઉત્બીએ નીચે પ્રમાણે આપ્યું છે, જે ઉપરથી એ લૂંટનું આખું સ્વરૂપ સમજાશે.

"મથુરામાં હજાર તો કોટ હતા, જેમાંનો પ્રત્યેક કોટ મૂર્તિવાળું મંદિર હતો. નગરની વચમાં એક સહુથી ઊંચી બાંધણીનું મંદિર ઝગમગી રહ્યું હતું એ મંદિરનું સૌંદર્ય અને એનો શણગાર વર્ણવવા કે ચીતરવા જગતના બધા લેખકો અને ચિતારાઓ મથે તોય વર્ણવી કે ચીતરી શકાય એમ નથી. સુલતાને જાતેજ પોતાની નોંધમાં લખ્યું છે કે આવું મંદિરસ્થાપત્ય કોઈ બાંધવા જાય તો આજના જ હિસાબે હજાર હજાર દીનારની એક લાખ પડીકાં બાંધીએ એટલું ખર્ચ આવે, અને સારામાં સારા સ્થપતિઓ રોકવામાં આવે તોય બસો વર્ષ એ મંદિરને બાંધી પૂરું કરતાં લાગે ! કદાચ એટલામાં પૂરું ન પણ બંધાય. મૂર્તિઓ તો ઘણી મળી અને ઘણી તોડી. તેમાં પાંચ મૂર્તિઓ તો ૭॥ ફીટ ઊંચાઈની ચોખ્ખા સુવર્ણે બનાવટની હતી. એક ઉપર હીરો ગોઠવ્યો હતો. બહુ ખુશીથી પચાસ હજાર દીનાર કિંમત આપી સુલતાને એ હીરો બજારમાંથી ખરીદ્યો હોત. એક મૂર્તિના પગમાંથી ૪૦૦ મીસ્કલ વજનનું સોનું નીકળ્યું. ચાંદીની મૂર્તિઓનો તો પાર ન હતો, અને તેમને તોડતાં પણ ઘણો સમય લાગ્યો. મુસ્લીમ સૈન્યે આખા શહેરને તારાજ કર્યું અને લશ્કરના મોટા ભાગને અહીં જ મૂકી સુલતાનની સવારી કનોજ તરફ ઊપડી."

આ તો એકજ સવારીની એકજ લૂંટ-માત્ર એકજ શહેરની, અને એકજ હુમલાખોરની ! ત્યાર પછી તો હિંદ ઉપર અનેકાનેક હુમલાઓ ઈસ્લામીઓ લઈ આવ્યા.*

ઠેઠ મહાભારતના કાળથી કૃષ્ણના જન્મ, જીવન અને વિજયને કારણે હિંદુઓ માટે અતિપવિત્ર બનેલી સેંકડો દેદીપ્યમાન મંદિરોથી શોભતી આ મનોહર દેવનગરીની આવી ને આવી દુર્દશા છસો વર્ષમાં પાંચપાંચ વાર ધર્માંધ સુલ્તાનોને હાથે થઈ. એની આજની કંગાલ દશા જોતાં એની પ્રાચિન જાહેરજલાલીની વાત કોઈને આજે મશ્કરી જેવી લાગે !

દરેક લૂંટ વખતે મુસ્લીમ થવાની ના પાડતા અસંખ્ય હિંદુઓને મહમ્મદ રાય કે રંક, બ્રાહ્મણ કે શુદ્રના ભેદભાવ વિના પકડતો, દોરડે બાંધતો, એમની જ ધનસંપત્તિના પોટલાં એમને માથે ઉંચકાવતો, અને ઠેઠ ગીઝની સુધી લઈ જઈ બે બદામે રૂપીએ ગુલામ તરીકે વેચી નાખતો ! ઇતિહાસનો સનાતન નિયમ હારે એના ભોગ !

મહમ્મદની છેલ્લી સ્વારી સોમનાથ પર થઈ. આ વખતે ત્રીસહજાર ઘોડેસ્વારો ને પચાસહજાર તીરંદાજો એ રીતે એંસીહજારનું લશ્કર લઈને મહમ્મદે ચઢાઈ કરી. સાથે ત્રણ હજાર હાથી અને પાણી માટે ત્રીસ હજાર સાંઢણીઓ લીધી.

*અપ્સરા. ખંડ પાંચમો. ર. વ. દેસાઈ.

સોમનાથના વૈભવનો કોઈ પાર નહોતો. હિંદને ખૂણેખૂણેથી એમના દર્શન માટે યાત્રાળુઓ આવતા. પાંચસો સુંદર નર્તકીઓ ભગવાન સોમનાથ સમક્ષ રાતદિવસ અસ્ખલિત નૃત્યસંગીત કરતી હતી. દસ હજાર ગામોની આવક સોમનાથની જાહોજલાલીના નિભાવ માટે ખર્ચાતી. સદીઓની સંપત્તિ એ દેવનગરીમાં એકઠી થઈ હતી. આવા એ રાષ્ટ્રદેવના નાશ માટે જ્યારે મહમ્મદે ચડાઈ કરી ત્યારે એને અર્ધે રસ્તે આંતરનાર ઠેઠ ગીઝનીથી ગુજરાત સુધીમાં કોઈ મળ્યું નહિ! ન કોઈ દક્ષિણ હિંદના રાજાને ત્યાં આવવાની જરૂર લાગી. બાણાવળી ભીમ જેવો પાટણનો પ્રતાપી સોલંકી સમ્રાટ મહમ્મદના ધાકથી પાટણથી નાઠો તે ઠેઠ કંથકોટ જઈને ભરાયો!

પોતાના ત્રીજા લોચનથી વિશ્વગ્રાસ-પ્રલય પ્રસારતા, ભગવાન ચંદ્રમૌલિશ્વર હિંદુઓની સામુદાયિક કાયરતાથી કંટાળીને કમારનાથ સોમનાથ છોડીને હિમાલય ચાલ્યા ગયા હતા. પાછળ પડ્યો રહેલો પત્થર પાપી મ્લેચ્છને એની સમસ્ત સેના સાથે બાળીને ભસ્મ કરી દેશે, એવી બ્રાહ્મણોની ભોળી આશા ઠગારી નીવડી! ઉલટપક્ષે હિમ્મતવાળા મરદોને જ ખુદા મદદ કરે છે, એનો પ્રત્યક્ષ પદાર્થપાઠ મહમ્મદે બ્રાહ્મણોને આપ્યો. સોમનાથના સ્થાનિક સામનાને તોડી નાખીને, હજારો હિંદુઓની કતલ કરીને મૂર્તિ બચાવવા માટે પૈસા લેવાની ના પાડીને, એણે એ દેવનગરીને ધરાશાયી કરી નાખી. અને ધરાઈધરાઈને ધન લૂંટ્યા પછી, એની સમર્થ સેના જેવી અનીરૂદ્ધ આવી હતી, તેવી જ અનીરૂદ્ધ ગીઝની પાછી ફરી.

આ લૂંટને માટે એક મુસલીમ તવારીખનવેશ કહે છે કે: "સોમનાથમાંથી લૂંટ તરીકે મળેલ સુવર્ણ અને રત્નોનો એક શતાંસમો ભાગ પણ હિંદના કોઈ રાજાની ત્રીજોરીમાંથી ના મળી શકત."

મહમ્મદની સત્તર સત્તર લપડાકો પડી છતાં પણ રાજકીય રીતે કુંભકર્ણની નિદ્રામાંથી જાગ્રત ન થએલો હિંદુ સમાજ સ્વતંત્ર રહેવાને લાયક હતો કે કેમ એ પ્રશ્ન વિચારવા જેવો છે.

મહમ્મદના ગયા પછી જાણે કાંઈ જ થયું નથી એ રીતે, એની ચડાઈને એક દુઃસ્વપ્ન ગણી કાઢીને, ધનિક ગુજરાતીઓએ પોતાના રાષ્ટ્રદેવનું પુનર્નિર્માણ કરવાનું શરુ કર્યું. ભોળા ભીમને હાથે સોમનાથના કાષ્ટસ્થાપત્યનું શિલાસ્થાપત્યમાં રૂપાંતર થયું. એ નવા મંદિરને કુમારપાળે શણગાર્યું ને સમૃદ્ધ કર્યું. ત્યારપછી એને ૭ ૭ વાર ધર્માંધ મુસલીમોએ તોડ્યું, અને ફરી ફરીને એને હઠીલા હિંદુઓએ ઉભું કર્યું. મહમ્મદ ગીઝની, ઉલુગખાન, અહમ્મદશાહ, સમશેરખાન, મુઝફરખાન, તાતારખાન અને ઔરંગઝેબને હાથે નષ્ટભ્રષ્ટ થએલુ એ મંદિરનું ભોળાભીમ, કુમારપાલ, મહિપાલદેવ અને અહલ્યાબાઈ હોલ્કરને હાથે નવસર્જન થયું.સાત વાર નાશ પામેલા એ મંદિરનું આઠમી વાર નવસર્જન આજે સરદાર વલ્લભભાઈ પટેલ કરે છે!

અનેક સંસ્કૃતિઓની ચઢતી પડતી શાંત ચિત્તે નિહાળી રહેલ વૃદ્ધ ઇતિહાસપુરુષ આપણને ફરી એક વારપ્રશ્ન પૂછે છે:

"હિંદને પશ્ચિમ કીનારેથી આવતી હવા 'જય સોમનાથ'નો વિજયઘોષ સંભળાવે છે. આ ધર્મઘોષ શાનો છે?'

ત્યાં હિંદના રાષ્ટ્રદેવનું નવનિર્માણ થઇ રહ્યું છે, કે પછી ગુજરાતી–મારવાડી ધનિકોના મિથ્યાભિમાનને પોષતું એક પાષણનું રૂપાળું રમકડું સર્જાઇ રહ્યું છે? ત્યાં ધર્માંધ બ્રાહ્મણશાહીનો એક નવો અડ્ડો ઉભો થઇ રહ્યો છે કે પછી રાષ્ટ્રીય એકતાનાં બીજ રોપાઇ રહ્યાં છે?"

આપણો ઇતિહાસ રાષ્ટ્રીય દૃષ્ટિએ લખવાનું અનેક સ્થળોએથી શરૂ થયું છે, પણ સર્વમાન્ય કે બહુમાન્ય હોય એવી રાષ્ટ્રીય દૃષ્ટિ હજી બંધાઇ નથી! દા. ત. શ્રી નાનાભાઈ ભટ્ટ અને પ્રો. મૌલાના સૈયદ અબુઝફર નદવી એ બન્ને વિદ્યાપીઠની સંસ્કારછાયામાં આવેલા આપણા વિદ્વાનો. છતાંય બન્નેની ઇતિહાસ દૃષ્ટિમાં કેટલો મોટો ફેર છે એ જોવું હોય તો શ્રી. નાનાભાઈનો 'આપણા દેશનો ઇતિહાસ' વાંચવો,

અને નર્મદ્દી સાહેબનો 'ગુજરાતનો ઇતિહાસ' વાંચી જુઓ !

પ્રાગૈતિહાસીક અને પૌરાણીક મહાપુરુષોનું મૂલ્યાંકન કરવામાં આપણે મોટે ભાગે કલ્પનાનો આશ્રય લેવો પડે છે હિંદુ ઇતિહાસનાં ટૂંકાણો મુસ્લીમ ઇતિહાસમાં બે ઉદારમાં ઉદાર હિંદુઓ અને મુસ્લીમો વચ્ચે પણ મતભેદો ઉભા થાય છે અને અંગ્રેજ ઇતિહાસ આપણા સાંસ્કૃતિક દ્વેષથી રંગાયેલો છે. મુશ્કેલીઓ મોટી છે, પણ અજીત નથી.

આ લેખમાળામાં પ્રસંગોપાત કરેલો દંતકથાઓનો ઉપયોગ કેટલાક વાચકોને ખૂચશે. પણ ઇતિહાસ અને દંતકથા વચ્ચેની ભેદરેખા બહુ જ સ્થિતિસ્થાપક હોય છે. એટલું જ નહિ, પણ ઘણીવાર દંતકથામાંની હકીકત ખોટી માલમ પડે, પણ એનું વાતાવરણ સાચું હોય છે. ઇતિહાસકારો કહે છે, વિક્રમાદિત્ય નામનો કોઇ રાજા થયો નથી. એ ખરુ. પણ એનું વાતાવરણ ગુપ્તયુગ જેવા શાંતિકાળનું છે.

હિંદુ દૃષ્ટિએ જોઇએ તો મહમ્મદ એક ક્રૂર જુલમી ને ધર્માંધ ધાડપાડુ હતો.

મુસ્લીમ દૃષ્ટિએ જોઇએ તો એ એક મહાપુરુષ હતો. એના જમાનાનો એ એશિયાનો સર્વશ્રેષ્ઠ સેનાપતી હતો. એણે કેવળ સુવાળા અને સંસ્કારી, હિંદુઓને સત્તર સત્તર વાર હરાવ્યા નહોતા. મધ્ય એશિયામાંથી આવેલા ઝનૂની તુર્ક ધાડાંઓને એણે બબ્બે વાર સખત શીકસ્ત આપી હતી.

રાજકર્તા તરીકે પણ એ એટલો બાહોશ હતો. ઇરાનથી છેક પંજાબ સુધી એનું રાજ્ય હતું. મહાકવિ ફિર્દૌસી પાસે 'શાહનામા' જેવું મહાકાવ્ય લખાવનાર, એશીયાના મહાપંડિત આલ્બેરૂનીનો આશ્રયદાતા, વિદ્યા ને કલાનો પ્રેમી, ગીઝનીને મુસાફરખાનાં, દવાખાનાં, પુસ્તકાલયો, મસ્જિદો, મદરેસાઓ અને શિલ્પસ્થાપત્ય વાળેલી અનેક ઇમારતોથી શણગારનાર એ સંસ્કારી સુલ્તાનને જંગલી તો કહેવાય જ કેમ ?

રાષ્ટ્રીય દૃષ્ટિએ જોઇએ તો ઇસ્લામી ક્રાન્તિનો એક અગ્રસ્થ ધ્વજધારી હતો. હિન્દુઓના સામાજીક રોગનું નિદાન કરનાર એક મહાન સમાજવૈદ્ય હતો. દવાના સત્તર સત્તર ઘૂંટડા પાઇને એ હિન્દુઓને આ મહાન પાઠ આપતો ગયો કે :–

શક્તિ વિનાની જાતિ, કર્મ વિનાનો ધર્મ શૌર્ય વિનાનાં સંસ્કાર, સંગઠન, વિનાની સંસ્કૃતિ, દેશાભિમાન વિનાનું પ્રદેશાભિમાન, જાતિગૌરવ વિનાનું કુલગૌરવ, અને શ્રમ વિનાની સંપત્તિ પ્રજાને હમ્મેશાં પતનને માર્ગે દોરી જાય છે

એ મહાન ગુરુએ ભણાવેલો પાઠ જો હજી પણ હિન્દુઓના ભણ્યા હોય તો તેમાં 'કોનો વાંક !'

મહમ્મદની સ્વારીઓથી આખું ઉત્તરહિંદ આર્થિક રીતે કંગાલ થઇ ગયું, હિન્દુઓની લશ્કરી તાકાત છીન્નભીન્ન થઇ ગઇ, અને આજસુધી અભેદ્ય જણાતી હિન્દુ સંસ્કૃતિની ઇમારતમાં જબરજસ્ત ગાબડાં પડી ગયાં.

મહમ્મદ ગીઝની પછીનું ઇસ્લામી સંસ્કૃતિનું ત્રીજું મોટું મોજું શહાબુદ્દીન ઘોરી. આ મોજાંમાં દિલ્હીનું હિન્દુ રાજ્ય ડૂબી ગયું અને ઉત્તર હિંદમાં ઇસ્લામી સત્તા સ્થિર થઇ. શહાબુદ્દીન ઘોરી આ દેશ ઉપર સાત સ્વારીઓ લાવ્યો. એણે એકવાર તો ગુજરાતના સોલંકી રાજા મુળરાજને હાથે સખત હાર ખાધી. બીજીવાર પૃથ્વીરાજને હાથે પણ સખત રીતે ઘાયલ થઇને, પૂરેપૂરી હાર ખાઇને, નાસી છુટીને એણે પોતાનો જીવ માંડમાંડ બચાવ્યો. પણ આ પરાજયોથી નિરાશ કે નાહિંમત ના બનતાં એણે છેલ્લું આક્રમણ ઇ. સ. ૧૧૯૩માં કર્યું. આ વિજયી આક્રમણે ઉત્તર હિંદના કુસંપી રજપુતોની સ્વતંત્રતા કાયમને માટે ખુંચવી લીધી. પૃથ્વીરાજ હાર્યો અને મરાયો, અને દિલ્હીપતિ તરીકે શાહબુદ્દીન સ્થિર થયો.

સ્થિર થઇને એણે પહેલું કામ દેશદ્રોહી જયચંદનું કાસળ કાઢવાનું કર્યું. શાહબુદ્દીન નિર્વંશ મરી ગયો, એટલે દિલ્હીની ગાદી કુતુબુદ્દીન ઐબકને મળી. એણે અને એના પછીના સુલ્તાનોએ ઉત્તર હિંદના સઘળા કુળદ્રુપ પ્રદેશોમાંથી સંકુચિત પ્રદેશાભિમાન અને કુલ-

ગૌરવમાં મસ્ત; પરસ્પર વેર ઝેર ને દ્વેષથી ખદબદતા રજપૂતોને હાંકી મૂકવાનું કર્યું. ઉત્તર હિંદના ફળદ્રુપ પ્રદેશોમાંથી નાઠેલા રજપુતો સ્વસંસ્કારના રક્ષણ માટે રાજસ્થાનમાં જઇને ભરાયા. અને પાંચ સદી સુધી એમણે અસંખ્ય શૂરવીરો અને સુંદરીઓનો ભોગ આપીને, અને અખંડ પુરૂષાર્થ કરીને હિંદુ સંસ્કૃતિનું વીરત્વ ભર્યું સંરક્ષણ કર્યું.

આપણા દેશના ઇતિહાસમાં તેરમી સદી ગુલામ વંશની સદી છે. આ સદી દરમ્યાન, ગુલામવંશે કુતુબુદ્દીન ઐબક, અલ્તમશ, ને બલ્બન જેવા શુરા સરદારો ને પ્રતાપી સુલ્તાનો, રઝીયા બેગમ જેવી શક્તિશાળી સ્ત્રી અને નાસીરૂદ્દીન જેવો સંત ગજાવી સર્જીને આ ભૂમી ઉપર ઇસ્લામી સંસ્કારને સ્થિર કર્યો

ચૌદમી સદીમાં હિંદની રાજકીય રંગભૂમી ઉપર ખિલજી અને તઘલખવંશો આવે છે.

ઇસ્લામી ક્રાન્તિ આ દેશમાં સ્થિર થયા પછી એણે સર્જેલા મહાન નેતાઓમાં સૌથી વધારે પ્રતાપી નેતા સુલ્તાન અલ્લાઉદ્દીન ખીલજી હતો. એના શાસન-અમલ દરમ્યાન ઇસ્લામી ક્રાન્તિનો સૂર્ય સોળે કળાએ પ્રકાશી નીકળ્યો.

એના હાથમાં આખું ઉત્તર હિંદ હતું પણ એનાથી આ મહત્વાકાંક્ષી સુલ્તાનને સંતોષ ના થયો. એટલે એણે ચીતોડ, ગુજરાત ને દેવગીરી સર કર્યાં. ઇ. સ. ૧૩૦૯માં એનો સમર્થ સેનાપતિ મલેક કાફુર દક્ષિણ હિંદ પર ત્રાટક્યો. ઠેઠ દિલ્હીથી લશ્કર લઇને એ નીકળ્યો અને અસંખ્ય દેવમંદિરોનો નષ્ટ ભ્રષ્ટ કરતો, હિંદને દક્ષિણ છેડે આવેલા સેતુબંધ રામેશ્વર સુધી પહોંચ્યો. ત્યાં તેણે અનેક મંદિરો તોડીફોડી ઇસ્લામી ક્રાન્તિની વિજય પતાકા સમી એક મસ્જીદ બંધાવી. દક્ષિણ હિંદમાંથી અઢળક દેવદ્રવ્ય અને રાજ્યદ્રવ્ય લૂંટીને વિજયી કાફુર દિલ્હી પાછો ફર્યો.

અલ્લાઉદ્દીન ખીલજી યોદ્ધા તરીકે એક મહાન યોદ્ધો હતો, એટલુંજ નહિ પણ એ એક સમર્થ શાસક હતો. હિંદના એ પહેલો ચક્રવર્તી મુસ્લીમ સમ્રાટ હતો.

એ પોતે એક ધર્માંધ સુલ્તાન હોવા છતાં રાજ્યશાસનને ધર્મના અમલમાંથી એણે કર્યું. માપબંધી જેવા કેટલાક આધુનિક આર્થિક સુધારાઓ પણ આપણને એના અમલમાં પહેલવહેલા જોવાના મળે છે. એનું જાસુસીખાતું બહુ જ વ્યવસ્થિત હતું. નાસિરૂદ્દીનના સમયથી શરૂ થએલા મોગલ હુમલાઓને અલ્લાઉદ્દીને પૂરેપૂરા મારી હઠાવ્યા. એને માટે એણે શાંતિના સમયમા પણ સિંધ, પંજાબ અને ઉત્તર હિંદમાં પાંચ લાખનું ખડું સૈન્ય રાખવું પડતું. એના સિંધ અને પંજાબના સુબા ગ્યાસુદ્દીન તઘલખને મોગલો સામે ૨૯ વાર લડવું પડયું હતું. ઇ. સ. ૧૨૯૮ મા બે લાખ મોગલોનું એક જંગી ટોળું પંજાબની નદીઓ ઓળંગીને ઠેઠ જમના નદી સુધી આવી પહોંચ્યું હતું. અલ્લાઉદ્દીને એમને સખત પરાજય આપીને હિંદ બહાર હાંકી કાઢ્યા હતા.

દારૂ અને બીજી કેફી ચીજો બનાવવી, રાખવી, વેચવી એના સાધનો રાખવાં કે પીવી એ સૌ એના રાજ્યમાં કાયદેસર ગુન્હા હતા લાંચના સબંધમાં પણ કડક કાયદા હતા અને તેનો સખ્તાઇથી અમલ થતો હતો. વ્યભિચાર માટે પણ સખત સજા હતી. આ ગુન્હા માટે અનેક લોકોની એણે ખસી પણ કરાવી હતી.

સુલ્તાન પોતે સાદાઇ અને સ્વયંસંપૂર્ણતામાં માનતો એટલે ભપકાદાર વસ્તુઓની પણ નિકાસ કરવા દેતો નહીં તેમજ દેશમા પણ ખાસ પરવાનગી વિના પહેરી શકાતી નહિ. બીજી બાજુ એ વેપારીઓને પરદેશથી સસ્તું કાપડ આયાત કરવા માટે નાણાં ધીરતો. પરિણામ ઉત્પાદનના સર્વાંગી ઘટાડામાં આવ્યું.

એ પોતે તો અક્ષરશત્રુ હતો. તેમજ એણે મહમ્મદ ગીઝનીની પેઠે વિદ્યાકલાને ખાસ ઉત્તેજન આપ્યું નથી. છતાંય એણે સર્જેલી શાંતિને કારણે એનો રાજઅમલ એ ઇસ્લામી વિદ્યાકલાની પરમોન્નતિનો કાળ હતો જગતને ખૂણેખૂણેથી મુસ્લીમ વિદ્વાનો દીલ્હીમાં એકઠા થયા હતા.

એનો અમલ આમપ્રજા માટે સુખદાયક હતો કે દુઃખદાયક એ સબંધી ઇતિહાસકારોમાં તીવ્ર મતભેદ

છે. પણ મને લાગે છે કે શ્રી. એ. યુસુફઅલીએ× એના અમલને સાચો ન્યાય આપ્યો છે. "સામાજિક અસમાનતાઓ ટાળવાના એના પ્રયત્નની કદર કરીને એમણે ટીકા કરી છે કે અલ્લાઉદ્દીને ગરીબીને નાબુદ ના કરી પણ ઉત્પાદન અને સંપત્તિને નાબુદ કર્યાં! એ સુલતાને એક પ્રકારનું સમાજવાદી રાજ્ય ઉભું કરવાનો પ્રયત્ન કર્યો એટલા માટે એ પ્રશંસાપાત્ર ખરો, પણ એના પ્રયોગો એના યુગથી ઘણા આગળ હતા. એટલા માટે એમના મરણ સાથે એમનો અંત આવ્યો."

અલ્લાઉદ્દીન ખીલજીનો અમલ એટલે ભુખમરા વિનાની ગરીબી, ઉત્પાદન વિનાની વહેંચણી, ઉન્નતિ વિનાની નીતિ, સંપત્તિ વિનાનો શ્રમ, વ્યક્તિસ્વાતંત્ર્ય વિનાની સામાજિક સમાનતા, અને રાજા પ્રત્યે પ્રજાનો પ્રીતિ વિનાનો ભય.

પરિણામે હિન્દુઓએ આ મહાન ક્રાન્તિકારને "ખૂની"નો ઇલકાબ આપ્યો!

ઇ. સ. ૧૩૧૬માં અલ્લાઉદ્દીન ખીલજીની આંખ મીંચાઇ ગઇ, અને તેની સાથેજ એનું વિશાળ રાજ્ય છીન્નભીન્ન થઇ ગયું. અને ઇસ્લામી ક્રાન્તિની ઉતરતી કળા શરુ થઇ. ખીલજી વંશના અંત પછી ખુશરૂએ હિંદુ પુનરુત્થાનનો એક નિષ્ફળ પ્રયત્ન કર્યો. પણ ગ્યાસુદ્દીન તઘલખે એ પ્રયત્નને કચડી નાખીને દિલ્હીની ગાદી ઉપર તઘલખ વંશની સ્થાપના કરી.

ગ્યાસુદ્દીન પછી ગાદીએ આવેલ મહંમદ તઘલખ એક બહાદુર, બુદ્ધિશાળી, વિદ્વાન, ઉદાર, તરંગી, ક્રોધી અને આપખુદ રાજા હતો. એના તરંગી અખતરાઓને કારણે પ્રજાને ઘણું સહન કરવું પડ્યું. અને એનું વિશાળ સામ્રાજ્ય પીંખાઇ ગયું.

એના અમલ સુધીમાં મુસ્લીમોમાં હિંદુઓની નિર્વીર્યતાએ પ્રવેશ કર્યો હતો. ઇ સ. ૧૩૨૭માં મોગલોએ જ્યારે પંજાબ ઉપર ચઢાઇ કરી ત્યારે મહમદે એમને પૈસાની મોટી રકમ આપીને પાછા કાઢ્યા હતા!

ઇસ્લામના આખાયે ક્રાન્તિકાળ દરમ્યાન એક પણ કાબેલ મુસ્લીમ સુલતાન ધર્મસહીષ્ણુ નહોતો. ધર્મસહીષ્ણુ સુલ્તાન હતો એકજ: અને તે ગાંડો મહમ્મદ!

માનવજાતના દરેક ક્રાન્તિકાળમાં સહિષ્ણુતા અને શાંતિપ્રિયતા એ ગાંડપણ ગણાય છે!

એના પછી ગાદીએ આવેલ ફીરોઝ તઘલખના રાજ્યઅમલમાં સારી શાંતિ રહી, અને અનેક લોકોપયોગી કામો થયાં. છતાંય હિંદુઓ પરનો જુલમ તો એટલો ને એટલો જ રહ્યો.

એના પછી ૭ વર્ષમાં ચાર બાદશાહો થયા. ગુજરાત માળવા ખાનદેશ વગેરે સ્વતંત્ર થયાં. અમીર-ઉમરાવો સત્તામાટે અંદરઅંદર લડવા લાગ્યા. અંધાધૂંધીનો લાભ લઇને ઇ. સ ૧૩૯૮માં મહાન મોગલ સરદાર તૈમુરે હિંદ પર સફળ આક્રમણ કર્યું. પંજાબના સુબાને હરાવી• માર્ગમાં આવતાં શહેરો ને ગામો લૂંટતો બાળતો પ્રજાજનોની કતલ કરતો તૈમુર દિલ્હી તરફ ધસ્યો, મહમુદશાહના લશ્કરને હરાવી તૈમુરે દિલ્હીનો કબજો લીધો. તૈમુરના સૈનિકોએ દિલ્હી શહેરમાં હિંદુ–મુસ્લીમોની નિષ્પક્ષપાતપણે પાંચ દિવસ સુધી કતલ ચલાવી. એ શહેર લૂંટ્યું અને બાળ્યું. દિલ્હી ઉપરાંત ઉત્તર હીંદના બીજા અનેક સ્થળોએ મોટા પાયા ઉપર લૂંટફાટ ચલાવીને બે લાખ પ્રજાજનોની કતલ કરીને અસંખ્ય કેદીઓ, ગુલામ કારીગરો, અને અઢળક દ્રવ્ય લઇને તૈમુર પોતાના દેશમાં પાછો ફર્યો. એની ચઢાઇ પછી લૂંટાયલી પ્રજાને પડતા ઉપર પાટુ મારવા માટે દુષ્કાળ અને રોગચાળો ફાટી નીકળ્યા.

આ આસમાની સુલતાનીએ આખી ઇસ્લામી ક્રાન્તિના ટુકડા કરીને એનું સ્વરુપ બદલી નાખ્યું. તૈમુરની ચઢાઇના પરિણામે ઇસ્લામી ક્રાન્તિ રાષ્ટ્રિય મટીને પ્રાંતિક બની. સાથે સાથે વિજયનગર જેવો હિંદુ પુનરુત્થાનનો છેલ્લો મહાન પ્રયોગ શક્ય બન્યો. તૈમુરના ત્રાસથી નાઠેલા કાશ્મીરના બ્રાહ્મણો ઠેઠ વિજયનગરે જઇને વસ્યા. અને આ નવા સર્જાતા હિંદુ સામ્રાજ્યને ઉત્તર હિંદની સંસ્કાર પરંપરાથી સંસ્કાર્યું.

ઇસ્લામનો અસ્ત થતો જતો ક્રાન્તિકારી જુસ્સો

× Mediaeval India (P. 15).

ટકાવવાનો સૈયદ અને લોદી વંશે નિષ્ફળ પ્રયત્ન કર્યો. બહિલોલ અને સિંકદર લોદીના અમલ દરમ્યાન નિસ્તેજ બનતી ઇસ્લામી ક્રાન્તિમાં કંઇક તેજ અલ્પ જીવી હતું. ગુલામ અને ખીલજી સ્થાપત્યનું વીર્ય એના પછીના સ્થાપત્યમાં જોવાનું મળતું નથી. તૈમૂરના આક્રમણ પછી ઊત્તરોત્તર નિસ્તેજ બનતી ઇસ્લામી ક્રાન્તિ ઇ. સ. ૧૫૨૬માં/ઇબ્રાહીમ લોદીના પાણી-પતના પરાજયથી સદાને માટે આથમી ગઇ.

આપણા દેશમાં ઇસ્લામના પ્રવેશ પછી થએલી એની ક્રાન્તિકારી પ્રવૃત્તિને આપણે સહેલાઇથી ત્રણ તબક્કામાં વહેંચી શકીએ.

૧. ઇ. સ. ૭૧૨થી ઇ. ૧૨૦૬.

ઇસ્લામી ક્રાન્તિનો આંતરરાષ્ટ્રીય કાળ: કાળ દરમ્યાન મહમ્મદ બિન કાસિમ, સબકત-ગીન, મહમ્મદ ગીજની ને શહાબુદ્દીન ઘોરીનાં અનેક મોટાં અને અસંખ્ય નાનાં આક્રમણો આ દેશ ઉપર મુસ્લીમોએ કર્યા. આ કાળ દરમ્યાન સ્પેનથી સિંધ સુધીની ઇસ્લામી સંસ્કૃતિમાં એકજ હૃદય ધડકાર સંભળાતો હતો. મહમ્મદ બિન કાસિમે જીતેલું સિંધ એ બગદાદની ખીલાફતનો એક ભાગ જ હતું.

૨. ઇ. સ. ૧૨૦૬ થી ૧૩૯૮.

ઇસ્લામી ક્રાન્તિનો રાષ્ટ્રીય કાળ.

આ કાળ દરમ્યાન મુસ્લીમો હિંદવાસી બન્યા. હિંદના મુસ્લીમો હજ કરવા માટે મક્કાને મદીના જતા. હિંદની મસ્જિદોમાં ખલીફાના નામનો ખુતબો પઢાતો. પણ સર્વસત્તાધીશ તો કુતુબુદ્દીન ઐબક કે અલ્લાઉદ્દીન ખીલજી જહેતા. અલ્લાઉદ્દીને પહેલવહેલા દાખલ કરાવેલા ચોરસ સીક્કાઓ પાછળ એણે ખલીફનો ઇલ્કાબ પડતો મૂકીને, બીજા સીકંદર નો ઇલ્કાબ છપાવ્યો હતો. રાતદિવસ સાથે રહેવાથી મુસ્લીમો હિંદુઓ પ્રત્યે કંઇક કુણા બન્યા. પરદેશી મોગલો સામે હિંદવાસી મુસ્લીમોએ રક્ષણ કર્યું.

૩. ઇ.સ. ૧૩૯૮ થી ૧૫૨૬

ઇસ્લામી ક્રાન્તિનો પ્રાંતિક કાળ.

દિનપ્રતિદિન તૈમુરની ચઢાઇથી નિસ્તેજ બનતી જતી ઇસ્લામી ક્રાન્તિના ચૈતન્યના નાના નાના ટુકડા થઇ ગયા. એટલે ગુજરાત, ખાનદેશ, માળવા, જુમ્માનપુર, બંગાળ, કાશ્મીર, ને ગુલબર્ગમાં સ્વતંત્ર મુસ્લીમ સલ્તનતો રચપાઇ. શરૂઆતમાં આ સુલ્તાનોએ પોતપોતાના પ્રાંતોમાં હિન્દુ સંસ્કૃતિનો પદ્ધતિસર નાશ કર્યો, પણ પછીથી પરસ્પરના ઝઘડાઓમા હિન્દુ મદદની જરૂર પડતાં બન્ને સંસ્કૃતિઓના સંસ્કારો વચ્ચે ઓછેવત્તો સમન્વય થઇને ઇસ્લામી ક્રાન્તિએ પ્રાંતિક ભૂમિકા ઉપર ઉત્ક્રાન્તિનું સ્વરૂપ ધારણ કર્યું.

મુસ્લીમ વિજયનાં કેટલાંક મહત્વનાં કારણો.

આર્ય સંસ્કૃતિ જેવી ભવ્ય સંસ્કૃતિ સર્જનાર હિંદુ પ્રજા જેવી મહાપ્રજા દાહીરથી જવાહરલાલ નહેરૂ સુધીના કાળમાં મુસ્લીમપ્રજા સામેના સામનામાં સતત શા માટે નામોશી ભરેલી રીતે હાર્યા કરી છે, એ પ્રશ્ન મહત્વનો છે. મુસ્લીમો કેવળ ધર્માંધતા અને ઝનુનને કારણે જીતી ગયા છે, એમ કહેવામાં એ પ્રજાને અન્યાય થાય છે. હિન્દુઓ મુસ્લીમો કરતાં સ્હેજે ઓછા ધર્માંધ નથી. માત્ર બન્ને પ્રજા-ઓમાં ધર્માંધતા જુદાંજુદાં રૂપ ધારણ કરે છે. એકમાં ગાંડપણનું, બીજીમા વેવલાપણાનું.

અનેક ઇતહાસલેખકો અને લોકકથાકારો હિન્દુ-ઓની હાર માટે હિન્દુ રાજાઓની અનીતિ અને વિલાસને જવાબદાર ગણે છે. જેમકે કરણ વાઘેલા ને માધવનો પ્રસંગ, પાવાપતિ અને મહાકાળીનો પ્રસંગ, પૃથ્વીરાજનું વિલાસી જીવન.

પણ આ કારણોમા ઝાઝું વજુદ નથી. નૈતિક અધ:પતન એ સાંસ્કૃતિક અધ:પતનનું ચિહ્ન છે. કારણ નથી. જો હિંદુરાજાઓ વિષયલંપટ અને વ્યભિચારી હતા તો મુસ્લીમ સુલ્તાનો કાંઇ બ્રહ્મચારી નહોતા. તેઓ તો બેગમો, બાંદીઓ, તવાયફો, ગુલામોની ગણી-કાઓ અને બ્યંડળોની એક મોટી ફોજ નભાવતાહતા. રૂપસુંદરીને રાણીવાસમાં દાખલ કરનાર કરણ અને કૌળાદેવીને પોતાના જનાનામાં દાખલ કરનાર અલ્લા-ઉદીન એ બન્ને નૈતિક દૃષ્ટિએ સરખાજ દોષીત હતા.

ધર્માંધ અને ઝનુનની મોટામાં મોટી સિદ્ધિઓ પણ અલ્પજીવી હોય છે. પાંચપાંચ સદીઓ સુધી રાજકીય સર્વોપરીતા ટકાવનાર અને આજે પણ

આપણા રાજપુરૂષોને ઝંપીને ઉંઘવા નહીં દેનાર, એ મહાપ્રજામાં ધર્માંધતા સિવાય બીજા અનેક મહાન ગુણો હતા એ આપણે ભુલવું ના જોઇએ.

મુસ્લીમ વિજયનાં સાચાં કારણો મને નીચે મુજબ જણાય છે:

(૧) સૌથી પહેલું ને મોટું કારણ હિન્દુ સંસ્કૃતિનું વાર્ધક્ય અને એની આંતરિક અશક્તિ. જેને લઈને પાવાગઢ જીતવા મહમ્મદ બેગડો જતો હોય ત્યારે એની મદદમાં ઇડરનો રાવ પોતાનું અંગત વેર વાળવા માટે ચઢે! ઓરીસ્સાનો હિન્દુ રાજા બંગાળના મુસ્લીમ નવાબ પર આક્રમણ કરે, ત્યારેજ વિજયનગરના હિન્દુરાજાને ઓરીસ્સા પર ઘા કરવાની અનુકૂળ તક માલૂમ પડે!

(૨) ક્રાંન્તિની એકતા. હિન્દુ સંસ્કૃતિના ઉન્નતિ કાળની પેઠે ઇસ્લામી સંસ્કૃતિના ઉન્નતિ કાળમાં પણ એ સંસ્કૃતીય તેજપુંજ જેવી હતી. હિન્દુ, પારસી, યહુદી, ખ્રીસ્તી, ચીના ને ઇજીપ્તવાસીઓનો પ્રજાકીય અંધકાર ઇસ્લામી સંસ્કૃતિની ભઠ્ઠીમાં પીગળી જઇને એમાંથી એક મહાસ્ફુર્તિવાળી આંતરરાષ્ટ્રીય પ્રજા સર્જાતી હતી, જે કહેતી હતી કે:

'મુસ્લીમ હય હમ,
સારી જહાં હય વતન હમારા.'

ક્રાંતિનું કામ ભૂતકાળ ભુંસી નાખવાનું. ઇસ્લામી ક્રાંતિએ ઉપર હિંદનાં દેવ સ્થાપત્ય જેવી હિન્દુઓની સ્થુળ સિદ્ધિઓને ભુંસી નાંખીને સંતોષ ના માન્યો. એણે સાથે સાથે હિન્દુ સંસ્કારપરંપરા પણ ભુંસી નાખવાનો ભગીરથ પ્રયત્ન કર્યો. જે રીતે હુણો ત્રીજી પેઢીએ પોતાના બાપદાદા ભુલી જઇને પોતાને સૂર્યવંશી કે ચંદ્રવંશી ક્ષત્રીય કહેરડાવતા, તેજ રીતે રામ અને કૃષ્ણના વંશજો પોતાને પઠાણ કે સૈયદ તરીકે ઓળખાવતા થઇ ગયા!

યુરોપની પેઠે હિન્દમાં પણ નવદીક્ષીત મુસ્લીમો અસલ મુસ્લીમો કરતાં ય વિશેષ ઝનુની નિવડયા. સંકુચિત હિન્દુ ધર્મ એમને તિરસ્કારતો. ઉદાર ઇસ્લામ એમને આત્મવિકાસની તક આપતો. પરિણામે ગુજરાતના મલેક કાફુર અને ખૌરીમાના કાજા મહાર જેવા નવદિક્ષીત મુસ્લીમોએ પોતાનાજ પૂર્વકાલના સ્વધર્મીઓ ઉપર કેર ગુજારવામાં કંઇ બાકી ના રાખી. ગુજરાતના મુસ્લીમ સુલ્તાનો અસલ તો પંજાબ તરફના ટાંક રજપુતો હતા, પણ, એમણે ગુજરાતમાં જેટલાં મંદિરો તોડયાં છે, એટલાં તો કોઇ વિદેશી મુસ્લીમ સુલ્તાને પણ તોડયાં નથી. ક્રાન્તિનું રસાયન તે આનું નામ!

[૩] ઇસ્લામની લોકશાહી.

ઇસ્લામ એટલે લોકશાહી. શ્રી. રમણલાલ દેસાઇએ આપણું એ હકીકત તરફ ધ્યાન દોર્યું છે. કે હિંદમાં ઇસ્લામની શરૂઆત ગુલામવંશથી થાય છે એ હકીકત આ દેશમાં ઘેર ઘેર કોતરી રાખવા જેવી છે

ઇસ્લામની બંધુવૃત્તિને કારણે જ કુતુબુદ્દીન-એબક, અલ્તમશ, બલ્બન, મલેક કાફુર ને મલિક અંબર જેવા નાચીઝ ગુલામો પોતાની લાયકાતને જોરે ઉંચામાં ઉંચા હોદ્દાઓ ઉપર સહેલાઇથી પહોંચી શકતા હતા.

(૪) સરળ ધર્મ. બૌદ્ધ ધર્મની પેઠે ઇસ્લામ એ પણ એક વ્યક્તિકેન્દ્રી સરળ ધર્મ હતો. વિચાર કેન્દ્રી હિન્દુ ધર્મની આચારવિચારની અસંખ્ય ગુંચવણોથી કંટાળેલા અનેક લોકોએ આ નવો સરળ ધર્મ અપનાવ્યો.

(૫) ઉચ્ચ કોમોનો સામાજીક જુલમ. તલવારના ત્રાસથી મુસ્લીમોએ ઘણા મોટા પાયા ઉપર ધર્મપરિવર્તન કર્યું છે એની ના નહિ. પણ સાથે સાથે ધર્માંધ બ્રાહ્મણશાહીથી ત્રાસેલી અનેક હલકી કોમો સ્વેચ્છાએ મુસ્લીમ બની ગઇ છે,' એનો ઇતિહાસ સાક્ષી છે.

(૬) યુદ્ધશક્તિ. હિંદુ પ્રજા શૌર્યશુન્ય પ્રજા તો નહોતી જ. પ્રાણોનેય તોળાઇ પોકરાવનાર સમશેરબાજ સરદારો હિન્દુ સંસ્કૃતિએ સર્જ્યા હતા. પણ એ પ્રજાના પડતી કાળમાં એનું સમસ્ત શૌર્ય રજપુતોમાં કેન્દ્રીત થયું હતું, રજપુતોમાં વ્યક્તિગત 'શૌર્ય હતું' પણ સામુદાયિક રીતે એ કાયર કોમ હતી. એટલે એ કાયમ સંરક્ષણની લડાઇ લડી. અને

સરવાળે હાર ને માર ખાઇને ગુલામ બની.

બીજી બાજુ મુસ્લીમોમાં વ્યક્તિગત અને સામુદાયિક બન્ને પ્રકારના શૌર્ય હતાં એમની યુદ્ધશક્તિને ક્રાન્તિનું ઝનૂન પાનો ચઢાવતું હતું. એમની વ્યૂહ રચના ચઢીયાતી હતી. મધ્ય એશીયામાથી આવેલા ઉંચી જાતના ઘોડાઓ એમની જીતોને ઝડપી બનાવતા હતા.

બાબરથી મહમ્મદ લોદી અને સંગ સામેની જીતોમાં એની તોપોએ જબરો ભાગ ભજવ્યો હતો

(૭) ફરજીયાત લશ્કરી તાલીમ. હિન્દુઓમાં કેવળ ક્ષત્રીયો લઢે, એ હારે એટલે બિચારી રાંક પ્રજાને વિધર્મી વિજેતાની દયા ઉપર જીવવાનું. ઉલટ પક્ષે ગમે તે હાથમાં સમશેર લઇને પાક ઇસ્લામના પ્રચાર માટે નીકળી પડે એટલું જ નહિ પણ જે જે હિન્દુઓ લશ્કરમાં દાખલ થતા તે સૌ દેહાતદંડ, વટાળ અને જજીયાવેરાના ત્રિવિધ તાપમાંથી મુક્ત બનતા.

(૮) વહીવટી કાબેલીયત.

હિન્દુ રાજાઓને હિસાબે મુસ્લીમ સુલ્તાનોએ બહુ સારા પ્રમાણમાં વહીવટી કાબેલીયત બતાવી છે, એ હકીકત તરફ હમણા હમણા ઘણા વિદ્વાનોનું ધ્યાન ખેંચાવા માંડ્યુ છે

(૯) જાસુસી ખાતું. હિન્દુ હારનું એક મહત્ત્વનું કારણ હિન્દુઓની બાધાઇ એ છે. દેવલથી દેવગીરી સુધીના લગભગ બધા જ હુમલા અણધાર્યા હતા. હિન્દુઓ પાસે કાં તો જાસુસી ખાતાં નહોતા કે પછી તદ્દન અવ્યવસ્થિત હતા. પરિણામે બખ્તીયાર ખીલજીએ ૨૦૦ સ્વારોની મદદથી આખું બિહાર જીત્યું, અને ૧૮ સ્વારોની મદદથી બંગાળ !

(૧) હલકાં નૈતિક ધોરણો. ધર્મ અને રાજકારણનો ખીચડો ના કરવાની કણાદ ને ચાણકયની સલાહ પડતી કાળના હિંદુઓ ભુલી ગયા હતા. જેવાની જોડે તેવા થવાની એમનામાં આવડત નહોતી.

રજપુતો શુરા, ટેકીલા ને એકવચની હતા. એ વચનભંગ ને વિશ્વાસઘાત કરતા નહોતા નાસતા, દુશ્મની પુંઠ નહોતા પકડતા- શરણાગત પ્રત્યે દયા બતાવતા નિર્બલ પ્રજાજનોની કતલ નહોતા કરતા. આ અને આવા બીજા અનેક નૈતિક ધોરણો યુદ્ધને સંસ્કારી બનાવતા હતા અને હિન્દુ સમાજની સ્થિરતા સાચવવામાં મદદ કરતા હતા., અંદરે અંદરના યુદ્ધનાં આ ધોરણો એમણે એક સર્વાંગી યુદ્ધમાં માનતી પરસંસ્કૃતિ સામે અજમાવ્યાં. બીજી બાજુ મુસ્લીમોને આવા કોઈ જ બંધનો નહોતાં. પરિણામ જગજાહેર છે.

(૧૧) મુસ્લીમોનો વિદ્યાપ્રેમ. હિન્દુને મન મુસ્લીમ મ્લેચ્છ હતો મુસ્લીમને મન હિંદુ કાફર હતો. પણ હિન્દુ મુસ્લીમની વિદ્યાને પણ મ્લેચ્છ વિદ્યા માનતો હતો. જ્યારે મુસ્લીમ હિન્દુની વિદ્યાને કાફર વિદ્યા નહોતો માનતો. યુદ્ધનો કાળ બાદ કરતાં મોટેભાગે ખલીફા મનસુરથી દારા સમય સુધીમાં અનેક મુસ્લીમ વિદ્વાનોએ હિન્દુ વિદ્યાકલાઓ આત્મસાત કરી. આ મુદ્દા ઉપર વધુ વિચાર આવતે અંકે કરીશુ.

[આવતે અંકે : ઈસ્લામની વસંત : મોગલાઇ]



'ઊર્મિ—નવરચના'ની ચાલુ વાર્તા

માનવીનાં હૈયાં—પનીની કથા

સ્નેહરશ્મિ

પ્રકરણ છઠ્ઠું

ઝરના પહેલા ઘૂંટડા

આ મારે માટે એક સાહસ હતું એનો મને પૂરો ખ્યાલ હતો; પણ સાહસમાં પડનાર અપેક્ષીત જોખમોનો સામનો કરવા પોતે જાય છે, એ ખ્યાલથી કેવી આનંદની ઊર્મિ અનુભવે છે! અને એવી આનંદની ઊર્મિને જો સાહસમાં સ્થાન ન હોય તો દુનિયામાં કોણ સાહસ કરવા પ્રેરાય? અજિત હિમાલયનાં ઉત્તુંગ શિખરને સર કરવા ઝંખતા માનવીને મન એ પ્રયત્નમાં મૃત્યુ પણ મહોત્સવરૂપ બની શકે છે તેનું કારણ આ જ છે ને? અને એ રીતે જોતાં જીંદગી પણ એક મોટું સાહસ નથી? જો એમ ન હોત તો માણસને આટઆટલાં દુ:ખો, અન્યાય, અને અપમાનમાં ઘડી ભર પણ રહેવું ગમત! સાહસ જીવનમાં, અને એકધારા વ્યથાના ક્રમમાં, તાજગી બક્ષે છે, જડી સાથેની ચર્ચામાંથી જન્મેલો મારો વિષાદ મારા ઉરમાં જાગી રહેતી આ ઊર્મિઓમાં કાંઈક હળવો બન્યો. અમારો વાસ છોડી હું ખુલ્લાં ખેતરોમાં આવી પહોંચી. બજાર ત્યાંથી અર્ધો માઈલ દૂર હતું. ઋતુ અત્યંત પ્રસન્ન હતી. જાણે ધોવાઈને નિર્મળ બન્યું હોય તેમ શરદનું નીલ આકાશ એની બધી મ શ્રી સાથે સ્મિત કરી રહ્યું હતું. તેના એકાદ ખૂણામાં રૂના પોલ જેવાં થોડાંક છૂટાં છવાયાં વાદળાં, કૃતકૃત્યતાના સંતોષથી શાન્તિ અને પ્રસન્નતા અનુભવતા મનની ગતિની જેમ ધીરે ધીરે આવતાં હતાં, અને આકાશની નીલિમાને વધુ ઘેરી, વધુ મોહક બનાવતાં હતાં. ઘણો પાક ઊતરી ગયેલો હોઈ ખેતરો બધાં ખુલ્લાં થઈ ગયાં હતાં અને [illegible] તોય આરામ અને [illegible] લાગી લાગી હોય એવાં નયના પર્દ હિન્દમાં પણ નવદીક્ષિત મુસલીગો [illegible] મુસ્લીમો કરતાં ય વિશેષ ઝનૂની નિવડ્યા. સંકુચિત હિન્દુ ધર્મ એમને તિરસ્કારતો. ઉદાર ઇસ્લામ એમને આત્મવિકાસની તક આપતો. પરિણામે ગુજ-રાતના ગમેક ઠાકુર અને મોદીખાના કાળા પહાડ

કોઈપણ જાતની ઊર્મિ સેવવી એ મને પાપભર્યું લાગ્યું. આપણા કલહ અને કંકાસ, આપણા મનોરથો અને અન્યાયો કુદરતની આ ગહનતા સમક્ષ, આ શાશ્વત સમક્ષ કેવા ક્ષુદ્ર કેવા તુચ્છ, કેવા પામર છે! આપણે સૌ એક દિવસ ચાલ્યાં જઈશું, પણ આજે આપણા માથા ઉપર પ્રસન્નતાથી હસી રહ્યું છે તે આકાશ તો એનું એ જ રહેવાનું છે એ જ અખંડ આશિર્વાદની ધારા એ વર્ષાવ્યા જ કરશે—પછી આપણે એને જોઈએ કે અવગણીએ, આપણે એનો સ્વીકાર કરીએ કે તુચ્છકારીએ, એને મન આપણો એ સ્વીકાર કે તુચ્છકાર બન્ને સરખાં છે કાળના સાગરમાં નાના નાના બુદ્‌બુદો જેવાં એ છે એ એવા બુદ્‌બુદોને તેના સનાતન ગંભીર ગાન આગળ, તેની અનિર્વચનીય ગૌરવશ્રી આગળ કોણ યાદ કરે!

આવી પ્રસન્ન કુદરતને ખોળે જાણે સૂર્યના પ્રકાશમાં કલ્લોલ કરતાં પતંગિયાની જેમ મારું હૈયું થનગની રહ્યું. મારા મુખમાંથી સહજ રીતે ગાનની હલક પહેલાં ધીરે—અસ્પષ્ટ સ્વરે ને પછી વધુ સ્પષ્ટતાથી વહેવા લાગી. હું ગણગણવા લાગી.

હું તો ધરતીને ખોળલે આવી,
આ ભોમ મને ભાવી—
કે ભોમ મોરી અમ્મર તપો!

મુખચરણને ઉથલાવી ઉથલાવી હું ગાવા લાગી—

અમ્મર તપો કે અમ્મર તપો—
આ ભોમ મોરી અમ્મર તપો!

અમ્મર તપોની એ ધૂન સાથે મારી એ જન્મભૂમિ મારું વહાલું વતન મારા મન સમક્ષ તેના એક 'અતિ મધુર ચિત્રના ખંડ' વડુ અમારાં નાનાં નાનાં ઘરો—અરે અમારાં એ ઝૂંપડાં, અમારું અકિંચન જીવન એ બધું પણ જાણે એક મધુર સંવાદમાં ભળી સુરેખ પ્રસન્નતા ધારણ કરી રહ્યું એ ભોમના લોકો—તેમના ઉરની સરળતા, કોમળતા રંજ, ખમાં અનુકૂળ પવન લહરીએ ઝૂલાની ઝીણી શૌર્ય

(જુઓ પાનું ૭૧)

એકક

ઉપર મૃત્યુ, નીચે મોત

લેખકઃ શ્રી. મહન્ત ધનરાજપુરી
અનુ જયેન્દ્ર ગિ. ત્રિવેદી

[ગતાંકથી ચાલુ]

રાત આખી તંબુમાં પડ્યા રહ્યા. સવારે સૂરજ ઉગ્યો તે પહેલાં જ એમાં જ અમે પાડા જોવા નીકળ્યા. જતી વખતે અમે પૂરી સાવધાની રાખી. થોડેક દૂર એક આદમી; એની પાછળ બે માણસ અને સૌથી પાછળ એક આદમી! બધાયના હાથમાં ભરેલી બંદૂકો! સેફટી ચડાવેલી એટલે ઘોડો દબાવવાની જ વાર! એક પળમાં જ ધાંય! ધાંય! આગ વરસાવવા માટે અમે બરાબર તૈયાર હતા. જરાક ભયનો વહેમ આવ્યો કે બંદૂક ઊંચી જ છે!

સૌથી પહેલાં અમે નાળાને કાંઠે ગયા. પાડો બિચારો બાંધેલી હાલમાં ચુપચાપ ઊભો હતો. અમારા પહોંચતાં વેંત અમારી તરફ ભોળી આંખોએ તાકવા લાગ્યો!

મારા મોંમાંથી શબ્દો બહાર પડ્યા. "કોઈ વાઘ આવ્યો નથી લાગતો." ત્યાં તો સામે જ વાઘના પંજાની છાપ જોઈ મારાં ભવાં સંકોચાઈ ગયાં. છાપ જરા અસ્પષ્ટ તો હતી પણ તાજી હતી અને પાડાની ચારે બાજુએ હતી. અમે ફરી ફરીને નિશાન તપાસ્યાં. બરાબર પગલાં જોયાં. વાઘની આ રમત જોઈને અમે એક બીજા સામે તાકી રહ્યા!

વાઘ ત્યાં આવી ગયો હતો એમાં શંકા નહોતી. પાડાની ચારે તરફ ફર્યો, ઠીક ઠીક સમય ઊભો રહ્યો, તપાસ કરી એકે એક ચીજને ખૂબ સારી રીતે તપાસી જોઈ પણ પાડા પર હુમલો ન કર્યો. પગમાનું દોરડું કે એવું કંઈ જોઈને ભડકી ગયો હશે. નામદાર પાકા અનુભવી લાગે છે! ક્યારેક આવી જાળમાંથી મહામુશ્કેલીએ છટક્યા જણાય છે! માટે જ અત્યારે ફૂંકી ફૂંકીને છાશ પીએ છે! થોડી વાર સુધી તો વાઘ-શાસ્ત્ર પર શાસ્ત્રાર્થ કર્યો.

એક પક્ષનો એવો મત હતો કે દિવસ દરમ્યાન પણ પાડાને ત્યાં જ રહેવા દેવો. જો આસપાસ ક્યાંયે વાઘ હશે તો આખી રાત અને દિવસ દરમ્યાન પણ પાડાની બુમો સાંભળીને એને ખાવ, રખડુ ભટકેલ માનશે. માનશે કે વાડામાંથી દોરડું તોડાવીને નાઠો હશે અને દોરડું અહીં ક્યાંક ભરાઈ ગયું હશે. બીજા પક્ષનું માનવું એમ હતું કે દિવસે પણ એની એની બુમો સાંભળીને વાઘ વધુ ભડકશે. વિચારશે કે આ તો પોતાને ફસાવવાની જ ચાલ છે. નહીં તો દિવસે પણ એને રખવાળ શા માટે એને છોડી નથી શકતા! જો ફક્ત રાત્રે જુએ તો માને કે દોરડું તોડીને પાડો છટક્યો લાગે છે! ખૂબ ચર્ચા પછી અમે પાડાને ખસેડવો નહીં એમ નક્કી કર્યું. ત્યાંજ એના માટે ઘાસપાણીની વ્યવસ્થા કરી.

બીજી જગ્યાઓના બન્ને પાડા પણ સહીસલામત હતા. એમને ખસેડવાની તો જરૂર જ નહોતી. હા, પાયખાના પાસે બાંધેલો પાડો ત્યાંથી ખસેડીને બીજી જગ્યાએ બાંધ્યો. એ જગ્યાએ વાઘના આવવાનો સંભવ હતો. આ બન્ને પાડાઓ માટે પણ ઘાસ-પાણીની વ્યવસ્થા કરી.

આખો દિવસ નકામો ગયો. તંબુમાં બેસી કસમ ટોળો રહ્યો. રામ રામ કરતાં રાત પણ વીતી ગઈ. વહેલી સવારે, ફરી અમે હળવે હળવે પાડા જોવા નીકળી પડ્યા. હજી પૂરી સવાર નહોતી પડી. અમે નાળાવાળા પાડા તરફ જરા ઉતાવળે જવા લાગ્યા. નાળા પાસે પહોંચીએ તે પહેલાં એક રીંછ આમતું દેખાયું આટલી વહેલી સવારે એને ભાગવાની શી જરૂર પડી! અમારા પગલાંનો અવાજ તેણે સાંભળ્યો નથી તેમ અમને જોયા પણ નથી. રાતભર પેટપૂજા કર્યા પછી ભાઈ પાછા ફર્યા લાગે છે! પણ એ તો ઠીક, એ ઉતાવળે ભાગ્યું કેમ? જરા આરામથી, શ્રદ્ધાપૂર્વક, પોતાની સ્વાભાવિક મસ્ત ચાલે જવામાં એને શું વાંધો આવ્યો! હજી તો જંગલમાં પ્રાતઃકાળ પહેલાં અંધારું છે. કુતૂહલ તો થયું પણ એ સમાવવાનો કોઈ ઉપાય નહોતો.

નાળા પાસે પહોંચતાં જ હું આનંદથી નાચી ઉઠ્યો. પાડો મરેલો પડ્યો હતો. એની લાશ, ખુંટાથી લગભગ દસ ગજ આઘે પડી હતી. જરૂર વાઘે એને

મજબુતનો ધક્કો માર્યો હતો. ઊંડો પોઢેલો ખૂંટો ઉખડી ગયો હતો એટલું જ નહી પણ દોરડું પણ તૂટવા જેવું થઇ ગયું હતું. પંજાનું થેકું કે ચામડું ચુંથાયું હતું. ગરદનની ધોરી નસ કાપી નાખી હતી. ગરદનથી જ લોહી ચુસ્યું હોય એમ લાગતું હતું. જમીન પર લોહીનું ટીપુએ પડવા નહોતું દીધું. બે ત્રણ જગ્યાએ લોહીના થોડા થોડા ડાઘા હતા પણ એ તો પાછળના ઘામાંથી પડયા હોય એમ લાગતું હતું. કંઠ ફાડીને વાઘે ગટગટ લોહી પીધું હતું અને બીજા દિવસ માટે લાશ મૂકી હતી લોહીની તાજગી પરથી સ્પષ્ટ હતું કે પાછલી રાતે પાડાને મારવામાં આવ્યો છે લાશ પર થોડીઘણી માટી અને ઘાસ લાકડાં જોઇ મને હસવું આવ્યું. લાશ પર માટી–ઘાસ નાખીને વાઘે માંસ-ભક્ષક વન્ય–પશુઓને જાણે ચેતવણી આપી દીધી કે લાશની માલિકી પોતાની છે. લાશ સુરક્ષાનું આવડું મોટું સાધન અને જયઘોષના આવા મોટા અવાજ પછી કયા જાનવરોમાં એટલી બધી હિંમત હોય કે લાશની પાસે પણ ફરકે! લાગતું હતું કે, ઉદરપૂર્તિ પછી, પાછા ફરતા વખતે રસ્તામાં આવી ભયંકર ખૂનખરાબી જોઇને બિચારા રીંછની તબીયત જરાક બગડી ગઇ હતી! ડરપોક જાનવર, ભયનો આભાસ જોતા જ બમણી ગતિએ ભાગવા માંડયું. બીજા બન્ને પાડા કુશળ હતા. એને અમે તંબુ પર લેતા આવ્યા. હવે બીજી જગ્યાએ પાડા બાંધવાનો કઇ જ અર્થ ન હતો.

કઇ જાતના વાઘે પાડાને માર્યો છે એ જાણવા માટે અમે કોશીષ કરી. વાઘના પંજાની કયાંયે એવી સ્પષ્ટ છાપ નહોતી કે જેની લંબાઇ–ચુડાઇ જોઇને વાઘની જાત નક્કી થઇ શકે. છતાંયે કયાંક કયાંક પડેલી ઝાડી આંગળીઓની છાપ પરથી અને પહોળા પંજાની કોઈક કોઈક છાપ જોઇને અમે શેરા (Royal Tiger) નું અનુમાન કર્યું. વળી ચિત્તા ના (Leopord) ધક્કાથી આટલો ઊંડો બેઠેલો ખૂંટો ઉખડી શકે એ પણ સંભવિત નહોતું. અને ખૂબ ચર્ચા પછી અમે શેર નું જ અનુમાન સાચું માન્યું અહા! જો શેરાએ જ પાડો માર્યો હોય ને અમારી ગોળી એને બરાબર આવી દે તો! તો તો પછી પૂછવું જ શું! શેરાની લાશ તો ગાડામાં સમાશે ય નહીં!

ત્રીજા પહોરે જ માંચડો બાંધી દીધો. માંચડા પર બેસવાની સારી જગ્યા બનાવીને ચારે બાજુ મોટાં પાંદડાંવાળી ડાળીઓ ખોસી બાંધીને પડદા બનાવી દીધા. જરાક આસન બદલવાથી ચરચરાહટનો અવાજ ન થાય એની કાળજી રાખી. બહેરીના ઝાડ પર માચડો બાંધ્યો હતો. એના પર ચડેલી 'મહુક'ની વેલે એની ચારે તરફ વીંટળાઇને એને વધુ સુંદર બનાવ્યું હતું ડાળીઓ પણ સઘન હતી. બધું બરાબર ગોઠવાઇ ગયું. હવે ફક્ત અંધારા પહેલાં માંચડા પર ગોઠવાઇ જવાનું બાકી હતું. લાશની જરા પણ છેડછાડ ન થઇ જાય એનો અમે બહુ ખ્યાલ રાખ્યો હતો. જો લાશ જરા પણ આમ તેમ હલી ગઇ હોય તો વાઘ ભડકી જાય.

(૩)

માચડા પર પહોંચવામાં થોડું મોડું થયું. એમ તો હું બપોરે પણ નહી જેવું જ જમ્યો હતો. ત્રણ વાગ્યા પહેલા શૌચ વગેરેથી પણ પરવારી ગયો હતો. બપોર પછી નાસ્તો નહોતો કરવો ને રાત્રે જમવું પણ નહોતું. પરંતુ કોણ જાણે કેમ ચાર વાગે ચાલતી વખતે ફરી શૌચ જવું પડયું. મનમાં તો પહેલાં ખીજ ચડી પણ પછી થયું કે માચડા પર બેઠા પહેલાં જ પતી ગયું તે બહુ સારું થયું.

માચડા પાસે પહોંચતા અંધારું થઇ ગયું. બરાબર આવે વખતે જ વાઘ લાશ પર આવે છે. કેટલાક તો સાંજે જ આવી જાય છે મોટા ભાગના અંધારું થતાં આવે છે. મોડી રાત્રે આવનારા તો જવલ્લે જ નીકળે. ક્યારેક ક્યારેક પહેલી રાત જવા દઇને બીજી રાત્રે લાશ ખાવા આવનારા વાઘ પણ મળે છે.

હું ઝટપટ માચડા નીચે હાથીને ઊભો રાખીને કુદકો મારીને માચડા પર ચડી ગયો. સંકેત–સીટી

વગાડું ત્યારે આવવાનું કહી મેં બધાને તંબુ તરફ વિદાય કર્યા.*

માચડા પર બેઠા બેઠા વાઘની પ્રતીક્ષા કરવી એ ખુબ કષ્ટસાધ્ય કામ છે. સંસારની અત્યન્ત દુઃખદ પ્રતીક્ષાઓમાં આની ગણના કરી શકાય. પણ કષ્ટ વગર સુંદર ફળ ક્યાં મળે છે? યોગીઓની નિરંતર તપસાધનાને જુઓ! પ્રેમીઓની મટકું યે માર્યા વગરની પ્રતિમા જુઓ! મનીષિઓનું એકાગ્ર ચિંતન જુઓ! કેટલું કષ્ટ સહન કરવું પડે છે? પણ એમને જ મધુર ફળની પ્રાપ્તિ થાય છે અને ત્યારે બધું દુઃખ ભૂલી જાય છે. આનંદ આનંદ થઈ જાય છે,

શરૂઆતની રાત અંધારી હતી. જંગલોમાં તો સામાન્ય રીતે હવા શાંત જ રહે છે. જ્યારે ખૂબ જોરથી પવન ફુંકાય ત્યારે જંગલોમાં થોડી ઘણી અસર દેખાય છે. આજ તો હવા બિલકુલ શાંત હતી અને એ સારું હતું. નહીં તો આ શીયાળાની રાતે એ હેરાન કરત અંધારી રાતે ચુપચુપ માંચડા પર બેઠોબેઠો એકલો એકલો વાઘની રાહ જોતો હતો. હલવા ચલવાનું ઇષ્ટ ન હોતું તેમ એમ કરવાની હિંમત પણ નહોતી. વાતચીત તો શું પણ કોઈ પણ જાતનો સહેજ અવાજ પણ જ્યાં ભયજનક હોય ત્યાં કોઇ સાથી હોય તો યે ન હોવા બરાબર જ ગણવાનું. જાડા ઊનના ખમીસ પર ધાબળો લપેટીને ઊનના મોજાં અને ગલપટ્ટો પહેરીને, મૂર્તિ જેવો થઈને હું બેઠો હતો. કંટાળો તો આવે જ ને! કોઈ પણ પ્રકારનો અવાજ સાંભળવા કાન માંડીને અને અંધારામાં કંઇ જોઇ શકાય એ માટે આંખો ફાડીને હું બેઠો હતો.

એકવાર માચડા પર વાઘની બહુ જ રાહ જોવી પડી હતી. બનતાં સુધી ભાદરવો મહીનો હતો, રાહ જોવામાં જ આખી રાત પસાર થઈ ગઈ. બહુ કંટાળો આવ્યો પણ ભૂસથી ખમીસના ખીસ્સામાં કાગળ-પેન્સીલ રહી ગયા હતાં એ દિવસે માચડા પર અમે બે હતા, હું અને મારા ખાસ મિત્ર સંસ્કૃત-કોલેજ બહુલદરના પ્રિન્સીપાલ વ્યાકરણ-સાહિત્યાચાર્ય શ્રી. પં. મધુસુદન પ્રસાદ મિશ્ર. તેમને વાઘનો શિકાર જોવો હતો અને મેં તેમને માંચડા પર સાથે લીધા હતા. એવી બીપણ પ્રતીક્ષા મેં ક્યારેય કરી નથી. અને તે કંટાળ ને અંધારામાં જ કાગળ પર કલમ ઢમકવા માંડ્યો હતો. એ રાત્રે વાઘ તો ન મળ્યો પણ કવિતા તો મળી હતી. આજ આ અંધારી રાતે માચડા પર બેઠો બેઠો 'સરસ્વતી'ના કોઇ પાછલા અંકમાં છપાયેલી મારી એ કવિતાની પંક્તિઓ યાદ કરવા માંડ્યો. મારો સૌથી મોટો દોષ એ છે કે મને મારી બનાવેલી કવિતા યાદ નથી રહેતી. વારંવાર યાદશક્તિને કસી પણ નિષ્ફળ ગયો. ખૂબ પ્રયત્ન પછી એક બે પંક્તિ યાદ આવી:-

'રજની થી સ્તબ્ધ અંધેરી!
મરુત આના જાના!
કિતના સુંદર થા મેરા-
કાંટી પર રાત બિતાના!

મનમાં ને મનમાં આ પંક્તિઓ ગણગણવા લાગ્યો. પણ એક કડી ક્યાં સુધી ચાલે? ફરી સ્મૃતિને જાગૃત કરવાનો પ્રયત્ન શરૂ કર્યો બહુ વારે, બીજી લીટીઓ યાદ આવી. ખૂબ પ્રસન્ન થઈને મનમાં ને મનમાં ગણગણવા લાગ્યો-

'આનન લખને કો મેરા
જપ, તપ, ઇઠલા ઇઠલા કર!
ચુલબુલી પ્રકૃતિ આતી થી
જુગનૂ કે દીપ જલા કર!'

હજી હું મારી પોતાની કવિતામાં જ મસ્ત થઈને બન્ને કડીઓ ગણગણ કરતો હતો ત્યાં હવાનું એક નાનું એવું ઝાપટું આવ્યું અને મારા નાકમાં અત્યંત તીવ્ર દુર્ગંધ ભરાતું ગયું! વાઘના શરીરની જ દુર્ગન્ધ હતી એમાં શંકા નહોતી ખૂબ શાંત પવનમાં પણ, વાઘના શરીરની દુર્ગન્ધ ખૂબ જ તીવ્ર હોવાથી ફેલાઇ જાય છે અને વાઘ આસપાસ છે એની ખબર પડે તો શું વાઘ લાશ પર આવી ગયો! એટલો બધો હું બેવકૂફ છું! મને અહીં કવિતા સૂઝે છે અને વાઘ કોણ જાણે ક્યારેય લાશ પર આવી ગયો

છે ! બદમાશ એટલી ચાલાકીથી આવ્યો કે જ રા યે પ ગ ર વ ન થ યો ! એ વો લુચ્ચો અને આંખમાં ધુળ નાખી જનારો એ હોય છે ! પણ હવે ગુસ્સો કરવો નકામો હતો. મૂળ વાત તો વાઘને જોઈને ફાયર કરવાની હતી.

મેં વાઘને જોવા માટે અથાક-ચેષ્ટા શરૂ કરી દીધી. અંધારું ઘણું હતું. અંધારી રાતનું અંધારું ! વૃક્ષોની છાયાનું અંધારું ! છતાંયે અમે તેવા અંધારામાંયે આંખો મીંચવાથી કંઈ નહી તો કંઈ તો જરૂર દેખાવા માંડે છે. મેં બધી જગ્યાએ આંખ ફેરવી. લાશ પર જોયું ! લાશની આસપાસ જોયું. આમ તેમ બધે નજર દોડાવી. જ્યાં સુધી નજર પહોંચતી હતી ત્યાં સુધી જોયું. પણ વાઘના દર્શન થયા નહિ. ક્યાં યે એનો પગરવ નહિ. આભાસ જેવું યે નહિ ! એકાદ વૃક્ષની પાછળ તો બિરાદર નથી છૂપાણા ને !

તરત ધ્યાન લાશની દિશા તરફ ગયું. જે વૃક્ષ પર માચડો હતો તેની ઉત્તર દિશામાં લાશ હતી. એક જ દિવસમાં-અને તે પણ શિયાળાના દિવસમાં-લાશ સડી જાય તે અસંભવિત હતું. છતાં યે લાશ જ સડતી હોય તો પણ એની દુર્ગંધ મને તો આવે જ નહીં. એક તો હવા શાંત હતી અને એ ઉપરાંત હવા પૂર્વ-પશ્ચિમની હતી એટલે એની બદબૂ મારી સુધી ક્યાંથી આવે ? હવા કઇ બાજુની છે એનો ફરી મેં વિચાર કર્યો. શરૂઆતમાં તો કંઈ ખબર ન પડી. જંગલમાં, અંધારામાં, અત્યંત મંદ હવાની દિશાની શી રીતે ખબર પડે ? ખૂબ મહેનત પછી માંડમાંડ હવાની દિશાનો ખ્યાલ આવ્યો. પૂર્વનો પવન હતો અને દુર્ગંધ પણ પૂર્વમાંથી આવતી હતી.

તો શું વાઘ પૂર્વ દિશા તરફ કોઈ ઝાડની પાછળ લપાઈને ઊભો છે ? ઓહો ! ત્યારે તો નામદાર પૂરા ચાલાક લાગે છે લાશ પર આવ્યા પહેલાં દૂરથી જ છુપાઈને પરિસ્થિતિનું અવલોકન કરે છે. અને ભય જેવું કંઈ ન હોય તો લાશ તો ક્યાં ભાગી જવાની છે ? હમણાં નહીં તો એકાદ કલાક પછી ! અને જો જરા પણ ભય જેવું લાગે તો ત્યાંથી જ પાછા વળી જવામાં ડહાપણ છે !

રહી રહીને દુર્ગંધપૂર્ણ હવાનો અવાજ આવી ચડતો અને નાક બંધ કરી દેવું પડે એવી સ્થિતિ થતી. વાઘના શિકારમાં છીંકવા કે ઉધરસ ખાવા જેવી બીજી એકે આફત નથી. જરાક છીંક આવી કે સાંભળતાં જ વાઘ મહાશય પલાયન ! છીંક રોકવામાં અને બદબૂ સહન કરવામાં મને બહુ જ મુશ્કેલી પડવા માંડી. કોણ જાણે ભાગીયો ક્યાં સુધી બેઠો બેઠો આમ સિંહાવલોકન કરતો રહેશે ! લાશ પર જલ્દી આવી જાય તો નિરાંત તો થાય !

અચાનક ઉત્તર તરફ પત્થર ગબડવાનો અવાજ આવતાં જ હું ચમક્યો. શું ઉત્તર તરફથી પણ બીજો વાઘ આવે છે ? કે પછી હરણ વિગેરે કોઈ બીજા જાનવરની ઠોકર વાગવાથી પત્થર ગબડી ગયો છે ! કોઈ વાઘ બીજા વાઘની કમાણી પર હાથ મારવા નથી આવતો એમ તો વાઘ કટ્ટર માર્ક્સવાદી હોય છે ! બીજાની કમાણીમાં ભાગ પડાવવા કોઈ જતું નથી તેમ પોતાની કમાણીમાં કોઈને ભાગ પડાવવા દેતું નથી ઉત્પાદન અને વિતરણમાં પણ પૂરો સમાજવાદ ! જરૂરથી વધારે પેદા જ કરતા નથી એટલે સમાજમાં વહેંચણીનો સવાલ ઉભો જ થતો નથી. કમાવ અને ખાવું ! જરા વધારે પડતી કમાણી થઈ ગઈ, કોઈ વિશાળ-કાય જાનવર હાથ આવી ગયું તો ત્રણ દિવસ સુધી પેટ ભરી ભરીને મિજબાની ઉડાવે, પછી તો પેટ છે, પગો છે ! જંગલ છે, જાનવર છે ! મૂડીવાદનું નામ નિશાન નહીં ! માર્ક્સના ખરા અનુયાયી તો તેઓ છે ! આવતી કાલ માટે મૂડી શું કામ ભેગી કરે ? પ્રકૃતિએ અનેક જગ્યાએ સગવડ રાખી છે. પોતાના બાહુબળ પર વિશ્વાસ રાખીને ઉદ્યોગ કરવો છે અને પેટ ભરીને ખાવું છે !

કોઈ હરણ જ હશે. પગની ઠેસથી પત્થર ગબડી ગયો હશે. લાશનો ભક્ષક અને રખેવાળ તો ક્યારનો યે અહીં બેઠો બેઠો છુપાઈને સિંહાવલોકન કરી રહ્યો છે. દુર્ગંધથી મારું તો નાક ફાટી જાય છે અને

છતાં કોઈ જાનવરની આવવાની હિંમત કેમ ચાલી હશે ! હા, આ રસ્તે થઈને બીજો વાઘ જતો હોય તો ઠીક છે. હું લાશ પર તાકીને જ બેઠો હતો. હવા વારંવાર પુર્વ તરફથી અહણુ ઉડાવી લાવતી, ત્યારે ત્યારે હું પણ પૂર્વ તરફ જરા નજર કરી લેતો હતો. ચંદ્ર કદાચ પુર્વ તરફ નીકળ્યો હતો. અંધારૂ સહેજ સાજ આછું થયુ હતુ.

· ત્યાં તો લાશની ઉત્તરે તડતડનો લાકડું ભાગ્યું હોય એવો અવાજ આવ્યો અને હું ચોંકી ઊઠયો. મારા જીવનમાં મેં કદી આવો તમાશો જોયો નથી ! એક વિશાળકાય શૈલા જે અંધારામાં પડછાયા જેવો જ લાગતો હતો, ધીરે ધીરે લાશ ઉપર આવતો હતો. જો મેં એની અંગારા જેવી આંખો ન જોઈ હોત તો મને આ ભ્રમ જ લાગત બહુ આશ્ચર્યજનક વાત હતી. હું તો થોડીવાર સુધી સ્તબ્ધ જ થઇ ગયો. જાદુના ખેલ જેવુ આ શું છે તેજ સમજાયુ નહીં લાશ એક અને વાઘ બે ? એક તો કયારનો યે આસપાસ કયાંક છુપાયો છે અને બીજો આ લાશ પર ચાલ્યો આવે !

જરા જરા અજવાળું થતું આવતું હતું, વાઘ ચોખ્ખો દેખાતો હતો. લાશ પાસે બેસીને ઠાકમાક-પૂર્વક ભોજન કરવા લાગ્યો. ધીરે ધીરે તે ખાતો હતો. માંસના લોચા સાથે હાડકું પણ એના ઘંટી જેવા જડબામાં પીસાઇ જતું. એનો કટકટ અવાજ થતાં જ ચોંકીને ચારે બાજુ જોવા લાગતો, ફરી પાછો પોતાનો કાર્યક્રમ શરૂ કરી દેતો. મેં વધુ વાટ જોવાનું યોગ્ય ન ગણ્યું. પછી કદાચ વહેમ પડતાં તે ભાગે તો ! આવો મઝાનો ,લાગ પછી ન પણ મળે ! ફાયર કરી દેવામા જ મઝા હતી. બે નાળી રાયફલમાં કારતુસ ભરેલા જ હતા. ઘોડો ચડાવેલો જ હતો. રાઇફલનો કુંદો પણ છાતી સાથે લગાવી દીધો હતો. બધું તૈયાર હતું. નિશાન લઈને હું ફાયર કરવા માટે તૈયાર થઈ ગયો.

અારમાત ફરી હવાનુ એક મંદ ઝાપટું પહેલાં કરતાં પણ વધુ તીવ્ર દુર્ગન્ધ મારા નાકમાં ભરી ગયું. વાત શું છે આ ! ત્રીજા પહોરે માચડો બાંધતી વખતે હું પોતે ત્યાં હાજર હતો. આસપાસની તસુએ તસુ જમીન હું જોઈ વળ્યો હતો. દુર્ગન્ધ ફેલાવ એવી કોઈ વસ્તુ ત્યાં નહોતી. બીજી સડી ગયેલી લાશની કલ્પના કરવી પણ વ્યર્થ હતી. સામે જે લાશ પડી છે તેમાથી બદબૂ છૂટી જ ન શકે તો ,પછી વાઘ સિવાય બીજા કોના શરીરમાંથી આવી દુર્ગન્ધ છૂટે ? એક વાઘ તો બેઠો બેઠો નિરાંતે ખાય છે તો બીજો છુપાઇને શું કરે છે ? હવે એ કોની વાટ જુએ છે ? કાં તો તેણે રફુચક્કર થઈ જવું જોઇએ અને નહીં તો પછી પેલા વાઘ સાથે યુદ્ધ કરવું જોઈએ. વળી, આ વખતે દુર્ગન્ધ તીવ્ર હતી. ચોક્કસ, એ માગ માંચાની વધુ નજીક આવ્યો હોવો જોઇએ. તો તો પછી એ કાં તો ભાગે છે અને કાં તો યુદ્ધ કરવા આવે છે. જો યુદ્ધ થાય તો કેવી મઝા ? વાઘનું મલ્લયુદ્ધ ! માનવ ચક્ષુઓ માટે સાવ દુર્લભ એ દૃશ્ય ! તો, પછી થોડી વાર વાટ જોવામાં જ મઝા છે !

વાઘ આવે છે કે ભાગે છે તે જોવા મેં કુતૂહલ-વશ થઈને મારી આંખો પૂર્વ તરફ ફેરવી. ચંદ્ર પણ થોડો ઉપર ચડયો હતો. જંગલમાં ચાંદની પણ ચળાઇ ચળાઇને આવવા માંડી હતી. જરાક આસન બદલવાથી મારી ગરદન જરા ઊંચી થઇ ગઈ હતી. પૂર્વ તરફ મારી આંખો ફેરવું ન ફેરવું ત્યાં તો જાણે મારા પર વજ્ર જ તૂટી પડયું. વાઘ જમીન પર નહી-પણ ઝાડ પર હતો ! જે ડાળ પર મારો માચડો બાંધ્યો હતો તેની જરાક દક્ષિણે થઇને એક ડાળ પૂર્વ તરફ ફેલાઇ ગઇ હતી. એજ ડાળ પર મહુલાનની વેલ પણ વિંટાયેલ હતી. પાંદડાંઓના પર્દા પાછળ વાઘ લપાઇને બેસી ગયો હતો મારી અને એની વચ્ચે લગભગ બારથી તેર ગજનું અંતર હતું ! જો વાઘ ની ગરદન પરથી રેખા મારા તરફ દોરવામાં આવે તો મારા માથા ઉપર દોઢ હાથ જેટલે ઉંચે થઈને નીકળી જાય. વાઘ મારો પડોશી એ હતો અને મારા નાનકડા માથાની ઉપર પણ હતો !

મારી આંખો સામે લાલપીળાં દેખાવા લાગ્યાં ! મને થયું કે હું કદાચ બેભાન થઈ જઇશ ! મારા

શિકારી જીવનમાં મે કોણ જાણે કેટલીયે આફતોને વધાવી લીધી છે, કોણ જાણે કેટલીયે વાર મોત સાથે આંખમિચામણાં કર્યાં છે, કોણ જાણે કેટલીયે વાર યમદૂતોની સાથે કુસ્તી લડવી પડી છે પણ આજના જેવી તો કોઇ વાર મારા પર વીતી નથી ! વાહરે વાઘનો શિકાર અને વાહરે શિકારી ! ઉપર મૃત્યુ નીચે મોત ! માથા ઉપર વાઘ અને પગ નીચે ય વાઘ !

ધારુ છુ કે માચડા ઉપર આવવામાં મને થોડી વાર લાગી એથી જ આ અનર્થ થયો મારા આવવા પહેલાં જ વાઘ ઝાડ પર ચડીને, ડાળ અને પાદડાંઓમાં લપાઇ ગયો હતો એને જોતાં વેત મે એની જાત ઓળખી લીધી શરીર પર ચટાપટા નહોતા પણ ડાઘા હતા તે રોલા નહોતા પણ ચિત્તુવા હતો ! બીજાની કમાણીમાંથી પેટ ભરવાની જાત છે, વળી ઝાડ પર ચડવામાં પાકો ઉસ્તાદ ! બનમાશ સાંજે ફરવા નીકળ્યો હશે એને લાશ પર નજર પડી હશે એટલે દાનત બગડી હશે, સુરક્ષાવેલી લાશ ઉઠાવવાની તો હીંમત ન હોય એટલે ઝાડ પર ચડીને બેઠો વિચાર્યું હશે કે જ્યારે રોલા ખાઇ પીને ચાલ્યો જશે ત્યારે પોતે પણ નીચે ઉતરીને વધ્યુ ઘટ્યું ખાઇને ઉપડી જશે ! પેટ ભરાય કે ન ભરાય થોડો ઘણો મોઢા નાસ્તો તો મળશે ! પણ એને કયાં ખબર હતી કે લાશ નથી પણ જાળ છે ! આ જ વૃક્ષ પર એક માચડો બંધાયેલ છે અને એની પર બેસીને એક બે પગનુ જાનવર જાળમાં ફસાએલ શિકારને આ દુનિયામાંથી મુક્તિ આપવા તૈયાર થઇને બેઠુ છે ! એ બિચારો તો પોતાને સુરક્ષિત માનીને સમય વીતાવવાની રાહ જોતો બેઠો છે ! અને મનેય કયાં ખબર હતી હતી કે પગની નીચે વાઘ આવે કે ન આવે પણ મારા માથા પર તો આવી ગયો છે ! જો એવી ખબર હોત તો દુરથી જ માંચડાને પ્રણામ કરીને ચાલ્યો ગયો નહોત !

ઉપરવાળા વાઘને મારા વિષે કંઇ ખબર છે કે કેમ એ વિચારવાનો કંઇ અર્થ નથી જો તે મારા આવ્યા પછી આવીને ઝાડ પર ચડયો હોત તો કંઇ અવાજ તો જરૂર થયો હોત ! પાંદડાંની ખરખરાહટ તો થાય જ ને ! પણ આ જાતનો ખખડાટ મે સાંભળ્યો જ નહિ છતાંયે મને એક શંકા હતી મને આવતાં વેત દુર્ગન્ધીનો અનુભવ કેમ ન થયો ! પણ એ વખતે હવા તો સાવ શાન્ત હતી એટલું ચોકકસ છે કે મારા આવ્યા પહેલાં જ આ વાઘ મહાશય તે ડાળ પર ચઢી બેઠેલા છે હું એની સામે જ હાથી પર બેસીને આવ્યો કુદકો મારીને માંચડા પર બેઠો, કલાકો સુધી રાહ જોઇ એ બધી વાતની એને ખબર છે

એટલુ ચોકકસ હતુ કે નીચેવાળા વાઘને મારી કંઇ ખબર નથી. પણ એ નામદાર છે પુરા ઉસ્તાદ ! એક રાત તો ફક્ત પરીક્ષા જ કરી ! બીજી રાત્રે પણ કલાકો સુધી તપાસ કરીને પછી જ ફિકર કર્યો આજે લાશ પર પહોંચ્યો તે પણ ઘણી વાર ચારે બાજુની પરિસ્થિતિ જોઇ કારવીને ઉસ્તાદી તે કોઇ વાઘ પાસેથી શીખે !

પણ મારી પાસે આવી ફિલ્સુફી વિચારવાનો સમય કયાં હતો ! મારો જાન જોખમમાં હતો ! ઉપર વાઘ નીચે વાઘ વચ્ચે મુકીબત હાલ હાનુ નાનુ પૂતળુ પોતાના નાના એવા પ્રાણ માટે તરફડી રહ્યુ હતુ ! નીચેના વાઘનો તો મને જરાએ ભય નહોતો એને માટે તો વધુમાં વધુ એમ કહી શકાય કે હાથમાં આવેલ એક મજેદાર શિકાર ખોવે એથી વધારે તો કંઇ નહી ને ! ખરૂં ચેતવાનું તો છે ઉપરવાળા વાઘથી એક જ કુદકો જો મારે ને તો સીધો મારી ગરદન ઉપર ! હું કલ્પનાથી જ ધ્રુજી ઊઠયો. બંદુક પરનો હાથ ઢીલો પડી ગયો મારી સામે વિકટ સમસ્યા હતી શુ કરૂ ને શુ ન કરૂં ! શું રાત ભર આમને આમ ચુપચાપ બેઠો રહું ! હજુ સુધી ઉપર વાળા વાઘે હુમલો કર્યો નથી તો કદાચ આખી રાત ન પણ કરે ! એ કોઇપર હુમલો કરવા માટે તો વૃક્ષ પર ચડયો નથી લાશની લાલચમાં બેઠો હશે પછી મારા પર હુમલો કરવાનું શુ કારણ હશે ! પણ કોને ખબર છે અંધારાને લીધે જ એણે મારા તરફ હજુ સુધી હુમલો ન કર્યો હોય ! કોણ જાણે

ક્યારે માગ તરફ કુદી પડે ! આ બાજુયે કુદે અને પેલી બાજુયે કુદે ! લુચ્ચો ક્યાંક લાગ ન શોધતો હોય!

ખેર ! એનો તો જે ફગદો હોય તે પણ બે વાઘની વચ્ચે બેસવું તે તો ચોવીસે કલાક ફાંસીની સજાની રાહ જોઈને બેસવા જેવું જ કષ્ટપ્રદ હતું. આવી પરિસ્થિતિનો અંત જેમ વહેલો આવે તેમ વધુ સારૂં ક્યારેક ક્યારેક મૃત્યુ અને જીવન વચ્ચે બહુ થોડુ અંતર રહે છે. એક પગ આગળ વધતા જ પેલી બાજુ એક પગ પાછળ હટતા જ આ બાજૂ ! બરાબર એવી જ સ્થિતિ મારી હતી. મોત મુઠીમાં લઈને પણ કંઈક કરવું જરૂરી હતું. માંચડાની ચારે બાજુ ડાળીઓની આડે હું જરા લપાયો, મારી બેઠકનો ખુણો ઉત્તર તરફથી સ્હેજ પૂર્વ તરફ કરતાં જરા અવાજ તો થયો પણ એ નગણ્ય હતોઃ કોઈનું એ બાજુ ધ્યાન ન ગયું, બહુ જ ધીરેથી મારા બંને પગ માંચડાની બાજુની ડાળીની બન્ને બાજુ લટકાવી દીધા. મારૂં આ ખસવું ભયંકર જોખમથી ભરેલું હતું. જરા પાછળ ખસીને રાયફલ સંભાળી ! ફક્ત આ નિશાન પર જ મારા જીવનનું આખુ ભવિષ્ય અવલંબતું હતું. હૃદયના ધબકારા વધી ગયા, આવી સ્થિતિમાં ફાયર કરવાથી તો મોતને નિમંત્રણ આપવા જેવું જ થતું હતું. થોડીવાર રાહ જોઈને મેં હૃદયના ધબકારા ઓછા થવા દીધા જરાક દીલ મજબુત થયું. ધબકારા જરા શાંત પડયા કે મેં બે નાળી રાયફલનો ઘોડો દબાવ્યો. જંગલની શાંતિને વીંધતો અવાજ થયો—ધાંય !

જે રીતે ઉંચા ઝાડ પરથી ફણસ નીચે પડતાં 'ધમ્મ' અવાજ થાય તેજ રીતે વૃક્ષ પરથી વાઘ પડવાનો 'ધમ્મ' અવાજ થયો. જોખમ ચાલ્યું ગયું હતું. જરાયે અવાજ કર્યા વગર જેટલી ઝડપથી પૂર્વ તરફથી ઉત્તર તરફ ફરાય એટલી ઝડપથી હું ઉત્તર તરફ ફર્યો. વાઘ શાખ ઉપરથી કુદીને આઘે જઈને ઉભો ! એક વખત એણે ધ્યાનપુર્વક દક્ષિણ તરફ જોયું અને પછી ઉત્તર તરફ મોં ફેરવીને ભાગવા તૈયાર થયો કે મેં રાયફલની બીજી નળી ખલી કરી નાખી- ધંય ! બન્ને વધ, બહુ ખરાબ રીતે ઘાયલ થઈને બન્ને દીશાઓમાં ભાગી ગયા. બીજીવાર ફાયર કરવાની તક ન મળી.

દસ–પંદર મિનિટ પછી મારા માણસોને બોલાવવા માટે મેં સંકેત–સીટી વગાડી. પરંતુ રાયફલના બબ્બે અવાજ સાંભળીને પહેલેથી જ તેઓ સાવધાન થઈ ગયા હતા, અને આ બાજુ નીકળી પણ ચુકયા હતા. સંકેત–સીટી વાગતાં જ વાગતાં જ હાથીને લઈ માંચડા પાસે હાજર થઈ ગયા. રાત બહુ આરામથી વીતી–માંચડા પર નહી, તંબુમાં. સવાર પડતાં જ અમે લાશો શોધવા નીકળી પડયા. બન્ને વાઘની જીવન-લીલાના બધા ખેલ સમાપ્ત થઈ ચુકયા હતા. એમની વાઘની લાશો જંગલની ઝાડીમાં પડી હતી !

[સંપૂર્ણ]

❋

સમર્પણ

મેં તમારી યાદ અંતરમાં ધરી
ને પૂજા અર્થે રહ્યો પગલાં ભરી.
જ્યાં ગયો મંદિર-દ્વારે ત્યાં નવા–
તેજે, બધાં અંધાર ઉરના નાસતા.

તેજ દેખ્યું, હું ભૂલ્યો તુજ બંદગી
મેં જલાવી દીપ બદલે જિંદગી

–હરીન્દ્ર દવે

બાપુની ઝાંખી

[લે. કાકા કાલેલકર; નવજીવન પ્ર. મંદીર, અમદાવાદ; એક રૂપિયો.]

'બાપુકી ઝાંકિયાં' નામે મૂળ હિંદુસ્તાનીમાં લખાયેલા પુસ્તકનો આ ગુજરાતી અનુવાદ છે. બેતાલીસની સાત વેળા સિવની જેલમાં ઠાકુર લક્ષ્મણસિંહને તેમની વિનંતીથી કાકાસાહેબે રોજના એક એને હિસાબે લખાવેલા ગાંધીજી સંબંધી પોતાનાં ૧૦૧ સંસ્મરણોનો એ સંગ્રહ છે. ' મને પોતાને આ ચોપડીથી સંતોષ નથી ' અને ' ગાંધીજીની વિભૂતિની પૂરેપૂરી ભવ્યતા આમાં પ્રતિબિંબિત થઈ નથી ' એમ કાકાસાહેબ કહે છે. તેમ છતાં, તેઓ જ કહે છે તેમ, ' બાપુનું સંપૂર્ણ ચિત્ર જાણવા માગનારને આ ઝાંખીમાંથી કંઈ ને કંઈને કંઈ ઉપયોગી સામગ્રી મળ્યા વગર નહીં રહે. ' ગાંધીજીના જીવનનાં અનેક પાસાનું તથા તેમના ભવ્યોદાત્ત વ્યક્તિત્વનું કેટલીક બાજુથી આમાં થતું દર્શન આ પુસ્તકના વાચનને ફલદાયી બનાવશે. ગાંધીજીના ચરિત્રકારને આમાંની ઘણી સામગ્રી ઉપયોગી થવાની. મહાપુરુષો તેમના જીવનના નાની નાની બાબતોમાં પણ કેટલા મહાન હોય છે એ બતાવતાં આ સંસ્મરણો ભાવનાશાળી વાચકોને થોડી આત્મસુધારણા તરફ પણ વાળશે

અ. મ. શા.

ગાંધીજી સાથે ગોળમેજીમાં

[લે. ઘનશ્યામદાસ બિરલા; પ્ર નવજીવન પ્ર. મંદીર; એક રૂપિયો.]

ઈ.સ ૧૯૩૧માં ગાંધીજી સાથે વેપારી મંડળના પ્રતિનિધિ તરીકે બીજી ગોળમેજી પરિષદમાં પોતે વિલાયત ગયેલા તે વખતે હિંદુસ્તાનીમાં શ્રી ઘનશ્યામદાસ બિરલાએ રાખેલી તેની ડાયરીના એક દાયકા પૂર્વે પ્રગટ થએલા લઘુપુસ્તકનો આ ગુજરાતી અનુવાદ પણ ઉપરનાં પુસ્તકની માફક ગાંધીજી વિશે કેટલીક વ્યક્તિત્વદ્યોતક સામગ્રી રજૂ કરે છે. ગાંધીજી અને બિરલા વિલાયત જવા ઉપડ્યા તે દીવસ એટલે તા ૨૯–૮–'૩૧ થી તા. ૪–૧૨–'૩૧ના ગાળા સુધીની આ ડાયરીમાં ગાંધીજીના સ્ટીમર પરના તેમજ વિલાયત નિવાસ વખતના જીવન તથા તેમણે ત્યાં કોંગ્રેસનું દૃષ્ટિબિંદુ સમજાવવા તથા તેની માગણીઓ સ્વીકારવા અનેક હિંદી નેતાઓને તથા અંગ્રેજ નેતાઓને મળી કરેલા અવિશ્રાન્ત શ્રમ વિશે જીવન્ત શૈલીમાં લખાયેલી પ્રમાણભૂત માહિતી વાંચનારને મળશે. ગોળમેજીના રાજકારણના બધા અંતરપ્રવાહો વિશે પણ પુસ્તક એટલી જ માહિતી પુરી પાડે છે.

મહાદેવભાઈની ડાયરી–પુસ્તક : ત્રીજું :

[સં. નરહરિ પરીખ; નવજીવન પ્ર મંદિર મૂલ્ય, પાંચ રૂપિયા.]

મહાદેવભાઈની ડાયરીના અગાઉ પ્રગટ થયેલા બીજા ભાગના અનુસંધાનમાં આગળ ચાલતું આ આ પુસ્તક તા. ૨–૧–'૩૩થી તા. ૨૦–૮–'૩૩, જે દિવસે મહાદેવભાઈ ગાંધીજીથી જુદા પડ્યા ત્યાં સુધીની ડાયરી રજૂ કરે છે. આ પુસ્તક સાથે ગાંધીજીનું યરવડાનું જેલજીવન પૂરું થાય છે. આ પુસ્તકને મોટો ભાગ આત્મશુદ્ધિ અર્થે ગાંધીજીએ કરેલા એકવીસ દિવસના ઉપવાસ તથા હરિજન કાર્યની શુદ્ધિ માટે તેમણે કરેલા ઉપવાસના તથા તેના વાતાવરણના નિરૂપણમાં રોકાયેલો છે. ઉપવાસ વેળાની સ્વજનો, સ્નેહીઓ, સાથીઓ અને પ્રશંસકોની ગાંધીજી પ્રત્યેની ભક્તિ તથા ઉપવાસ વિષેની તેમની તથા ગાંધીજીની જુદી જુદી દૃષ્ટિઓનું વર્ણન સ્વાભાવિક રીતે એમાં આવે જ. સાથીઓ, સ્વજનો, પરદેશી પ્રશંસકો અને જિજ્ઞાસુઓને ગાંધીજીએ લખેલા પત્રો, અનેક સાથે થયેલી તેમની મુલાકાતો અને ઘણા સાથે થયેલી ચર્ચાઓ પણ આ ડાયરીમાં વિસ્તારથી નોંધાયેલ છે. ગાંધીજીનો ઉત્કટ હરિજનપ્રેમ, અસ્પૃશ્યતા નિવારણ માટે તેમની સતત ચાલુ રહેલી દેખાતી ફીકર અને પ્રવૃત્તિ, એમનું અખંડ આત્મનિરીક્ષણ, એમની બુદ્ધિની સતેજતા, એમનું વિરલ મનોબળ,–એમની સાથીઓ પ્રત્યેની વત્સલતા, એમની તીવ્ર સ્વમાનવૃત્તિ—આ સર્વનું આ ડાયરીમાં અનેરું દર્શન થાય છે, તેથી ઓછા પ્રમાણમાં સરદાર વલ્લભ-

ભાઈ અને ડાયરીલેખક મહાદેવભાઈના વ્યક્તિત્વનું પણ દર્શન એમાં મળે છે. ગાંધીજીના ઉદ્‌ગારોના અને આચરણના ભક્તિવૃત્તિના નિરૂપક અને ભાષ્યકાર મહાદેવભાઈ એકવાર તેમના મૃદુ ટીકાકાર અને તેમને ઉપવાસ વહેલા છોડવામાંથી અટકાવનાર કેમ બન્યા હતા તે પણ આ ડાયરીમાંથી જાણવા મળે છે. આદર્શ ડાયરીલેખક તો તેઓ જ છે એ હવે આ ત્રીજા ભાગ વખતે કહેવાની જરૂર રહી નથી. આ ડાયરીમાંથી રાજાજી સાથેની ગાંધીજીની હિન્દુધર્મ અને તેમાં કરવા જોઈતા સુધારા સબંધી ચર્ચા તથા જ્ઞાતી અને વર્ણ વિષેના ગાંધીજીના વિચારો ખાસ વાંચવા યોગ્ય છે. યરવડાની જેલમુક્તિ પછી ગાંધીજીએ કરેલું સાબરમતી સત્યાગ્રહાશ્રમનું વિસર્જન તથા જેલમાં બેઠાં બેઠાં એમણે સુધારવા હાથ ધરેલો યુરોપીઅન રમણીનો કેસ—આ બે ગાંધીજીની મહાનતા અને સાધુતા બતાવનાર બાબતોનું નિરૂપણ પણ વાંચનારને આકર્ષશે.

ડાયરી સાથે સંપાદકે જોડેલાં ગાંધીજીનાં નિવેદનો અને લેખો, મહાદેવભાઈના લેખો તથા ગાંધીજી અને સરકાર વચ્ચેના પત્રવ્યવહારનાં પાંચ પરિશિષ્ટો 'આત્માની કળાના તેજથી ઝળહળતા બાપુના જીવનના એક ભવ્ય પ્રકરણની' દસ્તાવેજી મૂલ્યની માહિતી રજૂ કરતાં હોઈ ઘણાં ઉપયોગી છે.

આગળ અવલોકેલાં બે પુસ્તકોની માફક આ ડાયરી પણ ગાંધીજીના ભાવિ ચરિત્રકારને ઘણી સોનામૂલની સામગ્રી સંપડાવશે.

ગાંધીજીની સંક્ષિપ્ત આત્મકથા

[સંક્ષેપકાર, મથુરદાસ ત્રીકમજી; પ્ર. નવજીવન પ્ર. મંદીર; એક રૂપિયો.]

ગાંધીજીને બરાબર ઓળખવા અને સમજવામાં એમની 'આત્મકથા' જેટલો મદદગાર બીજો કોઈ ગ્રંથ થાય નહીં. ઉગતી પ્રજાને ગાંધીજીના જીવન વિકાસનો અભ્યાસ કરવા પ્રેરે એવો તેનો સંક્ષેપ કર્યો હોય તો સારું એમ વિચારી ગાંધીજીના વાત્સલ્ય પ્રેમ અને વિશ્વાસનું પાત્ર બનવા ભાગ્યશાળી બનેલા એમના એક સ્વજન શ્રી. મથુરદાસ ત્રિકમજીએ ગાંધીજીના જ શબ્દોમાં 'આત્મકથા'નું આ દોહન કર્યું છે. તેમ કરવામાં બાપુના લખાણનો ક્રમ, ભાષા, ઈત્યાદી પ્રાયઃ મૂળમાં છે તે જ રાખ્યાં છે.' કેટલાંક પ્રકરણોમાં નામ બદલ્યાં છે અને ક્યાંક ક્યાંક ટુંકાવેલા ભાગ જોડવા માટે નવી ભાષા યોજી છે; એમ છતાં આ સંક્ષિપ્ત આત્મકથાનો ૯૯.૯૯થીયે વિશેષ ભાગ મૂળનું અવતરણ જ છે એમ સંક્ષેપકાર જણાવે છે તે સાચું છે. શ્રી મથુરદાસ સંક્ષેપ વિવેક અને દૃષ્ટિ વાપરી સારો કર્યો છે એમ કહેવું જોઈએ.

રામનામ

[લે. ગાંધીજી; પ્ર. નવજીવન પ્ર. મંદિર; દસ આના]

રામનામના પ્રાર્થનામય જપનો મહિમા ગાનારાં ગાંધીજીનાં લખાણોનો આ સંગ્રહ છે. રાજકીય અને સામાજીક પ્રવૃત્તિઓને પોતાનો બધો વખત આપનાર ગાંધીજીનું પોત આપણા દેશે વખતોવખત પેદા કરેલા પ્રભુનિષ્ઠ સંતપુરુષોનું જ છે એ આ નાનું પુસ્તક બતાવી આપે છે. ગાંધીજીની રામનામ ઉપરની શ્રદ્ધા ઉત્તરોત્તર કેવી વધતી ગઈ હતી તે છેવટના વખતમાં તેઓ શારીરિક વ્યાધીઓને શમાવા કે નિવારવા માટે પણ રામનામનો ઉપયોગ સૂચવતા હતા તે પરથી જણાય છે. રામ એટલે રામાયણના નાયક દશરથપુત્ર રામ નહિ, પણ સચરાચરમાં વ્યાપ્ત ઘટ ઘટમાં રમી રહેલા પરમાત્મા છે, એ પોતાનાં સમજણ જે એકથી વધુ વાર ગાંધીજીએ આ પુસ્તકનાં પોતાનાં લખાણોમાં કે ભાષણોમાં રજૂ કરી છે, તેના પર વાંચકોનું લક્ષ જવું જોઈએ. પુસ્તક અનાસ્થાળુઓમાં ઈશ્વર માટે આસ્થા પ્રગટાવે અને આસ્તિકોની પ્રભુનિષ્ઠાને દૃઢ કરે એવું છે.

આશ્રમની બહેનોને

[સં. કાકા કાલેલકર; પ્ર. નવજીવન પ્ર. મંદિર; એક રૂપિયો]

ગાંધીજીના અક્ષરદેહનો એક મોટો ભાગ

તેઓશ્રીના પત્રો છે... એમના જીવનચરિત્રની દૃષ્ટિએ પણ, આ એક મોટું સંદર્ભ–સાહિત્ય ગણાય: આમ વિચારી નવજીવન પ્રકાશન મંદિરે ગાંધીજીનું પત્ર સાહિત્ય પ્રગટ કરવાનો જે આગ્રહપૂર્વક સંકલ્પ કર્યો છે. બહેનો પરના ગાંધીજીના સંખ્યાબંધ પત્રોમાંથી તા. ૬–૧૨–'૨૬ થી ૩૦–૧૨–'૨૯ સુધીમાં લખાયેલા ૮૭ પત્રો આમાં પ્રગટ થયા છે. પાછળ ૧૯૨૬ની સાલ દરમિયાન ગાંધીજીએ બહેનો આગળ તેમને માટે અલાયદી યોજેલી પ્રાર્થના વખતે કરેલાં પ્રવચનોની મણિબેન પટેલે રાખેલી નોંધ પણ છાપવામાં આવી છે. પત્રો દ્વારા આશ્રમવાસી સ્ત્રીસમાજને એક રીતે ગાંધીજીએ નિયમિત શિક્ષણ જ આપ્યું છે. સ્વચ્છતા, આત્મશુદ્ધિ, ધર્મપાલન, કેળવણી, પ્રાર્થના, સામાજિક જીવન, નિર્ભયતા, સેવા આદિ બાબતો વિશે કુટુંબના વત્સલ વડીલની માફક ગાંધીજીએ બહેનોને જે દૃષ્ટિ અને ઉપયોગી માર્ગદર્શક આપ્યાં છે તેનો લાભ ગુજરાતનો બહોળો નારીસમાજ પણ આ પુસ્તક વાંચીને ઉઠાવે એમ ઇચ્છીએ. સ્ત્રીજાગૃતીનું કાર્ય પણ ગાંધીજીની બીજી ઘણી સેવાઓના જેવી એક મોટી સેવા છે. એ કાર્યમાં સાધનભૂત બનેલા આ પત્રો ગાંધીજીની પત્રલેખનકળાનો પણ સારો પરિચય કરાવે છે

સરદાર વલ્લભભાઈનાં ભાષણો

[સં. નરહરી પરીખ અને ઉત્તમચંદ દી. શાહ; પ્ર. નવજીવન પ્ર. મંદીર: પાંચ રૂપિયા]

ભારતની સ્વાતંત્ર્ય લડતના એક બાહોશ યોદ્ધા અને પ્રજાહૃદયમાં ગાંધીજી પછી પં. જવાહરલાલ જેટલુંજ મહત્ત્વનું સ્થાન મેળવનારૂ સરદાર વલ્લભભાઈ પટેલના ગાંધીજીના સાથી અને સૈનિક તરીકે તેમની કારકીર્દીનો પ્રારંભ થયો તે સાલથી એટલે કે સને ૧૯૧૮થી ભારતને આઝાદી મેળવી ત્યાં સુધીના એટલે ૧૯૪૭ સુધીના ભાષણોનો આ ગ્રંથમાં એકત્ર સંગ્રહ કરવામાં આવ્યો છે. સરદાર આમ તો શબ્દોમાં નહિ પણ કાર્યમાં જ માનનાર તેજસ્વી કાર્યપુરુષ છે. છતાં તેમના કાર્યને અંગેજ તેમને અવારનવાર લોકોને સંબોધવા પડયા છે. તેમનાં ભાષણોની વિચાર સામગ્રી અને તેમની લાક્ષણિક વાણી એ ભાષણોને સંઘરવા લાયક અને અભ્યાસને યોગ્ય બનાવે છે પ્રકાશકે વાજબીજ કહ્યું છે તેમ 'ગુજરાતની અને અમુક અંશે સમસ્ત હિન્દુસ્તાનની આઝાદીમની પ્રજાજાગૃતિમાં સરદાર પટેલનો ફાળો કેવો હતો તે જાણવાના સાધન તરીકે, ખુદ સરદાર પટેલનો ઊછરતી તેમજ ભાવી પેઢીનો સાચો પરિચય કરાવવા માટે, તેમના વ્યક્તિત્વના ગુણો પ્રકટ કરવાને માટે, પાછલાં ત્રીસ વરસ દરમિયાન ગુજરાતમાં થયેલી પ્રજાજાગૃતિના ઇતિહાસના દસ્તાવેજ તરીકે અને એક પુરુષાર્થી, સમર્થ તેમજ તેજસ્વી પુરુષની વાણીમાં ગુજરાતી બોલી કેવી સમર્થ બની શકે છે, તેનો નમૂનો ભાવિ ગુજરાતી પ્રજાને સંઘરવાને સારૂ સરદાર પટેલના ભાષણો એકત્ર કરવાની જરૂર હતી'

ભાષણોનું સંપાદન સરદાર તરફ ભક્તિભાવ ધરાવનારા શ્રી. નરહરિભાઈ પરીખ અને શ્રી ઉત્તમચંદભાઈ વિવેક કાળજી અને પ્રેમથી કરેલું છે ભાષણો 'નવજીવન', 'હરિજન' અને અન્ય પત્રોમાં છપાયેલા તેમના અહેવાલો પરથી તેમજ શ્રી મણિબહેને રાખેલા સંગ્રહ અને નોંધો પરથી તૈયાર કરેલાં છે. સરદારશ્રીની આંખ તળેથી કામના બોજાને લઈને તેને પસાર કરાવી શકાયાં નથી, છતાં હેવાલમાંની ખામીઓ સુધારી સરદારના વિચારોને અને તેટલા સાચા સ્વરૂપમાં રજૂ કરવાની પોતે કાળજી રાખ્યાની ખાતરી શ્રી. નરહરિભાઈએ વાચકોને આપી છે, આથી ભાષણોને લગભગ પ્રમાણભૂત માનવામાં વાંધો નથી. સરદારના મુખની પ્રત્યક્ષ વાણીની ખૂબી તેના જુદા જુદા રિપોર્ટરોએ લીધેલી નોંધો ઉપરથી તૈયાર થયેલા અહેવાલોમાં પૂરી ઊતરી ન શકે તે દેખીતું છે. પરિણામે, આ ગ્રંથમાં રજૂ થતાં સરદારનાં ભાષણો તેને ખરેખર સાંભળ્યાં હશે તેવા વાંચકોને ઓછાં લાગવાનો સંભવ છે ખરો.

છતાં એ મર્યાદા બહુ મોટી નથી. સરદારનો ભાષ-

ખિક રચ્યો તો આ ભાષણોમાં સંભળાય છે જ એમની ઊંડી દેશદાઝ, ખેડૂતો માટેનો એમનો પ્રેમ, એમની સાચી પરિસ્થિતિ-પારખ, એમની વેધક દૃષ્ટિ, એમનું વ્યવહારુ ડહાપણ, સરકારના અન્યાયો સામે ધગી ઊઠતો એમનો પુણ્યપ્રકોપ, ગાંધીજીના સિદ્ધાંતોનું એમનું અંધભક્તિ નહિ પણ દેખતું અનુયાયીપણું અને ભાષ્યકારપણું—આ સર્વનો પૂરો પરિચય વાચકોને આ ગ્રંથમાંથી જરૂર મળશે. એજ રીતે, સરદારની સીધી અને ચોટદાર, તળપદી અને જીવન્ત, સરળ છતાં બળવાન અને તેમના વ્યક્તિત્વને પ્રતિબિંબિત કરતી ભાષાનો તેમજ તેમના ખર-મધુ દર્શનો અને ધારદાર કટાક્ષોનો પણ પરિચય આ ભાષણો વાંચનારને અવશ્ય કરાવશે. ૧૯૧૮થી ૧૯૪૭ સુધીની આપણી સ્વરાજ માટેની લડતની જુદી જુદી ભૂમિકાઓના અને ગુજરાતના રાજકીય જીવનના વિકાસનું જે ચિત્ર અંદર દોરાતું રહે છે તે પણ આ ગ્રંથની એક વિશિષ્ટતા છે. નવજીવન પ્રકાશન મંદિરે તે પ્રગટ કરીને એક ઉપયોગી કાર્ય કર્યું છે.

ગ્રામસેવાના દસ કાર્યક્રમો

[લે. જુગતરામ દવે, પ્ર. નવજીવન પ્ર. મંદિર; એક રૂપિયો.]

ગાંધીજીના આદેશો પ્રમાણે રચનાત્મક કાર્ય કરનાર શિક્ષક સ્વભાવના ગ્રામસેવકો અને સેવિકાઓ માટે શ્રી. જુગતરામ દવેએ આ પુસ્તિકામાં દસ કાર્યક્રમ રજૂ કર્યા છે. બાલવાડી, કન્યાકુમાર-આશ્રમ, ગોવાળિયાનું શિક્ષણ, ગ્રામસફાઈ, આરોગ્યકેન્દ્ર, ખાદી અને ગ્રામઉદ્યોગ, લોકશિક્ષણ, સેવાદળ, સ્વાવલંબન અને પાડોશના શહેરની સેવા—આ દસ કાર્યક્રમ અંગે વિગતવાર માર્ગદર્શક સૂચનાઓ જે અત્ર રજૂ થઈ છે તેની પાછળ શ્રી જુગતરામ દવેની ગ્રામ સેવાની ઉત્કટ ભાવના, ગાંધીજીના આદેશોનું પૂરું પાચન, ગ્રામસેવા અને લોકશિક્ષણનો તેમનો અનુભવ તેમને ગામડાંમાં રચનાત્મક સેવા કાર્ય કરવાની પદ્ધતિ વિશે સંપાદેલી સૂઝ કામ કરી રહ્યાં છે.

જોડણીકોશ

[પ્ર. નવજીવન પ્ર. મંદિર; ચોથી આવૃત્તિ; મૂલ્ય બાર રૂપિયા.]

ગુજરાત વિદ્યાપીઠે ગાંધીજીની પ્રેરણા અને સૂચનાથી તૈયાર કરાવેલો સાર્થ ગુજરાતી જોડણીકોશ જેને ગુજરાતી ભાષાની જોડણી હવે એકધારી થવા માંડી છે તેનું શ્રેય જાય છે, તેની ત્રીજી આવૃત્તિ ક્યારની પૂરી થઈ હતી, તેથી આ ચોથી આવૃત્તિ પ્રગટ કરવામાં આવી છે. આ આવૃત્તિમાં કોશનું શબ્દભંડોળ પોણાલાખની આસપાસ પહોંચ્યું છે, મળી શક્યા તેટલા શબ્દપ્રયોગોનો સંગ્રહ તથા શબ્દોના ઉચ્ચારણના સ્થાનોનો નિર્દેશ આ આવૃત્તિમાં કરવામાં આવ્યો છે એ એમાં થયેલા ઉપયોગી ઉમેરા ગણાય. બીજો મહત્ત્વનો ઉમેરો છે. તદ્ભવ શબ્દોની આ કોશમાં આપવામાં આવેલી વ્યુત્પત્તિનો. આ બાબતમાં જોડણીકોશની આ ચોથી આવૃત્તિએ તેને માટે કંઈક કહેવાપણું ઊભું કર્યું છે. કેટલાક શબ્દોની વ્યુત્પત્તિ આનુમાનિક છે અને શંકાસ્પદ છે, આ ક્ષેત્રમાં આપણા વિદ્વાનોએ જે કાર્ય કર્યું છે તેનો પૂરો લાભ લેવાયો હોત અને એવા વિદ્વાનોનો આ બાબતમાં સહકાર માગીને મેળવ્યો હોત તો વ્યુત્પત્તિ નિર્દેશ ઓછો દોષપાત્ર થાત. ક્રમવ્યવસ્થામાં પણ ક્યાંક ક્યાંક ક્ષતિઓ થયેલી ઝીણી નજરના અભ્યાસીઓને દેખાશે. આમ છતાં, 'જોડણીકોશ હવે ભાષાના એક ચાલુ કોશ તરીકે કામચલાઉ પરિપૂર્ણતાએ પહોંચ્યો છે' એ તેના સામાન્ય સંપાદક શ્રી. મગનભાઈના શબ્દો સાથે સૌ કોઈ સંમત થાય તેવું છે.

વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ

[સંયોજક, પોપટલાલ ગો. શાહ; પ્ર. ગુજરાત સંશોધન મંડળ અને શ્રી. ફાર્બસ ગુજરાતી સભા, મુંબઈ; મૂલ્ય, ૭ રૂપિયા.]

તેર વર્ષ પર પ્રગટ થયેલ વૈજ્ઞાનિક શબ્દ-

સંગ્રહની આ સુધારેલી વધારેલી બીજી આવૃત્તિ છે. તેના સંયોજક શ્રી. પોપટલાલ શાહ એક વિજ્ઞાનપ્રેમી ગુજરાતી વિદ્વાન છે. માધ્યમિક શિક્ષણમાં વિજ્ઞાન માતૃભાષા દ્વારા-શીખવવાની જોગવાઈ આપણે ત્યાં થઈ છે, તેમજ ઉચ્ચ શિક્ષણમાં પણ માતૃભાષાને બોધભાષા બનાવવાની વાતો થઈ રહી છે. એ પરિસ્થિતિમા વિદ્યાર્થીઓને તેમજ તેમના શિક્ષકો અને અધ્યાપકોને માટે વિજ્ઞાનની સર્વસંમત ગુજરાતી પરિભાષાની જે મોટી જરૂર ઊભી થાય છે તેને આ કોશ મોટા પ્રમાણમાં સંતોષશે. શ્રી. પોપટલાલ શાહે કેટલાક ખંતીલા સહાયક સાથીઓ અને મિત્રોના સહકારથી પોતે તૈયાર કરેલા આ કોશમાં અત્યાર અગાઉ વિજ્ઞાનની પરિભાષા યોજવાના થયેલા સર્વ પ્રયાસોનાં ફળનો વિવેકપૂર્ણ ઉપયોગ કર્યો છે અને કેટલુંક નવું કાર્ય પણ કર્યું છે. બીજી આવૃત્તિના નિવેદનમાં તેમણે વિજ્ઞાનની પરિભાષા ઘડવાના જુદી જુદી પ્રાંતિક ભાષાઓમાં થયેલા પ્રયત્નની તેમજ ડૉ. રઘુવીરના પ્રયાસની ઐતિહાસિક સમાલોચના કરી, વિજ્ઞાનની પરિભાષા ઘડવામા પોતાની શી દૃષ્ટિ છે અને કયા નિયમો બાંધી પોતે આગળ ચાલ્યા છે તે વિશે વ્યવસ્થિત માહિતી આપી છે. વિજ્ઞાનની જુદી જુદી અનેક શાખાઓના અભ્યાસીઓને તેમના વિષયના અંગ્રેજી શબ્દોના ગુજરાતી પર્યાયો પૂરા પાડતો આ વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ ઇતર ભગિનીભાષાઓને પણ અનુકરણીય બને એવો સંભવ વિચારી ગુજરાતી શબ્દોને નાગરીમાં છાપવામાં આવ્યા છે. સંગ્રહની ઉપયોગિતા વિશે કશી શંકા નથી.

★

(પાના ૨૪ થી ચાલુ)

જ ઢંકાઈ જાય એટલે હું મુંગો મુંગો ધરતી તરફ જોઈ રહ્યો.

[૨]

'માસ્ટરસા'બ!' ભજુતગર ચલમ એક તરફ મૂકી દેતાં બોલ્યો: 'યે શરીર-પરોત્તમ બ્રહ્મન કા હૈ!'

'એ તો લાગે જ છે' મેં ચારે તરફ નજર ફેરવતા કહ્યું. ભજુતગરે કરેણ ગુળથી ગલગોટા રોપીને સ્થળને સુંદર ને સ્વચ્છ બનાવ્યું હતું. 'તે વિના આટલી સ્વચ્છતા ન હોય મહારાજ જી!'

ભજુતગરને એ ઠીક લાગ્યું. તે આગળ બોલ્યો:

'આ દેહ બ્રાહ્મણનો હતો માસ્તરસા'બ! પણ કરમે આ લખ્યું હશે તે કોણ ટાળી શકે? દેહ વટલાવ્યો. અને એક કામો કર્યો તેને પરિણામે આ રાખ ચોપડી!'

હું સાંભળી રહ્યો. ભજુતગર આગળ વધ્યો.

એ વખતે મારી જુવાની. આજ તો એ વાતને પણ ત્રીસ પાંત્રીસ વર્ષ થઈ ગયાં. પણ હું તે વખત અઢારનો હઈશ. માબાપ પહેલેથી સીધાવી ગયેલા. ભાઈભાંડુ કોઈ મળે નહિ. પણ ગોરપદું આખા ગામનું મારે ત્યાં. ઘી લોટ ગોળ હબલા મોઢે આવે. હું એકલો કેટલુંક ખાઉં! શરીરે તો ધૂમાડે જાય-પણ ઘરમાં બૈરું કોઈ મળે નહિ.

'મહેનત ઘણી કરું' પણ અમારી નાતમાં ક્યાંય કહેતાં ક્યાંય પત્તો ખાય નહિ. ત્રણેક પેઢી ઉપર અમારા કોઈ દાદાએ નાતનો કંઈક વહેવાર તોડ્યો હશે, ત્યારથી આખી નાતમાં અમારા નામ ઉપર મીંડું મુકાઈ ગયેલું!

મહેનત ઘણી કરી, પણ કોઈ રીતે જ નહિ નો નાતનો ધારો અતૂટ રહ્યો! એટલે પછી ઉપાય ન જડે એક પારકી નાતમાંથી હું બૈરી લાવ્યો.

હતી તો એ પણ બ્રાહ્મણી, પણ બીજી જાતની. પણ રૂપનો કટકો. જરાક ભાષા જાડી-પણ મને થયું કે એ તો સાવ ગામડાનું હોય તો એમ થાય!

મેં તો મારા રાઘવા કાકાનો એટલો ઉપકાર માન્યો કે ન પૂછો વાત! એણે ઘરરખુ બાઈ ગોતી દીધી હતી. ને તે પણ પાછી સોંઘામાં. મેં રાઘવા કાકાને નવ્વાણું રૂપિયા એમની મહેનતના પણ આપ્યા!

ત્રણેક વરસ અમારો સંસાર સુખથી ચાલ્યો.

એક બીજાની સાથે મન ભળી ગયાં. શું એ બાઈની રીતભાત હતી ! કોઈ દિ કોઈ વાતની ના નહિ તમે કહો કે દિવસ તો દિવસ. ગત તો ગત. એવી પ્રેમાળ, શાંત, હેતાળખી.

પણ અમારો આ સુખી સંસાર એક દિવસ અચાનક કડડભૂસ નીચે જઈ પડયો !'

ભણુતગર બોલતા જરા થોભી ગયો. તેણે કાન સરવા કીધા. એને લાગ્યું કે કાંઈક ખખડાટ થયો ! વખતે ' મીઠીબાઈ હશે ! ' તે બોલ્યો. મીઠીબાઈ એની ચાર પાંચ ગાયોને સાચવતી ને છાણ વાસીદું કરી જતી એ મને ખબર હતી. પણ અત્યારે એ રહેતી હોય એની મને નવાઈ લાગી પણ પછી કાંઈ ખખડાટ થયો નહિ, એટલે થોડીવાર પછી વાત ઉપાડી.

' એક દિવસ અડધી રાતે મારા ઘરનું બારણું અચાનક ખખડયું. ઉઠીને જોઉં છું તો રાઘવાકાકા પોતે ત્યાં ઉભા હતા તે ભૂખાળવા જેવા દેખાતા હતા. એના મોં ઉપરથી નૂર ઉડી ગયું હતું.

મને નવાઈ લાગી. કાકાને અત્યારે આ શું થયું હશે ?

ત્યાં તો તેમણે મારો હાથ દાબ્યો. બહુ ધીમેથી પુછયું : 'તારી વહુ જાગે છે કેશવા !'

' ના. કેમ કાકા એતો ઊંઘમાં છે !'

' તો જરાક બહાર આવ. મારે તારું કામ છે ! ' તેમણે કહ્યું.

હું નવાઈ પામતો ફળીમાં ગયો. તેમણે થોડીવાર મારી સામે જોયું પછી બહુ જ ધીમેથી બોલ્યા : ' આપણી સાત પેઢી નરકમાં પડે એવી વાત થઈ છે ! '

કેશવા ! ભારે થઈ છે ! આજ હું શહેરમાંથી સાંભળીને આવ્યો ! '

' કાકા ! શું સાંભળીને આવ્યા છો ! ' હતી વાત છે.

' આ તારી વહુ......તારી વહુ જાગતી તો નથી ના ! '

' ના ના. એ તો એ પડી, ભર ઊંઘમાં છે !'

' ત્યારે મેં સાંભળ્યું. ખાત્રી પણ કરી. ' તારી વહુ કેશવા ! ઢેડડી છે ! '

' હેં કાકા ! હેં કોણે કહ્યું ! કોક અદેખાઈના માર્યા હાંકયું હશે ! '

' હાંકયું કોઈએ નથી દીકરા ! મેં ખાતરી કરી—શહેરમાં વાત સાંભળી ! મારા સાતે સાત છોકરા હવે રખડયા તારૂં ઘર બંધાવવા જતાં હુંય મરી ગયો. તોય વાત છાની રહે તેમ હોત તો તો જાણે ઠીક. પણ આ તો એવું થયું છે કે આવતી કાલે સવારમાં ફુલેસ આવીને ઉભી રે ' તેમ છે. આ રાંડની ઉજો મૂકીને આવી છે. એ સાંભળ્યું ને હું દોડતો આવ્યો. હુંય આંધળો બન્યો. તુંય આંધળો થયો. આપણને ફસાવ્યા વશરામગોરે. થવાનુ થઈ ગયું. પણ હવે શું કરવું છે બોલ ! '

' હવે બીજુ શુ થાય કાકા ! આમ તો કોઈ દી કોઈને ખબર પડી નહિ ! '

"એ તો હુંય જાણું છુ. પણ આ તો ફજેતો થાશે. ને મારે ઘેર તો તાળું જ દેવાઈ જાશે. નાત આખી જાણે છે કે તારું ઘર મેં બંધાવ્યું છે. એનો એના મનમાં કાંઈ જેવો તેવો ધમધોખો નથી. એટલે મારા છોકરાને હવે કન્યા મળે કે કમૂવે ! એટલે મારે ઘેર તો તાળું દેવાઈ ગયું એમ સમજને ! ભારે થઈ છે કેશવા ! ને ધરમ ગયો છે, એ આખો મલક જાણશે. '

' પણ હવે—અત્યારે બીજું શું થાય કાકા ? હું ભાગી જાઉં ! બીજું શું થાય ! '

' અરે બધું ય થાય—મારાભાઈ ! ધર્મો રક્ષતિ રક્ષિતઃ તારામાં હરમત જોઈ ગાંડા ! ' કાકાએ આકરા થઈને કહ્યું.

કાકાની મુખમુદ્રા જોતાં હું ધ્રૂજી ઊઠયો. એટલામાં તો તેમણે બે હાથ ભેગા કરીને મારું ગળું દાબ્યું. ' આવડે તો આટલી વાર ! અત્યારે કોણ કાકો જાણવા બેઠો છે ! નહિતર ભાગી જાવે ! '

'અરે પણ કાકા!' હું બૂમ ઉઠયો: 'હું હમણાં જ ભાગી નીકળું! એને ય ભેગી લઉં!'

કાકા ક્રૂર રીતે હસ્યા: કુલેસ મગસા હશે! આવતી કાલે પકડી પાડશે! ને ફજેતના ફાળકા થાશે. ધરમ જાશે. નાત જાશે. મારે પેગ નિર્વંશિયાનું તાળું લટકશે!'

'પણ તઈ?'

'તંઈ શું? ગોકની જ્વણતી જાય!

મેં કહ્યું તે ઠેકાણે પાડી નાખીએ. અત્યારે જ. અસે ઇંધની જ રહે! તું આંહીં ઉભો રે.'

મારો રોમે રોમ ઉભો થઈ ગયો. અરર! મનમાં અરેરાટી થઈ ગઈ.

પણ હજી હું કાંઈ બોલું ને પકડેવા તો કાકા અંદર જ દોડયા ગયા! એમને આ કામની નવાઈ ન હતી. નહિ નહિ તો પાંચ દસ વાતો એમના નામ ઉપર હતી. બધી જ આવી!

હું તેમની પાછળ ધસ્યો, પણ કમાડ થોડીવાર પછી તે વસાઇ ગયું હતું. બહાર નીકળ્યા ત્યારે તેમને ખભે પછેડીની પોટલી હતી

હું બેબાકળો જેવો અંદર દોડયો પણ ત્યાં ઘરમાં કોઈ હતું જ નહિ!

એમને એમ ઘર રાખીને હું ગાંડાની જેમ કાકાની પાછળ હું દોડયો ગયો.

પણ રાખવા કાકાનો પત્તો જ લાગ્યો નહિ. હું થોડીવાર રખડીને પાછો ફરવા જતો હતો ત્યાં કાકા રસ્તામાં ભેટી ગયા.

'ગોત્યા કરે મારા બેટા! આંહીં હતી જ કોના ઘરમાં? એ તો ભાગી ગઈ! મારા સાત છોકરાનો જનમારો અભડાવી નાખત કેશવા! આ તો શું કજાતની નીકળી!'

કાકા અદ્રશ્ય થઇ ગયા.

પણ મારા મનની આકતનો પાર ન હતો એક બાઈનું કારણ વિનાનું જીવન કાકાએ હણી નાખ્યું એ જોઈને હું તો મૂઢ થયો હતો! અરર! મારા મનમાં એવી અરેરાટી છૂટી હતી કે કાંઈ કહેવાની વાત નહિ જેના સાથે ત્રણ વરસ સુખમાં ગાળ્યાં—તેને એક જ પલમાં નિષ્ઠુર રીતે મારી નાખી! અરર!

મારો પગ ઘર તરફ વળ્યો જ નહિ. મન મૂંઝાઈ ગયું હૃદયમાં ફફડાટ હતો. કોઈની સામે જોવાની તેમાં તાકાત જ ન હતી!

મેં ઘર તે રાતે જ છોડી દીધું છોડયું તે છોડયું!

અપટી રાખે પછી મને કયાંય ઓળખાવા દીધો નહિ! ને ન ઓળખાવા માટે રાખ ગાળવી જ પડી. પણ માસ્તર સાહેબ! એ વાત જ્યારે જ્યારે સંભારું છું ત્યારે ત્યારે હજી આજ પણ નિંદર આવતી નથી!

પણ તમે બોલો આમાં મારો કાંઈ વાંક હતો?

ને છતાં સપડાઉં તો હું સપડાઉં એવું હતું! કાકાએ કહેલું હજી પણ મને યાદ છે 'ધર્મો રક્ષતિ રક્ષતિ.'

હું તો અજુગતની વાત સાંભળીને આભો જ થઈ ગયો.

'પછી કેશવા કાકા'નું શું થયું? ખબર?'

'એના પાંચ છોકરા તો પરણી ગયા હતા. મારા પછી ગોરપદું એને મળ્યું એટલે એ જામી ગયા હતા. હમણાંની ખબર નથી!'



(અનુસંધાન પાન ૫૬ થી ચાલુ)

પાદરીઓની જેમ મારા મન સાક્ષ લહેરાઈ રહ્યાં. ભલે મારી એ માડી ગરીબ હોય, પણ એ માનવતાથી ભરી હતી–એ માનવતાએ બે દિવસ ઉપર જ્યારે હું ગુરુમાંથી આવી ત્યારે મને કેવી ફુલાવી ફુલાવી મૂકી હતી. ! બેનુલ કાકી ને ચંચળ ફોઈને, એ દલા કાકા ને જીવા દાદાને એ બધાં મારાં હેતાળ પાડોશીઓ કેવા ઉમળકાથી મને વળામણાં આપ્યાં હતાં ! ના, ના, મારે જીવનમાં કશાની ખોટ નથી. કશાનોય રંજ નથી. મારે માટે શું આ ઓછું હતું ? ને આમ હું જાણે એક દિવાસ્વપ્નમાં સરતી હતી. ત્યાં ગીતની બીજી કડી વાતાવરણમાં લહેરાઈ રહી

અમે મૂકી એક બાજરી વાવી
હું ,સુંડલી ભરી લાવી !
કે ભોમ મોરી અમ્મર તપો !

ને બાજુબાજુની ક્યારીઓ, જાણે મૂરીમાંથી હમલે હમલા ઉગાડી પોતાના એ મહામૂલ્ય ભંડારથી તાજેતરમાં જ હળવી બનીને પ્રસન્નતાથી હસી રહી હતી. તાજી લણણીની વાત હજુ વાતાવરણમાં છલકાતી હતી; અને ત્યાં મારે કાને એક મીઠો ટહુકો પડ્યો;

'ઓરો પની, શું તારો કંઠ છે ! ક્યાં ચાલી !'

અને એ સાદથી ચમકીને જોઉં છું તો એક આંબાની નીચે પોતાના છ મહિનાના કીકાને ધવડાવતી મકન કાકાની જુવાન પુત્ર-વધૂ ગોમતી બેઠી હતી. તેને જોતાં ઘડીભર તો હું થંભી જ ગઈ. હું ચિત્રકાર હોત તો એ સુન્દર ચિત્રને મારી પીંછીમાં ઝડપી લેત. ગોમતી માંડ અઢાર ઓગણીસની હશે. એ ઉંમરે ઓઓ જો સારી રીતે, કુદરતી રીતે ઉછરી હોય તો તેનાં અંગોં જે વિકાસ થાય, તેમાં જે સહજ સૌન્દર્ય આવે તે બધું ગોમતીમાં હતું. અને વળી તેને હૈયે ઉમળકાભેર અમૃતના જાણે કે ઘૂંટડા લઈ રહેલો તેનો કીકો હતો ! કેવું મનોરમ હતું એ દૃશ્ય ! આ હતું મારું જગત ! એમાં મારે શાની કમીના હતી ! મારા સ્વપ્નમાંથી જાણે ઝબકીને બોલતી હોઉં તેમ મેં કહ્યું.

'ગોમતી ભાભી, શો તમારો કીકો છે ! તમે બજારમાંથી વળતાં થાકીને અહીં વિસામો ખાવા બેઠાં હશો, ખરું ને ? પણ છે એ લુચ્ચાને એનું કંઈ ! કેવો એ ધાવે છે—જાણે કોઈ એમાં ભાગ પડાવી લેવાનું ન હોય તેની બીજે હાથે ખબરદારી પણ કેવી રાખી રહ્યો છે !'

મારાં કથનનો મર્મ સમજતાં ગોમતી હસી પડી ને બોલી :

'હું કહેતી હતી તે ખોટું નથી, પની કાલે જ તારા મોટાભાઈને મેં કહ્યું હતું કે આ વરસે તો કરસનકાકાએ પનીનાં લગન લેવાં જ જોઈએ. તારી પાસે આ લુચ્ચો હોત તો કેવો સરસ લાગત'

'જાવ. ભાભી તમને તો આ સિવાય બીજી કોઈ મશ્કરી જ ક્યાં આવડે છે !' તેમના હાથમાંથી કીકાને લઈ તેને મારા માથા ઉપર બન્ને હાથે અદ્ધર કરી ઉછાળતી હું બોલી, ને જાણે કીકાને સંબોધીને કહેતી હોઉં તેમ ઉમેર્યું.

'ખરું ને કીકા ! ફરી ફરીને ગોમતી ભાભીએ છેવટે આ જ મશ્કરી કરીને ? પણ એમને ક્યાં ખબર કે હું પરણવાની જ નથી.'

હું નાની હતી ત્યારથી ગોમતી મને ખૂબ લાડ લડાવતી, અને ભાભી તરીકેની બધી છૂટ લેતી. કેશુ સાથે મારી સગાઈ થઈ નહોતી તે પહેલાં તો એવાં એવાં જોડકણાં તે સંભળાવતી કે તેનો પૂરો અર્થ ન સમજાતા છતાં હું હસી હસીને બેવડ વળી જતી. કોઈ વાર માવડિયો તો કોઈ વાર વીંછીના ડંખ જેવો તીખો—એવા જાતજાતના વર તે મારે માટે જોડવી કાઢતી ને હું પણ તેના ઠીકઠીક જવાબ આપતી ને ઉમેરતી 'પરણે ને તેને મારી બલારાત.' અને મારા એ બધા વર અમારી વચ્ચે વિનોદના પ્રાણી થઈ પડ્યા હતા. એટલે મારા ઉત્તરની મજાક કરતી તે બોલી ;

'એમ કે ! તો તો કેશુને તેં લખી પણ દીધું હશે, ખરું ને ! ભણીગણી છે તે બીજા કંઈ કામમાં આવે તે પહેલાં આવા કામમાં આવે તેમાં શું ખોટું

છે !' અને પછી ખડખડાટ હસતી તે બોલી 'પણ મોઘ છું—મને કોઈએ લખતાં વાંચતાં પણ ન શીખવ્યું, નહિ તો તારો એ કાગળ વાંચી હું પણ તારા મોટાભાઈને તેના જેવું આજે પણ કંઇક ચીતરી આપતે.'

'તે તમે એમ કહેશો એટલે તમે એમ માન્યું કે હું કમાઈ જઈશ.' એવો કાગળ લખે તારી ભલારાત

'હં અં, મારે નથી પરણવું. એવું તો તારી ભલારાત જ લખે ને, પણ હવે તો મહિના નહિ તેટલા દહાડા અને દહાડા નહિ તેટલા કલાકની પણ મારાથી ધીરજ રખાય એમ નથી—કેશુ ક્યાં વહેલો વહેલો જાન લઇ આવ, તારી પની તારા વિના ઝૂરે છે એવું તો આ તારા ભમા હાથ સિવાય બીજું કોણ લખે !'

ને તે એ બોલે એટલામાં ફીકાએ મારા પાલવના એક છેડાને અચાનક ભીનો કર્યો– તે જોતાં હસી પડી તે બોલી.

"લુચ્ચા, ફોઇની આ ટલી યે શરમ ન રાખી!" તે પછી ત્યાગ તરફ જોઇ ઉમેર્યું

"કેવા સરસ શુકન થયા !"

હું આબાદ રીતે સપડાઈ ગઈ જેની સગાઈ થઇ હોય તેવી કન્યાના ને જેને બાળક ન થયું હોય તેવી સ્ત્રીના કોઈ બાળક કપડાં પલાળે તો તે તેને માટે શુકનરૂપ લેખાય છે તે હું જાણતી હતી. ગોમતી ભાભીએ સૂચવેલા એ શુકનનો અનાદર કરવા જતાં તેમને માઠું લાગવાનો સંભવ હતો એટલે, અને તેમની મજાકનો મારે જવાબ આપવો હતો તેથી હસતાં હસતાં મે કહ્યું

"જો તો દીકરો તમારો ને ભાભી ! મારો થોડો જ પક્ષ લે ! લુચ્ચો ! પાછો હસે છે કેવું !" ને એમ બોલી મેં તેના ગાલ પર ટપલી લગાવી, ને બચી ભરી તેને બાઝાવી મૂક્યો મારા હાથ પર તેને ઝુલાવતી પેલા લોકગીતની પંક્તિઓ હું ગણગણવા લાગી ગોમતીએ પણ ધીરે ધીરે તેમાં સૂર પૂરવા માંડ્યો, અને સીમ આખીમાં—

'આવ્યા ત્યારે ઝમ્મર થઇને રહ્યાંની મગજાર જાણે છવાઈ રહી !

ગોમતીને તેનો ફીકો સોંપી મેં જ્યારે ઘરભણી દિશામાં પગલાં ભર્યાં ત્યારે દૂરથી જાણે આકાશ તરફ માથાં ઊંચાં કરી કોઈની રાહ જોઈ રહ્યાં હોય એવાં ઘરો મેં જોયાં તેની શાંત રસરચના મને ગમી ગઈ અને ખૂબ આકર્ષક લાગી. આખું જગત આજે જાણે કોઈ નવી જ નજરે હું જોઈ રહી. ગોમતીભાભીના ફીકાનો સુખદ સ્પર્શ મારામાં કોઈ અનનુભૂત મધુર સંવેદનો જગાડી ગયો. ખરું કે નકલી બાળકોને આ પહેલાં મેં અનેકવાર રમાડ્યાં હતાં પણ આજે મારા મનમાં જે ઊર્મિઓ જાગી ઊઠી તે અપૂર્વ હતી ગોમતી ભાભીના સૂચનને એ કેટલે અંશે આભારી હતું તે તો હું નથી કહી શકતી, પણ તેમની મીઠી મજાકમાં જાણે કંઇક જાદુ તો હતો જ. અને ત્યારે જ મેં એક અતિ મધુર સંવેદન અનુભવ્યું– જે યૌવનના ઉંબરામાં પ્રથમ પગલું મૂકતાં બધી તરુણીઓ એક અથવા બીજી રીતે અનુભવતી હશે. અને એ ઊર્મિના મીઠા ઘેનમાં મે મારી ભરી ઉપર નજર કરી હું પોતે જ જાણે કે તેના પર મોહી પડી

અને મનની આ મુગ્ધ દશામાં જ બજારમાં હું પહોંચી ગઈ હતી તેનો પણ મને ખ્યાલ ન રહ્યો. એક દુકાન ઉપર કોઇના ખુંખારવાના અવાજે હું ચમકી અને મારી એ મધુર દુનિયામાંથી એકાએક ધરતી પર સરી પડી એ ખુંખારો સ્વાભાવિક હતો તે તરત જ મારા કાન કળી ગયા, અને આંખ ભીતિથી અચાનક તે ખુંખારાથી દિશામાં મારી નજર ફરી વળી મારી ભીતિ સાવ ખોટી ન હતી કોઈ એક જુવાન કણબીઓ પોતાના પાટોડીનું માથા તરફ જાણે ધ્યાન ખેંચવા મથતો હોય તેમ આંખના ઈશારા કરી રહ્યો હતો. તેના પર મારી નજર પડી કે એમ જણાતાં જ જાણે એકાએક તેનાથી સ્વસ્થ થઈ જવાયું અને જાણે સહજ ભાવે બોલતો હોય તેમ બોલ્યો

"શું જોઇએ છે, બહેન. આવોને ! ભીંડા લાવ્યા છે. ગુવારસીંગ પણ કુણી છે" એમ કહી મને

બોલાવવા મંડ્યો. મારે શાક નહોતું જોઈતું એટલે હું કંઈ પણ બોલ્યા વિના આગળ ચાલી. મારી પીઠ ફરી એટલે તે બોલ્યો.

" હેં અલ્યા નારણ, આ વળી કોણ ? આવું તો આપણા ગામમાં કોઈ છે જ નહિ. કોઈ મુંબઈથી આવી લાગે છે."

"જમે ત્યાંથી આવી હોય તેમાં તારે શું ?" નારણે જવાબ આપ્યો.

મારું ધ્યાન એ વાર્તાલાપમાં ખેંચાયું. એટલે એક મદારી કંઈક ખેલ કરવાની શરૂઆત કરી રહ્યો હતો તે જોવાનો ડોળ કરતી પેલા લોકોની વાતચીતની બાજુમાં મારા કાન રાખી હું ઉભી રહી. મારા કાન પર શબ્દો પડ્યા—

' બેસ, જોયો મોટો 'તારે શું' કહેવાવાળો ! ભાઈ સાહેબ પોતે ત્યારે તાકી તાકીને શું કરવા જોતા હતા ! '

' તારા કરતાં વધારે તાકીને મેં નહોતું જોયું. સમજ્યો '

' હાશ. સમજ્યો. પણ કહે જોઈએ કોના ઘરથી એ આવી હશે ! '

' કોના શું ? ખબર નથી પડતી એના રૂપરંગ અને પહેરવેશ પરથી ? દેસાઈજીના ઘરથી વળી. '

' તેં બરાબર ધાર્યું. હું પણ એમ જ માનું છું. દેસાઈજીના મોટા છોકરાની વહુ આણે આવવાની હતી તેજ આ હશે. તે વહુના રૂપની જે વાત આપણે સાંભળી હતી આબેહૂબ તેવી જ આ છે. '

' તો આટલું ડહાપણ છે તો ગધેડા છાનો મરને. દેસાઈજી જાણશે તો તને જીવતો નહિ મૂકે. '

' હા ભાઈ, નદીમાં રહેવું ને મગર સાથે વેર એ કેમ ચાલે ? '

હું નથી કહી શકતી આ વાર્તાલાપે મારા મનમાં શું શું મંથનો જગાડ્યાં. દેસાઈજી અમારા ગામના એક મોટા જમીનદાર નાગર ગૃહસ્થ હતા. શ્રીમંતાઈ અને કુલિનતાનો મોટો વારસો ભોગવતા અમારા એમનું ઘર સૌથી મોટું લેખાતું. ઘરની પુત્રવધૂ થવા જેવી મારી યોગ્યતા આ લોકોની નજરમાં હતી એ સાંભળતાં મારે માટે એ કેવું અશક્ય હતું એ વિચારે હું કદાચ નિશ્વાસ નાખત, પણ આજે જે મધુરતાથી મારું મન ભર્યું ભર્યું બન્યું હતું તે મારે ઢોળાઈ જવા દેવી ન હતી, અને તેથી મેં અનુકૂળ જ અનુમાન કાઢ્યું. પેલાએ ખોંખારો કર્યો. એમાં એની દુષ્ટતા જ હતી એમ મારે શા માટે માનવું? કોઈ સુંદર ફૂલ જોતા આપણે બીજાનું ધ્યાન તે તરફ નથી દોરતા ? કે કોઈ અવનવીન વસ્તુ જોતાં સૌ તે જુવે એવું આપણને નથી થતું ? અને વળી તેમની વાતચીતમાં મારે માટે હલકા ભાવ પણ ક્યાં હતા ? બલ્કે હું તો કોઈ કુલિન ઘરનું ફરજંદ છું એવું તેમણે માન્યું કે તેમના સ્વભાવનો સંદેશ નહોતો ? ના, મારે આજે કોઈનેય અન્યાય નહોતો કરવો, કોઈનો આક્ષેપ નહોતો રાખવો. હું આમ વિચાર કરતી હતી ત્યાં તો ઠીક ઠીક લોકો પેલા મદારીના ખેલ જોવા ભેગા થઈ ગયા હતા. મારા ધ્યાન ઉપર એ આવતાં હું તદ્દન જોઈ શકી કે અનેક આંખો મને ધારી ધારીને જાણે કે જોઈ રહી હતી. હું સહેજ મૂંઝાઈ, પણ તરત જ મારા મનને મેં સ્વસ્થ કર્યું. બે ચાર છોકરીઓ હું ઊભી હતી ત્યાં મારી પાસે ઊભી રહી ખેલ જોવા મંડી. ખેલથી તેમના મનમાં જે કુતૂહલ જાગ્યું હતું તેના કરતાં મારે લીધે તેમના મનમાં ફૂટી નીકળેલું કુતૂહલ મોટું હતું એ હું જોઈ શકી. તેમાંની એક અગીઆરેક વર્ષની છોકરીએ મારા હાથ તરફ નજર કરતાં કહ્યું.

' કેવી મઝાની છે પેલી બંગડી ! હું જોઉં ? '

' જોને બહેન, થોડી જ એ જોવાથી ખસડી જવાની છે ? ' અને એમ બોલી સ્મિત કરતાં કરતાં મેં બંગડી ઉતારી તેના હાથમાં મૂકી. તે ઘડીભર તો આભી જ બની ગઈ, પણ તે બીજું કંઈ પણ બોલી શકે તે પહેલાં તો તેના હાથમાં મેં એ બંગડી ચડાવી પણ દીધી, અને તેના હાથનાં વખાણ કરતાં બોલી :

' વાહ કેવો મઝાનો, પોચો નાજુક હાથ છે !'

[અપૂર્ણ]

ગુજરાતી સાહિત્યનાં
નવાં સુંદર પ્રકાશનો

દિવાસ્વપ્ન — ગિજુભાઈ

બાળકોના જીવનમા નવશિક્ષણ દ્વારા ક્રાન્તિકારી અધ્યતગની કથા

કિં. ૧-૮-૦ પો. ૦-૬-૦

પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષણ

ગિજુભાઇ અહીં શિક્ષણશાસ્ત્રીની રીતે ઉક્ત વિષયની ગંભીર ચર્ચા કરે છે

કિં. ૨-૦-૦ પો. ૦-૭-૦

ચાર મોરચાની કેળવણી — દામુભાઈ શુક્લ

સ્કૂલોમાં ચાલતી અપંગ કેળવણી સામે ધરાયેલી નવી લાક્ષણિકતા

કિં. ૧-૪-૦ પો. ૦-૬-૦

સોમનાથ — રત્નમણિરાવ

ગુજરાતની જગપ્રસિદ્ધ તીર્થભૂમિનો સુંદર સચિત્ર પરિચય · ઇતિહાસમાંથી

કિં. ૪-૦-૦ પો. ૦-૮-૦

ગઇ ગુજરી — જયભિખ્ખુ

જવાંમર્દ શ્રેણીની આ વાર્તામાં એક નવો રસપ્રવાસ રેલાવ્યો છે.

કિં. ૧-૮-૦ પો. ૦-૬-૦

પ્રતિપદા — ગોવિન્દ સ્વામી

માત્ર ઓગણીસ વર્ષની ઉંમરે રચાયેલી કલાત્મક ને સંવેદનશીલ કાવ્યકૃતિ

કિં. ૨-૮-૦ પો ૦-૮-૦

ઉન્મેષ — ઇન્દુલાલ ગાંધી

એકસો ચાલીસ કાવ્યોનો ને ગીતોનો ભાવવાહી સંગ્રહ

કિં. ૩-૦-૦ પો ૦-૮-૦

ભગવાન પરશુરામ — ક મુનશી

ગુજરાતી સાહિત્યની ભવ્ય ઉદાત્ત પૌરાણિક નવલકથા

કિં. ૫-૮-૦ પો ૦-૧૦-૦

લોમહર્ષિણી — ક મુનશી

ભગવાન પરશુરામની વીર પત્ની લોપામુદ્રાના જીવનને રજૂ કરતી નવલ

કિં. ૪-૦-૦ પો ૦-૮-૦

જીવનમાંથી જડેલી — લીલાવતી મુનશી

સામાજિક તેમજ બીજી · હૃદયંગમ વાર્તાઓનો ઘણા વખતથી અપ્રાપ્ય સંગ્રહ

કિં. ૫-૦-૦ પોસ્ટેજ ૦-૮-૦

ઇતિહાસ સંમેલન — નિબંધ સંગ્રહ

ગુજરાતી વિષેની ઐતિહાસિક સામગ્રીથી ભર્યાં વિદ્વત્તા પૂર્ણ નિબંધો ને લેખો

કિં. ૪-૮-૦ પો ૦-૮-૦

ડો. મધુરિકા — ક મુનશી

સાગર મુવીટોન માટે · લખાયેલી ફિલ્મ કથા પરથી રચાયેલું સુંદર નાટક

કિં. ૧-૪-૦ પોસ્ટેજ ૦-૬-૦

પ્રાથમિક શિક્ષણ — સોમાભાઇ પટેલ

કિ. ૧-૮-૦

મોટી બહેન · ગિજુભાઈ — કિ. ૧-૪-૦

ત્રણ જીવનચરિત્રો

૧ ડો. રાજેન્દ્રબાબુ — અંબેલાલ જોષી રૂા. ૪-૮-૦

૨ રાષ્ટ્રવલ્લભ સરદાર વલ્લભભાઈ „ રૂા ૩-૦-૦

૩ મહાદેવ હરિભાઈ દેસાઇ — રૂા. ૨-૦-૦

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધીરસ્તો : અમદાવાદ

ગુજરાતી સાહિત્યનો નવો ગ્રન્થ-ફાલ

નવી નવલકથાઓ

રાજર્ષિ કુમારપાળ — ધૂમકેતુ
ચૌલુક્ય નવલ ગ્રંથાવલીનું નવું પુસ્તક
કિંમત: ૪-૮-૦ પો. ૮ આના

ગુર્જરેશ્વર (કુમારપાળ) — ધૂમકેતુ
ચૌલુક્ય નવલગ્રંથાવલિનું નવું પુષ્પ- નવી સૌરભ સાથે
કિંમત: ૪-૮-૦ પો. ૮ આના

પૃથ્વીશ: — ધૂમકેતુ
રાજા તે યોગી : ને યોગી તે રાજાની નવી ફિલસૂફી રજૂ થાય છે,
કિં. : ૩-૮-૦ પો. ૮ આના

ભાઇબીજ — ધી. ધ. શાહ
છાત્રાલયના સળગતા ને મૂંઝવતા પ્રશ્નોની રસભરી નવલ
કિં. : ૪-૦-૦ પો. ૮ આના

સરિતાથી સાગર: — શિ. મા. શુકલ
પૂ. બાપુજીએ કરેલી દાંડી કૂચની રસ, રમૂજ ને માહિતી ભરી નવલ
કિં. : ૪-૦-૦ પો. ૮ આના

મત્સ્ય ગલાગલ — જયભિખ્ખુ
અંતરની વેદના વ્યક્ત કરતી અને આજના પ્રશ્નોને ચર્ચતી નવી નવલકથા
કિંમત: ૪-૮-૦ પો. ૮ આના

ભાગ્યનિર્માણ — જયભિખ્ખુ
બિન સાંપ્રદાયિક શાસનની તવારીખ રજૂ કરતી પ્રેમ-શૌર્યભરી નવલ
કિં. : ૩-૪-૦ પો. ૮ આના

માશી-ભાણેજ — ચં. દલાલ
પ્રણય ત્રિકોણની નવલ, જેમાં ત્રિકોણ રચાતો નથી : છતાં રમ્ય તો લાગે છે
કિં : ૩-૦-૦ પો. ૮ આના

ભગવાન મલ્લિનાથ — જયભિખ્ખુ
ધર્મ અને જીવનમાં ક્રાંતિ કરે તેવી વાતોનો સંગ્રહ
કિં. ૨-૮-૦ પો. ૭ આના

મુન્શીના નવાં પુસ્તકો

★

પૌરાણિક નાટકો — ક. મા. મુન્શી
કિં. ૩-૮-૦ પો ૮ આના

સામાજિક નાટકો — ક. મા. મુનશી
કિં. ૩-૮-૦ પો ૭ આના

કાલિદાસનાં નાટકો : — કે. કા શાસ્ત્રી
ગુજરાતી અવતાર ધરતાં કવિવરનાં સુંદર નાટકો
કિં. : ૪-૮-૦ પો. ૧૦ આના

ઊંડા અંધારેથી : — મેક્સિમ ગોર્કી
જન સામાન્યમાં જીવતાં પાત્રોની સંવેદનાત્મક ભજવી શકાય તેવી કૃતિ
કિં. : ૨-૮-૦ પો. ૮ આના

મુદ્રારાક્ષસ — કે. કા શાસ્ત્રી
કવિ વિશાખદત્ત કૃત રાજકિય મહત્વનું જૂનું નાટક : ગુજરાતી ભાષામાં
કિં. : ૨-૮-૦

રણછોડલાલ ને બીજાં નાટકો
પાંચ નાટકોનું સુંદર ગુચ્છ. જેમાંના સફળ રીતે ભજવાયા છે.
કિં. : ૨-૮-૦ પો. ૮ આના

ધૂમકેતુના નવાં પ્રકાશનો

જીવનપંથ : જીવનના રોમાંચક સ્મરણોની કથા
રૂ. ૪-૮-૦

લોકરામાયણ : નવી શૈલી અને ચોક્કસ દૃષ્ટિથી લખાયેલ કથા
કિંમત ૧-૮-૦

અનામિકા નવો વાર્તાસંગ્રહ કિં. : ૩-૦-૦

માદરે વતન — જયભિખ્ખુ
શૌર્યના પરાક્રમની અદ્ભુત વાર્તાઓનો નવો સંગ્રહ
કિંમત: ૩-૮-૦ પો. ૮ આના

ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય : ગાંધીરસ્તો : અમદાવાદ

નેપચ્યુન એસ્યોરન્સ કું૦ લિ૦

* જિંદગી
* આગ
* મોટર
* અને
* અકસ્માતના

વીમાનું કામ લેવામાં આવે છે.

[સ્થપાઈ-૧૯૩૦]

ચાલુ કામ

રૂ. ૪,૫૦,૦૦,૦૦૦

વાર્ષિક આવક

રૂ. ૨૫,૦૦,૦૦૦

કુલ અસકયામત

રૂ. ૯૦,૦૦,૦૦૦

એજન્સી અને બીજી માહિતી માટે લખો

નેપચ્યુન એસ્યોરન્સ કું. લિ.

હેડ ઓફિસ
નેપચ્યુન બિલ્ડીંગ, હોર્નબી રોડ, કોટ, મુંબાઈ

અમદાવાદ બ્રાંચ
પાંચકુવા, કુવારા સામે, અમદાવાદ

સૌંદર્ય દેવતા

એક કવિની કલ્પના પ્રમાણે સ્ત્રીઓના અંબોડાની અંદર સૌંદર્યદેવતાનો વાસ હોય છે હવે 'કેશવર્ધિની' તેલ વાપરીને એ અંબોડાના ગુચ્છાદાર વાળોને વધુ મોહક ને સુંદર બનાવો જેથી સૌંદર્યદેવતાનો વાસ વર્ષો સુધી રહે.

રોમાન્સ—તમામ વાળને 'કેશવર્ધિની' ખરેખર આપે છે જુવાનીનો રંગ, સૌંદર્યની ઝલક અને એક પ્રકારની મોહક કુમાશ બાળપણથી માંડીને જીંદગીની ઉત્તરોત્તરદશામાં 'કેશવર્ધિની' આપે છે

તમારા વાળ તમને એના સાચા સ્વરૂપમાં વ્યક્ત કરશે અને 'કેશવર્ધિની' તમારા વાળને એની સર્વોત્તમ શક્તિ મુજબ વ્યક્ત કરવાનું બીડું ઝડપે છે તમારા વાળને

કેશવર્ધિની

તેલ આરોગ્ય આપે એ વાળને સાચવે છે, સુંદર બનાવે છે અને વધારે છે

કેશવર્ધિની . ૦-૧૪-૦ કેશવર્ધિની શેમ્પુ ૦-૧૪-૦

પોસ્ટેજ અને પેકીંગ અલગ. તમામ મુખ્ય વેપારીઓ વેચે છે અથવા અમારી પાસેથી મંગાવો:

સાઉથ ઇન્ડીઆ કેમિકલ્સ, કોઈમ્બતુર Coimbatore

મુંબઈ અને સેંટ્રલ ઇન્ડીઆના એજન્ટ

મેસર્સ નેશનલ સેઈલ્સ એન્ડ સરવિસ લિ ૧૨, રેમપાર્ટ રો, કોટ, મુંબઈ ૧

ભરત-ગૂંથણ

ચિત્રરેખા શ્રી ભદ્રાબહેન દેસાઈ

આ. દવે

જુલાઈ

વર્ષ ૨૦ · અંક

વિશ્રાંતિ

ચિત્રકાર : શ્રી કનુ દેસાઈ

નવી કોલંબિયા રેકોર્ડસ

વડલો કહે છે વનરાયો સળગી,

મેલી જુના માળા,

ઊડી જાઓ પંખી પાંખોવાળા...

શ્રી અભરામ ભગત

દુલા કાગનું આ જાણીતું ભજન શ્રી અભરામ ભગતે આ રેકોર્ડ પર ગાઈ સંભળાવ્યું છે રેકોર્ડની બીજી બાજુ પણ સાંભળતાંજ ગમી જાય એવું સુંદર ભજન— 'ભાઇ મારો સાથીડો રીસાયો' રજૂ થયું છે. તમારી પાસે આ રેકોર્ડ હોવી એ ગર્વનો વિષય છે.

શ્રી અભરામ ભગત

GE 8567	વડલો કહે છે વનરાયો સળગી ભાઈ મારો સાથીડો રિસાણો

નવી રેકોર્ડસ

મોગુભાઇ કુડીકર

GE 8566 { આવો આજ બાજે બજાયે / પાના બિરી મે કે કબ ઉન દિને

વિજય કુમાર

GE 18051 { મેરી માતાકે સર પર તાજ રહે / ભાગ ૧–૨

વિદનેસી અને પાર્ટી

GE 8552 { બેડી ચઢાકી બારાત / ભાગ ૧–૨

એલ એ. મલીક

GE 8553 { ઇસ ભેદ કો કોઈ ક્યા જાને / હાલે ગમે ફિરાક

○ અમે નીમેલા નજીકના ગ્રામોફોનના વ્યાપારીની દુકાને પધારી આ રેકોર્ડ આજેજ સાંભળો

કોલંબિયા ગ્રામોફોન કં. લી.

કલકત્તા – મુંબઈ – મદ્રાસ – દિલ્લી

COLUMBIA GRAPHOPHONE Co. Ltd. CALCUTTA, BOMBAY, MADRAS, DELHI

દરેક પ્ર. પત્રની પ્રવેશ ફી ફક્ત ૫ આના

કસોટી શબ્દ વ્યૂહ ૧૩૫

બંધ તારીખ ૧ : બુધવાર

રૂ. ૨૦,૦૦૦ એકંદર ઈનામો

પ્રથમ ઈનામ રૂા. ૧૧,૦૦૦ રોકડા
બીજું ઈનામ રૂા. ૪૫૦૦
ત્રીજું ઈનામ રૂા. ૩૫૦૦

સંપૂર્ણ વિગતો માટે 'મક્રમ' અઠવાડિક જુઓ.



આડી ચાવીઓ:

(૧) પ્રથમ ઈનામની...કયા હરીફને નહિ હોય ?

(૫) ગમે તેટલી...હરો છતાં સ્ત્રી સુંદર દેખાવાના પ્રયાસોમા ભાગ્યે જ ક્યારેક રાખશે !

(૭) ...પારખી અપાતી દવા દરદી પર જલદી અસર કરે છે.

(૯) લાછન.

(૧૦) ટેવ.

(૧૧) નોકર.. કરે છે એમ લાગતા શાંત શેઠ પણ ઘડિક મિજાજ ગુમાવી બેસે છે.

(૧૩) .. ને નિભાવી લેવાની વૃત્તિ માનવીમા પાકટ વયે વધુ જોવા મળે છે

(૧૫) દુનિયાના દરેક દેશમા આજે ...નું મહત્ત્વ સ્વીકારાવા લાગ્યું છે

(૧૭) તુમારશાહી તંત્રમાં ઘણા કામો...થાય ત્યારે ઊકલે છે.

(૧૯) આજની નારી પુરુષ સમોવડી બનવાની વધુ.. રાખે છે.

(૨૧) વારસો.

(૨૪) કાવાદાવા કરનાર વ્યક્તિ ધીમે ધીમે ..ગુમાવે છે

(૨૫) કેટ્લું અનુભવોની પરંપરા ચહેરા પર કદીક...લાવે છે.

(૨૬) કુમળાં બાળકો પર...ની વાતો માઠી અસર કરે છે.

(૨૭) ઊભી ચાવી પ્રમાણે .

ઊભી ચાવીઓ :

(૨) સામાને માઠી લાગે તેવી વાત કહેતાં આવો માણસ ભાગ્યે જ ડરે છે.

(૩) અક્ષરો આપેલા છે.

(૪) પોતાની...માટે સ્ત્રીઓને સદા ઊંચો અભિપ્રાય રહ્યો છે ! ફેશનના મોહે સ્ત્રીના પોશાકમાં કેટલાક ફેરફારો કર્યો છે.

(૬) મનમાં...હોય ત્યારે માનવી ભાગ્યે જ જંપીને બેસે છે.

(૮) ...નો મોહ ઘણીવાર વિવેકબુદ્ધિને ભ્રષ્ટ કરે છે.

(૧૨) જેના પર...હરો તેની હરેક પ્રવૃત્તિ તમે બારીકાઈથી જોશો.

(૧૩) લાભ.

(૧૪) ગોઠવણ.

(૧૬) નીડર.

(૧૭) લાગણીપ્રધાન માણસો ભાગ્યે જ કોઈ...ની અવગણના કરશે.

(૧૮) પ્રાણ.

(૨૦) સીધાસાદા માણસો બહુધા ...થી દૂર રહે છે.

(૨૨) ...વાળો માણસ જાહેરજીવનમાં લાંબો સમય ટકી શકે છે.

(૨૩) જુનવાણી આમે આજે...માં ઘણી કીમતતા પ્રવેશી હોય તેમ જણાય છે.

(૨૭) ...વિનાનો માણસ ઘણીવાર સમાજની ખફા નજર વહોરી લે છે.

પ્રવેશ પત્રો મોકલવાનું તથા પત્રવ્યવહારનું સરનામું:

કસોટી કાર્યાલય : ગાંધીરોડ, અમદાવાદ.



અમદાવાદના કલેક્ટરે તા ૨૧-૪-૪૬ ના લાયસન્સ નંબર ૧ થી મંજુર કરેલી હરીફાઈ

કસોટી હરીફાઈના સર્વ શરતો-નિયમો મને કબૂલ મંજૂર છે. પ્રવેશપત્રો એની સાથે આપ્યાં

નામ ______________________

ઠેકાણું ______________________

ગામ ______________________

મેં મારા નામે કુલ પ્રવેશપત્રો નંગ ......ભર્યાં છે.	મેં મારી પ્રવેશફીના રૂ...... આ સાથે......થી મોકલ્યા છે

નિસર્ગોપચારની દૃષ્ટિએ
જીવનઘડતરનું માસિક

તંદુરસ્તી

✱

તંત્રીઓ

ભૂપતરાય મો. દવે
શંકરલાલ મો. દવે

જૂનની ૧૦ તારીખે પડેલો અંક પ્રગટ થઇ ચૂકયો છે.

દરેક ઘરમાં આ માસિકનું વાંચન ઉપયોગી ને રસપ્રદ થઇ શકે તેટલો પરિશ્રમ આની પાછળ લેવામાં આવ્યો છે.

તંત્રીઓનો અઢાર વરસનો કિંમતી અનુભવ આ માસિક પાછળ રહ્યો છે.

દવાઓ અને બીજા ઇલાજો પાછળ જ્યારે ખૂબ પૈસા ખરચીએ છીએ ત્યારે વરસે માત્ર સાડાચાર રૂપિયાના ખર્ચમાં (લવાજમમાં) અત્યંત સરતુ ને ઉપયોગી થઇ પડશે.

આજે જ ગ્રાહક માટે નામ લખી મોકલો. લવાજમ દેશમાં રૂ. ૪-૮-૦ પરદેશમા રૂ. ૭.

★

તંદુરસ્તી કાર્યાલય

ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો
અમદાવાદ-૧

ઊર્મિ નવરચના સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિ

'ઊર્મિ' વર્ષ ૨૦ : 'નવરચના' વર્ષ ૧૫ : અંક ૪ થો

જુલાઈ : ૧૯૫૦

ક્રમ

જેને સત્ય જડ્યું છે	ધૂમકેતુ	૫
જીવનપંથ : [૭]	ધૂમકેતુ	૭
ભાગ્યા દેવ	કલ્પના	૧૨
રોકુ ક્યાંથી ? (કાવ્ય)	જયન્ત પરમાર	૧૯
સાને ગુરુજીનું પુનિત સ્મરણ	ઈશ્વર પેટલીકર	૨૦
માનવીનાં હૈયાં-પનીની કથા	સ્નેહરશ્મિ	૨૫
દરિયાનું દિલ	પદ્મકાન્ત શાહ	૩૩
સેવાગ્રામ-ડાયરી [૪]	પં. શ્રીરામ શર્મા	૪૧
સીધાં ચઢાણ	ધૂમકેતુ	૪૬
ગીતાંજલિ	...	૪૯
ઉપનિષદ્ કથાઓ	...	૫૨
વાવાગોળ [૨]	પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઇ	૫૬
સુ-દર્શને (કાવ્ય)	જયન્ત પરમાર	૬૨
નવો અવતાર	ત્રિ. સ. ખડિકર	૬૩

સ્થળ સંકોચને કારણે 'સર્વોદય કે સામ્યવાદ ?'ની લેખમાળા તથા 'ગ્રંથસમીક્ષા' આ અંકમાં આપી શકાઇ નથી.

—: વાર્ષિક લવાજમ :—

દેશમાં : ૭-૮-૦ :: પરદેશમાં : રૂ. ૧૦-૦-૦

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ-૧
સ્થાણી એન્ડ કંપની : ૪૦૫, કાલબાદેવી : મુંબઈ-૨

પ્રકાશક : ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ વતી ઇશ્વરલાલ મો. દવે
ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ-૧
મુદ્રક : જયંતી મિલાભાઈ દલાલ : વસંત પ્રેસ, ઘીકાંટા રોડ,
પેટાભાઇની વાડી : અમદાવાદ.

શિષ્ટ અને સંસ્કારી સાહિત્ય

પાન સોપારી
હાસ્ય, મર્મ અને કટાક્ષવેરતા શ્રી. ચિનુભાઈ પટવાકૃત રસ, રંગ અને રમૂજભર્યા સચિત્ર ટૂચકા
૪–૦–૦

મેનાપોપટ
શામળભટ્ટકૃત સિંહાસન બત્રીસીની કુતૂહલ અને ચમત્કારભરી, રસિક અને રંગીલી વિલક્ષણ વાર્તાઓ
૩–૮–૦

નવીના
સ્વ. શરદ્ પાણુકૃત નારી જીવનની નમણી કરુણમંગલ નવલકથા
૫–૦–૦

સાધના
સ્વાર્થ અને ત્યાગ વચ્ચે માનવીના મનમાં ચાલતા મથનને મૂર્ત કરતી નકસીદાર સામાજિક નવલકથા
૨–૮–૦

મોભનાં પાણી
નવયુગની પલટાતી પ્રણય ભાવનાની પ્રસંગ ભરપૂર સળંગ નવલકથા
૨–૮–૦

પ્રારબ્ધના પાસા
પાપીના પ્રપંચો, જેની મદદ અને અંતે સત્યનો જય આલેખતી, સનસનાટીભરી રોમાંચક અને ભેદભરી નવલકથા
૪–૮–૦

શ્રી. ચંદ્રવદન મહેતાકૃત
શકુન્તલા
શાકુન્તલનું કન્યાવિદાય સુધીનું કરુણ ગંભીર નમણું રૂપાન્તર
૧–૦–૦

પાંજરાપોળ
એક સંસ્થા સામે લાલબત્તી ધરતું હાસ્ય અને કટાક્ષવેરતું નાટક
૨–૦–૦

શ્રી. ચુનીલાલ મડિયાકૃત
હું ને મારી વહુ
રમૂજની રંગત રેલાવતું તખ્તલાયક નવું નાટક
૧–૮–૦

પાવક જ્વાળા
જૂના અને નવા યુગના સંઘર્ષની હૃદયંગમ સામાજિક નવલકથા
૩–૮–૦

જયગિરનાર
સચિત્ર પ્રવાહી પ્રવાસ વર્ણન
૧–૦–૦

શ્રી. અવિનાશ વ્યાસકૃત
મેંદીનાં પાન
પ્રેક્ષકોની પ્રશંસા પામેલી નવનૃત્ય–ગીત–નાટિકાઓ
૨–૮–૦

અર્વાચીના
રંગભૂમિ રસિકોની રંગલીલા
૧–૦–૦

સ્વ. ઝવેરચંદ મેઘાણીકૃત
તુલસીક્યારો
વાત્સલ્ય અને સ્વાર્થત્યાગની જીવાતા જીવનની કુટુંબકથા
૪–૦–૦

પ્રભુપધાર્યા
બ્રહ્મદેશમાંના ગુજરાતીઓની કરુણ–મંગલ નવલકથા
૨–૮–૦

માણસાઈના દીવા
શ્રી. રવિશંકર મહારાજના પ્રેરક ને રોમાંચક જીવનપ્રસંગો
૨–૮–૦

દાદાજીની વાતો
રોચક અને રોમાંચક કૌતુકભરી લોકકથાઓ
૧–૪–૦

પ્રો. મનસુખલાલ ઝવેરીકૃત
ફૂલદોલ
ભાવ અને ભાષાની સભરતાભર્યાં કાવ્યોનો સંગ્રહ: નવી આવૃત્તિ
૨–૪–૦

ભોજ અને કાલિદાસ
હાસ્ય અને હાજરજવાબીની ૧૦૪ ચાતુર્ય અને ચમત્કારભરી વાર્તાઓ
૪૧૬ પાનાં
૪–૦–૦

શ્રી વિજયરાય વૈદ્યકૃત
નાજુક સવારી
હળવી શૈલીની મર્માળી નિબંધિકાઓ
૧–૮–૦

એન. એમ. ત્રિપાઠી લિમિટેડ.
બુકસેલર્સ : પબ્લિશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ–૨

જેને સત્ય જડ્યું છે:

તેને માટે સ્વયંનિર્મિત બંધનનો આનંદ જ બસ છે. એ એમાં જીવનની ધન્યતા અનુભવે છે.

એક દેશના વેપારીની વાત છે. એણે એના માખણના વેપારમાં ઘી કેળાં થવા મંડ્યા. લડાઈ આવી હતી કે પછી જતી જતી પૂંછડીનો ઘા મારી રહી હતી. ગમે તેમ, પણ એ હજારો લાખો ને કરોડોનાં સ્વપ્નાં દેખવા માંડ્યો.

પણ પછી એક દિવસ એનો અંતરાત્મા જાગ્યો; અતિલક્ષ્મીના ભાનથી કે પછી જીવનની ક્ષણભંગુરતાથી.

એણે દેશદેશના ભાવનો અભ્યાસ માંડ્યો. પોતાના દેશની ખપત જરૂરિયાત ખર્ચ ઉત્પાદન તમામ આંકડાઓને સત્યની હાજરીમાં બેસાર્યા. એમાંથી એને સુઝી આવ્યું કે જે ભાવ એ લઈ રહ્યો હતો તે ભયંકર રીતે અન્યાયી હતો.

પણ એના દેશમાં એ એકલો જ રાજા ન હતો.

બીજા એના ભાઈઓ એની સાથે વેપાર સંબંધથી જોડાયેલા હતા. એમનું એક મંડળ હતું.

એ મંડળના દરેક વેપારીને એણે પોતાનું મનોમંથન જણાવ્યું. જે ભાવ લેવાય છે. તે ભયંકર રીતે અન્યાયી છે એ બતાવ્યું.

એમ છેવટે, આપણે આપણા દેશમાંથી જ તાકાતવાન ને વીર્યવાન પ્રજાનો નાશ કરીશું એ પણ સમજાવ્યું

પણ પૈસો બુરી ચીજ છે. ભાવ ઓછા કરવાનું કોઈએ કબુલ કર્યું નહીં.

એ પોતે પોતાના મંડળથી એકલો થઇ જાય—એમાં પ્રજાશાસનના સિદ્ધાંતની મશ્કરી હતી.

માણસ મોટો ગમે તેટલો હોય, પણ જો અત્યંત અપમાનજનક વસ્તુ ન બની હોય, તો એણે બહુમતવાદને માન આપવું એ જ પ્રજાશાસનને દઢ કરવાનો એક માત્ર ઉપાય છે.

એણે એણે મંડળનો ત્યાગ ન કર્યો. મંડળ વિરુદ્ધ થઈ પોતે પોતાના ગ્રાહકોને ખાનગી કમીશન આપે એ પણ ઠીક નહિ.

એટલે એણે એક નવો રસ્તો શોધ્યો. પોતાના ગ્રાહકોનું 'લીસ્ટ' તૈયાર કર્યું. તેમનું આર્થિક સ્થિતિનું પૃથક્કરણ કર્યું. અને પછી પોતે જે ભાવ ખરી રીતે યોગ્ય માનતો હતો, એના કરતાં જેટલા પૈસા વધારે આવતા હતા, તે માખણમાં ગુપ્ત રીતે તેમને ભેટ તરીકે મોકલવા શરૂ કર્યા!

આનું જતે દહાડે એક પરિણામ આવ્યું મંડળના તમામ સભ્યોએ ન્યાયસરના ભાવ લેવાનું કબુલ કર્યું!

આપણે આંહીં પણ પ્રવચનો કરવા વાળા પ્રવચનો બંધ કરે. મોટી મોટી ફંડ ફાળાની સભામાં હાજરી આપી અને ચર્ચા કરવાનો આનંદ જતો કરે. અને જો ખરી રીતે કાંઇક પણ કરવું જ હોય તો પોતાને આંગણેથી વિવેક-પૂર્વકની વ્યવહાર યોજનાથી શરૂઆત કરી

એનું પરિણામ આવ્યાં વિના નહિ જ રહે એ નિશ્ચિત છે.

પણ સવાલ આટલો જ છેઃ "પહેલ કોણ કરે?' અને ખરી રીતે તો એ સવાલ પણ નથી. સવાલ આ છેઃ 'આવી કલ્પના કોના બાપની ઉછીની લેવી?'

ધૂમકેતુ

★

બંધન મુક્તિ

આપણો આત્મા બંધનથી મુક્ત થવા ઈચ્છે છે એમ આપણે સાધુ સંન્યાસીઓ કહ્યા જ કરે છે. એ વાત તદ્દન ખોટી છે આપણો આત્મા હર પળે એમ ઈચ્છી રહ્યો છે કે આપણે મન દ્વારા, વાણીદ્વારા, કર્મદ્વારા સત્યનું બંધન મેળવી લેવા પ્રયત્ન કરીએ સત્યના બંધનથી આપણો આત્મા, આપણા દેહને નિત્ય વળગી રહેવા ઈચ્છે છે. એની ઈચ્છા તો આપણો દેહ હજારો વર્ષ કામ કરે તેવી છે. બંધનથી મુક્તિ તો આપણું જે નિર્બળ મન છે તે ઇચ્છે છે. આપણો આત્મા મુક્તિ નહિ-બંધન-સત્યનું બંધન માગે છે. સત્યના બંધન કરતાં મુક્તિમાં કાંઈ જ વધુ નથી. માટે આત્માનું બંધન શોધી કાઢો. બંધન દ્વારા જ માણુસ માણુસ બને છે, બંધન દ્વારા જ એ પોતાનો ત્યાગ, સત્યનું અન્વેષણ અને કર્મનો આનંદ, મેળવે છે. માટે આત્મા તો હરપળે ઇચ્છી રહ્યો છે કે આપણે સત્યનું બંધન મેળવીએ અને એ દ્વારા પરમાનંદના ઝાંખી કરીએ.

જીવનપંથ [૭]

ધૂમકેતુ

આ પ્રમાણે હું રેલ્વેમાંથી નીકળીને ત્યાંની સંગ્રામજી હાઇસ્કૂલમાં રહ્યો. પણ હજી કાંઇ મન સ્થિર થયું ન હતું. એ વખતે આફ્રિકા જવાનો વિચાર પણ થઇ આવ્યો હતો. અમારી તે વખતની મંડળીના એક ભાઈ છોટાલાલ શ્યામજી શુકલ આફ્રિકા ગયા હતા. તેમણે ત્યાંની હકીકત અને થોડી માહિતી મોકલી હતી, અને Director of Education Nairobi. E. Africa એ સરનામે અરજી કરવાની સૂચના આપી હતી. પણ એમણે આફ્રિકાના હિંદી જીવનનું દોરેલું ચિત્ર બહુ આકર્ષક ન હતું. એટલે એ વિચાર પાછળથી મૂકી દીધો હોય એમ લાગે છે.

પણ તે છતાં, કોણ જાણે કેમ ગોંડલમાં સ્થિર થવાનું નિર્માણ ન હોય કે ગમે તેમ, પણ એ અરસામાં ઘણે સ્થળે અરજીઓ કરી છે ને કેટલેક ઠેકાણેથી સારો જવાબ પણ મેળવ્યો છે. એ કે એક કે બીજે કારણે ક્યાંય જવાનું કર્યું નહિ

આ વખતે ત્યાં હેડમાસ્તર તરીકે હીરાભાઇ કરીને ગૃહસ્થ હતા. ઘણા જ આનંદી હસમુખા અને પ્રેમાળ!

બપોરે બેથી ત્રણની ચા હીરાભાઈ પીવા જાય ત્યારે એમની સાથે ચા પીવા જવી એ એક પ્રકારની અનોખી મોજ હતી. માસ્તરો પણ બધા મારા જાણીતા ને પ્રેમાળ હતા. એટલે ઘડીભર લાગ્યું કે હવે આ જીવન જ યંત્રવત્ ચલાવવાની ભાગ્યરેખા જણાય છે.

વિદ્યાર્થીઓમાં પણ મારી નામના ઠીક ઠીક હતી. એક વખત એ અરસામાં એક પ્રસંગ બનેલો તે યાદ આવે છે.

ઘણું કરીને વાર્ષિક પરીક્ષાઓ પૂરી થઈ હતી અને નવા વર્ગો પાડવાનું કામ શરુ થયું હતું.

વિદ્યાર્થીને અંગ્રેજી ત્રીજા અને ચોથા ધોરણ વચ્ચેનો તફાવત મુંઝવનારો અને આકરો લાગે છે.

નિશ્ચયાત્મક વલણ લઇ શકે એ પરિપકવ બુદ્ધિ હજી એ વખતે ઉદ્દય પામી હોતી નથી. અને ત્રીજા ધોરણમાંથી ચોથા ધોરણના પ્રવેશ વખતે જ નવા અનેક વિષયો આવી પડે છે. વળી માધ્યમ જ્યારે પરભાષામાં હોય ત્યારે તો આ દરેક વિષય ખરી રીતે હોય તેના કરતાં હજાર ગણો વધારે અઘરો લાગે છે.

ચોથા ધોરણમાં બીજી ભાષાનો પ્રશ્ન પણ મુંઝવનારો થઈ પડે છે. ફ્રેંચ, પર્શ્યન, સંસ્કૃત ત્રણમાંથી કોણ વધારે સહેલી પડે એના જવાબ વિદ્યાર્થીને જુદી જુદી રીતે મળે છે. એટલે એ બીજી ભાષાની પસંદગીનો પ્રશ્ન પણ મુંજવનારો બની જાય છે. આ પ્રમાણે એક વખત નવાં ધોરણો રચાયાં ત્યારે કોણે જાણે કોણ તુત ઉડાડેલું કે પર્શ્યન સહેલું પડે ને સંસ્કૃત અઘરું પડે. સાધારણ રીતે પણ આ માન્યતા પ્રવર્તતી હોય છે જ. એટલે ચોથા ધોરણમાં જતા ઘણાખરા વિદ્યાર્થીઓએ પર્શ્યનને પસંદગી આપી અને સસ્કૃતમાં તો બે ત્રણ છોકરા જ દેખાયા!

એ વખતે સંસ્કૃત મારે લેવાનું હતું. ક્લાસમાં છોકરા ત્રણ કે ચાર જ! ને પર્શ્યનનો આખો વર્ગ ભરાઇ ગયેલો.

નિશાળ જીવનમાં તો આવા પ્રશ્નો જ મહત્ત્વના રહ્યા. એટલે આ તફાવત ઉડીને આંખે વળગે તેવો હતો. એમાંથી તો એ ય પણ નિર્ણય થઇ શકે કે આ તફાવતમાં શિક્ષકોની બીનઆવડત કારણરૂપ હોવી જોઈએ.

બીજે દિવસે ક્લાસ શરૂ થયા. બધા વિદ્યાર્થીઓ પર્શ્યનમાં દોડે એ સહેલું છે એવી માન્યતા ઘર કરી ગયેલી વળી સંસ્કૃતમાં નવો માણસ કેવું શીખવશે એ પણ શંકા!

પરિણામે હું તો ચાર પાંચ છોકરા લઇને આખા વર્ગમાં વારંવાર ઘૂમી વળું તો પણ વખત પૂરો ન થાય! પણ ડૉ. નરભેરામે જે રીતે શીખવવાનું શરુ કર્યું હતું તે પ્રમાણે, મેં સંસ્કૃતના ગણના તફાવતો નાતજાતના ભેદથી સમજાવવા માંડયા! અત્યારે અપ્રગતિશીલ લાગે તેવી આ ઉપમાઓએ ગણભેદ—પહેલો ચોથો છઠ્ઠો દશમો—વિદ્યાર્થીઓ માટે વિનોદાત્મક ને રસમય કરી મૂક્યો. બ્રાહ્મણ, રજપૂત, કણબી એ

બધા જેમ માણસ છે પણ બેગા જમવા બેસતા નથી, તેમ પહેલો ગણ, ચોથો ગણ, છઠ્ઠો ને દસમો ગણ બધા ક્રિયાપદ છે પણ પોતપોતાનો અનોખો ચોકો ગણે છે; એવી રીતે ગણભેદ સમજાવતાં એ વિદ્યાર્થીઓએ તરત પકડી પાડયો! એટલું જ નહિ એ અનોખી વાતોનો પ્રચાર શરૂ થયો!

અને માત્ર એક જ અઠવાડિયામાં એક ચમત્કાર થયો!

પાર્યનમાં, જ્યાં આખો વર્ગ ભરાઇ રહેતો હતો ત્યાં, ત્રણ ચાર છોકરા જ દેખાયા સંસ્કૃત વર્ગ આખો ભરાઈ ગયો.

સંસ્કૃતને રસમય અને સહેલું કરવા કરતાં પણ વાતાવરણમય કરવાની પ્રથમ જરૂરિયાત છે. અને તે મધુર કંઠે શ્લોકો બોલવવાથી થઈ શકે. ક ચ ટ ત ને ગમ–ગચ્છ કરતાં પહેલા દિવસો સુધી વિદ્યાર્થીઓમાં સંસ્કૃતની મધુરતા રમતી કરવી જોઇએ તો એનાથી એ વિષય પરત્વે સાંસ્કૃતિક પ્રેમ ઉભો કરી કરી શકાય એવો અનુભવ થયો છે.

આ તો જાણે જ્યાં પ્રસંગો ઓછામાં ઓછા બને છે એવા શિક્ષણ જીવનને લગતી એક વાત થઇ. પણ જો આપણે વારંવાર હાલતા ચાલતા કહીએ છીએ તે ખરેખર ગંભીર રીતે કહેતા હોઇએ તો શિક્ષણ પ્રદેશમાં આપણે વધારે ને વધારે કલ્પનાશીલ ને વિવેકી અભ્યાસ ગોઠવવો જોઈએ, અને ગોખણ પટ્ટી પરીક્ષા અને સર્ટિફીકેટને ધીમે ધીમે વ્યવહારમાં કોઇ સ્થાન ન રહે તેવું કરી નાખવું જોઇએ. આપણો ઉદ્ધાર તો છે, બાકી અત્યારની રીત પ્રમાણે તો આપણે ઉલમાંથી ચુલમાં, ને ચુલમાંથી ઉલમાં પડવાના ફેરફારો જ માત્ર કરી રહ્યા છીએ.

આ પ્રમાણે હું હાઇસ્કુલમાં સ્થિર તો થયો પણ મનમાં નિરાંત ન હતી. એટલે જુદા જુદા પ્રયત્નો ચાલુ રાખ્યા જ હતા. નવલિકાના ઉદ્‌ભવ વિષે કહેવાય છે કે નિત્યજીવનમાં કોઇ પ્રસંગ ન બને તો મનમાં ને મનમાં વાત જોડીને પણ બાળક એને કાર્યવેગ આપે ત્યારે જ એને આનંદ આવે છે! બધા બાળક માટે કદાચ આ સાચું નહિ હોય, કોઇને કોઇ રીતે તો બીજાને બીજી રીતે આનંદ લેવાની વૃત્તિ હોય એ સ્વાભાવિક છે, પણ આ ત્રણ ચાર વર્ષ જે મનોમંથન, અથડામણ, અશાંતિ, અને અસંતોષમાં ગયાં એનું જ્યારે આજે એક ચિત્ર મન સમક્ષ રજુ કરવાનો પ્રયત્ન કરું છું, ત્યારે લાગે છે કે એનું પૃથક્કરણ એક જ રીતે થઈ શકે. અને તે એ કે હું કાંઇક શોધી રહ્યો હતો–મને એ જડતું ન હતું!

પણ વખતે કોઇ વક્રદષ્ટિ વિવેચકને આમાં વધારે પડતો હુંકાર જડી આવે એવો સંભવ છે, એટલે આજે કરેલું એ પૃથક્કરણ અશાસ્ત્રીય છે એ કબૂલ કરીને પણ, આટલું કહેવું પ્રાપ્ત થાય છે કે આ તમામ અશાંત પ્રયત્નો, સાહિત્યનું કંઇક રૂપ હાથમાં આવતાં ધીમે ધીમે થાળે પડવા માંડ્યા હતા. એ વસ્તુસ્થિતિનું કાંઇક મહત્ત્વ હોય તો એ ઉપરથી પણ અનુમાન તો ઉપજું જ–શકય લાગશે, પછી તો ભિન્ન રૂચિ હિ લોકાઃ.

પણ આ શાળાજીવનમાં એક વસ્તુ હમેશાં ખૂંચતી હતી. એનું સ્થાનિકમાં કે સમાજમાં કંઇ જ મહત્ત્વ નહિ! એ સ્વમાન હણનારી વસ્તુથી ઘણી વખત એમ લાગી આવતું કે બધું સંકેલીને પણ કાંઇક એવી જ કેડી સ્વીકારવી જોઇએ કે જે કેડીએ આગળ જતાં હિમ્મત વધતી હોય! શિક્ષકની તો જીંદગી જ એવી કે જેમ ઉમ્મર વધે ને અનુભવ વધે તેમ એની હિમ્મત ઘટે! હા, જો જો, સલામોની સંખ્યા વધતી રહે!

એટલે 'ગેલ ગેચીડાં કરવત'ની પેઠે વળી પાછી રેલ્વે તરફ દૃષ્ટિ કરી!

એક વખત નોકરીના સાધનને પાછું પેસવું એ ઘણું મુશ્કેલ તો હતું. પણ દેશીરાજ્યોમાં–તેમ જ આજે તો હવે કોંગ્રેસ સરકારમાં પણ, વાકાનો મહિમા ઘણો છે. તેમ ગાઇ પણ એક વાકાના બનો એટલે તમારા બધા ગુણો જ ઉભા થવા માંડે! પછી તમારામાં શક્તિ લાગે, તમારી સેવાવૃત્તિ અદ્‌ભુત જણાય. તમારી ભક્તિની પરાકાષ્ટા દેખાય. તમારા કરતાં વધારે લાયક કોઈ નજરે જ ચડે નહિ ને! પછી તમે ભલે ને બહારા બેઠા પણ તમારાં એ બહારાં

કલાત્મક જણાવા માંડે ! વાડાનો આવો મહિમા છે. અને વળી એનો એક બીજો મહિમા પણ છે. મોગલસામ્રાજ્ય જ્યારે પડ્યું ત્યારે એના પતનમાં જેટલો ભાગ આ વાડાએ ભજવ્યો હતો તેટલો તો ખુદ રણમેદાનમાં મળેલા પરાજયોએ પણ ભજવ્યો નહિ હોય ! દરેક માણસ રાજકાજમાં પોતાના વાડાનું પેટું લાવવા મથી રહ્યો હતો. પરિણામે આખું તંત્ર પેટાંઓનું બની ગયું હતું ને સિંહ કોઈ ન હતો !

એટલે આ વાડા, હરેકતંત્રનો વિનાશ સરજનાર ને નવું રૂપ લાવનાર તરીકે પણ કામ કરે છે !

મેં પણ આ વાડામહિમાનો આશ્રય લીધો. જે એક વાડો મને નજરે ચડ્યો ત્યાં આંટાફેરા શરુ કર્યા, બીજા વાડાની આઘીપાછી આદરી. પણ મને ખબર નહિ કે આ બધું હું કરી રહ્યો હતો, છતાં કુદરત તો પોતાની રીતે પણ આમાંથી પોતાનો રસ્તો કાઢવાની હતી !

મને લાગે છે ઘણીવખત કુટુંબમાં વાત થતી કે રેલ્વેની આવી સારી નોકરી ગુમાવી દીધી, એ વાતથી વેગ પામીને કે પછી આવી નોકરી પાછી મેળવવી એ શક્તિ બહારની વાત નથી, એવું સિદ્ધ કરવા ગમે તેમ, મને પણ આ રસ્તો સૂજ્યો. એક વાડો પકડવાનો, બાકી સ્વભાવથી એ રસ્તો મારો ન જ હતો.

એટલે તે વખતે એક બીજા રેલ્વે અધિકારીને સાધ્યા. સર ભગવત પાસે એનો બોલ એ વખતે પડ્યો ઝીલાતો. આપ્ટર સાહેબ બદલી ગયા હતા. એટલે પરિણામ અનિવાર્ય રીતે ધાર્યું હતું તે જ આવ્યું. ફરીને મારે માટે રેલ્વેનો ઓર્ડર નીકળવાની તૈયારી થઈ રહી ! સવાલ માત્ર ચોવીસ કલાકનો જ બની ગયો.

પણ જ્યારે આ વસ્તુ શક્ય છે તેમ લાગ્યું, જ્યારે સિદ્ધિ પ્રત્યક્ષ દેખાણી, જ્યારે આ નોકરી પાછી મેળવવાની તાકાત છે એ વાત નક્કી કરવાની હતી તે નક્કી થઈ ગઈ, બરાબર ત્યારે જ હવે મહા મનોમંથન શરૂ થયું !

સવારમાં પેલા અધિકારી સાહેબ સાથે નક્કી કર્યું. મારું નામ હવે પછીના આવતીકાલના ગેઝેટમાં રેલ્વેમાં થયેલી ફેરબદલી રૂપે આવનારું છે એ ચર્ચા થઈ ગઈ. વિજય પામ્યાનો સંતોષ અનુભવ્યો. પછી તે વખતના એડીટર પરમાર સાહેબને ત્યાં મારું 'ટ્યુશન' હતું. એટલે હું ટ્યુશનમાં ગયો !

એમની સાથે કેટલીક વાતચીત થઈ, અચાનક કદાચ અકસ્માત જ, મારાથી એક પ્રશ્ન એમને પૂછાઈ ગયો: 'કઈ 'લાઈન' સારી ?'

ગેઝેટમાં મારું નામ આવે છે એ ખબર એમને હોય તેમ લાગ્યું. તે મારી સામે જોઈ રહ્યા. પોતે ખરા વૈષ્ણવ હતા અને ભક્તજન પણ હતા. રહેવાથી સાદીના હતા, ઘણી ગરીબીમાંથી આગળ વધ્યા હતા. પહેલાં રેલ્વેમાં રખાવવા માટે મારી ભલામણ એમણે જ કરી હતી એ મારું મનોમંથન સમજી ગયા. તેમણે ધીમેથી કહ્યું: 'તમે આમાં આવીને આંહી વધારે આગળ વધશો એવું કાંઈ જ નથી ! આગળ તો માણસ ગમે તે ઠેકાણે વધી શકે. પોતાનામાં ગતિ હોવી જોઈએ !'

એમના આ શબ્દોએ એ વખતે ચમત્કારિક અસર કરી,

તે આખી બપોર હું નદી કાંઠે ને બગીચાઓમાં રખડ્યા જ કર્યો !

સાંજે પાછો ફર્યો ત્યારે વલણ નિશ્ચયાત્મક બની ગયું હતું !

ગમે તેમ થાય હવે તો એક જ વસ્તુને જીવન અર્પણ કરવું છે. અને એને માટે તો આ જે હતું તે જ ઠીક હતું, એ નિશ્ચય થઈ ગયો હતો.

એટલે રાતે આઠ વાગે પેલા અધિકારીને ત્યાં ગયો. એને જઈને કહ્યું કે મારે રેલ્વેમાં આવવું નથી.

એના આશ્ચર્યનો પાર રહ્યો નહિ ! એને મારી મૂર્ખાઈ ઉપર હસવું કે ખીજાવું એ સમજાયું નહિ. પણ આ અનિશ્ચયાત્મક વલણથી પોતે અગવડમાં મૂકાતો હતો એની ચિંતા એને વધારે હતી. એટલે એણે તો તરત મને કાંઈક ઉપેક્ષાભરેલી રીતે વિદાય જ કરી દીધો ને ગમે તેમ કરીને તે જ વખતે દોડાદોડી કરી મૂકી અને 'ગેઝેટ'માંથી ફેરફારી કઢાવી નાખી !

આ પ્રમાણે બીજી વખત રેલ્વેમાં જવાનું થતું હતું તે ઉકેલી પણ અટકી પડ્યું !

પણ કોઈને ખબર નહિ એવો એક ફણગો ફૂટ્યો.

આ કરવા ધારેલી ફેરફારીને લીધે મારું નામ, જે અત્યાર સુધી તો અજ્ઞાત રૂપે જ હતું, તે હવે પ્રગટ થઈ ગયું. અને કેણ જાણે કેમ બીજે જ મહિને એક દિવસ સમામજી હાઈસ્કુલમાં એક ઓર્ડર આવી પડ્યો !

મારી બદલી કન્યાહાઈસ્કુલમાં કરવામાં આવી હતી.

તે વખતના ત્યાંના સ્થાનિક મહત્ત્વ પ્રમાણે, શિક્ષકોને કન્યાહાઈસ્કુલ, નીચી કક્ષાની જણાતી. ત્યાં જવું એ ઉતરતી પાયરીનું લેખાતું. ગરાશીઆ કોલેજના શિક્ષકો શ્રેષ્ઠ મનાતા. સમામજી હાઈસ્કુલ તે પછીનો નંબર મેળવતી. પણ કન્યાહાઈસ્કુલ તો ત્રીજાવર્ગનો અધિકાર રાખતી.

એટલે ત્યાં થયેલી બદલી મને ખૂંચી ગઈ !

અનુમાન એમ પણ થયું કે રેલ્વેની ઉંક છેલ્લી ઘડીએ બંધ રખાયલી ફેરબદલીનો આ પડઘો છે !

એ ગમે તેમ હોય પણ હુકમ એ હુકમ હતો, અને ત્યાં જવું જ પડે એ ચોક્કસ હતું.

પણ કોઈ વાતમાં, ખાસ કરીને અન્યાયી જણાતી વાતમાં નમતું ન આપવાની વૃત્તિ તો પહેલેથી જ બળવાન હતી. એટલે જ્યારે ધારી લીધું કે આ અન્યાય છે ત્યારે પહેલાં તો એને માટે ધોકા શરુ કર્યા. બધા કેળવણી અધિકારીઓને મળ્યો. એમાં કાંઇ ફેરફાર કરવાની એમની શક્તિ ન હતી એટલે છેવટે કન્યાહાઈસ્કુલમાં જવું પડ્યું—પણ તે જ વખતે મનમાં નિશ્ચય કરી લીધો કે અહીં હવે લાંબો વખત રહેવાનું નથી.

આ પ્રમાણે જે પ્રયત્ન વડે ફરીને રેલ્વે લાઇન લેવાનો આશય રાખ્યો હતો, તે જ પ્રયત્ને ગોંડલ છોડવાનો નિશ્ચય કરાવ્યો !

પરંતુ આ નિશ્ચય એ હવે કેવળ હવાઇ નિશ્ચય ન હતો.

આ સઘળો વખત, આ મનોમંથન અને પ્રયત્નની સાથે સાથે, સાહિત્યપ્રવૃત્તિ ચાલુ જ રહી હતી. એ વખતે 'વીસમીસદીની બોલબોલા હતી એ આગળ કહેવાઇ ગયું છે. એક વસ્તુનો નિર્દેશ અહીં કરવો જોઇએ. ઘણું કરીને હાજીમહમ્મદના એક બે કાગળ મને મળ્યા હતા. એની સાદામાં સાદી કૃતીમાં પણ એટલી બધી સચ્ચાઇ દેખાઇ આવતી કે એમના એ કાગળ વાંચતાં, કાગળમાં કાંઇ ન હોય છતાં કોણ જાણે કેમ, કાંઇક અસરકારક પડ્યું હોય તેમ લાગ્યા જ કરતું !

અને 'વીસમીસદી'ની એ સજાવટ, એ રજૂઆત, હાજીમહમ્મદની પ્રેમભરેલી પ્રોત્સાહક પંક્તિઓ, એ સઘળાંની સમગ્ર અસર, એ થતી કે, સાહિત્યનો આ માર્ગ બાદશાહી જણાતો અને એને પાએ બીજી તમામ વસ્તુઓ મુફલીસ લાગતી !

અને તેમાં પાછા ત્યાંના મિત્રો દેશળજી પરમાર અને બચુભાઈ રાવત, સાહિત્યના વાતાવરણમાં એટલા રચ્યાપચ્યા રહેનારા માણસો હતા કે સાહિત્યની ધૂન સિવાય બીજી કોઇ ધૂનનો અવકાશ જ રહેતો નહિ !

અને એને પરિણામે જ્યારે આ કન્યા હાઇસ્કુલમાં બદલી થઈ ત્યારે તો આ સાહિત્યનો જ માર્ગ આપણા માટે છે એ વધારે દૃઢ રીતે મનમાં ઠસી ગયું !

એ બદલી થઇ ન હોત તો કદાચ એ નોકરી છોડવાનો સંકલ્પ કદી ન હોત. પરંતુ ગમે તેમ એ બદલી એક રીતે થઈ તે સારું, થયું.

કન્યા હાઈસ્કુલવાળાને મોટામાં મોટો ગેરલાભ એ હતો કે એમને વેકેશન મળતું નહિ. એને બદલે ચાર પગારે એક મહિનાની રજા મળતી.

એટલે જેમને કાંઇક પણ સાહિત્યપ્રવૃત્તિ કરવી હોય તેમને માટે આ ફેરબદલીનું મહત્ત્વ, વખતની દૃષ્ટિએ પણ ઘણું હતું. એટલે આ નિશ્ચય થયો તે અમલમાં મૂકતાં વખત તો લાગ્યો પણ એ નિશ્ચય મનમાં લેવાઈ ગયો હતો એટલું ચોક્કસ.

બરાબર હિસાબનો આંકડો માંડીને તો ન આપી

શકાય પણ સામાન્ય ગણતરીએ ત્રણ વર્ષનું– એટલે બરાબર એક હજાર દિવસનું–આ મનોમંથન ચાલ્યું !

આ સમય દરમ્યાન મેં શરૂ કરેલી એક અપ્રગટ નવલકથા– 'મસ્તચિતારો ' એના કેટલાક પ્રકરણો જીવનની વિષે કલ્પનામાંથી ફુટ્યા લાગે છે. હાજી મહંમદહમ્મદના અખાડાની વાતોએ પણ એ કલ્પના આવી હોય એ અસંભવિત નથી. 'મસ્તચિતારા' નાં કેટલાંક પ્રકરણો આ પ્રમાણે છે.

એક રાત્ર !
ચિતારાનું કાવ્ય !
એનું મિત્રમંડળ
રંગનો અખાડો.
....
....
કલ્પનાનો મહેલ
ત્રિપુટી
સમર્પણ !

આ નવલકથા ' રાજમુગટ ' પહેલાની છે. હજી એ પ્રગટ થઇ નથી, તેમ પછી તો પૂરી લખાઇ પણ નથી, પરંતુ એ સાહિત્યપ્રવૃત્તિ વિષેની રંગભરી કલ્પનાનું એક મનોરમ ચિત્ર રજૂ કરે છે. અને એ ચિત્ર બીજા કોઇનું નહિ, પણ મનમાં જે એક અખાડાની ને અખંડ ઉપાસનાની ભૂમિકા રચાઇ રહી હતી તેનું જ એ પ્રતિબિંબ હતું. એ વખતે અમારા બધા મિત્રોના મનમાં સાહિત્યની સૃષ્ટિમાં કાંઇ ને કાંઇ કરી નાખવાની ધૂન જ સવાર થઇ બેઠી હતી. એમાં બચુભાઇ રાવત અમદાવાદ જઇ બેઠા હતા. એમણે પ્રથમનાં મુશ્કેલીભર્યાં વર્ષો 'સસ્તાસાહિત્ય'માં શરૂ કર્યાં હતાં. તે વખતના એમના એક પત્રમાં થોડું ટાંચણ બતાવી શકશે કે એક પ્રકારની સાહિત્યઉપાસના માટેની ધૂન એ વખતે સૌને દોરી રહી હતી. એનું ચિત્ર સુરેખ નહિ હોય છતાં એમાં રહેલી ભાવના તો બળવાન હતી જ. 'મસ્ત ચિતારા'ની અપૂર્ણ નવલકથાના એક પ્રકરણમાં ઉપર મૂકેલું એક સુવાક્ય આ પ્રમાણે છે:—
"Painting is silent poetry; and poetry is speaking painting", "મસ્તી એટલે મૃત્યુ."

શ્રી. બચુભાઇ રાવત 'સસ્તાસાહિત્ય'માં બેઠા ભાવના તો સાહિત્યજીવનની જ ઘડી રહ્યા હતા. એમનું મનોમંથન આ નીચેના ટાંચણથી દેખાઇ આવશે. પોતાના હસ્તલિખિત "જ્ઞાનાન્જલિ" માટે લખ્યું છેઃ "તું અને દેશુ (દેશળજી પરમાર) મારી મદદે છો એ આશાએ મેં ઝંપલાવ્યું છે. છોકરો મને બહુ સોગસો નથી. વિજય પણ બહાવરા સરખો દીસે છે. હવે તમારી જ મદદ અને હિમ્મતે કામ શરૂ કરું છું. પણ મારો એક પ્રકારનો છુપો ભય છે. જ્ઞાનાન્જલિનો દીપોત્સવી અંક આ વખતે હું તૈયાર કરી શકીશ કે નહિ?...કાર્લાઇલ (તું લખે છે તેમ) માનવસમાજના ધિક્કારભર્યા સ્વરૂપોને જોઇને હાથ પગ પછાડતો. હું પણ આદર્શોને પૂજું છું. આદર્શ જીવન ગાળવાના મ્હને અભિલાષ છે. એ માટે હું જીવું છું......વગેરે."

આ લખાણનું મહત્વ પ્રાથમિક ભૂમિકાની દૃષ્ટિએ જોતાં સમજાય તેવું છે.

પણ બચુભાઇ રાવત અમદાવાદ આવ્યા, અને એમની કાંઇક સ્થિર થવાની મનોદશા થઇ એટલે દેશળજી પરમારને તેમજ મને–અમને બન્નેને આંહીંનું આકર્ષણ વધ્યું. એ વખતના પત્રોમાં પણ આ વસ્તુ દેખાઇ આવે છેઃ સાહિત્ય પ્રવૃત્તિ વિષે લખતાં કહે છે; "અને મને તારો એક સિદ્ધાંત બહુ ગમ્યો. અને હમણાં હું એ અનુસરી રહ્યો છું. સતત પ્રવૃત્તિથી જીવન યંત્ર જેવું બની જાય છે અને એ મને આંહીં આવ્યા પછી જણાયું. ઘણાયે કલાકોના કલાકો સુધી મને એવું થાય છે કે હું અચેતન સમો પડી રહું છું. વાંચતો નથી, લખતો નથી, વાતચીત પણ કરતો નથી. એમ ને એમ પડી રહું છું. વળી કોઇ દિવસ સતત લખું છું; તો બે ચાર દહાડા સુધી લખ્યા કર્યા વગર વાંચ્યા જ કરું છું. મને આમ આંહીં આવ્યા પછી થાય છે. પણ મને લાગે છે એમાં જ મારો આનંદ છે, એટલે તારો સિદ્ધાંત કેટલાક દિવસ સુધી કાંઇ પણ ન કરવાનો મને ગમ્યો છે, એટલું જ નહિ સાચો અને નક્કર જણાયો છે, વાતો કરવી એ સુંદર સાહિત્ય છે !' તેં કહેલું આ વાક્ય સાંભરે છે પણ આંહીં વાતો ક્યાં કરું? એ સિદ્ધાંત પણ આંહીં આવ્યા પછી સમજાય છે !"

આ પ્રમાણે સાહિત્યની ઉપાસના ભૂમિકાની તૈયારી થઇ રહી હતી, તે વખતે એક બનાવ બન્યો. અમૃતલાલ શેઠનો અચાનક કાગળ આવ્યો– [ચાલુ]

બધા પણ ઠીક હાલી મળ્યા છો સાવજ દીપડા જેવા ! હાશે જોવા છે ? સાપે ઘંટલો છે એની પાછળ કે કાંતો કાંસીયાના નેસ તરફ. પણ બાપુ ! ઇ હરણ જેવાં તમારાં કુણાં કાળજાં સાવજની ત્રાડ જીરવે નહિ. કાલ રાતે જ અહીં એ સાવજ હતા.'

હું ઘડીભર એના તરફ જોઇ રહ્યો. એ શાંત પડયો હતો. એનામાં સ્વસ્થતા આવી હતી. 'પણ હવે મૂળ વાત કરોને મારે સાંભળવી છે.' મેં કહ્યું.

એતો પાછો ગંભીર થઇ ગયો.

'ભાઇ ! બહુ જુની વાત છે જે દી જુવાની હતી, આ કાયામાં જોમ હતું. એક કડીયાળીથી દીપડાને ઝુડી નાખતો ને આખો ગિરમાં એકલો ગતે બાર વાગે પણ જતો. એ દિવસ હતો. આવી ધરતી ધાન ચોર નહોતી. ઘઉં ને બાજરો મબલખ મળતો ને ધરતી હિલોળા લેતી હોય એમ ચારે કોર ભગવાનની દયા હતી. મારે પણ ખેતર હતાં. ઢોર હતાં. પણ બધું જે હાથે દીધું હતું એ હાથે ભગવાને લઇ લીધું. છોકરાં ને છોકરીની મા-ભાઈ ને બાપ બધાય એની સાથે ગયા. હું એકલો રહ્યો.

પહેલાં તો હિલોળા હતા. ખાતાં પીતાં ને ભગવાનનું નામ લેતા. પણ દિવસ કંઇ સરખા હોય છે ? એમાં કોક એવા આવે કે પાયમાલ કરી દે. મારૂં પણ એમ જ થયું. થોડા દિવસ તો દુનીયા જાણે સ્વર્ગ જેવી લાગી. પણ પછી ? પછી તો મારૂં સત્યાનાશ નીકળી ગયું.' એ ગળગળો થઇ ગયો.

'હવે બસ કરો ! મારે વાત નથી કરવી.'

'એભાભાઇ ! બેસો, એમ ન થાય. થોડી પુરી વાત તો કરો !

'પણ ભાઇ ! સુરજ તપવા માંડયો તમને અસુખ થશે હમણાં નહિ. હું બપોરે આવીશ.'

એભો ઉભો થયો ને હું પણ ઊભો થયો. એ ચાલ્યો ગયો હું ઉતારે આવ્યો. મને થયું, બપોરે નહિ આવે.

બાર થયા એક થયો અને બે વાગ્યા. મેં આશા છોડી દીધી ને સાંજની ટ્રેનમાં જવા માટેની તૈયારી કરવા માંડી.

સવા બે વાગ્યા હશે. ધીમેથી એણે ખોંખારો ખાધો.

'કોણ !'

'બાપુ ! હું ! એભો !'

'આવો ! આવો ! મેં તો માન્યું હવે નહિ આવો !'

'જરા મોડું થયું.'

એણે વાત શરુ કરી.

×

મધ્ય ગીરમાં ભોજદે રૂપાળું ગામડું. ગામને પાદર વોકળો. ધોળે દિવસે પણ સિંહ ને વાઘ પડયા હોય. ચોમાસામાં પાણી ઘણું રહે પણ શિયાળામાં પથ્થર સિવાય કંઇ ન હોય

ભોજદેમાં કાનજી બાયરનું ખોરડું મોટું ગણાતું. કાનજી મોંનો મીઠો ને વ્યવહારનો કુશળ હતો, મહેનતુ અને પ્રમાણિક પણ હતો. અસલ એ હતો તો હાલા-રનો પણ નળગીરના વસવાટ વેળાએ ત્યાં આવીને વસ્યો હતો મહેનત ને દીર્ઘદૃષ્ટિને લીધે ખેતીમાંથી એણે સારૂં મેળવ્યું હતું. થોડો વેપાર પણ કરતો. એના બળ ને શક્તિને લીધે ભોજદેની સીમમાં કોઇ હરામખોર આવી શકતો નહિ. ચોરીની રંજાડ હતી નહિ. એ ઘોડીપર બેસીને રોજ સીમમાં ફરતો અને કોઇ હરામખોર નજરે પડે તો એનું આવી બનતું. દીલનો ઉદાર હતો. એના બારણેથી કોઇ ભૂખ્યું ન જતું. અભ્યાગતને અમલદાર સૌને સૌના પ્રમાણમાં એ સત્કારતો. શાકરનું પાણી તો કોઇ રણ પીધા વિના ન જાય. કાનજીની સુવાસ ચારે તરફ પ્રસરી હતી. ઘણાને સલાહ આપતો-ઘણાને ઠપકો પણ આપતો. પણ સૌના મનમાં એના માટે માન હતું.

કાનજી પાસે ઠીક જીવ હતો. ૫૦-૬૦ ગોદો કે ૨૫-૩૦ થાળી વાટકા એક સાથે એના ઘરમાંથી નીકળતા. સોનું રૂપું પણ ઠીક હતું. ધીરધાર પણ સારા પ્રમાણમાં કાનજી કરતો હતો.

વહીવટદાર કે ફોજદાર, ગોડ કે થાણદાર એને ઘેર ચુરમું કે દુધપાક ખાધા વિના ન જતો.

કાનજીને બે દિકરા, હતા એભો ને અરજણ અરજણ એની બાપીકી જમીન સાચવતો. એમાં કસ નહોતો પણ જમીન હતી એટલે સાચવવી રહી. એભો બાપની ભેગો રહેતો.

કાનજી ભજન કરતો. સાધુને જમાડતો. ભજન મંડળીઓ બેસાડતો અને પોતાના દિવસ પુરા કરતો. કાનજીએ સાઠ પુરાં કર્યાં હતાં. એભાની મા આ બધું સુખ જોઈ ગત થઈ હતી. એને શાંતિ હતી. દ્વારકાની જાત્રા પણ કરી આવી હતી. કાનજીએ એભાની મા પાછળ કારજ કરવામાં ઘણો ખર્ચ કર્યો.

સમય જતાં વાર લાગી નહિ. કાનજીના સારા દિવસો ફરવા માંડ્યા. ઉપરા ઉપરી વરસ મોળાં પાકવા માંડ્યાં, ઘરમાંથી દાગીના વેચવા માંડ્યા. સંઘરેલું અનાજ પણ ખુટી ગયું. વરસાદ લંબાયો.

આજે ગામના ચોગ પર બધા ખેડુતો ભેગા થયા હતા. વિઘોટી ભરવાની રકમ નહોતી. બબ્બે વરસથી મેઘરાજાએ રૂસણું લીધું હતું. થોડીવાર નિરવ શાંતિ રહી.

કાનજીએ મૌન તોડ્યું. 'બધા કાં ચુપ બેઠા ! આ સરકાર પાસે અરજે જઈએ ! આ વરસે તો ચામડાં પણ ઉતરડીએ તો પણ વિઘોટી ભરાશે નહી. બોલો કેમ કરશું ?'

"કરે શું ? બધા ભેગા થઈ જઈએ જુનેગઢ. સરકાર પાસે ધા નાખીએ. વગડામાં નથી ઘાસ કે પાણી, નથી કાઢીએ બાજરો. ઓણુ સાબ વિઘોટી માંડી વાળીને તગાવી આપે. તગાવી વિના ટકવું અઘરું છે." જીવા પટેલે સાથ આપ્યો.

બધાનો મત થયો ને ચાર જણા જુનાગઢ અરજે ગયા. સરકારી કામની ધમાલમાં અમલદારોની વફાદારીમાં આ ખેડુતોને સાંભળવાની કોઈને પડી નહોતી. વફાદાર મહેસુલી અધિકારી હતા. નિમ કહલાલ કરવામાં માનતા. ખેડુત જીવે કે મરે એની એ અધિકારીને પડી નહોતી. ખેડુતોને ધમધમાવી અપ-શબ્દો બોલી-હેઠા પાડીને ધારી રકમ એ સરકારી તીજોરીમાં જમા કરાવી શકતા. એમના ત્રાસે કંઈકે દેશ છોડ્યો હતો, કંઈકનાં ઘર-ખરેડ મૂકાયાં હતાં, કંઈકને ઘેરથી સોનાં રૂપાએ પાછા પગ કર્યાં હતા. અને ઘણા ખેડુતોએ પોતાની પત્નીને લખણું લખીને છુટી કરી હતી. એવા આ નીમકહલાલ અમલદાર પાસે આ-જી ગીરનાં સાવજથી ને દીપડાથી ન ડરનાર ખેડુતો ડરતા હતા. એના પગ પાણી પાતા હતા. એની જીભ સીવાઈ જતી હતી. અને એનું હીંચ ધડકતું હતું.

ઘણી મુસીબતે ત્રણ ત્રણ દિવસની વાટ જોવરાવ્યા પછી, સાહેબ મળ્યા ! બેઠી દડીના સવાને બાંધાના એ અમલદાર હતા. ગોળ મોઢું-માંજરી આંખો ને ઘઉંવર્ણો વાન હતો. એના મોંમાં સદાય પાનનો વાસ રહેતો. મોંમાં થુંક ભરી રાખીને એ ઘણીવાર વ્યંગમાં બોલતા ત્યારે સાંભળનારને થતું ! પ્રભુએ શયતાનનું સ્વરુપ થોડુંક આનામાં પણ મૂક્યું છે.

પટાવાળાએ બૂમ પાડી ને કાનજી ને બીજા ખેડુતો હાજર થયા.

સાહેબ તાડુક્યા ! એલા કાનીયા ! બહુ ફાટ્યો છે નહિ ! આ બધાને ચડાવી ચડાવીને તુંજ અંહી લાવ્યો છે. બદમાસ ! ખટપટ કરે છે ? શરમાતો નથી ! ઘરમાં સંચમાં નાખ્યાં ભર્યાં છે અને આંહી દુકાળ જાહેર કરાવવા આવ્યો છે. સા—

કાનજી:-બાપુ ! ગમે ઈ કરો મલકના ધણી છો પણ હજી તો અમે વાત કરીએ ઈ પહેલાં જ કાં હાંકી દ્યો. અમારી વાત તો સાંભળો. પછી ધરાર કરજો !

સાહેબ વધુ ગુસ્સે થયા. ત્રણ ટકાનો આંબરડો બોલે એ એના જેવા અમલદારથી કેમ સહન થાય !

કાના ! તું શું સમજવા માંડ્યો છે ! આંહી રહેવા દીધો છે માટે ! જા નીકળ અંહીથી હરામખોર ! "સાહેબ ઉભા થઈ ગયા ને ચારે ખેડુતો મોં વકાસીને એના સ્વરૂપને જોઈ રહ્યા. આ અમલદારના ઘરમાં કેટલી ઘીની તાબડીયું ફસવાણી

હતી ? કેટલી થેલી રૂપીયાના હમલા એણે કર્યા હતા! અને એ સમયે " કાનજી! તારા જેવું 'અસલ' માણસ નહિ! એમ કહેનારો આ માણસ હજુ તો દુકાળના ઓળા પડે છે ત્યાંજ આમ કરે છે! બીજું તો ઠીક પણ આ બધા વચ્ચે આવાં વેણ કહે! કાનજી છોભીલો પડી ગયો. એ અમલદારની પાછળ ગયો.

'શું છે! કેમ પાછળ આવ્યો ? સાહેબ તાડુક્યા.

'સાહેબ! વાત તો સાંભળો. મિરમાં પાણી પણ ખૂટ્યું છે. અને ચારેકોરના પાર વિનાનાં ઢોર આવ્યાં છે. કંઇક બંદોબસ્ત કરો. નીકર અમારો આરો નથી!'

સા—તને ખબર છે તો અમે શું આંધળા છીએ, આ સરકારે આ ઓફીસમાં શું કામ બેસાડ્યો છે! અમને ખબર નથી? તું ક્યાંનુ કહેવા આવનાર! આ તો તું હતો બીજો હોત તો જેલમાં ઘાલત જેલમાં. જા ઘર ભેગો થઇ જા.

કાનજી વીલે મોંએ પાછો ફર્યો. એની આંખમાં આંસુ આવી ગયાં. એ અપમાન ને અવગણના ગળી ગયો પણ એનું વૃદ્ધ શરીર ધ્રુજતું હતું. બહાર બેઠેલા ખેડુતો મામલો સમજી ગયા. વીલે મોઢે કમને દોષ દેતા સ્ટેશન ભેગા થયા.

શ્રાવણ ઉતરવા આવ્યો હતો. વરસાદની જરાય આશા રહી નહોતી. એકાદ વાર વરસે તો પાણી થાય એ આશાએ આકાશ સામે મીટ માંડીને ખેડુતો બેઠા હતા. ભાદરવો શરૂ થયો. જાણે પ્રભુએ કંઇક કરવા ધારી હોય એમ એકાદ ઝાપટું પડ્યું ને તળાવમાં ને નદીમાં પાણી થયું. ઢોર નબળાં પડ્યાં હતાં. ધૂળ ચાટીને, થોરના ડાંડલા ખાઇને અને કચરો ચાટીને એ જીવતાં હતાં. હાડકાંના માળખાં જેવી ગાયો ને ભેંસોનાં ટોળાં રવડતાં હતાં.

મહિનાઓ જવા માંડ્યા. જમીનની મહેસુલ આકારવા માટે સાહેબની પધરામણી થઇ. સરકારની તીજોરી ખાલી થાય તો મોટરો ને કૂતરાં ક્યાંથી આવે ? ને જુલમ ન કરે તો અમલદારને ઘેર સોના રૂપાં ને ઘરવખરી ક્યાંથી થાય!

અને એમાંએ છગનલાલથી બધા હેઠ. એને તો સરકારનું લુણ હલાલ કરવું હતું. બધા લેતા તો ચપટી મૂઠી લેતા! કામ કરીને લેતા. દેતા તે ખુશી થઇને દેતા, હસીને આપતા. પણ છગનલાલ! એણે તો જુલમનો કોરડો ફેરવવા માંડ્યો હતો. ભોજદેની સીમનો ૧૨ આની પાક આકારવામાં આવ્યો. ખેડુતો ઠરી ગયા, ઉશ્કેરાઇ ગયા. ક્યાંથી અપાશે! ઘર માથે નળીયાંયે ચાળવાના પૈસા નહોતા. શું કરશે!

તરતજ નોટીસ અપાઇ ને ૨૪ કલાકમાં પૈસા ભરવા હુકમ નીકળ્યો.

ગામમાં શોકકળ થઇ ગઇ. દાગીના હતા તે દાગીના લઇ ભારતે ઘોડે બાજુના મોટા ગામમાં ગીરો મુકવા ગયા. પણ પૈસા નહોતા તે શું કરે! કાનજીની સ્થિતિ કફોડી થઇ હતી. આબરૂ હતી પણ ધન નહોતું રહ્યું. શેઠને ચીઠ્ઠી લખી કે થોડી મદદ કરે. પણ ચોક્ખો જવાબ મળ્યો કે હમારે હવે આશા રાખવી નહિ. તમે તો મુલકને ઠગનારા છો. વધુમાં શેઠે કહેવરાવ્યું કે કોઠી નીચે દાટેલું કાઢીને મહેસુલ ભરી દો. ગોલો થા મા? કાનજીને ભારે લાગી આવ્યું. એ સાહેબની પાસે ગયો. પગે પડ્યો. બાપુ! સાચે જ ઝેર ખાવા નથી. નહિતર આવું અપમાન સહન ન કરૂં.

તું તુંજ નાલાયક છે. તારી જ દાનત નથી અને ઉપરથી બધાને ચડાવી તું સરકાર સામે ઉશ્કેરે છે. કાનજી! સીધે સીધી મહેસુલ ભરી દે નહિતર જેલના સળીયા જોવા પડશે, તારી પાસે એટલું ન ન હોય એ કેમ માનું ? કમજાત! સરકારના હાથ લાંબા છે લાંબા! ૭૨. કલાકમાં ભરી નહિ જાય તો શી વલે થાય છે એ જોજે' છગનલાલે કરેલું અપમાન ગરજે જુનાગઢ ગયો ત્યારે જ સહ્યું હતું. સાહેબનો બોલ મિથ્યા થતો નહિ. એની અશિષ્ટ ભાષાને કોઇ પહોંચતું નહિ. આખો દહિને બીજી પળ રામ રક્ષા કે શિવ રક્ષા એ વદવા માંડતા. પલાંઠી મારીને એકાદ દેરી કે મંદિરમાં બેસી ભજન કરતા. નવરાત્રીમાં નવરાત્ર બેસતા અને હવન કરતા. મહા-

દેવ ને વિશ્નુ, રામ ને હનમાન, દેવીને દેવ બધાને રીઝવવા સદાય તત્પર રહેતા. સવારમાં કલાક પૂજા કરતા, પણ ભગવાને કાળજું સેતાનનું ઘડ્યું હતું. માણસ પ્રત્યેની માનવતા એનામાં નહોતી. આજે એને તડાકો હતો. બે આની પણ પાક ન હોય ત્યાંથી બાર આની એને લેવો હતો. ગામના વેપારી સાથે ભાગ હતો. ગીરો મૂકી જતા કે પાણીને મૂલે દાગીના વેચી જતા. એમાંથી સારી આવક હતી.

કાનજી લથડતે પગે બહાર નીકળ્યો. એભાને બોલાવ્યો.

' એભા ! શેઠે કંઇ ન આપ્યું હવે શું થશે ! આ કાળમૂખો જવાનો નથી. મારી પાસે કંઈ નથી. શું કરશું ? '

' બાપા ! હાલી નીકળીયે. જ્યાં જવાય ત્યાં ખરું ! દેશ જઈએ, અરજણને ત્યાં બાકી હવે શું થાય ! '

બાપ દિકરો ઘડીભર ચુપ રહ્યા વાગ્યા સીવાઇ ગઇ હતી. રસ્તો સુઝતો નહોતો. બપોર થવા આવ્યા હતા પણ રોટલાનું બટકુ ભાંગ્યુ નહોતું. મુશ્કેલીમાં મુકાયલું પણ સુખી ગામ ગઈ કાલ સુધી આનંદમાં હતું. કારણ કે દુઃખ કુદરતે દીધેલું હતું. એ ગામમાં આજે ચુલા સળગ્યા નહોતા. વલોણાં થયાં નહતાં ને ઢોરને વાછડાં પાડાં ધાવી ગયાં હતાં. આખું ગામ વિમાસણમાં હતું.

સાહેબ માટે મહારાજે ચુરમા લાડુ ને ભજીયાંની રસોઈ કરી હતી હસી હસીને સાહેબ એકુતોની ખંધાઈને પોતે કેવા કડકાઇથી પહોંચી જાય તેવા છે એ વાતો વારે વારે ફેરવીને કારકુનોને વેપારીઓને યાદ કરાવતા હતા.

ત્રણેક વાગ્યા હશે. કઢેલ દુધની ચા ઉકળી. સાહેબે પીધી. ઉપર ડબલ પટ્ટી પાનની મોંમાં ચડાવી સાહેબ બહાર નીકળ્યા. એના હાથની પાતળી સોટી વારંવાર પગપર પછાડતાં હતા. એના તાલ સાથે પગનો તાલ પણ દેખાતો હતો.

તાપમાં જમી પરવારીને સિપાઇઓ ઊંઘતા હતા. સાહેબનો મિજાજ ગયો અરે ! ક્યાં મૂઆ બધા ! ગામનો પગાર ખાવ છો હજી સુધી વસુલાત કેમ શરૂ કરી નથી. તમારા બાપનાં બધાં તો મો આવે છે ! નોકરીમાંથી પાણીચું દઇ દઇશ ! કરો છો શું બધા ?

સાહેબની રાડે તરત જ બધા ભેગા થઈ ગયા. કારકુન ને હવાલદાર, પસાયતા ને પગી બધા ચાલવા માંડ્યા. સાહેબ પણ સાથે નીકળ્યા. આજ એને સોનું પાકી દેવો હતો સાહેબની કલ્પનામાં કાનજીની કાયણી હતી. આની પાછળ કરામત પૈસા કઢાવવાની હતી. પણ કાનજી ખાલી થઇ ગયો હતો રૂપીયાની રીઝવી શકે તેમ નહોતો. સાહેબનો પારો ચડતો જતો હતો.

' સિપાઇ ! પહેલી કડી આ કાનીયાને ઘેર લ્યો ! એણે જ મને ધક્કો ખવરાવ્યો છે. સાલો હરામી છે ! '

કાનજીના ઘર પાસે બધા આવ્યા. ઘેર ઘેર બારણામાં બધા ઉભા હતા. કોઇની હિંમત પાસે આવવાની હતી. સિપાઈ તો ઘરમાં પેઠા. એભાની વહુ ને છોકરાં બહાર પહેરે કપડે નીકળી ગયાં.

' બાપુ ! આ બચલાંનાં લુગડાં ને બટક ખાવાનું લેવા દ્યો ! કાનજીએ આજીજી કરી.

આહ ! સાહેબ હસ્યા. હવે તો હવે મળી રહ્યું. જાઓ જ્યાં સંઘર્યું હોય ત્યાં જાઓ.

કાનજી કપાળે હાથ દઇને બેઠો. શાહના આ હાદમાં છોકરાંને વહુ શું કરશે ! એભો હબકી ગયો હતો,

' બાપુ ! કંઇ ચોર લૂટારા તો નથી. આ તમારા ઘરમાં ઘીની તાંબૂડીયુ ઠલવી દુધે ધોઇને રૂપીયાના ઢગલા કર્યા ને સાહેબ ! તમારા પેટમાં અમારાં ચુરમાં ને દુધપાકને મજાનું હજી બોલે છે ને મારાં બચ્ચાં સારૂ ટુકડો રોટલો લેવાની ના પાડો છો ! હદ છે તમને ! '

સાહેબ હવે ઉકળ્યા. બદમાશ ! સા— તારો પટો ઝુંટવાઈ જશે પટો. પકડ આ બારમીને ! એલા ઘીને દુધ મફત લાવ્યો હતો.' સાહેબે એભાને બે તમાચા મારી દીધા

' સાહેબ ! હવે હદ થાય છે આ બધા તમારો

જુલમ જોયા કરે છે ત્યાં લગી. બાકી હાથ સલામત છે.' એભો તપતો હતો. એની છાતી ટટાર થઇ. કાનજીએ ઉઠી એને ઝાલ્યો ને પડખે લઇ જઇ કંઇ કહ્યું. એ ચૂપ થયો પણ સાહેબ તો બોલે જ રાખતા હતા. ઘોડેસ્વાર મોકલી થાણામાંથી વધુ પોલીસ ને ફોજદાર બોલાવ્યા.

ફોજદારે આવી કાગળીયાં કર્યાં. મહેસુલી અમલદાર પર હલ્લો કરવાના આરોપસર એભાને પકડયો. પાછલે બારણેથી ગામમાંય હતા એટલા મરદો સીમમાં ભાગી ગયા. ગામમાં નિરવ શાંતિ હતી. બધા ચુપ હતા. કયાંક કયાંકથી ઓઓના ડુસકાં ને બાળકોના રડવાનો અવાજ આવતો વતો.

ગામની જપ્તી પુરી થઇ સાહેબ ઘોડે ચડીને વસુલાત પુરી કરી સીધાવ્યા.

ભૂખ્યાં, ટળવળતાં ઓઓ બાળકોને પુરૂષો શું કરવું એ વિચારમાં બેઠા. અંગીઠું કરી રાત વિતાવી. સવારે પાસેના ગામમાં સગાવહાલાને ત્યાં ઓઓને બાળકોને મોકલી દીધાં.

×

એભા પર કામ ચલાવાયું. મહેસુલી અધિકારી પર હુમલો કરવા બદલ એને ત્રણ વર્ષની સજા થઇ. વિના કારણે જેલમાં એ ચડી રહ્યો હતો. બાપાને છોકરાને છોકરાંની માની ચિંતાએ એ અરધો ગાંડો થયો હતો. ઘણીવાર ભીંતમાં માથાં પછાડતો. ઘણીવાર પોતાના જ હાથ પોતે કરડી ખાતો.

દિવસ પર દિવસ વીતવા લાગ્યા.

×

એભાની સજા પુરી થઇ. લાંબે ગાળે એ છૂટયો પણ કયાં જવું, કોને મળવું? બાપ ને પત્ની કયાં છે એની એને ખબર નહોતી, સ્ટેશને આવીને એ ઊભો. ભૂત જેવો જાણે સ્મશાનમાંથી ઊઠીને આવ્યો હોય! એવું શરીર કૃશ થયું હતું. વાળ વધી ગયા હતા. આંખો ઉંડી ઉતરી ગઇ હતી. જીવનનાં કપરા સંયોગો ઘણું દુઃખ વિના વાંકે, વિના કસુરે એણે ભોગવ્યું હતું. એક ઝાટકે એના બેહાલ કરનારને ધબી દેવાની એની ઇચ્છા હતી. એકજ ઝપાટે એને હાલહવાલ કરનારને ભોં ભેગો કરી દેવા એ તલસી રહ્યો હતો. બારવટું કરવાના એને કોડ હતા. વ્યાજખાઉ વેપારી! કીડી મંકોડાને ઘઉંના પોષનાર વેપારીને જીવતા જીવની દયા નથી, મહોબત નથી, બે આંખની શરમ નથી. એ નાણાંને ઓળખે માણસને નહિ! ચોપડા ચીતરે—ચોપડા વાંચે પણ ભગવાનના લેખ વાંચે નહિ. માનવીનાં હૈયા ઉકેલે નહિ. એ મૂલકના ચોર મૂલકના અધરમના કરનાર શાહુકાર અને અમે! ધૂળના ઢેફાંમાંથી ધાન પકવનાર રાત દિવસ વગડે રહેનાર—કોઈ દિ અધરમ નહિ કરનારના આ હાલ! વરસાદ ન વરસ્યો, મહેસુલ ન ભરાણી ઇ અમારો ગનો! હવે આ વેપારીને તો વાઢી જ નાખવાના રહ્યા! ઉકળતા તેલમાં બોળી દઉં એના અધરમી હાથ! એટલે વિચારે ચડયો હતો. એના દિલમાં સામટું દુઃખ આજે ઉભરાયું હતું. ગાડીનો સમય થયો. ગાડીમાં બેઠો પણ એના દિલમાં વળી પાછા વિચાર ઉભરાયા.

ગાડી ચાલવા માંડી. એનું મન પણ દોડવા માંડ્યું 'નક્કી બારવટું જ હવે! આ અમલદારી અમારૂં ઘી ખાય! ધન ખાય ને ધાન ખાય ને ઇજ્જ અમારૂં લોહી પીએ ને જેલમાં ધકેલે! હાથ આવે તો ચાંચડની જેમ ચોળી નાખું! મસળી નાખું!' એભો ઉભો થઇ ગયો. એના હાથની મૂઠી વળી ગઇ હતી. પાસે બેઠેલા બ્હી ગયા, આ કોઇ ગાંડો લાગે છે! જગાએથી ઉઠી સામા ચાલો. નહિતર ઘર છેટું રહી જશે.

એભો ભોંઠો પડયો. પાછો બેસી ગયો. ઘર પાસે આવતું હતું. એની ઉત્સુકતા વધતી હતી પણ શું થાય! બધાં જીવતાં હશે! આટલા વરસમાં કટોકાગળે નહિ! બધા કેદીના તો કાગળ આવતા મારે તો એ પણ નહિ. ભાઇ બાપ ને બાયડી ત્રણેમાંથી કોઇ ફરકયો જ નહિ!

એભાને ઓછું આવી ગયું. દિલ દુઃખાયું પણ ખુલાસો તો ઘેર જાય ત્યારે જ થાયને!

ગાડી ધીમે ધીમે ચાલી જતી હતી.

એભાને પકડી ગયા. એના પર કામ ચાલ્યું અને એને સજા થઇ. પણ કાનજીની દશા બેઠી હતી. એભાને પકડાયાને બીજે જ દિવસે સમાચાર આવ્યા કે અરજણને સાપ કરડવાથી મરી ગયો હતો અને જમીન મહેસુલ ન ભરી શકવાથી જપ્તીમાં લેવાઇ હતી. અરજણની વહુ પીયેર ચાલી ગઇ હતી.

અરજણને ત્યાં જઇને પડવાથી વાત તો રહી. પણ હવે કયાંય આધાર નહોતો. એભાની વહુ સાજણને પીયેરમાં કોઇ નહોતું ડોસાને ભારે મુંઝવણ હતી પણ હિંમત રાખીને એ રસ્તો કાઢવા પ્રયત્ન કરતો હતો. એભાની સજા લાંબી હતી એ ખબર પડતાં કાનજીએ વહુને કે "બીજો આધાર ગોતી લે."

સાજણ એક અદ્ભુત સ્ત્રી હતી. સીધો સોટા જેવો એનો દેહ ગ્રીક કે સીથયન શરીરસૌષ્ઠવને યાદ કરાવતા. એના રતુંબડા મોંની મોહકતા ઓર હતી. લાંબી અણીયાળી આંખોની ચમક અનેરી હતી, સીધું નાક ને સંબોધાળ મોં એના રૂપમાં વૃદ્ધિ કરતાં. સાજણનો બાપ બે પૈસે સુખી હતો. એકજ દીકરી હોવાથી સાજણનાં લાડ ઘણાં હતાં. માની એ લાડકી હતી. બાપની લાડેલી દીકરી હતી. બાપે કરીયાવરમાં પણ દેરાયાં એટલું દીધું હતું. સાજણ વીસેક વર્ષની થઇ ત્યાં મા બાપ એય ગુજરી ગયાં. એભો એને ઓછું આવવા દેતો નહિ ને કાનજી કોઇ દિ' હુંકારો કરતો નહિ. સાજણ કામની આવડતને લીધે એને બધાં અનુકુળ હતાં.

કાનજીએ કહેવડાવતાં તો કહેવડાવ્યું પણ પછી ડોસા છૂટે મોઢે રોઇ પડયા અને સાજણે પણ મોં વાળીને રોવા માંડયું.

આડોસપાડોસના કહેવા માંડયાં પણ સાજણને આજે પીયર સાંભર્યું—પીયરમાં ભાઇ નથી બહેન નથી—એ બધું યાદ આવ્યું ને 'પીયરમાં પીપળો વાવ્યો છે' એ દુઃખ થયું.

છેવટે વહુ ને સસરો વાતે ચડયાં. એકાદ ભેંસ જપ્તીમાંથી બચી હતી એ લઇને પાસેના ગામમાં જઇ ગુજારો કરવાનું નક્કી કર્યું

મામા! હું મૂલે મજુરીએ જઇશ ને તમારો દીકરો છુટશે ત્યાં સુધી રોકાઇશ. તમે ઉચાટને સાચવજો.

થયું પણ એમજ. સાજણ મજુરીએ જવા માંડી. ડોસો છતું છાનું રોઇ લેતો. બે–ચાર મહિના વિત્યા. કાળો ઉનાળો હતો કયાંય મજુરી મળતી નહિ કોઇ મૂલે રાખતું નહિ ઉપરા ઉપરીના દુકાળે ગામડાંને ભરખી ખાધાં હતાં. એમાં અધુરામાં પુરો દાખ ઘેરરોગનો રોગચાળો શરૂ થયો.

એક દિવસે સાંજના થોડી મજુરી મળી હતી ત્યાંથી સાજણ ચાલી. ડોસા પડયા હતા. એણે બોલાવી. વહુ! બેટા પહેલાં અહીં આવ!

કેમ! શું થયું છે! સાજણે પૂછ્યું!

જો! હવે હું ઘડી અઘઘડીનો મહેમાન છું. દાણ-પાણી થઇ ગયું છે. હવે જીવીશ નહિ, ખાનદાનની દીકરી છો, તેવી જ રહેજે. આ બચ્ચાને સાચવજે ને એભો આવે તંઇયે કહેજે હું એને સંભારતો ગયો. દુઃખનો ઉપાય નથી. વેરઝેર ભૂલી જાય. પૂરવજનમનાં સંચિત. ખોટો થઇ મરશને ધપરોળે નહિ. કોઇનાં નાક–કાન કાપે નહિ!

સાજણે રોવા માંડયું. વૈદને તેડવા એ ઉઠી. ડોસા સમજી ગયા—

વહુ! રીહાં ખાંડમાં. હવે આમાંથી ઉઠાશે નહિ જો આટલી વારમાં ઝાડો થઇ ગયો. માવડી આવી જા! મારી મરજાદ લોપાશે જીવાને ને રતાને બોલાવી લાવ" કાનજીએ રામનામના જાપ શરૂ કર્યા. ઝાડા ને ઉલટી ઘણા જ કરતાં હતાં.

જીવો, રૂડો, નથુ ને ગોવીંદ બધા ભેગા થઇ ગયા. વહાણુંવાતાં તો કાનજી ભગવાનનું નામ લેતો પોતાની કરણીનો હિસાબ આપવા પ્રભુને ઘેર પહોંચી ગયો.

હવે સાજણ એકલી પડી. એ હૈયાફાટ રોઇ. એનાં આંસુ લુછવાની કોઇની હિંમત નહોતી. દિલાસો દે એવું કોઇ નહોતું. બધાંય દુઃખમાં–ભુખમાં હેરાન હતાં.

દિવસો કપરા આવતા હતા. મૂલ મજુરી કે

ઘરમાદો કંઇ મળતાં નહોતાં. છોકરાં અટવાતાં હતાં. ખાવાનું એક દિવસ મળે તો બે દિવસ ભૂખ્યા રહેવું પડતું એ દશા હતી.

વિધિનો ક્રૂર હસ્ત લાંબો થયો. બન્ને બાળકો કોલેરામાં મરી ગયાં.

હવે સાજણનું કોઇ રહ્યું નહિ એનું ફટકી ગયું એણે બીજે દિવસે ઘર છોડ્યું. ભોજદે ગઇ ને ત્યાંથી એણે જંગલમાં રખડવા માંડયું. એક દિવસે હિરણ નદીની ભેખડ પરથી પગ લપસતાં છોકરાં ને છોકરાના બાપને યાદ કરતી બોલાવતી ગાંડી થઇને રખડતી દુઃખી સાજણ નદીમાં પડી! એનું માથું ફાટી ગયું. કોઈએ એની ચીસ ન સાંભળી કોઈએ એને અગ્નિ ભેગી ન કરી ને કાગડા કુતરા ને શિયાળે એના દેહને ચૂંથી નાખ્યો.

અને હું ભાઇ! મારે ઘેર આવ્યો. મોં પરની તટસ્થતા દૂર કરીને એભાએ કહ્યું. મને બધી ખબર ધીરે ધીરે પડી.

આ સામે ભેખડ દેખાય છે ને એ ભેખડેથી સાજણ પડી. એ તરફડીને મરી ગઈ. સુખી થઇ ગઇ ગઈ ને હું!

'હું હજી જીવું છું. આ ઝાડ જેવો એકલો! દુઃખી." એભાની આંખમાંથી આંસુ ટપકતાં હતાં.

શું બોલવું એમને પણ ન સુઝયું. હું મૌન જ બેસી રહ્યો.

પણ એભા! તમે આંહી આવીને આટલાં વરસ શું કર્યું!

ભાઈ કહું છું! પાપ કરતાં પાછું વાળીને જોયું હશે તે છૂટીને આવ્યો ત્યારે આંહી અમલદાર હતા એને મારી વિતકની બધી ખબર હતી. મને તેડાવ્યો મારા મનમાં અમલદાર નામે ફફડાટ હતો. એક દિવસ તો ન ગયો. બીજે દિવસે ફરી તેડાવ્યો ધ્રુજતો ધ્રુજતો હું ગયો. શું એની મોટાઇ! મને ભાવથી બેસાડાયો ને ખબર અંતર પૂછી તે દિવસથી જ નોકરીએ ચડાવ્યો. મેં ઘણી ના પાડી પણ કહે હું કહું એ કરેજ છૂટકો! હવે મારો જુલમ પણ તું સહન કર!

ભાઇ! માણસે માણસે ફેર હોય છે. એવાં છોકરાં એના ઘરમાંથી બધાં મને દુઃખી જાણી મને ઘરના માણસની જેમ રાખતાં સાહેબનાં ઘરમાંથી પેટ અવતાર લઇએ એવાં હતાં. ખાવાનું પીવાનું બધું મને પહોંચાડે. ન મારું-મન વિચારે ચડે તે દિવસ છોકરાં સામે બેસે. એભા તું ખાતો અમે ખાઇએ! કોઈ દિ ટુંકારો નહિ અપમાન નહિ. એના અમલમાં દસ વરસ રહ્યો. મને જ્યાં જાય ત્યાં ફેરવે. બધાને ચોખ્ખો હુકમ એભાને જાળવી લેજો. હેરાન થયો છે.

પણ એમ ગયા જેવા અમલદાર હોત તો દુનીયા સ્વર્ગ થાત. મારે નસીબે કાળો કામનો કરનાર છગન ક્યાંથી આવ્યો. મારો માળો વીંખી નાખ્યો.

હવે ભાઈ! આંહી રહું છું. સામે મહાદેવની ડેરીએ રોજ જઈને કાલાવાલા કરું છું. થોડી મહેનત મજુરી કરું છું. બાકી આ મનખો એળે ગયાં. ભગવાનથી મરજી!

એભો ઉભો થયો! એના વૃદ્ધ પણ પડછંદ, શરીરને હું જોઇ રહ્યો. મારું મન ભરાઇ આવ્યું એક પણ શબ્દ હું બોલી શકયો નહિ.

એભાએ કહ્યુ. ભાઇ! હવે જાઉં છું. રામ રામ! રામ. રામ. એભા ને હું બન્ને રડતા હતા.

ટ્રેનનો સમય થવાથી બીસ્તરો ઉપાડી હું સ્ટેશને આવ્યો.

★

રોકું ક્યાંથી ?

તવ તરફની વૃત્તિ સર્વે રોકું કેવી રીત હું ?
તુજ તરફનાં આક્ષેપોને સહ્યા કરવા ક્યાં સુધી ?
તુજ તરફથી કૈં ના આવે, સ્વીકારું શી વિધ હું ?
તુજ તરફ હું વહેતો આવું, રોકું ક્યાંથી હું મને ?

જયન્ત પરમાર

સાને ગુરુજીનું પુનિત સ્મરણ

ઈશ્વર પેટલીકર

વસુધૈવ કુટુંબકમ્ એમ આપણે બોલતા હોઈએ, પરંતુ માનતા હોઈએ છીએ ઘરની ચાર દિવાલોની અંદરના કુટુંબને. છતાં અમુક માણસો એવા હોય છે કે જેમણે સારી દુનિયાને કુટુંબ માન્યું હોય છે. એ કામ તો મનુષ્યની મર્યાદાને લેઈને અમુક પરિમિત ક્ષેત્રમાં કરતા હોય છે, છતાં એમની હૃદયની વિશાળતાને લીધે ક્ષેત્ર બહારના લોકોને પણ એ પોતાના હોય તેવા લાગે છે.

શ્રી સાને ગુરુજી આ જાતના પુરુષ કહી શકાય. એમનું કાર્યક્ષેત્ર મહારાષ્ટ્ર હતું, છતાં એ ગુજરાતના નથી એવું મને લાગ્યું નથી, કોઈને લાગ્યું નહિ હોય. કારણ કે એમના હૃદયને એવી સીમા ન હતી અને હૃદયનો પડઘો એવો છે કે એ સામામાં પ્રતિધ્વનિ પાડે છે. મારા મિત્ર શ્રી નટવરલાલ દુબેએ એમના 'ગીતાહૃદય'નો અનુવાદ કર્યો, મેં વાંચ્યો અને હું ગુરુજી તરફ પ્રેમથી, આદરભાવથી જોતો થયો. એમના વિષે નટવરલાલ પાસે સાંભળવાનું બાકી નહિ. એમણે બીજું પુસ્તક 'શ્યામની મા' ગુજરાતીમાં મૂક્યું અને હું ગુરુજીનો ભક્ત થઈ ગયો. શું નિર્મળ હૈયું એ માણસનું છે! એવા હૈયા વગર હૈયાના ભાવ–માના હૈયાના ભાવ અક્ષરદેહે ઉતારવા એ ભાગીરથીને પૃથ્વી ઉપર ઉતારવા જેવું કઠિન છે.

ગુજરાતના પવિત્ર પુરુષ સાથે ગુરુજીને સરખાવવા હોય તો શ્રી રવિશંકર મહારાજ સાથે સરખાવી શકાય. મહારાજ તરફ ગુજરાતને જેટલો પૂજ્યભાવ છે તેટલો ગુરુજી પ્રત્યે મહારાષ્ટ્રને છે. મહારાષ્ટ્ર એમનાં પુસ્તકો ઉપર મુગ્ધ છે. કલાની દૃષ્ટિએ એમની કૃતિઓનો આંક ઓછો ઊતરે પણ હૃદયના ભાવ, માનવતાને વિકસાવવાના ભાવ, એમની કલમમાંથી જે ભાવ વહ્યા છે તેવા અજબ ભાવ આજના કોઈ લેખકે વહાવ્યા હોય તેવું નામ શોધવા નીકળતાં જડવું મુશ્કેલ છે.

આમ એમનાં પુસ્તકો દ્વારા, નટવરલાલ સાથેની વાતચીત દ્વારા, હું એમને ઓળખતો થયેલો, છતાં મને ક્યારેય એવું નથી લાગ્યું કે હું ગુરુજીથી અપરિચિત છું. જાણે મારે અને ગુરુજીને વર્ષોનો સંબંધ હોય, સ્નેહ હોય તેમ મારા હૃદયે અનુભવ્યું છે. આનું કારણ હું ગુરુજીના હૃદયમાં વસુધૈવ કુટુંબકમ્ ભાવ હતો એમ માનું છું.

છેલ્લા સર્વોદય દિને (તા. ૩૦-૧-૫૦) ગુરુજી અમદાવાદમાં પધાર્યા હતા, હું પણ અમદાવાદ હતો એટલે એમના પ્રત્યે આટલો આદર હોય તેમને મળવાનું દિલ થાય એ સ્વાભાવિક છે. દર્શન કરવાની ઝંખના થાય તેની નવાઈ નથી. દૂરથી દર્શન કરવાથી સંતોષ નહિ થાય, એમની સાથે વાતો કર્યે જ સંતોષ થશે એમ લાગતાં મેં ઈશ્વરભાઈ (ભારતી સાહિત્ય સંઘવાળા) ને કહ્યું.

આવા કામમાં એમનો પણ એટલો ઉત્સાહ હોય છે. સંમત થતાં એમણે કહ્યું: 'આપણે ગુરુજીને મળીએ. એમને વખત હોય તો જરૂર લાભ લેવો.' અને એ શ્રી દાદાસાહેબ માવળંકરના બંગલે ઊતર્યા હતા. ત્યાં મહારાષ્ટ્ર સોસાયટીમાં જવા અમે નીકળ્યા. ત્યાં રસ્તામાં ઈશ્વરભાઈ કહે: 'એમને વખત હોય તો એક પંથ અને દો કાજ કરી લઈએ તો!'

હું: 'દો કાજ શું?'

ઈશ્વરભાઈ: 'રેખા માટેની મુલાકાત એમની લઈએ તે ખોટું નથી. આપણે જે લાભ લઈએ તે 'રેખા'ના વાચકોને પણ મળતો હોય તો શું ખોટું?'

મેં સંમત થતાં મોં મલકાવ્યું.

સવારના પહોરમાં એ એમના કાર્યક્રમ માટે બહાર નીકળે તે પહેલાં અમે સેવાકુટીરની બાજુના બંગલામાં, જ્યાં દાદા સાહેબના પુત્ર શ્રી પુરુષોત્તમ માવળંકર રહે છે ત્યાં એમનો મુકામ હતો એટલે પહોંચી ગયા. ભાઈ પુરુષોત્તમે મારું અને ઈશ્વરભાઈનું ઓળખાણ કરાવ્યું. એમણે બે હાથ જોડી નમસ્તે કર્યા. એ વખતનો ગુરુજીનો ભાવ આજે પણ હું ભૂલ્યો નથી. જાણે મનુષ્ય માત્રને દેવ માનતા હોય અને આસ્તિક દેવને જે ભક્તિભાવે વંદન કરે તેવો ભાવ મોં ઉપર છવાયો હતો. મને થયું, એમનું આ હૈયું જ, એમને વગર જોયે, મારામાં ભક્તિભાવ જગાડતું હતું.

ઓછો વાન તાપમાં ઝંખવાયો હોય તેવો શરીરનો રંગ. પાંચ ફૂટ ઉપર ત્રણેક ઈંચ જેટલી ઊંચાઈ,

પણ નમીને ચાલવાની ટેવને લીધે ઊંચાઈ કરતા થોડો નીચો લાગતો દેખાવ આજે મોટો વર્ગ જેટલું નીચું ધોતિયું પહેરે છે તેના પ્રમાણમાં ઊંચું લાગે તેવું ધોતિયું–ઢીંચણ જેટલું ઊંચું નહિ પહેરણ અને ટોપી. કુળવાન વહુના જે લક્ષણો ગણાય છે—નમીને ચાલે નીચી નજરે ચાલે, ખપ પૂરતું બોલે, તેવાં લક્ષણો ગુરુજી વહુ નહોતાં છતાં એમનામાં આપણને લાગે વાત કરતા લજ્જાશીલ પણ એવા થઈ જાય કે આપણે માનવું પડે કે બ્રહ્માએ એમને ઘડતાં ઘડતા છેલ્લે પોલીસમેનો હાથ મારતી વખતે ભૂલથી પુરુષ ભાવના કુંડામાં પોતું બોળાઈ જવાને બદલે સ્ત્રેણ ભાવના કુંડામાં બોળાઈ ગયેલું બાકી આટલો જાણીતો કરેલો, કામ કરતો માણસ આવો લજ્જાશીલ શાથી હોય?

આમા નમ્ર, લજ્જાશીલ પુરુષ વાતો કરવા ગયા હોઈએ ત્યાં સુધી તો સાંભળે, વાતચીત પણ કરે, કોઈ છાપા માટે મુલાકાતનું નામ લો ત્યારે કુળવાન વહુ અજાણ્યા માણસ જોતાં ઘૂમટો કાઢી ઘરમાં ભરાઈ જાય એવું જ કરે! ના પાડતાં, એમણે બે હાથે જે નાનો અભિનય કર્યો એમાં મને એક જાતના ઘૂમટા જ દર્શન થયાં!

પરંતુ જેમને ઘેર એ ઊતર્યા હતા એ ભાઈ પુરુષોત્તમ ગુરુજીને ઘૂમટો કાઢવા દે એવા ઢીલા યજમાન ન હતા ગુરુજીનો કાર્યક્રમ એમની પાસે હતો ગુરુજીની લજ્જાને એ સમજતા હતા એટલે એમણે પોને ૧૧–૧૨ ની વચ્ચે એક કલાક હતો તેમાં આવવાનું જણાવ્યું. પણ મારી જેમ ગુરુજી ઉપર તો સર્વ કોઈ હક કરતા આવે ને? હરિજન આશ્રમમાં ગયેલા ત્યાં આગ્રહ કરીને બહેનો આગળ બે શબ્દ બોલવા જણાવ્યું ગુરુજી આવ્યા હોય અને આશ્રમ એનો હક જતો પણ કેમ કરે? પરિણામે

૨૫૦ સાને ગુરુજી

અર્ધો કલાક મોડું થયું. અમારે માટે રહી અર્ધો કલાક !

સામામાંથી જેને આપણે કઠીએ છીએ તે આસન ઉપર ગુરુજી બેઠા. એમની અને અમારા વચ્ચે પુરુષોત્તમ બેઠા. અને અમારો વાર્તાલાપ શરૂ થયો. ગુરુજીના જીવન વિષે જાણવાનું કુતૂહલ હતું એટલે શરૂઆત કરતાં મેં કહ્યું: 'આપ ભણતા ત્યારે જીવનના કયા ક્ષેત્રમાં પડવાની ઇચ્છા જાગેલી ?'

ગુરુજી ગુજરાતી સમજી શકતા હતા, પરંતુ બોલી શકતા ન હતા એટલે મરાઠીમાં એમણે જવાબ આપ્યો. મરાઠીનો મને તો કંઈ અનુભવ નથી પણ એક માની બે બહેનો હોવાથી જેમ અમુક મોંખાના બંનેનાં મળતાં આવે તેમ આ બંને ભાષાઓનું છે. કંઈક સમજાય ખરું. એમનો જવાબ પુરુષોત્તમે પછી ગુજરાતીમાં કહ્યો: 'શિક્ષણ ક્ષેત્રમાં અને કંઈક લેખનમાં, એમ બે ઇચ્છાઓ થયેલ. શિક્ષણમાં પડવાની ઇચ્છા થવાનું કારણ મારાં માસી હતાં. હું ખાનદેશમાં માસી પાસે મોટો થયેલો. માસી વડોદરામાં શિક્ષક હતાં. પછી પૂનામાં કર્વે સંસ્થામાં જોડાયેલાં. એમના વાતાવરણમાં રહેલો એટલે લાગેલું કે આ પવિત્ર વ્યવસાય છે.

'લેખન બાબત તો કુદરતી કહી શકાય. નાનાભાઈ ને હીંચકો નાખતો ત્યારે મનમાં જે કંઈ આવે તે ગાતો. હું શું ગાઉં છું, કવિતા ગાઉં છું, એની મને ખબર નહિ. પણ આવી વૃત્તિમાં આપોઆપ કાવ્ય નીકળી જતું. આમ નાનપણથી, મને ખબર વગર કવિતા ગાતો થયો અને પછી એમાંથી કવિતા લખતો થયો. આમ લેખનની શરૂઆત કાવ્યથી થયેલી. કોંકણના અમારા ઘરમાં જૂની પોથીઓ જે હતી, મોટે ભાગે ભક્તિ સાહિત્ય હતું તે મેં બધું દસ વર્ષની ઉંમરે વાંચી નાંખેલું.'

મેં પૂછ્યું : 'તમે બધાં થઈને કેટલાં પુસ્તકો લખ્યાં હશે ?'

ગુરુજી : 'લગભગ ૧૫૦ પુસ્તકો હશે. એમાંથી ૫૦–૬૦ લખેલાં છપાવવાનાં બાકી છે.'

હું બોલ્યો : 'લેખનનો ધોધમાર વરસાદ જ વરસતો હોય પછી કયો પ્રકાશક એ બધું એના પાત્રમાં ઝીલી શકે !'

ગુરુજી : 'સૌ પ્રથમ લખેલું મારું પુસ્તક હજુ અપ્રગટ છે !'

હું : 'એ તો ઘણી નવાઈ ! જે મુખમાંથી લેખનની નદી વહેવા માંડી, તે મુખ જ વાચકો ન જાણે, એ તો વિચિત્ર કહેવાય. એમ શાથી બન્યું !'

ગુરુજી : '૧૯૨૨ ડેક્કન વર્નાક્યુલર સોસાયટીએ એક ઇનામી નિબંધ, ચરિત્ર માગેલ. હું તે વખતે બી. એ. પાસ થયેલો. ગોપાળ હરિ દેશમુખ વિદ્યાસભામાં કામ કરતા. તેમનું ચરિત્ર લખ્યું. એ ઇનામ મારી અને પ્રો. જી. એચ. કેળકર વચ્ચે વહેંચાયું. આમ જે પુસ્તકથી કલમ ચાલી તે ચરિત્ર હજુ અપ્રગટ છે !'

હું બોલ્યો : 'જીવનચરિત્ર છે એટલે કોઈ પ્રકાશકે એને અત્યાર સુધી હાથ અડકાડ્યો નહિ હોય. કમનસીબે નવલકથા કે વાર્તાઓ હોત તો ક્યારની ય એને કોઈ ચોરી ગયું હોત.

ગુરુજીએ મોં મલકાવ્યું. કંઈ ન બોલ્યા.

સામેના ઘડિયાળનો કાંટો ખસતો હતો. અર્ધો કલાક તરત પૂરો થઈ જશે એની મનમાં ચિંતા પણ હતી. તેમાં વળી મરાઠીમાંથી ગુજરાતીમાં બોલવાનો વખત જાય. ગુરુજી આ મરમ વીને કંઈ ન બોલ્યા. એમના સ્વભાવ પ્રમાણે નીચી નજર કરીને જમીન તરફ તાકી રહ્યા હતા. એટલે મેં તરત પૂછ્યું: 'નવલકથાઓ અંગે સનાતની ધર્મ એવો અભિપ્રાય ધરાવે છે કે એના વાચનથી જુવાન પ્રજા ઉપર માઠી અસર થાય છે. આપ એ અંગે શું માનો છો ?'

ગુરુજી: 'ખરાબ અસર એથી થાય છે જ એવું નથી. દુનિયાના અનેક બળો માણસ ઉપર અસર કરતાં હોય છે. એટલે કોઈના ઉપર માઠી અસર થતી લાગે તો કેવળ એ એનાથી થઈ છે તેમ ધોરણ બાંધી લેવાય નહિ.'

આ પ્રશ્ન ચર્ચા માગી લે તેવો હતો, પરંતુ મારી જેમ ગુરુજી પણ ઘડિયાળના કાંટા સામે નજર રાખીને જવાબ ટૂંકાવતા હતા. પુરુષોત્તમ પણ સહેજ પણ વખત ન બગડે તેમ ઝડપથી, એક શબ્દ ન રહી જાય તેમ ગુજરાતીમાં અનુવાદ બોલી જતા હતા. એટલે મેં વધારે મેળવી લેવાના લોભમાં એ મુદ્દો આગળ ન લંબાવ્યો. પૂછ્યું: 'આપ આપની કયી નવલકથાને શ્રેષ્ઠ માનો છો?'

ગુરુજી: 'આસ્તિક'

હું: 'આપના જીવન ઉપર મુખ્ય અસર કોણે પાડી છે?'

ગુરુજી: 'રામકૃષ્ણ પરમહંસ, એમના ગ્રંથો, વચનો મેં નાનપણમાં જ મોઢે કરેલાં. રામતીર્થનાં બાર પુસ્તકો મોઢે થયા જેવાં બની ગયેલાં, ટાગોર, વિવેકાનંદની પણ અસર ખરી. ગાંધીજીની તો ખરી જ."

હું: 'લગ્ન ન કરવાની ભાવના કેવી રીતે જાગેલી?'

ગુરુજી: 'નાનપણથી હૈયામાં થયા કરે કે ઘર છોડીને બહાર ક્યાંક ચાલ્યો જાઉં અને ભગવાનને મળું! એમાંથી નિષ્કામ કાર્ય કરવાની વૃત્તિને પોષણ મળ્યું એમ માનું છું.'

હું: 'કુટુંબનાંએ લગ્ન કરવા આગ્રહ નહિ કરેલો?'

ગુરુજી: 'મા તો નાનપણમાં ગુજરી ગઈ હતી. મોટાભાઈનાં લગ્ન થયાં એટલે પિતાને મેં કહી દીધું કે, મારા લગ્નની ભાંજગડમાં પડશો નહિ. પિતાને પણ એક પુત્ર પરણ્યો' એટલે વંશવૃદ્ધિની વૃત્તિ સંતોષાઈ હશે એટલે એમણે પણ પછી દબાણ નહિ કરેલું.'

હું: 'સંયમ સ્વાભાવિક કહી શકાય?'

ગુરુજી: 'કેવળ માણસ ભાવના સેવે તેથી સંયમ સ્વાભાવિક બની જતો નથી, કોઈ પણ કાર્ય પુરુષાર્થ વિના સિદ્ધ થતું નથી, તો સંયમ એ પણ મનોબળથી સાધવાનું કામ છે. એટલે એ પણ મનોબળ કહો, પુરુષાર્થ કહો, મથામણ કહો, એ દ્વારા સધાય છે.'

હું: 'હિંદુ કોડ બીલ અમલમાં આવે તો આપણી આર્યસંસ્કૃતિને ધોકો પહોંચશે એમ આપ માનો છો?'

નકાર ભણતાં ગુરુજીએ બે હાથ જોરથી હલાવ્યા એમાં સ્પષ્ટ ઇન્કારનો ભાવ હતો; તે વખતે એમના બે હાથનો નકારનો ભાવ, અને નીચું મોં ગાળેલું તે ઉપર ફરી વળેલી લજ્જાનું ચિત્ર દોરવાની મારામાં શક્તિ હોત તો કોઈ સ્ત્રી ઉપર પુરુષ હુમલો કરતો હોય અને સ્ત્રી-અબળા સ્ત્રી જે જાતનો હળવો વિરોધ કરતાં લજ્જાશીલ બની જાય તેવો શરીરનો અંગ મરોડ અને મોં ઉપરનો ભાવ હતો. અને હિંદુ કોડ બીલનો વિરોધ કરીને પુરુષ એક રીતે સ્ત્રી ઉપર હુમલો જ કરે છે ને? ગુરુજી પુરુષ હોવા છતાં ન્યાયના પક્ષે ઊભા રહેનાર હોવાથી સ્ત્રીના એક પ્રતિનિધિ તરીકે એમણે એ જાતનો ભાવ બતાવ્યો તેમ મને તે વખતે લાગેલું.

એ પુનિત મુલાકાતના જે સ્મરણો મારા મગજમાં જડાઈ ગયાં છે, તેમાં જો કોઈ સ્મરણ, ચિત્ર પ્રબળ જડાઈ ગયું હોય તો હિંદુ કોડબીલના જવાબમાં એમણે હાથવતી સ્પષ્ટ ઈન્કાર કરતાં બતાવેલી લજ્જા.

અને મારા મનમાં કંઈ અસ્પષ્ટતા રહી ન જાય તેટલા માટે, અભિનયમાં સંપૂર્ણ જવાબ આવી ગયો હતો છતાં વાણીથી સ્પષ્ટતા કરી: 'સંસ્કૃતિને કોઈ *જાતનો ધક્કો પહોંચવાનો નથી. હું એને સંસ્કૃતિ કહું* છું, જેમાં દરેક વ્યક્તિને સરખી સ્વતંત્રતા હોય'

હું: 'ભાષાવાર પ્રાંતરચના કરવાથી પ્રજામાં આજના કરતાં પ્રાંતીયવાદ વધશે એમ આપ માનો છો?'

ગુરુજી: 'જો એ રચનામાં કેટલીક મર્યાદાઓ જાળવીને ચાલીએ તો પ્રાંતીયવાદ નહિ વધે. પ્રાંતનું વૃથા અભિમાન ન જોઈએ. ભાષાવાર પ્રાંતો એ પ્રાંતોનું અભિમાન પોષવા માટેની રચના ન હોવી જોઈએ. પ્રજાની સેવા કરવામાં અગવડ થાય માટે જરૂરની છે. ભાષા લોકોના ઉપયોગ માટે છે, ભાષા માટે લોકો નથી. અને માણસ જો ત્રણચાર ભાષા જાણતો હોય તો આ વૃત્તિ

આમ જાય વિનોબાજી કહે છે કે, હિંદની ઓછામાં ઓછી ત્રણ ભાષા હિંદી તરીકે પોતાને ઓળખાવનારે જાણવી જોઈએ. એક માતૃભાષા, બીજી એક ઉત્તરની ભાષા, અને એક દક્ષિણની ભાષા. યુરોપમાં લોકો એ રીતે શીખે છે. ઝેકોસ્લોવાકિયામાં લોકો યુરોપની તો શું, પણ આપણી હિંદી ભાષા પણ શીખે છે. એ શીખનારને પૂછો તો જવાબ આપે છે કે, હિંદને સમજવા અમે હિંદી શીખીએ છીએ! એ રીતે મોટા દેશ દેશો એવા છે કે જેમાં ઉર્દૂ શીખી છે. ગાંધીજી આ માટે જ ઉર્દૂની હિમાયત ઉપર ભાર દેતા હતા. આજે આપણે મુસ્લીમ રાજ્યોને સમજવા હોય તો અંગ્રેજી દ્વારા, એટલે અમેરિકન અને ઇંગ્લીશ પ્રજા દ્વારા સમજવા પ્રયત્ન કરીએ છીએ. અને એ લોકો તો એમનાં ચશ્માંથી જ આપણને બતાવે એથી પૂર્વગ્રહ વધે એશિયાનું સંગઠન કરવું હોય, એને ગોરી પ્રજાના ચૂસણમાંથી બચાવવો હોય તો દરેક દેશે એક બીજાને પરોક્ષ રીતે નહિ, પણ સીધી રીતે, એની ભાષા દ્વારા સમજવા પ્રયત્ન કરવો જોઈએ. આમ ભાષાનો ઉપયોગ થાય તો પ્રાંતીયવાદ વધવાનો સવાલ રહેતો નથી!'

બાગના આંક ઉપર મિનિટ કાંટો આવી ગયો હતો. પુરુષોત્તમની નજર એ બાજુ મંડાઈ હતી. છતાં મેં છેલ્લો છેલ્લો એક પ્રશ્ન પૂછી લીધો: 'સમાજવાદી તરીકે આપને આજના કોંગ્રેસી તંત્ર સામે કયો મુખ્ય વિરોધ છે?'

વખત બચાવવા માટે ગુરુજી આ વખતે મરાઠીને બદલે અંગ્રેજીમાં બોલ્યા:

'હું સમાજવાદી પક્ષનો સભ્ય નથી. કોંગ્રેસનો પણ નથી. મારી સમાજવાદી પક્ષ તરફ સહાનુભૂતિ છે. કોંગ્રેસ તંત્ર સામે મારો જે મૂળભૂત વિરોધ છે તે મુખ્ય ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ કરવું જોઈએ તે છે. આજે ઉત્પાદન થયેલ માલને સરકારી ધોરણે વહેંચવાની ગોઠવણ કરવાના અખતરા થાય છે. પણ મૂળ વાત તો ઉત્પાદન પ્રથમ સહકારી ધોરણે કરવું જોઈએ. વહેંચણી કરતાં ઉત્પાદનનું કામ અગત્યનું છે. એટલે એ પહેલું થવું જોઈએ. દસ-પંદર વર્ષ પછી રાષ્ટ્રીયકરણ કરવાની વાતનો કંઈ અર્થ નથી. આમ કરવાથી બમણું નુકશાન છે, ભવિષ્યમાં રાષ્ટ્રીયકરણ થવાનું છે તે ભયે આજથી ધનિકો ઉદ્યોગમાં મૂડીનું રોકાણ કરતા અટકી ગયા છે અને તેમાંથી કઢાવાય તેટલું કાઢી લેવાની ફિકરમાં પડી ગયા છે. હમણાં રાષ્ટ્રીયકરણ નહિ કરવાનું કારણ માણસો નથી એમ કહેવાય છે. પણ આજે જે માણસો છે તે એક વખતે કામ કરવાના જ છે.

'એવો જ મારો બીજો વિરોધ જમીનદારી પદ્ધતિમાં વળતર (Compensation) આપવા બાબતનો છે ઉત્તર પ્રદેશમાં ૧૮૦ કરોડ રૂપિયા જમીનદારોને વળતર આપવાનું તેનો શું અર્થ છે! મુંબઈ પ્રાંતમાં જમીનદારો પાસે અમુક એકર કરતાં વધારે જમીન હોય તો ખેડૂતને ખરીદવાનો હક છે. પણ ગરીબ ખેડૂતો એવી રકમ લાવે ક્યાંથી? અને કાયદાનો લાભ મળે ક્યાંથી?......'

હું વચ્ચે બોલ્યો: 'એટલે વળતર ન આપવું જોઈએ એમ ને!'

ગુરુજી એમના સ્વભાવ પ્રમાણે કાંઈ ન કહે સમજાવતા બોલ્યા: 'બિલકુલ વળતર ન આપવું જોઈએ એ મતનો હું નથી.' વળતર ભલે આપવામાં આવે, પણ તેનું યોગ્ય ને મર્યાદાશીલ પ્રમાણ જોઈએ ને! વળી હું જે ખેડૂતને જમીન ખરીદવી હોય તે ખરીદી શકે' અને સરકારે નક્કી કરેલો હપ્તો જમીનદારને ભરે. એક જ દિવસે, જમીનદારને પૈસા મળી જવા જોઈએ એવી ચિંતા સરકારે છોડી દેવી જોઈએ.

હું: 'મુંબઈ સરકારે ‹ગણોતધારો› કરી જમીનમાલિકને ત્રીજો ભાગ ઉત્પન્નનો લેવાનું નક્કી કર્યું તે ખેડૂતને ફાયદાકારક તો છે જ ને!

ગુરુજી: 'પૂરતું ફાયદાકારક ન કહેવાય. ઠીક કહી શકાય, મરજિયાત મારી કહેવાય. પરંતુ કયો રોગનું મૂળ નાશ પામ્યું નથી.'

ગુરુજી તો શાંત ચિત્તે નિરાંતે બેઠા હતા, પરંતુ એમની જેને માથે જવાબદારી હતી તે પુરુષોત્તમ ઊંચાનીચા થતા હતા. હવે અવિનય કરીને આગળ

:(અનુસંધાન માટે જુઓ પાનું ૭૩)

માનવીનાં હૈયાં—પનીની કથા

સ્નેહરશ્મિ

પ્રકરણ છઠ્ઠું

ઝેરના પહેલા ઘૂંટડા

પેલી છોકરી બાપડી મૂંઝાઈ જ ગઇ. તેનાથી બે એક વર્ષે નાની બીજી એક છોકરી બોલી ઉઠી–

'મને પણ એક પહેરાવોને.'

'આવ બહેન, તને પણ પહેરાવું' બોલતા બીજા હાથ પગની બીજી એક બંગડી કાઢી તેને પણ મેં પહેરાવી દીધી. અને બોલી, 'પણ જોડી વિના એ બરાબર નથી શોભતી' એવું કહેતા મારા બન્ને પર એમાંની એકેક બંગડી બાકી રહી હતી તે ઉતારી એ બેઉ છોકરીઓના બન્ને હાથ પર મેં એકેક પહેરાવી દીધી મારા હાથ બંગડી વિનાના બની ગયા એ જોતાં પેલી મોટી છોકરી બોલી ઉઠી–

'અરે! તમારા હાથ તો સાવ સૂના બની ગયા' અને તે પોતાના હાથ પરથી બંગડી ઉતારવા લાગી તેને રોકતા મે કહ્યુ,

'કંઇ નહિ બહેન, એમાં શું થઇ ગયું? ઘેરે જઇને બીજી પહેરી લઇશ, આ બંગડી તો હવે તમે બન્ને તમારી પાસે જ રાખી મૂકો.'

'અરે વાહ થાય કે એવું!' પેલી મોટી છોકરી બોલી.

'કેમ, એમા શું થઇ ગયું!'

'પણ અમે ક્યાં તમને ઓળખીએ છીએ કે તમારી પાસે એ બંગડી લઇએ!'

'ન ઓળખો તેથી શું? હું થોડી જ કોઇ પારકી છુ?'

પેલી છોકરીના જ નહિ પણ બીજા લોકોના પણ કુતૂહલનો પાર ન રહ્યો–અને ત્યારે જ અચાનક મને ભાન આવ્યું કે હું વધારે પડતું બોલી ગઇ હતી, અને વધુ પાતું મેં કહી નાખ્યું હતુ–પેલી નાની છોકરીઓને જોતાં જાણે મારા કન્યા ગૃહમાં જ છુ એમ મારાથી અજાણતાં વર્તી જવાયું. મારી છાતી એકાએક ધડકી ઊઠી. હું બોલી ગઇ હતી કે હું થોડી જ કોઇ પારકી છું, એ એ લોકોના ધ્યાન ઉપર આવ્યા વિના નહિ રહે, અને તેથી તરત જ મારી ઉપર પ્રશ્નોની ઝડી વરસી રહેશે, ને તે સૌને મારે સમજાવવું પડશે કે હુ કરસન નાથાની પત્ની છું, ને એ જાણતા કોણ જાણે તેમના મનમાં શું ય થશે એ બીકથી પેલી છોકરીઓનું ધ્યાન બીજે દોરવા મેં કહ્યું.

'વાહ, કેવો સરસ ખેલ કરે છે પેલો છોકરો! અરે! અરે! બાપડો પડી જશે.'

છએક વર્ષનો એક નાનકડો છોકરો જમીનથી ચૌદ પંદર ફીટની ઊંચાઇએ બાંધેલા એક દોરડાં ઉપર કોઈ પણ જાતના ટેકા વિના અદ્ધર ચાલી રહ્યો હતો. નીચે તેના બાપ અને મા જેવાં જણાતાં બે જણાં ઢોલ વગાડી ગીત ગાઇ રહ્યાં હતાં.

પોતાની બધી કળા એ ત્રણે જણ જાણે ખૂબ ઉલ્લાસમાં આવી દાખવી રહ્યાં હતાં. દોરડાં ઉપરના છોકરાનો પળે પળે બદલાતો અંગ મરોડ અને તેમાંથી તરી આવતાં સુરેખ ચિત્રો, સમતોલપણું જાળવવામાં અંગને અપાતો કળાત્મક વળાંક ને છટાભર્યો ત્રિભંગ, ઢોલની રમઝટ સાથે ખીલેલું પુરુષનું જોમ અને સ્ત્રીનાં નર્તનમગ્ન અંગોની સ્ફૂર્તિ એ બધાંનું જાણે એક અદ્ભુત નાટક ભજવાઈ રહ્યું હતું પેલા છોકરાએ એવો તો સાહસભર્યો અંગમરોડ કર્યો હતો કે સૌના જીવ અદ્ધર થઇ ગયા, અને બધા મને શરીરભર ભૂલી ગયા હું પોતે પણ મારી જાતને ભૂલી ગઇ, માત્ર મારા કાન અને મારી આંખો એ બે જ ઇન્દ્રિયો કામ કરી રહી, પેલી બાઇ ગાઇ રહી હતી:

આભેથી આવ્યાં ને ધરતીએ ઝીલ્યા

મારી! કલ્પના સૃષ્ટિમાં એક અપૂર્વ ચિત્ર દોરાઈ ગયુ. આ બાઈ કોણ જાણે સમાજના કેવા ય થરમાંથી આવતી હશે; કોણ જાણે શું શું એના પર રોજ વીતતું હશે? છતા એ પોતાની જાતની અવજ્ઞાનથી કરતી! એ કહે છે કે આભેથી આવ્યાં! હા એ જ એક પરમ સત્ય હતું–સૌ એ સનાતન સૌન્દર્ય અને છતાં અમિત પ્રેમના સાગર જેવા આભનાં જ બાળક હતા, ને ધરતીએ તેમને અપનાવ્યાં હતાં. હા, એ ખરું

કે ધરતી સર્વત્ર એક સરખી નથી હોતી, ક્યાંક મેદાન ક્યાંક ખાડ, ક્યાંક ડુંગર, ક્યાંક કાંટા, ક્યાંક ફૂલ–પણ તે બધાંય અન્તે તો ધરતીનાં જ છોરું ને ? તેને મન તો કાંટા કે ફૂલ બેઉ સરખાં ! એ ભેદ તો આપણે પાડયા–એને સાચા માનીએ એ આપણું અજ્ઞાન, એ અજ્ઞાન એટલે જ આપણે માની લીધેલું દુઃખ. એ અજ્ઞાન ટળે એટલે દુઃખ માત્ર જાય, અને આખા જગતના સનાતન મધુર સંવાદનું અને તેની મનોહર અખંડતાનું આપણને દર્શન થાય. આવા સ્પષ્ટ શબ્દોમાં નહિ, પણ કંઈક આને મળતું ચિત્ર એ પંક્તિ સાંભળતાં મારા મનમાં ખડું થઈ ગયું. પેલો નાનકડો છોકરો બાઈ જેમ એકેક પંક્તિ બોલતી જતી હતી તેમ ઉપરથી 'વાહ માડી વાહ !' ગાઈ ટહુકો પૂરતો હતો. લોકો મા દીકરાનું એ ગીત સાંભળી રહ્યા :

> આભેથી આવ્યાં ને ધરતીએ ઝીલ્યાં !
> વાહ માડી ! વાહ !
> ધરતીએ ઝીલ્યાં ને દુનિયાને સોંપ્યાં !
> વાહ માડી ! વાહ !
> લોકે તે તેડ્યાં ને હેતે ઉછેર્યાં !
> વાહ માડી ! વાહ !
> હેતે ઉછેર્યાં ને રમવા તે મેલ્યાં !
> વાહ માડી ! વાહ !
> જોતાં એ રીઝયાં ને હૈયાં શું ચાંપ્યાં !
> વાહ માડી ! વાહ !

અને છેલ્લી પંક્તિના સૂર વાતાવરણમાં શમે ન શમે ત્યાં તો પેલા છોકરાએ પગની નીચે કળ રાખી હોય તેમ રીતે કલાત્મક ઉછળી ઉંચે હવામાં અધ્ધર ગુલાંટ ખાઈ, ફરીથી દોરડા ઉપર જાણે કોઈ મૂર્તિ ન મૂકી હોય તેમ અસાધારણ સ્વસ્થતાથી સમતોલપણું જાળવી, સૌને ચકિત કરતાં હવામાં ફરીથી ગુલાંટ લઈ જાણે હળવેથી, કોઈ ફૂલ પડતું હોય તેમ તેની માના અંગ ઉપર પડતું મૂક્યું–ને પેલી બાઈએ તેને તેના હૈયા સરસો હેતથી ચાંપ્યો. ચારે બાજુએ તાળીના ગમગાટ થઈ રહ્યા પેલો મદારી બોલ્યો.

'બેટા, સલામ કર સૌને !'

અને ચારે બાજુએ ઝૂકી ઝૂકી સલામ કરતો ને તેની કાલી વાણીમાં બોલ્યો, 'સલામ'

'બેટા, બતાવ તારું પેટ સૌને,' પેલો પુરુષ બોલ્યો ને પોતાના પેટ પર ટપલી લગાવતો ફરીથી તેની કાલી બોલીમાં તે છોકરો બોલ્યો.

'બાપુ, ભૂખ્યાં છીએ પાઈ પૈસો આપો તો ખાવા પામીએ બાપુ.'

ને પેલી બાઈ બોલી:

'ધર્માત્મા છો બાપુ, ભગવાન તમારું ભલું કરે બાપુ '

ને છોકરો માને અનુસરતો બોલ્યો.

'ભગવાન તમારું ભલું કરે, બાપુ પઈ પૈસો આલો બાપુ.'

મારી આંખોમાં ન વર્ણવી શકાય એવી એક ધ્રુજારી પસાર થઈ ગઈ એવું નથી કે મેં ભૂખ જોઈ ન હતી, અમારા વાસમાં દારિદ્રની કમીના ન હતી. ભૂખમાં કંગાળ, હાડપિંજર જેવાં બાળકો મેં ઘણો વાર જોયાં હતાં–પણ મનુષ્યની અસહાયતાનું આવું ભીષણ–આવું વિરૂપ ચિત્ર આજની જેમ મારી વેદનાભરી સચોટતાથી અગાઉ મારા ધ્યાન ઉપર નહોતું આવ્યું. અને એ છોકરાની આજીજી જ્યાં કોઈના મુખ ઉપર તેને કાંઈક આપવાના કોઈ પણ જાતના ઉલ્લાસનો જ્યારે મને અભાવ દેખાયો ત્યારે તો મારી એ વેદના ઘૃણામાં ફેરવાઈ ગઈ. ઘડી પહેલાં એ બધાં હસતાં હતાં, તાળી પાડતાં હતાં–ને જાણે તેમને આનો અપૂર્વ આનંદ આપ્યો તે પોતાના શ્રમનો અતિ તુચ્છ બદલો માગતાં હતાં તે આપવા એમાંથી જાણે કોઈયે તૈયાર ન હતું ઘડી પહેલાં જે મધુરતા મારા અણુ અણુમાં વ્યાપી રહી હતી તે જાણે ઝેર બની ગઈ. એ બધાને તેમની મો ઉપર કહેવાની જાણે એક અદમ્ય પ્રબળ ઊર્મિ મને થઈ આવી કે તે બધાં નીચ, સ્વાર્થી, અધમ પેટભરાં છે પણ એવું કરવાનું મારામાં સાહસ નહોતું, એટલે પેલા છોકરાને મેં બોલાવ્યો, ને તેના હાથમાં એક આઠ આની મૂકતાં કહ્યું:

'લે, આનું ખાવાનું લઈને ખાજો.'

તેના હાથમાં આઠ આની પડતી જોઈ ઘડીભર તો લોકોની આંખ એ વાત સમજી જ ન શકી. એક જણે તો કહ્યું પણ ખરું. 'અરે બહેન પૈસાને બદલે ભૂલથી તમે આઠ આની આપી દીધી. સાલો લુચ્ચો. કહેતો પણ નથી.'

પણ તે વધુ ગાળો બોલે તે પહેલાં તેને અટકાવતી હું બોલી: 'ના, ભૂલ નથી થઈ. મેં આઠ આના સમજીને જ આપ્યા છે.' ને મારા એ શબ્દો સાંભળતાં બધા એક બીજા તરફ સૂચક રીતે જોઈ રહ્યા. લોકોનો કંઈક ગણગણાટ શરૂ થઈ ગયો, પેલો મદારી પણ ઘડીભર તો આભો બની ગયો હતો. થોડી જ ક્ષણમાં સ્વસ્થ બની તે બોલ્યો.

'જીવતી રહેજો મારી માડી! સો વરસની થજો બહેન! ગયા ભવમાં આવાં જ પુન કર્યાં હશે–અમ જેવાં ગરીબ ગરબાંની આંતરડી ઠારી હશે તે આ ભવે આવો ઊંચ વરણનો મનખાદેહ પામી...'

મારે માટે એ અસહ્ય હતું. તે કદાચ સાચી લાગણીથી બોલતો હશે, પણ તેના અવાજમાં જે એકધારી યાંત્રિકતા હતી, જે આત્મ-અવજ્ઞા હતી તે અસહ્ય હતી–અને તેમાં વળી 'ઊંચ વરણ' શબ્દે તો મારા સંયમને કેવળ બ્હેકાવી મૂક્યો. 'ઊંચ વરણ!' મારા મનમાં હું ઘૃણા સાથે બોલી, આ ઊંચ વરણના જ બધા હતા ને! ને જાણે તે મૌન પર પેલી આઠ આની આપીને ઓછું વેર લીધું હોય તેમ હું બોલી:

'ના, ભાઈ હું એવી ઊંચ વરણમાં જનમવાનું સદ્‌ભાગ્ય નથી લઈ આવી, હું તો હરિજન છું.'

બોલતાં સાદાથી બોલી તો જવાયું, પણ પછી તરત જ ભયની એક અરેરાટી મારા અન્તરમાં વ્યાપી ગઈ.

'હરિજન!' એક સામટા અનેક મુખમાંથી ઉદ્‌ગાર નીકળી ગયા, ને પછી 'ઢેડી સાલી!' રાંડને છે કંઈ લાજ શરમ!' 'નીકળી કોઈ ઊંચ વરણના આમ નક્ફટ બનીને બહાર કે!'–પણ એ બધાં ઘૃણાભર્યાં વાક્યો નોંધી આપણા જીવનના એ કલંકને મારે વધુ જાહેરાત નથી આપવી. એ ટોળામાંથી એક આધેડવયના પુરુષે બૂમ પાડી:

'નરભા, જોઈ શું રહ્યો છે? હાંકી કાઢ રાંડને અહીંથી, રાંડ વેશ્યા, શરમ ન આવી બ્રાહ્મણની દીકરીને સમઝાવતાં' ને તરત જ મારી ધસી આવી પેલી મોટી છોકરી સામે ડોળા કાઢતાં કહ્યું, 'લાખ વખત મેં એ છોકરીને કહ્યું છે કે કાચની બંગડીનો બહુ શોખ ન રાખીએ. પણ સમજે જ શાની! આજ કાલનાં સાલાં છોકરાં. જોયું ને શું પરિણામ આવે એનું! સારું છે આજે તો માથાબોળ નાહી નાખ્યે પાપ ધોવાઈ જશે. પણ આમ એ ક્યાં અટકે જ હોણુ જાણે?'

પેલી છોકરી તો બાપડી રડવા જેવી થઈ ગઈ હતી. તે ડૂસકાં લેતી બોલી:

'બાપા, પણ એમાં શું થઇ ગયું? એનો ભિખારીનો કયો વાંક હતો?......'

'બેસ બેસ મોટી વાંકવાળી!' અને મારા તરફ ફરીને બોલ્યો, 'હજુ ઊભી ઊભી અહીં જોયાં શું કરે છે? નીકળ ગંડ! આખું ગામ અભડાવ્યું અમારું......'

અને પછી જે અપમાન, જે કલંકો મારે વેઠવાં પડયા તે યાદ કરતા પણ મારું હૈયું થથરી ઊઠે છે. પેલા નરભાએ તો જેવું બ્રાહ્મણપણું તેની દીકરીને હું અડી તેથી રસાતળ ગયું હતું તે સજ્જનને ક્યાંય પાછળ પાડી દે એવી બહાદુરી બતાવવા બહાર પડયો હોય તેમ મારો પીછો પકડયો. એ બન્ને કાકા ભત્રીજા હતા એ હું પાછળથી જાણવા પામી. એના કાકાનું નામ હતું પ્રેમશંકર. નામ પાડનારી ફોઈઓ સામાન્ય રીતે ભૂલો જ કરતી હોય છે, પણ પ્રેમકાકાનું નામ પાડનારી ફોઈએ કરેલી ભૂલ તો ભાગ્યે જ કોઈ બીજી ફોઈએ કરી હશે. પેલી બેઉ છોકરીઓ રડતી હતી મોટી બોલી 'બાપા, આપી દો એને બીચારીને એની બંગડી.'

પણ તે વધુ બોલે તે પહેલાં તેને અટકાવતો તે

બોલ્યો, 'બેસ છાનકી હું પાડો એ રાંકના તરફ હાથ લંબાવું, ખરૂં!'

એટલે એક જણ હસતો હસતો બોલ્યો, 'એમ કંઈ પ્રેમશંકરકાકા કાચા નથી તો ઢોલી અડે તો અભડાઇ જવાય, પણ તેની બગડીથી કંઇ થોડું જ અભડાવાય!'

પ્રેમશંકર ભભુકી ઊઠ્યો, 'છાનો મર કે તીશા હું કંઇ કીકો નથી તે તારૂં મહેણું ન સમજું-સમજ્યો? આવી તો કંઇ કેટકેટલી બગડીઓ મેં જોઇ નાખી છે સમજ્યો!' અને પેલી છોકરીઓ તરફ જોઈ બરાડ્યા–'અહીં આમ મૂઢની જેમ જોયા શું કરો છો? જાવ ઘેર જઇને નાહી લો.'

'પણ આ બગડી?' પેલી મોટી છોકરી બોલી

'વળી પાછી એ જ વાત? જાય છે કે નહિ? નહિ તો ચામડી ઉતારી નાખીશ'– અને જાણે તેને મારવા જતો હોય તેવો તેણે અભિનય કર્યો. પેલા તેનો હાથ પકડી લીધો 'અરો પ્રેમશંકરકાકા, હેય એ તો એમાં આટલા બધા ચીડાઈ શું જાવ છો?' અને મારા તરફ જોઈ બોલ્યો, 'તે તે બહુ ધાડ મારી નાખી કે આમ ઊભી ઊભી નફ્ફટની જેમ આ બધો તાલ જોયા કરે છે? જાય છે કે નહિ અહીંથી?' ને પ્રેમશંકરના હાથમાંથી લાકડી લઇ છૂટી મારવા આવતો હોય તેમ તેણે હાથ ઉગામ્યો, પણ પ સેના ઓટલા પરથી કોઇ બાઇનો અવાજ આવતાં બધા ચમક્યા

'આ બધું શું માંડ્યું છે તમે સૌએ ભેગા થઇને? શરમ નથી આવતી આ બિચારી નાદાન છોકરી ઉપર આમ વિતાડતાં? તમારે કેટલાયને તો એવી દીકરીઓ છે જા, બહેન તું તારે રસ્તે જા ક્યાંથી આ બાજુ ભૂલી પડી?

હું તો કિંકર્તવ્યમૂઢ જેવી બની ગઇ હતી શું બોલવું, શું કરવું તે કંઇ જ સમજાતું ન હતું પણ એટલામાં પેલી બાઇનો ફરીથી અવાજ આવ્યો

'કોણ? આ પની તો નહિ? કરસન નાથાની?'

'હા, મા' મારા મુખમાંથી અચાનક નીકળી ગયું

'જીવતી રહેજે, બહેન સો વર્ષની થજે ભગવાન સુખી રાખે પ્રેમશંકરભાઈ તમારા આ કરસનની આ દીકરી ને એને તમે ઓળખો પણ નહિ?'

પ્રેમશંકરનું મોં કંઇક ઝંખવાયું. પેલો તોફો પણ કંઈક નરમ પડ્યો લાગ્યો

'આપણને શું ખબર પડે નર્મદાબાઇ? એ તો બહારની બહાર રહે–આજે પહેલી જ વાર જોઇ એ તો બાળક કહેવાય, પણ સોમીની અક્કલ ક્યાં બહેર મારી ગઇ?' અને જાણે મને સમજાવતો હોય તેમ મારા તરફ ફરીને બોલ્યો, 'જો પની, આમાં તારો વાંક નથી, પણ તું હવે નાની ન કહેવાય. તારે સમજવું જોઇએ કે તારાથી આવી રીતે નહિ હરાય ફરાય' ને લોકોના ટોળાં તરફ વળી તેણે કહ્યું

અહીં નાટક થોડું જ થઇ રહ્યું છે કે બધા ભેગા થઈ ગયા છો–જાવ અહીંથી, નહિ તો મરો મેંહની કંઇ સાંભળી જશો.'

ને તેના ડોળા જોઇ છોકરાંઓ મારા તરફ જોઇને 'ભાગીને! ભગીને!' બોલતાં નાસી ગયાં. ગરીબની વહુ સહુની ભાભી એ કહેવત તો મેં અનેકવાર સાંભળી હતી–પણ હું તો કોઈની વહુ પણ નહોતી થઇ સાથે જ ગરીબની દીકરી સહુની ભાભી પડી હોત તો તે સત્યની વધુ નજીક હોત. અને આ છોકરીઓના મુખમાં બિભત્સ શબ્દો! અને એ પણ તેમના વડીલોના દેખતાં! આ અમારો કહેવાતો ઉજળિયાત વર્ગ! અપાર ઘૃણાથી મારું મન ભરાઇ ગયું મારી આસપાસ જામી રહેલા આ ગાઢ અંધારામાં જો કોઇ એકાદ આવી પ્રકાશરેખા મને લાધી હોય તો જે બાઈ મારી વહારે આવી હતી–જેને મેં મા કહીને સંબોધી તે–તે નર્મદામા

નર્મદામાને તો હું કેમ કરી ભૂલી શકું? જીવનમાં કેવળ એક જ વાર જો તેમને મેં જોયાં હોત તો પણ મારાથી તેમને કેમ ભૂલાત? જીંદગીની વિશાળ મરુભૂમિમાં નર્મદામા જેવાં નખલિસ્તાનો જો ક્યાંક ક્યાંક જો આપણને લાધવા ન હોત તો જીંદગીને

કદુ બોજ ઉઠાવવાની કોણ દરકાર કરત? સાચે જ નર્મદામાનું મારું પ્રથમ દર્શન અતિ મીઠું, અતિ મંગળ હતું. ચાલીસેકની આસપાસની તેમની ઉમ્મર હશે. વયે તેમના મુખ પર વિષાદ કરતાં શાન્તિ અને સૌમ્યતાની રેખાઓ વધુ આંકી હતી. તેમનું મુખ જોતાં જ આપણે જાણે જનનીનું દર્શન કરતા હોઈએ એવું લાગે જાણે માતા થવાને જ તે જાણે જન્મ્યાં હતાં એવી વત્સલતા તેમની આંખમાંથી તરતી હતી. તેમની ગોદમા માથું ઢાળી મારી બધી વેદના મારા આંસુમાં વહાવી તેમના હાથે સાંત્વન પામવાની પ્રબળ ઊર્મિ મારા મનમાં જાગી ઊઠી. પણ હું કન્યાગૃહની પની હવે નહોતી રહી હવે તો હરિજનવાસની પની હતી. નર્મદામા ગમે તેવાં પ્રેમાળ કેમ ન હોય, પણ તે એક હરિજન કન્યાને કેમ કરીને અપનાવી શકે? મારા અન્તરમાંથી એક ઊંડો નિઃશ્વાસ નીકળી ગયો.

જડી મને કેમ મના કરતી હતી તે હવે મને પૂરેપૂરું સમજાયું. બજારમાં બહુ વખત થોભવાની મારી ઈચ્છા ન ચાલી. મેં ઘર તરફ પગલાં માંડયાં. એક સાથે કંઈ કેટકેટલી નજરો જાણે મને બાળી રહી. માત્ર જન્મના અકસ્માતને કારણે આપણી જીંદગીઓમાં કેવાં જુદાં જુદા મૂલ્યો આવી જાય છે! ગામની બહાર હું આવી ત્યારે મારું મન અપાર વેદના અને ઘૃણાથી ભર્યું હતું. જે કુદરત ઉપર હું મુગ્ધ બની હતી તે જ મારા પ્રતિ નિઠાળી રહી હતી. પણ તે ગારામાં હવે કોઈ ઊર્મિ જગાડી શકી નહિ. સૂરજ આથમવાની તૈયારીમાં હતો, અને તેની અસલ વખતની લાલાશ રડતાં રડતાં સૂજી ગએલી લાલ આંખ જેવી મને લાગી આખા જગતમાં જાણે મારું કોઈ નથી, હું કેવળ અસહાય છું એવી એક અસહ્ય ગ્લાનિ મારા અન્તરને ભરી રહે. એવામાં મને પાછળથી કોઈ સંબોધન કરી રહ્યું છે એવું મને લાગ્યું. પાછળ ફરીને જોઉં છું તો અમારા વાસનો લલ્લુ મને સંબોધી કહી રહ્યો હતો.

'બહુ વસમું લાગ્યું હશે તને, ખરું ને પની!' મેં તેનો ટૂંકા હકારથી જવાબ આપ્યો. વાત કરવાની કોઈ પણ જાતની ઈચ્છા મારામાં રહેવા જ પામી ન હતી. વળી અમારા વાસની કેટલીક સ્ત્રીઓ બાદ કરતાં બહુ ઓછા જોડે મારે ઓળખાણ હતું; કારણ કે પાંચ વર્ષની ઉમ્મર બાદ મોટો વખત તો હું બહારની બહાર જ રહી, એટલે ઘણાં માણસો મને અપરિચિત જેવાં હતાં. લલ્લુ પણ મને અપરિચિત જેવો હતો, જો કે કોઈ કોઈ વાર તે અમારે ઘેરે આવતો. તેની ઉંમર વીસેકની હશે, અને વરતણીઆનું તે કામ કરતો. તેણે જરાક ઉતાવગા ચાલી મારો સંગાથ કર્યો, અને મારા તરફ અપાર સહાનુભૂતિ બતાવતો હોય તેમ બોલ્યો.

'પની, આવું તો અમારે રોજનું વેઠવાનું. પણ તું ભણીગણી એટલે તને એ વસમું લાગે એ સાચું છે.'

'માત્ર ભણવા ગણવાથી જ સ્વમાનની ભાવના આવે એવું થોડું જ છે! આવાં અપમાન આપણે ક્યાં સુધી વેઠતાં રહીશું?' મારી અનિચ્છા છતાં પણ મારાથી બોલ્યા વિના નહિ રહેવાયું.

'એ તો તારી જેમ બધાં જ ભણવા માંડે તો કદાચ કાંઈ બદલાય.'

'ના, તો પણ ન બદલાય એને ભણવા સાથે કંઈ જ સંબંધ નથી, આપણે એ લોકોની દયા ઉપર જીવવાનું ચાલુ રાખીશું ત્યાં સુધી એમાં કંઈ ફેર નહિ પડે.' મેં જાણે એ પ્રશ્ન હું બહુ સારી રીતે સમજતી હઉં એમ કહ્યું.

'તે કઈ રીતે પની!'

'આપણે એમનાં કામ ન કરીએ, એમની સાથે સંબંધ ન રાખીએ તો તરત જ એ લોકો ઠેકાણે આવી જાય.'

'એવું કેવી રીતે થઈ શકે! આપણે ધારો કે સંબંધ બધો તોડી નાખ્યો પછી આપણા પેટનું શું!' લલ્લુએ પૂછ્યું. વાતવાતમાં અમે ક્યારે કેડી પર ચઢી ગયાં હતાં તેનું મને ભાન ન રહ્યું. લલ્લુના પ્રશ્નો મારા મનમાં એક પછી એક વિચારોની આંધી જગાડી રહ્યા હતા. મેં કહ્યું,

'પેટ! પેટ તો કૂતરાં બિલાડાં પણ ભરી શકે

છે. તો શું આપણને એટલું પણ ન આવડે ?'

'જો આવડતું હોત તો આવો વારો આવત ?' લલ્લુ જાણે મારાં કથનને હસતો હતો. તેની આંખમાં કરેલા કટાક્ષથી હું અકળાઇ.

'એ જ તો દુઃખ છે આપણને એટલું જ નથી આવડતું. રોજ આટઆટલાં અપમાનો છતાં આપણે કૂતરાંની જેમ પૂછડી પટપટાવતાં પાછાં ત્યાંને ત્યાં જ જઇએ છે.'

'એ જ તો હું તને પૂછું છું કે બીજું આપણે શું કરી શકીએ ? ઘડીભર માની લઇએ કે આપણે તેમની સાથે સંબંધ તોડી નાખીએ. એનું શું પરિણામ આવે એ ખબર છે ? કરસન કાકાને પેલા મીલવાળા સુતર આપવાની ના પાડે એટલે કંઇ કેટકેટલા વણકરો કામધંધા વગરના થઇ પડે. અને આપણા બધા જ ધંધાનું એમ સમજી લેવું.

હું અકળાતી બોલી. 'ના. બધા ધંધા માટે એવું નથી. આપણે એમનાં પહેલાં ઢોર ન ખસેડીએ, એમનાં જાજરૂ ન સાફ કરીએ તો એ કામ એમને બીજું કોણ કરી આપશે ? એમને જાતે જ્યારે એ ...ના આવશે ત્યારે તેમને આપણી કિમ્મત સમ...રો, અને ત્યારે આપણને પગે લાગી કહેશે: અમારી ભૂલ થઇ, તમે અછૂત નથી ગઇ ગુજરી બધી ભૂલી જાવ.'

લલ્લુ ખડખડાટ હસી પડયો. 'તું ધારે છે એટલું એ સહેલું હોત તો આપણે ક્યારનાં અછૂત મટી ગયાં હોત. મડન એ મરેલાં ઢોર ખસેડવા નહિ જાય તો રધસો જશે. પહેલાં તો આપણે એક થઇ શકીએ એમ જ નથી. અને ધારો કે એવું થાય તો ય આપણે કેટલા દહાડા એમ ખેંચી શકીએ !'

વાતવાતમાં અમે જાણે રસ્તો કાપી નાખ્યો હગા: પણ અમારો વાસ બીજી જ બાજુએ રહી ગયો હતો. તેનો એકાએક મને ખ્યાલ આવ્યો એટલે મેં કહ્યું.

'અરે, વાતવાતમાં આપણે તો આટલાં ચડી ગયાં, ... અમારું હું કહી નહોતી ગઇ'

... ... જાણે વિચારમાંથી જાગતો ... વાસમાં તો જરાક જ.

એ જરાક લાંબો છે.'

'તો આપણે ટૂંકે જ રસ્તે જઇએ.' એમ કહી હું પાછા વળવાનું કરતી હતી તે જોઇ લલ્લુ બોલ્યો,

'પણ એમ પાછા આ રસ્તે થઇ જૂને રસ્તે જતાં જેટલો વખત લાગશે તેના કરતાં આ રસ્તે ઓછો લાગશે, અને વળી તને નવો રસ્તો જોવાનો મળશે.'

એમ બોલી તેણે આગળ ચાલવા માંડયું; ને હું પણ મંત્રવત્ તેની સાથે સાથે ચાલી. અમે થોડેક ગયાં એટલે એક ઊંચા ટેકરા ઉપર થઇ રસ્તો એક કોતરમાં પડતો હતો. સૂરજ આથમી ગયો હતો. મને મનમાં ચટપટી થવા લાગી. મા ઘેરે અકળાતી હશે એ વિચાર મારા મનમાં આવ્યો; તે સાથે કદાચ અંધારું થવા આવે તેવે વખતે ગામમાં એક જુવાન છોકરા સાથે મને દાખલ થતી લોકો જુવે તો કંઇક ચર્ચા પણ થાય એવો પણ મને વિચાર આવ્યો. જાણે મારા મનના ભાવ કળી ગયો હોય તેમ લલ્લુ બોલ્યો,

'પની, આપણે બે અહીં એકલાં છીએ એ જો કોઇ જોઇ જાય તો કેવું ધારે એમ તું વિચારે છે ખરું ?'

મેં હા પાડી. એટલે હસતો હસતો તે બોલ્યો,

'ત્યારે તું ભણી એ બધું નકામું જ ને ?'

હું નવાઇ પામી. ભણવાને ને આ વાતને શો સંબંધ !' એટલે મેં કહ્યું,

'કેમ, ભણ્યાં એટલે ગમે તેમ વર્તાય !'

'આમાં ગમે તેમ ક્યાં આવ્યું ? ભણેલાં તો કેવું કેવું કહે—આપણે કંઇ થોડું જ તેવું કહીએ છીએ ?'

મને તેની વાત ન સમજાઇ તે જાણે તેના ધ્યાન ઉપર આવ્યું હોય તેમ તે બોલ્યો.

'આપણા ગામનાં ભણેલાં જોયાં તેં જોયાં નથી. પેલો મગન વલ્લભ આફ્રિકા ગયેલો છે તે તું જાણે છે ?'

મેં ના પાડી; એટલે તેણે આગળ ચલાવ્યું, તેને આફ્રિકા ગયાને ૭ વરસ થયાં છે, ત્યારે તેની વહુ પણ બાર વરસની હતી. તેણે આફ્રિકાથી કાગળો

પર કાગળ લખી તેના સસરાને હેરાન કરી મૂક્યો, ને અંતે સસરાએ બિચારાએ તેને મુંબઈની કોઈ નિશાળમાં ભણવા મૂકી. પણ માણસ ક્યાં સુધી ભણ્યું ભણે ? તે ત્રણ વરસથી અહીં તેના સાસુ સસરા સાથે રહે છે, પણ જાણો છો તેનાં પરાક્રમ ?'

મેં કંટાળા સાથે કહ્યું, 'તેમાં આપણે શું ?' મારા ઉત્તરથી કંઈક હતોત્સાહ થતો તે બોલ્યો,

'આપણે એ સાથે કંઈ નિસ્બત નથી એ સાચું; પણ આ જ જગ્યાએ તે એકવાર મને અચાનક મળી ગઈ, ત્યારે પણ સાંજ પડવા આવી હતી, તે તેના ખેતર પરથી પાછી વળતી હતી; પણ તેના પાછા વળવાનો આ રસ્તો નથી, આ રસ્તે તો ભાગ્યે જ કોઈ આવે છે. કાપણી વખત એ વપરાય તે માફ. પછી કોઈ આ બાજૂ નથી આવતું, હું તો અમસ્તો ફરવા જ આવ્યો હતો, ને તેને અહીં જોતાં નવાઈ પામ્યો, બાઈ માણસને આમ એકાન્ત જગ્યાએ જોતાં હું પાછો વળતો હતો, ત્યાં તેણે મને બોલાવ્યો,

'એ આમ આવજો, મને જૂવોને કાંટો પેસી ગયો છે, કાઢી આપો તો.'

મેં કહ્યું, 'હું તો વરતણીઓ છું. મારાથી કેમ અડાય ?'

એટલે તે બોલી, 'અરે, એમાં શું ! આપણે બધાં માણસ જ છીએ ને !' અને તેણે મારા તરફ એવી રીતે તો જોયું—બસ, ન પૂછો વાત. મારી તો છાતી ધડકી ઊઠી, મને ગભરાતો જોઈ તે બોલી,

'એમ ડરવાનું કંઈ કારણ નથી, કાઢી આપો મારો કાંટો.'

ને ખરેખર, મારા તો પગ ધ્રુજવા લાગ્યા. કોઈ જો મને જૂવે તો મારી જ નાખે; પણ મારો છૂટકો નહતો. હું તેની પાસે ગયો. મેં તેનો પગ મારા હાથમાં લીધો, પણ ક્યાંય મને કાંટો ન દેખાયો. એટલે મેં કહ્યું,

'કાંટો નથી દેખાતો.'

'ન કેમ દેખાય ! દેખાશે ! જરા બરોબર જૂવો,' અને એમ કહી તે હસી પડીઃ

'તો ય મને સમજાયું નહિ કે એ બાઈ મારા ઉપર મોહી પડી હતી. એટલે મેં તો પગના તળિયા ઉપર કાંટો શોધવા હાથ ફેરવવા માંડ્યો. મારો હાથ પકડી તે બોલી.'

'કાંટો એમ ન પકડાય—બહુ ઊંડો છે, અને અહીં વાગ્યો છે, જુઓ.'

એમ કહી તેણે મારો હાથ, તેની છાતી ઉપર ખેંચ્યો, અને જોરથી દબાવ્યો...'

તેની આ વાતથી હું અકળાઈ ઊઠી. મેં ઘૃણાથી કહ્યું. 'લલ્લુ. મારે એ વાતનું કામ નથી. અને જાણે હું કોઈ જાળમાં ફસાઈ રહી હોઉં એવું એકાએક મને સમજાઈ આવતાં હું ભડકી ઊઠી. એ જોતાં તે બોલ્યો.

'પની, તારા કરતા તે ઘણી બધી રૂપાળી હતી સમજી, એમ રૂપના ગુમાન નહિ રાખીએ. તું 'મને હજી ઓળખતી નથી એટલે વધુ શું કહું ?'

મારે એનો કંઈએ જવાબ આપવો નહતો. હું હવે બરોબર સાવધ થઈ ગઈ. એની દાનત જરા ય સાફ ન હતી એ સ્પષ્ટ હતું. તે પણ સમજી ગયો, એટલે બોલ્યો.

'પની, આવી તક તને નથી મળવાની, મારી સાથે બે મીઠી વાત કરશે તેથી કંઈ બગડવાનું નથી નહિ તો જાણે શું થશે ?'

મારે કશું ય જાણવું ન હતું. મારી ઘૃણા વધતી જ જતી હતી; પણ તેનાથી જરાય મૂંઝાયા વિના તે બોલ્યો.

'ગામમાં મને સૌ કોઈ ઓળખે છે. કંઈ કેટ-કેટલી ઉજળિયાત બૈરીઓ, અને આપણા લોકની બૈરીઓ મારી પાછળ ગાંડી થઈ છે. એ બધાં જાણે છે, અને આજે તને મારી સાથે જોતાં લોકો તારે વિશે જુદું ધારવાના છે એ રખે માનતી '

હું હવે પૂરી ચીડાઈ. 'તું આવો હલકો હશે એ હું નહોતી જાણતી' ને ગુસ્સામાં હું પાછી ફરી તરત જ મને બાથમાં ભીડી તે બોલ્યો,

'આમ હવે હું તને જવા નહિ દઉં. ગામમાં જઈને જો મને બદનામ જ કરવાની હોય તો મફતનો

હું શા માટે બદનામ થાઉં! એકવાર તારો શોખ પૂરો કરી લઉં પછી તારે જે કરવું હોય તો કરજે' એમ કહી તેણે અતિ આવેગ સાથે મને ચુંબન કર્યું. મારું શરીર સામાન્ય છોકરીઓ જેવું ન હતું. એ કસાયેલું હતું, એટલે તેના હાથમાંથી છટકવા મેં જોર કર્યું, પણ તેમાં સફળ ન થવાય એમ લાગતા જોરથી તેના હાથ ઉપર મેં બચકું ભર્યું—તે બૂમ પાડી ઊઠ્યો, ને તેના હાથ છૂટી ગયા. ઝટ લઇ હું નાઠી. પાછળ જોવાની મારી હિંમ્મત નહતી, મેં દોડવા જ કર્યું, અને જ્યારે વસતી નજીક આવી પહોંચી ત્યારે મને જડી સામે મળી અને જોતાં તે બોલી-

'અરે બની! આમ ક્યાંથી?'

હું કંઈ બોલી શકી નહિ. તેના ખભા પર માથું ઢાળી હું ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

મારા માથા પર તે દિવસે જે કંઈ વીત્યું હતું, તેની જડી સિવાય મેં બીજા કોઈને ય ખબર પડવા દીધી નહિ. મને હવે મારું ઘર આકરું થઈ પડ્યું. ક્યારે રજા પૂરી થાય ને પાછી મારા શહેર ચાલી જઉં તેની હું રાહ જોવા માંડી, આખી દુનિયા આવી દુષ્ટ હશે એ કેમ કહું? મારી બુદ્ધિ ઉત્તર જ ન હતું. અમે કુમળાં હૈયાં ધીમે ધીમે છતાં અમારામાં કંઈ હાસ્ય જેવું નથી? ને અમે પણ અંદર અંદર એક બીજાને કંઈ બોલ કરી હસીશું? શું જગતનું મંડાણ આવા અન્ય અને પાપોની પરંપરા ઉપર જ રચ્યું હશે!..અને આજ હું તરુણી પરપરાઓ ત્યાં અવનવા અનુભવે ઊભરાતી હતી ત્યાં મહેન અને મોટાભાઈનો પ્રેમળ મમતા મુખ મારી નજરે સમક્ષ તરી રહ્યાં છે, જગતમાં આવો પ્રેમ એ જ એનું ધામ છે. સુવર્ણને એની મલિનતામાંથી મુક્ત કરવા ધગધગતી ભઠ્ઠીમાં તપવું પડે તેમ પ્રેમને આ જગત રૂપી ભઠ્ઠીમાં તપવું પડે છે અને એ તપશ્ચર્યાને અન્તે એનો વિજય જ છે. મોટાભાઈ પાસે રહી આવી મનોદશામાં હું પાછી ગઈ. (ક્રમશ:)

નેપ્ચૂન એસ્યોરન્સ કું० લિ०

[સ્થપાઈ—૧૯૩૦]

* જિંદગી
* આગ
* મોટર

અને

* અકસ્માતના

વીમાનું કામ લેવામાં આવે છે.

ચાલુ કામ

રૂા. ૪,૫૦,૦૦,૦૦૦

વાર્ષિક આવક

રૂા. ૨૫,૦૦,૦૦૦

કુલ અસ્કયામત

રૂા. ૯૦,૦૦,૦૦૦

એજન્સી અને બીજી માહિતી માટે લખો.

નેપ્ચૂન એસ્યોરન્સ કું. લિ.

: હેડ ઓફિસ :
નેપ્ચૂન બિલ્ડીંગ, હોર્નબી રોડ, કોટ, મુંબાઈ

અમદાવાદ બ્રાંચ :
પાનકોર નાકા, કુવારા સામે, અમદાવાદ

દરિયાનું દિલ

પદ્મકાન્ત શાહ બી. એસ સી, એ. એમ. ટેક્. આઈ., (બ્રિટિશ) કેમિકલ એંજીનીઅર.

કવિએ ગાયું છે કે "દિલના દરિયાવ માંહી કાંઈ કાંઈ મોતી, ગોતી ગોતીને કોઈ ચૂંટશો મા, મારા હૈયાની વાતડી પૂછશો મા." હૃદયનું સમુદ્રમંથન કરવાની કવિ ના કહે છે પણ સમુદ્રના હૃદયનું મંથન કરીને વિજ્ઞાને માનવીને કલ્પનાતીત સમૃદ્ધિની ભેટ ધરી છે. પૃથ્વી પરની પોણા ભાગની ભૂમિ જેટલો વિસ્તાર સમુદ્રનો છે. આદિકાળથી આ જળક્ષેત્ર ઉપર માનવીએ વિહાર કર્યો છે; સમુદ્રના ઊંડાણો માપીને એમાંથી અનર્ગળ ધન તેણે પ્રાપ્ત કર્યું છે; કેટલીયવાર તેણે સમુદ્રસ્નાનનો લ્હાવો લીધો છે. બદલામાં સમુદ્ર પણ તેને ભેટ્યો છે તેમ ભરખ્યો છે. અનેક વખત તેણે જગત પરની સંસ્કૃતિઓ ઉદરસ્થ કરી છે; સ્થળ ત્યાં જળ અને જળ ત્યાં સ્થળ કરી એક યુગને વિલીન કરી બીજા યુગને જન્મ આપ્યો છે. સ્થળ પર વસતો માનવ જળને એક આશ્ચર્યવત્ પેખતો આવ્યો છે, પેખીને અંદર ઝંપલાવતો આવ્યો છે અને માંહી પડીને મહાસુખ માણવાની મઝા ભોગવતો આવ્યો છે. કલ્પનાના નવનવા રંગો વડે એણે સાગર સાથેના પોતાના પરાક્રમોની કથા રંગી છે. સમુદ્રની ભરતી તથા ઓટ અને ક્ષિતિજમાં દેખાતી પેલી જળ અને નભની મિલનરેખાની વર્તુલાકૃતિએ તેનામાં રહેલી શોધવૃત્તિને વેગ આપ્યો છે અને વિજ્ઞાનના પૂર્ણ વિકાસના પ્રથમ પગથિયે તે તેના જળ સ્થળ અને નભના નિરીક્ષણ વડે જ ચડ્યો છે. પોતાની શોધમાં તેને જે લાધ્યું એનાથી તેની શોધકવૃત્તિને પોષણ મળતું રહ્યું છે અને તે વધુને વધુ શોધતો ગયો છે.

સૃષ્ટિના મંડાણથી શરૂ થએલી માનવશોધની કૂચકદમમાંથી વિજ્ઞાનનો વિકાસ થતો ગયો છે અને એ ચકડોળના કાંઠાની જેમ ફૂલતો જ રહ્યો છે.

સમુદ્રના પાણીનું પૃથક્કરણ કરતાં તેના હજાર ભાગમાં ૧૯ ભાગ વાયુ—જેમનો સાડા ૭ ભાગ પ્રાણવાયુ, બાર ભાગ નત્રવાયુ, અને પા ભાગ જેટલો અંગાર વાયુ—માલમ પડ્યો છે. વાતાવરણમાં ૨૧ ભાગ પ્રાણવાયુ હોય છે જ્યારે દરિયામાં ૩૪ ભાગ જેટલો હોય છે. દરિયાની અંદર વધતા વિવિધ જીવો માટે આ અત્યંત આવશ્યક છે. ત્યારબાદ સમુદ્રના પાણીમાં નીચેના ક્ષારો જણાય છે—

ક્ષારો	પ્રમાણઃ સમુદ્રના પાણીના એક હજાર ભાગમાં	ટકા%
મીઠું (સોડિયમ ક્લોરાઈડ)	૨૭·૨૧૩	૭૭·૭૫૮
મેગ્નેશિયમ ક્લોરાઇડ	૩·૮૦૭	૧૦·૮૭૮
,, સલ્ફેટ	૧·૬૫૮	૪·૭૩૭
કેલ્શ્યમ સલ્ફેટ (ચોક)	૧·૨૬૦	૩·૬૦૦
પોટાશિયમ સલ્ફેટ	૦·૮૬૩	૨·૪૬૫
મેગ્નેશિયમ બ્રોમાઇડ	૦·૦૭૬	૦·૨૧૭
કેલ્શ્યમ કાર્બોનેટ (ચૂનો)	૦·૧૨૩	૦·૨૧૭

તે ઉપરાંત બહુજ અલ્પ પ્રમાણમાં અપાનવાયુ (એમોનિઆ) લોહ, તાંબુ, સુવર્ણ, રજત તથા અનેક મૂળતત્વો સમુદ્રના પાણીમાં જણાયાં છે. ઉપરના આંકડા પરથી બરોબર ખ્યાલ લાવવા માટે સમુદ્રના પાણીના એક ઘનમાઈલમાંથી કેટલાં તત્વો નીકળે તેનો વિચાર કરીએ તો પણ રસપ્રદ જાણવાનું મળશે. એક ઘનમાઈલ પાણી એટલે એક માઈલ પહોળું, એક માઈલ ઉંડા અને એક માઈલ લાંબા વિસ્તાર જેટલું પાણી. આટલા પાણીમાંની ૧૧૭,૦૦૦,૦૦૦ (અગિઆર કરોડ સિત્તેર લાખ) ટન વજનનો મીઠાનો ડુંગર ઊભો કરી શકાય. ૫,૯૨૦,૦૦૦ (ઓગણ સાઠ લાખ વીસ હજાર) ટન જેટલું મેગ્નેશિયમ એમાંથી મેળવી શકાય, જે વર્ષો સુધી જગતને તેની જરૂરિયાતો પૂરી પાડી શકે તેટલું બ્રોમિન (ફોટોગ્રાફીમાં ખાસ વપરાતું રસાયણ) આટલા પાણીમાંથી ૨૮૩,૦૦૦ ટન મળે અને આયોડિન ૧૯૨ ટન મળે, લોખંડ, તાંબુ, રજત અને ૮,૭૦૦ ટન, ૫૫૦ ટન, ૬૪ ટન, અને ત્રણ ટન જેટલા પ્રાપ્ત થઈ શકે! બીજી ધાતુઓ કરતાં સુવર્ણનું પ્રમાણ અલબત્ત ઓછું છે, પણ સોનીનો લોભ તો જરૂર એ આંકડો ઉત્તેજી શકે તેટલો છે. અને તાંબાનું પ્રમાણ એટલું છે કે એમાંથી તો આખી દુનિયાને મ્બ્બ ભાગે વપેરી લેવાય એટલો

લાંબો તાર ખેંચી શકાય.

પરંતુ એક ઘનમાઇલ પાણી ઓછું ન કહેવાય છતાં સમુદ્રનું સમગ્ર પાણી ૩૨૦,૦૦૦,૦૦૦ (બત્રીસ કરોડ) ઘનમાઇલ છે તેની સરખામણીમાં તે નજીવું લાગે. સમુદ્રની કુલ સમૃદ્ધિની ગણત્રી આ ઉપરથી આપણે કરીએ તો એનો આંકડો આપણને આશ્ચર્યથી મૂક બનાવી દે તેટલો થાય. સમુદ્રના પાણીના જથ્થાના કંઈક ખ્યાલ દુનિયાની બધી નદીઓ આઠસો વરસ સુધી પોતાનું પાણી ઠાલવે ત્યારે આ આંકડો પહોંચાય તે ઉપરથી આવશે. સમુદ્રમાંથી બ્રોમીન બનાવાનું કારખાનું નાખવાનું વિચારાયું તે વખતે એનો અંદાજ કાઢવામાં આવ્યો હતો કે ઉતર ફૂટ ઊંડા આટલાંટિક મહાસાગરના એક ચોરસ માઇલમાંથી ૧૪,૭૭૩૦૦૦ પાઉંડ સ્ટર્લિંગ જેટલી કિંમતના તત્વો મળે. જેમાંના ૧૨,૦૦૦ પાઉન્ડ સ્ટર્લિંગની કિંમતના તો સુવર્ણ અને રજત જ હોય!

સમુદ્રના પાણીની બીજી નવીનતા એ છે કે તે રહેજસાજ રેડિઓ–એક્ટિવ છે; અર્થાત્ તેમાંથી જો રેડિઅમ કાઢવા બેસીએ તો ૨૦,૦૦૦ ટન જેટલું રેડિઅમ મળે, અને તેની કિંમત આપવી કુબેર ભંડારીને પણ વસમી પડે.

આ તો દરિયાના પાણીમાંથી શું નીકળે તેની વાત થઈ. હવે તેના ગુણધર્મોનો વિચાર કરીએ. શુદ્ધ પાણીનું ઘટત્વ ૧ ગણતાં દરિયાના પાણીનું ઘટત્વ ૧.૦૨૬ છે. દરિયાના પાણીમાં રહેલા ક્ષારોને પરિણામે તેનું ઘટત્વ પાણી કરતાં વધારે છે. પ્રશ્ન એ થાય છે કે દિવસે દિવસે દરિયો વધુને વધુ ખારો થતો જાય છે કે કેમ? દર વર્ષે ૨૭,૦૦૦ થી ૫૦,૦૦૦ લાખ ટનના વજન જેટલા પદાર્થો નદીના પાણી વાટે દરિયામાં પ્રવેશતા હોય છે. શરૂઆતમાં દરિયો ખારો ન હતો; અને બાષ્પીભવન તથા નદીઓ વાટે પ્રવેશતા ક્ષારોને પરિણામે ધીમે ધીમે તે ખારો થતો ગયો એવી એક માન્યતાના હિસાબે ગણત્રી કરતાં પૃથ્વી પર સાગરનું અસ્તિત્વ ૧૦૦૦ લાખ વર્ષ બતાવે છે પણ આ આંકડો બરાબર નથી. ખરી રીતે તો દરિયો પ્રથમથી જ ખારો છે. તેના પાણીનું પૃથક્કરણ કરતાં, તેમાં માલમ પડતા સલ્ફેટ અને ક્લોરાઈડ પૃથ્વીની શરૂઆતમાં જ્વાળામુખી પર્વતો વડે થએલા અગ્નિના ઉત્પાતોમાંથી ગંધક અને ક્લોરિનને આભારી છે. વળી નદીના પાણીમાં કાર્બોનેટ તથા સલ્ફેટનો ભાગ વિશેષ હોય છે જ્યારે દરિયાના પાણીમાં ક્લોરાઇડ વિશેષ હોય છે તે હકીકત બીજી માન્યતાની તરફેણ કરે છે.

જુદી જુદી જગ્યાઓના સમુદ્રના પાણીમાં પણ ફેરફાર રહેલો છે. ઘટત્વ, ક્ષારત્વ (ખારાપણું) અને ઉષ્ણતામાનમાં દરિયો વિવિધ જગ્યાએ તફાવત ધરાવતો જણાયો છે. દરિયાઇ સપાટી (અં. સી લેવલ) પણ જુદી જુદી જગ્યાએ જુદી જુદી હોય છે. ગુરુત્વાકર્ષણને પરિણામે દરિયો કિનારા તરફ ખેંચાતો હોય છે એટલે કિનારાની અને મધ્ય દરિયાની સપાટીમાં ફેર પડે છે. હવાનું દબાણ જ્યાં ઓછું હોય છે ત્યાં જ્યાં દબાણ વધુ હોય છે તેના કરતાં સપાટી ઊંચી હોય છે. વળી પૃથ્વીપરના જુદાજુદા ભાગોમાં ઉષ્ણતામાનની વધઘટના પરિણામે પાણીનું બાષ્પીભવન વધારે ઓછું થતું હોય છે અને આ કારણે પણ સપાટીમાં ફેરફાર રહ્યા કરે છે. ભૂમધ્ય સમુદ્ર અને આટલાંટિક મહાસાગરની સપાટીમાં આમ ૧૪ થી ૨૦ ઈંચ જેટલો ફરક આવી રહેલો છે.

ઉષ્ણતામાનના ફેરને લીધે દરિયામાં પ્રવાહો પેદા થાય છે. ઠંડુ ભારે પાણી નીચે બેસે છે અને ઉષ્ણ હલકું પાણી ઉપર આવે છે. સમુદ્રનો કોઇ પણ ભાગ આ અસરથી મુક્ત નથી. દરિયાના પાણીના પ્રવાહોનું બળ અતિશય હોય છે. ઈંગ્લાંડ પાસે આવેલા ગલ્ફસ્ટ્રીમનો વિસ્તાર ૯૦ થી ૨૫૦ માઇલ પહોળો અને ૩૦૦ થી વધુ ફૂટ ઊંડો છે.

દરિયાના ક્ષારત્વમાં જુદે જુદે સ્થળે તફાવત હોય છે એટલેથી જ બસ નથી, જુદે જુદે સમયે તેમાં ફેરફાર થયા કરતો હોય છે. સરખા જ માપની અંદર શિયાળામાં ક્ષારોનું પ્રમાણ વિશેષ જણાશે જ્યારે ઉનાળામાં તેના કરતાં ઓછું માલમ પડશે. એટલે ક્ષારત્વનો આધાર ઉષ્ણતામાન પર રહેલો છે. દરિયામાં જે વસતિ

જીવે છે તેને માટે આ ફેરફારો જીવનમરણના પ્રશ્ન જેટલા મહત્વના હોય છે. આપણા વાતાવરણની જેમ તે પણ દરિયાના પાણીથી વીંટળાયેલા હોય છે—દરિયાનું પાણી તે એમનું વાતાવરણ છે—અને તેથી દરિયાના પાણીના બંધારણની અસર તેમના શરીરો પર થતી હોય છે ક્ષારત્વ અને ઉષ્ણતામાનની સીમાઓ આમ ઘણીવાર દરિઆઇ જીવનના અસ્તિત્વ અને વિનાશની સીમાઓ બની જતી હોય છે. લગભગ સાઠવર્ષ પૂર્વે યુ. એસ. એ.નો ઉત્તર આટલાંટિક કિનારો હજારો ચોરસ માઇલના વિસ્તારમાં મૃત માછલીઓના શરીરોથી ભરાઇ ગયો હતો. આનું કારણ તે જગ્યાના પાણીના ક્ષારત્વ તથા ઉષ્ણતામાનથી અંદર અચાનક ફેરફાર થવાને લીધે જણાયું હતું. •

આપણે જોઇ ગયા કે સમુદ્રનું પાણી સામાન્ય પાણી કરતાં ભારે છે. આને લીધે દરિયાના પાણીમાં તરવાનું સુગમ થઇ પડે છે. સમુદ્રનું પાણી જ્યારે બંધિયાર હોય છે (દા. ત. રાતો સમુદ્ર) ત્યારે બાષ્પીભવન ઝડપથી થતું હોય છે અને પાણીમાં ખારાશ વધે છે. જેને પરિણામે ઘટત્વ પણ વધે છે. રાતા સમુદ્રમાં હિંદી મહાસાગરનું પાણી થોડું પણ ન ઠલવાતું હોત તો બે હજાર વર્ષમાં રાતો સમુદ્ર મીઠાનો એક પર્વત બની રહેત. સમુદ્રમાં દરવર્ષે ૩૨ ઇંચ ઊંડાઇ જેટલું બાષ્પીભવન થયા કરતું હોય છે, અને દરિયાનું પાણી ભારે છે તેથી જ સમુદ્રમાં વહાણો ઊંચા તરે છે. દરેક સ્ટીમર ઉપર આવી રીતે ડૂબવાની એક રેખા દર્શાવી હોય છે (જેને પ્લિમસોલ માર્ક કહે છે) જેને પરિણામે જુદા જુદા સમુદ્રોમાં તે કેટલી ડૂબશે તેની ખબર પડે છે. આ રેખા ઉપરથી સ્ટીમરમાં સલામત રીતે કેટલું વજન ભરી શકાય તેનો ખ્યાલ રહે છે. દરિયાનું પાણી ભારે ન હોત તો અત્યારે સ્ટીમરો જે માલ ભરી જાય છે તેના કરતાં ઘણો ઓછો માલ લઇ જઇ શકાત.

દરિઓ ખારો ન હોત તો દુનિયામાં આજ પડે છે તેના કરતાં વધુ ઠંડી પડતી હોત; કારણકે દરિઆના પાણીનું બાષ્પીભવન સામાન્ય પાણીના ૭/૧૦ ભાગ જેટલું હોય છે. *સાદું પાણી શૂન્ય અંશ બરફ થઇ જાય છે પણ સમુદ્રનું પાણી એમ સહેલાઇથી ઠંડીને વધુ થતું નથી. જેમ એમાં ક્ષારોનું પ્રમાણ વિશેષ તેમ એનું બરફમાં રૂપાન્તર થવું મુશ્કેલ. પાણીમાં ઓગાળી શકાય એટલું મીઠું ઓગાળ્યું હોય તો શૂન્ય પછી ૨૨° અંશ (સેન્ટી) જેટલી ગરમી રહે.આ ગરમી અંદરથી ઓછી કરીએ ત્યારે જ તે ઠરે. પ્રભુની આ એક મોટી કૃપા છે, કારણ કે તેમ ન થાત તો શિયાળામાં પૃથ્વી પરના ઠંડા પ્રદેશોમાં સમુદ્રની અંદર વહેલો બરફ થઇ જાત અને દુનિયાનો કેટલોક વ્યવહાર અટકી પડત. જો સમુદ્રનું પાણી ખારું ન હોત તો સમશીતોષ્ણ કટિબંધમાં પણ કેટલેક સ્થળે પાણી બરફ થઇ ગયું હોત.

હવે દરિયામાંની વસતી વસતિનો વિચાર કરીએ. દરિયામાં વસતા મોટા જીવો ઉપરાંત નાના અને નરી આંખે નથી દેખી શકાતા તેવા સૂક્ષ્મ જીવો (અં. ઑર્ગેનીઝમ્સ) પણ હોય છે. આને પ્લેન્કટન Plankton કહે છે.

जीवो जीवस्य जीवनम् એ સૂત્ર સમુદ્રની દ્રષ્ટિને સંપૂર્ણ રીતે લાગુ પડે છે, કારણકે અહીં તો નાના જીવો જ મોટા જીવોનો આહાર હોય છે અને પરસ્પરના જીવન ઉપર જ દરિયાના જીવો નભતાં હોય છે. 'કેલેનસ' નામનું પ્લેન્કટન હેરિંગ માછલીનો મુખ્ય ખોરાક છે. અને હેરિંગ એ કૉડ મત્સ્યનો ભક્ષ્ય છે. એમ કહેવાય છે કે કૉડલિવર ઑઇલનું વિટામિન 'એ' આ કેલેનસ પ્લેન્કટનને આભારી છે. મહાસાગરના પેટાળમાં અનેક પ્રકારની વસ્તીનું અસ્તિત્વ હોય છે અને જમીન માફક ત્યાં પણ ફળદ્રુપ તથા વેરાન પ્રદેશો હોય છે. જીવનનો આધાર સૂર્ય પ્રકાશ ઉપર ઘણો અવલંબેલો છે. પ્રકાશ વગર પ્લેન્કટન ન ટકી શકે અને પ્લેન્કટન વગર દરિયાની બીજી વસ્તી

• અહીંથી આ પેરેગ્રાફના અંત સુધી આજ લેખકના 'વિજ્ઞાનના વ્યાપક સ્વરૂપો' નામના પુસ્તકના પાન ૩૮ પરનું લખાણ લીધું છે. લેખક

પણ સજીવ ન રહી શકે. દરિયાની અંદર પ્રકાશ વીસ ફૂટ ઊંડા જતામાં તો તેનો નેવું ટકા ભાગ ઓછો થઈ જાય છે; અને ૧૦૦ ફૂટને અંતરે તો માત્ર એક ટકો જ પ્રકાશ બાકી રહે છે. વળી શ્વેત-પ્રકાશનું થોડું ઘણું વિકિરણ પણ થાય છે. લાલકિરણો જલદી ચૂસાય છે અને લીલાં કિરણો સૌથી ધીમે ચૂસાય છે. (આને લીધે જ પાણી લીલું દેખાય છે.) ફોટોગ્રાફિક પ્લેટના સાધનો વડે એટલું શોધી શકાયું છે કે ભૂરા અને જાંબલી કિરણો ઠેઠ ૩૦૦૦ ફૂટ ઊંડે પ્લેટ ઉપર અસર ઉપજાવી શક્યા છે પરંતુ પ્રકાશ એક માઈલથી વધુ અંતર સુધી બિલકુલ જઈ શકતો નથી.

આ ઉપરથી સમજાશે કે દરિયાની પણ એક અવનવી સૃષ્ટિ છે. આપણાં આછાંપાતળાં અવલોકનો ઉપરથી દરિયાઈ સૃષ્ટિનો પૂર્ણપણે ખ્યાલ આવવો મુશ્કેલ છે. અને તે સંબંધીની આપણી કેટલીક માન્યતાઓ વાસ્તવિકતાથી દૂર કલ્પનારંગી પણ સંભવી શકે છે. પરંતુ આપણે તો દરિયાઈ જીવન કરતાં આપણા ઉપયોગના લાભો દરિયામાંથી કેવા ઊઠાવી શકીએ છીએ તથા ભવિષ્યમાં ઊઠાવી શકવાના છીએ તેનો વધુ વિચાર કરવાના છીએ. દરિયાની બીજી સૃષ્ટિ સાથે આપણને નિસ્બત નથી. તેમના જીવનવ્યવહારમાં આપણે ડોકીયું કરવું નથી. આપણે તો આપણી સંપત્તિ તથા સમૃદ્ધિની વિપુલતામાં દરિયો શું ઉમેરી શકે છે તેમાં વિશેષ રસ ધરાવીએ છીએ.

સાગરના કુબેરભંડારમાંથી આપણે શું પુરુષાર્થ વડે પ્રાપ્ત કરી શકવાના છીએ તેની સાથે જ આપણને વધુ લાગે વળગે છે. સમુદ્રનું મંથન એ માનવીના પ્રબળ પુરુષાર્થનો ઇતિહાસ છે. પુરાણોમાં આપણે તેને કલ્પનાથી રંગાએલો વાંચ્યો છે. વૈજ્ઞાનિકોએ વીસમીસદીમાં તેને સાચો કરી બતાવ્યો છે.

[૨]

દરિયાના પાણીનું પૃથક્કરણ કરતાં આપણે જોયું કે તેમાંથી ઘણાં કિંમતી તત્ત્વો આપણને મળી શકે તેમ છે. તેમાં સૌથી મોટો હિસ્સો મીઠાનો છે મીઠા વગર આપણે ચલાવી શકાતા નથી. માલુમ હો વરસ દહાડે બાર રતલ મીઠું ખરાય છે એવો અટસટો કાઢવામાં આવ્યો છે એ રીતે મીઠું એ માનવીને ખોરાકની દૃષ્ટિએ અત્યંત ઉપયોગી વસ્તુ છે એટલું જ નહિ પણ અર્થશાસ્ત્રની દૃષ્ટિએ માનવીનું એ મહામોલું ધન છે, મીઠામાં કલોરિનનું તત્ત્વ સમાયેલું હોવાથી અને કલોરિન ઘણાં અગત્યનાં રસાયણો તથા ઔષધોના બનાવટમાં પ્રવેશતું હોવાથી મીઠાનો ઉદ્યોગ એ બીજા અનેક ઉદ્યોગોની ચાવી રૂપ બની રહેલો છે. વળી તેમાંનું બીજું તત્ત્વ સોડિઅમ પણ એટલું જ મહત્વનું છે. આપણો ચિરપરિચિત સોડા મીઠા વગર સંભવી શકતો નથી અને આજના વસ્ત્રવિધાનના ઉદ્યોગમાં તથા આપણા પોષાકની ઉજ્જવળતામાં સોડાનો ફાળો અગત્યનો છે કારણ કે આપણી સંસ્કૃતિનું માપ જે ઉદ્યોગ વડે થઈ રહ્યું છે એમ કહેવાય છે તે સાબુનો ઉદ્યોગ સોડિઅમના રસાયણો વગર અસ્તિત્વ નથી ધરાવી શકતો. મીઠું એ દરિયાએ માનવીને આપેલી એક અમૂલ્ય બક્ષિસ છે. ખનિજ મીઠાનો પિંડ પણ એક કાળે દરિયો જ હતો એટલે એ પણ દરિયાની જ પેદાશ છે. આમ દરિયો એ અત્યારના મહત્વના રસાયણિક ઉદ્યોગોનો જાણે અજાણે 'પુરુષઃ પુરાણઃ' બની રહેલો છે.

દરિયામાંથી મીઠું અને બીજા ક્ષારો ઉત્પન્ન કરવા માટે દરિયાના પાણીને જુદી જુદી અવસ્થાઓ સુધી ઘટ્ટ કરવું પડે છે. મીઠાના પાણીને વિજ્ઞાનની ભાષામાં 'બ્રાઈન' કહેવામાં આવે છે. બ્રાઈન એ આમ તો દરિયાનું જ પાણી છે પણ તે દરિયાના પાણી કરતાં વધુ ઘટ્ટ હોય છે. બ્રાઈનમાંથી મીઠું લીધા પછી તેને 'બિટર્ન' કહેવામાં આવે છે. બ્રાઈનનો સ્વાદ મુખ્યત્વે ખારો અને રહેજ કડવો હોય છે. એમાંથી મીઠું નીકળી જતાં કડવા સ્વાદનું પ્રભુત્વ વધે છે, એટલે તેને બિટર્ન અર્થાત્ કડવું પાણી (અં. બિટર=કડવું) કહે છે આ બ્રાઈન રણના કૂવાઓમાં મળી આવે છે. વિરમગામ

તાલુકામાં ખારાઘોડા તથા સૌરાષ્ટ્રમાં ધ્રાંગધ્રા પાસે આવેલા કુડામાં કચ્છના નાના રણના ભાગની જમીનમાં કૂવાઓ ખોદીને બ્રાઇન કાઢવામાં આવે છે, અને તેને અગરોમાં ભરીને મીઠું પકવવામાં આવે છે. આ બ્રાઇન ઘટ્ટ કરેલા સમુદ્રના પાણીને મળતું છે, કારણકે તેમાંના દ્રાવ્યક્ષારોનું પ્રમાણ સમુદ્રના પાણીમાંના ક્ષારો પ્રમાણે જ છે. ઓખામંડળના કિનારાના દરિયા પાસેથી મીઠાપુરમાં, નવલખી બંદર પાસેના દરિયામાંથી લવણપુરમાં, વેરાવળમાં, કોડીનારમાં, મુંબઇમાં, મદ્રાસમાં વગેરે સ્થળે હિંદમાં દરિયાના પાણીમાંથી મીઠું ઉત્પન્ન કરવામાં આવે છે. તે ઉપરાંત રાજપૂતાનાના સંભર સરોવરમાંથી તેમજ પંજાબની રોક સોલ્ટ માઇન્સમાંથી મીઠું સારા પ્રમાણમાં મેળવવામાં આવે છે. આ ઉપરાંત પરદેશથી પણ ઘણું મીઠું આયાત કરવામાં આવે છે.

કચ્છના રણના બ્રાઇનનું તથા હિંદના પશ્ચિમ કિનારાના અરબી સમુદ્રના પાણીનું પૃથક્કરણ કરતાં ખાત્રી થાય છે કે એકવાર કચ્છના રણને સ્થાને અરબી સમુદ્રનો ભાગ હશે. છેલ્લાં સો વર્ષથી કચ્છના રણમાંથી કૂવાઓ ખોદીને મીઠું ઉત્પન્ન કરવાની પ્રવૃત્તિ ચાલે છે છતાં હજુ બ્રાઇનની તાણ પડી નથી. આ બ્રાઇનના પ્રવાહની દિશા ખારાઘોડા તરફ જતી હોવાનું જણાયું છે. પણ ખારાઘોડા ઊંચી સપાટી પર આવેલું હોવાથી નીચા ભાગમાં આવેલા કૂડા કરતા ત્યાં બ્રાઇનનું પ્રમાણ ઓછું માલમ પડ્યું છે. વળી ખૂબ ઊંડે તો બ્રાઇનને ઠેકાણે શુદ્ધ સાધારણ ખારાશવાળું પાણી મળી આવે છે. કચ્છના રણના બ્રાઇનમાં કેલ્શયમ સલ્ફેટ (ચોક) સિવાય બીજા ક્ષારોનું પ્રમાણ દરિયાના પાણીના ક્ષારો જેટલું જ છે. દરિયો ઉપર આવતાં કેલ્શયમ સલ્ફેટ રણની સપાટી પર સુકાઈ જવાને પરિણામે આ પ્રમાણે બનવા પામ્યું છે. વળી દરિયામાંના મેગ્નેશિયમ સોલ્ટ (મેગ્નેશિયમ સલ્ફેટ)નું રણમાં ઠરીને લીધે મેગ્નેશિયમ ક્લોરાઇડમાં રૂપાન્તર થઈ ગયું હોય છે. આને લીધે ખારાઘોડામાં મેગ્નેશિયમ ક્લોરાઈડનો ઉદ્યોગ અસ્તિત્વમાં આવ્યો છે.

દરિયાના પાણીમાંથી અગર બ્રાઇનમાંથી જુદા જુદા ક્ષારો મેળવવા માટે બ્રાઇનને જુદી જુદી ઘટ્ટતાવાળા તબક્કાઓમાંથી પસાર થવા દેવું પડે છે. એ બધું સમજતા પહેલાં બ્રાઇનની ઘટ્ટતા માપવાના સાધન–હાઇડ્રોમીટરનો પરિચય કરી લેવો આવશ્યક છે, કારણકે એની સમજણ વગર બ્રાઇનમાંના ક્ષારોનું પ્રમાણ તબક્કે તબક્કે અથવા ક્રમે ક્રમે કેવી રીતે બદલાયા કરતું હોય છે તેનું ભાન થવું મુશ્કેલ છે. ઘટ્ટતા માપવાના સાધન તરીકે 'બોમે હાઇડ્રોમીટર' *વપરાય છે. તેની બનાવટ એવી હોય છે કે વિશુદ્ધ* પાણીમાં તેને બોળ્યું હોય ત્યારે તે લગભગ આખું ડૂબી જાય છે. એટલે તેની દાંડીના છેક ઉપરના ભાગમાં શૂન્યનો આંકો કરેલો હોય છે. ત્યાર પછી તેને ૮૫ ભાગ પાણીની અંદર ૧૫ ભાગ મીઠું ઓગાળીને કરેલા દ્રાવણમાં મૂકવામાં આવે છે. આવા બ્રાઇનના દ્રાવણમાં જેટલે સુધી તે ડૂબે છે ત્યાં આગળ બીજો આંકો કરવામાં આવે છે અને શૂન્ય અને આ એક વચ્ચેના ભાગને ૧૫ સરખા ભાગમાં એવી રીતે અંકિત કરવામાં આવે છે કે કોઇ પણ બે અંક વચ્ચેનું અંતર ૧ ટકા જેટલો ઓગળેલો પદાર્થ દર્શાવે. આવી રીતે ૪૦ અંશ સુધી અંકિત થએલું હાઇડ્રોમીટર યોગ્ય થઈ રહે છે. કેટલીકવાર 'બોમે' હાઇડ્રોમીટરને સ્થાને 'ટવેડલ' હાઇડ્રોમીટર વપરાય છે. તેના ઉપર એવી રીતે અંકો મૂકવામાં આવ્યા હોય છે કે કોઈ પણ અંકને પાંચે ગુણી જે આવે તે સંખ્યામાં ઉમેરતાં દ્રાવણ પાણી કરતાં કેટલું ભારે છે તે.તે અંકને મળતી સંખ્યા નીકળે છે. તેને હજાર વડે ભાગતાં આ સંખ્યા દશાંશ નીકળે છે :

દાખલા તરીકે :

(૧) બોમે હાઇડ્રોમીટર :

$$\text{ઘટ્ટત્વ (સ્પેસિફિક ગ્રેવીટી)} = \frac{\text{૧૪૪·૩}}{\text{૧૪૪·૩−અંક સંખ્યા}}$$

(મીટર પરની)

(૨) ટ્વેડલ હાઇડ્રોમીટર

$$\text{ઘટ્ટત્વ (સ્પેસિફિક ગ્રેવીટી)} = \frac{\text{૧૦૦૦+૫ (મીટર પર સંખ્યા)}}{\text{૧૦૦૦}}$$

સમુદ્રના પાણીનું અને અથવા બ્રાઇનનું ઘટીકરણ—આ ઘટીકરણની ક્રિયાને સાત જુદી જુદી અવસ્થાઓ અથવા તબક્કાઓમાંથી પસાર થવા દેવી પડે છે. અવસ્થાઓ નીચે પ્રમાણે.—

(૧) બોમે ૩.૯ અંશ અને ૧૦ અંશ વચ્ચે		માત્ર સમુદ્રનું પાણી
(૨) ,, ૧૦ ,, ,, ૧૭ ,, ,,		
(૩) બોમે ૧૭ અંશ અને ૨૪.૫ અંશ વચ્ચે		
(૪) ,, ૨૪.૫ ,, ,, ૨૯.૫ ,, ,,		બ્રાઇન અને બિટર્ન
(૫) ,, ૨૯.૫ ,, ,, ૩૫.૦ ,, ,,		
(૬) ,, ૩૫૦ ,, ,, ૩૭૦ ,, ,,		
(૭) ,, ૩૭૦ ,, ,, ૩૮.૫ ,, ,,		

પ્રથમ અવસ્થા—દરિયાનું પાણી ૨૫ અંશ સેન્ટી ઉષ્ણતામાન (સામાન્ય ટેમ્પરેચર) ૩૫ થી ૪.૦ અંશ બોમે બતાવતું હોય છે. આ હિસાબે તેનું ઘટત્વ ૧.૦૨૫ અને ૧.૦૨૯ વચ્ચે હોય છે. હિંદમાં સામાન્યપણે સમુદ્રના પાણીની બોમે ૩.૯ અંશ હોય છે. બાષ્પીભવનથી કદમાં જ્યારે ૩૭ ટકા જેટલો ઘટાડો થાય છે ત્યારે ૧૦ અંશ સુધી તેમાં હાઇડ્રોમીટર ડૂબે છે. ૧૦ બોમે અંશથી આગળ વધતાં તેમાંથી પહેલો ક્ષાર કેલ્શયમ કાર્બોનેટ (ચૂનો) છૂટો પડે છે આપણને પૃથ્વી ઉપર તે વિપુલ પ્રમાણમા મળતો હોવાથી સમુદ્રમાંથી તેને પ્રાપ્ત કરવાની કોશિષ કરવામા આવતી નથી

બીજી અવસ્થા—કેલ્શયમ કાર્બોનેટ (ચૂનો) નીકળી ગયા પછી ૧૭ અંશ બોમે સુધી સમુદ્રના પાણીમાંથી કશું નીકળતું નથી. કોઇકવાર ચૂના સાથે મેગ્નેશિઅમ કાર્બોનેટ નીકળી જાય છે પાણીનું કદ મૂળ ભાગના ½ જેટલું અત્યારે થઇ જાય છે

ત્રીજી અવસ્થા—૧૭ અંશ બોમે પછી કેલ્શયમ સલ્ફેટ (જીપ્સમ-ચોક) છૂટો પડવા માંડે છે. પ્રથમ તો તે સપાટી પર તરતો હોય છે પણ જેમ જેમ તેની છારી જાડી થતી જાય છે તેમ તેમ ભારે થતાં તળિયે બેસવા માંડે છે. તે સાથે થોડું ઘણું મીઠું પણ નીચે બેસી જાય છે ૨૫ અંશ બોમે સુધી આ પ્રમાણે જીપ્સમ-ચોક છૂટો પડયા કરે છે. કુલ જીપ્સમનો ૮૪ ટકા જેટલો ભાગ આમ મુક્ત થઇ જાય છે કૂવા તથા ખારાઘોડાના બ્રાઇનમાં કૂવાને તળિયે જીપ્સમનું પડ બંધાઇ ગએલું હોય છે, કારણ કે બ્રાઇનની બોમે ૧૭ થી ૨૫ અંશ વચ્ચે હોય છે દરિયાના પાણીમાંથી પેદા કરેલા મીઠાના દર એક સો ટને ચારથી પાંચ ટન જેટલું જીપ્સમ પ્રાપ્ત થાય છે. એડનમાં તો આ જીપ્સમને સાફ બનાવવા રસ્તા ઉપર પાથરવામા આવે છે આ વખતે મૂળ પાણીનું કદ પ્રથમના ⅕ જેટલું થઇ જાય છે

ચોથી અવસ્થા—આ અવસ્થા ૨૪.૫ અંશ બોમેથી શરૂ થાય છે ૨૬ અંશ બોમેએ ચોકખા મીઠાથી દ્રાવણ સંતૃપ્ત થઇ જાય છે પણ બીજા ક્ષારોની હાજરીને લીધે તે વહેલું સંતૃપ્ત થઇ જાય તેમ ૨૪.૫ અંશ બોમેએ મીઠું છૂટું પડવા માંડે છે. બાષ્પીભવન જેમ જેમ વધતું જાય છે તેમ તેમ વધારે ને વધારે મીઠું છૂટું પડે છે. પાણીના દર ૧૦૦ ભાગ ઓછા થતાં ૩૬.૫ ભાગ મીઠું જુદું પડે છે. ૧૦૦ ભાગ સંતૃપ્ત દ્રાવણમાં ૭૩.૨૬ ભાગ પાણીના અને ૨૫.૭૪ ભાગ મીઠાના હોય છે ૨૫ અંશ બોમે અને ૨૬ અંશ બોમે વચ્ચે દ્રાવણ ઘણો સમય રહે છે મીઠું છૂટું પડવાને કારણે દ્રાવણના ઘટત્વમા જલદી વધારો થતો નથી. આખું આખું મીઠું પડી જાય છે ત્યાર પછી જ ધીમે ધીમે ઘટતા વધવા માંડે છે. દિવસના અને રાત્રિના ઘટત્વમાં પણ ફેરફાર રહ્યા કરે છે કારણકે દિવસના ભાગમાં ઉષ્ણતામાનને કારણે બાષ્પીભવન વધુ થતું હોય છે આમ ૨૯ અંશ બોમે સુધી મીઠું પડયા કરે છે પૂરેપૂરું મીઠું કદી છૂટું મળતું નથી. વધુમાં વધુ કુલ મીઠાનો પોણો ભાગ છૂટો પડી જાય છે. ૨૮.૫ અંશ બોમેએ છૂટું પડેલું મીઠું પૃથક્કરણ કરતાં નીચે મુજબ જણાયું છે—

આમળે નહિ તેવો ભાગ ૦·૦૫ —

કુલ ૯૯·૯૩ ૯૯·૯૨

મેગનેશિયમ ક્લોરાઈડને લીધે મીઠાને ભેજ લાગે છે અને ચોમાસામાં તે ભીનું થઈ જાય છે. ઉપરના પૃથક્કરણમાં પોટાશિયમ ક્લોરાઇડ દર્શાવાયું નથી છતાં ૦·૦૧૨ ભાગ જેટલું તે અંદર હોય છે. જો મીઠાને પાણીથી ધોઈ નાખવામાં આવે તો ઉપરની અશુદ્ધિઓ દૂર થઇ જાય અને ૯૯·૫ ટકા સુધી શુદ્ધ હાલતમાં મળે. આ ચોથો તબક્કો ૨૯ અંશ બોમે પહોંચતામાં પૂર્ણ થઇ જાય છે. તેથી આગળ તેનું મીઠા માટે ઘનીકરણ કરવામાં આવતું નથી કારણકે ત્યારબાદ બીજાં દ્રવ્યોમાંથી તેને શુદ્ધ સ્વરૂપમાં મેળવવું કપરું થઇ પડે છે. હવે જે પાણી બાકી રહે છે તેને 'બિટર્ન' કહેવામાં આવે છે અને મૂળના કરતાં તેનું કદ માત્ર બે ટકાનું જ રહ્યું છે. 'બિટર્ન'માંથી બાકીના ક્ષારો મેળવવાનું સૌ પ્રથમ સૂચન કરનાર બેલાર્ડ નામનો ફ્રેંચ વૈજ્ઞાનિક હતો. પહેલા વિશ્વયુદ્ધ વખતે, જ્યારે જર્મનીમાંથી મેગ્નેશિયમ ક્લોરાઇડ મળતું બંધ થયું ત્યારે આ 'બિટર્ન' ઉપર વૈજ્ઞાનિકોની નજર પડી. આ 'બિટર્ન'માંથી હવે પોટાશિયમ મેગ્નેશિયમ અને બ્રોમિન જેવા મહત્વના દ્રવ્યો તથા ક્ષારો ઉત્પન્ન કરવામાં આવે છે.

પાંચમી અવસ્થા–મીઠું કાઢી લીધા પછી બાકી રહેલા 'બિટર્ન'માં જુદા જુદા ક્ષારો દ્રાવ્ય સ્વરૂપમાં હસ્તી ધરાવે છે. આ ક્ષારોને બિટર્નમાંથી છૂટા પાડવા માટે બહુ સંભાળપૂર્વક કામ લેવું પડે છે. કારણકે બિટર્નમાં તેઓ લગભગ સંતૃપ્તાવસ્થામાં હોય છે અને તેમની વચ્ચે રહેલા દ્રાવ્યતાના ફેરનો ઉપયોગ તેમને અલગ પાડવામાં કરી શકાતો નથી. બાષ્પીભવન જેમ આગળ વધતું જાય છે તેમ બિટર્નમાંથી ક્ષારો છૂટા પાડવા માંડે છે. ૩૬ અંશ બોમે આવતાં સુધી જે ક્ષારો નીકળી જાય છે તેમાં મોટા ભાગનું મીઠું અને અલ્પ પ્રમાણમાં મેગ્નેશિયમ અને પોટાશિયમના ક્લોરાઇડો તથા સલ્ફેટો હોય છે. આ બંને સામાન્ય ઉષ્ણતામાને સમાન દ્રાવ્યતા ધરાવતા હોવાથી તેમને છૂટા સ્વરૂપમાં મેળવવા ઘણું કઠણ થઈ પડે છે આને માટે એવું કરવામાં આવે છે કે ૩૨ અંશ બોમેએ બિટર્નને એકઠું કરી તેમને તાંબાની ચોરસ ટાંકીઓમાં ઊકળવામાં આવે છે. ૧૩૫ અંશ સેન્ટી. ઉષ્ણતાએ મેગ્નેશિયમ સલ્ફેટ તથા રહ્યુંસહ્યું મીઠું છૂટું પાડવા માંડે છે આ વખતે આ દ્રાવણને બીજી ટાંકીઓમાં કડછા વડે ખાલી કરવામાં આવે અને તેને ૧૨૦ અંશ સેન્ટી. સુધી ગરમ રાખવામાં આવે છે આ ઉષ્ણતામાને મેગનેશિયમ ક્લોરાઇડના દ્રાવણમાં મેગનેશિયમ સલ્ફેટ દ્રાવ્યસ્થિતિમાં ન રહી શકતું હોવાથી તદ્દન છૂટું પડી તળિયે બેસી જાય છે. મેગનેશિયમ ક્લોરાઇડને પીપોમાં ભરી દેવામાં આવે છે, જે ઠંડુ પડતાં સફેદ મીણની માફક ઠરી જાય છે અને પત્થર જેવું સખત બની જાય છે. મેગનેશિયમ સલ્ફેટને પછી કાઢી લેવામાં આવે છે અને તેમાંથી ઇપ્સામ સોલ્ટના સ્ફટિકો બનાવવામાં આવે છે. બેટન બિટર્ન સરાસરી એક ટન મેગનેશિયમ ક્લોરાઇડ આપે છે.

છઠ્ઠી અવસ્થા–બિટર્નમાં રહેલા ક્ષારોની દ્રાવ્યશક્તિનો આ અવસ્થા બરોબર અભ્યાસ માગી લે છે. ટાટા કેમિકલ્સ લિમિટેડ, મીઠાપુર તથા યુરોપ–અમેરિકામાં શીતોત્પાદન (રેફ્રિજરેશન) ના અદ્યતન સાધનો વડે બિટર્નને ૧૧ ડિગ્રી (અંશ) સેન્ટીગ્રેડ સુધી ઠંડુ કરવામાં આવે છે અને તે વખતે તેમાંથી મેગ્નેશિયમ સલ્ફેટ પહેલદાર ઝીણા સ્ફટિકો (ખાંડ જેવા)ના રૂપમાં છૂટું પડી જાય છે, પાયોનિયર મેગનેશિયા વર્ક્સ લિ૦, ખારાઘોડામાં પાંચમી અવસ્થામાં જણાવ્યું તે મુજબ મામુલી સાધનો વડે ઇપ્સમસોલ્ટ બનાવવામાં આવે છે. મેગનેશિયમ સલ્ફેટ છૂટું પડ્યા પછી બિટર્નને વધુ ઠંડુ — ૬ અંશ સેન્ટી૦ સુધી — પાડવામાં આવે તો તેમાંથી સોડિયમ સલ્ફેટ — ગ્લોબર — મળે; પણ આ પદ્ધતિથી હજુ હિંદમાં સોડીઅમ સલ્ફેટ ઉત્પન્ન કરવામાં આવ્યુ નથી. આ વખતે બિટર્નનું કદ પ્રથમના ૫૭ ટકા જેટલું થઇ જાય છે

સાતમી અવસ્થા:–બિટર્નની આ છેલ્લી અવસ્થા

પહેલાં તેને બ્રોમિન બનાવવાના કામમાં લેવાગાં આવે છે. સમુદ્રના પાણીમાં બ્રોમિન મેગ્નેશિયમ બ્રોમાઇડ તરીકે આવેલું હોય છે. છેલ્લી અવસ્થાવાળા બિટર્નમાં ક્લોરિનવાયુ પસાર કરવાથી બ્રોમિન છૂટું પડે છે, જેમાંથી સીધું બ્રોમિન અથવા તો તેના સંયોગવાળાં રસાયણો જેવાં કે પોટાશિયમ બ્રોમાઇડ તથા એથિલિન બ્રોમાઇડ બનાવી લેવામાં આવે છે.

બિટર્નને ૪૦ અંશ બોમે સુધી લાવતાં તેમાંથી કાર્નેલાઇટ નામના પોટાશિયમ-મેગ્નેશિયમ ક્લોરાઇડના મિશ્ર સ્ફટિકો છૂટા પડે છે. કાર્નેલાઇટમાંથી અલગ અલગ સ્ફટિકીકરણ (ફ્રેક્શનલ ક્રિસ્ટલાઇઝેશન)ની ક્રિયા વડે પોટાશિયમ ક્લોરાઇડ જુદું પાડવામાં આવે છે. જો થોડું ઘણું મેગ્નેશિયમ સલ્ફેટ બાકી રહ્યું હોય તો તે પણ 'કિઝેરાઈટ' (એપ્સમ સૉલ્ટનો ઓછું પાણી ધરાવતો પ્રકાર)ના રૂપમાં જુદું પડી જાય છે. પોટાશિયમ ક્લોરાઈડ છૂટું થયા પછી બાકી બિટર્નમાં મેગ્નેશિયમ ક્લોરાઇડ રહે છે, જેમાંથી અગાઉ લખ્યા મુજબ તેને ઉકાળીને શુદ્ધ મેગ્નેશિયમ ક્લોરાઈડના પોપો ભરવામાં આવે છે.

ઉપર જેટલું લખ્યું છે તેટલું ક્રિયામાં આ બધું બનવું સહેલું નથી. વિજ્ઞાનની આ એક મોટી સિદ્ધિ છે અને તે પ્રાપ્ત કરતાં વૈજ્ઞાનિકોને કેટલીય સાધના કરવી પડી છે. આપણા હિંદમાં સ્વ૰ કપિલરામ વકીલે મીઠાપુરમાં ૧૯૨૭ થી આની સાધના શરૂ કરી હતી અને તેમાં સિદ્ધિ મેળવી હતી. તે અગાઉ તેમણે બારાઘોડા તથા ખારાઘોડામાં પાયાનું કામ કર્યું હતું. પશ્ચિમના વૈજ્ઞાનિકોની તુલનામાં આ સિદ્ધિ જરાય ઊતરતી ન હતી અને ઈંગ્લેન્ડ તથા અમેરિકાની રસાયણ ઈજનેરોની માન્ય સંસ્થાઓએ એમની મુક્ત કંઠે પ્રશંસા કરી હતી એટલું જ નહિ, પણ પોતપોતાની સંસ્થાઓના માનદ સભ્ય તરીકે એમને ચૂંટી લઈ માન આપ્યું હતું. હિંદમાં શ્રી. કપિલરામ વકીલનું નામ આ ઉદ્યોગ સાથે સર્વદા સંકળાયેલું રહેશે.

બિટર્નનું પૃથક્કરણ

(મુંબઈ નજીકનો દરિયો–ડેન્સિટી ૨૯·૨૫ અંશ બોમે)

(અ) તત્ત્વો :	ટકા
પોટાશિયમ	૧·૫૧
સોડીઅમ	૪·૪૧
કેલ્શિયમ	અંશતઃ
મેગ્નેશિયમ	૨·૪૯
ક્લોરિન	૧૬·૮૯
સલ્ફેટ	૪·૭૧
બ્રોમિન	૦·૧૪
કુલ	૩૦·૧૫
(આ) દ્રવ્યો :	ટકા
કેલ્શિયમ સલ્ફેટ	નજીવું
સોડિયમ ક્લોરાઈડ (મીઠું)	૧૧·૨૧
મેગ્નેશિયમ સલ્ફેટ	૫·૮૯
પોટાશિયમ ક્લોરાઈડ	૨·૮૯
મેગ્નેશિયમ ક્લોરાઈડ	૧૦·૩૦
મેગ્નેશિયમ બ્રોમાઈડ	૦·૧૭
કુલ	૩૦·૪૬

[અપૂર્ણ]

સેવાગ્રામ-ડાયરી [૪]

લેખક : પં. શ્રીરામ શર્મા
અનુ. : જયેન્દ્ર ગિ. ત્રિવેદી

૨૮-૪-'૪૧

આજે પ્રાતઃકાળે ઊઠયો. ખબર મળ્યા કે પ્રભુદયાળજીના પરોણાને ત્યાં ચોરી થઇ. ચોર પેટી ઉપાડી ગયા અને બાર રૂપીઆ અને થોડા આના લઇ, પેટી ખેતરમા જ મૂકી રફુચક્કર થઇ ગયા. મગનવાડીનું મ્યુઝિયમ જોયું. રસ્તામાં શ્રી. રાજેન્દ્રબાબુને આવતાં જોયા. જમીને થોડો સમય આરામ કર્યો. 'ફ્રી પ્રેસ જરનલ' વાંચતો રહ્યો. સાંજે ૫-૪૦ વાગે જમ્યો અને ૬-૩૦ વાગે સેવાગ્રામ તરફ ઉપડયો. સેવાગ્રામ પાસેથી ઘોડાગાડી નીકળતી જોઇ અને બાગણે આવીને જોયું તો કમળા અને રમેશ ઉભાં હતાં. બન્નેને મેં આવવાની મનાઈ કરી હતી, પણ કમળાએ કહ્યું કે એની બાએ જવાની રજા આપી હતી. રમેશને ઉધરસ સાથે તાવ પણ હતો એટલે એ ઇંટરકલાસમાં આવ્યો.

આશ્રમમાં આવ્યા પછી ખબર પડી કે બાપૂ ચાર પાંચ દિવસ સુધી તો મુંબઈ નથી જવાના. અનુમાન એમ હતું કે જીન્ના, સાવરકર અને બીજાઓ ગવર્નરને મળ્યા છે. મારા મત પ્રમાણે તો આ કામ નોકર-શાહીનું જ છે જેથી તે વિદેશોમાં દેખાડી શકે કે અહીં બધા યુદ્ધનીતિમાં સહમત છે.

૨૯-૪-'૪૧

આજે રાત્રે ઊંઘ ન આવી અને પ્રાર્થના પણ ન કરી. ઘંટ સાંભળ્યો હતો પણ હું ન ગયો. આ બહુ ખોટું થયું ગણાય. દળવા પણ ન ગયો. હા, પ્રભુદયાળજી સાથે નીરો પીવા ગયો પાછો આવીને નાસ્તો કરવા ગયો. પ્રભુદયાળજી બાપુને મળ્યા બાપૂએ કહ્યું, "તમે અહીં આવી જાઓ અને રાજકુમારી પાસે અંગ્રેજી ભણો. નાણાવટી બાબત હું તપાસ કરાવીશ." કમળાને લઇને હું બાપૂની પાસે ગયો. બાપૂએ કમળા સાથે વાતો કરી અને જ્યારે તેમણે જાણ્યું કે તે ભણે પણ છે અને ઘરનું કામ પણ કરે છે ત્યારે તેમણે કહ્યું, "તો તું સારી છોકરી છે." બાપૂની-કુટિરમાં ખાટલો ઢળાતો હતો. હજી એમને નબળાઇ છે.

આજે જમવા માટે બાપૂ બધાંની સાથે ન આવ્યા. શાક સાફ કરતી વખતે ખબર પડી કે રાજકુમારી અમૃતકોરના પગના અંગુઠામાં બહુ જ દર્દ છે અને કાલે તો એથી એ બહુ જ હેરાન થયા. બાપૂની કુટિરમાં હું એટલા માટે ન ગયો કે એમના આરામમાં ખલેલ ન પડે. પણ ત્રણ વાગે જરા ડોકીયું કર્યું તો જોયું કે કુટિર ભરચક છે. કોણ જાણે કેવીએ મજેદાર વાતો ગુમાવી. રાજકુમારીજી પણ ત્યાં જ હતાં. પાયખાનું સાફ કરવામાં અન્નપૂર્ણા બહેને મદદ કરી.

૩૦-૪-'૪૧

રમેશનો તાવ ઉતરી ગયો. ડૉક્ટર શંકરનજીએ એરંડીયાની કંઇક વાનગી આપી અને નવશેકાં પાણીમાં મીઠું નાખીને દિવસમાં ચાર વાર કોગળા કરવાનું કહ્યું. એરંડીયાથી ત્રણ ચાર દસ્ત સાફ થયા અને બપોરે પ્રભુદયાળજીએ દૂધ લાવીને આપ્યું. મુસંબી કે સંતરા નહોતાં.

વહેલી સવારે એ જોવા ગયો કે બાપૂ ફરવા જાય છે કે નહી. તો શ્રી. રાજકુમારી પાસેથી જાણવા મળ્યું કે બાપૂ તો કાલે સાંજે પણ ફરવા ગયા હતા અને અત્યારે પણ ગયા જ છે. રાજકુમારીજી સાથે કોંગ્રેસ અને કોંગ્રેસીઓ વિષે વાતો થઇ. પંતજીની પણ ટીકા થઇ કે તેઓ જરા કમજોર છે. પોતાના નિર્ણયો બદલી નાખે છે. રાજકુમારીજી સ્વસ્થ નહોતાં. પરમ દિવસે અને કાલે તો સખત પીડા હતી. અંગુઠાથી દર્દ શરૂ થયું. કાલે તાવ પણ આવી ગયો. આજે તબીયત ઠીક છે. નબળાઇ છે. કેમેરા લેવા ગયો અને શાસ્ત્રીજીની પાસે જતી વખતનો અને ત્યાં ઊભા હતા ત્યારનો એમ બે ફોટા બાપૂના લીધા.

કલકત્તેથી પત્ર આવ્યું કે ૨૯ મીએ 'વિશાલ ભારત' મારા તરફ રવાના થશે. દોઢ વાગે એ. આઇ. સી. સી. કાર્યાલયમાં છાપાં વાંચવા ગયો અને બે વાગે બાપૂની કુટિરમાં ગયો. ત્રણ વાગ્યા સુધી ત્યાં બેઠો બેઠો એક લેખ મઠારતો રહ્યો અને કેમેરો ફેરવતો રહ્યો-અકાદ સુંદર ફોટો મળી જાય એ આશાએ. દરમિયાન ડૉક્ટર દાસ આવીને બાપૂનું બ્લડ-પ્રેશર લઇ ગયા. મેં બાપૂનો એક ફોટો લીધો. ત્રણ વાગે

શ્રી. રાજેન્દ્રબાબુ અને મિયાં ઇફતખારૂદ્દીન આવ્યા. બાપૂએ પૂછ્યું કે "વાતો એકાંતમાં કરશો કે...?" મિયાં સાહેબે કહ્યું, "રાજેન્દ્રબાબુએ તો બેસવું જ જોઈએ" હું બહાર ચાલ્યો ગયો.

રમેશને દૂધ આપવામાં આવ્યું અને સાંજે લક્ષ્મીનારાયણ ભારતીય જોડે 'વિશાલ-ભારત'ની એજન્સી વિષે વાતો થતી રહી. આજે રમેશે પણ પ્રાર્થનામાં ભાગ લીધો.

૧-૫-૪૧

આજે રમેશની તબીયત સારી છે સ્નાન કરીને એણે નાસ્તામાં દૂધ અને ખજૂર લીધાં. બાપૂજીની સાથે કમળા ફરવા ગઈ અને જ્યારે પાછી ફરી ત્યારે મેં પગચુરે શાસ્ત્રીને ત્યાં બાપુજીનો ફોટો લીધો ત્યારે પ્રયત્ન કર્યો કે કમળા અને રમેશનો ફોટો પણ બાપુ જોડે આવી જાય. પણ તેઓ ફોકસમાં નહોતા આવતાં પણ જ્યારે બાપૂ ચાલવા લાગ્યા ત્યારે મેં પાછળથી તેમનો ફોટો લીધો બપોરે રમેશ પણ ભોજનમાં સામેલ થયો અને એણે દૂધ અને ભાત લીધાં

આજે બેથી સવા ત્રણ સુધી બાપૂની કુટિરમાં રહ્યો. અને બાપૂજીએ કબાડ કન્યા વીરગમ જે પંખો નાખતી હતી તેનાં આસનની નકલ કરી. હસતાં જતાં હતા અને એની જેમ બેસવાની કોશિશ કરતાં જતાં હતાં માંડમાંડ બે મિનિટ એ પ્રમાણે બેઠા હશે કે રાજેન્દ્રબાબુ અને મિયાં ઇફતખારૂદ્દીન આવ્યા બાપૂએ કહ્યું, "આજે તો આ છોકરીએ મને હરાવ્યો. જો આટલો વિનોદ મારા જીવનમાં ન હોય તો તો હું મરી જ જાઉં"

સાંજે શ્રી કૃષ્ણચન્દ્રજીએ કહ્યું કે આજે સાંજે બાપૂએ આપને સમય આપવાનું કહ્યું છે મેં કહ્યું, "હું તો બધા છોકરાઓને વળાવા વર્ધા જાઉં છું પણ વાતો કરવા માટે નવ વાગે પહોંચી જઈશ" સાંજે બાપૂની સાથે રમેશ અને કમળાનો ફોટો લેવાની ઇચ્છા હતી પણ બાપૂ આજે કામને અંગે બહાર જ ન નીકળ્યા પછી નિશ્ચય કર્યો કે પ્રાર્થના પહેલાં જ છાપું રમેશ તો પહેલો જ બાપૂનો ચરણ-સ્પર્શ કરી આવ્યો હતો અને લગભગ સાત વાગે કમળા પણ ગઈ. બાપૂ ફરતા હતા એણે ચરણસ્પર્શ કર્યો. બાપૂએ પૂછ્યું "તું જાય છે? કઈ ગાડીમાં?" કમળાએ કહ્યું, "કાલે માંટ્રંક એક્સપ્રેસમાં" બાપૂએ કહ્યું, "કાલે માંટ્રંક એક્સપ્રેસમાં? તો તું અત્યારે ક્યાં જાય છે?" કમળાએ કહ્યું, "વર્ધા હાબૂજી ત્યાં રહીશ."

"ભલે." બાપૂએ કહ્યું.

બધો સામાન એક ઘોડાગાડીમાં ભરીને રમેશને સાથે મોકલ્યો હું, પ્રભુદયાળજી અને કમળા રાષ્ટ્રભાષા-પ્રચાર-સમિતિ તરફ ચાલતા જ ઉપડ્યા અને રમેશ અને અમે લગભગ સાથે જ પહોંચ્યા. શ્રી. રામેશ્વરદયાળ દુબેજીએ બે ખાટલા આપ્યા અને અમે ઊંઘી ગયા

આજે બાપૂની કુટિરમાંથી હું સવા નવ વાગે જ ચાલ્યો આવ્યો હતો કારણ મિયાં ઇફતખારૂદ્દીન અને રાજેન્દ્રબાબુ સાથે ખાનગી વાતો હજુ બાકી હતી શ્રી. પરચુરે શાસ્ત્રી હવે ફરી પાછા બહાર ઓટલે સુધી તડકામાં સૂવા લાગ્યા છે અંદર સૂરથી એમને ફોડલીઓ નીકળે છે

'વિશાલ-ભારત'ની બે નકલો આવી શ્રી પ્રભુદયાળજી પાસેથી જાણવા મળ્યું કે શ્રી. બલવંતસિંહને, હું એમને શિકારપુરિયા કહું છું તે બહુ ખરાબ લાગે છે. ખરી રીતે તો તેઓ શિકાર-પુરિયા છે જ પણ હવે હું નહીં કહું. એમને નાહક નારાજ કરવાથી અને શો ફાયદો! પ્રભુદયાળજી અને નાણાવટીના ઝઘડામાં પ્રભુદયાળજીની જીત થઈ બાપૂ તો સચ્ચાઈ, પ્રમાણિકતા અને વ્યવહાર-કુશળતાની સજીવ મૂર્તિ છે

૨-૫-'૪૧

આજે સવારે દુબેજીને ત્યાં નાસ્તો કર્યો ૭-૪૦ થયે પ્રભુદયાળજી, રમેશ અને કમળા ઘોડાગાડીમાં સ્ટેશને ગયા અને હું ચાલતો ગયો હું હજુ જમનાલાલજીના બંગલા પાસે પહોંચ્યો હતો ત્યાં જ માન્ટ્રંક એક્સપ્રેસ તો આવી ગઈ હતી સ્ટેશન પર પહોંચ્યો તો રમેશ કમળા અને પ્રભુદયાળજીને પ્લેટફોર્મ પર

આંટા મારતા જોયા. ગાડીમાં જગ્યા ન હતી. ત્રણ ડબ્બા તો ફોજી સિપાહીઓએ જ રોકયા હતા અને બીજા ડબ્બાઓમાં પણ જગ્યા નહોતી. અંતે કમળાને સ્ત્રીઓના ડબ્બામાં બેસાડી અને રમેશને શ્રી લક્ષ્મીનારાયણ ભારતીયની સાથે બેસાડયો. ભારતીયજીએ કહ્યું કે નાગપુરમાં તેઓ બેસવાની સારી સગવડ કરી દેશે.

ગાડી ઉપડયા પહેલાં જ અમે તો નીકળી ગયા. રસ્તામાં સાંભર્યું કે એટેચી–કેસ કમળાની સાથે ગઈ કે નહીં.

બરાબર પોણાદસે હું સેવાગ્રામ જવા ઉપડયો અને સાડા દસે પહોંચ્યો. આજે રહેજ થાક લાગ્યો. સ્નાન પણ નહોતું કર્યું એટલે સ્વસ્થતા નહોતી.

બાપૂની કુટિરમાં આવ્યો. રમેશ અને કમળાને એટેચી–કેસ વિષે પત્ર લખ્યું.

બાબુ રાજેન્દ્રપ્રસાદ મિયાં ઇફતખારૂદ્દીનની સાથે ત્રણ વાગે આવ્યા. બાપૂ આજે લખવામાં મશગુલ હતા, એમણે રાજેન્દ્રબાબુને કહ્યું. આ લખ્યા પહેલાં મને કંઈ ચેન નહીં પડે, પહેલાં હું આ પુરું કરી લઉં અને પછી આપણે વાતો કરીએ."

મને લાગ્યું કે બાપૂએ હિન્દુ–મુસ્લિમ સમસ્યા પર દીર્ઘ લખ્યું છે અને રાજેન્દ્રબાબુ તથા શ્રી અમૃતકોર બેસી વાંચતાં હતાં. ૪ વાગ્યા પછી અમદાવાદના એક સજ્જન આવ્યા. અમદાવાદના હુલ્લડ વિષે વાતો કરતાં રહ્યા. હું તો એ વાતો બરાબર ન સમજી શકયો પણ બાપૂની એ વાત તો બરાબર સમજાણી, જ્યારે એમણે હસીને એ મહાશયને કહ્યું "શું આ હુલ્લડને અંગે એકેય સિનેમા બંધ થયું હતું ?" જવાબ મળ્યો કે કરફયુ ઓર્ડર હતો એટલે બંધ રહ્યા. નહીં તો બંધ ન રહેત."

પ્રાર્થનામાં આજે ભીડ વધુ હતી. કોઈ મદ્રાસી મહિલાએ વીણા પર સ્વરચિત કવિતા સંભળાવી. અર્થ તો ન સમજી શકયો પરંતુ એટલું તો લાગ્યું કે ચીજ સુંદર હતી. ચોથી તારીખે એટલે કે પરમ દિવસે અહીંથી વિદાય લેવાનો મારો વિચાર છે.

૩–૫–'૪૨

આજે પણ હું સવારની પ્રાર્થનામાં ન ગયો અને બાપૂ સાથે ફરવા ગયો. હા, રાજકુમારીજીને ત્યાં ગયો અને એમને ' ગાંધી વિચાર દોહન ' પુસ્તકના અંગ્રેજી અનુવાદમાં મદદ કરતો રહ્યો. ત્રણે પ્રકરણોનો અનુવાદ થઈ શકયો. રાજકુમારીજી અંગ્રેજી બહુ સારૂં લખે મશરૂવાળાજીના પુસ્તકની ભાષા બહુ ખરાબ છે. એમાં એમનો દોષ નથી. પ્રકાશકોનો છે.

નવ વાગે લગભગ બાપૂ કુટિરમાં આવ્યા અને કહ્યું. "શર્માજી, આજે પ્રાર્થના પછી બેસીને વાતો કરીશું. ' મેં કહ્યું.' મને ખાસ ઉતાવળ નથી. આપને હેરાન કરવાની ઇચ્છા નથી હસીને એ કહેવા લાગ્યા "એમાં હેરાન વળી શું થાય ?"

ચાર પાંચ પત્રો લખ્યા—રાધેશ્યામજીને, રાવતજીને, અને પ્રભાકર તિવારીજીને. બે વાગે બાપૂજીની કુટિરમાં ગયો અને રાજકુમારીજીને થોડીક ચિઠ્ઠીઓ આપી– હિન્દીમાં અનુવાદ કરવા માટે. એક પત્ર તો બાપૂના અભિપ્રાય માટેનો, ઈંડીયન પ્રેસનો હતો. લખ્યું હતું કે મૂલ્ય આઠ આના છે જેમાં પોસ્ટેજના બે આના અને લેખકને બે આના એમ દેવા પડે છે. બાકીના ચાર આનામાં પ્રેસનો નફો તથા મૂળ ખર્ચ.

પણ બાપૂને કયાં ખબર છે કે લોકો એમના નામનો દુરુપયોગ (Exploit) કરવા ઇચ્છે છે. યુ. પી. સરકારમાં આવું બહુ ચાલે છે. એણે કેટલી યે ચોપડીઓ સરકારને વેચી નાખી અને નગી સીરીઝની દરેક ચોપડી કેટલામાં લખાવેલ છે ! ફકત ૭૫ રૂપિઆમાં !

રાજકુમારીજી સાથે એ વિષે વિસ્તારથી વાતો થઈ કે પ્રકાશક કેવી રીતે લેખકોને અને સરકારને છેતરે છે. મેં એમને કહ્યું કે જ્યારે હું યુ. પી.માં ગ્રામ–સુધાર અમલદાર હતો ત્યારે મેં મંત્રીને અને સેક્રેટરીને લેખીત સૂચના આપી હતી કે પુસ્તકોની પસંદગી કરવામાં બનારસીદાસ ચતુર્વેદી અને માગ પુસ્તકો ન આવવાં જોઇયે. આ સ્પષ્ટતા એટલા માટે કરી કે જેથી પ્રકાશકો બનાવણીનો પ્રવાહ ન શરૂ કરે, લોભ અને લાલચની જાળ ન બિછાવે. મેં

સેક્રેટરીયટ છોડતી વખતે પંતજીને કહ્યું હતું કે અમુક સરકારી અમલદાર એક પ્રકાશકની રદ્દી ચોપડીઓ દાખલ કરવા માટે ખૂબ પ્રયત્નો કરે છે. અને મારા ગયા પછી તે એમાં સફળ પણ થયા.

સાંજે લગભગ સાડાઆઠે બાપૂનું તેડું આવ્યું. બાપૂની કુટિરથી સ્હેજ ઉત્તરમાં બાપૂ સૂતા હતા. રાજકુમારી અમૃતકોર પણ ત્યાં જ હતાં. એમણે કહ્યું, 'જો તમને મારી હાજરીનો વાંધો હોય તો ચાલી જાઉં.'

મેં કહ્યું, 'આપ જરૂર રહો. જો કે મારી વાતો ખાનગી જરૂર છે પણ એવી નથી કે ફક્ત બાપૂજીને જ કહી શકું. આપ હશો તો મને તો લાભ જ થશે.'

બાપૂએ કહ્યું, 'હા, તો કરો વાત. શું કહેવું છે? પણ પહેલાં એ બતાવો કે સેવાગ્રામના જીવન વિષે તમારો શો ખ્યાલ છે? અને એમાં શો સુધારો થઈ શકે તેમ છે.'

મેં ખૂબ સંકોચપૂર્વક કહ્યું, 'આ વિષયમાં હું કંઈ કહું એ નાને મ્હોંએ મોટી વાત જેવું થશે. મારા વિચાર પ્રમાણે અસલ વાત તો એ છે કે આપની પછી પણ આશ્રમની એજ રૂપરેખા રહે છે કે નહી; કારણ આશ્રમો મોટે ભાગે વ્યક્તિવિશેષના વ્યક્તિત્વને અંગે જ ચાલે છે અને જે આશ્રમ કોઇ મહાપુરુષના રહેવાથી ચાલતો હોય, એના વિષે પાછળથી શું થશે એ કહેવું મુશ્કેલ છે. જ્યાં સુધી હું માનું છું ત્યાં સુધી તો મારા પર તો એવી અસર પડી છે કે જીવનની પાયાની વાતો વ્યવહારમાં ઉતારવાથી જ માનવી પોતાને આગળ વધારી શકે છે. અને દૈનિક જીવનના આર્થિક કામ તો આપણી મેળે કર્યા વિના છૂટકો જ નથી.'

'હા, એ વાત બરાબર છે. જે ભણેલા ગણેલા લોકો શારીરિક શ્રમ નથી કરતા, હાથ-પગ હલાવવામાં નાનમ સમજે છે, તે બહુ ભૂલ ખાય છે. હું પણ પત્રકાર રહ્યો છું અને દક્ષિણ આફ્રિકામાં મારે ૫૦ માણસનું ભોજન તૈયાર કરવું પડતું હતું. આજે આપણે આપણા હાથની શક્તિ ભૂલી ગયા છીએ. ઠીક ચાલો, હવે તમે જે કહેવા માગતા હો તે કહો.'

મેં કહ્યું, "પહેલાં તો હું ક્ષમા માગું છું–એક એવા કામ માટે જેનો મેં નિશ્ચય તો કર્યો હતો પણ પાછળથી કરી શક્યો નહી. છતાં યે એ પાપ તો ગણાય જ."

"એવું તે વળી શું કામ હતું?"–બાપૂએ નવાઈ પામીને પૂછ્યું.

મેં કહ્યું, "અમે લોકોએ સાંભળ્યું હતું અને કંઈક એવો આભાસ પણ મળ્યો હતો કે બ્રિટિશ સરકાર હડતાલ શરૂ થતા જ આપને પકડી લેશે અને કોઈ પણ રીતે આપનો જાન લેવાની કોશીશ કરશે. અમે કેટલાક લોકોએ પણ મસલત કરી કે જો એવું કાંઈ બને તો અમે પણ લડીને અમારા પ્રાણ દેશું. વધુ નહી તો આગ્રાના કિલ્લા પર તો જરૂર કબજો કરી શકશું. કિલ્લા પર કબજો કરવામાં સો બસોથી વધુ માણસોના જાન જવાનો ડર હતો એટલે એમ વિચાર્યું કે ૫૦૦ એવા માણસોનાં નામ લખી લેવા જે મરવા ભરવા માટે તૈયાર હોય. પછી એમ નક્કી કર્યું કે સૌથી પ્રથમ મરનારાઓમાં હું હઈશ. નામોની સૂચિ બનાવી. ફક્ત ૨૫–૩૦ માણસોને હજુ તો પૂછ્યું તો એમાંથી ફક્ત બે જ બીજા એવા તૈયાર થયા જે મરવા માટે પણ તૈયાર હોય. એમનાં નામ છે શ્રી. જગનપ્રસાદ રાવત અને કુંવર બૈજનાથસિંહ બાકીના લોકોએ તો કેવળ વાતો જ કરી. જો, તો અને સિદ્ધાંતોની જ વાતો કર્યા કરે. પછી અમે આવા નામ લેવાનો વધુ પ્રયાસ માંડી વાળ્યો. પણ એક વાત સમજાઈ ગઈ કે આપણે લોકો વાતો તો બહુ મોટી મોટી કરીએ છીએ પણ ધ્યેય ખાતર પ્રાણ દેવા કોઈ તૈયાર નથી. સત્યાગ્રહમાં પણ હું એ નથી માનતો અને મને એની આશાયે નથી કે લોકો બલિદાનની ભાવનાથી આવે છે. આપણામાં કાયરતા ઓછી નથી. અસ્તુ. જે હતું તે મેં આપની સમક્ષ રજૂ કરી દીધું. આપનાથી કંઈ છુપાવવું ઠીક નહિ. હિંસા અને અહિંસાની ચર્ચામાં મારા જેવો સામાન્ય માણસ ન પડી શકે. હા, એક વાત તો માનું છું કે અને તે છે અનુશાસન અને આત્મશાસન.'

"આપણા જીવનમાં જો શિસ્ત આવી જાય તો

તો બહુ કામ થાય, અનુશાસન માટે તો એક પ્રકારની તપસ્યા જ કરવી પડે છે. વ્યક્તિગત સત્યાગ્રહને માટે મારી પાસે દરેક જીલ્લામાંથી દસ દસ પંદર પંદર હજાર અરજીઓ આવી છે. જો દરેક જીલ્લા દીઠ મને સાચા પંદર-વીસ માણસો મળે તો યે મારું કામ તો થઈ જાય. હું શું કરું ? મારી પાસે જે લોકો છે એમાંથી જ મારે વીણવા પડે છે. પરમાત્મા જેમ યોગ્ય ધારે છે તેમ બને છે. દેશની હાલત હજુ બહુ ખરાબ થવાની છે. લડાઈથી કોઈ દેશ બચવાનો નથી. દુનિયાની જે ખરાબ દશા છે એનું અનુમાન બહુ ઓછા ને છે." બાપૂએ ગંભીરતાપૂર્વક કહ્યું.

"એક વાત મારે આપને કલકત્તા વિષે પણ કહેવી છે. એ એ છે કે 'આનંદ બઝાર પત્રિકા'ની વિરૂદ્ધમાં જે રીતે અને જે અખબાર કોંગ્રેસીઓ દ્વારા શરૂ કરવામાં આવ્યું છે તે કોંગ્રેસ માટે બહુ ખોટું કહેવાય. એમ કરવાથી તો એ ભદ્ર બંગાળીઓને પણ આઘાત લાગ્યો છે જેઓ કોંગ્રેસની દારૂબંધીમાં સામેલ નથી થયા અને વળી કોંગ્રેસ-વિરોધી આંદોલનનો સામનો કરવા જે અખબાર કાઢ્યું છે તેની કેટલી નકલો છપાય છે અને એવી ઉદ્દેશની કેટલી સિદ્ધિ થાય તે પણ તપાસવું ઘટે"—મેં કહ્યું.

'મને એ વિષે ખબર પડતાં જ અને અવકાશ મળતા જ હું એ વિષે તપાસ કરાવીશ, પણ મારી પાસે સમય ક્યાં છે ! સમસ્યાઓ એટલી વધે છે કે ઘણુંય કામ મારે છોડી દેવા પડે છે અને મૂળ વાત તરફ મારે ધ્યાન આપવુ પડે છે. લોકો તો માની બેઠા કે વ્યક્તિગત સત્યાગ્રહથી કામ પતી જશે. પણ ખાત્રી છે કે ભયંકર આંદોલન આવી રહ્યું છે. અને એટલે જ હું નથી ઇચ્છતો કે વધુ માણસો આ આંદોલનમાં પડે. એટલે જ મેં તમને મંજુરી નથી આપી. હજી બહાર રહીને કામ કરવાનું છે. આગળ જતાં એટલાં માણસોની જરૂર પડશે કે બહુ મુશ્કેલી એ માણસો મળશે.'

લગભગ એક કલાકથી વધુ વાતો થતી રહી. આશ્રમ-જીવન, આશ્રમની વ્યક્તિઓ, ખાદી, ખેતી-વાડીની પણ વાતો થઇ. લગભગ પોણા દસ વાગે હું પાછો ફર્યો

મસ્તકમાં તોફાન નહોતું પણ શાંતિ હતી. એ વિચાર કરતો કરતો હું સુઇ ગયો કે મારાં કર્મ કંઈક સારાં હશે કે બાપુજીનો આટલો સત્સંગ મળ્યો અને એકાન્તમાં ખુલ્લા દીલે વાતો થઇ શકી.

બીજે દિવસે-ચોથા મેએ-નાસિક જવા હું ટ્રેનમાં ઉપાયો. સેવાગ્રામ અને વર્ધા એ મગજ પર એક અમિટ છાપ મૂકી છે. જાણે હું સ-શરીર દેવ-લોકમાં ગયો હોઉં એમ લાગતું હતું.

*

સૌએ વાંચવા જેવું

ભોજ અને કાલિદાસઃ સંપાદક, લક્ષ્મીનારાયણ મોજીલાલ પંડ્યા. પ્રકાશક એન. એમ. ત્રિપાઠી લિ. મુંબઇ-૨ પાના ૪૧૬, કિંમત રૂા. ચાર.

સૈકાઓથી વહેતો આવતો વાર્તારસ જરા :પણ સૂકાયા વિના વેગભર્યા પ્રવાહે પ્રજાના બધા વર્ગને તરબતર કરતો વહી રહ્યો છે.

એકસોને ચાર વાર્તાઓમાં સંપાદકે જે સ્વાભાવિક શૈલીથી વાર્તારસ ગૂંથ્યો છે તે એમની સંપાદક તરીકેની શકિત બતાવે છે.

ભોજ સંબંધમાં અને કાલિદાસના બુદ્ધિચાતુર્ય સંબધે આપણે ત્યાં ઘણી લોકવાયકાઓ વહે છે. ગામડે ગામડે અનેક પ્રકારની વાતો સાંભળીએ છીએ. પણ આ સંગ્રહમાં સંપાદકે શ્રમપૂર્વક કચરો સાફ કરવાનું કામ કરેલુ છે અને શુદ્ધ, ચોટદાર વિનોદ, સાહસ, ને ચાતુરીની વાતો એકઠી કરી છે. બાળકો, વૃદ્ધો ને જુવાનો સૌ કોઇને એક સરખો રસ આમાંથી મળી રહેશે.

અમે આ પુસ્તકને આવકારીયે છીએ.

સીધાં ચઢાણ

એક જુવાન માણસ હતો. લંડન શહેરમાં ભટકતાં ભટકતાં એને લેખક થવાની મહત્ત્વાકાંક્ષા જાગી.

પણ કુદરત એની વિરુદ્ધ હતી. એને મળેલી કેળવણી માત્ર નામની જ કેળવણી હતી. એનો બાપ તો દેવાદાર હતો, અને દેવું ન ભરવા માટે જેલમાં ગયો હતો. આ જુવાનને પણ ભૂખે મરવાના દિવસો અવારનવાર આવતા જ રહેતા.

પણ છેવટે તો એણે ગમે તેમ કરીને પેટને પોષણ આપવાનું જ રહ્યું.

એટલે એ એક ઠેકાણે શીશીઓને 'લેબલ' લગાડવાનું કામ મેળવીને પોતાનું 'પેટિયું' કાઢવા મંડ્યો!

પણ એનું મહાન સ્વપ્ન એને શેનું આરામ લેવા દે? એણે આ કામમાંથી પરવારીને, પોતાને જેવું આવડે તેવું એ લખવા મંડ્યો.

એના જેવા જ બીજા બે છોકરાઓ એની સાથે રહેતા એણે રાતે જ્યારે બધા સૂઈ જાય ત્યારે એ છાનો છાનો પોતાના વાર્તાઓ લખે. એને મોટામાં મોટી બીક એ હતી કે જો કોઈ દેખી જાશે તો એની મશ્કરી થાશે. એટલે એ છાનો છાનો વાર્તાઓ લખે—ને તંત્રીઓને મોકલે.

બીજે જ દિવસે એની વાર્તા એને પાછી મળે! કોઈ રાખે નહિ!

પણ છેવટે એક દિવસે એક જણાએ એ છાપવા રાખી. અલબત, એની એક પાઈ પરખાવી નહિ, પણ છાપવાની મહેરબાની કરી.

આટલાં જરા જેટલા ઉત્તેજને એને નવો જ બનાવી દીધો. અને એ પણ ત્યાર પછી પોતાનો અનુભવ નીચોડ અદ્ભુત રીતે આપતાં શીખી ગયો!

આ માણસ તે બીજો કોઈ નહિ—ઇંગ્લંડનો સૌથી પ્રખ્યાત નવલકથાકાર ચાર્લ્સ ડીકન્સ! આનું નામ સીધાં ચઢાણ!

[૨]

પરિવર્તન

એક વખત એવું બન્યું કે એક માણસ પોતાના ઘર પાસે સહેજ બહાર ઉભો હતો. વહેલી સવાર હતી અને હજી શહેરીઓની અવરજવર શરૂ થઈ ન હતી. એટલામાં એક આશ્ચર્યકારક ઘટના બની. સામેથી કોઈ માણસ હાંફળોફાંફળો દોડતો આવ્યો. હજી તો આ ઘર માલીક એ કોણ છે એમ પ્રશ્ન પૂછે તે પહેલાં, એ ઘરમાં જ પેસી ગયો. ઘર માલીક તેની પાછળ દોડ્યો. એ પોતે ઘરમાં એકલો જ હતો. એને બીક લાગી કે વખત છે ને આ માણસ કોઈ ધાડપાડુ હશે!

પણ જેવો એ અંદર ગયો કે ઉપર જવાના દાદર પાસે જ પેલો માણસ એના પગમાં પડી ગયો. એણે બે હાથ જોડીને કહ્યું: 'કોઈ રીતે મને બચાવો, હું તમારો ઉપકાર નહિ ભુલું કોઈ રીતે મને બચાવો! મારી પાછળ પોલીસ પડેલી છે! એક પળનો પણ વખત રહ્યો નથી!'

પેલા માણસને દયા આવી એણે ધીમેથી પોતાના ઘરનું બારણું બંધ કરી દીધું. રસ્તો શૂન્ય થઈ ગયો. થોડીવાર પછી પાછળ પડેલી પોલીસનો ધડભડાટ સંભળાયો. પણ આખી શેરીને શૂન્ય જોઇ એ શંકા વિના આગળ વધી ગયા. પેલો માણસ પકડાતો બચી ગયો.

ઘર માલીકે પછી એ કોણ છે ને એણે શું ગુનો કર્યો છે એ જાણવા માટે પ્રયત્ન કર્યો.

પણ ભીંત બોલે તો પેલો માણસ બોલે!

એણે બહુ બહુ મહેનત કરી પણ પેલા ભાઇ તો મોઢે કે કારવે!

હવે તો આ માણસ એક કોયડારૂપ થઈ પડયો. ઘરધણીને બીક પણ લાગી પોતે એકલો જ હતો. આ કોઈ ભયંકર ગુનેગાર હોય ને એની શોધખોળ એણે આંગણે આવતી અટકે તો એ વસ્તુ એને માટે ખતરનાક હતી. એને એમ રાખવો એ પણ જોખમ ભર્યું હતું. એને કાઢી મૂકવો એ પણ આફત વહોરવા સમાન હતું ! એનું હવે શું કરવું એ એક પ્રશ્ન થઈ પડયો.

પેલો માણસ પણ આ ઘર છોડવા ખુશી ન હતો. એ બધું કામકાજ કરતો. પાળેલા કૂતરાના કરતા પણ વધારે તાબેદારીથી ઘરધણીની ઈચ્છા જાણી લેતો. ઘરધણીને છેવટે લાગ્યું કે પોતે એકલો છે આ પેટવડિયા નોકર ગળી ગયો છે તો એ ભલે પડયો રહે. માત્ર એક જ વસ્તુ એ નોકર કોઈ દિવસ કરતો નહિ. ઘરની બહાર પગ મૂકવાની વાત આવે એ ધ્રૂજી ઉઠતો. એટલે ઘરમાલીકે પણ એને બહારનું કામકાજ સોંપવું નહિ એવો નિશ્ચય કર્યો.

આ ઘરમાલીકને શોખમાં શોખ એક જ વસ્તુનો પીયાનાનો એ પોતે અચ્છો વગાડનારો હતો–અને જ્યારે હવામાં સ્વરોને રમવા મોકલતો ત્યારે પળ બે પળ તો વાતાવરણને મંત્રમુગ્ધ બનાવી દેતો ! એવા અજબ કાબૂ વાજિંત્ર ઉપર એ ધરાવતો. અથવા ખરી રીતે તો વાજિંત્ર એના ઉપર ધરાવતું. બાકી એને એકલારામને બીજી કોઈ ઉપાધિ વળગી જ ન હતી !

એક દિવસની વાત છે, અષાઢીમેઘનાં વાદળાં, ગગનાંગણમાં, પોતાની ગાઢનિદ્રાનું સ્વપ્ન કાવ્ય ફેલાવી રહ્યાં હતા અને વિજળીએ એ કાવ્યનું રેખાંકન આદર્યું હતું ! પૃથ્વી ભવ્ય લાગતી હતી અને આકાશ ગયંકર લાગતું હતું. માણસના દિલમાંથી ઊર્મિઓના સાગર ઉછળે એવી અજબમોહિની હવામાં હતી !

એ વખતે આ પિયાનાવાળો પોતાની સઘળી હૃદયસમૃદ્ધિ ત્યાં ઠાલવીને એક મનોહારી સૃષ્ટિ ઉભી કરી રહ્યો !

જેમ જેમ એ આગળ વધતો ગયો તેમ તેમ એ સૃષ્ટિના રંગોએ ઇન્દ્રધનુની મોહિની ધારણ કરી !

પછી એ સ્વર, સ્વર ન રહ્યા. પણ હૃદયને ઊર્મિને, મનને. બુદ્ધિને, અહંકારને તમામને શાંત સ્વપ્નહિંડોળે હીંચકાવીને માણસના પ્રાણને જાગ્રત કરે તેવા અનાદિ અનંત દૈવી એવા ધ્વનિ બની ગયા !–જાણે કે કોઈ માણસ પાસેથી કે કોઈ વાજિંત્ર પાસેથી એ ધ્વનિ આવતા જ ન હોય !

પિયાનાવાળાએ જ્યારે પિયાનાને પાછો એની ગુફામાં મોકલી દીધો ત્યારે રાતના બેના ટકોરા પડયા !

હમેશના નિયમ પ્રમાણે એ ધીમે ધીમે ઉપલા ખંડના દાદરથી નીચે ઉતરી રહ્યો હતો ! આજ એણે જે સ્વરો ઉભા કર્યા–એનાથી એ પોતે અજબ જેવી આત્મતૃપ્તિ અનુભવી રહ્યો હતો એક વખત એણે પોતાના બાપને નાકે લીંટા તણાવ્યા હતા અને ઉડાઉ છોકરાનો વેષ ભજવ્યો હતો આજ એણે ગીતમાં એક ઉડાઉ છોકરાને બાપના સાન્નિધ્યમાં પાછો આવતો ખડો કર્યો હતો. કદાચ એટલા માટે, એના પોતાના જીવનના પ્રતિધ્વનિ જેવા આ સ્વરોએ એને આત્મતૃપ્તિના આનંદનો અનુભવ આપ્યો હોય !

એ ધીમે ધીમે ઉતરી રહ્યો હતો. પણ દાદરના ચાર પાંચ પગથિયાં રહ્યાં અને થંભી ગયો !

દાદરને છેડે કોઇ ધ્રૂસકે ધ્રૂસકે રડી રહ્યું હતું !

એના આશ્ચર્યનો પાર રહ્યો નહીં, ભીંતના જેવો જે જડ જણાતો હતો, કોઈ દિવસ માથું હલાવવા સિવાય બીજો કોઇ પ્રત્યુત્તર જેની પાસેથી મળતો ન હતો, તે પેલો, એનો પરાણે બનેલો નોકર, ત્યાં રડી રહ્યો હતો !

એ એકદમ નીચે આવ્યો. એણે એના ખભા ઉપર હાથ મૂકયો: 'શું છે અલ્યા ? કેમ રડે છે ? શું છે ?' તેણે એને પૂછયું હજી સુધી આ નોકરને 'અલ્યા' સિવાય બીજું કોઈ નામ પણ એ આપી શકયો ન હતો. બધું યંત્રવત્ જડત્વ આ માણસમાં એણે જોયું હતું. એને આમ અચાનક રડતો જોઈને તો એ છક્ક થઈ ગયો !

'શું છે અલ્યા ! શું છે ? કેમ રડે છે ?'

'હું....હું....હું....' પેલો માણસ એના પગ પાસે પડી ગયો હતો. તેણે ધરતીમાં માથું ઢાળી દીધું તે બોલી રહ્યો હતો: 'મેં....મેં....મેં.... મારા બાપનું ખૂન કર્યું છે ને હું ભાગ્યો છું !'

એકદમ ન સમજાય તેવા એના શબ્દો પકડાતાં ઘરધણી ધરતી સાથે જ જડાઇ ગયો !

*

કલાભર્યું જીવનદર્શન

અલંકારિકા શ્રી નિર્મળા ચંપકલાલ શાહ, પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી નિ. મુંબઈ-૨ કિંમત રૂ. ૪-૮-૦

આ રૂપકડા સુંદર પુસ્તકમાં ઘરમાં ગૌરવથી ભરાઇ રહે તે કેવળ ગળીજી, ચિત્ર અને કલાદૃષ્ટિથી કેમ થઈ શકે તે દર્શાવેલ છે. પહેલા ભાગમાં ગૃહ શણગારને લગતી બાબતો વિષે તથા બીજામાં અનેક પ્રકારના સાથિયા વિશે આકૃતિઓ સાથે સૂચના આપેલી છે

નિર્મળાબહેને આ પુસ્તક પાછળ પુષ્કળ શ્રમ લીધેલો દેખાય છે. એમનો પરિશ્રમ ત્યારે જ લેખે લાગ્યો ગણાશે જ્યારે ગુજરાતના સામાન્ય ઘરોમાં પણ વ્યવસ્થિત સજાવટ દેખા દેશે. એમણે કલાભર્યું જીવનદર્શન આ પુસ્તકમાં કરાવેલું છે દરેક કુટુંબે આ પુસ્તક જોવું જોઇએ પુષ્કળ ચિત્રો સાથેનું આ પુસ્તક કલારુચિ કેળવવાનું પ્રાથમિક કાર્ય જરૂર કરશે

હું૦

[૭]

બંદીવાન ! તને કોણ બંધનમાં નાખી ગયું એ તો તું મને કહે !'

'બંધનમાં બીજું કોણ નાખે ? મારો સ્વામી મારો માલીક. એણે મને બંધનમાં નાખ્યો. એક વિચાર મને આવ્યો હતો. દુનિયાના તમામને પૈસામાં ને સત્તામાં મારી પછવાડે રાખી દઉં તો હું ખરો ! એ વિચારની ધૂનમાં મેં ધનના ઢગલે ઢગલા ભેગા કરવા માંડયા ! રાતદિ જોયા વિના આડું અવળું નિહાળ્યા વિના. એ રીતે જે મારા સ્વામીનું હતું તે પણ મારા ખજાના ભેગું કર્યું ! પછી થાકીને જ્યારે હું નિદ્રામાં પડયો, ત્યારે શય્યા પણ મારા સ્વામીની હતી, તેમાં જ હું લોટી ગયો ! પછી હું જાગ્યો અને જાગીને જોઉં છું તો મારા પોતાના જ લક્ષ્મીગૃહમાં હું બંદીવાન હતો !'

'પણ બંદીવાન ! તને બંધનમાં નાખ્યો એ તો ઠીક, પરંતુ આવું ન છૂટે કે ન તૂટે, એવું બંધન તને કોણે બાંધ્યું ?'

'એ તો મેં પોતે જ બાંધ્યું છે ! મેં જ મારું બંધન સંભાળપૂર્વક ઘડી કાઢયું એમ કહોને ! મને મારી શકિતનો ગર્વ હતો. એ આખી દુનિયાને બંધનમાં રાખી શકે–અને છતાં મને પોતાને મુકત રાખી શકે–! મારી આ માન્યતાના વેગમાં ને વેગમાં મે તો રાત ને દિવસ જંગી ભઠ્ઠીમાં લોહ ગાળ્યું ને જબ્બર ઘણઘાથી એને મજબૂત બનાવ્યું. મારી આ લોહ સાંકળી મેં જ ઘડી કાઢી. પણ છેવટે એ તૈયાર થઇ, તૂટે નહિ કે વછૂટે નહિ એવી અભેદ્ય બની, ત્યારે એક આશ્ચર્ય મેં જોયું ! બીજાને બંધનમાં રાખવા માટે તૈયાર કરેલી મારી એ લોહસાંકળી, મને જ બંધનમાં જકડતી રહી હતી !

મારું બંધન મેં જ સંભાળપૂર્વક ઘડી કાઢયું છે એમ જ કહોને !

[૮]

જીવનદિનની સંધ્યાનો જો સમય થયો, હોય, કુંજ નિકુંજના પક્ષીઓનાં ગાન જો બંધ પડ્યાં હોય, હવાની લહરીઓનો જો થાક લાગ્યો હોય તો હે નાથ ! ધરતીને તું જેમ નિદ્રાની ચાદર ઓઢાડે છે, કમળપત્રોને નમતી સંધ્યા સમયે જેમ સ્વપ્ન મધુર આરામ આપે છે, તેમ મારા જીવનપથ ઉપર અંધાર પછેડાને નાખીને બે ઘડીની મને પણ નિદ્રા લેવા દે !

પ્રવાસ પૂરો થયા પહેલાં મુસાફરનું જીવન ભાથું ખૂટી ગયું હોય, વસ્ત્ર ફાટી ગયું હોય, શકિત ખર્ચાઈ ગઇ હોય, તો એને શરમમાંથી ને દીનતામાંથી ઉગારી લેવો ઘટે. તારી પ્રેમની રજનીની ચાદર નીચે, જેમ તું પુષ્પોને, નવ જીવન આપવા સારુ, થોડીવાર નિદ્રાધીન કરે છે, તેમ આ થાકયા પ્રવાસીને પણ એ પ્રેમભીની ચાદરનો એક છેડો આપવો ઘટે છે મારા પ્રભુ !

[૯]

તે મારા સાન્નિધ્યમાં આવીને, મને અડીને જ બેઠો, પણ હું જાગ્યો નહિ !

અરેરે ! એ તે કેવી ઘોર કાલનિદ્રા મને આવી ગઇ હતી !

રાત્રિનો પડછાયો પણ શાંત થઇ ગયો, ત્યારે એવી નીરવ રાત્રિમાં એ ફરીને ચાલ્યો આવ્યો. એના હાથમાં આ વખતે એનો તારતંબુ હતો. એની મધુર સ્વરાવલિ પ્રતિધ્વનિ આપતી હોય તેમ, આખી સ્વપ્નસૃષ્ટિ જાગ્રત બની બેઠી !

પણ અરે રે ! કોણ જાણે કેમ, હું પોતે તો ન આવ્યો-ને ન જ જાગ્યો ! એ આવ્યો છતાં—મારે માટે ન આવ્યો !

મને આ નવાઈ લાગતી જ રહી છે—જેનો શ્વાસ મારી નિદ્રામાં પણ, મને રાતદિ અથડાયા કરે છે, એટલું નિકટ જેનું સાન્નિધ્ય છે, તેને, કોણ જાણે કેમ કોઈ દિવસ દેખી જ શકતો નથી ! નહિતર એ આવે છે હંમેશાં !

[૧૦]

જ્યારે એ આવ્યા ત્યારે દિવસ હતો. એ આવ્યા અને એમણે કહ્યું: 'તમારા ઘરનો એક આ નાનકડો ખૂણો—અમારે માટે એટલું બસ !'

અને તેમણે કહ્યું: 'અમે તમને તમારી ઈશ્વર પ્રાર્થનામાં મદદ કરીશું. અને એના પ્રસાદ રૂપે જે કાંઈ મળશે તે લઈશું !'

પછી તેમણે એક ખૂણામાં જગ્યા લીધી અને તે શાંત અને બિનઉપદ્રવી બેઠા રહ્યા.

પણ દિવસનો પ્રકાશ ગયો. રાત્રિ આવી. અને તેમણે મારું મંદિર લૂંટી લીધું અને ઈશ્વરને અર્પણ થયેલો ભાગ પણ ઉપાડી ગયા!

રે ! આ અમારી ઈશ્વર પ્રાર્થનાની—ઉદય અને અસ્તની કથા !

[૧૧]

જીવનનો, મારો એક જરાક જ અંશ જીવન્ત રહેશે, તો એટલો અંશ પણ મારે માટે બસ છે. હું તો એમ ઈચ્છું કે મારો એટલો જ અંશ રહો—બીજો પછી રહો કે ન રહો !

એટલે હું કહું છું:—

મારો થોડોક અંશાંશ પણ જીવન્ત રહે કે જેથી હું મારા સર્વસ્વ તરીકે તારું જ નામ સ્મરણ આપતો રહું !

મારી ઇચ્છાશક્તિનો એટલો જ અંશાંશ જીવન્ત રહે, કે જેથી હું દરેક સ્થળે, હું તને જ સ્પર્શું, તને જ અનુભવું, તારામાં જ મારું શરણ શોધું, અને પળે પળે મારો પ્રેમ તારે ચરણે ધરતો ફરું !

મારા જીવનનો ભલે એટલો જ અંશાંશ રહે, જે તને પ્રગટ કરતો હોય ! જે તને કદાપિ પણ અપ્રગટ ન રાખતો હોય ! જીવનનો ભલે એ જ અંશાંશ રહે—બાકીનો રહે કે ન રહે !

અને મારા બંધનમાં પણ, મારું એ બંધન જ રહો, કે જે તારી જાતને તારી ઇચ્છા સાથે બાંધી રાખતું હોય, અને જીવનદ્વારા તારા જ હેતુનું વહન કરતું હોય ! અને તે બંધન—તારા પ્રેમનું બંધન હોય!

[૧૨]

આ દુનિયાની મારી વિદાયપળે જો હું આટલું જ કહી શકું—મેં જે જોયું તે કલ્પનાતીત સૌન્દર્ય હતું !—આટલું જ જો હું બોલી શકુ તો બસ ! એ મારો છેલ્લો શબ્દ હો !

" પ્રકાશના મહાનસમુદ્ર ઉપર જે હૃદયકમળ ઝૂલી રહે છે, એ હૃદયકમળની એકાદ પાંખડીમાં સંતાયલું અમૃતમધુ મેં ચાખ્યું છે " જીવનની વિદાયવેળાએ જો આટલું જ હું બોલી શકુ-તો એટલું મારે માટે બસ છે ! મારો એ છેલ્લો શબ્દ બની રહો !

"સંખ્યાતીત આકારોથી ભરેલી આ નામ અને આકારની રંગભૂમિમાં, મેં પણ મારું નાટક ભજવ્યું છે અને એમાં એક પળ માટે, જેને આકાર નથી તેની ઝાંખી મળી ગઇ છે"—આટલું જ જો હું વિદાયવેળાએ બોલી શકુ !

જે સ્પર્શાતીત છે, તેના એક પળના સ્પર્શથી મારો દેહ નાચી ઉઠ્યો છે—આટલું જ જો હું વિદાય પળે કહી શકું—તો એ વિદાય વેળા ભલે એ પળે જ હો!

[૧૩]

મને થયું મુસાફરી પૂરી થઇ છે. ભાથું ખૂટી ગયું છે. શક્તિ રહી નથી. આગળ પંથ પણ બંધ થતો જણાય છે. કોઈ અજ્ઞાત સમુદ્રજલનું ગંભીર મૌન—એ છેવટની આરામગાહ લાગે છે!

પણ નો, જીવન સમાપ્તિ, એ તારી ઇચ્છાની સમાપ્તિ નથી. એટલે જૂના શબ્દો, હજી તો જિહ્વાગ્રે મૃત્યુ પામી રહ્યા હોય છે તેટલામાં, હૃદયમાં, અકથ્ય માધુર્યના ઝરણ સમી, નવી સ્વરાવલિ ઉદય પામતી હોય છે! અને જૂના પંથની આંખી ભૂલી જવાય તે પહેલાં, નવા પ્રદેશની ઇન્દ્રધનુ મોહિની નજર સમક્ષ ઊભી થાય છે!

મારા ક્ષણિકની જીવન સમાપ્તિ એ તારી ઇચ્છાની સમાપ્તિ નથી. હે અનંત!....અને હે અનાદિ!

★

સાભાર સ્વીકાર

સતી ને સાહ્યબો: [લે. 'જુગા પંડ્યા'; અતિ પ્રકાશન લિ૦, અમદાવાદ: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; અઢી રૂપિયા.]

'વૈશંપાયન' અને 'નારદ'ની ચાલ ચાલતા 'જુગા પંડ્યા'એ 'ભારતી' અઠવાડિકમાં તેમજ દિવાળી અંકોમાં આપેલા આગળની સતીઓ અને તેમનાં સાહ્યબાઓની મજાક ઉડાવતાં તેમજ આજના જીવનની અનેક હાડમારીઓને હળવા વિનોદ અને ક્વચિત્ કટાક્ષનો વિષય બનાવતાં હળવાં કાવ્યોનો સામાન્ય જનતાને ગમશે એવો સંગ્રહ.

શિવ મહિમ્નઃ સ્તોત્રમ [સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; ૭ આના],

શ્રી. લાલજી બ્રહ્મભટ્ટે વિવરણ સાથે કરેલો પ્રસિદ્ધ શિવ મહિમ્ન સ્તોત્રનો એ સ્તોત્રના પાઠકોને એનો અર્થ સમજવાની અનુકૂળતા કરી આપતો સમૂલ ગુજરાતી અનુવાદ,

બુલબુલ : [લે. રમેશ કોઠારી; ચારુતર પ્રકાશન, વલ્લભ વિદ્યાનગર; અગિયાર આના].

શ્રી. રમેશ કોઠારીનાં બાર બાલકાવ્યોની કર્તાએ જ દોરેલાં આકર્ષક આલેખનોથી સુશોભિત પોથી.

બગડો ને તગડો : લાલો ને વાલો : [લે રમણલાલ સોની: કમલ પ્રકાશન મંદિર, અમદાવાદ; મૂલ્ય અનુક્રમે બે અને સવાબે રૂપિયા].

બાલસાહિત્યના જાણીતા લેખક શ્રી. રમણલાલ સોનીની અનુક્રમે દશ અને તેર બાલરંજક વાતોના સંગ્રહ.

બાલનિબંધ : (ધોરણ સાતમું) [અનડા બુક ડીપો, અમદાવાદ; ચૌદ આના].

ગુજરાતી સાતમા ધોરણના વિદ્યાર્થીઓને મદદગાર બને એવું સંવાદ, પત્રલેખન, અરજીઓ રિપોર્ટો, જાહેરખબરો, આમંત્રણ પત્રિકા, નિબંધ, વાર્તા, સારકથન, સંક્ષેપ અને નિત્યનોંધનું નમૂનાઓ સાથે માર્ગદર્શન કરાવતું લઘુ પુસ્તક.

[૪]
અક્ષર એક, અર્થ ત્રણ

જૂના વખતમાં એક સમયે એવું બન્યું કે દેવ માનવ ને દાનવ, સઘળા પ્રજાપતિ પાસે પહોંચ્યા. સૌને લાગ્યું હતું કે વિદ્યા મેળવવાથી જ શાંતિ મળે છે અને એ વિદ્યા, માત્ર બ્રહ્મદેવ જ આપી શકે; બીજો કોઈ નહિ. એ વખતે વિદ્યા અદ્ભુત વસ્તુ ગણાતી, અને તે વિદ્યા, આપણે મેળવીએ છીએ તેવી દાખલા ગણવાની કે વાંચવાની નહિ, પણ જીવન ઘડવાની હતી. જે જીવન ઘડે તે વિદ્યા.

પહેલાં દેવો ત્યાં પહોંચ્યા જઈને પ્રજાપતિ પાસે શિષ્યભાવે રહ્યા. તમામ અભિમાન છોડીને પ્રજાપતિને ગુરુભાવે નમતા ભજતા દિવસો ગાળવા લાગ્યા. પછી એમણે પ્રજાપતિને કહ્યું: ' મહારાજ ! અમને હવે ઉપદેશ કરો ! '

પ્રજાપતિએ ટૂંકામાં ટૂંકો જવાબ વાળ્યો: દ કરો.

આ દ એટલે શું એ દેવોએ પૂછ્યું નહિ. પૂછ્યા વિના પ્રજાપતિએ કહ્યું નહિ. દેવો · કે આપણે આ એક જ સૂત્રને વળગી ·ું તો બસ છે ! જીવનઘડવા માટે તો બે ચાર શબ્દો બસ છે. પેલા એક ગ્રીક તત્ત્વવેત્તા સોક્રેટીસની વાત આ સંબંધમાં યાદ રાખવા જેવી છે. તેની પાસે અનેક શિષ્યો આવે અને એ સૌને યથાશક્તિ જ્ઞાન આપે. પણ ઘણાને માટે તો એ તુંબડીમાં કાંકરા જેવું થઈ જાય ! લેવું સહેલું, પણ પચાવવું અઘરું, એવું એ રસાયન છે !

એવામાં એક શિષ્ય એને સાચો મળ્યો. સોક્રેટીસે એને જ્ઞાન ઉપદેશ આપ્યો: 'જો ભાઈ ! સત્ય બોલવું. એ જ પરમધર્મ છે ! '

પેલો તો બે હાથ જોડીને ઊભો જ થઈ ગયો. ' ગુરુદેવ ! આજે આટલું બસ છે. આ પાઠ બરાબર થઈ જાય પછી બીજા કરીશું ! ' એમ કહીને એ તો ચાલતો થઈ ગયો ! પણ પછી છ મહિના સુધી દેખાયો જ નહિ. એક દિવસ અચાનક સોક્રેટીસ એને ભેટી ગયો. ઊભો રાખીને પૂછયું: ' અલ્યા ! તું તો પાછો આવ્યો જ નહિ ! '

પેલાએ જવાબ વાળ્યો : ' પણ તમે આપેલો પહેલો પાઠ જ હજી તો પૂરો આવડયો નથી. એટલે આવીને કરું શું ? આવો જ્ઞાનપાઠ તો જીવનમાં ઉતારવા માટે છે નાં ? કાંઈ થોડો ગોખવા માટે છે ?'

સોક્રેટીસ પણ કાન પકડી ગયો. વાત તો સાચી હતી. સત્ય બોલવું–એટલું જ શીખતાં માણસનું જીવન પૂરું થઈ જાય. અને એટલું તો એને બસ થઈ પડે ! એકલાં થોથાંનો ભાર ગધેડાં ઉપાડી જતાં હોય પણ તેથી કાંઈ એ વિદ્વાન થોડા ગણાવાના હતા ! વિદ્વાન તો એ, જે જાણે, અને આચરે ! આચરવા માટે જ જાણે. ત્યારે આ દ નું પણ એવું જ થયું.

દ લઈને દેવતાઓ ઉપડવાની તૈયારી કરતા હતા ત્યાં બ્રહ્મદેવે પૂછયું: ' આ દ તો તમે લઈ જાઓ છો. પણ એનો અર્થ તમે સમજ્યા છો ? કે પછી એમ ને એમ ?'

' કેમ સમજ્યા છીએ, ને ભગવાન ! દ એટલે તમે કહ્યું ' દમન કરો. ઇંદ્રિયદમન બરાબર છે નાં ? '

' હા ' બ્રહ્માએ કહ્યું: ' ત્યારે તમે સમજ્યા તો છો. જીવનમાં દમન મહિમા બરાબર સ્થાપો એટલે તમે તરી પાર ઉતરશો. એ તમારી વિદ્યા. ઈંદ્રિયદમન. વિલાસને રસ્તેથી તમામ ઈંદ્રિયને પાછી વાળો " પછી આવ્યા માનવ, બ્રહ્માએ એમને પણ ઉપદેશ તો એ જ આપ્યો. " ભાઈઓ ! દ માં જ જીવન છે ! '

માનવો પણ આ એકાક્ષરી મંત્ર લઈ જવા તૈયાર થયા ત્યારે બ્રહ્મદેવે રોકયા; 'પણ કાંઇ અર્થ સમજયા છો કે એમ ને એમ?'

'સમજ્યા છીએ ભગવાન! દ એટલે દાન કરો.'

'બરાબર! એ સમજ્યા તો કહેવાશો, જો જીવનમાં દાનનું સ્થાન સ્થાપશો તો!'

માનવ પણ ગયા. પછી આવ્યા દાનવ. દાનવને પણ પ્રજાપતિએ એજ ટૂંકાક્ષરી ઉપદેશ આપ્યો: દ.

એમને પણ ઉપદેશ ગ્રહણ કરીને જતી વખતે બ્રહ્માએ પૂછયું: 'દ નો અર્થ તમે સમજ્યા છો કે પછી ઉતાવળે ભાગવું છે?

ઉતાવળે કાંઇ આંબા નહિ પાકે. સમજ્યા હશો તો દ તમારા કામનો. નહિતર તો જેવા અનેક અક્ષર રહે છે એવો એ. એમાં શું?'

દાનવોએ કહ્યું, "પ્રભુ!' દ એટલે દયા. તમે દયા રાખવાનું કહ્યું છે!'

પ્રજાપતિએ કહ્યું 'તો તમે સમજ્યા છો બરાબર. હવે એ પ્રમાણે જીવનમાં એનું પાલન કરો.'

પ્રજાપતિ બ્રહ્માએ કહેલો અક્ષર સંકેત એક જ હતો, દ. પણ એના તમામે જુદા જુદા અર્થ ઘટાવ્યા અને બ્રહ્માએ એ કબૂલ પણ રાખ્યા.

કારણ કે દેવોના જીવનમાં, મોટામાં મોટો વિનાશ વિલાસદ્વારા થાય એવી શકયતા હતી. એમને સુખભોગનો પાર નહિ, સગવડતાઓનો તોટો નહિ. એટલે એ ઇંદ્રિયદમનને જીવનમાં મહત્ત્વનું સ્થાન આપે તો જ જીવે. એટલે એમને માટે દ નો અર્થ દમન બરાબર હતો.

માનવો રહ્યા લોભી. મારું તારું કરવાવાળા. એટલે એમને માટે દાનનો, ત્યાગનો ધર્મ શ્રેષ્ઠ હતો. માટે દ નો અર્થ એ દાન સમજ્યા તે બ્રહ્માએ કબૂલ કર્યો.

દાનવો ક્રૂર ગણાય. એટલે એ દયાવૃત્તિ રાખતાં શીખે તો સારું. એ ઉપરથી પ્રજાપતિએ ત્યાં દ નો અર્થ દયા એમ સ્વીકાર્યો.

આવી વિવેક વસ્તુ આપણે જીવનમાં વણી રાખવી ઘટે. કોઇ એક રીતે સમજે, કોઇ બીજી રીતે વળે. જે પાણીએ મગ ચડતા હોય તે પાણીએ ચડે. કોઈ હાર્યા વળે, કોઇ દાવે વળે, કોઇ જ્ઞાનથી વળે. એટલે વાત એકની એક હોય, પણ એમાં હજાર ગાડાંનો ફેર પડે! આવી સમજણ વિના પછી બધી વાત ઉંધે રવાડે ચડી જાય!

[૫]

આત્મજ્ઞાનની પ્રાપ્તિ

એક વખત પાંચ સાત ઋષિઓ વિચાર કરવા બેઠા. આપણે બધા વારંવાર ઉપદેશ તો કરીએ છીએ કે આત્મા અમર છે, આત્મજ્ઞાન શ્રેષ્ઠ છે, આત્મા વિના બીજું કાંઈ નથી. આ બધું આપણે બોલ બોલ તો કરીએ છીએ, પણ એ આત્મા વિષે આપણામાંથી કોઈ કાંઈ જાણે છે ખરું? જાણ્યું તો કહેવાય, જો એનો અનુભવ હોય તો; બાકી બોલબોલ કરવાથી ફાયદો શું?'

પછી એમણે નક્કી કર્યું કે ચાલો આપણે એવા કોઈને મળીએ, જે આત્મા વિષે આપણને બરાબર સમજાવી શકે

પછી એ ઉદ્દાલક ઋષિ પાસે ગયા. આ ઋષિના જેટલું આત્મા વિષે કોઈ જાણતું નથી, એવી એમની એ વખતે ખ્યાતિ.

પણ જેમ ડૉકટર પોતાની વિદ્યાનો બરાબર જાણકાર હોય તો રોગીને દૂરથી જોતાં જ એનો અરધો રોગ કળી જાય, તેમ ઉદ્દાલક ઋષિ,

આ ચારપાંચ જણાને આવતા જોઈને દૂરથી જ કળી ગયા કે આ મહાશયો આત્મા વિષે કાંઈક જાણવા સારુ આવી રહ્યા છે. પણ મારો અનુભવ એવો નથી કે, એમના મનમાં વાત ઉતરી જાય એવી રીતે એમને સમજાવી શકું. એટલે એમને મફતની ઉપાધિ થાય ને ઉલટે ફળ કંઈ નહિ. એના કરતાં જે એમને સમજાવી શકે તેમ છે એનું નામ એમને આપું!

એણે એમણે એમને કહ્યું: 'હે ઋષિઓ! તમે જેના વિષે જાણવા આવ્યા છો તેના વિષે તમને બરાબર તો એક અશ્વપતિ કરીને રાજા છે, કેકય રાજાનો પુત્ર, તે સમજાવી શકશે!'

ઋષિઓને નવાઇ તો લાગી કે વનમાં રહીને રાતદિ આત્મા વિષે ચિંતન કરનાર એ વાત સારુ બીજાનું નામ આપે, અને તે પણ રાજકર્તા સંસારીનું!

પણ ઉદ્દાલક ઋષિનો નિર્ણય બરાબર હોવો જોઇએ એમ માની તે સૌ રાજા અશ્વપતિ પાસે ગયા.

અશ્વપતિ રાજાએ એમની પૂજા કરી. એમને માન આપ્યું. પણ ઋષિમુનિઓ આવ્યા છે એટલે કોઈ યજ્ઞયાગાદિની વાત હશે એમ માનીને એમની પાસે ધનનો ઢગલો કર્યો.

પણ ઋષિઓ ધનને શું કરે? એમણે ધન સામે જોયું પણ નહિ.

રાજાને શંકા થઈ અધર્મીનું ધન ઋષિઓ લેતા નથી. એ એ જાણતો હતો. તેણે બે હાથ જોડીને કહ્યું: 'ભગવાન! આ ધન તમે ગ્રહણ કરો. એ ન્યાયનું જ ધન છે રાજા તરીકેનું કર્તવ્ય બરાબર કરતાં જે રાજભાગ મળે તેમાંથી એ આવેલું છે. દેશમાં કોઈ ચોર મેં રહેવા દીધો નથી. કોઈ દારૂડિયો રહ્યો નથી. કોઈ વ્યભિચારી નથી. કોઈ ઠોઠ ને જડ રહ્યો નથી. દેશની આવી વ્યવસ્થા કરવા માટે પ્રજા જે કર આપે, તે કરમાંથી આ ધન આવ્યું છે, ને તે તમારા જેવા વિરક્તોને આપવા માટે જ છે. માટે આપ આ ગ્રહણ કરો!

રાજાનાં વચન સાંભળીને ઋષિઓ બોલ્યા: 'હે રાજા! જેમના દિલમાં પોતાના હેતુ વિષે સચ્ચાઇ નથી તેનું દિલ વાસનાના ધામ જેવું છે. હેતુની સચ્ચાઈ હોય તો એ એક જ હેતુ વિષે, એમની એકાગ્રતા એટલી તીવ્ર હોવી જોઇએ કે બીજી ત્રીજી લપનછપન કરવામાં એ પડે જ નહિ. અમે એવા એક જ હેતુથી પ્રેરાઈને તમારી પાસે આવ્યા છીએ. તમે આત્મા વિષે જાણો છો ને અમારે એ વિષે જાણવું છે. માટે અમને એ જ વાત આપો, ધન અમારા ખપનું નથી!'

પણ રાજા તો ખરેખર મહાજ્ઞાની હતો. સંસારમાં રહીને જ એણે એવા વિવેકથી પોતાનું કર્તવ્યનાવ હંકાર્યું કે દેશભરમાં કોઈ જગ્યાએ ક્યાંય લેશ પણ અન્યાય રહ્યો ન હતો, જાણે કે પ્રજાના લોહીમાં એ વસ્તુ જ ન હોય!

એનું આત્મજ્ઞાન આવા અદ્ભુત કર્મયોગને આભારી હતું.

એ વાત સમજી ગયો. ઋષિઓની હેતુની સચ્ચાઇ વિષેની વાત એ માની શક્યો પણ હેતુ ગમે તેટલો ઉગ્ર રીતે સાચો હોય, છતાં એ પોતાના દિલમાં હોય ત્યાં સુધીની વાત જુદી છે. એને પ્રગટ કરો ત્યારની વાત જુદી છે. ઋષિઓએ એમના આવવાનો હેતુ પ્રગટ કર્યો ખરો, પણ એમને એ પ્રગટ કરતાં આવડયો નહીં. એ આત્મજ્ઞાન વિષે જાણવા નીકળ્યા છે, પણ એ વિષેની મહત્તા એમણે બરાબર જાણી હોય તો એ જ્ઞાન મેળવનારની મહત્તા

વિષે એમનામાં આવી ઉપેક્ષા કેમ હોય ? એ જ્ઞાન મેળવવા આવ્યા છે, પણ જેની પાસેથી મેળવવું છે એનો સ્થાનવિવેક એ જાણતા નથી. માણસ અજ્ઞાન ત્યારે હોય છે, જ્યારે એનામાં અભિમાન હોય છે. પછી ભલેને એ અંશાશમાં જ હોય ! દૂધનું ભલેને મોટું વાસણ હોય, તેને બગાડવા માટે તો એક બિંદુ વિષ બસ છે. અભિમાન પણ આવું વિષ છે. આ ઋષિઓને એ ખબર લાગતી નથી !'

એટલે રાજાએ કહ્યું: 'ઋષિવરો ! તમને હું કાલે સવારે આ વાતની હા કે ના કહીશ !'

પણ ઋષિઓ પોતે એમ તો જ્ઞાની હતા. જ. રાજાની જ્ઞાન આપવાની તત્પરતાને બદલે 'હા' કે 'ના' ની વાત આવતાં જ સમજી ગયા. એટલે બીજે દિવસે શિષ્યો જેમ વિનયથી ગુરુ પાસે જાય તેમ પોતાનું દેહ અભિમાન તજીને રાજાની પાસે ગયા અને પછી રાજાએ એમને આત્મજ્ઞાન આપ્યું !'

પણ આમાંથી જ આત્મજ્ઞાન એટલે શું એનો અર્થ મળી રહે છે

"હું કાંઈક છું" એવું લેશ પણ અભિમાન, પછી એ પોતાના જન્મ વિષેનું હોય, વર્ણ વિષેનું હોય, અધિકાર વિષેનું હોય કે સત્તા પૈસા, જ્ઞાન કે ત્યાગ વિષેનું હોય–પણ સુધી હૃદયને કોઈ ખૂણે એ બેઠું હોય, ત્યાં સુધી આત્મજ્ઞાન આવી શકતું નથી !

આત્મજ્ઞાન મેળવવાની નિસરણીનું પહેલું પગથિયું જ અભિમાનનો ત્યાગ !

"હું કાંઈક છું" એવું જેના મનમાં અભિમાન ઉદય થાય તેને માટે આ પ્રત્યુત્તર તૈયાર જ છે: 'તું કાંઈ જ નથી !'

અને જેના મનમાં એમ ઉદય થાય કે "હું કાંઈ જ નથી" એને મળનારો ઉત્તર પણ લખાયેલો જ પડ્યો છે: 'તું જ સર્વસ્વ છો !'

*

સાભાર સ્વીકાર

વીર વ્યક્તિઓ : (અનડા બુક ડીપો, અમદાવાદ; નવ આના)

'૪૮ ના નવા અભ્યાસક્રમને અનુસરી હિંદની ૧૯ ઐતિહાસિક વ્યક્તિઓની ત્રીજા ધોરણ માટે માટે સરળ ભાષામાં લખાયેલી જીવનકથાઓ.

દક્ષિણ આફ્રિકાનાં સત્યાગ્રહનો ઇતિહાસ (ગાંધીજી: પ્ર નવજીવન પ્ર.મંદિર, અમદાવાદ; ત્રણ રૂપિયા)

ગાંધીજીના ઘડતરના સૌથી મહત્ત્વપૂર્ણ સમય, સત્યાગ્રહની તેમની શોધ અને તેની પહેલી સામુદાયિક અજમાયશના ગાંધીજીની જ કલમે લખાયેલ ઇતિહાસની કેટલાક સુધારા વધારા, અને નવ ચિત્રોના ઉમેરા સાથે બે ભાગને એકજ પુસ્તકમાં સમાવતી ત્રીજી આવૃત્તિ.

પ્રૌઢશિક્ષણ : (વિઠ્ઠલદાસ કોઠારી અને રામચંદ્ર સોમણ; નવજીવન કાર્યાલય, અમદાવાદ; ચૌદ આના).

આપણા દેશમાં અભણ પ્રૌઢોની સંખ્યા, પ્રૌઢશિક્ષણની જરૂર, તેના હેતુઓ, પરદેશોમાં પ્રૌઢશિક્ષણ, આપણી કેન્દ્રીય અને પ્રાંતીય સરકારોએ એ બાબતમાં કરેલું કાર્ય, પ્રૌઢશિક્ષણના અભ્યાસક્રમો, વર્ગસંચાલન અને પ્રૌઢશિક્ષણનું ભાવિ–આટલા મુદ્દાને ચર્ચતું પ્રૌઢશિક્ષણના સેવકોને માર્ગદર્શક અને મદદરૂપ થાય એવું નાનું પુસ્તક.

વડવાગોળ [૨]

પ્રદ્યુમ્ન કંચનરાય દેસાઈ

બીજાં સસ્તન પ્રાણીઓ કરતાં વડવાગોળ અને ચામાચીડીયાને ઉડવાની શક્તિ હોવાથી તેઓ જુદા જુદા દેશોમાં સ્થળાન્તર કરી શકતાં હશે એ આપણે માની લઈએ તો ભૂલ કરી ન શકાય. છતાં એટલું ચોક્કસ છે કે આપણાં વડવાગોળ આવું સ્થળાન્તર કરતાં નથી. એઓની આખી જમાત નક્કી કરે તે વૃક્ષ ઉપર વરસો પર્યન્ત અડ્ડો જમાવી દે છે.

વડવાગોળને ગરમ પ્રદેશ ખાસ પસંદ છે એટલે ગુજરાત સૌરાષ્ટ્રમાં તેની વસ્તીની સારી સંખ્યા વસે છે પણ ગીચ વનો તેઓને વસવાટ માટે ફાવતાં નહિ હોવાથી ગીરમાં જોવામાં આવતાં નથી. કચ્છમાં તેઓ દુર્લભ અને ભુજમાં કેવળ સ્થાનિક છે એમ શ્રી હરીનારાયણ આચાર્ય જણાવે છે.

સાંજને સમયે સૂર્યાસ્ત થયા પછી તેઓ પોતાનો અડ્ડો છોડી સીધાં મોટાં તળાવ કે પાણીની પાટો ઉપર જઈ ઉડતાં ઉડતાં જ પાણીની સપાટી ઉપર મ્હોં લંબાવી પાણી લઈ પીએ છે; અને ત્યાર પછી આસપાસની વાડીઓમાં જઈ જમરૂખ દાડમ વિગેરે ફળ ઝાડ ઉપર ઉતરી પડે છે. તે સિવાય કેટલાક વૃક્ષોની કુંણી કુંપળો પણ ચાવી તેનો રસ ઉતારે છે. આ બધી હકીકત તેના કાન અને આંખ વિષેની માહિતી આપણે જોઈ ગયા.

શિયાળામાં વડવાગોળ સુસ્ત તો થઈ જાય છે. તદ્દન ઊંઘમાં પડ્યાં રહેતાં નથી અથવા તો શિયાળાની ઠંડીથી બચવા માટે સ્થળાન્તર પણ કરતાં નથી. કેટલીક વખત રાતના સખત ઠંડી હોય તો તેઓ પોતાનો અડ્ડો છોડતાં નથી અને સખત ગરમીમાં બપોરના કાળે પોતાના અડ્ડાની આસપાસ ઉડાઉડ કરી મૂકે છે અથવા તો પોતાની બેમાંથી એક પાંખ ખોલીને પવનને હલતો ચલતો રાખે છે જ્યારે વરસાદ તેઓ ઉપર ખાસ અસર કરતો હોય એમ દેખાયું નથી.

બીજાં અનેક કુટુમ્બનાં પ્રાણીઓ સાથે ખોરાકને લઈને સંબંધ થાય અથવા તો તૂટે છે, વડવાગોળ ફળાહારી છે એટલે તેનો સંબંધ જુદી જુદી જાતનાં વૃક્ષો સાથે છે કારણ કે, તેવાં વૃક્ષો ખોરાક પૂરો પાડે છે. આ કારણને લઈને અમુક વખતે અમુક જગ્યા ઉપર વડવાગોળનાં ટોળાં ચઢી આવે છે અને અમુક વખતે તેઓનો ત્યાં સદંતર અભાવ થઈ જાય છે. આનું કારણ ફળ પાકવાની મોસમ ઉપર બધો આધાર રાખે છે.

વડવાગોળનો પ્રજનન કાળ પણ ફળ ફુલની વિપુલતા ઉપર આધાર રાખે છે. તેઓ દિવસના આરામ માટે અમુક જગ્યાનું કોઈ પણ વૃક્ષ પસંદ કરે છે. એમાં વડ, પીપર, પીપળા આંબલી વિગેરે વૃક્ષોનો ખાસ સમાવેશ થાય છે. તેઓ એક વૃક્ષ એક વખત નક્કી કરી લે ત્યાર પછી ઘણાં વરસો પર્યન્ત તેઓ ત્યાંજ બસેરો કરે છે. વડવાગોળની બેસવાની અને સુવાની રીત ઉંધે માથે છે. વળી એટલું પણ ખરું કે એક વખત અડ્ડો જમાવી દીધો પછી તે વૃક્ષ છોડવાની આનાકાની કરે છે. આથી આસપાસની વનરાજીને તેના ફળફુલ અને પાંદડાં ખાઈને હાની પહોંચાડે છે. તેની સાથે નવા રોપા ઉગાડવામાં મદદ પણ કરે છે. કારણ કે તેઓ ફળ લેતાં આવે છે તેમાંથી બીઓ વેરાય છે. પછી તે જગ્યાએ નવા રોપા ચોમાસામાં ઉગી નીકળે છે.

આપણે આગળ જોઈ ગયા તેમ વડવાગોળને ફુલનું મધુ ચુસવાનો શોખ હોય છે આ શોખથી પણ કેટલાક વૃક્ષો ફળીત થાય છે. કારણ કે તેઓ મધુરરસ ચુસવા જતાં તેના મ્હોં ઉપર સ્ત્રીકેસર અને પુંકેસરના રજકણો ચોંટે છે એ રજકણો વળી બીજા ફુલમાં લાગે છે. આમ થવાથી ફુલમાંથી ફળ થાય છે. તેઓ રાતનાં વિકસીત થવાવાળાં ફુલોની સુવાસથી આકર્ષાય છે. આ કામ પણ નવી વનરાજી ઉગાડવામાં બહુ મદદરૂપ છે.

આ પ્રાણીની આ ખાસીયત ખોરાક ઉપર બહુ ભારે અસર કરે છે. કારણ કે વડવાગોળ માનવીએ મહેનત કરી ઉગાડેલાં ફળો જેવાં કે જમરૂખ, દાડમ, કેળાં, પોપૈયા અને કરીઓ ખાઈ જાય છે. તેમાં ખાસ કરીને મહોર તો વિશેષ ખાય છે. વળી જ્યાં માણસોએ વાડી બગીચા બનાવ્યા ત્યાં વડવાગોળ પહોંચ્યાં છે. પછી ભલે તે રણ હોય કે

કાંટાવાળા વૃક્ષોની આસપાસ કાંટા હોય. નવા રોપા આપણા ખોરાકના ભોગે ઉગાડે છે છતાં આ તેના ફાયદા કરતાં નુકસાન ઘણું વધારે છે કારણકે આપણે ખાવાના ફળફળાદિનો તેઓ ખુબ ખોરાક તરીકે વાપરે છે. જ્યારે કેટલાક ઠેકાણે વડવાગોળને ખાવાના ઉપયોગમાં લે છે.

વડવાગોળ બહુ ખુલ્લી રીતે બેસે છે પણ તેનાં કોઇ શિકારી પંખી કે પ્રાણીમાં દુશ્મન હોવાનું સાંભળ્યું નથી. ફક્ત તેના શરીર ઉપર ચાંચડ કે બીજી લોહી ચુસતી જીવાત છે. આવી જીવાતથી તેનું શરીર ભરેલું હોય છે.

જ્યારે દુશ્મન હોય ત્યારે તેનાથી તેને બચાવ કરતાં પણ આવડવું જોઇએ. આ બચાવનું એક કારણ તો જુથમાં વસવાટ કરવો કે જેથી એકબીજાની હૂંફ રહે. તેનો રંગ પણ એવો નથી કે આસપાસની વસ્તુ સાથે મેળ લઇ લે. તેના માથા અને ગળા ઉપરના ચળકતો સોનેરી રંગ તેના શરીરના બીજા હલકા રંગ આગળ ખુબ બહાર આવતો લાગે છે. જેથી છુપાવવાને બદલે ઉલટો બહાર આવતો દેખાય છે એટલે વડવાગોળને આપણે પેલા બહાર પડતા રંગના પ્રાણીઓની હરોળમાં મુકીએ. આવાં પ્રાણીઓ પોતાનો બચાવ પોતાની ગંધગ્રન્થીથી કરે છે કે જે ગંધથી ઉબકા ચઢે અને પકડવા આવેલ દુશ્મન પકડવાનું ભુલી જાય. આ કારણને લઇ આવાં રંગદાર પ્રાણી પોતાની હાજરી બીલકુલ છુપાવવાની મહેનત કરતું નથી. એવું વડવાગોળમાં છે એટલે તેઓને સંતાવવામાં કંઇ અર્થ દેખાતો નથી અને સૌ કોઈ જોઇ શકે એવી જગ્યાએ આખી ટુકડી આરામ કરે છે.

આવી ટુકડીની સંખ્યા જોઇ સહેજે વિચાર જાય છે કે આ ટુકડી કેટલો ખોરાક ખાતાં હશે? અને તેનો ખ્યાલ આપણા મગજમાં આવી જાય છે અને એનાં અભ્યાસની તક સાંપડે છે કે તેઓ અમુક સંખ્યાના જુથમાં જતાં હશે કે આખું જુથ તે જગ્યાએ હલ્લો લઇ જતું હશે?

સ્વભાવે વડવાગોળ ટોળામાં વસવામાં માનનારી છે છતાં તેમાં સમાજ બંધારણ હોય એવું દેખાતું નથી, અને એટલું ખરું કે એક બેઠું હોય તેની પડખે બીજું બેસવા આવે તો પહેલી વ્યક્તિ તેનાથી ચીડાતી નથી. આ ખાસીયત સમાજજીવનની હદ સુધી પહોંચી છે. વડવાગોળ તેના બચ્ચાંને લાંબો વખત સાથે રાખતાં નથી. ખાસ લાંબો વખત ચાલતું કુટુંબ જીવન નથી. આ માટે કોઇ પણ જાતની વ્યવસ્થા પણ નથી. તેમ ટોળાનો નાયક પણ નથી. દરેક પ્રાણી પોતપોતાનું સાચવે છે. એક ટુકડીના બધાં પ્રાણી અમુક વખતે સાથે અડ્ડો છોડે છે. એક જ દિશામાં સાધારણ રીતે ઉડે છે. પણ તેમાં દરેક વડવાગોળ પોતાનો રસ્તો પોતે જ નક્કી કરી લે છે. પોતાના ખોરાકવાળા વૃક્ષ ઉપર આવી પોતે તેના કરતાં વધારે સારી જગ્યા મેળવવા તકલીફમાં પડે છે. આમ કરવામાં બહુ ચીચીયારો કરી મૂકે છે. કોઇ મોડી પડેલી વ્યક્તિ સારી જગ્યા મેળવવા એવી સારી જગ્યા દબાવીને બેઠેલી વ્યક્તિને તેની જગ્યા છોડાવવા મહેનત કરે છે અને એવી જ રીતે સવારનું થતાં તેઓ પાછાં એક પછી એક પોતાના વાસા તરફ જેવી રીતે સાંજે નીકળ્યાં હોય તેવી રીતે ચાલી નીકળે છે. સુવાની જગ્યાએ પહોંચી પછી સારી ડાળીનો કબજો લેવા લડાઇ કરે છે. સામસામી લાતો મારે છે અથવા તો પોતાના અંગુઠાનો નહોર લગાવે છે જે વખતે પાછી બહુ ચીચીયારી અને કકરાટ કરી મુકે છે.

વડવાગોળનો પ્રજનનકાળ ઓકટોબરથી ડીસેમ્બર સુધી હોય છે. અને માર્ચથી એપ્રીલ સુધીમાં બચ્ચાં જન્મે છે. બચ્ચાંનાં શરીર ઉપર બારીક રૂંવાટી હોય છે અને તે માતાના શરીર સાથે મજબુત ચોંટયું રહે છે. તેના પગ અને નહોર તેના માની રૂંવાટીથી ઢંકાઈ જાય છે અને બચ્ચું એક આંચળ મ્હોંમાં રાખી ચોંટી રહે છે. આ આંચળથી બચ્ચાંને પોષણ મળે છે અને બીજો ઉપયોગ તેનાથી બચ્ચું સજ્જડ ચોંટયું રહે છે. શરૂઆતમાં માતા બચ્ચાંનો

ભાર શોખથી સહન કરી તેને સાથે રાખે છે પણ બચ્ચું વધવા બહુ જલદી માંડે છે પછી તે ભારરૂપ થાય છે. પણ જ્યાં સુધી બચ્ચાં પોતાના મેળે ઉડતાં ન થાય ત્યાં સુધી માતાની સાથે જ રહે છે. વડવાગોળના નરનાં ટોળાં અને માદાના ટોળાં જુદાં જુદાં વસતાં માલુમ પડયાં છે

પ્રકૃતિ પુસ્તક ૭ અંક ૨-૩ ૪ માં લખવા પ્રમાણે આપણે ત્યાં બે જાતનાં વડવાગોળ થાય છે તેમાં એક તે આપણાં વડવાગોળ જ્યારે બીજી જાત ચીણુ વડવાગોળ, જે ઉત્તર ગુજરાત અને દાંતામાં વસતાં માલુમ પડયાં છે.

ચામાચીડોયાં અથવા છીપાં

ઉપર જણાવેલા પ્રકૃતિના અંકમાં નીચે બતાવેલાં છીપાં સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં વસે છે.

ચર્મપત્રવાળું ચામાચીડીયું, દીરંગી ચર્મપત્રવાળું ચામાચીડીયું, આ બન્ને જાતનાં છીપાં અશ્વક્ષુરમ (Leaf-Nose) જાતના છે. ત્યારપછી નિશાચર જાત આવે તેમાં ભારતીય લોહી-તરસ્યું ચામાચીડીયું, એક જાત થાય છે. હવે પ્રદોષચરમાં વિષ્કૃત સંધ્યાચર છીપાં અને બીજાં ભારતીય સંધ્યાચર છીપાં આવે ભારતીય છીપામાં નાનામાં નાની કાયાવાળું અને આહારાર્થે ઘરમાં પેસી સ્વચ્છંદે વિહરતું હોવાથી આ છીપું આપણું ઘણું પરિચિત છે. ડોમરાવિષ્કૃત છીપાં અને સામાન્ય પીતવરણું ચામાચીડીયું એ બન્ને નૈશિક જાતનાં છીપાં છે. એમાં બીજું પ્રદોષ સમયે જ આહારાર્થે પરિભ્રમણ આરંભતું અને ઘરમાં આવતું આ છીપું પોતાની ધીમી ગતિવાળી ઉડાનથી તરતજ ઓળખાઈ આવે છે.

કાળી દાઢીવાળું આવૃતપુચ્છ ચામાચીડીયું, દીર્ઘબાહુ આવૃત પુચ્છ અને કરજી આવૃત પુચ્છ ચામાચીડીયાં થાય છે તેઓ સમાધિસ્થાન સમાશ્રિત ગોત્રનાં છે. આવૃત નાસિકાવાળું ઉંદરપુંછડીયું એ આવૃત નાસિકાવાળા ગોત્રનું છે. તેઓ ઘરમાં અને ગુફામાં ભમનાર છે.

સ્થૂલપાદ કુલ-શાખામાં થતું એક જ ગોત્ર નૈશશ્રિ નામે ઓળખાય છે જેમાં ડોબ્સનનું બસ્રોષ્ઠ ચામાચીડીયું આપણે ત્યાં થાય છે.

આ બધી જાતોની સામાન્ય માહિતી તો અપાઇ ગઈ છે. હવે આપણે બાકી રહી જતી તેની ખાસીયત જોઈશું.

જેમ વડવાગોળમાં જોઇ ગયા તેમ જીવાતભક્ષી ચામાચીડીયાં જે ઉપર બતાવ્યાં તે બધાં પણ સ્થળાન્તર કરવામાં માનતાં નથી. તેઓ પણ એક જગ્યાએ વસવાનું પસંદ કરે છે. આવૃત પુચ્છ અને લોહીતરસ્યાં ચામાચીડીયાં ઉષ્ણપ્રદેશમાં વસવાવાળાં છે. જ્યારે સંધ્યાચર જાતીમાંનાં ઘણાં તો ગમે તે દેશનાં હવા પાણીને અનુકુળ થઈ જનારાં છે. સામાન્ય પીતવરણું ચામાચીડીયું સાધારણ ગરમીઠંડીનો પ્રદેશ વસવાટ માટે પસંદ કરે છે. ઉપરનાં બધાં છીપાંને પાંખ જેવું ઉડવાનું સાધન હોવા છતાં કુદરતી આવરણો જેવાં કે મોટી ગિરિમાળાનાં ઉંચા શિખરો, મોટા અગાધ સમુદ્રો વટાવી બીજા પ્રદેશમાં આહારાર્થે કે ઠંડીમાંથી ગરમદેશ ભણી આવવાનો જરાય વિચાર કરતાં નથી.

આપણે જાણીએ છીએ કે ચામાચીડીયાં નિશાચર પ્રાણી છે. પણ દિવસે વાદળાંએ સૂર્યને ઢાંકી દીધેલ હોય અથવા તો ક્યારેક તડકો હોય ત્યાં જ સાંજનાં બહાર ફરવા નીકળી પડે છે આની હરોળમાં વડવાગોળ પણ આવી જાય છે. વળી ચોમાસામાં મેઘાચ્છાદિત દિવસમાં ગમે ત્યારે તેઓ શિકારની શોધમાં રખડવા લાગે છે. જ્યારે એ પણ માલુમ પડે છે કે કેટલાંક ચામાચીડીયાં દિવસે બેઠાં હોય અને તેના ઉપર તડકો આવતો હોય તો પણ જગ્યા બદલ્યા વિના ત્યાં જ આરામ કરે છે. એટલે જેમ નિશાચર ઘાતકી પ્રાણીને દિવસનો અજવાળું બહુ મહેનતથી સહન કરે છે અને ખોરાક અથવા શિકાર જ્યારે ફરવા કે ઉડવા લાગે ત્યારે તેની પાછળ કોઈ પણ વખતે ચાલી નીકળે છે તેમ છીપાંનું પણ છે.

હવામાનના બદલાવા સાથે ચામાચીડીયાના જીવન અને ખાસીયત ઉપર અસર થાય છે. ઘણી જાતનાં

ચામાચીડીયાં દિવસના આરામ માટેની જગ્યા માટે હવામાન ઉપર આધાર રાખે છે તો વળી કેટલાંક ખુલ્લી જગ્યા પસંદ કરવાવાળાં છે. પણ આ તો અપવાદ છે. છતાં તેઓને અણધાર્યો હવામાનનો પલટો જરૂર અસર કરે છે. એમાં ગરમીનું મોજું તેઓથી સહન થઈ શકતું નથી. આ તેના ખુલ્લા બસીરાનું કારણ છે. સાધારણ રીતે ચામાચીડીયાં કાંતો વૃક્ષની બખોલ કે ગુફામાં વસવાવાળાં છે પણ જ્યાં મંદિર આશરો મળ્યો એટલે છાપરાંએ તેના મકાન અને ઇમારતોમાં વસવાટ શરૂ કર્યો. આપણાં ચામાચીડીયાં ગુફાનિવાસી છે. આમ ગુફા કે બખોલ પસંદ કરવાનું કારણ એ છે કે જો તેઓ ખુલ્લાં વૃક્ષ ઉપર વસે તો તેઓ બદલાતા હવામાનને સહન કરી શકતાં નથી. વૃક્ષનું પોલાણ કે પાંદડાંનું ઝુંડને આસપાસનું હવામાન ખહુ જલદી અસર કરે છે જ્યારે ગુફામાં આથી તદ્દન જુદું જ છે. ગુફા બહાર ગમે તેવું હવામાન હોય પણ અંદર તો બનતાં સુધી બહુ ઓછો વધારો થાય છે એવી રીતે ઠંડીમાં ઠંડીનો પણ ઓછો વધારો થાય છે એટલે બધી ઋતુમા તેની અંદરની ગરમીનો પારો વધઘટ કરતો નથી. મનુષ્યોએ કુંભર કોરી બનાવેલા રહેઠાણો, જુના મકબરાઓ, એવાં જ જુના મંદિરો કે જેઓની દિવાલ ખુબ જાડી બનાવેલી છે તે સિવાય મોટાં ઘુંમટવાળા સ્થાપત્યો એ બધા ચામાચીડીયાને વસવાટ માટે ખૂબ અનુકુળ થઇ ગયાં છે. તેનું કારણ પણ એજ કે તેમાં ગરમી ઠંડીનો પારો ઉંચે જતો નથી. બહાર ધોમતાપ પડતો હોય પણ આવી ઇમારતોની અંદર તો ઠંડક રહે છે છતાં કેટલાક હજુ પણ ગુફામાં જ વસે છે.

ગરમી ઠંડીમાં તેઓની ખાસીયત કેવી રીતે વસવાની છે તે આપણે ઉપર જોઇ ગયા, પણ હવે રહ્યો ભેજ કે જેઓ ઉપર કેવી અસર કરે છે તે જોવાનું રહ્યું. વરસાદ તેઓને અડચણકર્તા નથી. ચામાચીડીયાંની ઘણી જાત માંજના વરસાદમાં જીવાત શોધવા ઉડવા નીકળી પડે છે. એ સિવાય તેઓ જે ગુફાઓ કે પાણી ભરાઇ રહેતા નાળાંના પુલો વાળી જગ્યા બસીરા માટે પસંદ કરે છે. એ ઉપરથી સમજી શકાય છે કે ભેજ તેઓને કાંઇ અસર કરતો નહિ હોય એમ જણાય છે. પણ જોરદાર પવન આકાશમાં ઉંચે ઉડાન લેતા હોય એવા ચામાચીડીયાને જો કે તેઓમાં ઘણાં એવા પવનનો સામનો કરવાવાળાં છે તેઓને પણ નીચી કક્ષામાં ઉતરી આવી શિકાર શોધવો પડે છે.

જીવાતના વધાગઘટાડાની ચામાચીડીયા ઉપર જરૂર અસર થાય છે ચામાચીડીયાં બહુ ખાઉધરાં છે એટલે તેઓ જીવાતનો ઘણો નાશ કરે છે એ માટે ચામાચીડીયાં પ્રકૃતિનું એક અજબ સર્જન છે જે જીવાત તેઓ પાડી લે છે તે બધી તેનો ખોરાક છે. પણ એટલું ખરૂં આ ચામાચીડીયાંની જુદી જુદી જાતો પણ પોતાની ઉડાન અને શિકાર મેળવવા માટે આકાશમા જુદી જુદી ઊંચાઇનો ઉપભોગ કરવાનું પસંદ કર્યું છે. આથી તેઓ કે બધાના ખોરાક પણ એ જગ્યાની સપાટીએ ઉડતી જીવાત છે આટલ પુચ્છ ચામાચીડીયાં બહુ ઉંચે ચારો કરવા ઉડે છે એટલે સાધારણ રીતે એવી ઉંચે ઉડતી જીવાત તેનો ખોરાક હોય જ. જ્યારે નાનાં અને નબળી ઉડાનનાં છાપરાં નીચે ઉડતાં કુદા અને જીવાતનો ભક્ષ કરે છે. વળી કેટલાંક અલંકૃત નાસિકાવાળાં ચામાચીડીયાં ગિરિમાળાનાં વનોમાં જ ફરીને ચારો શોધે છે. તો કેટલાક ખુલ્લા દરીયાના પ્રદેશ અને તળાવ કે નદી ઉપરની પ્રાસ્તુતિનો ચારો કરી તેની જીવાતને ઓછી કરે છે. જેમ શિકારી પ્રાણી પોતાના શિકારના હલનચલન પાછળ ફરે છે તેમ ચામાચીડીયાં પણ જ્યાં તેનાં ખોરાકની જીવાત જાય તેવા તેની પાછળ જાય છે, આને લઇને જે જીવાત્મસૃષ્ટિ ઋતુના ફેરફાર સાથે ઉત્પન્ન થાય તે પ્રમાણે ચામાચીડીયાં અમુક વખતે ઘણાં દેખાય તો વળી બીજી વખત તેની સંખ્યામાં ઘટાડો થાય છે. ઉનાળામાં કેટલાક તળાવોનાં પાણી સુકાઈ જાય તે વખતે તેની સડતી વનસ્પતિ ઉપર જીવાતનાં ઝુમનાં ઝુંડ ઉડે છે. ત્યારે સવારે

ચામાચીડીયાની આ જગ્યા ખાસ ઉડવાની જગ્યા બની જાય છે. વળી ફુલ આવતાં વૃક્ષો કે જેનાં ફુલો ઉપર જીવાત ખેંચાઇ આવે છે તે વૃક્ષ તરફ ચામાચીડીયાં ખાસ ખેંચાય છે, કારણ કે અહીં ફરતાં તેને પેટપુરતું ખાવાનું મળી રહે છે. વળી દરેક જાતના ચામાચીડીયાંને પોતાનો ખરાક શોધવાનો વખત તેને ચારો કરવાની જીવાતને ઉડવાના સમય પ્રમાણે હોય છે. જે છીપાં ગુફામાં વસવાટ કરવાવાળા જીવાતભક્ષી છે, તેઓ પોતાના શરીરમાં જ કેટલીક જીવાત તથા નાનાં પ્રાણીઓને પોતાની લીંડીઓ અને જીવાતના કકડ ભાગો વેરીને આકર્ષે છે. અને તેજ ઠેકાણે થોડા-ઘણો ચારો મેળવી લે છે.

વધારે જાતો જીવાતભક્ષી ચામાચીડીયાં છે એટલે આવી કીટસૃષ્ટીને ફાલતી ઘણી કાબુમાં રાખે છે. લોહીતરસ્યાં છીપાં વળી પોતાના ખોરાક માટે લોહીવાળાં પ્રાણીઓનો શિકાર કરવા માંડ્યાં છે. પણ આવાં ખરાં છીપાં તો અમેરિકા તરફ વસે છે. આપણે ત્યાં આવી એક જાત થાય છે, જેના કાન બહુ મોટા હોય જે તેના માથા ઉપર પંખા જેવા આકારમાં દેખાય છે. આ છીપાંનો હજુ એવો એક દાખલો મળ્યો નથી કે જેમાં તેણે લોહી મેળવવા માનવી ઉપર હુમલો કર્યો હોય કે જે ખાસીયત અમેરીકાવાસી તેના સગામાં જોવા મળી છે. આપણાં છીપાં નાનાં પ્રાણી અને નાનાં સંખ્યાચર છીપાંનો શિકાર કરે છે અથવા પંખી, દેડકાં અને મચ્છીઓ મારે છે. જો કે તેઓ માછલી કેવી રીતે પકડે છે તે અણઉકલ્યો કોયડો રહ્યો છે તે સિવાય બાધક અને તીડાં પણ ખાય છે.

આપણી સાથે સાથે જીવાતભક્ષી છીપાંનો સંબંધ એ રીતે કહી શકાય કે માનવી તેને ખોરાક પુરો પાડે છે જે માટે કેટલાક છીપાંઓએ આપણી આસપાસ વસવાનું શરૂ કર્યું છે. મનુષ્ય પોતાનો ખોરાક ઉગાડવા માટે ખેતરમાં મોલાતને ખાવા માટે જીવાત ઉભરાય અને આવી અસંખ્ય જીવાત ખાવા ચામાચીડીયાં આવી તેનો નાશ કરે છે. એ રીતે તેઓ ઘણાં ઉપયોગનાં પ્રાણી કહી શકાય.

છીપાંના કુદરતી દુશ્મન વિષે ઘણું થોડું જાણવા મળે છે. પણ નાની જાતનો ઘુવડ અને બાજની કેટલીક જાતો જરૂર શિકાર કરે છે અને લોહી તરસ્યાં છીપાં નાનાં સંખ્યાચર ચામાચીડીયાંને પકડી લોહી ચુસે છે. પણ તેઓના ખરા દુશ્મન તો તેઓના લોહી ઉપર નભતી કેટલીક જીવાત છે. જે તેઓના શરીર ઉપર ચોંટી રહે છે. તેમાં ચાંચડનો પણ સમાવેશ થાય છે જે તેઓની રુંવાટીમાં રહે છે અને લોહી ચુસે છે. વળી જુદી જુદી જાતના છીપાં ઉપર જુદી જુદી જાતની આવી જીવાત જોવા મળી આવે છે. આવી જીવાતથી મુક્ત થવા તેઓ તેના નહોર અને દાંતથી રુંવાટી સાફ કરતાં રહે છે. ઉડાનની ફરવટ પણ તેઓનો એક બચાવ છે. જ્યારે દિવસના આગમ કરતા હોય ત્યારે તેઓ પણ જુથમાં એક ઠેકાણે આરામ કરે છે. આ પણ તેઓને માટે એક પીડબળ છે. તે સિવાય તેના વસવાટમાં અંધારૂ અને ત્યાંની વાસ તેના દુશ્મનનું માથું ફેરવી નાખે છે. કેટલીક જાત પોતાના શરીરમાંથી બહુ દુર્ગંધ કાઢે છે કે જેથી આપણે અથવા તો કોઇ બીજાં પ્રાણી તરત જ પારખી લઇ શકે છે. તેમાં તેનો કાળામાં કાળો ભળી જતો રંગ હોવાથી તેના દુશ્મન તેઓને તરત જ પીછાની લઇ શકતાં નથી.

ચામાચીડીયાંની ભૂખ બહુ તેજ હોવાથી પ્રકૃતિએ દરેક જાતને શિકાર કરવા માટે જુદી જુદી ઉંચાઇએ ઉડવાનું સોંપ્યું છે અને એવી જ રીતે જીવાત પણ જુદી જુદી ઉંચાઇએ ઉડે છે એટલે ખોરાક બાબતની મુશ્કેલી ઉભી થતી નથી. વળી તેઓએ પોતાને ઉડવાની અમુક જગ્યા જ નક્કી કરી લીધી હોય છે. તેમાં બીજી વ્યક્તિને ફરતાં જુએ તો તરત તેને બહાર હાંકી કાઢે છે. તેમાં ખાસ કરીને સંખ્યાચર અને અશ્વખુરપ્રમાં આવી ખાસીયત માલુમ પડી છે.

સાંજના મુકરર સમયે આખી ટુકડી બહાર નીકળે છે. ઘણાં અલંકૃત નસિકાવાળાં ચામાચીડીયાં એકલાં અથવા જોડીમાં વસે છે. સંખ્યાચર પ્રમાણમાં નાની નાની ટુકડીઓમાં ભેળાં વસે છે; પણ આવૃત-પુચ્છ તો મોટી સંખ્યામાં એક બશીરે ભેળાં થાય થાય છે. જે જુદી જુદી જાતના એકી સાથે વસતી હશે તેમાં દરેક જાતને બેસવાની જગ્યા અલગ અલગ હોય છે પણ જુદી જુદી જાત એક જગ્યામાં ભેળા થઇ સાથે બેસતી નથી.

લોહીતરસ્યાં ચામાચીડીયાંના વસવાટ આગળ નાની જાતના છીપાં વસતાં નથી, કારણ કે એ તેનો શિકાર કરે છે. પ્રજનનકાળ સિવાયના વખતમાં ક્યારેક ચામાચીડીયાં ખુબ સંખ્યામાં ભેળાં થાય છે અથવા તો છુટાં પડી જાય છે. આનું કારણ હજુ સુધી સમજાયું નથી. તેઓ એક બીજાનો સંપર્ક પોતાની ચીચીયારીથી રાખે છે જેથી એમ પણ સમજાય છે કે તેઓને પોતાની ટોળીમાં વસતાં બીજાં ચામાચીડીયાંનો અવાજ પારખવાની શક્તિ ઘણી ઉંચા પ્રકારની હશે. નાનાં બચ્ચાં તેની માને બીજાં પ્રાણીના બચ્ચાંની માફક જ બોલાવે છે.

ચામાચીડીયાંનું કુટુમ્બજીવન અભ્યાસ માગે છે. સંખ્યાચર વરસના કોઈ પણ માસમાં બચ્ચાં આપે છે, પણ ખાસ તો તેની બે ઋતુ છે. તેમાં અલંકૃત-નાસિકાવાળાં અને લોહીતરસ્યાં ચામાચીડીયાં ઉનાળામાં એટલે માર્ચથી મે માસ સુધીમાં બચ્ચાં આપે છે. જ્યારે આવૃતપુચ્છ વગેરે જાતનો સમય તે પછી એટલે ચોમાસામાં હોય છે. અન્ને જાતનાં ચામાચીડીયાં અથવા કાનકડીયાંનો ધૂમ પ્રજનનકાળ તો તેની ખાવાની જીવાતના વધારા ઘટાડા પ્રમાણે થાય છે.

અલંકૃત નાસિકાવાળાં ચામાચીડીયા પોતાનો ખોરાક વૃક્ષો આસપાસ ઘુમી મેળવે છે એટલે કુદરતી રીતે તેઓનાં બચ્ચાં જ્યારે આવાં વૃક્ષો ફુલોથી લચી પડતાં હોય ત્યારે જન્મે છે કે ફુલની સુવાસને લઈ જીવાત પણ બહોળા પ્રમાણમાં આકર્ષાઈ આવે છે. જ્યારે બીજા કાનકડીયાં જેઓ પોતાનો ખોરાક વૃક્ષ આસપાસ ઘુમી મેળવતાં નથી. તેઓનાં બચ્ચાં વરસાદમાં રહી ગયા પછી જ્યારે તેઓને લાયક જીવાત ઉભરાય ત્યારે થાય છે.

આપણે ત્યાં ચામાચીડીયાંનું ગર્ભાધાન કેટલા માસ રહે છે તેની કોઈ પણ માહિતી મળતી નથી. તેઓ બનતાં સુધી એક જ બચ્ચાને જન્મ આપે છે છતાં સંખ્યાચર કોઈ વખત બે બચ્ચાંને જન્મ આપે છે, યુરોપીય ચામાચીડીયાનું બચ્ચું કેમ જન્મ લે છે. તેનું અવલોકન બંધનાવસ્થામાં થઇ શક્યું છે. તેમાંનો કુદુલ જાત (Noctule) પોતાની કાયાને સવળે માથે કરી પોતાના નહોર ઉપર આખા દેહને ટકાવી બચ્ચાંને જન્મ આપ્યો હતો. જન્મતાંની સાથે જ બચ્ચું ચીનકાર કરવા લાગ્યું હતું. પોતાની પુંછડી અંદર લાવી ખોઇ બનાવી દીધી જેમાં બચ્ચું બહાર આવતા જ પડ્યું. એક સંખ્યાચરના દાખલામાં તો માદા પોતાની હંમેશની રીત પ્રમાણે અવળે માથે હતી. તેમાં તેણે પોતાની જમણી પાંખ પુરી ખોલી બચ્ચાંને તેમાં લઇ લીધું હતું. આ દાખલાઓ ઉપ-રથી પુરવાર થાય છે કે દરેક જાત બચ્ચાંના જન્મ વખતે જુદી જુદી રીત અખત્યાર કરતી હશે. હવે પહેલાં જે બચ્ચું ખોઇમાં જન્મ્યું હતું તેને વિશે આગળ ચાલતા પેલી ખોઇમાં તેની માએ પોતાનું મ્હોં ખોસી બચ્ચાંની ઉપરથી ચાટી લઇ સાફ કર્યું. આ કામ પતાવી તે પાછી અવળે માથે થઈ ગઇ અને બચ્ચાંને પોતાની જાંગની ત્વચામાં સંતાડી દીધું કે જ્યાંથી તેને આંચળે લાગવાનું સહેલું પડે. સામાન્ય રીતે છીપાંને બે આંચળ હોય છે.

જન્મતી વખતે બચ્ચાં કેવાં હોય છે તે જોઇએ. જન્મતી વખતે અંધ હોય છે. અને રૂંવાટી રહીત પણ રહે છે. જ્યારે અલંકૃત નાસિકાવાળાં ચામાચીડીયાંનાં બચ્ચાં ઉપર થોડી બારીક રૂંવાટી રહે છે. બચ્ચું ચામાચીડીયું તેની માને તેના નાજુક નહોર અને પગ તેની રૂંવાટીમાં ઘુસાડીને તેનું આંચળ મ્હોંમાં રાખી ચોંટી રહે છે. આથી તે ચોક્કસ પકડ મેળવી શકે છે અને મજબુત રીતે ચોંટી રહે છે. ઘણાં ચામાચીડીયાંનાં બચ્ચાંને દુધીયા દાંત હોય

જે બધા સરખા ઘાટના હોય છે. આ દાંતનો ઉપયોગ તેની માના સ્તનને તેનાથી મજબુત પકડી ચોંટી રહેવા વાપરે છે, તેથી આંચળના બે ઉપયોગ છે એક તો બચ્ચાને દૂધથી પોષણ આપવા અને ચોંટી રહેવાનું એક સાધન પુરૂં પાડે છે. અસંસ્કૃત નાસિકા વાળાં અને શોહી તરસ્યા છીપાને ખોટાં આંચળ રહે છે. જેનો ઉપયોગ બચ્ચું પકડ રાખવા માટે કરે છે, આ આંચળ પેલાં સાચા આંચળની ઉપર હોય છે જેમાંથી દૂધ નીકળતું નથી આ ખોટા આંચળ સાથે બચ્ચુ તેના દાંતથી પકડ લઇ ચોંટી રહે છે. પણ જ્યારે ભૂખ્યું થાય ત્યારે તે પાછું ફરીને સાચા આંચળ ઉપર આવી જાય છે. શરૂઆતમાં માને બચ્ચાંને ફેરવવામાં તકલીફ નથી પડતી પણ બચ્ચું બહુ જલદી વધે છે ત્યારે ભારરૂપ દેખાય છે કેટલાક યુરોપી ચામાચીડીયાની મા તેની બેઠક ઉપર બચ્ચાંને છોડી જાય છે. જ્યારે સંપ્રદાયનાં એક બે અઠવાડીયાની ઉમ્મરમાં બચ્ચાં ઝુમખામાં જ્યાં સુધી તેઓની માતાઓ પાછી ન ફરે ત્યાં સુધી પડયાં રહે છે. જ્યારે માતા પાછી આવે છે ત્યારે બચ્ચાં ચીત્કાર કરી મુકે છે. અને દરેક બચ્ચું તેની માની શોધમાં નીકળી પડે છે અને લગભગ જરાય મુશ્કેલી સિવાય તેની માને બીજી માતાઓમાંથી ઓળખી કાઢે છે. આપણાં પીતવરણાં ચામાચીડીયામાં આ અવલોકન કરવામાં કરવામાં આવ્યું છે કે રાતના થોડી થોડી વારે મા પોતાનાં બચ્ચાંને ધવડાવવા આવી જાય છે, કે જે જાત બચ્ચાંને પોતાની સાથે જન્મની સાથે જુદાં રાખે છે. એ આપણે ત્યાં એવું જાણવા મળ્યું નથી કે માદાઓ ગર્ભધારણ કર્યાં પછી જુદા જુથમાં વસતી હોય છતાં એટલું જોઇ શક્યું છે કે નર અને માદા બન્નેની જુદી જુદી ટુકડીઓ અલગ અલગ વસે છે.

ચામાચીડીયામાં કુટુમ્બ જીવન લાંબુ ચાલતું નથી. બચ્ચુ જેવું પોતાની મેળે ફરવા લાગી જાય કે તરત જ એટલે થોડા માસ કે અઠવાડીયામાં જુદાં પડી જઇ પોતાનું અલગ જીવન શરૂ કરે છે.*

---

* આ આખો લેખ The Book of Indian Animalsના આધારે તૈયાર કરવામાં આવ્યો છે.

★

સુ-દર્શને

તને જપ-તપે મઢી સભર જીવને મેં રસી
કસી પણ અનેકશઃ, પ્રબળ શુદ્ધિ મેં પારખી
ગણી અખર જિંદગી સજોડ ઝંખનાઓ બધી
શમે તુજ સુ-દર્શનેઃ સ્વપન વા જાગૃતતા !

જયન્ત પરમાર

નવો અવતાર

લે. વિ. સ. ખાંડેકર
અનુ: ગોપાલરાવ વિદ્વાંસ

વિનાયકરાવે આંખો ખોલવાની ઘણી ઘણી મહેનત કરી પણ કોઇ રીતે આંખો ઊઘાડી શકાઇ નહિ! પોપચાં પર જાણે દુનિયા આખીનો ભાર કોઇએ મૂકયો હોય એમ તે ખૂબ ભારે થઇ ગયા હતાં. તેઓ મૂંઝાણા; જરા અસ્વસ્થ પણ થયા એક વિચિત્ર વિચાર તેમના મનને સ્પર્શી ગયો: જાણે પોતે આ દુનિયાને છોડીને પરલોકનું પ્રયાણ આદર્યું છે! ઘોર અંધકારમાં કોઇ અજાણ્યે માર્ગે પ્રવાસ કરી રહ્યા છે! પૂર્વે કદી ન દેખેલા કોઇ ઊંડા ઝરામાં ગળે મોટો જબરો પથરો બાંધીને જાણે કોઇ ડુબાડી રહ્યું છે. ભ્રમમાં ભરખાયેલા તેમના મને એ મૂંઝવનારી જાળમાંથી છૂટવાનાં ઘણાં આકવળિયાં માર્યાં પણ તેમાંથી ઘૂટવાનો કોઇ રસ્તો તેમને હાથ આવતો નહોતો! તેમણે એક આખરી પ્રયત્ન કર્યો, અને એકાએક મોંવાટે ઉદ્ગાર નીકળી પડયા 'સાવિત્રી!'

એ ઉચ્ચારની સાથે જ તેમની આંખો એકદમ ઊઘડી ગઇ. પોતે કયાં તે છે જાણવાની તેમણે મહેનત કરી. ઘડીભર તેમને એમ થઇ ગયું કે જાણે પોતે ડેપ્યુટી કલેકટરની ચેમ્બરમાં પાર્ટીશનની પાછળ ગોઠવેલા કોચ પર બપોરના વખતમાં જરા આરામ લેતા પડયા છે. એ આરામ હવે પૂરો થયો છે એમ માનીને તેમણે પડખું ફેરવવાનો વિચાર કર્યો; પણ સહેજ પડખું ફરતાં જ ડાબા પડખામાંથી એક સખત સસકો આવ્યો હોય એમ લાગ્યું. જાણે કોઇ ત્યાં સોય ભોંકી રહ્યું હતું. એ પીડા અસહ્ય વધી ન પડે એટલા ખાતર એમ ને એમ પડયા રહ્યા. થોડી વારે ખ્યાલમાં આવ્યું કે પોતે માંદા હોઇ ચાર વરસ પહેલાં બાંધેલા પોતાના બંગલામાં એક પોચા પોચા મોટા પલંગ પર પોતે સુતા છે. પોતાને પ્લુરસી થયેલી, અને એમાંથી જરા આરામ થાય છે ત્યાં તો ન્યુમોનિયામાં પટકાવું પડેલું. ડોકટરે ઊભા થવાની હવે મનાઇ કરી દીધી છે. છાતી પર જાણે કોઇ ભારે વજનદાર મોટો પથરો મુકયો હોય એવું લાગે છે! આ શરીર—નાનપણમાં લિલાબન દોસ્ત જેવું જણાતું અને જુવાનીમાં હૈયાનો હાર બનેલું છે! જીવનની આ પહેલવહેલી માંદગી છે. પણ એ જ કદાચને છેવટની બને!

તેમણે ઓરડામાં આસપાસ નજર ફેરવી. કોઇની હલચલ જણાઇ નહિ, પાણીની અતિશય પ્યાસ લાગ્યાનું ખ્યાલમાં આવતાં જ તેમણે સાદ કર્યો: 'સાવિત્રી!' પરંતુ કોઇ પાસે ન આવ્યું, ન કોઇનાં પગલાં પણ સંભળાયાં. તેમણે આંખો ફાડીને જોયું, ઓરડામાં અંધારા જેવું લાગ્યું. દીવા વેળા થઇ હશે એવી એમની ખાત્રી થઇ. સહુ પોતાને એકલા મૂકીને ચાલ્યાં ગયાં છે એ વિચારે તેઓ ખૂબ ચિડાઇ ઊઠયા ક્ષીણ અવાજે તેમણે સાદ કરવા માંડયા: 'મોટાભાઇ! મોટી વહુ! નાનીબહેન!'

કોઈએ જવાબ ન આપ્યો. તેઓ વધારે ચિડાયા. તેમણે બહાર નજર દોડાવી આકાશ વાદળથી ઘેરાયેલું હતું. પ્રાણહીન બનેલો દિવસ જાણે હયાત આવ્યો હોય ને ભોંયે લીધો હોય એવો ભાસ થતો હતો. પોતે પણ આવી જ મરણ પથારીએ પોઢેલ છે એવું મનમાં સૂઝી આવતાં જ ઢીલાં પડી ગયેલાં અંગેઅંગમાં રોમાંચનો અનુભવ થયો. કૂતરું નજરે ચડતાં જ બિલાડું જેમ શરીર આખાના વાળ ઊભા કરી દે તેવું પોતાને થવાનું લાગ્યું. બહાર સડક પર માણસો જખાવ કરતાં હતાં. એમની વાતચીતનો, સાયકલની ટોકરીઓનો, ટાંગાના ઘોડાના ડાબલાઓનો, અને અવરજવરનો હોર્ન મારતી નીકળતી કોઇ મોટરનો સંમિશ્ર અવાજ તેમને કાને આવતો હતો. કોલાહલ કરતી જતી આ માનવમેદનીમાં અનેક માણસો હારમ ફેરી રહ્યાં છે, અનેક અંદરોઅંદરની વાતચીતમાં મસ્ત બની રહ્યાં છે, કોઇ આવતી કાલના સુંદર મનોરથો ઘડી રહ્યાં છે, કોઈ મસાલેદાર ફરસાણ આરોગવા હોટેલમાં જઇ રહ્યાં છે, એવાં તરેહતરેહનાં દશ્યો તેમની કલ્પનાચક્ષુ સામેથી પસાર થઇ ગયાં. હવે પોતે એ માનવ સમુદાયમાં જ નથી. ઝાડેથી ખરી પડેલું પાંદડું જેમ ફરી તેને ચોટાડી શકાતું નથી, એમ આ દુનિયા સાથેનો પોતાનો સંબંધ સાવ તૂટી ગયો છે એ વિચાર એમના મનને વારેવારે સ્પર્શી જવા લાગ્યો.

એ વિચાર દરમિયાન સડક પર પસાર થતા કોઈ રંગેલ આદમીએ ગાયેલી પ્રેમગીતની બે લીટીઓ તેમના શ્રવણ પટ પર અથડાઈ. કોઈ સિનેમાનું એ ગીત હતું. ચાર પાંચ મહિના પહેલાં એમણે એ ફિલ્મ જોયેલી ત્યારે એ શબ્દો અને એ સુરાવલિ તેમને ખૂબ ખૂબ ગમી ગયેલી. તે વેળા તેમને પણ એ ગીત મનમાં મનમાં ગણગણવાનું મન થઈ ગયેલું. પણ અત્યારે તેમને લાગ્યું: 'આ માણસ કેટલું બસૂરું ગાય છે! કેવા અર્થહીન એ શબ્દો છે? આ ગીત ગાનારી નાયિકા ભ્રમમાં જ જાણે જીવનનું સાર સર્વસ્વ ભર્યું હોય તેમ આંખો ફાડી ફાડીને પોતાના પ્રિયકરની રાહ જોઈ રહી છે. પણ એ બધું જૂઠું છે—સાવ જૂઠું છે! હું અહીં મરણ પથારીએ પડ્યો છું ત્યારે સાવિત્રી......'

ઓરડામાં કોઈનો પગરવ થતો સંભળાયો. ધીરે ધીરે પાસે આવતી એ આકૃતિ વધુ સ્પષ્ટ બની. મોટા પુત્રનો કારકુન આવતો હતો. સહેજ નીચા નમી—માથા પાસે ઝઝૂમી તેણે વિનાયકરાવને અદબ પૂર્વક પૂછ્યું: 'સાહેબ! કશું જોઈએ છે?'

વિનાયકરાવનું ધ્યાન તેના હોઠ ઉપર ચોંટયું હતું. કારકુને હમણાં જ પાન ખાધું હતું. એના લાલચોળ હોઠ તેમને લોહીથી ખરડાયેલી છૂરી જેવા બિહામણા લાગ્યા. પોતે આમ છેલ્લી ઘડીએ છે ત્યારે એને પાન ખાવાનું શેં સૂઝે છે, એવો વિચાર પણ એમને થઈ આવ્યો.

કારકુને ફરી અદબ સાથે સવાલ કર્યો: 'કાંઈ ચા, કોફી કશું લાવું, સાહેબ!'

વિનાયકરાવે કર્કશ સ્વરે ચિત્કાર કર્યો: 'પહેલાં આ હોઠે લગાડેલી તમારી લિપસ્ટીક લૂછી નાખો જોઈએ!'

ગરીબ બિચારો કારકુન! વિનાયકરાવના કથનનો પહેલાં તો એને અર્થ જ ન સમજાયો: ડોસાને સનેપાત થયો હશે એમ એને લાગ્યું. પણ થોડીવારે વિનાયકરાવ પોતાના હોઠ તરફ જ ક્રૂરતાભરી દૃષ્ટિ ખોડી રહ્યાનું દેખતાં તેઓ શું કહેવા માગે છે તે તેના ધ્યાનમાં આવ્યું. ખીસામાંથી રૂમાલ કાઢી તેણે ઉતાવળે ઉતાવળે હોઠ લૂછી લીધા, અને ફરી વિનતિ કરી: 'કશું લાવું સાહેબ!'

'પહેલાં દીવો કર!' વિનાયકરાવે ગુસ્સામાં જ જણાવ્યું

'હજુ અંધારું નથી થયું. હમણાં જ સૂર્ય...'

વિનાયકરાવે બારી ભણી જોયું. બહાર અંધારું પથરાયું હોય એમ જણાતું હતું. મૃત્યુને દ્વારે પહોંચેલા માણસને પ્રકાશનું જ્ઞાન રહેતું જ નહિ હોય શું, એવો વિચાર તેમને થઈ આવ્યો. તેઓ બારી તરફ જ મીટ માંડી રહ્યા છે એ જોઈ કારકુને કહ્યું 'બહાર વાદળાં થયાં છે. બપોરથી બફારો પણ પુષ્કળ થાય છે. ક્યારનું ઘેરાઈ રહ્યું છે પણ એક છાંટો ય પડતો નથી!'

વિનાયકરાવે પૂછ્યું: 'મોટીબેન ક્યાં છે?'

કારકુને જવાબ આપ્યો: 'મોટીબેનની ટ્રેનને હજુ વાર છે, સાહેબ!'

મોટીબેનને ગઈકાલે તાર કર્યા છતાં હજુ તે નથી આવી એની એમને નવાઈ લાગી. વળી તેમને વિચાર થયો, હવે એ બાપને શા માટે સંભારે? બારોબાર દાયજાની રકમ આપીને ગયે વર્ષે જ એને પરણાવી છે! હવે તો વરની પાછળ...સાચી વાત છે કે દુનિયામાં કોઈ કોઈનું સગું નથી. અંગ્રેજી ચોથી ભણતી વખતે ગોખેલો પેલો શ્લોક—તે વખતે એનો અર્થ બરાબર સમજાયો નહોતો પણ આજ—આજે એનો અર્થ બરાબર સમજી શકાય છે.

का ते कान्ता कस्ते पुत्रः ।
संसारोऽयमतीव विचित्रः ॥

વિનાયકરાવે એ શ્લોકનો પાછલો ચરણ મનમાં મનમાં ગણગણવા માંડ્યો. પેલા કારકુનને લાગ્યું કે સાહેબ પોતાને કશું કહેવા માગે છે. તેથી તેણે ધીરેથી વળી પૂછ્યું: 'શું જોઈએ?'

જવાબમાં વિનાયકરાવે જોર જોરથી શ્લોકનો

संसारोऽयमतीव विचित्र ॥

संसारोऽयमतीव विचित्र ॥...संसारो...

પેલો કારકુન ગભરાયો. દોડતા નીચે જઈ મોટા ભાઈને ઉપર મોકલી આપી સીધા ડોક્ટરને ત્યાં પહોંચવાનો તેણે વિચાર કર્યો. એકંદરે ચિઠ્ઠ નહ

સારાં નથી એમ તેણે માન્યું. તેણે ધાર્યું કે દાદા સાહેબને અત્યારે સંનેપાતનાં ચિહ્નો......

પણ ત્યાં તો વિનાયકરાવે જ વળી પૂછ્યું: ' મોટો ક્યાં છે ? '

' મોટાભાઈ નીચે છે. તેઓ ભાભી સાહેબ,... બધાં આઈસક્રીમ બનાવે છે. '

' આઈસક્રીમ ! '

' હા જી. આજે બાબુભાઈનો જન્મ દિવસ છે.'

બાબુનો જન્મ દિવસ ! કેટલામો ? હા, બારમુ કે તેરમુ વર્ષ બેઠું હશે. મોટાને આ દિકરો થયો ત્યારે એનુ નામ પાડતી વેળા કેવો મોટો સમારંભ કર્યો હતો ! ઓફીસના સઘળા માણસો ડેપ્યુટી કલેક્ટરના પૌત્રના આ જન્મોત્સવની તૈયારીમાં આખો દિવસ કામે રોકાયાં હતાં. ગામના સઘળા પ્રતિષ્ઠિત લોકો તે દિવસે હાજર હતા. તાલ્લા સાહેબ કલેકટર પણ આવેલા ! તે દહાડે કચકડાના કોઈ બાવલા જેવો બાબુ દેખાતો હતો; આજે તેને બાર તેર વરસ વીતી ગયાં ! બાબુ આજે બાર–તેર વરસનો થયો. એ મોટો થતો જાય છે તો હું ઘરડો થતો જાઉં છુ, મૃત્યુની વધુને વધુ નજીક જતો જાઉં છું. એમ જ –મૃત્યુ ? નહિ નહિ; બાબુ આટલામાં આવડો મોટો ન થયાં હોત તો વધુ સારૂં હતું !

મનો સંકોચી વિનાયકરાવે સવાલ કર્યો : 'નાની બ્હેન પણ આઈસક્રીમ બનાવવામાં રોકાઈ છે શું ?'

' ના જી, તેઓ એક લગ્નમાં ગયાં છે. '

' લગ્ન ? કોનાં લગ્ન ? '

' તેમની એક બહેનપણીનાં છે. બા પણ સાથે જ ગયાં છે. '

વિનાયકરાવ નારાજ થયા. અહીં પોતે પથારીમાં પડ્યા છે; પડખું ફેરવવું હોય તો પણ સૂળ નીકળતા જેવી પોતાને વેદના થાય છે. ત્યારે આ દિકરી અને આ પત્ની–પોતે માંદા છે તેથી મળવા માટે નાની બહેન ખાસ પિયેર આવી છે, ને પણ તો ઘેર ટકતો નથી ! આ ચાલ્યાં લગ્નમાં મહાલવા ! અને સાવિત્રી ! એના પર તેમને ખૂબ ક્રોધ ચડ્યો. એ ગુસ્સાના તોરમાં તેમણે પલંગ પાસે ઉભેલા કારકુન તરફથી જોસભેર પડખું બીજી બાજુ વાળી લીધું.–પણ તે સાથે જ અતિશય વેદના થઇ આવતાં તેમનાથી ચીસ પડાઇ ગઈ. ગુસ્સામાં જ તેઓ કારકુન પર બરાડી ઉઠ્યા : ' ચાલ્યો જા અહીંથી જો; મારે કશું નથી નથી જોઈતું. હું કોઈનો નથી; કોઈને મારી કશી પડી નથી. ! તું જા... '

×

વિનાયકરાવ આંખો મીંચી ગયા. આટલું બોલવામાં પણ ગળું સુકાયું હોય એમ તેમને લાગ્યું. નીચે આઈસક્રીમ બનાવાય છે તેમાંના બરફના ટુકડા લાવીને કોઇ મોંમાં મૂકે તો કેવી મજા આવે એમ તેમને થઈ ગયું. એ વિચારમાંતે વિચારમાં તેમની આંખ ઘેરાઇ.. નિદ્રામાં એમનું મન ભૂતકાળના સ્વૈરવિહારે ચડ્યું.

નાનપણમાં પોતાને આઇસક્રીમ ખાવાનું ખૂબ ગમતું. એ કાળે એ નવી ચીજ હતી, કેશર–કસ્તુરી જેમ શ્રીમંતોને ત્યાં જ વપરાય એમ આઇસક્રીમ પણ તે તે કાળે મોટા કહેવાતા માણસોને ત્યાંજ નજરે ચડે તેવી ચીજ હતી. પ્રાથમિક શાળામાંથી એ ખાવાની પોતાને લત લાગેલી. બા પાસેથી પૈસા લઇ પોતે વારંવાર આઇસક્રીમ ખાતા. આખરે બાપુજીને એની ખબર પડી. આઇસક્રીમ ખાવાથી દાંત સડી જાય છે એમ કહી તેમણે એક ધોલ ઠોકેલી–એ ધોલને કારણે દાંત પડી ગયેલા કે આઇસક્રીમ ખાવાથી—

વિનાયકરાવ તંદ્રામાંથી જાગ્રત થયા. જમણો હાથ ધીરે ધીરે ઊંચકી તેમણે ખાડા પડી ગયેલા પોતાના ગાલ ઉપર ફેરવ્યો. ખરેખર દાંત પડી ગયા છે એ ધ્યાનમાં આવતાં જ તેઓ દિગ્મૂઢ થયા ! નાનપણમાં વાંચેલી એક કવિતા તેમને યાદ આવી. એ કવિતામાં કાળ ભગવાન માનવીને લેવા આવે છે તે પહેલાં અગાઉ ત્રણ સૂચના મોકલે છે એમ લખ્યું હતું. યમદૂતો એને લેવા આવે છે ત્યારે તે તેમને કહે છેઃ ' તમે તમારા આગમનની કોઈ સૂચના તો આપી નથી, એટલું હું નહિ આવું.' સામે જવાબ મળે છે. ' કાને તો તું ઓછું સાંભળે જ છે; આંખે પણ ઝાંખપ આવી છે, અને દાંત તો લગભગ બધા જ

પડી ગયા છે. હવે આથી વધુ તારે બીજી કંઈ સૂચનાઓ જોઈએ ?' . . . .

કાળભગવાન સાથેનો એ વિચિત્ર સંવાદ ભૂલી જવા માટે વિનાયકરાવે મનમાં બીજા વિચારો આણવા માંડયા. ડેપ્યુટી કલેક્ટર નિમાઈને પોતે જળગાંવ ગયેલા તે દિવસ ! સામાજિક પ્રતિષ્ઠા અને માનઅકરામ અંગેની અનેક સ્મૃતિઓ તેમના મનમાં ઉભરાવા લાગી. એક મોટા યુરોપિયન ઓફિસરે પોતાને ખાસ જમવાનું આમંત્રણ આપેલું. તેણે સહકુટુંબ આવવાનું કહેલું પણ પોતે સાવિત્રીને સાથે લઈ ગયેલ નહિ. લઈ જવાય તેમજ નહોતું કેળવાયેલા લોકોની જેડે પ્રતિષ્ઠિત રીતે બેસવાની આવડત કે જ્ઞાન કશું સાવિત્રીમાં નહોતું જીવનસાથી તરીકે એનો પોતાને એ રીતનો કશો લાભ મળ્યો નહોતો. ન્યાયમૂર્તિ રાનડેએ રમાબેનને ભણાવ્યાં તેમ પોતાનો વિચાર પણ સાવિત્રીને ભણાવીને વિદૂષી બનાવવાનો હતો. પણ—પણ સાવિત્રીમાં એ જાતની શક્તિ જ નહોતી ! કોઈ ઊખર જમીનમાં દાણા વાવીએ તેવી રીતે પોતાના સંકલ્પની થઈ. સાસુજી શું કહેશે ? સસરાજીની દેવ-સેવાની તૈયારી કરવાની રહી જશે, નાના દિયેરને કોલેજમાં વખતસર જવાનું છે, આજે વેવાઈને ઘેર જમવા જવાનું છે. એવી અનેક બાબતોમાં તે તલ્લીન બની જતી. સવારે વહેલા ઊઠી ફરવા જવાનો વિચાર કર્યો હોય તો તેમાં પણ તે તૈયાર ન થાય ! યોગ્ય ઉંમરે એને બાળકો થયાં. બાળકોનાં બાળકો પણ એણે જોયાં; એની દૃષ્ટિએ એનો ઘરસંસાર સફળ સુખરૂપ નીવડયો ! પણ પોતાનો સવાલ—નહિ પોતાને સાચે સાચું સંસારસુખ લાધ્યુંજ નથી ! કોલેજમાં ભણતી વેળા પોતાની હોશિયારી જોઈ મોટા ગૃહસ્થે તેમની ભણેલી કન્યા પોતાને બતાવેલી પિતાજીએ પણ તે છોકરી સારી હોવાનો શેરો આપ્યો. છતાં તેની સાથે લગ્ન ન કરી ! એમના મિત્રની કન્યા આ છેક સામાન્ય, જરા શામળ પણ ખરી, એવી અભણ સાવિત્રીનો હાથ પોતાને ઝાલવો પડયો. જીવનભર પોતાને અસંતોષ રહ્યા કર્યો. અને આજે પોતે આમ પથારીવશ છે ત્યારે એ સાવિત્રી લહેરથી કોઈનાં લગ્નમાં મહાલવા ગઈ છે ! પોતે એકલા ! આ દુનિયામાં પોતાનું કોઈ નથી !

નીચે બાબુના જન્મદિવસની ધમાલમાં બધા લોકો મશગૂલ બન્યાં છે. નાની બહેન અને સાવિત્રી કોઈને ત્યાં લગ્નમાં ગયા છે, અને મોટી બહેનને કાલે તાર કર્યો છે તો તે આવી નથી. ખરેખર, આ દુનિયામાં પોતાનું કોઈ કહેતાં કોઈ નથી !

જન્મોત્સવ, લગ્ન, મૃત્યુ, બધું એકી સાથેજ આ દુનિયામાં આવ્યા કરતું હશે ? ત્યારે શું, માનવીનું જીવન પ્રભુએ ઘડી રાખેલું કેવળ એક નાટકજ છે શું ? નાટક ગમે તેટલીવાર જુઓ તોપણ એમાં એના એ બનાવો એજ ક્રમે ફરી ફરી આવ્યા કરે છે. આ સંસારચક્ર પણ શું એવુંજ હશે ? ઘણા—ઘણાય દિવસો પહેલાં પોતાની પહેલી વરસગાંઠ ઉજવાઈ હશે ચાળીસ વર્ષો પહેલાં લગ્ન થયું અને હવે—હવે મૃત્યુ વિના બીજો કોઈ મિત્ર પોતાનો રહ્યો નથી ! આ જીવન પ્રવાસમાં અનેક સાથીઓ આવી મળે છે ખરા; પણ બધા—એકેએક બાળ બચ્ચાં, પાજી, હરામી હોય છે ! એ બધા સુખમાં સાથી બને છે, પણ દુઃખની વેળાએ બધા જ...વિનાયકરાવને એક ન લખાય તેવો અપશબ્દ સાંભર્યો. એ જોરથી ઉચ્ચારવાનું મન પણ થઈ આવ્યું, પણ તુરત એ શબ્દ એકવાર વાપર્યા માટે બાપુજીએ બરાબર લમધારપાક આપેલો તે સાંભરી આવ્યું ડેપ્યુટી કલેક્ટર જેવા સદ્‌ગૃહસ્થના મોંમાં એવી ગાળ ન શોભે એવો વિચાર પણ થઈ આવ્યો અને તે સાથે તેમણે હોઠ જોરથી બંધ કરી દીધા. ફરીવાર મહામહેનતે તેમણે „પડખું' ફેરવ્યું અને તરફ જોયું. આકાશ હજી પહેલાં જેટલું જ અંધારેલું હતું પ્રકાશ પથરવાનાં કોઈ ચિન્હ દેખાતાં નહોતાં. તેમણે આંખો વધારે ફાડીને જોયું આકાશમાં પથરાયેલા કાળા મેઘ કાળમીંઢ ખડકની વાંકીચૂકી શિલાઓ જાણે ચોપાસ વેરાઈ પડી હોય એવા લાગતા હતા. એ ડગમગતી શિલાઓ આમાંથી એકાદ ઊંચકીને જાણે કોઈ તેમની છાતી પર પટકતું હતું બારી બહાર દેખાતું એ દૃશ્ય તેઓ જોઈ ન શક્યા. તેમણે આંખો બંધ કરી દીધી.

×

તેઓ ઝબકીને જાગ્યા ત્યારે મોટીબહેન તેમને બોલાવતી હતી. એ ક્યારે આવી છે તે તેમને સાંભરતું નહોતું. ઘડી પહેલાં મોટાભાઈનો કારકુન તો એમ કહેતો હતો કે મોટી બહેનને આવવાને હજુ ઘણીવાર છે! પણ એ ય તે વકીલનો જ કારકુન ખરો ના! જૂઠું બોલવાનું એને ક્યાં શીખવા જવું પડે એમ હતું?

વિનાયકરાવે સામે જોયું. ખુરશી પર જમાઈરાજ બેઠા હતા. વિનાયકરાવે આંખો ઉઘાડી છે એમ જણાતાં જ તેમણે પૂછ્યું: 'દાદા સાહેબ! હવે સારૂં છે ના? ડૉક્ટર તો કહે છે કે હવે બીવા જેવું કશું નથી!'

વિનાયકરાવ મનમાં મનમાં વિચારી રહ્યા હતા: 'આ મૂરખ આદમીને ફોગટ પોતે છોકરી પરણાવી. શક પૂછે છે, હવે સારૂં છે ના! પણ એ અક્કલના ઓથમીરને ભાન નથી કે મને જો સારૂં હોત તો હું તાર કરીને એને બોલાવત જ શા સારુ?...વળી તેમને થયું કે જમાઈ પર નારાજ થવું નકામું છે. તેમણે પોતાની દૃષ્ટિ મોટીબહેન પ્રત્યે વાળી. જોયું કે મોટીબહેન પગ દાબી રહી છે. પણ એ પગ દાબતી હતી એટલે શું કરતી હતી! પાળેલાં કૂતરાં-બિલાડાંને શરીરે પંપાળીએ તેમ માત્ર પગ ઉપર એ હાથ ફેરવતી હતી! માંદાના પગ કેમ દબાવાય એની જાણે એને ખબર જ ન હોય એમ લાગતું હતું પણ સાચી વાત છે, આજની છોકરીઓને શું આવડે છે? જે જાણતું રાંધી ચાટતી હશે કે કેમ તે ય રામ જાણે! બહુ તો સારાં સારાં કપડાં પહેરે-ફેશનદાર વાળ ઓળે-વાળની બે વેણીઓ કરી પીઠ પાછળ ઝૂલતી રાખે-

તેમણે મોટી બહેન તરફ ઝીણી નજરે જોયું કિંમતી જરીની સાડી તેણે પહેરેલી હતી. વાળમાં ફૂલની વેણી પણ ચડાવી હતી. રેલ્વેની મુસાફરીમાં કપડાં કેટલાં બધાં મેલાં થઈ જાય છે! સાદી સાદી પહેરીને એ આવી હોત તો!—તેમાંય બાપ આટલો બધો માંદો છે એનો તાર મળ્યા છતાં આવી કીમતી શોખિતી સાડી પહેરવાની જરૂર શી હતી!

ફરી તેમણે જમાઈ તરફ જોયું. તે હસે છે એમ તેમને લાગ્યું. ઘણું ખરું પતિપત્નીની વચ્ચે કશી નેત્ર પલ્લવી થઈ હશે! વિનાયકરાવ તે બરોબર દેખી તો ન શક્યા. પણ એટલામાં જમાઈરાજે પોતાની પત્નીને ઉદ્દેશી કહ્યું: 'તારી પાસે એક લવિંગ છે! મને જરા મોળો જીવ થતો હોય એમ લાગે છે...'

કમરે ખોસેલો એક વેંતના માપનો નાનકડો રૂમાલ મોટી બહેને બહાર કાઢ્યો. રૂમાલને છેડે ગાંઠ વાળીને બાંધી રાખેલાં બે ત્રણ લવિંગ એણે છોડ્યાં, અને તેમાંથી એક મોંમાં પકડી જરા ચાવ્યા જેવું કર્યું, અને એ ચાવેલું લવિંગ જ તેણે પતિ તરફ લંબાવ્યું! એની આ વાહિયાત રીતથી વિનાયકરાવને ખૂબ ગુસ્સો ચડ્યો.

એટલામાં મોટીબહેનની મોટી પાંચ વરસની દીકરી માલતી હાથમાં આઈસક્રીમની પ્લેટ લઈને ખાતીખાતી ઉપર આવી. એના હાથમાં શોભી રહેલી એ ગોળ સુરેખ પીળી કાચની પ્લેટ, એમાં રહેલો ગોઠવાયેલો ગુલાબી રંગનો આઈસક્રીમ, માલતીની સ્વાદ લેતાં લેતાં ખાવાની ઢબ...

એ જોતાં જ વિનાયકરાવને મોટીબહેન જેટલો જ એ છોકરી પર પણ ગુસ્સો ચડ્યો. એમને એમ જ થયું કે આખી દુનિયા કૃતઘ્ની બની ગઈ છે. પોતાનાં બધાં બાળકોમાં આ મોટી પોતાને સૌથી વહાલી હતી. એની પથારી પાસે બેસીને એકવાર રાત-દિવસના પોતે અખંડ ઉજાગરા પણ કર્યા હતા. પણ એના મનમાં એ કશાના ઉપકાર વસે છે? બાપ બહુ માંદો છે એટલે ખબર કાઢવા અહીં ઉપર આવી પતિની સાથે જ હસવામાં ને વાતોમાં વળગી! છે કશી લાગણી કે કોઈ જાતની આમન્યા કે બીક? કોઈ અજાણ્યા ને ત્યાં ખબર કાઢવા ગઈ હોય એમ ક્યારની વર્તી રહી છે! અને આ નાનકડી માલી! એ પણ એની મા જેવી જ થવાની! માગ્યાય કરતાં અમનો એને દાદા પ્રત્યે વધુ માયા છે, પણ અત્યારે આઈસક્રીમ ખાતી વખતે દાદા જરાય સાંભરે છે? કોણ જાણે એ ય કેવી નીકળશે!

માલતીના હાથ માંહેની આઈસક્રીમની પ્લેટ તરફ વિનાયકરાવ એકીટસે જોઈ રહ્યા. ભુખાળવા બનીને તાકી રહ્યા. પોતે જાત પરનો કાબૂ ખોઈ બેસશે એમ તેમને લાગ્યું. ડૉક્ટરે બેઠા થવાની પણ મના કરી હોવા છતાં એકદમ ઉભા થઈ માલતીના

હાથમાંથી આઇસક્રીમની પ્લેટ ઝૂંટવી લેવાનું એક વાર તેમને મન થઈ આવ્યું. નાનપણમાં પોતે આમ માટે નાનાં ભાઈ બહેન સાથે અમથા ઝઘડતા હતા.

માલતી તેમના પલંગ પાસે આવી. ચમચો ચાટતા ચાટતાં એણે કહ્યું: 'દાદાજી! આજ બાએ આઈસક્રીમ કર્યો છે. બાબુભાઈનો આજે જન્મ દિવસ છે!'

માલતી તેમના છેક માથા પાસે જઈને કાનમાં કહેવા લાગી: 'બા અને મોટા મામા કહેતા હતા કે તમને આઇસક્રીમ આપવાનો નથી, એક ચમચો ય નથી આપવાનો!'

ચિડાઈ રહેલા વિનાયકરાવનું મગજ સમતોલપણું ગુમાવી બેઠું. ગુસ્સામાં ને ગુસ્સામાં તેમણે મનમાં જ બોલવા માંડ્યું. 'બેટાઓને બધા તાગડધિન્ના કરવા છે તે, મારા ઉપર, પણ એમાંનું કોઈ કહેતાં કોઈ મને કશું પૂછવા પણ આવતું નથી. આઇસક્રીમ તૈયાર થતાં જ મને દેવો જોઈએ.' આ મોટો ભલે જબરો વકીલ થયો, પણ બધાને વહેંચવાની આવડત તો કશી આવી જ નહિ! હા પણ પુરુષોમાં આવડત મોટે ભાગે ન હોય એ ભૂલી ગયો તો ભલે, પણ તો મોટી વહુના ખ્યાલમાં તો એ આવવું જ જોઈતું હતું ના? નહિ નહિ, આ દુનિયા જ આખી ઠગ લોકોથી ભરેલી છે. છે! હું હરતો ફરતો હતો ત્યાં સુધી, હું પાવેડ પૈસા (હસતી આણુનો હતો ત્યાં સુધી મારી આસપાસ ફર્યા કરતાં હતાં પણ આજે પથારી વશ થયો છુ ત્યારે–કેળું ખાધા પછી જેમ તેની છાલ ફેંકી દે, કેળાંની છાલ, શીંગનાં ફોતરાં, કાચની રકાબી પ્યાલા વેચનાર ફેરીયાને આપેલાં ફાટલાં લૂગડાં અટારામાં નાખી દીધેલી કાંઠાફૂટેલી શીશીઓ–આવી ચીજોની તોલે આજે આ બધા લોકો ગણી કાઢે છે! આ રીતે સહુથી તરછોડાયલું જીવતર જીવ્યા કરતાં તો–

મોટાભાઈ ડૉકટર સાથે ઉપર આવ્યા. તેની પાછળ જ મોટી વહુ પણ આવી. વહુ પાસે ટ્રેમાં પાંચ છ આઇસક્રીમ ભરેલી પ્લેટો હતી. તેણે એક પ્લેટ મોટીબહેનને આપી. મોટીબહેને પટ કરતી એ પોતાના પતિ સામે ધરી

તુરત મોટીવહુએ ટહુકો માર્યો: 'મોટી મા! નણદોઈને કાંઈ હું ભૂલી ન જાત હો! એ જુદી જુદી પ્લેટો આપવા કરતાં એક મોટો ગ્લાસ જ કહેતાં હો તો ભરી લાવું! પરણ્યાં ત્યારે નણદોઈને પહેલો બોળિયો આપ્યો હશે તે જોવા હું તો ક્યાં હતી? અત્યારે એ જોવાનું સાંપડતું હોય તો સૌથી સારું!'

મોટીબહેન સહેજ શરમાઈ. સામે જમાઈરાજે પણ સ્મિત કર્યું. મોટાભાઈ ખડખડાટ હસી પડ્યા. ડૉકટરે એ ખડખડાટ હાસ્યને પણ દબાવી દે તેવા હાસ્યથી ઓરડાને ગજવી મૂક્યો.

પણ એ આખો હાસ્યવિનોદનો દેખાવ જોઈ વિનાયકરાવ ખૂબ ચિડાયા.

મોટીવહુએ સહુને આઇસક્રીમની પ્લેટો આપી. મોટાભાઈએ કહ્યું: 'તું પણ લે ને!' બારી પાસે જઈ તેમણે પણ એક પ્લેટ લીધી. હવે વિનાયકરાવ સહી ન શક્યા. તેમણે જોરથી બૂમ પાડી: 'મેના, વહુ! આઇસક્રીમ તો મને પણ ભાવે છે હો!'

પ્રશ્નાર્થરૂપે તેણે ડૉકટર સામે જોયું. આઇસક્રીમનો ચમચો મોંમાં મૂકતાં મૂકતાં ડૉકટરે આંગળી આડી કરી કહ્યું: 'જુઓ, દાદાસાહેબ!

વિનાયકરાવ છેડાઈ પડ્યા. ચિડાઈને બોલી ઊઠ્યા: 'મારે કશું જ જોવું નથી ને સાંભળવું પણ નથી. આઇસક્રીમ ખાવાથી હું મરી જઈશ! એમ જ તમારું કહેવું છે ના! હું કહું છું મારે મરી જ જવું છે. છૂટી જવું છે. તમારી દવાના ડોઝ ને ઈન્જેક્શનની સોયો ખાઈને મરવા કરતાં આઇસક્રીમ ખાઈને મરું તો મને નિરાંત તો થાય!'

માંદગીને કારણે હમણાં પિતાજી વારંવાર ચિડાયા કરે છે તે મોટાભાઈના ખ્યાલમાં હતું; પણ ડૉકટરને પણ તેઓ આવું સંભળાવશે એવો એને સ્વપ્ને ય ખ્યાલ નહોતો. આઇસક્રીમની પ્લેટ બાજુની ટિપાઈ પર મૂકી દઈ તે વિનાયકરાવની નજીક જઈ તેમને કપાળે હાથ પસવારતા પસવારતાં તેણે કહ્યું: 'દાદા!–'

ધ્રૂજતા હાથે વિનાયકરાવે પુત્રના હાથને તરછોડી નાખ્યો. કર્કશ સ્વરે તે બોલી ઊઠ્યા: 'તું શું કહેવા માગે છે તે હું જાણું છું! 'આઇસક્રીમ ન ખાશો; માંદગી વધી જશે, એમ જ તારે કહેવું છે ના! મારે તારી એ સલાહ નથી સાંભળવી. આ ઘરમાં હવે મારું કોઈ નથી, ને હું કોઈનો રહ્યો નથી!'

ગુસ્સામાં તેમણે પડખું વાળી જઈ ભીંત તરફ મોં ફેરવી લીધું. તેમ કરતાં પડખામાં ઊંડે ઊંડે જાણે સોયા ભોંકાતા હોય એવી વેદના થઈ. પણ અત્યારે શારીરિક વેદના કરતા માનસિક યાતનાઓથી તેઓ વધારે પિડાતા હતા. તેમનું માંદું શરીર જાતજાતની હઠ કરતું હતું. શારીરિક વેદનાઓથી ત્રાસી ઊઠેલુ અને એથી વિકૃત બનેલું એમનું મન અણુધારી દિશ માં દોડતું હતું. તેમને એમજ લાગ્યા કરતું હતું કે દુનિયાએ પોતાને છેહ દીધો છે. જીવન પોતાનાં સઘળાં સુખો છીનવાઈ ગયાં છે, પોતાને લૂંટી ખાનારાં સઘળા સ્વજનો પોતાની સામેજ બેસીને પોતાને છોડીને મોજ ઉડાડી રહ્યાં છે. લેર મારી રહ્યાં છે!'

થોડીવાર સુધી ઓરડામાં શાંતિ પથરાઈ રહી. ડૉક્ટરના અવાજે એ શાંતિનો ભંગ કર્યો: 'દાદા સાહેબ! હું આપને ઇન્જેક્શન આપવા માટે આવ્યો છું. એ બોલ્યો એટલે—'

'મારે તમારું ઇન્જેક્શન પણ નથી લેવું ને હવે દવા પણ નથી જોઈતી!'

'પણ...પણ...દાદા સાહેબ! 'ડૉક્ટર થોથવાતો હોય તેમ ધીરે ધીરે બોલ્યા.

'મારે હવે જીવવું જ નથી ડૉક્ટર! મને મારી નાખો તો હુંય છૂટું ને તમે પણ છૂટો!' કહી વિનાયકરાવ આંખો મીંચી ગયા.

કોઈ કશું બોલ્યું નહિ.

ચુપચુપ બધાં ચાલ્યાં ગયાં હોય એમ વિનાયકરાવને લાગ્યું. ધીરે ધીરે તેમનું મન સ્વૈર વિચારે ચડ્યું. પોતે એક જંગલમાંથી જાણે પસાર થતા હતા ત્યાંના હિંસક પશુઓની ત્રાડો સાંભળી પોતે દોડવા માંડ્યું. એટલામાં એક વરુ જાણે પાછળ દોડી રહ્યું છે એ ભય થવાથી પોતે એક ઝાડ પર ચડવાનો પ્રયત્ન કર્યો. ઝાડ કેવું મજેનું હતું! ફૂલોને બદલે તેના પર તારલિયા ચમકી રહ્યા હતા. પણ કેમે કરી એ ઝાડનું થડ બાથમાં આવતું નહોતું. હવે પેલું વરુ જરૂર પોતાને ફાડી ખાશે એવો ભય પેઠો.

એટલામાં જોરથી પવન ફૂંકાવા લાગ્યો—વંટોળ જેવો. એ વંટોળમાં બધાં ઝાડ ઊખડી પડવા લાગ્યાં. વંટોળમાં પોતે ક્યાંઈક ખેંચાઈ રહ્યા છે એટલું જ ભાન રહ્યું. થોડીવારે જોયું તો પોતે એક મોટી ખાઈને કાંઠે ઊંચી શીલા પર ઊભા છે! સામે એક ખડક મોટા સુવર જેવો દેખાતો હતો, એની જબરી દાતરડી જોઈ પોતાને શરીરે રોમાંચ થઈ આવ્યો. પાછા ફરવાનું મન ગયું, પણ પાછળથી જાણે કોઈ જોરજોરથી પોતાને ધકેલી રહ્યું હોય એમ લાગ્યું. ઓ બાપરે! હમણાં પગ છૂટયા ને હમણાં ગબડી પડાશે!—

કોઈ ઊંડી ખીણમાં પડીને પોતાના ભૂકેભૂકા હવે થઈ જશે એમ એમને સતત થયા કરતું હતું. થોડીવારે બીતાં બીતાં આંખો ખોલી તો સામે વિશાળ સાગર પથરાઈ રહ્યાનું દેખાયું. એ દરિયામાં જાણે પોતે ઊંડે ઊંડે ઊતરી રહ્યા હતા. ફરી તેમનું દેહ ભયથી ધ્રુજી ઊઠ્યું. પાણીમાં ડૂબી જઈ ગૂંગળાઈ જવાનો વારો આવશે એમ પોતાને લાગ્યું. પણ પોતે તો સાગરને તળિયે મજેથી જઈ રહ્યા હતા! ત્યાં કોઈએ પોતાને પુષ્કળ છીપલીઓ આપી એક સુંદર મત્સ્ય જાણે ગણગણી 'આ બધી છીપલીઓ મોતીથી ભરેલી છે. જાવ, તમે લઈ જાઓ, જોઈએ તેટલી!' મોટી ફાંટ ભરીને છીપલીઓ ઉપાડી પોતે દરિયાની રેતીમાં આવીને બેઠા. એક પછી છીપલીઓ ખોલવા માંડી. એક-બે-ત્રણ-ચાર-બધી છીપલીઓ ખાલીજ હતી! પેલી મત્સ્ય કન્યા પોતાને છેતરવા માટે તેમને ખૂબ ગુસ્સો ચડ્યો. ઢગલાને પાટુ મારી ફેંદી નાખી પોતે રડવા લાગ્યા......

હવે પોતે એક બગીચામાં આવી પહોંચ્યા. બાગમાં તરેહતરેહનાં ગુલાબો પુષ્કળ ખીલ્યાં હતાં. પટોપટ પોતે ફૂલો ચૂંટવા માંડ્યા. પુષ્કળ ફૂલો તોડી લીધાં. ફૂલો લઈ પોતે બગીચાની બહાર નીકળ્યા. ત્યાં એક પ્રતિમા હતી. તેને એકાદ ફૂલ ચડાવવાને ઇરાદે હાથમાંનાં ફૂલો તરફ નજર ફેરવી પણ ત્યાં તો કેવળ ગુલાબના કાંટા જ હતા! કાંટા હાથમાં વારે વારે ભોંકાતા હતા ફૂલો ક્યાં અદશ્ય થયાં તે સમજી ન શકાયું! ત્યાંથી ઉદાસ ચિત્તે આગળ વધી પોતે એક ગુફામાં પેઠા. અંદર દાખલ થતાં જ ગુફાનું દ્વાર બંધ થઈ ગયું. આખી ગુફા નોટોથી જ ભરેલી હતી. દસની સોની, સેંકડો નોટોના થોકડા ત્યાં પડ્યા હતા. અધીરાઈથી પોતે બધી નોટો

કોટના ખીસામાં ભરવા માંડી થોડી વારે જોયું તો ખીસામાં કેવળ રાખ જ દેખાઈ! પોતે ચિડાયા. ગુસ્સામાં ફરસાણે મુકાયેલા મોટા પથરા પર ધડાકધડ માથું અફાળવા માંડ્યું—

વિનાયકરાવે આંખો ખોલવાની મહેનત કરી; પણ પાંપણ પણ ઊંચી થઈ શકતી નથી એમ લાગ્યું. તેમણે પત્નીને બોલાવવા પ્રયત્ન કરી જોયો પણ એ શબ્દો ગળાની અંદર જ જાણે ફસાઈ રહ્યા!

×

કોઈ જાણે માથામાં હથોડા ઠોકી રહ્યું છે એમ તેમને લાગ્યું સઘળી શક્તિ એકઠી કરી તેમણે એ ધડાકા ગણવાનો મહા પ્રયત્ન કર્યો. બાર—બરાબર બાર ઘા હતા દૂર કોઈ વાત કરી રહ્યું હોવાનો તેમને ભાસ થયો. કોઈ બોલતું હતું: 'સાંભળ્યું? બાર વાગ્યા છે.' એ બોલનાર કોણ છે એ જાણવાની તીવ્ર ઇચ્છા તેમના મનમાં જાગ્રત થઈ. પણ તેમની સઘળી ગાત્રો શિથિલ બની ગયાં હતાં; તેઓ બોલી શકતા નહોતા, કશી હલચલ પણ કરી શકતા નહોતા.

કોઈએ તેમના પગ પર હાથ ફેરવ્યો, પછી એ હાથ છાતી પર આણ્યો. આછા થતા જતા વાળના ટાલવાળા કપાળ ઉપર કોઈની ઠંડી આંગળીઓ ફરતી હોય એમ લાગ્યું સ્પર્શની સંવેદના તેઓ જાણી શકતા હતા પણ આંખો ખોલી શકાતી નહોતી, હાથપગ જરા ય ફેરવી શકાતા નહોતા. તેઓ જેમના તેમ શાંત પડી રહ્યા. કોઈએ તેમને હઢોળવાની—હલાવવાની શરૂઆત કરી. પહેલાં જરા ધીમેધીમે અને પછી સહેજ જોરથી. માનવીને ઉઠાવી જતા પહેલાં યમરાજ આ કરે છે શું? તેમણે વિચાર કરવાનો પ્રયત્ન કર્યો ઊંચે ઊંચે ઊડીને કોઈ ઝાડમાં અટવાઈને ફાટી ગયેલા પતંગ સરખી પોતાના મનની સ્થિતિ થયાનું એમને લાગ્યું. તેમનું મગજ જાણે બહેર મારી ગયું હતું. તેમને કશું સાંભરતું નહોતું. કશો વિચાર સૂઝતો નહોતો. કોઈ તેમના કાન પાસે ધીમે ધીમે ગણગણ્યું હતું: 'સાંભળ્યું? જરાક તો બોલો? મારા પર ગુસ્સે થયા છો શું? માફ કરો, હું ભૂલી. કાંઈક તો બોલો?'

કોણ આમ બોલે છે તે તેમને બરાબર સમજાતું નહોતું. એકાએક બદલાયેલ સ્વરમાં ડૂસકાં ભરતાં ચિત્કાર થતો તેમણે સાંભળ્યો. તે સાથે તેમના કપાળ અને ડાબા કપોલ ઉપર ઊનાં ઊનાં આંસુઓ ટપકવા માંડ્યાં. તુરત જ કોઈએ અસહાય બનીને જાણે પોતાને ખભે માથું ટેકવ્યું હોય એમ તેમને લાગ્યું. એ ઊનાં આંસુઓ ડામ દેતા દેતાં જાણે ઊંડે ઊંડે ઊતરી ગયાં. મૂઢ દશામાં જઈ પહોંચેલું વિનાયકરાવનું મન એ ઊના ઊના ડામની સંવેદનાથી જાણે એકદમ જાગ્રત થઈ ઊઠ્યું. મહામહેનત કરી તેમણે આંખો ખોલી નાખી. ઓરડામાં ઝાંખો ભૂરો પ્રકાશ પથરાયેલો હતો. એ મંદ પ્રકાશમાં તેઓ પાસેની એ વ્યક્તિને બરાબર પિછાની ન શક્યા. છતાં સજાણપણે તેમના મોંમાંથી ઉદ્ગાર નીકળી પડ્યો: 'સાવિત્રી!'

અસહાય દશામાં ખભે ટેકવાયેલું એ મસ્તક એકાએક ઊંચકાયું. તેમણે ધ્યાન દઈ તે મુખ નિહાળ્યું. પોતાની સામે તાકીને જોનારી વ્યક્તિ સાવિત્રી જ હતી. એ બોલતી નહોતી. પણ એની હમણાં હમણાં તેજહીન લાગતી આંખોમાં અત્યારે કોઈ અજબ આનંદ ઉભરાતો હોય એમ તેઓ જોઈ શક્યા. વિનાયકરાવના મનમાં એવો પણ વિચાર આવ્યો કે સાવિત્રીની એ આંખો જોતાં કોઈ તેને વનમાં પહોંચેલી પ્રૌઢા તો ન જ ધારે! આવી આનંદથી ઉભરાતી તેની આંખો પોતે અગાઉ ક્યે ક્યે વખતે જોઈ હતી તે તેમણે સંભારવા માંડ્યું. પોતે એલ. એલ. બી. ની પરીક્ષામાં પહેલા વર્ગમાં પાસ થયેલા તેનો તાર ઘરમાં કોઈએ ફોડ્યો હતો. 'પેંડા લાવો પેંડા લાવો!' કહી સઘળાં ભાઈબહેન વીંટળાઈ વળેલાં. બા, બાપુજી સહુ પોતા તરફ ગર્વભરી નજરે જોતાં હતાં. પણ તે વેળા સાવિત્રી કુલીનવધૂને શોભે તે રીતે મર્યાદાપૂર્વક ઓરડાની અંદરની બાજુએ બારસાખને અઢેલીને ઊભી હતી તેણે એકાએક પોતા તરફ જોયું. તેજ વખતે પોતાની નજર પણ તેના તરફ ગઈ! એ દૃષ્ટિમાં ચમકી રહેલાં એ તેજ...

તે પછીના બીજા પ્રસંગ પાસે વિનાયકરાવની

સ્મૃતિમાલિકા અટકી પડી. સાવિત્રીને પૂરા દિવસ જતા હતા. સુવાવડ સાસરીમાં જ કરવાનું નક્કી થયું થયું હતું. મા બાપને પૌત્ર જોઇતો હતો, પણ કોઇ જ્યોતિષીએ જન્માક્ષરમાં પોતાને પહેલી પુત્રી જ થશે એમ લખી રાખ્યું હતું. સાવિત્રીને એ ભવિષ્ય સાચું પડશે એમ થયા કરતું હતું; અને એ કારણે તે ઉદાસ પણ રહ્યા કરતી હતી. આખરે એણે પુત્રને જન્મ આપ્યો સુવાવડીના ઓરડામાં પોતે પ્રવેશ કર્યો ત્યારે તેને ખૂબ ગ્લાનિ આવેલી હતી; છૂટાછેડા થતી વેળા એને ભારે યાતના થઇ હતી. પણ પોતે નજરે પડતા સાવિત્રીની આંખોમાં ઊછળી રહેલી એ આનંદ ઊર્મિઓ—

પોતાને બઢતી મળી અને ડેપ્યુટી કલેક્ટરનો હુકમ આવ્યો તે વેળા તો આખો દહાડો એની આંખો હસું હસુંજ થયા કરતી હતી–

'આમ મારી સામે તાકી શું રહ્યા છો ?' સાવિત્રીએ આખરે કહ્યું.

'સાંજ સુધી તને આમ ધારી ધારીને જોઇ નહોતી તેથી આજે જોઇ લઉં છું.' વિનાયકરાવે આછું સ્મિત કરતાં જવાબ આપ્યો

'છિ ! છિ ! કોઇ સાંભળે તો શું ધારે ? ઘડી પહેલાં ઘરમાં બધા માણસોના હોંશકોશ ઉડી ગયા હતા ! મોટા ભાઇ, મોટી વહુ, નાની બહેન, મોટી બહેન, જમાઇરાજ, બધાં અહીં તમારી પાસેજ જાગતાં બેઠાં હતાં. !'

'બધાં જ ?'

'હા ! પછી મેં જ ડૉક્ટરને આણવાનું સૂચવ્યું. એમણે આવીને જ્યારે કહ્યું કે બીવા જેવું કશું નથી ત્યારે જ અમારા સહુના જીવનમાં જીવ આવ્યો પછી સહુને જઇને સૂઇ જવાનું મેં જ કહ્યું.

વિનાયકરાવે ફરી સાવિત્રીના શરીર પર નજર ફેરવી લીધી. લગ્નમાં જવા માટે પહેરેલી સાડી હજી તેણે બદલી નહોતી; તે સીધી આવીને પોતાની પાસે જ બેસી ગઇ હોવાથી તેમની ખાતરી થઇ. એમણે પુછ્યું 'તું હજુ જતી નથી ?'

'ભૂખ જ નહોતી લાગી આજના જન્મ દિવસ નિમિત્તે આઇસક્રીમ બનાવ્યો હતો ને મોટી વહુએ ખાસ મારા માટે પ્લેટ પણ આણી આપી, પણ તેવ એમને એમજ પડી છે. દુશ્મન પણ ન કરે તેવા વિચારો મનમાં આવ્યા જ કરતા હતા !'

સાવિત્રીબહેને વિનાયકરાવને ગળે હાથ લગાડી જોયો. જરા જરા પરસેવો આવવાની શરૂઆત થઈ હતી. તેમણે કહ્યું : 'ડૉક્ટર ઘડી પહેલાંજ કહેતા ગયા છે કે પરસેવો છૂટશે તેમણે જો હિંમત ન આપી હોત—'

નાજુકાઇથી સાવિત્રીબહેને પરસેવો લૂછવાની શરૂઆત કરી. ફરીવાર વિનાયકરાવ તેની સામે તાકી રહ્યા. બારીમાં આઇસક્રીમ ભરેલી પ્લેટ હજુ જેમની તેમ પડી હતી–તેનું હવે પાણી થઇ ગયું હતું. સાવિત્રીએ તેને હાથ પણ અડાડયો નહોતો. અને એ જ આઇસક્રીમ માટે બપોરે પોતે–એ વેળા સાંજે પોતાને પોતાને શું થઇ ગયું હતું ? પંડમાં કોઇ ભૂત ભરાયું હતું શું ?

ઘરના એકેએ માણસ પર પોતે ચિડાઇ ગયા હતા, ગુસ્સે થયા હતા; ડૉક્ટરને તો ન કહેવાનાં વચનો પણ સંભળાવ્યા હતાં ! ખરેખર, એ વેળા પોતાને શું થયું હતું ?

સાવિત્રીબહેન હાથમાં રૂમાલ રાખી તેમની નજીક બેઠાં હતાં. સહેજ સુકાઇ ગયેલા, જરા શામળવર્ણા કરચલીભર્યા એ ચહેરા પર નજર પડતાં જ વિનાયકરાવને પોતાના ઘરસંસારનાં છેલ્લાં પાંત્રીસ વરસનું સ્મરણ થઇ આવ્યું. સાવિત્રી સુંદર નથી એ કારણે જ શરૂઆતમાં પોતાનું તેની સાથેનું વર્તન ઉંક ઉદાસીનતાભર્યું હતું. પણ તેણે તો પહેલા જ દિવસથી પોતા પ્રત્યે ઉત્કટ પ્રેમ દાખવ્યો હતો. દૂધમાં ખાંડ ભળી જાય એમ તે કુટુંબમાં ભળી ગઇ–સમાઇ ગઇ. પણ પોતે તો પાણી પર તેલનું ટીપું પથરાય પણ ઉપર જ તર્યા કરે તેમ તેની સાથે વર્ત્યા કર્યું. પાસે હોવા છતાં દૂર દૂર, એક હોવા છતાં ભિન્ન ભિન્ન રહ્યા કરેલું. બાપુજીને પક્ષપાત થઇ તે પથારીવશ થયા હતા, તે વેળા તેમની સઘળી સેવાચાકરી આ સાવિત્રીએ જ કરી હતી ! બાપુજી ચિડાતા, ગુસ્સે થતા, ગમે તેમ સંભળાવતા; પણ સાવિત્રી કદી કંટાળી

નહોતી, તેણે કદી સામે વેણુ કાઢ્યુ નહોતું, કદી એમની શુશ્રૂષામાં ખામી પડવા દીધી નહોતી! બાળકોની માંદગીમાં, કૌટુંબિક મુશ્કેલીમાં, સંસારના તડકા છાયા દરમિયાન એણે કદી પોતાના પ્રાણની પણ પરવા કરી નહોતી! પોતે માત્ર–

વિનાયકરાવે ફરી સાવિત્રી તરફ ધ્યાનપૂર્વક જોયું. તેમના મનમાં એક એવો પણ વિચાર પસાર થયો કે મંદિરમાં દેવની પ્રતિમા જુવાન વયની બનાવનારા લોકોને જીવનનું રહસ્ય જ હાથ લાગ્યું નહિ હોય, જેના માથામાં રૂપાખડ્યા રૂપેરી વાળ દેખા દેવા માંડ્યા, જેની આંખો ફરતાં મહેનત અને ચિંતાને કારણે સહેજ શામળવર્ણાં વર્તુળો દેખા દેતાં થયાં છે, એવી પ્રતિમા જ–

પશ્ચાત્તાપથી ધોવાઈ રહેલું એમનું મન વિચાર કરતું હતું: જીવન પ્રવાસમાં બે તરેહના માનવીઓ સાંપડે છે. એક તરેહના માનવો રસ્તે આવતા કાંટાનાં સઘળાં શલ્યો જીંદગી સુધી સંભારી-સાચવી જ રાખે છે; પોતાનાં જ સુખોમાં એમનું દિલ સદૈવ રમમાણ થતું હોય છે. જે સાંપડ્યું તેથી આનંદ માની લઈ મજા ઉડાવવાને બદલે જે નથી જડ્યું તે વિષે દુઃખ માન્યા કરવામાં જ તેઓ મશગૂલ રહે છે પોતે આ જાતમાં ગણાય! સાઠમારી માટે તૈયાર કરાતા આખલા પેઠે પોતાનો અહંકાર વધતો આવ્યો. નિશાળમાં કાયમ પહેલો નંબર–પરીક્ષામાં પાસ થતાં જ સરસ મજેની સરકારી નોકરી–અધિકારને કારણે મળેલી સત્તા અને સંપત્તિ–એ અહંકારના પાપમાં જ પોતાની સઘળી અતૃપ્તિનું મૂળ રહેલું છે. અતૃપ્ત માનવીના દિલમાં જ અપૂર્ણતાનાં શલ્યો ભાલાની અણીની પેઠે ખૂંચ્યા કરે છે. સાંજના મૃત્યુના ભયથી ગભરાઈ ગાંડા બની પોતે બાલ્ય અને યૌવનકાળ પ્રત્યેની ક્ષુદ્ર અદેખાઈનું જ દર્શન કરાવેલું! એ કાળની સ્વાભાવિક રમતિયાળ –આનંદી વૃત્તિ પ્રત્યે પોતે વિનાકારણ ક્રોધ દાખવેલો!

સાવિત્રીબહેને પૂછ્યું; 'જરાક ગરમ ગરમ કોફી કરી લાવું?'

તેનો હાથ પોતાના હાથમાં લેતાં વિનાયકરાવે કહ્યું: 'કશું નથી લાવવું હવે. બસ, આમ ને આમ મારી પાસે બેસીજ રહે!

સાવિત્રીબહેને માત્ર હાસ્યથી જ જવાબ વાળ્યો.

એ હાસ્ય જોઈ વિનાયકરાવ પોતાના મન સાથેજ વિચાર કરવા લાગ્યા. સાવિત્રીની ગણના માનવીની અન્ય કોટિમાં કરવી જોઈએ. એવાં માનવીઓ પગમાં ભોંકાતા કાંટા ખેંચી કાઢી બાજુએ ફગાવી દઈ હમને મોઢે આગળ વધે છે. સુખેથી સાંપડતો જારબાજરીનો રોટલો તેઓ મેવામીઠાઈ ગણી આરોગે છે. દેવ થવા કરતાં ભક્ત બનવામાં તેમને વધારે મજા આવે છે. બીજાના પ્રેમનો પોતે ઉપભોગ કરવા કરવા કરતાં અન્ય પ્રત્યે પ્રેમ દાખવવામાં વધારે સુખ રહ્યું છે એમ તેઓ માને છે તેથી વધારે તેઓ કશું જ માગતા નથી, અને એ કારણે તેઓ કદી પોતાના હૃદયની સમતુલા પણ ખોઈ બેસતાં નથી.'

કપાળમાં પરસેવો આવ્યાનું જણાતાં વિનાયકરાવે હાથ ઊંચા કર્યા એ પરસેવો લૂછી લેતાં સાવિત્રી બહેન નીચાં નમ્યાં. તેમને લાગ્યું કે પતિની આંખો સહેજ ભીની થઈ છે. તે તરફ ધ્યાન જતાં તેમણે કહ્યું: 'શું આમ ગાંડા જેવું કરતા હશો!'

વિનાયકરાવે હસીને જવાબ વાળ્યો: 'સાચી વાત છે સાવિત્રી! સાંજના મને સહેજ ગાંડપણ થઈ આવેલું, પણ અત્યારે તો પૂરો ડાહ્યો થઈ ગયો છું.'

વિનાયકરાવે કહ્યું: 'મને ઘામ છૂટે છે તે તું નથી જાણતી? આખોયે—પણ પરસેવો જ આવ્યો છે!'

પાલવ વડે જ આંસુ લૂછી લેતા સાવિત્રી બહેને જવાબ આપ્યો.

પણ આમ કરવાનું હોય! ડૉક્ટરે સવારે જ કહ્યું હતું હવે કશો ભય રહ્યો નથી. મને લાગે ય છે કે જાણે નવો અવતાર જ મળ્યો છે!'

'નવો અવતાર!' જાણે પોતના મન સાથે જ વાત કરતા હોય એમ વિનાયકરાવ ગણગણ્યા.

* * * *

તુરત સાવિત્રી બહેન તરફ વળી વમણે કહ્યુ. 'સાચી વાત છે, મારો આ નવો જ અવતાર થયો ગણાય! પણ એનો જશ ડૉક્ટરને નથી, સપનો તને જ મળે છે!'

સાવિત્રીબહેનના મોં પર પર શરમના શેરડા છૂટયા. જાણે પોતે નવપરિણીત નવવધૂ ન હોય!

પડખું ફેરવી વિનાયકરાવે બારી બહાર નજર ફેંકી. આકાશમાંહેનાં પર્વતકાય મોટા કાળા મેઘ હવે સાવ અદૃશ્ય થઈ ગયા હતા. બહાર હજુ ઘોર અંધારું પથરાયેલું હતું; પણ અંધાકારના એ વિશાલ વૃક્ષ ઉપર તારામણીરૂપી અનેક નાનાંનાનાં શ્વેત પક્ષીઓ કિલકિલાટ મચાવી રહ્યાં હતાં!

★

(૨૪ પાનથી ચાલુ)

ચલાવવું ઠીક ન કહેવાય માની 'બસ' કહેતાં હું ઊભો થયો. બધા ઊભા થયા.

લોભને થોભ ન હોય તેમ મેં કહ્યું: 'એક સવાલ પૂછી લઉં?'

ગુરુજીનું મોં મલક્યું. સંમતિ મળી ગઈ હોય તેમ મેં પૂછ્યું: 'હાલમાં આપ શી પ્રવૃત્તિ કરો છો?'

ગુરુજી–'દોઢ વર્ષથી મુંબઈ રહું છું. ૧૫મી ઑગસ્ટ ૧૯૪૮ થી 'સાધના' સાપ્તાહિક શરૂ કરી ચલાવું છું. કલા અને સમાજવાદનો એ દ્વારા પ્રચાર કરું છું. ઘણો સમય એમાં જાય છે. શનિ–રવિ બે દિવસો છૂટો થઈને બહાર જઈ શકું છું.'

જય જય કરીને એમ વિદાય થયા. એ વંદન વખતે ય ગુરુજીના મોં ઉપર જાણે એમને મળીને અમે ઉપકાર કર્યો હોય તેવો ભાવ હતો!

બંગલાની બહાર નીકળતાં મેં ઈશ્વરભાઈને કહ્યું: 'ગુરુજીની આ મુલાકાત ઘણી ટૂંકી કહેવાય. આટલાથી સંતોષ થયો નથી. મુંબઈ જવાનું થાય ત્યારે બીજી મુલાકાત લેવી અને તે પછી 'રેખા'માં મૂકવી.'

ઈશ્વરભાઈ: 'એમ ઠીક લાગે તો એ પ્રમાણે રાખો.

હું: 'અઠવાડીયાના પાંચ દિવસ ગુરુજી મુંબઈ હોય છે એટલે મુલાકાત મેળવવી મુશ્કેલ નહિ પડે. વળી એમને મળવા જતાં અચાનક રસ્તામાં સૂઝ્યું એક પંથ દો કાજ કરવા ગયા, એટલે હાલ તો એક પંથ ને એક કાજ રહે.'

આમ એમની લીધેલી મુલાકાત જીવનમાં પહેલી અને છેલ્લી બની રહેશે એવો તો તે વખતે સ્વપ્ને ખ્યાલ પણ ન હતો. એકાવનમું વરસ એમને બેઠું હતું, છતાં ૪૦–૪૨ વર્ષની ઉંમર દેખાતી હતી. આજીવન બ્રહ્મચારી નિષ્કામ ભાવી સેવક, આટલી નાની ઉંમરમાં, દેશને જ્યારે એવા પુરુષોની વધુને વધુ જરૂર હોય ત્યારે ચાલ્યા જશે એમ કલ્પના આવવાનું પણ શું કારણ?

પરંતુ અમુક માણસો એવા હોય છે કે બીજાઓ જે કામ વર્ષોમાં કરે તે એ મહિનામાં કરે, જે મહિનામાં કરે તે એ દિવસમાં કરે,–જે દિવસમાં કરે તે એ કલાકમાં કરે. આ રીતે ગુરુજીએ આટલી ઉંમરમાં જે કામ કર્યું છે તે ઘણું કર્યું છે. અને એ રીતે એ ઘણું જીવ્યા છે એમ કહી શકાય. વળી એક અદના સેવક તરીકે એમણે છેલ્લી ઘડી સુધી સેવા જ કરી છે, બીજા પાસે માંદગી નિમિત્તે સેવા લેવા માટે પણ એ રોકાયા નથી! જાણે આપણને બધાને ભુલભુલામણીમાં રાખીને ચાલ્યા ન ગયા હોય. એક સવારે છાપામાં સમાચાર આવે છે કે ગુરુજીની માંદગીના કારણે સર્વને ચિંતા થાય છે. ત્યાં બીજા સમાચાર આવે છે કે એ તો ગયા!

ગુરુજીને જીવતાં ય આવડ્યું તેમ મરતાં ય આવડ્યું. એમના આત્માને પ્રભુ શાંતિ આપે એવી આપણે પ્રાર્થના ભલે કરીએ, બાકી પ્રભુ પાસે એ આત્માને શાંતિ મેળવવાનો હક છે જ.

★

ગુજરાતી સાહિત્યનાં
નવાં સુંદર પ્રકાશનો

દિવાસ્વપ્ન — ગિજુભાઈ
બાળકોના જીવનમાં નવશિક્ષણ દ્વારા ક્રાંતિકારી અખતરાની કથા
કિં. ૧-૮-૦ પો. ૦-૬-૦

પ્રાથમિક શાળામાં ભાષા શિક્ષણ
ગિજુભાઈ અહીં શિક્ષણશાસ્ત્રીની રીતે ઉક્ત વિષયની ગંભીર ચર્ચા કરે છે.
કિં. ૨-૦-૦ પો. ૦-૭-૦

ચાર મોરચાની કેળવણી — દામુભાઈ શુક્લ
સ્કૂલોમાં ચાલતી અપંગ કેળવણી સામે ધરાયેલી નવી લાલબત્તી
કિં. ૧-૪-૦ પો. ૦-૬-૦

સોમનાથ — રત્નમણિરાવ
ગુજરાતની જગપ્રસિદ્ધ તીર્થભૂમિનો સુંદર સચિત્ર પરિચય : ઇતિહાસમાંથી
કિં. ૪-૦-૦ પો. ૦-૮-૦

ગઈ ગુજરી — જયભિખ્ખુ
જવાંમર્દ શ્રેણીની આ વાર્તામાં એક નવો રસપ્રવાસ રેલાવ્યો છે.
કિં. ૧-૮-૦ પો. ૦-૬-૦

પ્રતિપદા — ગોવિન્દ સ્વામી
માત્ર ઓગણીસ વર્ષની ઉંમરે રચાયેલી કલાત્મક ને સંવેદનશીલ કાવ્યકૃતિ
કિં. ૨-૮-૦ પો. ૦-૮-૦

ઉન્મેશ — ઈન્દુલાલ ગાંધી
એકસો ચાલીસ કાવ્યોનો ને ગીતોનો ભાવવાહી સંગ્રહ
કિં. ૩-૦-૦ પો. ૦-૮-૦

ભગવાન પરશુરામ — ક. મુનશી
ગુજરાતી સાહિત્યની ભવ્ય-ઉદાત્ત પૌરાણિક નવલકથા
કિં. ૫-૮-૦ પો. ૦-૧૦-૦

લોમહર્ષિણી — ક. મુનશી
ભગવાન પરશુરામનાં વીર પત્ની લોમાદેવીના જીવનને રજૂ કરતી નવલ
કિં. ૪-૦-૦ પો. ૦-૮-૦

જીવનમાંથી જડેલી — લીલાવતી મુનશી
સામાજિક તેમજ બીજી હૃદયંગમ વાર્તાઓનો ઘણા વખતથી અપ્રાપ્ય સંગ્રહ
કિં. ૫-૦-૦ પોસ્ટેજ ૦-૮-૦

ઇતિહાસ સંમેલન નિબંધ સંગ્રહ
ગુજરાતી વિષેની ઐતિહાસિક સામગ્રીથી ભર્યા વિદ્વત્તા પૂર્ણ નિબંધો ને લેખો:
કિં. ૪-૮-૦ પો ૦-૮-૦

ડૉ. મધુરિકા — ક. મુનશી
સાગર મુવીટોન માટે લખાયેલી ફિલ્મ કથા પરથી રચાયેલું સુંદર નાટક
કિં. ૧-૪-૦ પોસ્ટેજ ૦-૬-૦

પ્રાથમિક શિક્ષણ — સોમાભાઈ પટેલ
કિં. ૧-૮-૦

મોટી બહેન : ગિજુભાઈ કિં. ૧-૪-૦

ત્રણ જીવનચરિત્રો
૧ ડૉ. રાજેન્દ્રબાબુ અંબેલાલ જોષી રૂા. ૪-૮-૦
૨ રાષ્ટ્રવલ્લભ સરદાર વલ્લભભાઈ „ રૂા ૩-૦-૦
૩ મહાદેવ હરિભાઈ દેસાઈ રૂા. ૨-૦-૦

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય : ગાંધીરસ્તો : અમદાવાદ

ગુજરાતી સાહિત્યનો નવો ગ્રન્થ-ફાલ

નવી નવલકથાઓ

રાજર્ષિ કુમારપાળ — ધૂમકેતુ
ચૌલુક્ય નવલ ગ્રંથાવલીનું નવું પુસ્તક
કિંમત : ૪-૮-૦ — પો. ૮ આના

ગુર્જરેશ્વર (કુમારપાળ) — ધૂમકેતુ
ચૌલુક્ય નવલગ્રંથાવલિનું નવું પુષ્પ—નવી સૌરભ સાથે
કિંમત: ૪-૮-૦ — પો. ૮ આના

પૃથ્વીશ: — ધૂમકેતુ
રાજા તે યોગી : ને યોગી તે રાજાની નવી ફિલસૂફી રજૂ થાય છે,
કિં. : ૩-૮-૦ — પો. ૮ આના

ભાઇબીજ — ધી. ધ. શાહ
છાત્રાલયનાં સળગતા ને મૂંઝવતા પ્રશ્નોની રસભરી નવલ
કિં. : ૪-૦-૦ — પો. ૮ આના

સરિતાથી સાગર: — શિ. પ્રા. શુકલ
પૂ. બાપુજીએ કરેલી દાંડી કુચની રસ, રમૂજ ને માહિતી ભરી નવલ
કિં. : ૪-૦-૦ — પો. ૮ આના

મત્સ્ય ગલાગલ — જયભિખ્ખુ
અંતરની વેદના વ્યક્ત કરતી અને આજના પ્રશ્નોને ચર્ચતી નવી નવલકથા
કિંમત : ૪-૮-૦ — પો. ૮ આના

ભાગ્યનિર્માણ — જયભિખ્ખુ
બિન સાંપ્રદાયિક શાસનની તવારીખ રજૂ કરતી પ્રેરણાદર્શભરી નવલ
કિં. : ૩-૪-૦ — પો. ૮ આના

માશી-ભાણેજ — ચં. દલાલ
પ્રણય ત્રિકોણની નવલ, જેમાં ત્રિકોણ રચાતો નથી : છતાં રમ્ય તો લાગે છે
કિં : ૩-૦-૦ — પો. ૮ આના

ભગવાન મલ્લિનાથ — જયભિખ્ખુ
ધર્મ અને જીવનમાં ક્રાંતિ કરે તેવી વાતોનો સંગ્રહ
કિં. ૨-૮-૦ — પો. ૭ આના

મુન્શીના નવાં પુસ્તકો

★

પૌરાણિક નાટકો — ક. મા. મુન્શી
કિં. ૩-૮-૦ — પો. ૮ આના

સામાજિક નાટકો — ક. મા. મુનશી
કિં. ૩-૮-૦ — પો. ૭ આના

કાલિદાસનાં નાટકો : — કે. કા શાસ્રી
ગુજરાતી અવતાર ધરતાં કવિવરનાં સુંદર નાટકો
કિં. : ૪-૮-૦ — પો. ૧૦ આના

ઊંડા અંધારેથી : — મેકિસમ ગોર્કી
જન સામાન્યમાં જીવતાં પાત્રોની સંવેદનાત્મક ભજવી શકાય તેવી કૃતિ
કિં : ૨-૮-૦ — પો. ૮ આના

મુદ્રારાક્ષસ — કે. કા શાસ્રી
કવિ વિશાખદત્ત કૃત રાજકીય મહત્ત્વનું જૂનું નાટક : ગુજરાતી ભાષામાં
કિં. : ૨-૮-૦

રણછોડલાલ ને બીજાં નાટકો
પાંચ નાટકોનું સુંદર ગુચ્છ જેમાંના સફળ રીતે ભજવાયાં છે.
કિં. : ૨-૮-૦ — પો ૮ આના

ધૂમકેતુના નવાં પ્રકાશનો

જીવનપંથ : જીવનના રોમાંચક સ્મરણોની કથા
રૂ. ૪-૮-૦

લોકરામાયણ : નવી શૈલી અને ચોક્કસ દષ્ટિથી લખાયેલ કથા
કિંમત ૧-૮-૦

અનામિકા નવો વાર્તાસંગ્રહ કિં. : ૩-૦-૦

મારે વતન — જયભિખ્ખુ
શૌર્યના પરાક્રમની અદ્દભુત વાર્તાઓનો નવો સંગ્રહ
કિંમત : ૩-૮-૦ — પો. ૮ આના

ગુર્જર ગ્રન્થરત્ન કાર્યાલય : ગાંધીરસ્તો : અમદાવાદ

ઓપરેશન પછી

કોઈ અકસ્માત કે એવા જ બીજા કારણથી તમારા વાળ કદાચ ખરી પડતા હોય છે, પણ એવા કારણો સિવાય પણ રોજની અશક્તિ, રોગો અને સુવાવડ જેવાં કારણે પણ વાળ ઉતરી જતા હોય છે કે ટૂંકા થઈ જતા હોય છે ક્યારેક ટાલ પણ પડી જાય છે.

તો એ ટાલ પર વાળ ઉગાડીને કેશવર્ધીનીથી વાળ ખરી પડતા અટકાવતા કેમ નથી? વાળ ખરી જાય તે અનિષ્ટ છે પણ એ અનિવાર્ય અનિષ્ટ તો નથી જ, કારણ કે કેશવર્ધીનીથી તમે તમારા વાળને માંદગી દરમ્યાન ખરતા અટકાવી શકો

કેશવર્ધીનીથી આજે જ સુંદર વાળ ઉગાડો

તે વાળને સાચવે છે...વધારે છે..ને સુદર બનાવે છે.

કેશવર્ધીની ૦-૧૪-૦ ચૌદ આના

કેશવર્ધીની શેમ્પુ ૦-૧૪-૦ ચૌદ આના

પોસ્ટેજ અને પેકીંગ અલગ લેવામા આવશે

દરેક વેપારી વેચે છે અગર

સાઉથ ઇન્ડિયા કેમીકલ્સ, કોઇમ્બતુર (સાઉથ ઇન્ડિયા).

મુંબઈ અને સેન્ટ્રલ ઈન્ડીઆના એજન્ટ

મેસર્સ નેશનલ સેઈલ્સ એન્ડ સરવિસ લિ૦, ૧૭, રેમપાર્ટ રોડ કોટ, મુંબઇ ૧

સ્ટોકીસ્ટ —કંચનલાલ વાડીલાલની કું
પ્રીન્સેસ સ્ટ્રીટ મંગળદાસ રોડ મુંબઈ ૨

રોજબરોજના જીવન ધબકાર રજૂ કરતું માસિક

વાર્ષિક લવાજમ ભેટ પુસ્તક સાથે રૂ. ૭,
પરદેશમાં શિલીંગ બાર

અસરકાર

ચોખ્ખાઈ માટે

ANNE FRENCH

ક્લીનસીંગ મિલ્ક

એને ફ્રેંચ ક્લીનસીંગ મિલ્ક શરીરના છિદ્રોમાં જ્યાં સાબુ, ક્રીમ અને પાણી નથી પહોંચી શકતાં ત્યાં આ ઊંડે સુધી પહોંચે છે. આધુનિક સ્ત્રી બરાબર જાણે છે કે સુંદર, સુંવાળી ચામડીથી જ સૌંદર્ય વિકસે છે. તેઓ એ પણ જાણે છે કે આથી વધુ સારૂં અને અસરકારક કોઈપણ ક્લીનસીંગ મિલ્ક નથી. એને ફ્રેંચ ક્લીનસીંગ મિલ્ક ચામડી ઉપરના ડાઘ, કાળા ચાઠા વગેરે દૂર કરે છે. રોજ એનો ઉપયોગ કરીને તમારી ચામડીને સુંદર, આકર્ષક અને સૌંદર્યવાન રાખો.

એને ફ્રેંચ ક્લીનસીંગ મિલ્ક કેમ વાપરશો



ચામડીને અસરકારક રીતે સાફ કરે છે. રૂના પુમડાને એને ફ્રેંચ ક્લીનસીંગ મિલ્કમાં બોળીને લગાવો.

વધારાનું ક્લીનસીંગ મિલ્ક કોમળ રૂના પૂમડાથી દૂર કરો.

જ્યારે તમારી ચામડીને સ્ફુર્તિની જરૂર પડે ત્યારે તમે આ મિલ્ક વાપરશો અને તમને નવીન અનુભવ થશે.

ANNE FRENCH

બધા સારા સ્ટોર્સમાંથી મળશે.
ક્લીનસીંગ મિલ્ક

ઇન્ડીઆના એકલા પ્રતિનિધી

જ્યોફ્રે મેનર્સ એન્ડ કું. લિમિટેડ, મુંબઈ.

દરેક પ્ર. પત્રની પ્રવેશ ફી ફક્ત ૧૦ આના. } કસોટી વર્ગ વ્યૂહ ૧૩૬ બંધ તારીખ ૯ ઓગષ્ટ ગુરુવાર

એકંદર ઈનામો રૂા. ૪૦,૦૦૦

પ્રથમ ઈનામ રૂા. ૨૨,૦૦૦ રોકડા

બીજું ઈનામ રૂા. ૧૬,૦૦૦

૩ ભૂલ સુધી ગેરન્ટીડ

સંપૂર્ણ વિગતો માટે 'મક્રમ' અઠવાડિક જુઓ

આડી ચાવીઓ

(૧) જગત સામે ફરી પાછું ..માં ફાકી ઊભું છે.

(૩) વિનયયુક્ત

(૬) પુરુષ આગળ તો સ્ત્રી પોતે . છે એમ જ બતાવવા પ્રયાસ કરશે।

(૭) કંજૂસનું ધન પારકાના... માટે જ સર્જયું હોય છે

(૮) આપત્તિકાળે...ને વળગી રહેનાર મૂર્ખ મનાય તો નવાઈ

(૧૦) અભિમાનની છટા.

(૧૧) ...પાલવે એવી વૃત્તિવાળા ઘણીવાર સામાનો અણગમો વહોરી લે છે

(૧૨) .. ની ઝંખના માનવીને ઘણીવાર આદર્શ નિષ્ઠા ભુલાવી દે છે.

(૧૩) અક્ષરો છાપેલા છે

(૧૪) બાળકોના...પ્રત્યે સમજુ માબાપો ભાગ્યે જ દુર્લક્ષ કરે છે.

(૧૭) મરીઓની સરખામણીએ શીમતોમાં.. વધુ જોવા મળે છે.

(૧૯) ...ના દોષો સમાજની આંખમાં જલદી વસે છે

(૨૩) ..ની અસર માનવીને ઘડીક અવાક બનાવે એ સંભવિત છે

(૨૪) ગુરૂ

(૨૫) 'પરમાંતમા શું થાય છે?' એવા પ્રશ્નનો જવાબ ઘણી ખરી સ્ત્રીઓ ...'મા આપતા અચકાશે

ઊભી ચાવીઓ :

(૧) ...વિનાનું જીવન માનવીને નીરસ લાગવા સંભવ છે.

(૨) એક ખંડ.

(૩) આ 'બસ' અવળી દોડે છે

(૪) ...મા ડુબેલ વ્યક્તિને સામાન્યતઃ સમયનું ભાન રહેતું નથી

(૫) મૃત્યુનો દેવ

(૬) જીવનમાં સર્વત્ર ..નો અનુભવ માનવીને કદીક પાગલો બનાવી દે

(૭) પુરુષને...રહેતો જોઈ ઘણીવાર સ્ત્રીનો જીવ બળી જાય છે

(૯) સમય પસાર કરવા કેટલાક માણસો તરેહ તરેહના...નો આસરો લે છે

(૧૦) જિતાય નહિ એવું

(૧૩) વધુ પડતી...ને કારણે માનવી કદીક હીણો લાગવા માંડે છે

(૧૫) ..સાથેની મૈત્રી સમાજમાં વધુ ઈષ્ટ મનાય છે.

(૧૬) ઉદાર શેઠના. .ને નોકરો ભાગ્યે જ ગણકારે છે.

(૧૮)...લાગે તેવા સ્ત્રીનાં વચનો પુરુષ પાસે ધાર્યું કામ કરાવે છે.

(૨૦) ફેશનના પૂરમાં ઘણીવાર... ધોવાઈ ધાપથી ઊપડી જાય છે

(૨૧)...ને લીધે માણસ સહેજે મિત્રોથી અતડો પડી જાય છે

(૨૨) ..વગરના માણસનો સમાજમાં કોઈ ભાગ્યે જ ભાવ પૂછે છે.

(૨૫) આડી ચાવી પ્રમાણે





અમદાવાદના કલેકટરે તા. ૨૬-૧-૪૯ ના લાયસન્સ નંબર ૧ થી મંજુર કરેલી હરીફાઈ

કસોટી હરીફાઈના સર્વ શરતો-નિયમો મને કબૂલ મંજૂર છે પ્રવેશપત્રો એકી સાથે કાપજો

નામ ______________________

ઠેકાણું ______________________

ગામ ______________

મેં મારા નામે કુલ પ્રવેશપત્રો નંગ ......લખ્યાં છે.

મેં મારી પ્રવેશફીના રૂ ...... આ સાથે......થી મોકલ્યા છે

પ્રવેશ પત્રો મોકલવાનું તથા પત્રવ્યવહારનું સરનામું:

કસોટી કાર્યાલય : ગાંધીરોડ, અમદાવાદ.

ગુજરાતનું પ્રથમ
નિસર્ગોપચારની દૃષ્ટિએ
જીવનઘડતરનું માસિક

તંદુરસ્તી

✻

તંત્રીઓ :
ભૂપતરાય મો. દવે
શંકરલાલ મો. દવે

બે અંક પ્રગટ થઈ ચૂક્યા છે અને લોકોએ એની ઉપયોગિતા સ્વીકારીને જે આવકાર આપ્યો છે તે માટે અમે આભારી છીએ.

દરેક ઘરમાં આ માસિકનું વાંચન ઉપયોગી ને રસપ્રદ થઇ શકે તેટલો પરિશ્રમ આની પાછળ લેવામાં આવ્યો છે.

તંત્રીઓનો અઢાર વરસનો કિંમતી અનુભવ આ માસિક પાછળ રહ્યો છે.

દવાઓ અને બીજા ઇલાજો પાછળ જ્યારે ખૂબ પૈસા ખરચીએ છીએ ત્યારે વરસે માત્ર સાડાચાર રૂપિયાના ખર્ચમાં (લવાજમમાં) અત્યંત સસ્તું ને ઉપયોગી થઇ પડશે.

દર મહિનાની ૧૦ તારીખે નિયમિત પ્રગટ થાય છે.

તમે હજી ગ્રાહક ન થયા હો તો આજે જ ગ્રાહક માટે નામ લખી મોકલો. લવાજમ દેશમાં રૂ. ૪-૮-૦ પરદેશમાં રૂ. ૭.

☆

તંદુરસ્તી કાર્યાલય

ફરનાન્ડીઝ પૂલ નીચે : ગાંધી રસ્તો
અમદાવાદ-૨

તંદુરસ્તી કાર્યાલય : અજુન મેન્શન વિન્સેન્ટ રોડ, ફીન સર્કલની પાસે માટુંગા (G. I. P.) મુંબઇ-૧૯.

ઊર્મિ નવરચના સમાજ, સાહિત્ય અને સંસ્કારનું માસિક

'ઊર્મિ' વર્ષ ૨૦ : 'નવરચના' વર્ષ ૧૫ : અંક ૫ થો

ઑગસ્ટ : ૧૯૫૦

ક્રમ

તુષારબિંદુ	ધૂમકેતુ	૫
હે મારા નિંદકો		૧
ચમકના ક્ષીરનીર	'રાજહંસ'	૧૧
જીવનપંથ : [૮]	ધૂમકેતુ	૧૯
ઉપનિષદ્ કથાઓ	..	૨૪
ગીતાંજલિ	...	૨૯
ભાગ્ય	સુરેન્દ્ર શૈલજ	૩૦
શાળા પુસ્તકાલય	સોમાભાઇ કીશાભાઇ પટેલ	૩૧
માનવીનાં હૈયાં—પતીની કથા	સ્નેહરશ્મિ	૩૩
સર્વોદય કે સામ્યવાદ ?	વસુબન્ધુ	૪૪
ચમકાર (કાવ્ય)	સરોદ	૫૪
ત્રણ નવાં પુસ્તકો	અધ્યા. ધીરુભાઈ ઠાકર	૫૫
ભલે (કાવ્ય)	જયન્ત પરમાર	૫૮
શેઠ અને નોકર	બલાઇચાંદ મુખોપાધ્યાય	૫૯
સંપૂર્ણ (કાવ્ય)	જયન્ત પરમાર	૬૦
ગ્રંથસમીક્ષા	બ. મ. શા.	૬૧
પાછાં વળો રે (કાવ્ય)	ભગીરથ મહેતા	૬૭
અણુપ્રીછયો—અણુપ્રીછેલો...	પ્ર. છ. મહેતા	૬૮

સ્થળ સંકોચને કારણે 'દરિયાનું દિલ'નો લેખ આ અંકમાં આપી શકાયો નથી. વાચકો દરગુજર કરે.

—: વાર્ષિક લવાજમ :—

દેશમાં : ૭-૮-૦ :: પરદેશમાં : રૂ. ૧૦-૦-૦

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ

ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ-૧

પ્રકાશક : ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ વતી ઇશ્વરલાલ મો. દવે
ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધી રસ્તો : અમદાવાદ-૨

મુદ્રક : જયંતી દેવાભાઈ દલાલ : વસંત પ્રેસ, ઘીકાંટા રોડ, દેવાભાઇની વાડી : અમદાવાદ.

શિષ્ટ અને સંસ્કારી સાહિત્ય

પાન સોપારી
હાસ્ય, મર્મ અને કટાક્ષભરેલા શ્રી. ચિનુભાઇ પટવાકૃત રસ, રંગ અને રમૂજભર્યા સચિત્ર ટૂચકા
૪-૦-૦

મેનાપોપટ
શામળભટ્ટકૃત સિંહાસન બત્રીસીની કુતૂહલ અને ચમત્કારભરી, રસિક અને રંગીલી વિલક્ષણ વાર્તાઓ
૩-૮-૦

નવીના
સ્વ. શારદબાબુકૃત નારી જીવનની નમણી કરુણમંગલ નવલકથા
૫-૦-૦

સાધના
સ્વાર્થ અને ત્યાગ વચ્ચે માનવીના મનમાં ચાલતા મંથનને મૂર્ત કરતી નકશીદાર સામાજિક નવલકથા
૨-૮-૦

મોભનાં પાણી
નવયુગની પલટાતી પ્રણય ભાવનાની પ્રસંગ ભરપૂર સળંગ નવલકથા
૨-૮-૦

પ્રારબ્ધના પાસા
પાપીના પ્રપંચો, પ્રેમી મદદ અને અંતે સત્યનો જય આલેખતી, સનસનાટીભરી રોમાંચક અને ભેદભરી નવલકથા
૪-૮-૦

શ્રી. ચંદ્રવદન મહેતાકૃત
શકુન્તલા
શાકુન્તલનું કન્યાવિદાય સુધીનું કરુણ ગંભીર નમણું રૂપાન્તર
૧-૦-૦

પાંજરાપોળ
ધર્મ સંસ્થા સામે લાલબત્તી ધરતું હાસ્ય અને કટાક્ષભરેલું નાટક
૨-૦-૦

શ્રી. ચુનીલાલ મડિયાકૃત
હું ને મારી વહુ
રમૂજની રંગત રેલાવતું તખ્તલાયક નવું નાટક
૧-૮-૦

પાવક જ્વાળા
જૂના અને નવા યુગના સંગમની હૃદયંગમ સામાજિક નવલકથા
૩-૮-૦

જયગિરનાર
સચિત્ર પ્રવાહી પ્રવાસ વર્ણન
૧-૦-૦

શ્રી અવિનાશ વ્યાસકૃત
મેંદીનાં પાન
પ્રેક્ષકોની પ્રશંસા પામેલી નવનૃત્ય-ગીત-નાટિકાઓ
૨-૮-૦

અર્વાચીના
રંગભૂમિ રસિયાંની રંગલીલા
૧-૦-૦

સ્વ. ઝવેરચંદ મેઘાણીકૃત
તુલસીક્યારો
વાત્સલ્ય અને સ્વાર્થત્યાગની જીવાતા જીવનની કુટુંબકથા
૪-૦-૦

પ્રભુપધાર્યા
બ્રહ્મદેશમાંના ગુજરાતીઓની કરુણ-મંગલ નવલકથા
૨-૮-૦

માણસાઈના દીવા
શ્રી. રવિશંકર મહારાજના પ્રેરક ને રોમાંચક જીવનપ્રસંગો
૨-૮-૦

દાદાજીની વાતો
રોચક અને રોમાંચક કૌતુકભરી લોકકથાઓ
૧-૪-૦

પ્રા. મનસુખલાલ ઝવેરીકૃત
ફૂલદોલ
ભાવ અને ભાષાની લાલકભર્યા કાવ્યોનો સંગ્રહ નવી આવૃત્તિ
૨-૪-૦

ભોજ અને કાલિદાસ
હાસ્ય અને હાજરજવાબીની ૧૦૪ ચાતુર્ય અને ચમત્કારભરી વાર્તાઓ
૪૧૬ પાનાં
૪-૦-૦

શ્રી વિજયરાય વૈદ્યકૃત
નાજુક સવારી
હળવી શૈલીના મર્માળા નિબંધિકાઓ
૧-૮-૦

એન. એમ. ત્રિપાઠી લિમિટેડ,
બુકસેલર્સ પબ્લિશર્સ
પ્રિન્સેસ સ્ટ્રીટ મુંબઈ-૨.



તુષારબિંદુ

[૧]

★ ઈશ્વરને આ છ વસ્તુઓ ગમતી નથી. પહેલી, અભિમાનભરેલી દૃષ્ટિ. બીજી, અસત્યભાષી જીભ. ત્રીજી, નિર્દોષને હણનારી શકિત. ચોથી, ભયંકર કલ્પનાઓ કરતી ઊર્મિ. પાંચમી, અસત્યને પડખું દેતી બુદ્ધિ. છઠ્ઠી, ભાઈઓ ભાઈઓ વચ્ચે કંકાસ જન્માવતી દગાબાજી!

★ એવું કદી બને ખરું કે તમે હૃદયમાં અગ્નિ સંઘરો અને છતાં તમે પોતે એનાથી ન દાઝો ! દ્વેષ તમામ એક પ્રકારનો અગ્નિ છે.

★ મારું નામ ડહાપણ-સહજ જ્ઞાન. હું ક્યાં રહું છું એ તમે જાણો છો ? વિવેકમાં.

★ જમીન ખેડનારો વધારે પાકે તો વધારે ધાન્યથી સંતોષ મેળવે; પણ જમીન રાખનારો વધારે પાક દેખે, તો વધારે અસંતોષ પામે. આ મહાન તફાવત સમજવા જેવો છે.

★ આપણા જીવનની કટુતા એક જ ઠેકાણે સંગ્રહી રાખવામાં ફાયદો છે. હૃદયમાં.

★ આપણામાંથી કેટલા ઓછાના ભાગ્યમાં સાચું હાસ્ય લખાયલું છે ? અને પરિણામે આપણે હાસ્યના કેવા ભયંકર પ્રકારો પ્રચલિત કર્યા છે! જરાક સહેજ હસતું ખંધુ હાસ્ય; ખોટું અને પોલું મોટું હાસ્ય; ધીમે થતું તુબડીફાંકરા હાસ્ય; ઠેકડા મારતું હોય તેવું મુર્ખ હાસ્ય; અને તમામ હાસ્યોની ઠંડી મશ્કરી જેવું "જે જે" હાસ્ય! ઓહો!–આપણે કેટલાં હાસ્ય શોધ્યાં છે! જાણે સાચું હૃદય હસતું હાસ્ય ખોવાઈ ગયું છે, એની શોધમાં આ તમામ હાસ્યો નીકળી પડ્યાં હોય! શાંતિને શોધવા યુદ્ધો નીકળે છે તેમ!

★ ન્યાગપંથે ચાલતાં આવી ગયેલું અકાલ મૃત્યુ–દુનિયામાં સૌથી સુંદર વસ્તુ એ નથી ?

★ જે ગરીબની મશ્કરી કરે છે, તે ખરી રીતે ઈશ્વરની પણ મશ્કરી કરે છે.

★ કાં પૃથ્વીને સાચું હાસ્ય પાછું મળે, એ કાં અજેય મનુષ્યત્વ પાછું મળે–એ બે સિવાય ત્રીજો કોઇ માર્ગ શાંતિનો છે જ નહિ

★ મૂર્ખો પણ બીજાને તો શિખામણ ડાહી જ આપે છે; અને એમને એમ ડાહ્યામાં જ ખપે છે. પણ એ જો મૌન રાખે તો વિદ્વાનમાં ખપે!

★ વાત સાંભળે ને તરત જવાબ વાળે, કાં એ અતિશય વિદ્વાન હોય, અથવા તો અતિશય મૂર્ખ હોય!

★ જીવને સ્વાધીન રાખનારો, જીવનને પણ સ્વાધીન રાખી શકે.

★ મરી ગયેલું જ્ઞાન, એ સૌથી ભયંકર વસ્તુ છે. વિચારજીવનને એ કૃત્રિમ આચારના વાઘા પહેરાવે છે!

★ કજીયા–એ તો હરકોઈ પ્રાણી કરી શકે; એમાં શક્તિ અશક્તિનો સવાલ જ નથી. પણ સમાધાન એ શક્તિ માગે છે ખરું; અશક્તો કોઇ દિવસ સમાધાન કરી શકતા જ નથી.

★ કેવળ માળાના મણકા ફેરવવા એ કોઇ જીવન્ત વસ્તુ નથી, પણ જે માણસ બે પળ માટે પણ શાંતિથી બેસીને, પોતે કરેલી ભૂલોનો કોઈક દિવસ વિચાર કરે છે, એ જીવન્ત વસ્તુનો પરિચય પામે ખરો. જરૂરી વિચાર જીવન વિષેનો વિચાર છે.

★ પ્રાર્થના તો માણસ કરે છે, જે એમાંથી હમેશાં નવો નવો અર્થ મેળવે છે બીજાઓ કવિતા ગોખે છે!

★ અર્થ સમજ્યા વિનાની પ્રવૃત્તિ જેવું હીણું કોઈ કામ નથી. કેવળ વ્યસનથી થતી દરેક વસ્તુ માણસને શિખર તરફ નહિ, ખાડા તરફ દોરે છે! વ્યસનથી નહિ–હેતુની ભવ્યતાથી દોરાઇને જે કામ થાય –માર્ગદર્શન એ આપે!

★ જે મળ્યું છે, તેનો હીન ઉપયોગ કરવો એના જેવી બીજી કોઇ જ અધાર્મિકતા નથી!

★ ખરી ભુખ જેમ સાચું લોહી આપે, તેમ ખરી જરૂરિયાત જ સામર્થ્ય આપે. જરૂરિયાત વિના મળેલી વસ્તુ, ઘર્ષણ ઉભું કરે!

[૨]

એક જગ્યાએ એક વાત વાંચી. સરસ લાગી. એક વખત એક ઋષિ પાસે ત્રણ ઉંદર આવ્યા. ઋષિનું કાંઈ હલનચલન નથી થતું એ જોઇને એ દોડતા આવ્યા. ઋષિએ એમને જોયા પછી એમાંના એકને કહ્યું. 'જો તું ધનધાન્યના કોઠારમાં જીવે છે; છતાં એમાંથી વધારે પ્રાણ મેળવવાને બદલે વધારે નિર્બળતા મેળવે છે. એમાં કાંઈ સુધારો થાય તેવું લાગતું નથી....'

બીજા તરફ જોઇને બોલ્યા: 'જો તું પુસ્તકોના કબાટમાં રહે છે, અને તેમાંના અસંખ્યને તે કોતરી ખાધાં છે. પણ એટલું છતાં કાંઈ ડહાપણની દાઢ આવી નથી એટલે તું પણ સુધરે તેવું લાગતું નથી...'

અને ત્રીજા તરફ ફરીને કહ્યું: 'તું તો

મંદિરોના સાન્નિધ્યમાં જ રહ્યા કરે છે, પણ એ જીવતની કાંઈ લેશ પણ છાયા તને મળી નથી. એટલે સુધારો તો તારે માટે પણ અશક્ય છે !....'

પણ હું તમને કયું પ્રાણી બનાવું–જે તમારી આવી યોગ્યતાનું બરાબર માપ હોય ! તમારી ત્રણે વાત સમાઈ જાય તેવું કોઈ પ્રાણી મારી નજરમાં આવતું નથી !

માટે જાઓ. તમે માણસ બનો ! એ સમૃદ્ધિમાં મહાલે છે ત્યારે વધારે નિર્બળ બનતો હોય છે, વિદ્યા પઠન કરીને વધુ મૂર્ખ થતો રહે છે; મંદિરોમાં દોડીને કેવળ થાક ચડાવે છે–તમારી બરાબર યોગ્યતાનું માપ માણસમાં મળી આવશે–માટે તમે માણસ બનો–જાઓ !

★

–ત્રણ સિંહ ઋષિ પાસે આવ્યા. તેમણે ત્રણેને સંબોધન કરતાં કહ્યું: 'જુઓ, તમારામાંથી પહેલો છે તેને હું ઓળખું છું. એણે વિના કારણે એક પ્રવાસી મારી નાખ્યો છે.

બીજાએ એ જ પ્રમાણે એક અગત્યનો સંદેશો લઈ જનાર ઘોડેસ્વારને ઠામ રાખી દીધો છે

અને ત્રીજાએ એક આંધળી બાઈની એકની એક દુબળી બકરી મારી ખાધી છે ! તમે પણ માણસ થઈને રહો–જાઓ. માણસ જાત સિવાય બીજું કોઈ તમને સંઘરશે નહિ એટલું જ નહિ, વખતે પોતાની જાતમાં સમાવશે પણ નહિ ! ને પોતાની જાતમાં તમને ઓળખાવશે પણ નહિ !

નિરર્થક કજીયાખોરી ને ઠંડી ક્રૂરતા એ માણસનો નિત્ય વ્યવહાર છે. તમે ત્યાં જાઓ ! પણ જોજો, તમારી ક્રૂરતા કરતાં વધારે ક્રૂરતા ત્યાં માણસોમાં જોઈને ગાંડા થઈ જતા નહિ ! કારણ કે ગાંડાભાઈ ! માણસની ક્રૂરતા એની બુદ્ધિમાંથી જન્મે છે, માટે નિત્ય વિકાસ પામતી રહે છે. અને એને બુદ્ધિનો આશરો આપો–જાઓ; માણસમાં જાઓ !

★

ત્રણ કબુતર ઋષિ પાસે આવ્યા ઋષિએ તેમને જોયાં. અને તેમની સાથે પણ વાત કરી.

'જો ભાઈ ! પહેલા નંબરનાં કબૂતર ! તેં શું કર્યું છે ? જે દાણો તારો ન હતો, તે તારો છે એમ ધારીને તેં ભેગો કર્યો.

આ બીજા કબુતરે, એક ઉગતા છોડને ચાંચ મારી એને પોતાને ત્યાં લાવ્યું–અને છતાં કલાકારોએ તો તેને પ્રેમનો સંદેશવાહક માન્યું.

અને ત્રીજાએ એક મંદિરમાં માળો બાંધી બધાની પાસેથી પરંપરાગત યાંત્રિક રૂઢીથી મળતી, ચણ ચણી.

માટે તમે પણ માણસ થાઓ એ વધારે ઠીક છે ત્યાં તમને જગ્યા મળી રહેશે ! ત્યાં તમને વહેમ અને અંધશ્રદ્ધાની ભૂમિકામાં હરવાફરવાનું પણ ઠીક પડશે ! જાઓ, તમે પણ માણસ બનો !

પછી જે ઉંદર, માણસ બન્યા તે વિદ્વાન થયા. એમણે કબાટ ભેગા કર્યાં એમાં ચોપડાં ગોઠવ્યા. અને એમની હાજરીથી, એમને વિદ્વાનો ભાર લાગવા મંડયો !

જે સિંહ માણસ થયા, તે યુદ્ધની ગર્જના કરતા રાષ્ટ્રભક્તો થયા ! અને એમણે કજીયાખોરીને ગૌરવના વાઘા પહેરાવવા માંડયા ! અને પેલા કબુતરો મંદિરમાં બેસીને, અંધશ્રદ્ધાથી આવતી ચણને, વહેમના પિંજરામાં પૂરવા માંડયાં !

★

એક વખત વિદ્વદ્ પરિષદમાં એક પ્રશ્ન મુકવામાં આવ્યો: 'ઇશ્વર સર્વશક્તિમાન ગણાય છે. એની ઇચ્છા વિના એક પાંદડું પણ ચાલી શકતું નથી છતાં એવું શું છે કે જે એ પણ, ધારે તો. ય માણસને આપી શકવા શક્તિમાન નથી ? એવું શું છે બોલો! વિદ્વાનો ધમાલમાં પડી ગયા. શાસ્ત્રાભ્યાસમાંથી પ્રમાણ ને તર્ક શોધવા મંડયા. કોઈએ વેદ વેદાંત ફંદીને સંભાર્યાં. કોઈએ ઉપનિષદો કાઢયાં. પણ ક્યાંય આ પ્રશ્નનો ઉત્તર મળે નહિ!

એટલામાં આ પરિષદમાં અચાનક એક વિદુષી સ્રી આવી ચડી. પોતે વિદ્વાન હતી એટલે આંહીં વિદ્વદ્ચર્ચા થાય છે એમ સાંભળીને લાભ લેવા આવી હતી એના નાનકડા શિશુને એણે તેડી રાખ્યું હતું. અને એને માથે કપડાનો કકડો ઢાંકી દીધો હતો કે જેથી એ ધીમે ધીમે સૂઈ જાય

પણ આંહીં આ વિદ્વદ્ પરિષદમાં એણે તો સૌનાં મોં શીવાઇ ગયેલાં દીઠાં અને એને આશ્ચર્ય થયું. 'અરે ! આ શું ? કેમ કોઇ કાંઈ બોલતું નથી ?'

એણે પૂછયું પણ ખરું. જવાબ મળ્યો કે "બાઈ ! આંહીં તો એક મહાન પ્રશ્ન ખડો થયો છે ! એવું શું છે જે ઇશ્વર પણ માણસને આપી શકતો નથી ? બોલો, એનો કાંઈ પ્રત્યુત્તર સૂઝે છે ?'

વિદુષી નારી પણ એ સાંભળીને શાંત થઇ ગઈ.

પણ અચાનક જ એના મનમાં સવાલ ઉભો થયો: 'આ મારા નાનકડા વ્હાલા બાળકને હું શું ન આપી શકું ?'

હું ઇશ્વર નથી એટલે એ માગે તો પણ ચંદ્ર કે તારા ન લાવી શકું. પણ એ તો શકિતની મર્યાદા થઇ જ્યારે ઇશ્વર તો સર્વશક્તિમાન છે. ત્યારે એવું શું છે જે એ માણસને આપી શકતો નથી ? માણસ એનું બાળક છે. હું મારા આ વહાલા શિશુને શું ન આપી શકું ?

અને એના મનમાં તરત પ્રત્યુત્તર ઉગ્યો. હું એને કોઈ દિ ઝેર આપી શકું ? ના, એ ન આપી શકું. ત્યારે ઇશ્વર પણ માણસને ઝેર ન આપી શકે. બરાબર. પણ આ ઝેર એટલે શું ?

આ ઝેર એટલે એ સહન ન કરી શકે એટલું દુઃખ.

એનું મન આ પ્રત્યુત્તરથી પ્રસન્ન પ્રસન્ન થઇ ગયું તેણે હાથ જોડીને કહ્યું: 'વિદ્વાનો! એક જવાબ મને મળ્યો છે!'

'શું છે ? શું છે ?' એકદમ ચારે તરફ પૃચ્છા થવા માંડી.

'ઇશ્વર માણસને એક વસ્તુ કોઈ દિવસ આપી શકતો નથી........'

'શું ? શું ? કઇ ?' સૌની ઉત્કંઠા હવે વધી ગઇ હતી.

'માણસને ઇશ્વર એક વસ્તુ કદાપિ આપી શકતો નથી. અને તે આ. માણસ કદી સહન ન કરી શકે એટલું દુઃખ એ માણસને આપી શકતો નથી!'

આ એની મર્યાદા છે. આ પ્રેમનો કાચો તંતુ!

અને આખી સભા પ્રશંસાના શબ્દો કાઢી રહી!

છેવટે નારીમાં રહેલ માતૃત્વે વિજય મેળવ્યો હતો !

*

એક વખત ભગવાન તથાગત પાસે એક તંતુવાદ્ય વગાડનારો આવ્યો. તંતુવાદ્ય વગાડવામાં એવો પ્રવીણ કે ધારી અસર કરે ! તારને કેટલો ખેંચવો એની એવી સંભાળ રાખે કે ન પૂછો વાત ! અને તારને કેટલો ઢીલો મૂકવો એની ગણતરી પણ એવી જ આબાદ કરે ! જરાક જ વધારે ખેંચે કે જરાક જ વધારે ઢીલો કરે તો એમાંથી એવા કર્કશ સ્વર નીકળે કે જાણે એ વાદ્ય ને વગાડનારો બન્ને જુદાં જ લાગે ! પણ એણે પોતાના તંતુવાદ્યનો એવો સજ્જડ અભ્યાસ કરેલો કે એની આંગળીઓ બરાબર ક્યાં અટકવું એ વાતનો જાણે કે ઝીણામાં ઝીણો હિસાબ શીખી ગયેલી !

એની એ હોંશિયારી જોઇને સાંભળનારા સૌ છક્ક થઇ ગયા !

સૌને નવાઈ લાગી કે આટલો કાબુ કોઇ દિવ્ય શક્તિની આરાધના વિના સંભવે નહિ !

પણ આ તંતુવાદ્ય વગાડનારો તો ભગવાન તથાગતને શરણે આવ્યો હતો. એણે પોતાને દિક્ષા આપવાની એણે ભગવાનને વિનંતી કરી !

ભગવાને એની સામે જોયું. એની ઈચ્છા સાચી લાગી અને એને દીક્ષા આપતાં જ કહ્યું : 'તને અમારા મધ્યમમાર્ગનું સમ્યક્‌જ્ઞાન છે જ. માત્ર એ હવે આચારમાં મૂકવું બાકી છે !'

'મને જ્ઞાન છે પ્રભુ ?' તંતુવાદ્ય વગાડનારો આશ્ચર્ય પામ્યો.

'હા' ભગવાને ધીમેથી કહ્યું: 'તંતુવાદ્ય વગાડતાં તું કોઇ તારને જરાક પણ વધુ ખેંચે છે ?'

'ના ભગવાન ! તો તો એ બસુરુ બોલે !'

'અને કોઇ તારને જરાક જ—ભલે જરાક જ–પણ વધુ પડતો ઢીલો થવા દે છે !'

'પ્રભુ ! એ તો કેમ ચાલે ? તો તો બધી મોજ મારી જાય !'

'ત્યારે એ જ જીવનમાં કરવાનું છે. કોઈ વૃત્તિને વધુ પડતી પકડવી નહિ; કોઈ વૃત્તિને વધુ પડતી ઢીલી મૂકવી નહિ, બધી વૃત્તિઓને મધ્યમમાર્ગે ચલાવવી. આ જે જાણે તે સુખ પામે !'

★

એક વખત એક કૂતરું અને એક હાથી બન્નેને સાથે મુસાફરી કરવાનો લાભ મળ્યો !

કોઇ મહાન સરોવર પાર કરાવવા માટે એક જબ્બર નૌકાનો ઉપયોગ કર્યો એમાં એ બન્નેએ સાથે મુસાફરી કરી.

મહાન સરોવર પાર કરી ગયા અને જમીન ઉપર ઉતર્યા. પણ જમીન ઉપર પગ ઠરતાં જ કૂતરાએ હાથીને કહ્યું: 'આપણે આ જબ્બરજસ્ત નૌકાને ઠીક હચમચાવી મૂકી હો !'

★

હે મારા નિંદકો

હવે મારો પીછો છોડો. મને મારા સમુદ્રમાં વિહરવા દો. 'આવતી કાલ' ભલે પોતાને જે કરવું હોય તે મારું કરે. એને યોગ્ય લાગશે એ ન્યાય એ તોળશે પણ તમારી નિંદા એ બીજું કાંઇ નથી, એક પ્રકારના તેજોદ્વેષનો પડછાયો છે.

મારી પાસે એક નાનું સરખું હૃદય છે. એ હૃદયને એના પિંજરામાંથી બહાર કાઢીને, એને મારા હાથમાં રાખી, એની ગહનતા માપવા અને એનાં રહસ્યો માપવા હું માગું છું. મને લાગે ઇશ્વરે પોતાના પ્રેમમાંથી અને થોડો પ્રેમરસ પાયો છે અને એના મહાન સૌન્દર્ય સાગરમાંથી બે ચાર જલબિંદુ એના ઉપર નાખ્યાં છે!

સૂર્યોદય થાય છે અને બુલબુલ પોતાનું ગાન રેલાવે છે; અને ફૂલ પોતાનો પરિમલ હવામાં ફેલાવે છે.

હું પણ મારી ગાઢ નિદ્રામાંથી જાગ્રત થવા માગું છું. હે મારા નિંદકો! તમે તમારે પંથે વળો–અને મને મારા પંથમાંથી વાળવા વ્યર્થ પ્રયત્ન ન કરો!

વનમાં ગર્જના કરતા સિંહનો ડર બતાવવો જવા દો. વનમાં રહેલા સર્પોનો ભય પણ નકામો સમજો. મારો આત્મા ધરતીના કોઇ ભયને જાણતો નથી. અને અશુભ આવ્યા પહેલાં અશુભની ચેતવણી સ્વીકારતો નથી.

મારે તમારી શિખામણનો ઉપયોગ ઠીક ઠીક કષ્ટોએ મારા અંતઃકરણને વિશાળ બનાવ્યું છે. મારી આંખોને અશ્રુ શુદ્ધ કરી છે. અને મારી ભૂલોએ મને હૃદય ભાષા શીખવી છે!

મારો બહિષ્કાર કરવાની વાતો પણ જવા દેજો. મારું પોતાનું અંતઃકરણ જ મારું ન્યાયાધીશીનું મોટામાં મોટું સ્થાન બની ગયું છે. નિર્દોષ હઇશ તો એ જ મને ન્યાય આપશે; એ જ મને રક્ષશે. અને અપરાધી હોઇશ તો એ મને જીવનમાંથી જ ઉખેડીને ફેંકી દેશે!

આ તો પ્રેમની સંઘયાત્રા છે. સૌન્દર્ય એમાં પોતાનો ધ્વજ ફરકાવે છે. આનંદ હેલીનું ગાન જવાની પોતે લલકારે છે. મારો આ પ્રવાસ અટકાવવો છોડી દો મારા નિંદકો!

મને તો મારો પ્રવાસ ખેડવા દો મને જીવનપંથ ગુલાબની મત્ત સુંગધથી ભરેલો લાગે છે અને હવામાંથી શુદ્ધ પરિમલ આવી રહેલો જડે છે!

પૈસાની અને મોટાઇની, એ વાત પણ જવા દેજો. મારો આત્મા જ મને એટલો સમૃદ્ધ લાગે છે કે સમૃદ્ધિ માત્ર ભિખારીના હાંલ્લા જેવી બની રહે છે! અને ઇશ્વરના મહિમા પાસે બીજી કોઇ મોટાઇની વાત કરવી એ મશ્કરી જેવું જણાય છે!

જનતા જનાર્દનની અને તમારા સુશાસનની અને દેશપ્રેમી કાયદાની અને રાષ્ટ્રની એ ક્ષુલ્લક વાતોને પણ જવા દો. આખું વિશ્વ મને જન્મભૂમિ જેવું લાગે છે અને માણસ તમામ રંગભેદ વિના સરખાં જણાય છે. માણસ એ માણસ બીજું કાંઇ જ નહિ!

મારા નિંદક મિત્રો! મને મારી એકલતામાં વિહરવા દો! તમે નાહકના બોલ બોલ કરીને મારા જીવનપંથના અશ્રાન્તાપી પ્રકાશથી મને વંચિત કરશો–અને તમારા શબ્દો એ તો કેવળ વ્યર્થ અક્ષરગૂંથણી હશે!

❊

સમયનાં ક્ષીરનીર

'રાજહંસ'

અમેરિકા ત્રીજું વિશ્વયુદ્ધ લડી લેવા માગે છે

નહેરુએ સ્ટેલીન-ટ્રુમેન ઉપર પત્રો લખી કોરિઆની લડતમાં ઘણો પ્રકાશ પાડયો છે. સ્ટેલીને તરત ઉત્તર વાળ્યો કે લાલચીનના પ્રતિનિધિને સામેલ કરો. એણે એક તક ઝડપી એમ ગણો અગર તો કોરિઆની લડતમાં કયું કારણ દબાણ કરી રહ્યું છે તે જાહેર કર્યું ગણો. ગનીમત છે કે જવાબ તો આવ્યો અને તે પણ સાવ ગેરવાજબી ના ગણી શકાય એવો. કારણ કે લાલચીનનો સ્વીકાર ભારતે તો કર્યો જ છે. પરન્તુ બીજાઓ કરે તે માટે એનો આગ્રહ પણ છે., કોરિઆના ઉકેલમાં આટલી જ શરત હોય તો કંઇક અંશે ચલાવી લેવા જેવી ગણાય.

પરંતુ, અમેરિકાએ આ વાત નકારી દીધી છે. એણે કહ્યું કે લાલચીનનો સવાલ કોરિઆ સાથે જોડી ના શકાય. બીજી ભાષામાં એને સુલેહ ખપતી નથી. અમેરિકાને લડી લેવું છે. આ તક મળી હતી અને પોતે અણધાર્યા સંડોવાઇ ગયા છે એવું માનતા હોત તો નીકળી જઇ શકાત. વાટાઘાટોમાં લાંબો સમય ગાળી શકાત અને એમાં બીજા સવાલો ઉમેરી શકાત. પરન્તુ, એવી ધીરજ રહી નથી.

એમ માનવાને કારણ છે કે અમેરિકાએ બને તેટલા યત્ન કરી જોયા, જેટલું નમતું જોખાય એટલું તોળી દીધું. હવે હદ આવી ગઇ છે. પશ્ચિમી યુરોપની આખી સરહદ ઉપર એશિયા ખંડમાં બહુ મોટા મોટા વિસ્તારમાં સામ્યવાદીઓનાં ધાડાં ઘુસી ગયાં છે અને જુલમ વરતાવે છે. સામ્યવાદ સામે કોઇને અણગમો નથી, પણ રશિયાની ઢબનો સામ્યવાદ દુનિઆમાંથી પ્રજાસત્તાવાદની જડ કાઢી નાખવા માગે છે એ અમેરિકાથી સહન થાય એવું નથી.

અને જો આજે લડી લેવાનું મોકુફ રાખે તો એ પ્રસંગ ફરી કયારે ય ન મળે. લશ્કરી નિષ્ણાતોને હિસાબે તો ઘણું મોડું થઇ ચૂકયું છે, રશિઆને પક્ષે ચીનના સાઠ કરોડ તોપને ગોઢે ચઢાવવાના મળી ચૂકયા છે. અણુબોમ્બની વિગતો ચોરીછૂપીથી રશિઆ પહોંચી ગઇ છે, અને એની મોટી સંખ્યામાં બનાવટો હાથ ધરવામાં આવી હોવાનો પૂરો સંભવ છે. કોરિઆ જાય એટલે જાપાન ઉપર મોરો લાય આવી રહે અને જાપાન જાય તો જર્મની સરખું લડાયક બળ રશિઆના અંકુશ નીચે જ આવી જાય. પછી લડયા-ના લડયા બરોબર થઇ રહે.

ગયા માસમાં રશિઆએ પોતાના લશ્કરી વડાઓને અલગ અલગ નિમંત્રીને બહુ ખાનગી રીતે મંત્રણાઓ કરી છે અને એટમ યુદ્ધ વિષે સમાચાર આપ્યા છે. એ રીતે અમેરિકાએ પ્રમુખને ખાસ સત્તાઓ સોંપી છે અને મોટું બજેટ મંજુર કર્યું છે. બ્રિટન દરમ્યાનગીરીના યત્ન કરે છે પણ ફાવે એવાં ચિન્હો નથી. એ બધું જોતાં લડાઇ જામી પડવાનો સંભવ વિશેષ છે.

નહેરુને હાલમાં કાશ્મીરનું પતાવવાનું છે, પાકીસ્તાનનું ઉકેલવાનું છે, અને બંગાળાના લાખો નિરાશ્રીતોનું વિચારવાનું રહે છે. એમને નેપાળ, સિક્કિમ અને તિબેટનું જોવાનું છે. એમને બ્રહ્મદેશને મદદ પહોંચાડવાની છે. મલાયા-સીંગાપુર ઉપર નજર રાખવાની છે. ઇન્ડોનેશીઆને પીઠબળ આપવાનું છે. આ બધા હિન્દુસ્તાનના સીમાડા છે એટલે પહેલી નજર ત્યાં રહેશે. કોરિઆ તો તે પછી આવે છે.

×

હિંદની પરદેશનીતિ

તટસ્થતા-અલગતા નહિ

ભારતની સરકારને કડવો અનુભવ થઇ ચૂકયો છે. પાકિસ્તાને કાશ્મીર ઉપર આક્રમણ કર્યું અને સલામતી સમિતિ આગળ ધા નાખવામાં આવી ત્યારે ખબર પડી ગઇ હતી કે ત્યાં હજી ગોરી પ્રજાઓ તરફ પક્ષપાત ચાલુ છે અને સત્તાજુથોની ખેંચતાણમાં ન્યાય મળવાની આશા થોડી છે. સમિતિએ આક્રમક જાહેર ના કર્યો ઉલ્ટું ભારત ઉપર દબાણ આણ્યું. બીજો અનુભવ ઇન્ડોનેશીઆનો પક્ષ કરવામાં થયો. નહેરુએ એશીઆઈ પરિષદની ખાસ બેઠકમાં ઇન્ડો-

નેશીઆની તરફદારી કરી, છતાં સલામતિ સમિતિએ કંડે પેટ જોયાં કર્યું. આક્રમક ઠગાયા નહિ. આને પરિણામે એક વહેમ ઘર કરી ગયો કે એશિઆઇ પ્રજાઓ માટે રાષ્ટ્રસંસ્થા બહુ દૂર છે.

પરન્તુ કોરિઆના હુમલા વખતે અમેરિકા જાગ્યું. એને લીધે બીજાં પશ્ચિમી રાજ્યો જાગ્યાં. સલામતી સમિતિની તાબડતોબ બેઠક મળી ને આક્રમક જાહેર થયા. યુદ્ધમાં વહાર કરવાનો નિર્ણય થયો. એ બેઠકમાં ભારતના પ્રતિનિધિ પ્રમુખ તરીકે હતા. દુનિઆના ઇતિહાસમાં આ પ્રસંગ વિરલ હતો. એશિઆઇ પ્રદેશો માટે આ નિર્ણય ઘણો અગત્યનો હતો.

રાષ્ટ્રસંસ્થા પહેલાં લીગ ઓફ નેશન્સ હતી. એ બન્ને સંસ્થાઓએ જુદાં જુદાં રાજ્યો દરમ્યાન ઝઘડાઓના નિકાલ લાવવા ચર્ચા કરેલી. ધટાસી સામે આર્થિક નાકાબંધી જેવું પગલું નક્કી થયેલું પણ અમલમાં તેનો ભંગ થયેલો. લશ્કરી વહાર કરવા જેવી ન્યાયબુદ્ધિ કોઈ વખત આવેલી નહિ. કોરિઆનો એ પહેલો જ પ્રસંગ.

એ વખતે ભારત શી રીતે અલગ રહી શકે! આપણી જે માગણી હતી તે ના સ્વીકારાઇ એનો ડંશ ગળી એવી જ માગણી બીજા કોઇ કરે ત્યારે આપણાથી કેમ ખસી જવાય!

અને આમ છતાં, એશિઆઇ પ્રજાઓને યુદ્ધમાં સંડોવી રાખવાની ગોરી પ્રજાઓની નીતિ હશે એવી શંકા હજુયે પ્રવર્તે છે. એશિઆ વિકાસ પામે, બળવાન થાય, વર્ચસ્વ મેળવે એ જાણે ગોરી સંસ્કૃતિ માટે ખતરનાક હોય એમ મનાય છે. એટમ બોમ્બનો ઉપયોગ થાય તો તે પણ એશિઆની ધરતી ઉપર થવાનો એમ પણ સંભળાય છે. ચીનના કરોડોને યુદ્ધમાં ધકેલવાનો રશિઆ યત્ન કરે છે કે કરશે તેમ અમેરિકા–બ્રિટન બીજા દેશોને લડવા માટે તૈયાર કરશે એમ લાગે છે.

પરન્તુ, હવે આપણી સરકાર છે અને તે સ્વતંત્ર પરદેશ નીતિ ઘડવાના કોડ રાખે છે એ જાણીતું છે. મધ્યસ્થીના પ્રયત્ન પણ કરે છે. નૂતન પ્રજાસત્તાકને મળી રહે એથી વિશેષ માન ભારતને મળે છે. એની શક્તિ હોય કે વધારે હોય, પરન્તુ ગણનાપાત્ર રાષ્ટ્ર તરીકે એની કીર્તિ વધતી જાય છે.

આમ છતાં એ પણ સ્વીકારવું જોઈએ કે વારંવાર ગોળીઓથી નીતિ જાહેર કરવાથી દુનિઆમાં આપણા મત વિષે ગુંચવાડો ઉત્પન્ન થાય છે. આપણે તટસ્થ રહીએ અને કોઇ સત્તાજુથમાં ભળી ના જઇએ એ સમજાય એવું છે, પણ એટલું બાજબી કે શક્ય નથી. હિન્દુસ્તાન એક મોટો દેશ છે, એશિઆમાં એનું સ્થાન મહત્ત્વનું છે, એની પાસે એક મહાન લશ્કર છે. આપણી ભૌગોલિક સ્થિતિ પણ મહત્ત્વની છે ને આપણા વિકાસની શક્યતાઓ ઘણી છે. એ બધું જોતાં તટસ્થતા સાથે અલગતા આવી જાય છે કે શું એ જોવાની દુનિયાના લોકોને ઉત્કંઠા છે. અને હવે ધીરે ધીરે સ્પષ્ટ થતું જાય છે એ આપણે જેમ યુદ્ધ નથી જોઈતું તેમ અલગતાયે નથી જોઈતી.

કોરિઆના યુદ્ધમાં સલામતી સમિતિએ જે ઠરાવ કર્યો તેનો સ્વીકાર કરવામાં ભારતે ડહાપણનું કામ કર્યું છે. એમ કહીએ કે જે નીતિ રાષ્ટ્રસંસ્થા પાસે સ્વીકાર કરાવવામાં આપણે એકવાર નિષ્ફળ ગયા હતા તે સ્વીકારવાનો તેમને પ્રસંગ આવ્યો અને આપણી નીતિ એમને માન્ય રાખવી પડી એ આપણો વિજય છે. દુનિયાના રક્ષણ માટે આપણે દાવો નથી કરતા અને હોડે હોડે યુધ્ધે નથી ચઢી જતા. પરન્તુ, અન્યાય અને જુલમ જોવા છતાં આપણે એ કહી ના શકીએ એટલી કાયરતા તો ના જ ગણીએ. આપણી માનવતા અને ન્યાયપ્રિયતાની ખાતર એ પણો અવાજ આપણે ફેંકી નાખવો ના જોઈએ. એની સ્પષ્ટ રજૂઆત કરવી એ આપણો ધર્મ છે.

પોતાને ઉદ્દામ ગણાવતા કેટલાક પક્ષો અને વ્યક્તિઓએ એવો પોકાર ઉઠાવ્યો છે કે કોરિઆની લડાઇમાં જે રીતે આપણે સલામતી સમિતિને ટેકો આપ્યો છે તે જોતાં તટસ્થતાની જાહેરાતો પોકળ બની જાય છે, અને આપણે યુદ્ધમાં ઘસડાઇ ચૂક્યા છીએ. આ માન્યતા કેવી ભૂલભરેલી છે તે સમજવા ઉપરાંત એ ભૂલ શોધનારાઓના હેતુ વિષે પણ

આપણને સાવધાન કરે છે. નહેરુના શાંતિ પ્રયાસો એ વાતની સાક્ષી પૂરે છે.

'તટસ્થ' રહેવા છતાં 'અલગ' નથી, એ આપણી પરદેશી નીતિનું એક સૂત્ર.

કાશ્મીરમાં ઉકેલ બંને પક્ષોએ સમજી લેવાનું

કાશ્મીરના ઝઘડામાં મધ્યસ્થ તરીકેની કામગીરી બજાવવા શ્રી. ઓવન ડીક્સન આવ્યા છે. અને હવે એ શું પગલું ભરે છે તે જોવાનો સમય પણ આવી પહોંચ્યો છે. એમની નિમણૂંક આપણે સ્વીકારી છે, કારણ કે એમની સામે અંગત દ્વેષ નથી, અને એમની ન્યાય બુદ્ધિ માટે માન પણ છે. પરંતુ એમની ન્યાયપરાયણતા ઉપર કાશ્મીરનો સવાલ જરાએ આધાર લેતો નથી. અને એટલે જ એમનો નિર્ણય બંધનકર્તા નથી એમ આપણે સ્પષ્ટ કર્યું છે, તેમ કાશ્મીર શેખ-અબ્દુલ્લાએ પણ જાહેર કર્યું છે.

વ્યક્તિની વાત જવા દઈએ તો પણ આવી નિમણૂંક પાછળ મહાસત્તાઓનું ભારે દબાણ થયેલું છે એ સૌ જાણે છે. એટલી-ટ્રુમેનની જાહેરાતો પણ થયેલી. પરન્તુ, ભારતે હિંમત દાખવી સામનો કર્યો એટલે લવાદીને બદલે મધ્યસ્થી આવી. ડિક્સનની નિમણૂંક તો ઠરાવ થયા પછી સંમતિથી થઇ છે.

એમ લાગે છે કે બહારની વ્યક્તિ કે પક્ષ સમાધાન કરાવવામાં ભલે સહાય કરે, છેવટે તો બન્ને પક્ષોએ જ સમજી લેવાનું છે. એ સમજુતી વિના જે કાંઇ નિરાકરણ આવે તે બન્ને માટે ખતરનાક છે. કળ કે બળ લાંબોકાળ જીવવા દેતાં નથી અને એનાં પાસાં બદલાતાં રહે છે. એમ દેખાય છે કે બંને રાજ્યો આ વાત સમજી ગયાં છે અને ચાલબાજીઓ આઘી મૂકી દીધી છે, તેમ પરદેશમાં જઈ ન્યાયના પોકાર કે સહાયની માગણી કરવી છોડી દીધી છે. જો આવું સરળ વલણ હશે તો માર્ગ સૂઝ્યા વિના રહેવાનો નથી. સંભવ છે કે એનો જશ ડિક્સન સાહેબ લઇ લે, પણ એનો આપણને એનો યે વાંધો નથી.

×

સમાજવાદીઓ પ્રબળ વિરોધ પક્ષ બની રહે તો બસ

મદ્રાસથી સમાજવાદીઓએ જાહેરનામું બહાર પાડ્યું છે. ૧૮ મુદ્દાઓ વડે તેમણે દેશ આગળ કાર્યક્રમ રજુ કર્યો છે અને ભારતનું ભવિષ્ય ઘડવાની યોજના રજૂ કરી છે.

એમાંના ઘણાખરા મુદ્દાઓ તો જાણીતા છે. જમીનોનું વળતર ના આપવું; રાજાઓની મિલકતો લઇ લેવી અને સાલિયાણાં બંધ કરવાં; ખેડૂતો પાસેથી જમીનો આંચકી ના લેવી અને ઓછામાં ઓછી ૧૨ા એકર અને વધુમાં વધુ ૩૦ એકર જમીનનું ધોરણ રાખવું; શિક્ષિતોને ગામડાંઓમાં વસવા ને સેવા કરવા કહેવું; ઉદ્યોગોમાં નફો કમી કરી નાંખવો; ઉત્પાદન વધારવું અને સરખી વહેંચણી કરવી; આયાત-નિકાસની ચોક્કસ યોજના કરવી; સરકારી તંત્રનો સડો સાફ કરવો; વિદ્યાર્થીઓની તેમજ આરોગ્યની સ્થિતિ સુધારવાની યોજનાઓ કરવી વગેરે.

સમાજવાદીઓ પોતાને બહુ હોશિયાર માને છે. એકવાર તેઓ તેમનો કાર્યક્રમ કોન્ગ્રેસ સામે મૂકવાનો આગ્રહ રાખતા હતા. પણ કોન્ગ્રેસના એક આગેવાને સાફ કહી દીધું કે તમે ચોપડીઓ વાંચી લાવો ને અમને શીખવો એ બનવાનું નથી. તમારે કરવું હોય તે તમે કરો, અમને ફાવે તે અમે કરીશું. અને સમાજવાદીઓ છૂટા પડ્યા. એમનો એક પગ ગાંધીજીના આશ્રમમાં છે અને એમની નજર લેનીન-સ્ટેલીનના રશિઆમાં છે. એમને ખબર નથી પણ એમના સંઘમાં પાછલા બારણેથી સામ્યવાદીઓ ઘૂસે છે અને તેમનાથી તેઓ કંટાળે છે પણ કશું કરી શકતા નથી. એમને તો હૈયું અને મગજ-ભાવના અને બુદ્ધિ, એ બન્ને વચ્ચે લડાઈ જાગી છે; ત્યાં દેશનું કામ કેવી રીતે કરી શકવાના હતા ?

એમના કેટલાક મુદ્દા એમના નથી, કોન્ગ્રેસના જ છે. એમનું કાંઇ હોય તો એ મુદ્દા ઉપર એમની ઘોષણા છે, વજન છે. પરન્તુ આમ કરતાં કારવતાં

એમને હાથે સામાન્ય દેખાતા મુદ્દાને ખાસ રંગ ચઢી જાય છે અને શંકાથી રંગાયેલો મુદ્દો પણ ગુમ થઈ જાય છે.

સમાજવાદીઓ ઇચ્છે છે કે દેશની મિલકત સરખા કે ન્યાયી પ્રમાણમાં વહેંચાયેલી જોઈએ. એમ કરવામાં એમને સૂચવવાના બે ઠેકાણાં છે: રાજાઓ ને જમીનદારો. એ લોકો ભૂલી જાય છે કે એ બધી મિલકત પડાવી લીધા પછીથી વહેંચવાની તો દેશની ગરીબાઈ જ છે. કોઈ દેવદૂત ઉતરીને અબજો રૂપિયા આપી જાય તો યે વહેંચણીમાં તે ટકવાના નથી પાકિસ્તાનમાં લૂંટેલી સમૃદ્ધિ જોત જોતામાં ખલાસ થઈ ગઈ, એ આપણી નજર સામેનો કિસ્સો છે.

જમીનો ખેડુતોની આપી દો અને કારખાનાં મજુરોને આપી દો એમ કહી નાંખવામાં જવાબદારીનું અજ્ઞાન પ્રગટ થાય છે. એમ પણ કહી દેવામાં આવે કે ઇસ્પીતાલો વૈદ્યોને સોંપી દો, નિશાળો માસ્તરોને કે વિદ્યાર્થીઓની બનાવી દો અને રેલ્વે સાંધાવાળાઓની. એ તંત્ર, હિન્દુસ્તાન જેવા અભણ દેશમાં, કેટલો વખત ચાલશે? જે ખેડુતને સોંપવા માગીએ છીએ, જે મજુરને સોંપવા માગીએ છીએ એને લાયક બનાવવાનો કાર્યક્રમ ક્યાં છે?

આપણું ધન ખનીજોમાં, નદીઓમાં, ધરતીમાં, આબોહવામાં જેમ રહેલું છે તેમ આપણા લોકોમાં રહેલું છે. મુખ્યત્વે તો માનવી છે; એને હાથે દેશની દોલત તૈયાર થવાની છે; એને તૈયાર કરવો જોઈએ. શિક્ષિત, નિરોગી, ચારિત્ર્યવાન, પરગજુ, દેશાભિમાની, પોતાના ધંધાથી પૂરો વાકેફ. આ માટે ખેતી સુદ્ધાંના મુખ્ય ધંધાઓ નિર્માણ કરી તેમાં જોડાનારા નિષ્ણાતો અને મજુરો ઉપર દેશ પહેલું લક્ષ આપે. પછી બીજાઓનું થવાનું હોય તે થાય.

પણ આપણે તો સર્વોદય કરવો છે! ખરું પૂછાવો તો, આપણે ક્યાં વધવું છે તે જ નક્કી નથી.

ગમે એમ, સમાજવાદીઓની ટીકાઓ પણ કામની છે. ભલે એમની કાર્યશક્તિ કે દૃષ્ટિ દોષવાળાં હોય. આપણી ભૂલો–ત્રુટિઓ બતાવનારું તો કોઈ જોઈએ. એ પક્ષમાંયે કેટલાક સહૃદયી અને સેવાભાવી કાર્યકરો છે, અને એમનાથી બને તેટલી ઝુંબેશ તેઓ ચલાવી રહ્યા છે. ધારાસભાઓમાં વ્યવસ્થિત વિરોધ પક્ષના અભાવે કોન્ગ્રેસમાં જે કોઈ ગેરરીતિઓ આવી ગઈ છે તે રોકવા પણ સમાજવાદીઓ આવકારને પાત્ર છે.

પણ સાથે સાથે એમનીયે દ્વિધાવૃત્તિ આપણને બહુ દૂર લઈ જાય એમ નથી. દેશમાં અત્યારે જરૂર હોય તો એક મજબુત વિનિત અને મધ્યમ પક્ષની–જેને સામ્યવાદ કે ગાંધીવાદ સાથે લેવાદેવા ના હોય અને દેશનું રાજકારણ પક્ષાપક્ષીમાં પડ્યા સિવાય શુદ્ધ આર્થિક નિયમો અને રાજકીય પ્રણાલિકાઓ ઉપર ચલાવી શકે. એ લોકો પ્રજામાં પોતાની કારકીર્દિથી જાણીતા, કાબેલ અને ચારિત્ર્યવાળા હોય તો કોન્ગ્રેસે પણ ચૂંટણીઓમાં એમને આવકારવા જોઈએ.

સમાજવાદીઓને દેશની સેવા કરવી હશે તો રંગના વળગાડ વહેલી તકે કાઢી નાખવા જોઈશે, અને પક્ષને પોતાની સ્પષ્ટ નીતિ ઉપર તટસ્થ કરવો પડશે.

×

કોમ્યુનીસ્ટ પક્ષની ચાલબાજીથી કોઈ છેતરાનાર નથી

હિન્દુસ્તાનની કોમ્યુનીસ્ટ પાર્ટીએ પોતાના પક્ષની નીતિ બદલવાની જાહેરાત કરી છે. ખૂન, બોમ્બ, એસીડના ગોળા, ગોળીબાર, ધાડ એવાં કેટલાં ય અપકૃત્યો આ પક્ષને શિર ચોંટેલાં છે. એમાં ફાવ્યા નહિ અને ઉલટો વિરોધ વહોરી લીધો ત્યારે હવે બંધારણીય રીતે લડત ચલાવવાની તેઓ જાહેરાત કરે છે.

નવા પ્રજાસત્તાકની ચૂંટણીઓ આવે છે. નવી ધારાસભાઓ રચાય એમાં દાખલ થવા સૌ કોઈ ઈંતેજાર છે. સામ્યવાદી પક્ષ પણ એવા જ હેતુથી પોતાની વિશિષ્ટ કાર્યપદ્ધતિ અભરાઈ ઉપર મૂકી દે છે. એમ કરતી વેળા પોતાના પક્ષમાં હાર્દરૂપ

સૂચન કરે છે. નવી નેતાગીરીની ઘોષણા કરે છે.

પરન્તુ, પ્રજાને ભાન થઇ ગયું છે કે એમની જાહેરાતો કામ કઢાવી લેવા પૂરતી જ હોય છે. જે જુલ્મો એમણે દેશના પ્રજાજનો ઉપર ગુજાર્યા છે એમાંથી એમને મુક્તિ મળવી ન જોઇએ. કરણીનાં ફળ એમને મળવાં જ જોઇએ. ફાવે ત્યારે છોડી શકે અને ફાવે ત્યારે જુની નીતિ ગ્રહણ કરી શકે—કોઇ પુછનારું ના હોય તો એમને છૂટો દોર મળી જવાનો, અને જતે દહાડે પ્રજાની રંજાડ વધી જવાની.

મત તો એમને ક્યાંથી મળવાના હતા? પરન્તુ, ચૂંટણીના દિવસોમાં એમનાં લાઉડસ્પીકરો ગાજતાં રહે એ હેતુથી તેઓ લોકો અને સરકારની આંખે પાટા બાંધવા નીકળ્યા છે. ગમે ત્યારે એમને ટેકો મળી રહેવાનો છે–ગુંડાઓનો. જે સમજુ વર્ગ છે તે હવે ભરમાય એમ નથી.

×

શ્રી રાજાજીનું સ્થાન પ્રધાનમંડળમાં રાજગુરુ જેવું છે

દીલ્હીના પ્રધાનમંડળમાં ફેરફારો થયા. મુન્શી, મહેતાબ, શ્રીપ્રકાશ ને રાજાજી એ કોન્ગ્રેસી સભ્યો ઉમેરાયા. પરન્તુ, આવી સંખ્યાથી જ ફેરફાર થઇ ગયો એમ માનવાનું કારણ નથી. કોન્ગ્રેસની સરકાર છે, પછી એ વત્તા કે ઓછા, આ ફેરફારમાં સૂચક હોય તો રાજાજીની પસંદગી.

રાજાજી એ વિચક્ષણ રાજપુરુષ છે. ગાંધીજીની હયાતિમાં પણ એમનું સ્થાન ઘણું વિશિષ્ટ હતું. એમને મૂળ સુધી જતાં ફાવે છે, એમનું નિદાન સચોટ હોય છે. બહુ રમુજ સાથે એ ગંભીર વાત કરી શકે છે. એ આપણો સ્થિતપ્રજ્ઞ છે.

એમના હાથમાં કેટલી કામગીરી આવશે એ પણ ગૌણ બાબત છે. ખરું જોતાં રોજીંદા કામકાજમાં એમને ના નાંખે તે જ ઇચ્છવા જેવું છે. એમને અટપટા પ્રશ્નોમાં માર્ગદર્શન માટે નિયુક્ત કરવા જોઇએ. પ્રમુખનું સ્થાન કેટલીક ઔપચારિક વિધિઓમાં ગુંચવાયેલું રહે છે અને પ્રધાનમંડળ ઉપર બહુ દેખરેખ તેઓ નથી રાખી શકતા, એટલે પ્રમુખ કરતાં યે વધારે જવાબદારીવાળું કામ કરવાનું હોય તો રાજાજીને ત્યાંથી અલગ રાખવામાં યે ખોટું નથી.

રાજાજીને નીમ્યા પછી આપણે બંધારણમાં એક નવી પ્રણાલિકા ઊભી કરી છે. એમને સાદી ભાષામાં રાજગુરૂ કહી શકાએ. સ્વસ્થ, દીર્ઘદ્રષ્ટિવાળા, ચાણક્ય, અને છતાં વેદાંતી—એવા પુરુષને માથે કોઈ સંસ્થાનું વહીવટી કાર્ય ના નંખાય. એમને માટે તો એવું જ કામ હોવું જોઇએ કે દેશમાં ચાલતા પ્રવાહો ઉપર નજર રાખે, સૂચનો ઉકેલી આપે, નવા ચીલા પાડવાનું શીખવે, ઉત્સાહના ઉભરાને રોકે અને કાર્યક્ષમ બનાવે, સ્થિરતા લાવે.

આપણી સામે પ્રાંતપ્રાંતની અસમતાના, હિંદી અંગ્રેજી ભાષાના, દારૂનિષેધના, અંકુશોના–એવા કેટકેટલા ધૂની મતમતાંતરો પડ્યા છે. એમાંથી રાજાજી જેવા કુશળ પુરુષ આપણને માર્ગ ચીંધી આપશે—સ્પષ્ટ અને સરળ રીતે. રાજકીય નાટકના તખ્તા ઉપર હોવા છતાં એ પડદા પાછળના નિષ્કામ સૂત્રધાર તરીકે રહે છે, તે પણ એમની જ લાક્ષણિકતા છે.

કોન્ગ્રેસ ચૂંટણીઓના ઝઘડા

કોન્ગ્રેસમાં ચૂંટણીઓના ઝઘડા કોર્ટે ઘસડી જવાની રીત પૂરજોશમાં ચાલુ થઈ જાય તે પહેલાં રૂકાવટ આવી ગઈ છે, એ આવકારપાત્ર છે. જેમને અસંતોષ રહી જાય તે કોન્ગ્રેસથી છૂટા થાય અને અને નવા પક્ષ રચે તો દેશને એથી નુકશાન નથી થવાનું. પ્રમાણિક મતભેદો હંમેશા આવકારવા જોઇએ.

એ સાથે ચૂંટણીઓની ગેરરીતિઓ સામે કડક પગલાં લેવાય એ પણ ઇચ્છવા જેવું છે. કોન્ગ્રેસ જેવી સેવાકાર્યને વરેલી સંસ્થામાં ચુંટણીઓ માટે સામાન્ય રીતિઓ અખત્યાર થવી ના જોઈએ. ખરું જોતાં ચુંટણી એ કોઇપણ સજ્જનને બહુ આકરી કસોટીએ ચઢાવે છે અને એની ધીરજ ખૂટી જાય એવી હલકી સપાટી ઉપર ધકેલી દે છે. પરન્તુ, દેશની ઘણી લોકોપયોગી સંસ્થાઓમાં સજ્જનો અને નિષ્ણાતો માટે માર્ગ ખુલ્લો રાખવો હોય તો ચુંટણીઓમા વધુ સાહસ અને ખેલદિલીથી કામ કરતાં

થીગી જવું પડશે. નહિ તો માત્ર ધાંધલીઆ જ ફાવવાના, સમર્થ પુરુષો ખસી જવાના.

જેમ ચુંટણીઓમાંથી કોર્ટ કાઢી નાંખી તેમ બીજું કેટલુંક અસ્ત્રીકાર્ય અને અઘટિત વેળાસર કાઢવું જ રહ્યું.

×

વન મહોત્સવ–

એક પ્રબળ આંદોલન

તા. ૧ લી જુલાઈથી દેશભરમાં ઠેર ઠેર નાના મોટા ભેગાં મળી સૌએ વન મહોત્સવ ઉજવ્યો ને સંકારી તંત્રમાં એક સાહિત્યકાર કેવી ભાત પાડે છે તેનું એક પ્રમાણ આપણે જોઈ શક્યા

કેટલાક છાપાઓમાં કડવી ટીકાઓ થઈ કોઈકે માન્યું કે જનતાને ઉંધે પાટે ચઢવવાનો આ તુરખો છે. કોઈકે આમાં નદબાજી દીઠી. કોઈકે કહ્યું આવતા દુષ્કાળ સામે ભારતની સરકારની પાસે આવો જ કાર્યક્રમ હશે તો ફાવવાનો દુષ્કાળ. કોઈકે કહ્યું શહેરમાં ઝાડ વાવ્યાં તે શોભા વધી, દેશની સમૃદ્ધિ નહિ. કોઈકે જંગલખાતા સામે આંગળી કરી, એના નિષ્ણાત અમલદારો શું કરે છે? અને ઠેર ઠેર એમ સંભળાતું હતું, વાવ્યાં તો ખરાં, ઉગશે ખરાં?

શંકાઓ સાચી છે. પરન્તુ આ તો એક આંદોલન છે. સહુ આંદોલનો જેમ એની શરુઆત શહેરોમાં જ હોય. રફતે રફતે આંદોલનો પ્રસરે છે અને પ્રજાના મૂળમાં અસર કરે છે આ ઝૂંબેશની શરુઆત આટલી દેખાતી ન હતી. એટલે આશા પ્રગટે છે કે એનું આયુષ્ય ટૂંકું નથી એ આદરી એવી શ્રદ્ધા જેને ના પડતી હોય તેના પોતાનામાં દોષ કાઢી શકાય એવી ઉચી ને કલ્યાણકારી આ પ્રવૃત્તિ છે. પ્રજાનો કોઈ વર્ગ એમાં ખોડ કાઢી શકે એમ નથી, બધાને રૂચતી આવે એવી એની ભાવના છે.

ગાંધીજીનો નિમક સત્યાગ્રહ જેમ પ્રબળ અને નિષ્પાપ પ્રવૃત્તિ હતી અને જોતજોતામાં એણે લોકોના મન ઉપર અસર કરી હતી તેમ આ વન મહોત્સવની પ્રવૃત્તિએ પણ દેશને જગાડ્યો છે. સત્યાગ્રહ પછી આ દેશની બીજી વ્યાપક ચળવળ છે, જેમા પ્રજાને એવું ભાન થવા લાગ્યું કે તેઓ કૈં ને કૈં કરી શકે છે, દેશને તેમની જરૂર છે. આજ સુધી ચરખો એક અગત્યનું સ્થાન રોકી બેઠો હતો, પરન્તુ ત્યાં સુધી બધાના હાથ પહોંચતા નહિ વૃક્ષ રોપણ કૈંક દરજ્જે સહેલું લાગ્યું ને તેમ છતાં એની ઉપયોગિતા બધાએ કબુલ રાખી છે.

આ પ્રવૃત્તિ અન્ન સંકટ નિવારણ કાજે આરંભ થઈ છે. સંભવ છે કે આ પગલાંથી આપણું સંકટ ટળી ના જાય. પણ આપણે શું કામ ભૂલી જઈએ કે આંબા ઉતાવળે પાકતા નથી. વખત આવ્યે એનું ફળ મળી રહે છે, જે વાવે છે તેને અને એના પછીના ધણીને આ પ્રવૃત્તિનું લક્ષ્ય બાંધવાની જરૂર નથી સત્યાગ્રહને પડકાર મળતાં એનું જોર જણાયું હતું. આ પ્રવૃત્તિમાં એમ ના હોય એ દેખીતું છે. પહેલામાં સ્વરાજની સાધનાનો હેતુ હતો આમાં તો વૃક્ષ સાથે જ સૌની મંગલકામના આપોઆપ વરતાય છે અને એ રીતે સત્યાગ્રહ કરતાંયે આ આંદોલન ટપી જાય એવું છે.

ઉણપો તો હશે જ: કારણ કે કોઈ માનવીના દોરવ્યા આ પ્રવૃત્તિ તરફ આપણું ધ્યાન ગયું છે. પરન્તુ, એ ઉણપો કોઈ રીતે દુર્ગમ નથી. જણનારી મરી જાય તો યે બાળકોને કોઈ મરવા દેતું નથી, એમ રોપી જનારા ભલે તમાસો કરી ગયા હોય, છતાં આપણી તો ફરજ જ છે કે બાળકોની જેમ આ રોપાઓની યે માવજત કરવી અને ઉછેરવા. વનસ્પતિના જીવ સંબંધી શ્રી જગદીશચંદ્ર વસુએ જે કહ્યું છે તે એળે જવા દેવું ના જોઈએ.

હિન્દુસ્તાનની સંસ્કૃતિ વનજીવનમાંથી ઉગી છે. એમાં નવાનના આને રૂપાંતરો થાય એ બધું સ્વાભાવિક છે. પરન્તુ, પુરાણી પ્રીતિ વિસરાની નથી. વનની યાદી આવતાં વેંત લોકોના દિલને સ્પર્શ કરી ગઈ છે. એનું કાવ્ય પ્રજાએ ઝીલ્યું છે, એમાં આનન્દ અનુભવ્યો છે. પ્રજાનું હૈયું પારખનારાઓ માટે આ ચિહ્ન આશાજનક છે.

એ આંદોલન ઝીલી લઈ

આવતો ઉત્સવ દીપાવીએ

દર વર્ષે જલિયાંવાલા બાગનો દિન ઉજવવાનું

આપણે ચૂકતા નથી તો પછી આવો ઉપયોગી, આનંદપ્રદ અને પ્રજા શરીરને નવપલ્લવિત કરનારો ઉત્સવ આપણે દર વર્ષે ચાલુ રાખવો જોઈએ. આ વર્ષે જે ખામીઓ જડી હોય ને એક વર્ષમાં જે બીજું કંઈ સૂઝે તેની ઝીણવટભરી નોંધ રાખી ચોક્કસ સુધારો વધારો કરવો જોઈએ.

વૃક્ષારોપણ વખતે મંત્રો બોલાય ને હવનો થાય તો તેનું દુઃખ કરવાની જરૂર નથી. કોઈએ ફોટા પડાવ્યા, કોઈએ ભાષણો ઠોક્યાં, કોઈએ એ નિમિત્તે ફંડ એકઠાં કરી લીધાં તો એથીયે દુ:ખી થવાની જરૂર નથી. ઝુંબેશ ઉપાડવા માટે કેટલુંક પ્રદર્શન કરવું પડે છે અને એનું શાસ્ત્ર જુદું છે.

આપણે તો એમ ઈચ્છીએ કે ઉપયોગી વૃક્ષો રળિયામણાં વૃક્ષો, ફૂલફળ વાળાં વૃક્ષો પસન્દ કરીને ઉગાડવામાં આવે. એમાં કોઈ યોજનાપૂર્વક કામ થાય તો સારું. સીમલાનો આખો પહાડ એક જ જાતનાં વૃક્ષોથી સુશોભિત થયો છે તે કાંઈ એની મેળે થોડો જ થયો હશે ત્યાં પણ કોઈની યોજના ને પ્રયત્ન કામ લાગ્યાં હશે. આપણેય એવું કરવું જોઈએ.

તે પછી રહ્યો ક્ષેત્રનો વિચાર. કયા ભાગમાં શી જરૂર છે, એ વિભાગમાં શી રીતે વૃક્ષારોપણ થઈ શકે, કયાં ઝાડ એ ભૂમિમાં એ આબોહવામાં ઉછરે તેની માહિતી એકઠી કરવી જોઈએ. ઝાડમાં તો બાવળિયો પણ નકામો નથી જતો, પરન્તુ એ સૌનું સ્થાન ને મહત્વ વિચારી લેવાય તો સારું.

ગુજરાતનું હીલસ્ટેશન

ગુજરાતમાં પહાડો તો છે, પણ આબુને બાદ કરતાં કોઈ હીલ સ્ટેશન નથી. અને આબુને પણ ઝાડોની દૃષ્ટિએ ઉત્તમ ના ગણી શકાય પહાડો ભલે તીર્થ પામ્યા હોય પણ લોકોની કે સરકારની નજર મંદિર આગળ જ ચોંટી ગઈ છે. પહાડો ઉપર સડકોને વૃક્ષોની એટલી જ જરૂર છે.

એટલે લીલાછમ પહાડો કરી નાંખવાની પણ ચોક્કસ યોજના થવી જોઈએ. જ્યાં નગર વસાવી શકાય એવા ઊંચા પાણીનાં સાધનોવાળા પહાડને ધ્યાનમાં લઈ આજથી જ અખતરા કરી જોવા જોઈએ કે કયા પહાડ કયી રીતે ખીલવી શકાય છે. ગુજરાતીઓ બીજે જાય છે ભલે જાય. પણ બીજા ગુજ-માં આવે તો શું ખોટું છે. ? અને ગુજરાતમાં જ હીલ સ્ટેશન ખીલવ્યું હોય તો ગુજરાતનાં મધ્યમ વર્ગને કેટલો લાભ મળે ? કંઇ નહિ તો મેદાનના લોકોની સુંવાળપમાંથી કંઈક પહાડી લોકોની કડપણ તો આવે !

કોઈકે વાત કરી છે રાજપીપળાનો ડુંગર ગુજરાતનું હિલ સ્ટેશન બની શકશે અને ત્યાં અમુક જાતનાં જ ઝાડ લગાડવામાં આવશે.

એમ આપણે વનનું પર્વ ઉજવતા થઈએ અને વનમાં જતા શીખીએ તો દેશને તો લાભ છે જ. પરન્તુ, ગુજરાતની તો કાયાપલટ થઈ જાય એવો આ મુદ્દો છે.

શાળા કોલેજોનું રાષ્ટ્રીયકરણ

હમણાં હમણાં નારાજગીનો પાર નથી. મેટ્રીકની પરીક્ષાઓમાં અંધાધુંધી થઈ. પાસ થયેલાઓને આગળ વધુ શિક્ષણની તક ના મળી. જુદી જુદી લાઈનો લેવામાં યે ભારે અગવડો નડી. આ ઉપરાંત ફીનો વધારો, પુસ્તકોની બદલીઓ, હિંદીના ભણતરનો હુમલો જેવાં કારણો પણ છે. ભણી રહ્યા પછી વેઠવી પડતી બેકારી પણ કેમ ભૂલી જવાય ?

જ્યારે નાનાં બાળકોને પોતાનાથી ઊંચકીને લઈ ના જવાય એટલી નોટો–ચોપડીઓનો બોજો ઉપાડીને નિશાળે જતાં જોઈએ છીએ, જ્યારે 'સમશીતોષ્ણ–કટિબંધ', મહાવીરસ્વામીની ભૂલાઈ ગયેલી વાતો, સંસ્કૃતનાં રૂપો, એલજીબ્રા ને ભૂમિતિનાં પ્રોબ્લેમ્સ ને એવું બધું વાચતા જોઈએ છીએ ત્યારે એમની દયા આવે છે. અકબરની વાતો ગુજરાતી બીજા ધોરણથી બી.એ.ના છેલ્લા વર્ષ સુધીમાં કેટલી ય વાર ફરી ફરીને આવે છે. લડાઈઓ, સુલેહની ઈસ્વીસન, ઇંગ્લાંડના પ્રધાનમંડળના ફેરફારો વગેરે ચાલ્યાં જ કરે છે. બુદ્ધિને કસવા કરતાં યે જડ કરી નાંખે એવો અભ્યાસક્રમ છે એમ સામાન્ય માન્યતા ચાલે છે.

શાળાઓમાંથી આગળ ક્યાં જવાનું છે તેનો નિર્ણય પણ થવો જોઈએ. જે ખાસ ઊંચી તાલીમ લઈ શકે તેવા હોય તેમને ભલે પોતાનું ભવિ નિર્ણય કરવાનો હક્ક મળે. પરન્તુ સામાન્ય વિદ્યાર્થીઓને કઈ તાલીમ જરૂરી છે એ નક્કી કરી એટલેથી સંતોષ માનવાનું જણાવવામાં આવે તો એમાં ખોટું શું છે ?

જે વિદ્યાર્થીઓ સહાય લઈ ભણવાનો યત્ન કરે છે તેમાંના થોડા જ પૂરી લાયકાત ધરાવે છે. અને છતાં વિદ્યાના ઉત્તેજનને નામે ન્યાતના-જાતના-સ્મરણનાં ફંડો વેરવિખેર ચાલ્યાં કરે છે. કોઈ દસ રૂપિયા આપે તો કોઈ છાત્રાલયમાં રહેવા દે. પૂરેપૂરી અને લાયકને જ મદદ એવું ધોરણ તો થોડામાં જ હશે.

શિક્ષણને અંતે જીવનનું ધોરણ સુધરી જાય, એવો સંભવ તો આજે પણ છે અને એથી જ તો જ્યાંથી ત્યાંથી વિદ્યાર્થીઓ પરીક્ષાઓ પસાર કરવાનું ચાલુ રાખે છે. પરન્તુ એમાં આંધળિયાં છે, યોજના નથી. અને તે પછી સમાજની રચનામાં ભૂલમાંથી નિપજેલું વિષ ફેલાઈ રહે છે, સમાજ રોગિષ્ટ બનતો જાય છે.

ધંધાદારી સંસ્થાઓમાં કોઈક સારી હશે પણ જ્યાં એવું નથી ત્યાં શિક્ષણની જાણે હરરાજી બોલાતી હોય છે. વાલીના પૈસા અને બાળકોની જીંદગી બન્નેનો ખુરદો થઈ જાય છે. હિમમરચામાં ભલે કાળુંબજાર ચાલે, શિક્ષણમાં તો એક ધોરણ જોઈએ.

તો પછી શાળા-કોલેજોનું રાષ્ટ્રીયકરણ કેમ કરવાનાં આવતું નથી!

×

નવમણ તેલ થાય તો
રાધા નાચે!

અંકુશો દૂર કરવા સંબંધી દેશમાં જે ઉહાપોહ મચ્યો છે એમાં કોન્ગ્રેસ સમિતિઓના આગેવાન હોદ્દેદારો અને રચનાત્મક કાર્યકરો પણ સામેલ છે. વેપારીઓ સાથ આપે એ તો દેખીતું છે. આમ જનતા પણ એવું જ ઇચ્છે છે. અને આપણાં ઘણા વર્તમાન પત્રોમાંથી તટસ્થતા અને નીડરતા જતી રહી છે એટલે એમનો અભિપ્રાય હોય તોયે ખપનો નથી.

પરન્તુ, પ્રધાનો અને તેમનાં ખાતાંઓને અંકુશો કાઢવા નથી. એમની દલીલ પણ વિચિત્ર છે, જ્યાં સુધી પ્રજામાં સંઘરાખોરો ને નફાખોરીનાં દૂષણો છે, ત્યાં સુધી અંકુશો કાઢી શકાય નહીં, આમવર્ગને શોષવું પડે. અને એ વાત ખોટી પણ નથી. પરન્તુ, વેપારીઓની રીત બદલાય નહિ ત્યાં સુધી અંકુશો રહેવાના હોય તો કેટલાંય વર્ષો એમ જ ચાલ્યાં કરે. દુનિયાના ઘણા આગળ પડતા દેશોમાં મોટાં કાળાંબજાર જામેલાં છે અને વેપારીઓની મનોદશા સામાન્ય પ્રજાજન કરતાં ખાસ ઉંચી હોવાનો સંભવ નથી. પછી 'નવ મણ તેલ થાય તો રાધા નાચે' જેવી વાત વ્યાજબી કરતી નથી.

ખાંડનો અંકુશ કાઢી નાખ્યો ને એમાં ગોટાળો થઈ ગયો એ હકીકત આપણી સામે છે. એની તપાસ હાથ ધરવામાં આવ્યે ઘણો વખત થઈ ગયો છે. જે કાંઈ રોગ છે તે વેપારીઓના માનસ સિવાય બીજે પણ છે એવી પ્રજાને શંકા છે. અછત અને કાળાં બજારના નામે બહારથી આયાત, મોટાં ખાતાઓને નિભાવવાની જોગવાઈ અને ઉદ્યોગો ઉપરની હકુમત ભોગવી રહે છે તે સરકારી તંત્રને રૂચી ગયાં છે અને હવે છૂટતાં નથી.

પેટ્રોલનો, સીમેન્ટનો, કાગળનો અને એવા બીજા અંકુશો કાઢી નાખ્યા પછી હાડમારી ઉભી થઈ હોય એવા અનુભવ મળ્યા નથી, એની પણ નોંધ લેવી જોઈએ

×

આટલું થાય તો
દુઃખ ક્યાં છે?

સાથી રાષ્ટ્રસંસ્થા તરફથી નિમાયેલી એક સમિતિએ તપાસ કર્યા બાદ જાહેર કર્યું છે કે જગતની પ્રજાઓને જુદી જુદી જાતિઓમાં વહેંચી નાખવામાં ભૂલ થઈ છે. એવી જાતિઓમાં કોઈ એક બીજી કરતાં માનસિક દરજ્જે ઉંચી છે એમ માનવામાં પણ ભૂલ રહેલી છે. સરખી તક મળે તો કોઈ પણ 'જાતિ'વાળો માણસ સરખી રીતે આગળ વધી શકે છે.

જે તફાવત દેખાય છે તે કેળવણી અને તાલીમના ભેદના લીધે છે, બૌદ્ધિકશક્તિ, માનવીની પ્રતિભા કે ચારિત્ર્ય એમાં જાતિથી તફાવત પડતા નથી. સ્વભાવથી એ કાંઈ જુદા નથી. જુથોને જાતિઓથી ઓળખીએ છીએ. એમાં જે અંદરઅંદર ઘણો ફેર તો હોય છે.

ઉંચી જાતિ અને જંગલી જાતિ એવા ભેદ પાડી દુનિયામાં જે ભારે નુકશાન થઈ ગયું છે તે હવે આ વૈજ્ઞાનિક શોધખોળ પછી અટકી જાય તો સારું.

★

આગળ વધતી આપકથાનું એક વધુ પ્રકરણ

જીવનપંથ [૮]

ધૂમકેતુ

એ વખતના સૌરાષ્ટ્રમાં શ્રી. મનસુખભાઈ શ્રી, દેવચંદભાઈ અને પછી શ્રી. અમૃતલાલ શેઠ–એમ રાટ્રીષ્યપ્રવૃત્તિ પ્રવાહનું વહેણ ચાલુ થયું હતું. તે વખતે રાણપુર એ તમામ પ્રવૃત્તિનો કિલ્લો ગણાતું. રાણપુર અને અમૃતલાલ શેઠ એ બન્ને નામમાં સૌરાષ્ટ્રની જનતાને આશાનું કિરણ દેખાતું.

અમૃતલાલ શેઠે મારા ઉપર સીધો કાગળ મોકલ્યો ન હતો. આજ આપણે શું મેળવ્યુ છે ને શું નથી મેળવ્યું–એ સમજો એક માંડીએ છીએ ત્યારે આટલી આ એક નાની સરખી બીના પણ યાદ રાખવા જેવી છે. અમૃતલાલ શેઠનો સીધો કાગળ કોઈના ઉપર આવે તો એ કાગળ ન મનાતો. ગોંડલમાં એ બોમ્બ ગણાતો. એટલે વ્યવહારદક્ષ શ્રી. શેઠે સીધો મારા ઉપર કાગળ ન લખતાં ત્યાંની ગરાસીઆ કૉલેજના એક શિક્ષક નાગરદાસ મૂળજી ધ્રુવ ઉપર કાગળ મોકલ્યો.

શ્રી. ધ્રુવ વઢવાણના હતા. અને સાહિત્યમાં પ્રેમ ધરાવતા અંગ્રેજ લોકોને ગુજરાતી શીખવાનું સુગમ પડે એ હેતુથી એમણે લખેલાં બે ત્રણ પુસ્તકો, ઘણું કરીને મેકમીલન કં.એ પ્રગટ કરેલાં. એ 'ટાઇમ્સ ઑફ ઇન્ડીઆ'માં સમાચાર મોકલતા. હતા પ્રિવિયસ પણ જ્ઞાન ઘણું સારું હતું. રાજા અને પ્રજા ઉભયને પ્રિય બનવાની કેટલાકમાં કુનેહ હોય છે–એવી કુનેહ એમનામાં નૈસર્ગિક રીતે જ હતી, એટલે અમલદારોમાં એમની પ્રતિષ્ઠા હતી, તો રાષ્ટ્રીય કાર્યકરો પણ એમને વિશ્વાસપાત્ર ગણતા.

ધ્રુવ સાહેબે એક દિવસ મને બોલાવીને કહ્યું કે તમારો એક કાગળ મારા ઉપર આવ્યો છે.

મેં કહ્યું: 'કોનો છે?'

એમણે ધીમેથી કહ્યું: 'તમારે માટે જ જાણવા પૂરતું નામ આપુ છું.'' એમણે કહ્યું.

'અમૃતલાલ શેઠનો!'

અમૃતલાલ શેઠની તે વખતની પ્રતિષ્ઠા એવી હતી કે એ સાંભળીને મને ગર્વ અને આનંદ થયાં. હું એ કાગળ ઘેર લઈ આવ્યો. બે ત્રણ વખત છાનો છાનો વાંચ્યો. રાષ્ટ્રપ્રવૃત્તિમાં આપણી કલમનું સ્થાન છે એ વિચારે ઉત્સાહ પણ આવ્યો. શ્રી. અમૃતલાલ શેઠનો કાગળ નીચે પ્રમાણે હતો:

રાણપુર: તા. ૫–૧૧–૨૨

પ્રિયભાઈ,

તમે વચન આપી છટક્યા. એક અક્ષર જણાવવા જેટલું પણ ન કર્યું. ખેર! અત્રે બીજો બંદોબસ્ત થઈ ગયો છે હવે તો વળી આગે આગે ગોરખ જાગે.

આજ લખું છું તે બીજા કામ માટે. તમારી વાર્તા 'પૃથ્વીશ' આજે મેં 'નવચેતન'માં વાંચી તમે જમાવેલો પ્લોટ આલેખેલા ભાવ અને ચિત્રાલેખનમાં ચમત્કૃતિ જોઈ વાંચતાં મને એમ થયું કે તમે અમારા માટે ચાલુવાર્તા લખી ન આપો?

કોઈ દેશીરાજ્યનું ચિત્ર બરાબર દોરી આપો. 'પૃથ્વીશ'માં તમે એ માર્ગે છો એ જોઈ શકાય છે. 'સૌરાષ્ટ્ર' માટે પણ એવું જ કાંઈક–વધારે વિશિષ્ટતાવાળું ચિત્ર દોરી આપો એવી મારી ખાસ ઇચ્છા છે.

હમણાં અમે એવો નિયમ કર્યો છે કે 'સૌરાષ્ટ્ર' મા પ્રથમ લખનારને કોલમ દીઠ એક રૂપિયો મહેનતાણાનો આપવો. એ પ્રમાણે તમને પણ–તમારી અનિચ્છા હશે તો પણ નિયમ તરીકે–આપીશું. અને તમારે જરૂર સ્વીકારી લેવું પડશે. પ્રત્યુત્તર લખશો.

તા. ક.

તમારી લખેલી વાર્તા તમારે છપાવવી હેય તો તમને પ્રિન્ટીંગ–કુલ મફત કાઢી આપીશું.

અમૃતલાલ

આમાં જે ઉલ્લેખ છે વચન આપી છટકી ગયા તે વાત, મને લાગે છે, ઘણું કરીને 'સૌરાષ્ટ્ર' પત્રમાં જોડાવા માટેની હતી. ત્યાર પછી એ જ અરસામાં શ્રી મેઘાણી ત્યાં આવ્યા.

આ પ્રમાણે 'રાજમુગટ'નું પ્રકાશન 'સૌરાષ્ટ્ર'માં શરુ થયું. તે કોણ લખે છે એ વસ્તુ પ્રગટ કરવાની

ન હતી એટલું જ નહિ એ જમાનામાં, અને ગોંડલમાં તો ખાસ કરીને, રાષ્ટ્રીયવાદનો ઢોંગ કરતા અને બીજી રીતે તમામને છેતરતા એવા અમલદારો પણ હતા. એમને ખબર પડે કે અમુક લખાણ અમુક માણસ કરે છે તો આવી જ બને. અમૃતલાલ શેઠે પોતે જ એક બીજા કાગળમાં એ ચેતવણી મને આપી હતી.

'તમારી સહી સાથે તમે જે છપાવવા મોકલો છો તે સામે મારે એ કહેવાનું છે કે એ તમારા માટે બરાબર નથી. આજે તમે કોઈની તરફેણમાં લખો એટલે એ ઠીક લાગે, પણ એ રીતે તમને અહીં સ્થાન છે એની એ વાતથી સિદ્ધિ થાય છે, એટલે 'સૌરાષ્ટ્ર'માં આવતાં લખાણો સંબંધી એક કે બીજી રીતે તમારી ઉપર શંકા લાવવાનું કારણ સ્ટેટને રહેશે તે ઠીક નથી એટલે તમારી સહી વિના જ તે પ્રગટ કરવાનું મારું મન છે.

છતાં તમારી મરજી એમ જ હોય તો મારો વાંધો નથી, પણ મારી સલાહ નથી.

પ્રત્યુત્તર તુરત લખશો.

અમૃતલાલના
વંદેમાતરમ્

આ પ્રમાણે 'રાજમુગટ'ની વાર્તા 'સૌરાષ્ટ્ર'માં શરૂ થઈ. એણે એ વખતે ઘણો સારો વાંચનારો વર્ગ ઉભો કર્યો હતો અને આબેહૂબ દેશીરાજની જ વાત હોવાથી રસથી વંચાતી હતી

એક પણ હપ્તો પડે તો પોસાય તેવું ન હતું તે નીચેના શ્રી. નરસિંહ મૂ. શાહ (હાલના ડૉ. નરસિંહ મૂ. શાહ)ના પત્રથી પ્રગટ થાય છે

Urgent—

મેટર જરાય નથી હુંકામાં ખર્ચાઈ ખુટી છે. સોમવાર સવાર સુધી ઉચકે એક પ્રકરણ વધુ મળી જવું જોઈએ

નહીં તર આવતે વખતે તો દેવાળું નીકળે "ટૂંકામાં"

આ વાર્તાએ 'સૌરાષ્ટ્ર'માં ભારી અસર ઉપજાવી. અને તેથી કુદરતી રીતે જ 'સાહિત્ય' પ્રત્યેની નિષ્ઠામાં વધારે ઉત્સાહ આવ્યો.

આ સમયમાં જ ચાલુ થયેલ 'પૃથ્વીશ'ની વાર્તા માસિકમાં છપાતી હોવાથી લખાતી ગઈ. પણ શ્રી ચાંપશી વિઠ્ઠલદાસ ઉદેશીએ એને રૂપેરંગે મઢવામાં પૈસા પાણીની પેઠે વાપર્યા. એનો એક મોટો લાભ એ થયો કે લેખક પ્રત્યે જનતાને આકર્ષણ થયું આ બન્ને નવલકથાઓએ સાહિત્યજીવનની પ્રાથમિક ભૂમિકા બાંધી આપવામાં જાણે મોટો ફાળો આપ્યો છે. શ્રી. ચાંપશીભાઈએ તો એ પુસ્તક વિષેની તે સમયે ઘણી ઉદાર કહેવાય તેવી શરતો આપી હતી એમનો તા. ૫ ૬. ૨૨ નો નં. ૬ કુમરલેઈન કલકત્તાથી લખેલો કાગળ નીચે પ્રમાણે છે

સ્નેહી ભાઈશ્રી જોશી

'પૃથ્વીશ'ની વાર્તા હું વાંચી ગયો છું અને 'નવચેતન' માટે મંજુર કરી છે. તેના પહેલાં પાંચ પ્રકરણો ચાર ચિત્રો બનાવવા ભાઈ રાવળને મસૂરી મોકલેલ છે. બાકીનાં ૬ ૭ ૮ આ સાથે તમને મોકલું છું નકલ કરી લઈ મને પાછાં મોકલી આપશો

વાર્તાના શરતો નીચે મુજબ છે તે તમને લખી જણાવું છું:

(૧) વાર્તા ચાલુ રહે તે દરમ્યાન લેખકે કે ચિત્રકારે કશું લવાજમ માગવું નહિ

(૨) વાર્તાને દર હપ્તો 'નવચેતન'માં છપાય તેની સાથે ૪૫૦ નકલ છપાવવી તેમાંથી ૧૫૦ નકલ લેખકને, ૧૫૦ ચિત્રકારને ૧૫૦ પ્રગટકર્તાને રહે વાર્તા પૂરી થયે તે બધાની આપવાનો ખર્ચ પણ પ્રગટકર્તાને રહે આ ટોટલ નકલ ચિત્રકાર કે લેખક કે પ્રગટકર્તા ગમે ત્યાં વહેંચી શકે

(કિંમત પ્રગટકર્તા ઠરાવશે)

ઉપર મુજબ આપને મંજુર હોય તો તરત જણાવશો.

વાર્તાના કોપીરાઈટ હક લેખકના જ છે.

આપનો
ચાંપશી વિ ઉદેશી

'પૃથ્વીશ'થી બંધાયલો આ સ્નેહસંબંધ શ્રી. ચાંપશીભાઇએ છેક સુધી નિભાવી રાખ્યો. એ એમના સરલ ને સજ્જન સ્વભાવનું એક અંગ એટલે. પછી તો 'નવચેતન'માં અવારનવાર ટૂંકી વાર્તાઓ પણ પ્રગટ થઇ. અને કેટલીક સુંદરમાં સુંદર વાર્તાઓ ત્યાં જ પહેલી પ્રગટ થઈ. પાછળનાં વર્ષોમાં કામ વધતાં હું પહોંચી ન શકું તો પણ ચાંપશીભાઇએ તો એક નિયમ જ રાખેલો કે બે ત્રણ કાગળ લખવા, જવાબ ન મળે તો તાર કરવો ને વાર્તા લીધે જ રહેવું. હજી સુધી એમની એ ટેક એ જાળવતા આવ્યા છે, ને બને છે પણ એવું કે અકસ્માત ક્યાંય મગનમાં દેખાતી ન હોય તેમાંથી એમને માટે સારી વાર્તા આવી જ ચડે છે ! 'મુંગો મુંગો' એ હમણાં લખાયલી વાર્તા એનું ઉદાહરણ છે.

પણ આ વર્ષો દરમ્યાન ગોંડળ તજી દેવાનો સંકલ્પ બળવાન બન્યો હોય તેમ બીજે ઘણે પ્રયાસ ચાલુ કર્યો હતો. મોરબીમાં કેળવણી અધિકારી સુતરિયા હતા. તે પહેલાં ગોંડલમાં હતા. ઓળખે નહિ પણ ગોંડલના છે એમ ધારીને એમણે બોલાવેલ, ને પોણોસો રૂપિયાથી નિમણુંક પણ કરી હતી. પણ પછી ત્યાં જવાનું બની શક્યું નહિ.

આ વખતે ઇન્દુલાલ યાજ્ઞિકના 'યુગધર્મ'માં જોડાવાનો સંકલ્પ બળવાન બન્યો હતો. શ્રી. બચુભાઇની મારફત એ પ્રયત્ન પણ થઇ રહ્યો હતો અને એ માટે તૈયારી પણ હતી. પણ એક કે બીજે કારણે છેક છેલ્લી ઘડીએ વસ્તુ અટકી પડી.

પણ 'વીસમી સદી'ના મૃત્યુ પછી જે કેટલાંક માસિકો નીકળ્યાં તેમાંથી 'ગરવી ગુજરાત'ના રા. ઉદ્દવજી તુલસીદાસ ઘણા ઉત્સાહી અને કાંઇક કરી નાંખવાની ધગશવાળા હતા. તેમણે એ વખતે એટલે ૧૯૨૧-૨૨ દરમ્યાન ઠીક-'ગરવી ગુજરાત' માટે ઠીક-લોકપ્રિયતા મેળવી હતી. એ વખતે હજી મુનશીનું 'ગુજરાત' નહિ નીકળેલું એટલે આ સચિત્ર માસિક લેખકોને આકર્ષી શક્યું હતું

એ વખતે એમણે અંક સ્વરાજ્ય-અંક કાઢેલો. તેમાં આવેલાં મારા લેખથી એમને ઘણો સંતોષ થયો અને એમણે અવારનવાર લેખો માગવાનું ચાલુ કર્યું.

એમણે હાજીમહમ્મદને પગલે લેખકોને ફૂલ નહિ તો ફૂલની પાંદડીનું ધોરણ સ્વીકારીને પણ ઉત્તેજન આપવા માંડ્યું હતું. એમણે મોકલેલાં કેટલાંક ભેટ પુસ્તકો હજી પણ મારી પાસે છે.

એમનો ઉત્સાહ, ગુજરાતના લેખકોને આગળ લાવવા માટેનો, કેટલો તીવ્ર હતો તે એમણે રા. નવળને લખેલા એક પત્રથી પ્રગટ થાય છે. એ લખે છે,

'ભાઇ જોશીવાળા લેખનું ભાષાંતર રા. ખાડીલકર, લોકમાન્યના અધિપતિ કરવાના છે. તે આવતા અઠવાડિયામાં જરૂર લેશે એમ એમણે મને કહ્યું છે. રા. વિભાકર તરફથી સોવાર નહિ પણ હજારોવાર ધન્યવાદ આપવાનું ભાઇ જોશીને જણાવ્યું છે.'

આ ઉલ્લેખ કરાયેલો લેખ 'પ્રજાજીવનમાં રસ અને સ્વરાજ્ય' ઘણો વખણાયો હતો. તે પછી તો અપ્રગટ જ રહ્યો, પણ આ સમયે જે રાષ્ટ્રીય જુવાળ આવેલો તેમાં સમયોચિત હોવાથી આ લેખો ઘણી જ પ્રશંસા પામ્યા અને તેમણે ઘણાનું ધ્યાન પણ ખેંચ્યું.

આ વખતે 'ગરવી ગુજરાત'માં કેટલીક નવલિકાઓ પણ મોકલી હતી. 'સાહિત્ય'માં 'પાગલ' એ તખલ્લુસથી બે એક વાર્તાઓ મોકલેલી.

પણ નવલિકાઓ વધારે પ્રમાણમાં લખવાનું કે એ માર્ગ અપનાવવાનું એક સૂચન રા. ઉદ્દવજી તુલસીદાસના તા. ૨૭-૮-૧૯૨૧ના પત્રમાં છે એ વાત વિચાર કરવા જેવી છે. એમાં એ ભાઈએ નીચે પ્રમાણે સૂચન મૂકેલું:

'પ્રજાજીવનમાં રસ અને સ્વરાજ્ય' એ આપનો લેખ વિદ્વાનોમાં આદરપૂર્વક વંચાયો છે. મુક્તકંઠે તેમણે પ્રશંસા કરી છે. સામાન્ય જનોમાં એના વાચનથી એવા વાચનની ભૂખ જાગી છે. સ્ત્રીઓએ

એ રસના લેખમાં ખૂબ રસ લીધો છે. આપના લેખથી 'ગરવી ગુજરાત'ની કિમ્મત વધી છે. મને જે અભિપ્રાય મુંબઈમાંથી મળ્યો છે તે ઉપરથી હું એમ કહી શકું છું કે આપનો એક ચાલુ લેખ જો એક વરસ સુધી આવ્યા કરે તો પણ પ્રજા એ રસથી વાંચે. એ રસમય ભાષા વાંચતાં મને એમ લાગે છે કે આપ જો ટૂંકી કે લાંબી વર્તા, નાટક કે સંવાદ લખો તો અજબ લખી શકો.' વગેરે–

આ પ્રમાણે આ સચન ઈક ૧૯૨૧ સાલ જેટલું વહેલું આવ્યું હતું અને એ રીતે વધારે ને વધારે નવલિકાઓ લખાતી ગઈ. 'અકસ્માત' 'પેર આવતાં' એ નવલિકાઓ આ વખતે લખાયેલી ને 'ગરવી ગુજરાત'માં પ્રગટ થયેલી.

પણ એ સમયમાં રાષ્ટ્રોત્થાનનો જુવાળ હતો એટલે સાહિત્યમાં પણ અવનવા પ્રકારો એક પછી એક પ્રગટ થતા જ હતા. 'ગરવી ગુજરાત' બહુ ન ટકી શક્યું અને 'ગુજરાત' નામમાં એ લુપ્ત થઈ ગયું. પણ શ્રી. વિભાકરે એક નવું માસિક શરૂ કર્યું હતું. 'રંગભૂમિ.'

એનું નામ 'રંગભૂમિ' હતું; પણ એમાં નાટકો જ છપાતાં એવું કાંઈ ન હતું. એ 'રંગભૂમિ' માટે એક લેખ લખવાનું આમંત્રણ શ્રી વિભાકરે ઘણા જ આગ્રહથી મોકલ્યું.

તે વખતે ખબર ન હતી કે 'રંગભૂમિ'માં છપાયેલો એ લેખ એક દિવસ ઘણું જ અગત્યનું કામ કરી જશે.

બીજા લેખો લખાતા હતા તેમ એ લેખ પણ લખ્યો. 'રંગભૂમિ'માં પ્રગટ થયેલો એ લેખ 'પ્રજાજીવનની સંસ્કૃતિ ને રંગભૂમિ' એ નામે પ્રગટ થયેલો. અને શ્રી. વિભાકરે એ વિષે ઘણો જ પ્રશંસા-ભરેલો કાગળ લખ્યો. પણ જીવનમાં ઘણા અકસ્માત બને છે તેમ આ લેખ પણ એક અકસ્માતરૂપ થયો. અને એણે જીવનનું આખું વહેણ જાણે નિશ્ચિત કરી દીધું.

એ અકસ્માત કયા પ્રકારનો હતો તે વિષે યોગ્ય સ્થાને ઉલ્લેખ આવશે.

આ સઘળી સાહિત્યપ્રવૃત્તિને લીધે હવે જીવનની દિશા નિશ્ચિત સ્વરૂપ લેતી હતી. જેમાં સાહિત્યસેવા થાય એ પ્રકારનું જીવન ગોઠવવું એ લગભગ નિર્ણય થઈ ગયો. એ નિર્ણય લીધે જ અને દેશળજી પરમાર, બચુભાઈ રાવત એ સૌ અમદાવાદ આવીને વસ્યા હતા તેથી અમદાવાદ તરફ વલણ વધતું હતું. પણ તે દરમ્યાન એક કે બે વર્ષ સાહિત્યસેવા તો ચાલુ જ રાખી. ઇન્દુલાલ યાજ્ઞિકના 'યુગધર્મ'થી માંડીને ઘણે ઠેકાણે પ્રયત્ન કર્યો હશે પણ કશેય પાટો ચડ્યો નહિ હોય. દેશળજી પરમાર અમદાવાદમાં આવ્યા હતા અને પત્રવ્યવહારથી અને સાહિત્યની સમાન અભિ-રુચિને લીધે એ મૈત્રી વધારે ગાઢ થતી હતી. પણ હજી થોડો વખત થોભાતું હશે એટલે બચુભાઈનો મેળ તો 'નવજીવન'માં મળી ગયો, દેશળજી પરમાર રણછોડલાલ કન્યાશાળામાં રહી ગયા, પણ મારે માટે હજી કોઈ ઠેકાણું જડતું ન હતું. પ્રયત્ન ચાલુ હતા.

'યુગધર્મ'માં જ કદાચ ઠેકાણું પડી જાય ને એ હેતુથી શ્રી. ઇન્દુલાલ યાજ્ઞિકને બધાં લખાણો પણ આપેલાં, પણ કોણ જાણે કેમ એ બધાં ગુમ થઈ ગયાં ને એ વસ્તુ અટકી ગઈ. શ્રી. બચુભાઈ રાવતને એ માટે ઘણી મહેનત કરેલી. એમનો એ વિષે એક કાગળ છે. તેમાં 'કુમાર'નું પ્રથમ સ્વપ્નદર્શન પણ જોવા મળે છે. પંડિત રવિશંકર પણ એ વખતે અહીં હતા. એટલે સૌએ ભેગા થઈને કોઈ સુંદર માસિક કાઢવું એવી શ્રી રાવતની મૂળ યોજના હતી. એ વિષે જ શ્રી. બચુભાઈએ લખ્યું છે.

'કામની યોજનાઓ પાકી થતી જાય છે. નાણું પણ મળી જશે એવી ગોઠવણ છે. હમણાં તો આ બધી silent તૈયારી કરી જઈએ છીએ. આ અહીંનું વાતાવરણ. બાલમાસિક કાઢવાનું નક્કી થઈ ગયું છે. તેં ઇન્દુલાલને મોકલેલા લેખોનો આખો થોકડો ગેરવલ્લે ગયો છે, એ પાછા સમાચાર તને આપવાનું કમભાગ્ય મને આવે છે. હું એને બંગલે–અઢી માઈલ દૂર–ચાર પાંચ ધક્કા ખાઈ આવ્યો. એણે કયાંક આઘા પાછા મુકેલા તે મળતા જ નથી. મેં આખો બંગલો તપાસ્યો, લાગતા વળગતાઓને ત્યાં તપાસ કરી, પરંતુ પત્તો નથી. આ ખબર તને આઘાત ન કરે એ ઇચ્છું છું. હજી પ્રયત્ન ચાલુ

છે... મેં હમણાં 'ગૃહલક્ષ્મી' નામનું નવું હસ્તલિખિત માસિક કાઢ્યું છે. આવતી કાલે એ બહાર પાડશે.'

આ પ્રમાણે સાહિત્યજીવનની એક મનોરમ સ્વપ્નવાટીકા રચવાના આકાશી ખ્યાલો એ વખતે અમને પ્રોત્સાહિત રાખી રહ્યા હતા. એ અરસામાં 'પોસ્ટ ઑફીસ' એ વાર્તા લખાયલી. 'સાહિત્ય'ના ઈ. સ. ૧૯૨૨ના માર્ચ અંકમાં એક વાર્તા મેં આપેલી. તેનું નામ વિચિત્ર હતું.

'ચાંદની છીપ જાયગી મેલા કરત રહ જાયગા' એ વાર્તાનું નામ હતું. અને લેખક તરીકે તખલ્લુસ 'પાગલ' એમ મૂક્યું હતું, એ વાર્તા હજી કોઈ સંગ્રહમાં લીધેલી નથી. 'કુમારપાલ' વિષેનો એક ઐતિહાસિક નિબંધ પણ આ સમયમાં પ્રગટ થયેલો તે ૧૯૨૨માં પ્રગટ થયો છે. તેમાં તખલ્લુસ 'ધૂમકેતુ' મૂકેલું છે. તે પહેલાં 'સિદ્ધરાજ જયસિંહ' નવેમ્બર ૧૯૨૧માં 'સાહિત્ય'માં છપાયેલું. કુમારપાળના ઐતિહાસિક નિબંધે જૈન ભાઈઓમાં ખળભળાટ પણ મચાવેલો. શ્રી જિન વિજયજી હમણાં વર્ષો પછી એ નિબંધને સંભારીને કહી રહ્યા હતા કે મંતવ્યો અને માહિતી એક બાજુ મૂકીએ તો તમારો એ નિબંધ મને ઘણો જ આકર્ષક લાગ્યો હતો. ને ત્યારથી મને લાગેલું કે આ કોઈક પોતાની રીતે વિચારનારો માણસ છે. એ નિબંધને અને 'સિદ્ધરાજ જયસિંહ' વિષેનો નિબંધ બન્ને હજી અપ્રગટ છે. ઐતિહાસિક નિબંધોનું સાહિત્ય આપણે ત્યાં હજી ખેડાયું નથી, હમણાં શ્રી. મુનશીજીએ 'સોલંકીયુગના સમ્રાટો' શરૂ કર્યો છે, પણ વિવેચક ભાઈઓ પછી માહિતીને અભાવે ગમે તેમ ગપ્પાં લગાવવાના દોષમાંથી ઉગરી જવા માગતા હોય, તો એમને રસપ્રદ થાય તેવી એક માહિતિ મારે આપવાની છે કે સોલંકી યુગની નવલકથાઓ લખતી વખતે જ, મેં થોકડાબંધ નોંધો કરી રાખી છે. ને એ ઉપરથી 'ગુજરાતનો ચૌલુક્ય ઇતિહાસ' લખવાનું સ્વપ્ન પણ નોંધી રાખ્યું છે. અત્યારે તો એક પળ પણ મારી પાસે ફાજલ નથી. પણ એ ઇતિહાસ વહેલે મોડે સમય મળ્યે, તો આવવાનો છે. બાકી તો બત્રીસી દેવલમિશ્વરેચ્છા સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાલના નિબંધોએ શ્રી. મુનશીનું ધ્યાન ખેંચેલું તે એમને ત્યારે લખનારની માહિતી નહિ એટલે કાંઈ લખેલું નહિ. પણ 'ગુજરાત'માં લેખ માટે માગણી કરતાં આ તખલ્લુસધારીની માહિતી મળી ત્યારે એમણે લખેલું કે તમારા કુમારપાળ અને સિદ્ધરાજના નિબંધે મારું ધ્યાન ખેંચેલું મને લાગેલું કે મારી પેઠે જ વિચાર કરનારો એક માણસ છે ખરો. એ પત્ર ક્યાંક સચવાયેલ છે, અત્યારે હાથ આવ્યો નથી, નહિતર બરાબર શબ્દો આપી શકાત.

એ સમયની કાઢી ન નાખવા જેવી ને જરાક જ હાથસ્પર્શે સુંદર થઈ શકે તેવી ઘણી કૃતિઓ હજી અપ્રસિદ્ધ પડી છે. કેટલાક પત્રો, ગદ્યો, ઐતિહાસિક નિબંધો અને નવલિકાઓ થઈને, લગભગ દોઢેક હજાર પૃષ્ઠનું લખાણ વણછાપ્યું પડ્યું છે. પણ એ વ્યવસ્થિત કરવાનો અત્યારે હવે સમય નથી—ને વ્યવસ્થિત કર્યા વિના આપવાનો કોઈ અર્થ નથી.

એ વખતે એક ભુલ કરતાં હું સહેજમાં બચી ગયો.

મારા મનને ઉત્સાહ હતો કે એકાદ વાર્તાપુસ્તક પ્રગટ કરવું. જુનાગઢના શ્રી નલિનીકાન્તનું ત્રણ આનામાં પ્રગટ થયેલું 'બાઈડીઓની વાતોમાં તમે શું જાણો' એ પુસ્તક થોડું ખર્ચાળ થાય તેવું લાગ્યું હતું. એટલે એ એક ધોરણ થઈ બેઠું હતું. મેં શ્રી નારાયણજી ગોકલદાસ ડૂંસાણી સાથે પત્રવ્યવહાર કર્યો અને 'સમાજ જીવન'માં આવતા મારા લેખોથી આકર્ષાઈને એમણે પ્રકાશક થવાનું કબુલ કર્યું. પણ ત્રણ આનાથી વધારે મોંઘી કિમ્મત રાખવામાં એ સાહસ જેવું જણાતું હતું. એટલે એમણે મને તે વખતના ધોરણ પ્રમાણેની ઉદારમાં ઉદાર terms આપી એ શરત પ્રમાણે મને ૫૫ પુસ્તકો મળવાનાં હતાં. મારે મારી નવલિકાઓ મને આપવાની હતી. પછી એ લોકપ્રિય થાય તો વધુ ભાગો છપાવે.

આ યોજના વિષે લગભગ નક્કી થયું હતું. મને એમ હતું કે ૭૫ નકલ મળશે તો મિત્રોને ભેટ મોકલાશે ને એ રીતે નામ પ્રગટ થશે. પણ એવામાં એક અકસ્માત થયો ને 'તણખા'ની વાતો પ્રગટ થવાની અણી ઉપર આવેલી, પ્રગટ થતી રહી ગઈ.

[ચાલુ]

[૭]
ધૌમ્ય

અરુણિ ઋષિનો પુત્ર આરુણિ. એ ગુરુ ધૌમ્યને ત્યાં વિદ્યા મેળવવા માટે ગયો. એ વખતે વિદ્યા લેવાની રીત જ જુદી. ગુરુને ત્યાં રહે, સેવા કરે, ગુરુને લાગે કે આને વિદ્યા આપવાથી વિદ્યાનો દુરુપયોગ નહિ થાય ત્યારે વિદ્યા મળે. એ વખતે વિદ્યાનો એવો મહિમા હતો. અને આજ પણ એવું ક્યાં નથી ? આજ અમુક વિદ્યા મેળવવા માટે અમુક પ્રકારની યોગ્યતા કેળવવી જ પડે. તે વખતે ગુરુને ત્યાં રહીને બધું કામકાજ કરવું એ પણ વિદ્યાનો જ એક ભાગ ગણાતો.

એટલે આ ધૌમ્યને ખેતર સંભાળવાનું કામ ગુરુએ સોંપ્યું હતું. ગુરુએ એક દિવસ આજ્ઞા કરી કે ખેતરમાંથી પાણી વહી જાય છે માટે બંધ બાંધો.

ધૌમ્યે આજ્ઞા પ્રમાણે બંધ બાંધ્યો. પણ પણ પાણીનો વેગ એવો કે માટી નાખે ત્યાં માટી ધોવાઈ જાય. ધૌમ્યે બહુ મહેનત કરી પણ બંધ રહ્યો નહિ !

એટલે પછી પોતે જ બંધની વચ્ચે સૂઈ ગયો કે જેથી પાણી અટકી પડે !

પણ પોતે સૂતો તે સૂતો. હવે ત્યાંથી ઊઠે શી રીતે ? ઊઠે તો તો પાણી ચાલ્યું જાય !

ધૌમ્ય પાછો આશ્રમમાં આવ્યો નહિ એથી સૌને ચિંતા થઈ. ગુરુએ તપાસ કરી તો ધૌમ્ય મળે નહિ ! તે તપાસ કરવા નીકળ્યા ત્યાં ધૌમ્ય બંધની આડે સૂતેલો દૃષ્ટિએ પડ્યો !

કોઈકને આમાં મૂર્ખાઈ લાગે. પણ જોવાનું એ હતું કે પાણી તે દિવસે અટકાવવાનું હતું ધૌમ્ય આડે સૂતો એટલે બંધ ટકી ગયો હતો.

ગુરુને ધૌમ્યની આ આકરી કર્તવ્યનિષ્ઠા—જે કામ લીધું તે કોઈ પણ હિસાબે પૂરું થવું જોઈએ—બહુ જ ગઈ. એને એનામાં ઊંચા પ્રકારની તેજસ્વિતા લાગી.

એ ઉપરથી ધૌમ્યનું નામ થયું ઉદ્દાલક.

આ ઉદ્દાલકને પછી જ્ઞાન આપવામાં આવ્યું.

ઉદ્દાલક આરુણિના બે પુત્ર. શ્વેતકેતુ અને નચિકેતા. એક પુત્રી સુજાતા.

એ ત્રણેની ત્રણ વાત છે. પહેલી શ્વેતકેતુની વાત કરીએ.

[૮]
શ્વેતકેતુ

ઉદ્દાલક નામે એક ઋષિ. શ્વેતકેતુ એનો પુત્ર. ઋષિના મનમાં એમ કે છોકરાને વિદ્યાની ભૂખ જાગે, પછી હું એને વિદ્યા આપું તો વિદ્યા જલદી હૈયે ચડે ! એટલે એણે થોડા વખત, એને બોલાવ્યા વિના જવા જ દીધો ! પણ છોકરો એવો હોશિયાર કે ભણવાનું નામ જ લે નહિ ! જંગલમાંથી સમિધ તમે કહો તેટલાં લાવી આપે બાકી ભણવા કારવવાનું રામ રામ !

એટલે ઉદ્દાલક ઋષિને ચિંતા થઇ. પોતાના કુટુંબમાં, અત્યાર સુધી તો કોઈને કહેવું પણ નહોતું પડ્યું કે ભાઈ ! તું હવે ભણવા બેસ! એ તો કુદરતી રીતે જ ભણવા બેસી જતા! જરાક સમજણા થાય એટલી જ વાર !

અને આ શ્વેતકેતુ તો ભણવાની વાત જ કરે નહિ ને!

એક દિવસ પછી ઉદ્દાલકે પોતાના પુત્રને પાસે બોલાવ્યો. પ્રેમથી પાસે બેસાર્યો. હેતથી કહ્યું: 'શ્વેતકેતુ! તું હવે કોઈ યોગ્ય ગુરુને ત્યાં જા, અને વિદ્યાર્થીના ધર્મ પાળી વિદ્યા

મેળવ. આપણા કુટુંબમાં વિદ્યા ન મેળવે એવો કોઈ થયો નથી. બ્રાહ્મણ હોય ને વિદ્યા ન મેળવે તો પછી એવા નામધારી બ્રાહ્મણને શું કરવાનો? બકરીની ડોકે આંચળ હોય–તે આંચળ કહેવાય–પણ એ કાંઈ દૂધ આપે? માટે તું કોઈ ગુરુનું શરણું લે ભાઈ!'

પિતાની આજ્ઞા થઇ એટલે શ્વેતકેતુ પણ વાત સમજી ગયો. બારવરસનો બટુક લંગોટી લગાવી દંડ ધારણ કરી, ગુરુની શોધમાં ચાલી નીકળ્યો!

બાર વરસનો હતો ત્યારે એ ગયો. ને ચોવીશ વર્ષનો થયો ત્યારે પાછો આવ્યો બાર વરસ સુધી વિદ્યાનું પઠન પાઠન કરીને મહા વિદ્વાન થયો.

પણ હજી ઉગતી જુવાની, અનુભવ ઓછો, વળી ચારે વેદોનો અભ્યાસ કરેલો, એટલે એ તો ઘેર આવ્યો, પણ જાણે જગ જીતીને આવ્યો હોય તેમ, ઉંચું ને ઉંચું જુએ! એને મનમાં થઈ આવ્યું કે મારા જેવો પંડિત તો કોઈ છે નહિ. હું બોલું પણ કોની સાથે? એટલે ધરતીથી દોઢ હાથ ઉંચે હાલે! વૃદ્ધ ઋષિ બેઠા બેઠા દીકરાનો તાલ જુએ મનમાં સમજે કે વિદ્વાન થયો છે–પણ વિદ્યા વિનય વડે શોભે–એ વાત તો હજી જાણતો નથી!

થોડા દિવસ તો એમ ને એમ ચાલ્યું પછી ઋષિથી રહેવાયું નહિ. એક દિવસ એને કહ્યું: 'હે શ્વેતકેતુ! તું એવું શું ભણી આવ્યો છે, ભાઈ! કે કોઈની સાથે બોલતો પણ નથી? જાણે કે તું બોલીશ તે બીજા સમજશે પણ નહિ! પણ તને એવું કોઇ જ્ઞાન તારા ગુરૂ પાસેથી પ્રાપ્ત થયું છે કે જે જ્ઞાનની પાસે બીજાં બધાં જ્ઞાન બાળક બની જાય? જે એક જ જ્ઞાન હોય તો જ બધું જ જ્ઞાન મળે! કોઈ દિવસ કાને સાંભળ્યું ન હોય–છતાં સાંભળ્યું હોય તેવું લાગે! વિચાર્યું ન હોય, છતાં જાણે વિચારેલું લાગે! એવું કોઇ જ્ઞાન તેં ગુરૂ પાસેથી પ્રાપ્ત કર્યું છે ખરું?'

શ્વેતકેતુ તો પિતાની વાત સાંભળીને આભો જ બની ગયો. એણે આવી વાત તો કોઇ દિવસ સાંભળી પણ ન હતી કોઈ દિવસ જાણતા ન હોઇએ, છતાં જાણે જાણતા જ હોઇએ એવું શી રીતે થાય?

પોતે આ જાણતો નથી એવો વિચાર એને આવતાં જ એનું અભિમાન ઉતરી ગયું!

તે પિતાના ચરણમાં પડયો. નમ્ર થઇને બોલ્યો: 'ભગવાન્! એવું આ જ્ઞાન કયું છે કે જેમાં એક જ વસ્તુનું જ્ઞાન થતાં, બધી વસ્તુનું જ્ઞાન થઇ જાય?'

ઉદ્દાલકે જવાબ વાળ્યો: 'માટીનું બરાબર રીતે જ્ઞાન થાય, તો પછી માટીનાં જે જે કાર્ય છે તેનું પણ જ્ઞાન થાય કે નહિ?'

'એ તો થાય જ.'

'ત્યારે એમાં જેમ મહત્વ માટીનું છે, એ છે તો ઘડો છે, બાંવલી છે, તેમ જ, આ જ્ઞાનનું સમજવું. નામ અને રૂપ એમનું જ્ઞાન, એ કાંઇ સાચું જ્ઞાન નથી. મૂળ સોના વિષે તમે જાણ્યું એટલે બસ. એમાંથી થયેલાં ઘરેણાં, તે તો જુદાં જુદાં નામ ધારણ કરે છે એટલું જ.

લોખંડના હજાર પદાર્થ થાય પણ એમાં મહત્ત્વ લોખંડનું. લોખંડ છે, તો નેરણી છે. લોખંડ હોય નહિ તો પછી નેરણી બિચારી ક્યાં હોય?'

'ક્યાંય નહિ!'

'ત્યારે એવું જ આ. કંઠી એ કંઠી છે. એ તો સોનાના એવા આકારનું નામ થયું. પણ એમાં ખરું મહત્ત્વ તો સોનાનું છે. સોનું જ ન હોય તો કંઠી ક્યાં હોય?'

'ક્યાં ય નહિ!'

'તો પછી જુદા જુદા નામરૂપ વિષે જાણવું એ સાચું જ્ઞાન—કે એ નામ રૂપ, જેના વિના એક પળભર પણ ટકી શકે તેમ નથી, એના વિષે જાણવું એ મહત્ત્વનું ને સાચું જ્ઞાન?'

શ્વેતકેતુ વિચાર કરી રહ્યો. આવું તો એને એના ગુરુએ કોઈ દિવસ કહ્યું જ ન હતું! એને શું ખબર કે જ્ઞાન બે પ્રકારના છે! એક જ્ઞાન એવું છે, જે અંતરમાંથી આવે છે. બીજું જ્ઞાન એવું છે, જે બહારથી મળે છે. આ બહારનું જ્ઞાન સારી રીતે મેળવનારો અંતરના જ્ઞાનનો અધિકારી થાય છે! પણ આવું આ જ્ઞાન છે એની એને તો ખબર પણ નહિ! ઉદ્દાલકે કહ્યું: 'જો શ્વેતકેતુ! આ જગતમાં જે કાંઇ છે તે દરેકને નામ છે, રૂપ છે. અને જે કંઇ થયું છે તે કોઇક ક્રિયાનું પરિણામ છે. સોનાની કંઠી બની. એને એ નામ મળ્યું- પણ તેથી એ સોનું નથી એમ કોઇ કહી શકે?'

'ના'

'ત્યારે તું એને કંઠી કહે, અને હું સોનું કહું, તો સાચું કોણ? કંઠી કહેનારનું જ્ઞાન સાચું કે સોનું કહેનારનું જ્ઞાન સાચું?'

'સોનું કહેનારનું!'

'બરાબર છે. એ જ પ્રમાણે આ જગત્ ઉત્પન્ન થયું છે. મૂળ પદાર્થ એક એ જ સત્ય. એ ન હોય, તો કોઈ રૂપ ન હોય. એ સત્ પદાર્થ કોનામાં નથી! દરેક નામમાં, દરેક રૂપમાં એ હોય હોય અને હોય. ન હોય તો નામ પણ કેવું ને રૂપ કેવું? સમુદ્રમાં મોજાં લાખો ને કરોડો આવે. બધાં સરસ લાગે. રૂપાળાં દેખાય. બધાંની શક્તિ ગજબની. પણ સમુદ્ર હોઇને, એ બધાં છે. સમુદ્ર ન હોય, તો ત્યાં મોજાં કેવાં? એવું આ જગતનું.

એક સત્ પદાર્થ છે તો આ બધાં ઉભાં છે! એ ન હોય તો તું આંહીં કેવો? હું પણ કેવો? અને કોઈ ક્યાંથી?

પણ જેમ મધમાખ બધાં ફૂલમાંથી મધ ભેગું કરે, મધપુડામાં ભરે. પછી એ મધમાખને કોઇ કહે કે બકુલના ફૂલમાંથી જે મધ તું ચૂસી લાવી એ ક્યાં છે? તો એનો જેમ કાંઇ જવાબ ન મળે, તેવું જ આ જગત્ વિષે સમજવું!

બધાં ફૂલમાં મધ સૂતું છે. એકરસ થઈ ગયા પછી કોઈ ફૂલનું મધ બીજા ફૂલના મધથી જુદું નથી. તેવું જ જગત્ વિષે સમજવું. સત્‌માંથી જગત, અને જગત પાછું સત્‌માં. ત્યારે આ જે સત્ છે તે આત્મા. તારો, મારો, વાઘનો, વરૂનો, અને કીટનો આત્મા એક. નામ જૂદાં રૂપ જૂદાં. એમ થવાનું કારણ ક્રિયા. એ ક્રિયા એટલે વાસના.

શ્વેતકેતુ તો મનમાં ને મનમાં ઉંડો ઉતરી ગયો. આ જ્ઞાન કંઇ એના મગજનાં બેઠું નહિ એણે ફરીને હાથ જોડયા: 'હજી કાંઇ સમજાયું નથી! શબ્દો સમજાય છે. પણ અર્થ મળતો નથી! ને મનમાં બેસતો નથી!'

'સમુદ્ર તરફ બધી નદીઓ વહે છે. ગંગા હોય, જમના હોય, નર્મદા હોય— બધાંનાં પાણી સમુદ્રમાં જાય એ પાણી સમુદ્રમાં ગયા પછી આ ગંગાનું પાણી, આ

જમનાનું પાણી, આ નર્મદાનું પાણી, એમ કોઈ કહી શકે ખરું? તેમ જ આ બધી સૃષ્ટિનું સમજવું.

સત્માંથી આવે સત્માં જાય. વચ્ચેનો આ ખેલ! એને નામ ગમે તે આપો. પણ છેવટે રહે એક—આત્મા!

શ્વેતકેતુ તો આ સાંભળીને છક્ક થઈ ગયો. પોતે કાંઈ નથી એ અભિમાન ગળી જતાં તો આ અગાધ જ્ઞાનનું માપ લેવાનું એને મન થઈ આવ્યું: એણે ફરીને હાથ જોડયા: 'હજી એક વખત આ વાત સમજાવો!'

'એક વૃક્ષ છે શ્વેતકેતુ! એના મૂળમાં ઘા કરો, મધ્યમાં ઘા કરો, ગમે ત્યાં ઘા કરો, પણ વૃક્ષ મરે નહિ, જીવે ખરું. પણ એક શાખાને વૃક્ષથી છૂટી કરીએ તો શાખાનું શું થાય?'

'તો તો એ સૂકાઈ જાય!'

'ત્યારે એવું આ સત્ છે. આત્મા છે ત્યાં સુધી દેહ ટકે છે. એણે જેવો દેહ તજ્યો કે બધું ધણાય નમઃ. પછી કેવું ત્યાં શરીર, કેવું રૂપરંગ ને કેવું નામ!'

પણ આ વિષય એવો કે એમ ઝટ દઈને કાંઈ સમજાય ખરો? શ્વેતકેતુ ઘણો મનમાં આનંદ પામે કે ઓહો હો! આ જ્ઞાન તો અદ્‌ભુત છે, પણ એ જ્ઞાનની ગડ કોઈ રીતે મનમા બેસે નહિ! એણે ફરીને કહ્યું: 'હજી સમજાવો પિતાજી!'

સમજાવતાં થાકે નહિ એ ખરો ગુરુ. ઉદ્દાલકે એને કહ્યું: 'પેલો એક વડનો ટેટો લઈ આવ તો!'

શ્વેતકેતુ ટેટો લઇ આવ્યો.

'હવે એ ટેટો ભાંગી જો અંદર શું છે?'

શ્વેતકેતુએ ટેટો ભાંગ્યો અંદર તદ્દન ઝીણાં બીજ હતાં. તે બોલ્યો: 'અંદર આ બીજ છે પિતાજી!'

'પણ કોઈ તને એમ કહે કે એ બીજ નથી, પણ એક આખો વડ એમાં સંતાઈને બેઠો છે. તો એને તું મૂરખ ગણે કે ડાહ્યો?'

'એને તો હું ડાહ્યામાં ડાહ્યો કહું. કારણકે એ બીજમાં જે ખરું સત્ય છે તે જુએ છે!'

'ત્યારે એવું જે સૂક્ષ્મતત્ત્વ તે આત્મા. ટેટામાં બીજ નથી પણ વડ છે, ને એમાં વડ જોનારો સાચું જુએ છે, તેમ તારે આત્માનું સમજવું. સર્વત્ર આત્મા જોનારો સાચું જુએ છે!'

ત્રીજું ઉદાહરણ આપું છું 'આ પાણી છે એ પાણી તું લઈ જા, એમાં એક મીઠાનો ગાંગડો નાખજે. રાત આખી પડી રહેવા દેજે. અને કાલે સવારે એ પાણી લઈને મારી પાસે આવજે.

બીજે દિવસે શ્વેતકેતુ પિતા પાસે ગયો ત્યારે એના મનમાં નવાઇ લાગતી હતી કે હવે આ પાણીમાંથી પિતા શી વાત કરવાના હશે?

ત્યાં એના પિતાએ તો નવી નવાઈનો સવાલ એને કર્યો: 'શ્વેતકેતુ તેં પાણીમાં જે મીઠાનો ગાંગડો નાંખ્યો હતો તે જરાક લાવ તો!'

'અરે! પિતાજી! એ ગાંગડો તે કંઇ અત્યાર સુધી હોય? એ તો ગળી ગયો!'

'ત્યારે હે વત્સ! આ સકલસૃષ્ટિનું પણ એવું જ છે. એ પાણી તું ચાખી જો! શ્વેતકેતુએ કહ્યું: 'એ તો ખારું છે!' પિતાએ કહ્યું: 'હવે છેક નીચેથી પાણી લઈને ચાખી જો!'

'એ તો એ પણ ખારું જ હોય. મીઠું પાણીમાં ગળી ગયું છે ને!'

'ત્યારે શ્વેતકેતુ! જેમ તું મીઠાને પાણીમાં જોઈ શકતો નથી પણ મીઠું પાણીમાં છે એમ તું જાણે છે તેમજ આ સમજવાનું સત્‌ને કોઈ જોઈ શકતું નથી પણ તે આંહીં સઘળે ઓતપ્રોત છે, એના વિના કાંઈ નથી એ જ આત્મા છે, એ જ પરમાત્મા છે શ્વેતકેતુ!'

આ સંસારરૂપી અરણ્ય છે. એમાં માણસ પોતાની જાતને ભૂલી ગયો છે, અજાણ્યા દેશમાં જેમ પૂછનો પંડિત થઈને માર્ગ મળે છે તેમ આનો રસ્તો પણ એ જ રીતે મળે છે, પ્રશ્નો પૂછીને, જ્ઞાન મેળવીને, એ જ્ઞાનનું મનમાં ચિંતન કરીને, અને એ જ્ઞાન પ્રમાણે થોડું પણ વર્તીને માણસને માણસ અન્યાય કરે છે, માણસાઈ છોડી દે છે, કારણ કે એ

એમ માને છે કે એ
એકલો જ જાણે છે. ખ
કોઈ કરે છે તે આપી

એટલે તમે જે કામ
દુનિયા હાજર છે એમ
તમારાથી પછી સત્યનો જ
કારણ કે આંહીં સત્ સિવા
જ નહિ. શ્વેતકેતુ તત્ત્વ
છે. જે પરમાત્માનો આધાર
પરમાત્મા તું જ છે ને તે
છે આટલું જ્ઞાન તું તારું
તારે બીજી એકદેહ બધી

એટલા માટે આપણે
એમ નહિ કરવાની કે હું
લાંબુ આયુષ્ય ભોગવું, હું
પણ સૌ સુખી થાઓ સૌ
સૌ નિરોગી બનો સૌનું કલ્યાણ
સૌમાં આપણે જ છીએ, ને આ

ગીતાંજલિ

[૧૩]

હું આંહીં આવ્યો છું, તારું આટલું ગીત તારી પાસે ગાવા માટે. તારા આ મહાલયમાં મને પણ એક ખૂણે જગા મળી ગઇ છે.

તારી દુનિયામાં મારે કરવાનું હોય એવું કોઈ કામ નથી; મારી નિરુપયોગી જીવન સ્વરાવલિ તો હેતુ વિનાનું ગાન ઉભું કરી દે!

પણ જ્યારે તારી શાંત પૂજા કરવા માટેનો, મધ્યરાતનો અંધારઘેરા મંદિરનો ઘંટનાદ થાય, ત્યારે તું તારી સમક્ષ મને ગાન ગાવાની આજ્ઞા દેજે, મારા સ્વામી!

અને જ્યારે પ્રભાતમાં સોનેરી તંબુર મેળવાય, ત્યારે મને જીવનસ્પર્શનું મહામાન આપજે મારા નાથ!

[૧૪]

તું નહિ બોલે તો હે મારા સ્વામી! તારા એ મૌનથી હું મારું અંતર ભરી દઈશ અને એ સ્હીશ. અનેક તારાઓનાં નેત્રો ઠરીને, પોતાનું શીર્ષ ઢાળીને, જેમ પ્રતીક્ષા કરી રહેલી રજની શાંત શાંત રહે છે તેમ હું પણ શાંત-શાંત રહીશ!

પ્રભાત આવશે જ આવશે. અંધારૂં અદૃશ્ય થશે. અને આકાશમાંથી આવતી સોનેરી કિરણાવલિ જેમ તારો અવાજ રેલાઈ રહેશે!

એ વખતે જાણે તારા શબ્દોને પાંખ આવી હોય તેમ મારા મનોમંદિરમાં બેઠેલાં પંખીઓ ગીત ગાવા મંડશે! અને મારી વનકુંજોનાં પુષ્પે પુષ્પમાંથી તારી મધુર સ્વરાવલિ ઉઠી થાશે!

ત્યાંસુધી હું પ્રતીક્ષા કરતો રહીશ મારા નાથ!

[૧૫]

જે દિવસે ગુલાબનું પુષ્પ, ફુલ્લ પ્રફુલ્લ થઈને પોતાની શ્રી દર્શાવતું આવ્યું, ત્યારે અરે રે! મારું મન કોણ જાણે કયાં ભૂલ ભૂલામણીમાં ભટકતું ફરતું રહ્યું! મને કાંઈ ખબર જ ન પડી!

મારી છાબડી ખાલી રહી અને ફૂલ તો એમ ને એમ રહ્યું!

અને હવે કોઈકોઈવાર એની કરુણ યાદ આવી ચડે છે, જાણે મારા સ્વપ્નમાંથી હું જાગી જાઉં છું, અને દક્ષિણાનલના પરિમલ મહેકતો અનિલની ન અનુભવેલી એકાદ લહરી મને સ્પર્શ કરી જાય છે!

પણ એવી એ અકળ મધુરતા મારા હૃદયને સંતાપથી ભરી દે છે! મને લાગતું કે ગ્રીષ્મઋતુનો પોતાનું અપૂર્ણ જીવન સંપૂર્ણ બનાવવા માટેનો એ એક આતુર ઉચ્છવાસ છે!

મને પણ ત્યારે ખબર નહિ કે એ આટલો નિકટવર્તી છે. અને વળી એ મારો જ છે. અને એ પણ ખબર નહિ કે, મારા અંતરના અગાધ ઉંડાણમાં જ આ પરિમલ ઉફલવી રહ્યો છે! [૧૬]

કેટલો બધો આળસુ સમય ચાલ્યો ગયો અરે રે! મારી નૌકાને હવે મારે જલધિજલમાં મોકલવી જ જોઈએ.

વસંતઋતુએ પુષ્પો પ્રગટાવી દીધાં અને એણે વિદાય પણ લઈ લીધી. અને હવે થોડાં ચીમળાઇ ગયેલાં ફૂલોનો ભાર ઉપાડીને હું રાહ જોતો ઉભો છું!

તરંગોનો ખળભળાટ સંભળાય છે અને છાયા ઢળ્યા માર્ગને કિનારે પીળાં પાન પડે છે અને ફડફડાટ કરે છે.

કેવી શૂન્યતા!

પણ બીજે દૂર દૂરના કિનારેથી આવી રહેલા મધુર સરોદની એક પ્રકારની ઉત્સાહભરી ઝણઝણાટી તું નથી અનુભવતા કે શું?

[૧૭]

મારા નાથ! મારા સ્વામી! મારી તને આટલી જ પ્રાર્થના છે.

હું મારૂ દુઃખ અને મારું સુખ, બન્ને આનંદભર્યા અંતઃકરણે સહી શકું! એ શક્તિ મને આપજે!

મારો પ્રેમ, એ સેવામાર્ગનો પ્રેમ હોય, એટલી શક્તિ મને આપજે.

કોઇ ગરીબને તિરસ્કારવાની, અને ઉદ્ધત સત્તા પાસે નાકલીટી કરવાની, એ બન્ને નબળાઇઓ હે મારા સ્વામી, મારામાં ન હો!

દરરોજની ક્ષુલ્લક વસ્તુઓથી ઘણે જ ઉંચે વિહરતું એવું મારું મન કરવાની હે મારા નાથ! તું મને શક્તિ આપજે!

અને તારી ઇચ્છા પાસે મારી શક્તિ પ્રેમથી નમી પડે—એટલી હે પ્રભુ! મારામાં શક્તિ આપજે!

ભાગ્ય

સુરેન્દ્ર શૈલજ

અનુ० જયન્ત પરમાર

એક દિવસ ઝાડની સૌથી ઊંચી ડાળ ઉપરથી એક ફૂલ જમીન જોવા નીચે આવ્યું. મનમાં ઉમંગો અને મહત્વાકાંક્ષાઓની આગ સળગી રહી હતી અને તેની ગરમીથી તેના કુમળા ગાલ લાલિમા વેરતા હતા. એ મદમસ્તીમાં લહેરાતું નીચે જઇ રહ્યું હતું. એકાએક અવાજ સંભળાયો...

'રામરામ કેમ, ધરતી જોવા ઉપડયા ?—હું પણ આવું છું' અવાજ એટલો ધીમો અને મંદ હતો કે છેલ્લા શબ્દો તો સંભળાયા પણ નહિ. અવાજ કરનાર પણ એક સૂકું પાકું પાંદડું હતું. ખીલતી જવાનીથી મદોન્મત્ત બનેલું ઉન્નતમસ્તક ફૂલ પેલા સૂકી નસોવાળા પાંદડા તરફ ગર્વભેર જોતું બોલ્યું...

'ઓહ, દાદા, તમે કાં આ ઘરડે ઘડપણ ધરણી ઢૂંઢવા ક્યાં નીકળી પડયા ! હવે તો ત્યાં તમારું કોણ છે, તમને કોણ આવકારશે !'

'બેટા, અહીં પડયું પડયું યે હું શું કરી શકું છું ? ત્યાં તો કોઇના બગીચાના ખપમાં યે કદાચ લાગીશ' સુકાયેલ પાંદડે લુખા અવાજમાં જવાબ વાળ્યો.

'તમારા જેવા માટે ધરતી છે જ નહિ. તમને કોઇ ભગવાનને માથે નહીં મૂકે કે કોઇ લોકનેતાની વિશાળ છાતી શોભાવવા માટે તમારો ઉપયોગ નહીં કરે. કોઇ સુંદરીની સુગંધિત વેણીમાં મૂકવાની ભૂલ પણ કોઇનાથી નહિ થાય. તમારે ધરતી પર જવું જ નકામું છે, તમારું ભાવિ ઉજળું નથી. મારું નક્કી તો નથી જ પણ એટલું તો ચોક્કસ છે કે તમારાથી તો સારું છે.' ગર્વશીલ ગંભીરતા ધારણ કરી ફૂલ બોલ્યે જતું હતું. 'કોઇ રાજમહેલ, દેવમંદિર અથવા તો કોઇ મહાન વ્યક્તિની છાતી ઉપર સ્થાન તો મેળવીશ જ, એટલું તો ચોક્કસ છે; ગમે તેમ તોયે તમારાથી સારું સ્થાન જ મારું હશે.'

આના જવાબમાં સૂકું પાંદડું હજી કંઇ કહી શકતું નહોતું ત્યાં તો ધરતી આવી ગઈ અને બન્ને પોતપોતાનું નસીબ અજમાવવા ત્યાં જ ચૂપચાપ પડયા રહ્યા.

ધીમે ધીમે રક્ત આકાશ કાળું થવા લાગ્યું; લાલ થયું અને પછી કાળું થઇ ગયું. સૂર્યની વિજયયાત્રા શરૂ થઇને પૂરી પણ થઇ ગઇ. એના જયનાદના સ્વરો પણ સંધ્યાકાળના પંખીઓના કલરવમાં ભળી ગયા.

દેવમંદિરોના સુવર્ણકળશો ઉપરથી પણ સંધ્યાની છેલ્લી ઝળક ઊડી ગઈ. દીવા પ્રગટી ઊઠયા, પૂજાનો ઘંટારવ ઘોરગંભીર અવાજો કરીને શાન્ત થઇ ગયો.

વીણા ઝંકારતી કોઇ નવયૌવનાની વેણીબંધો ઢીલા થયા અને છૂટીને છાતી પર પથરાયેલો વાળની લટોની સુગંધ લેતો અને આકપણું કરતો વાયુ પણ ગતના અંધારે ઊડી ગયો—વિલીન થયો.

પણ ધરતી ઉપર આવેલા પેલા નવા ફૂલનો તરફ કોઇએ જોયું કે ન તો કોઇએ તેને હાથમાં લીધું

× ×

સવારના પહોરમાં એક ખેડૂત હાથમાં કંઇક ખાવાનું લઇને ત્યાંથી નીકળ્યો અને ઘડીભર બન્નેની પાસે થોભ્યો બન્ને શ્વાસ થંભાવીને રાહ જોઇ રહ્યા. એકાએક તેણે ફૂલની કોમળ છાતી ઉપર પગ મૂકીને પેલા સૂકા પાંદડાને ઊઠાવી લીધું અને હાથમાં રાખેલા ખાવાના ઉપર ઢાંકી દીધું. ખેડૂત ચાલતો થયો. ચારેકોર સન્નાટો વ્યાપી ગયો. તો પણ પેલા મહત્વાકાંક્ષી ફૂલનો શ્વાસ તો એ ભયંકર સન્નાટામાં ઘણીવાર સુધી ગૂંજતો રહ્યો.

[હિંદી ઉપરથી]

★

શાળા પુસ્તકાલય

શોભાભાઈ કીશાભાઈ પટેલ

આજે શિક્ષણનું ધોરણ ઉતરી ગયું છે એમ કહેવાય છે. આ વાતમાં ઘણું વજુદ છે. આમ થવાનાં કારણો ઘણાં છે. એ બધાની ચર્ચા કરતાં આ લેખ ઘણો મોટો થઈ જાય. યોગ્ય જાતનું શાળા પુસ્તકાલય જો હોય અને તેનો જો બરાબર ઉપયોગ થતો હોય તો બાળકોનું શિક્ષણ આજે છે તેથી તો જરૂર સારું થાય જ એ નિર્વિવાદ છે. એટલે આ લેખમાં હું શાળા પુસ્તકાલય અંગે કેટલીક વિચારવા જેવી બાબતો સંબંધી મારા વિચારો વ્યક્ત કરું છું.

દરેકે દરેક નાની કે મોટી ગમે તેવી શાળા હોય તો પણ તેને અંગે પુસ્તકાલય તો હોવું જ જોઈએ. આ પુસ્તકાલયમાં કાળજીપૂર્વક પસંદ કરેલાં યોગ્ય પુસ્તકો પૂરતા પ્રમાણમાં હોવાં જોઈએ. આજે આપણે ત્યાં પ્રાથમિક અને માધ્યમિક એમ મુખ્યત્વે બે જાતની શાળાઓ છે. આ પૈકીની કેટલીક શાળાઓમાં યોગ્ય જરૂરી પુસ્તકોનું પુસ્તકાલય છે એ એક તપાસ કરવા જેવી બાબત છે.

આજે પ્રાથમિક શાળાઓનો વહીવટ શાળા મંડળો કરે છે. મને ખબર છે ત્યાં સુધી જૂજ અપવાદ સિવાય શાળામંડળોનું લક્ષ પોતાને હસ્તક ચાલતી શાળાઓમાં યોગ્ય પુસ્તકોનું શાળા પુસ્તકાલય વસાવવા તરફ ગયું નથી. શાળા મંડળોએ આ બાબત ખાસ લક્ષમાં લેવી જોઈએ. નાની ચાર અને તેથી ઓછાં ધોરણની શાળાઓ માટે દર વરસે ૨૫ રૂપીઆ અને મોટી સાત ધોરણ સુધીની શાળાઓ માટે દર વરસે ૫૦ રૂપીઆ જેટલી ઓછામાં ઓછી રકમ આ માટે ખર્ચાય એ ખૂબજ જરૂરી છે તેથી દરેક શાળા મંડળે પોતાનાં અંદાજપત્રોમાં શાળા પુસ્તકાલય માટે એ હિસાબે રકમ મૂકવી અને કરકસરના બહાના હેઠળ સરકાર એ રકમમાં કાપ ન મૂકે અને એ પ્રમાણે મૂકેલી રકમ મંજુર થાય જ તે માટે ઘટતી લખાપટ્ટી જરૂર પડે તો કરવી જોઈએ. પછીથી શાળાઓમાં આ રકમમાંથી ચોક્કસ યોજનાનુસાર પુસ્તકો વસાવવાં જોઈએ.

શાળા પુસ્તકાલય માટે જે પુસ્તકો લેવાય તેમાં કેટલાંક પુસ્તકો શિક્ષકો માટે અને કેટલાંક બાળકો માટે એમ બંનેને માટેનાં પુસ્તકો હોવાં જોઈએ. પ્રાથમિક શાળાઓના શિક્ષકોનો ઘણો મોટો ભાગ સાત વર્ગ ભણેલો હોય છે. તેમનું ભાષાજ્ઞાન બહુજ સાધારણ હોય છે. શિક્ષણ આપનાર શિક્ષકનું જ્ઞાન જેટલું વધારે હોય તેટલું સારું. વળી તે કેળવણી સંબંધીના અદ્યતન વિચારોથી વાકેફ હોવો જોઈએ. શિક્ષકોએ વાંચવા જેવાં ખાસ પુસ્તકો શાળા મંડળે જ દરેક શાળાને આપવાં જોઈએ અને પછીથી તેઓ તે વાંચે જ એ માટેની ચોક્કસ યોજનાઓ કરવી જોઈએ.

બાળકો માટેનાં પુસ્તકોમાં દરેક ધોરણ દીઠ તે તે ધોરણનાં બાળકો રસથી વાંચે તેવાં નિર્દોષ વાચનનાં ઓછામાં ઓછાં ૨૦ થી ૩૦ પુસ્તકો વસાવવાં અને પાઠ્યપુસ્તક સિવાયનાં આ રીતે વસાવેલાં વાંચવાનાં પુસ્તકો દરેક બાળક વાંચે જ એ જાતની વ્યવસ્થા કરવી. આવી વિશેષ વાચનની વ્યવસ્થા નહિ હોવાથી ભણતરના સમય દરમિયાન બાળકને વાચનનો શોખ લાગી જતો નથી અને તેથી બે ચાર વરસ ભણેલાં ગામડાંના સેંકડો બાળકો તો ભણી રહ્યા પછી થોડાં જ વરસોમાં ભણેલું ભૂલી જાય છે એ એક હકીકત છે. આ માટે વડોદરા રાજ્યે જે ગામે શાળા હોય તે ગામે પુસ્તકાલય પણ હોવું જોઈએ એ જાતની વ્યવસ્થા કરી હતી. મુંબઈ પ્રાંતે પણ ગ્રામ પુસ્તકાલયો કાઢવાની બાબત લક્ષમાં લેવા જેવી છે. જ્યાં સુધી ગામે ગામ જુદાં ગ્રામજનોને ઉપયોગી જ્ઞાન મળે તેવી ખાસ ચોપડીઓ શાળા પુસ્તકાલયને આપે અને સમાજ શિક્ષણ આપનાર શિક્ષકો તેવાં પુસ્તકો ગ્રામજનોને વાંચી સંભળાવે અને ગામનાં જે ભાઈ બહેનોને વાંચતાં આવડતું હોય તેમને તેવાં પુસ્તકો વાંચવાનો રસ લગાડી તેમને પુસ્તકો વાંચવા આપે તો ગ્રામજનો ઘણી જરૂરી બાબતો સંબંધીનું જ્ઞાન મેળવી શકે. અને આમ ગ્રામ પુસ્તકાલયની સાચી દીશામાં શરૂઆત કરી શકાય.

આ નાનકડા લેખમાં મેં શું કરવું જોઈએ એ

સંબંધી જ લખ્યું છે એમ કરવું શાથી જરૂરી છે. એ સંબંધી ખાસ લખ્યું નથી. એનું કારણ એ છે કે હું નથી માનતો કે આમ કરવાની જરૂરિયાત નથી એવું કોઇ પણ વિચારશીલ માણસ માનતો હોય.

પ્રાથમિક શાળાઓના પુસ્તકાલયની જેમ જ દરેકે દરેક પ્રાથમિક શાળાઓએ પણ પોતાની સંસ્થામાં શિક્ષકો માટે તથા વર્ગ દીઠનાં બાળકો માટેનાં કાળજીપૂર્વક પસંદ કરેલાં પુસ્તકો વસાવી તેનો ઉપયોગ બાળકો તથા શિક્ષકો પાસે કરાવવો જોઇએ.

બાળક જ્યારથી કક્કો બારખડી શીખે ત્યારથીજ તેને ઇતર વાચનને માર્ગે ચડાવવો જોઇએ. જે શાળાઓમાં ફક્ત પાઠ્યપુસ્તક ચલાવવામાં આવે છે તેવી ગામડાની શાળાઓમાં જઇ બીજા કે ત્રીજા વરસનાં બાળકો પાસે કોઇ ચોપડી વંચાવી તેને કેવું વાંચતાં આવડે છે તેની તપાસ કરશો તો મોટા ભાગનાં બાળકોનું વાચન જોઇને તમને થશે કે આને શું ભણાવ્યું છે. તેથી શરૂઆતમાં બાળકના વાચનની ઝડપ વધે અને તેને અઘરી ભાષામાં લખાયેલું લખાણ સમજવાની શક્તિ આવે તેવાં પુસ્તકો તેમની પાસે વંચાવવાં જ જોઇએ. જેમ અમુક પુસ્તક ભણાવવું એમ અભ્યાસક્રમમાં સૂચવાય છે તેમજ દરેક ધોરણમાં બાળકોએ આટલાં પુસ્તકો વિશેષ વાચનનાં વાંચવાં જ જોઇએ. એમ પણ અભ્યાસક્રમમાં હોવું જોઇએ. જેમ જેમ બાળક મોટું થતું જાય તેમ તેમ તેને વિવિધ જાતની ઉપયોગી બાબતોનું જ્ઞાન મળે તે જાતનાં અને તેનું જીવન ઉન્નત કરે તે જાતનાં પુસ્તકો તેમની પાસે વંચાવવાં જોઇએ.

આશા છે કે આ અત્યંત મહત્ત્વની બાબત સંબંધી લાગતા વળગતા સૌ પોતાને જે કરવાનું છે તે કરશે અને આખી પ્રજાને વાચનપ્રેમી બનાવી જ્ઞાનવાન બનાવશે.

મુંબઇ પ્રાંતમાં પ્રાથ. શાળાઓનો વહીવટ જેમ શાળાબોર્ડો કરે છે તેમ સૌરાષ્ટ્ર અને કચ્છમાં તેને રાજ્યના કેળવણીખાતા હસ્તક પ્રાથ. શાળાઓનો વહીવટ છે તેથી સૌરાષ્ટ્ર સરકારે અને કચ્છની સરકારે પણ પોતપોતાની શાળાઓ માટે ઉપર કહેલી યોજનાનુસાર શાળા પુસ્તકાલયો અવશ્ય શરૂ કરવાં જોઇએ. પ્રાથ. શિક્ષણ પાછળ ખરચાતા પૈસા સાર્થક કરવા માટે શાળા પુસ્તકાલયો પાછળ આ રૂપ સારું એવું ખર્ચ કરવું ખાસ જરૂરી છે. શાળા પુસ્તકાલયોની યોજના અંગે મેં ઘણું વિચાર્યું છે તેથી કોઇને આ અંગે કંઇ પૂછાવવું હોય તો મારી સાથે પત્રવ્યવહાર કરવા તેઓને મારી નમ્ર વિનંતિ છે.

ઝુણાપ વાઘા 'આણંદ'



સ્ટોકીસ્ટ:–કંચનલાલ વાડીલાલની કું.
પ્રીન્સેસ સ્ટ્રીટ, મંગળદાસ રોડ, મુંબઇ ૨

‘ઊર્મિ–નવરચના ’ની ચાલુ વાર્તા

માનવીનાં હૈયાં—પનીની કથા

સ્નેહરશ્મિ

પ્રકરણ ૭ મું

રમેશભાઈ

થોડા દિવસમાં મારા પર જે જે વીત્યું હતું તે બધું હું ભૂલી ગઇ. ગૃહના મુક્ત વાતાવરણમાં કલ્લોલ કરતી પંખિણી જેવી હું પાછી બની રહી. હવે તો હું બાલિકા મટી હતી, અને યૌવનમાં પ્રવેશ કરતી તરુણી બની હતી. તારુણ્યના અનેક પ્રશ્નો આપોઆપ જ અમારી આગળ આવવા મંડયા. ગૃહનાં ઉદાત્ત જીવનમાં અમારા મનમાં કોઇ પણ અનિચ્છનીય સંસ્કાર ન પ્રવેશવા પામે એવી સહેજે અપેક્ષા રાખી શકાય, પણ ગૃહની શક્તિની પણ મર્યાદા હતી. અને એ મર્યાદા દૂર કરવાની નતો મોટાભાઇની શક્તિ હતી ન અમારી શક્તિ હતી. એ મર્યાદા અમારા વાંચનમાં જ રહેલી હતી. વર્તમાનપત્રો, સામયિકો, નવલકથાઓ, કાવ્યો એ બધામાં ઠેરઠેર એવાં તત્વો વેરાયેલાં પડયાં હતા કે જે સહેજે અમારા કુતૂહલતાને જાગ્રત કરે. સૌંદર્યવર્ધનની તરેહ તરેહની જાહેર ખબરો અમે ચોરી છૂપીથી બહુ રસપૂર્વક વાંચતા અને મોટાભાઇ અને બહેનની સામે સામે જાણે એક પ્રકારનું છૂપું કાવત્રું રચતાં–કારણ કે અમે એ બધું તેમનાથી ખૂબ ગુપ્ત રાખતાં. પાવડર, ક્રીમ, સાબુ, વસ્ત્રો વગેરેમાં અમે એકબીજાં સાથે સ્પર્ધા કરતાં. મોટા બહેન આ બધું જાણતાં પણ અમને કદી તે માટે વઢતાં નહિ પણ વાત વાતમાં આડકતરી રીતે એનાં અનિષ્ટો અમને સમજાવતાં. અને અમને અમારી નબળાઇ માટે શરમ પણ આવતી–પણ બે વિરોધી તત્વોના એ દ્વંદ્વ વચ્ચે વિલાસી સૌંદર્યોપાસનાનું બળ અનેકવાર વિજય પામતું તે એટલે સુધી કે અમારામાંની એક બે વિદ્યાર્થીનીઓએ તો વક્ષઃ– સૌંદર્ય માટેની જુદી જુદી જાહેર ખબરો ઉપરથી વક્ષ–રેખાને સુરેખ અને આકર્ષક રીતે દર્શાવી શકે એવું એક અંગ–વસ્ત્ર પણ યોજ્યું હતું અને અમે તેનું ‘ પદ્મ–રેખા જેવું રસિક નામ પણ પાડ્યું હતું.

આમ એક બાજુથી અમે બાહ્ય જગતની અનિષ્ટ અસરો સામે જેમ અસહાય હતાં તેમ બીજી બાજુથી અમારું ગૃહનું જીવન પણ અનેક રીતે અપૂર્ણ હતું. એનો ખ્યાલ જેમ જેમ અમારું યૌવન પાંગરતું ગયું તેમ તેમ અમને આવવા માંડયો. મોટાભાઇ અને મોટીબહેન અમારે માટે કશું ય કરવાનું બાકી રાખતાં નહિ. પણ માતા પિતાના પ્રેમ કરતાં સમવયસ્કનો સાથ અને પ્રેમ માટે અમારું અન્તર વધુ ઝંખતું. બહેન કે મોટાભાઇ સાથે લાડ કરી શકાય, તેમનો સ્નેહ મેળવી શકાય, પણ દિલ ખોલીને કરવા જેવી કેટલીક હળવી વાતો કેમ કરી શકાય? એ અમે અંદર અંદર કરી અમારી એ વૃત્તિને સંતોષવા મથતાં, પણ તેમાં જાણે કાંઇક અતૃપ્તિ રહી જતી હોય એવું અમને લાગતું, અને એથી અમારા ગૃહના એક ત્રીજા અંગ ઉપર–અમારા શિક્ષકો ઉપર–અમારી નજર ઠરતી. સંસ્થા સ્થાપી ત્યારે મોટાભાઇની ગણતરી હતી કે તેમને ધીરે ધીરે શિક્ષિકાઓ મળી રહેશે, પણ તે તેમની ગણતરી ખોટી પડી, અને એથી ભારે અસંતોષ સાથે તે પુરુષ શિક્ષકો વડે સંસ્થા ચલાવતા હતા, અને મોટાબહેન જો તેમની પડખે ન હોત તો તેમણે ક્યારની ય સંસ્થા બંધ કરી દીધી હોત. તેમનો આ અસંતોષ ખોટો હતો એવું પણ ન હતું; કારણ કે અમને અમારા શિક્ષકો પ્રત્યે ઠીક ઠીક આકર્ષણ રહેતું. મોટાભાઇની અતિ સૂક્ષ્મ નજરને ચુકવી એ આકર્ષણ અમારે માટે જાત જાતના જટિલ પ્રશ્નો ખડા કરતું, અને એ પ્રશ્નોમાં હું પણ થોડી ઘણી ગૂંચવાઇ ગઇ હતી.

એની બધી વિગતોમાં તો હું નહિ ઉતરું, પણ એક બે વાતો નોંધી લઉં. મોટાભાઇનો આદર્શ અમારી સંસ્થાને એક વિશાળ કુટુંબ જેવી બનાવવાનો હતો, અને તેથી બધા કાર્યકર્તાઓ વચ્ચે ગાઢ સંબંધ રહે એવી અનેક યોજનાઓ તે કર્યા જ કરતા. કાર્યકર્તાઓ બધા કુટુંબ સહિત અમારા

શિક્ષક નિવાસમાં રહેતા. નિવાસ બહુ સુઘડ અને પ્રત્યેક કુટુમ્બની બધી સગવડ જળવાય રહે એવી રીતે બંધાવવામાં આવ્યો હતો. મોટે ભાગે અમારા બધા શિક્ષકો પરિણિત હતા. સ્ત્રીઓ વડે જ કુટુમ્બ નો ખ્યાલ આવી શકે, સંસ્થા કુટુંબ જેવી બની શકે એવી મોટાભાઈની માન્યતા હતી. એ વાત આમ તો બહુ સરળ અને સ્વાભાવિક જેવી લાગે છે, પણ મોટાભાઈને થયેલા અનુભવો સારા નહિ કહી શકાય. વિદ્યાલયના પ્રશ્નો કરતાં શિક્ષક નિવાસના પ્રશ્નો અનેકવાર તેમને ખૂબ મૂંઝવી રહેતા. અમારી ગુરુપત્નીઓ, જે અમારે માટે આદર્શ ગૃહિણીના પ્રતીક રૂપ બનશે એવી મોટાભાઈની આશા હતી, તેમના નાની નાની બાબતમાંથી થતા રોજના ક્ષુદ્ર ઝઘડાઓ અનેકવાર અત્યંત શરમભરેલી હદે જતા. અમે પણ એક અથવા બીજી રીતે એમાં સંડોવાઈ જતાં, અને કેટલીકવાર અમારી એક ગુરુપત્ની અમારી કોઈ બીજી ગુરુપત્નીની નિન્દા જાણે ખાનગી રીતે અમને રસપૂર્વક કહેતી તે અમારે સાંભળવી પડતી. સંભવ છે કે મોટાભાઈને શિર આનો દોષ ઢોળાય, પણ આપણા સામાજિક જીવનની કેટલીક વિકૃતિઓ સામે મોટાભાઈ બિચારા એકલા શું કરી શકે! તેમને તો આપણી જે કંઈ ભાંગેલી, તૂટેલી, અપૂર્ણ, બોખરી માનવતા હતી તેમાંથી વધુ ઉદાત્ત સર્જન કરવાનું હતું, અને એ માટે તેમનામાં ઊંડી સમજ, દીર્ઘદૃષ્ટિ અને ધીરજ પૂરતા પ્રમાણમાં હતાં. તેમની હાજરીની નૈતિક અસર ઘણી મોટી પડતી, બહુ કુનેહપૂર્વક તે રોજ રોજ એ બધા નાના મોટા ઝઘડાઓનું સમાધાન કરતા. અને એ બધા ઝઘડાઓ પણ કેવા! 'ચંદનબહેને મારા આંગણામાં આજે એઠું પાણી નાખ્યું' કે 'લલિતાની બેબીએ મારા બાબાને ધક્કો મારી પાડી નાખ્યો' કે 'સુમિત્રા કંચન આગળ મારી બદબો કરી આવી'— આવી આવી ધૂળ જેવી બાબતોમાંથી એ બધા ઝઘડા થતા. અને તે વખતે અમારા ગુરુઓની અસહાયતા જોતાં અમને તેમની ખૂબ દયા આવતી. આ ઝઘડાઓની વાત હું

એથી નોંધુ છું કે ઘરના આવા વાતાવરણથી કંટાળેલા અમારા ગુરુજનો ત્યાંથી અનેકવાર જાણે ભાગી જઈ વધુ પ્રફુલ્લ, મુક્ત હવા માટે ઝંખતા—અને સહેજે તેમની નજર અમારા ઉપર પડતી. અમારી એટલે અમારામાંથી જેમને તરુણી જેવી કહી શકાય તેવી હતી તેમની. તેમના અભ્યાસમાં, અને તેમના અંગત જીવનની અનેક વિગતોમાં તે બહુ ઊંડો રસ લેતા. આ રસમાં કંઈ પણ અસ્વાભાવિક છે કે કૃત્રિમ છે એવું કોઈને સાબીત કરવું હોય તો તેમ કરનારને નિષ્ફળતા જ મળે એવી સ્વાભાવિક રીતે તે વર્તતા. અમને પણ શરૂઆતમાં તો તે સ્વાભાવિક જ લાગતું. પણ ક્વચિત ક્વચિત તેમાંની કોઈ કોઈ વિકૃતિ અમારા ધ્યાન ઉપર આવતી એથી અમને અણગમો થવાને બદલે કોઈ જુદી જ લાગણી કરી કરી થતી. તેમાં છૂપો છૂપો અમને અમારામાં રહેલી આકર્ષણ શક્તિનો વિજય લાગતો, અને એ દિશામાં વધુ વિજય મેળવી અમારી સમવયસ્કાઓના ઇર્ષાભાજન બનવાની અમને ઊર્મિ થઈ આવતી. આનો અમારો ઘડતરમાં કેવાં પરિણામો આવે તે સહેજે સમજાય એવું છે. જો અમારી નજર સમક્ષ મોટી બહેન જેવી સુશીલ, તેજસ્વી, સૌમ્ય અને પ્રેમાળ વ્યક્તિનો આદર્શ ન હોત તો આ પરિસ્થિતિમાંથી દેખીતી રીતે અમે ખૂબ સહજ જણાતાં હોવાં છતાં અમારામાં અનેક વિકૃતિઓ આવવા પામત. આવા અવસરોમાં હું તો એક અથવા બીજે કારણે અવારનવાર મુકાયા જ કરતી, અને તેમાં હરિજન હોવાને કારણે મારી લઘુતાગ્રંથી ઘણો મોટો ભાગ ભજવતી. અમારા સંસ્કૃતના નવા અધ્યાપક રમેશભાઈના આગમન સાથે આ પ્રકારના એક મોટા ભયસ્થાન તરફ ધીરે ધીરે હું કેમ ખેંચાઈ ગઈ અને આજે હું વિચારું છું ત્યારે મારી જેમ કેટલીએ બાળાઓ અસહાય સ્થિતિમાં આવી પડતી હશે તે વિચારતાં મને ત્રાસ છૂટે છે.

રમેશભાઈ મોટાભાઈના અતિ વિશ્વાસપાત્ર યુવાન મિત્રોમાં લેખી શકાય એવા એક તેજસ્વી યુવાન હતા. મોટાભાઈ તેમને નાનપણથી સારી રીતે ઓળખતા

હતા. તેમનાથી તે દસેક વર્ષ નાના હતા. અમારે ત્યાં આવ્યા ત્યારે તેમનું વય ત્રીસ જેટલું હશે. વિદ્યાર્થી તરીકેની તેમની કારકીર્દિ અતિ તેજસ્વી હતી. છેક છેવટ સુધી તે પહેલે નંબરે પાસ થયા હતા અને એમ. એ.ની પરીક્ષા પણ તેમણે એવી જ અસાધારણ ફળતા સાથે પસાર કરી હતી નાનપણથી તે આદર્શસેવી હતા. આપણી રાજનૈતિક પરાધીનતા તેમને ખૂચતી. તેમાંથી મુક્તિ મેળવવા જે કંઇ ભોગો આપવા પડે તે માટે તેમનું હૈયું થનગની રહેતું, અને એથી જ મોટાભાઇએ અમારા ગૃહની સ્થાપના કરી ત્યારે તે એક કોલેજમાં પ્રોફેસર હોવા છતાં, અને પોતાના ક્ષેત્રમાં ખૂબ જ પ્રવીણ લેખાએલા હોવા છતાં, માત્ર અલ્પ વેતન ઉપર જીવન ગુજારી મોટાભાઇને મદદ કરવા તે તૈયાર થયા. શરૂઆતમાં તો મોટાભાઈએ તેમની ઇચ્છાને અનુમોદન ન આપ્યું; કારણ કે આવી તેજસ્વી કારકીર્દિવાળો યુવક ભાવનાશાળી હોય એ સ્વાભાવિક હતું, પણ હંમેશને માટે તે ગરીબાઇ અને મોટા ત્યાગનો માર્ગ સ્વીકારી જ શકશે એ વિષે તેમને સંદેહ રહેતો. આથી ચાર પાંચ વર્ષ બાદ પણ જ્યારે રમેશભાઇને પોતાના આગ્રહમાં તેમણે મક્કમ જોયા ત્યારે, અને બન્ને મિત્રો વચ્ચે મનનો સારો એવો મેળ જામ્યો ત્યારે મોટાભાઇએ રમેશભાઈને પોતાના એક સાથી તરીકે ગૃહમાં સ્થાન આપ્યું

આવતાંની સાથે જ રમેશભાઇને સૌનાં મન જીતી લીધાં. ચારે બાજુએ તેમની અસાધારણ મેધાના ચમકારા થવા લાગ્યા. એવો કયો વિષય હતો, એવી કઈ કળા હતી જેમાં રમેશભાઇ પ્રવીણ ન હતા! સાહિત્ય તો એમનો પોતાનો વિષય, પણ વિજ્ઞાન અને ઇતિહાસનો પણ તેમને એવો જ શોખ; સંગીત ચિત્ર આદિ કળાઓ પણ તેમને જાણે જન્મથી જ વરી રહી હતી એવા તે તેમાં કુશળ હતા. તેમનું શરીર પણ એવું સારું કસાએલું અને સુડોળ તેમજ સુન્દર. સંભવ છે કે કેટલાક વિદ્યાર્થિનીઓની એક સુંદર સંસ્થામાં આવા યુવકને શિક્ષક તરીકે લેતા મોટાભાઇ અને મોટી બહેનને કદાચ થોડી ચિન્તા પણ કરવી પડી હોય—પણ તે બન્ને એમને સારી રીતે ઓળખતાં હતાં અને એટલે કોઇ પણ ચિન્તાને અવકાશ જ ન હતો. રમેશભાઇનું આખું જીવન નમૂનેદાર હતું. નાનપણમાં તેમનું લગ્ન થએલું. તેમનાં પત્ની તારાબહેન તેમનાથી ત્રણેક વર્ષ નાનાં હતાં. તે ભણેલાં ન હતાં, પણ બીજી રીતે ગૃહિણી તરીકેની બધી યોગ્યતા તેમનામાં હતી. દેખાવમાં બહુ રૂપાળાં નહિ પણ આકર્ષક તો હતાં જ. તેમનું મુખ શાન્ત અને મીઠું હતું. આપણને જોતાં ગમી જાય એવું હતું, અને પોતે એક અસાધારણ બુદ્ધિમાન પુરુષની પત્ની છે, અને પોતે બુદ્ધિમાં તેને યોગ્ય નથી એવું થોડુંક દુઃખદ ભાન પણ અવારનવાર તેમના વર્તનમાં દેખાઈ આવતું રમેશભાઇને યોગ્ય થવા જરૂરી એવું અક્ષરજ્ઞાન મેળવવા તેમણે એક બે વાર યત્નો પણ કરી જોયા હતા, પણ કંટાળીને, અને કાર્ય અતિ ભગીરથ જેવું લાગતા તેમણે તે યત્નો પડતા મૂક્યા હતા. વળી બાળકને ઉછેરવાની જવાબદારી જ્યારે તેમને શિર આવી પડી ત્યારે તો તેમને એ પ્રયત્નો માટે સમય પણ રહ્યો ન હતો. તેમને ત્રણ બાળકો હતાં. સૌથી મોટો છોકરો સાત વર્ષનો થયો હતો. ભણતર બાદ કરતાં તારાબહેનનામાં એક ગૃહિણીમાં જોઇએ તે બધું હતું. પોતાના પતિની તે ખૂબ કાળજી રાખતાં, તેમની એકે એક સગવડ તે ઝીણવટપૂર્વક વિચારી સાચવતાં. તેમનું ઘર હંમેશ સુઘડ અને સ્વચ્છ. અને આમ છતાં તેમને હંમેશ અસંતોષ રહેતો કે પોતે રમેશભાઇને યોગ્ય નથી આ અસંતોષ માટે પાછળથી જ્યારે મને બધી વિગતો સમજાઈ ત્યારે તારાબહેનની જવાબદારી ન હતી, પણ રમેશભાઇના અસંતોષનો જ એમાં પડઘો હતો. બાળવયમાં થએલું લગ્ન એવા સ્વપ્નસેવી યુવનને જાણે પોતા પર થએલા જુલ્મ જેવું લાગતું. તેના કલ્પનવિહારમાં પોતે કોઈ કોઇ અસાધારણ પત્નીને યોગ્ય છે, અને પોતાને ફક્ત એક સાધારણ કોટિની સ્ત્રી મળી છે એવું તેમને વારંવાર થતું. પણ નાનપણથી પડેલા ઉદાત્ત સંસ્કારો અને પોતાના ચારિત્ર્ય વિશે સૌમાં બંધાએલા ઉંચા ખ્યાલો, અને પોતાની વ્યાપક પ્રતિષ્ઠા એ બધાં એમના બધા વર્તન માટે ઘણાં મોટાં નિયામક તત્ત્વો

થઈ પડ્યાં હતાં. એથી જાણે તમાચો મારી ગાલ રાતો રાખવાનો વિધિ કરી પોતાનો સંસાર સુખી છે એવો તે દેખાવ કરતા. તે પોતાના અસંતોષને પોતાની અનેક સર્જનાત્મક પ્રવૃત્તિ આપી અવકાશ પામવા દેતા નહિ. આજે જ્યારે તેમના એ ગુપ્ત જીવન વિગ્રહ, જેમાં તેમને એકલે હાથે લડવાનું હતું, તેનો હું વિચાર કરું છું ત્યારે તેમણે જે કુશળતાથી પોતાને શિર આવી પડેલી પરિસ્થિતિને નીભાવી તેનો માટે મને સહેજે આદર થાય છે. પણ નવાઈની વાત તો એ છે કે મોટાભાઈ અને મોટીબહેન જેવાંની કુશળ દૃષ્ટિ પણ રમેશભાઈના જીવનની આ એક અતિ ભારે મર્યાદા જોઈ શકી ન હતી. સામાન્ય વ્યવહારમાં તો આવી મર્યાદા કદાચ મોટા ભાગનાં દમ્પતીના જીવનમાં જોઈ શકાય, પણ એવી મર્યાદા-વાળી વ્યક્તિ જ્યારે ખીલતી કિશોરીઓના ગુરુપદે હોય ત્યારે એ મર્યાદામાં ઠીક ઠીક ભયસ્થાનો રહેલાં છે એ અમે અનુભવ પરથી જોઈ શક્યાં, ને તે વાત મોટાભાઈના ધ્યાન બહાર તો કેમ જ હોઈ શકે ?–અને એમ છતાં રમેશભાઈને ઓળખવામાં તો આ બાબતમાં તેમણે થાપ જ ખાધી.

રમેશભાઈના આગમન સાથે જ ગૃહના વાતાવરણમાં ચારે બાજુએ જાણે અસાધારણ ગરમી આવી ગઈ. જ્યાં હોય ત્યાં રમેશભાઈના નામનું જ રટણ થવા લાગ્યું. અમારી પ્રાર્થના હોય તો "રમેશભાઈ, અમુક ગાવ ને" ને 'રમેશભાઈ, પેલો રાગ ગાવ ને" એમ વિદ્યાર્થિનીઓએ માગણી કરવા માંડી. ચર્ચા પરિષદ હોય ને રમેશભાઈ ન બોલે એ કેમ ચાલે ? અમે સૌ કોઈ કેવાં તેમના છટાદાર અસ્ખલિત વાણી-પ્રવાહ માટે અધીરાં થઈ બેસતાં ! ચાલુ બનાવોનું સુરેખ અને તલસ્પર્શી અવલોકન તો રમેશભાઈ જ કરી શકે. પર્યટન હોય તો રમેશભાઈ વિના સાવ લૂખું જ બની જાય. એમના ઉચ્ચાર, એમના અક્ષર તેમજ એમના હોઠના ખૂણાના લાક્ષણિક વળાંકનું અમે ડગલે ને પગલે અનુકરણ કરવા મંડ્યા. આની બીજા શિક્ષકો ઉપર કેવી અસર થતી હશે તે સમજવા જેટલી ત્યારે અમારામાં ક્યાંથી વિવેકશક્તિ હોય ? પણ અમે એ જોઈ શકતાં કે રમેશભાઈનો બીજા ઘણા શિક્ષકો મત્સર કરતા. પણ એ પરિસ્થિતિને પહોંચી વળવા જેટલી કુનેહ ને આવડત મોટાભાઈમાં સહજ હતી એટલે ઘરમાં ક્વચિત્ ક્વચિત્ હાંલ્લાં ખખડે, પણ ઘરનું કામ વ્યવસ્થિત અને સરું ચાલે જો ઘરની મુખ્ય વ્યક્તિ સમજદાર હોય તો, તેમ મોટાભાઈ બહુ સારી રીતે બધું વ્યવસ્થિત કરી લેતા અને ગૃહનું વાતાવરણ સરસ રહેતું; પણ આમ છતાં રમેશભાઈના આગમન સાથે ગૃહના જીવનમાં એક બહુ જ સૂક્ષ્મ, બેમાલુમ એવો વિસંવાદનો સૂર તો પેઠો જ. જેનાં પરિણામો છેવટે ગૃહને માટે સારાં ન જ આવ્યાં.

રમેશભાઈને જોતાં જ તેમને માટે અસાધારણ આકર્ષણ મારા ચિત્તને ભરી રહ્યું. એ આકર્ષણમાં તેમને માટે માન અને આદરની ભાવના હતી. વર્ગમાં તેમના ધ્યાન ઉપર હું આવું એ માટે મેં સભાન યત્નો આદર્યા. પહેરવેશ વગેરેમાં મેં હંમેશ કરતાં વધુ પડતી કાળજી રાખવા માંડી; ને તે સાથે સ્ત્રીઓનું એક મોટું બળ લજ્જાશીલતા, તે અતિ આકર્ષક રીતે હું કેળવવા મંડી. વર્ગમાં કોઈવાર પ્રશ્ન મળતાં બહુ ચપળ જવાબ પણ હું આપવા મંડી. થોડા જ વખતમાં રમેશભાઈ જાણે મારી હાજરીની નોંધ લેવા મંડ્યા છે એમ હું જોઈ શકી. મારે માટે જાણે એ અખૂટ પ્રેરણાના દિવસો હતા.

થોડાક દિવસમાં જ રમેશભાઈ સાથેનો મારો સંબંધ ખૂબ ગાઢ બની ગયો. તારાબહેન પણ મારા ઉપર સારો એવો ભાવ રાખવા મંડ્યા, આગ્રહ કરી કરીને તે મને તેમને ઘેર બોલાવવા માંડ્યા. મારા સંબંધી રમેશભાઈને કેવો ભારે અભિપ્રાય હતો, મારી બુદ્ધિનાં, મારી સમજ શક્તિનાં અને મારી સર્જનશક્તિનાં તે ભારોભાર વખાણ કરતા તે હું તેમની પાસેથી જાણવા પામી અને મને તેથી અપાર આનંદ થતો. મને ત્યારે શી ખબર કે રમેશભાઈની પત્ની તેમની પોતાની અનેક ઊર્મિઓને રંગે રંગાએલી હતી–એ પત્ની હું ન હતી ! પણ મેં પણ રમેશભાઈનાં આ પ્રમાણપત્રો ખરેખર છે એમ જ માન્યું.

થોડા જ વખતમાં રમેશભાઈ સાથેનો મારો સંબંધ ચર્ચાસ્પદ બનવા માંડ્યો છે એ હું જોઈ શકી. એથી મને ગર્વ થવા લાગ્યો. છોકરીઓ અમારે વિશે શું વાતો કરે છે, અમારી શી નિન્દા કરે છે એ જાણવા હું અધીરી થવા માંડી. એ નિન્દામાં મારા જીવનને, મારા સૌન્દર્યને અપાએલો અર્ઘ્ય મેં જોયો.

રમેશભાઈ, તારાબહેન અને હું-આમ અમારી ત્રિપુટી જાણે કે બની ગઈ. દરરોજ સાંજે ફરવા જવાનો અમારો નિત્યક્રમ થઈ પડ્યો. તારાબહેન હંમેશ સાથેજ હોય એટલે લોકોની ટીકા નિર્મૂળ બની જતી. અને કોઈ ટીકાને કારણ ન મળે એવું ગૌરવભર્યું વર્તન રમેશભાઈનું હતું જો એ હું ન નોંધું તો તેમને અન્યાય થાય.

એક વાર અમે ફરવા ગયાં હતાં. તારાબહેનના બાબાને થોડોક તાવ હતો, એટલે તેમની ઇચ્છા ન હતી, પણ રમેશભાઈના આગ્રહને વશ થઈને તે આવ્યાં હતાં. ઋતુ ખૂબ સુન્દર હતી, ફરતાં ફરતાં નદી કિનારે અમે ઠીક ઠીક દૂર નીકળી ગયાં. રમેશભાઈ આનંદમાં હતા. મારું મન પણ એવું જ પ્રફુલ્લિત હતું, પણ તારાબહેનનું મન બાબાની ચિન્તાથી ભર્યું હતું. તે અમારા આનંદમાં ભાગ ન લઈ શક્યાં. તેમને અસ્વસ્થ જોતાં રમેશભાઈ બોલ્યા,

'તારા, પાછાં વળીશું!'

'કેમ?' તારાબહેને સહેજ સ્મિત કરતાં પૂછ્યું.

'બાબાની ચિન્તામાં તું આજે ફરવાની મઝા નહિ લઈ શકે. આમ ચિન્તા સાથે ફરવા કરતાં તેની પાસે બેસી નચિન્ત રહે એ વધુ સારું છે.' રમેશભાઈના કથનમાં લેશ માત્ર કટાક્ષ ન હતો બલકે સાચી સુહૃદયતા હતી, એ જોતાં તારાબહેન બોલ્યાં,

'પણ મારાથી ચિન્તા કર્યા વિના નથી રહેવાતું તેને હું શું કરું? એથી તો મેં તમને કહેલું કે આજે મારા વિના જાવ તો સારું-પણ તમને તો એક દિવસે ય મને રજા આપવી ગમતી નથી.' થોડોક વિનોદ કરવાનો યત્ન કરતાં તારાબહેન બોલ્યાં,

'ચાલો, આપણે બેઉ જઈએ, રમેશભાઈ ભલે ફરવા જતા.' મેં તારાબહેનને સંબોધીને કહ્યું.

'ના પની, તું તારા ભાઈ સાથે થોડું ફરી આવ. મને આજે ફરવામાં મઝા નહિ પડે, તારા ભાઈ જો ફરશે નહિ તો રાત્રે વળી મારે બીજી પંચાત—કહેશે કે ખાવું નથી.' હસતાં હસતાં તારાબહેન બોલ્યાં.

'વાહ, ખારસી મારી મશ્કરી કરતાં આવડે છે...'

'મશ્કરી!' રમેશભાઈને અધવચથી અટકાવતાં તારાબહેન બોલ્યાં, 'મશ્કરી તો ત્યારે કહેવાય જ્યારે કોઈ ખોટી વાત કહેતું હોય ને તે પણ પીડ પાછળ. પૂછોને પનીને. રાત્રે અનેક વખત ન ખાવા માટે કેવાં તમે બહાનાં કાઢો છો! મારે તમને એમ નથી કહેવા દેવું કે 'આજે ફરાયું નથી એટલે ભૂખ નથી.' એથી કહું છું કે હું જાઉં, ને તમે બન્ને ફરીને પાછાં આવો.'

થોડીક રકઝક અન્તે તારાબહેનને રમેશભાઈએ જવા દીધાં, અને અમે બન્ને ફરવા ગયાં. ફરતાં નદી કિનારે અમે ઠીક ઠીક આગળ નીકળી ગયાં. તાજેતરમાં વાંચેલી એક નવલકથાનો સારાંશ આપવામાં રમેશભાઈ મશગુલ બન્યા. મને પણ વાર્તા ખૂબ સુન્દર લાગી અને ગમી ગઈ એટલે હું પણ સાંભળવામાં તલ્લીન હતી. વાતવાતમાં સૂર્યાસ્ત થઈ ગયો. નદી કિનારે પડેલી શિલાઓ ઉપર બેસી, વહેતાં પાણીમાં પગ હલાવતાં અમે બન્ને બેઠાં. પંખીઓ પોતાના માળા તરફ પાછા વળતાં હતાં. કુદરત આખી નીરવ, પ્રસન્ન અને સૌમ્ય હતી. રમેશભાઈની કથાનો ભાગ પણ ધીરે ધીરે પરાકાષ્ઠાએ પહોંચવા આવ્યો હતો. કથા એક રૂપક જેવી હતી. અન્યોન્યને કાજે સર્જાયેલા કોઈ બે જીવો વિધિ-વશાત કોઈ વિરુદ્ધ દિશામાં જઈ ચઢે છે. તેમાંનો એક જીવ સંજોગવશાત કોઈ અન્ય જીવ સાથે જોડાય છે. તેને ખબર નથી હોતી કે પોતાની પ્રિય વ્યક્તિ તે એ જીવ નથી. પણ થોડા જ વખતમાં પેલા જીવને પોતાના જીવનમાં કંઈક ઊણું લાગે છે. પોતાની પ્રિય વ્યક્તિનો અભાવ ધીરે ધીરે તેને સ્પષ્ટ થતો જાય છે. જન્માન્તર થયેલો હોય સ્મૃતિ ઝાંખી

થયેલી હોય છે, પણ પ્રાણમાં જ કોઈ એવી વૃત્તિ રહેલી છે જે આપણો આત્મીય કોણ અને પર કોણ તેનો વિવેક કરતા શીખવે છે. પેલા દુર્ભાગી જીવનું જીવન વિષમય બની જાય છે; પણ પોતાની સાથે જે જીવ જોડાયો છે તેનો એમાં વાંક ન હોય તેનો સંસાર સુખી કરવા તે બનતો પ્રયત્ન કરે છે. પણ જેના અન્તરમાં સતત વેદનાની ધૂણી ધખતી હોય તે કેટલાક વખત સુધી જગત ઉપર સ્મિતનાં પુષ્પો વેરી શકે છે ! એવામાં એક દિવસ એક અકસ્માત બને છે. જે પોતાના આત્મીય વિના પોતાના જીવનમાં આવી શૂન્યતા આવી ગઈ છે તેને એક દિવસ અચાનક એ જુએ છે. જોતાં સાથે જ તેની પ્રતિતી થઈ જાય છે કે એ જ પોતાની તે પ્રિય વ્યક્તિ. સહસા તેના અંગે અંગમાં તે રોમાંચ અનુભવે છે. પણ તે પોતે તો બંધાઈ ગયેલ છે. હવે શું થાય ? પોતાની વેદનાની વીણા એ કોને સુણાવે ! આવા જીવની વેદનાનું જગતમાં કંઈ ઓસડ જ નહિ હોય ! આવું કંઈક સમરસપૂર્વક રૂપક તેમણે લાગણીના તીવ્ર આવેગ સાથે કહ્યું. મને આંખમાં એ સાંભળતાં ઝળઝળાં આવી ગયાં. રમેશભાઈનાથી એ છુપાવવા મેં મારું મોં ફેરવી લીધું. એવામાં સામે કિનારેથી એક સારસબેલડી તીણો રવ કરતી ઊડી. રમેશભાઈ તે ઊડતાં સારસોને જોઈ રહ્યા, અને બહુ જ ધીમેથી બોલ્યા.

'જો પની, જગતના પ્રેમીઓએ નિરંતર જેને દામ્પત્યના આદર્શ માટે સાહિત્યમાં અમર બનાવ્યાં છે તેવું પેલું એક સારસ જોડું. કુદરતે એના ઉપર જે ઉપકાર કર્યો છે, તેવો મનુષ્ય ઉપર કર્યો હોત તો કેવું સારું થાત ! એ બે મળી એક જીવન બને છે. એમાંથી એક ન હોય તો બન્ને વિરહમાં પ્રાણત્યાગ કરે છે. વિરહની એ વેદના પણ કેવી મીઠી હશે ! અને એ મૃત્યુ ! કેવું અખૂટ માંગલ્ય તે મૃત્યુના મુખ ઉપર એ પ્રેમીઓ વાંચતાં હશે ! પણ મનુષ્ય ઉપર એ મૃત્યુ એવો અનુગ્રહ ક્વચિત જ કરે છે—અને એથી—એથી—'

રમેશભાઈ માત્ર વાર્તા જ નથી કહેતા પણ કંઈક જુદો જ એમનો આશય છે એવો એક વહેમ મારા મનમાં ઊભવા લાગ્યો. પણ એમને માટે કાંઈ પણ હલકું વિચારવા હું તૈયાર નહતી, એટલે તેમને અધવચથી અટકાવતાં હું બોલી.

'રમેશભાઈ, કંઈ બીજી વાત કરો. તમે સાંજના આ ઘેરા વાતાવરણને સાવ ગમગીન બનાવી દીધું '

વારુ, તેમ કહીશું, પણ પની, નથી લાગતું તને કે આ જાતના જીવનની કરુણતા જીવમાત્રની સહાનુભૂતિને પાત્ર છે ?'

હું હવે જરાક ચીડાઈ. અવાજમાં સહેજ કઠોરતા લાવતાં હું બોલી.

'રમેશભાઈ, આવી રીતે વાત કરતા મેં તમને કદી નથી જોયા વળી મને એમાં સમજણ પણ શું ! કંઈક બીજી વાત કરો.'

'સાચું છે. આવી રીતે મેં કદી વાત નથી કરી. પણ તું એ તો સ્વીકારે છે ને કે માણસને ઈશ્વરે વાચા બક્ષી મોટો ઉપકાર કર્યો છે ! એ વાણી અનેકવાર માણસનો દુઃખભાર હળવો નથી કરતી ! અને તું કહે છે કે મને એમાં શું સમજાય તે સાચું છે ! પની, તારા જેવી જો એ ન સમજી શકે તો જગતમાં બીજું કોણ સમજશે !'

'રમેશભાઈ, આજે તમને શું થયું છે ?' મારો અવાજ ધ્રુજતો હતો. 'ક્યાં તમારી સમજ શક્તિ, અને ક્યાં મારી ! આવા પ્રશ્નો તો મોટાભાઈ જેવા સાથે ચર્ચાય...'

મને અટકાવતા તે બોલ્યા, 'ના પની, એમ આત્મ-અવજ્ઞા ના કર. તું હવે એવી નાની નથી કે આ બધું ન સમજે.'

મને ખરેખર ભીતિ લાગવા માંડી. મેં આજુબાજુ નજર કરી તો દૂર દૂર સુધી નીરવ વિજનતા ફેલાયેલી પડી હતી. અંધારાની આછી આછી ટશરો પૂર્વમાંથી ફૂટવા માંડી હતી. ક્યાંક ક્યાંક તો તારા પણ પલકવા શરૂ થયા હતા. મેં એક ઊંડી દૃષ્ટિએ આખા વાતાવરણને આવરી લેતાં કહ્યું.

'રમેશભાઈ, બાબાની માંદગીની તમારા મન પર અસર થઈ લાગે છે. આપણે બીજી કોઈ વાર એ

ચર્ચીશું. તારાબહેન પણ હશે એટલે ઠીક પડશે,'

'પની, તારાને એ સંભળાવી દુઃખી કરવાનો શો અર્થ ?' તે બોલ્યા.

'દુઃખી?' મારો વહેમ સુદૃઢ થયો. રમેશભાઈની મારી માનસ પ્રતિમા ઉપર જાણે કોઈએ ઘણના ઘા કર્યા હોય, અને એ તૂટી ભૂકો થઈ જવા આવી હોય એમ મને લાગ્યું: 'હા. આવા દુર્ભાગી જીવો માટે સહાનુભૂતિ તો સૌ કોઈને થાય. પણ એ તો જેવી લાગણી તમને થાય કે મને થાય તેવી જ તારા બહેનને પણ થાય.'

'ના, પની. તું ઈરાદાપૂર્વક વસ્તુના મર્મને નથી પકડતી. તું બધું જાણે છે, બધું સમજે છે પણ તારા હૈયાને તેં વજ્ર જેવું જાણે કે બનાવી દીધું છે.' તેમણે મારો જમણો હાથ પોતાના હાથમાં લીધો. તે ઉપર હાથ ફેરવતાં તે બોલ્યા, 'પની જરાક વિચાર કરી જો. કેવી તીવ્ર વેદના આ હૈયામાં જલતી હશે.' એમ કહી તેમણે પોતાનો ઉર સરસો મારો હાથ દબાવ્યો, તેના આવેગભર્યા ધબકારા હું અનુભવી શકી! મને ગુસ્સો ન આવ્યો. ગુસ્સો આવ્યો હોત તો સારું થાત. મારા અન્તરમાં ઊંડે અનુકમ્પા જાગી. મેં કહ્યું.

'રમેશભાઈ, તમે મારા બહેનને અન્યાય કરો છો. તમારા જેવાને આવું શોભે ?'

મને અટકાવતાં તે બોલ્યા.

'અન્યાય? હા. ગરીબ બિચારી તારા. (એનો શો વાંક? પણ બે જીવન આમ રૂંધાય જાય એ બરોબર છે? પની તને ખબર નથી. અને કદાચ તું થોડું ઘણું કળી શકી હશે તો તે તરફ તેં ઉદાસીન વૃત્તિ સેવી છે–પણ તું શું જાણે કે મારા જીવનમાં તારી પુનિત પગલી પડતાં કેવા પલટા આવી ગયા છે.'

હવે હું અકળાઈ 'રમેશભાઈ, તમે ગુરુ છો મારા પિતા તુલ્ય છો–તમને આવું શોભે ?'

'એ પણ સમાજે ઊભો કરેલો એક ભ્રમ જ ને? વારુ, પની ભલે તું મને આજે સમજવાનો અસ્વીકાર કરે, પણ વખત જતાં તું જોઈ શકશે કે તારા વિના મારું જીવન અસહ્ય છે. હા કેવળ અસહ્ય..."

અને લાગણીના એક ઉત્કટ આવેગમાં તેમણે મને ગાઢ આલિંગન કરી મારા મુખને એક દીર્ઘ ગાઢ ચુમ્બન ભરી દીધું મારાં અંગેઅંગમાં પ્રચંડ કંપ વ્યાપી ગયો. હું કદાચ મૂર્છા પામી જઈશ એવો મને ભય લાગ્યો. તેમની બાથમાંથી છૂટી થઈ મેં દોડવા માંડ્યું. મારા પગ લથડતા હતા. આખું બ્રહ્માંડ મને ચક્કર ચક્કર ફરતું લાગતું હતું. એક અપાર ઘૃણા મારા મનને ભરી રહી. લલ્લુ સાથેનો પ્રસંગ મને યાદ આવ્યો. હા. સંસ્કારિતા! માણસની હેવાનીયત છૂપાવવાનું કેવું સબળ સાધન!

'પની, ઊભી રહે, ઊભી રહે' રમેશભાઈએ અત્યંત વ્યગ્ર રૂપે બૂમ મારતા હતા. તેમના અવાજમાં સ્પષ્ટપણે ભીતિ તરી આવતી હતી. 'મારી ભૂલ થઈ થઈ પની, એ ભૂલી જજે, ભૂલી જજે.' તેમનો અત્યંત સાફ સ્વર સંભળાયો. મારા ઉપર એની અસર ન થઈ. ગૃહમાં જઈ મારી પથારીમાં મોં છૂપાવી છાનાં આંસુઓથી મારા ઓશીકાને મેં ભીંજવી નાખ્યું. મારા દુઃખમાં કોને સમાનધર્મા બનાવું? મોટીબહેનને કહું? તેમનાથી આ વાત કેમ છૂપી રાખી શકાય?' પણ રમેશભાઈ જેવાની સામેની મારી આ ફરિયાદ મોટાભાઈને ગળે ઝટ ઉતરશે?...મારા મન આગળ ગાઢ અંધારું જાણે પથરાઈ ગયું.

બીજે દિવસે સવારે તારાબહેન કંઈક બેબાકળાં જેવાં મારી પાસે આવ્યાં. ને બોલ્યાં,

'પની, તારા ભાઈને ગઈ કાલે રાતનો સખત તાવ ચડ્યો છે. હજી ઊતર્યો નથી. કહે છે કે માથું તૂટી પડે છે. તારી પાસે માથાની પેલી દવા હતી તે જો પૂરી ન થઈ હોય તો મને થોડીક આપ.'

ચુપચૂપ હું ઊભી થઈ, ગરીબ બીચારાં તારાબહેન! તેમને માટે મારું હૈયું અનુકમ્પાથી ભરાઈ ગયું. મારા મન આગળનું અંધારું સહસા સરી પડ્યું. એ કમનસીબ ઘટનાને ત્યાં જ દફનાવી દેવામાં તારાબહેનનું શ્રેય રહેલું છે એમ મને લાગ્યું. રમેશભાઈને એક વખત ઓળખ્યા પછી તેમનાથી વધુ ચેતીને હું

થાસી શકીશ એવો આત્મવિશ્વાસ સહેજે મને આવ્યો. હું ઊભી થઇ, અને મારી પેટી ઉઘાડતાં બોલી,

'તારાબહેન, એકાએક તાવ ક્યાંથી આવ્યો! કદાચ બાબાની માંદગીને કારણે ઉજાગરા થયા હશે.'

'હા બહેન, ગઇ કાલે આખી રાત ઊંઘ્યા નથી.'

'ચાલો હું દવા લઇ આવું છું. એ ઘસીને આપવાની છે. હું તમને ઘસી આપું!' મેં સ્વાભાવિક રીતે કહ્યું.

દવા ઘસીને મેં તારાબહેનને આપી અને કહ્યું, 'આને માથા ઉપર બરોબર પચાવજો.'

'તું જ કરને, બહેન. અગાઉ પણ એક વખત તેં પચાવેલું ને તરત એમનું માથું ઉતરી ગયેલું.'

મારે માટે સહેજ મૂંઝવણભરી પરિસ્થિતિ ઊભી થઇ; પણ અમારી વાત રમેશભાઇ સાંભળતા હતા. તે બોલ્યા, 'ના, તારા, પનીને આજે પરીક્ષા છે. એનો વખત ન બગાડ, તું જ ઘસી આપ.'

કોણ જાણે કેમ રમેશભાઇના આ કથનથી મારા મન પર શી અસર થઇ, પણ કોઇ પણ જાતના પૂર્વ વિચાર વિના હું બોલી ગઇ:

'તારાબહેન, કંઇ નહિ પરીક્ષા છે તેથી શું? તમે બાબાને સંભાળો. તેને ય બીચારાને કેવો તાવ છે! હું રમેશભાઇને દવા પચાવું છું!'.

આમ કહી રમેશભાઇની પથારી પાસે એક સ્ટૂલ ખસેડી હું દવા પચાવવા બેઠી તારાબહેન રસોડામાં ગયાં. થોડાક વખત સુધી અમારા બેમાંથી કોઇએ ન બોલ્યું. અને રમેશભાઇ બોલ્યા,

'પની, બહેન...'

પણ તેમને આગળ બોલતા અટકાવી મેં બહુ ધીમે સાદે કહ્યું, 'ચૂપ રહો રમેશભાઇ, તમને સારું નથી. આંખ મીંચી જરા સૂઇ રહો.'

'ત્યારે તેં મને માફ કર્યો છે બહેન? તેમનો ધીમો આંસુભર્યો સાદ આવ્યો. 'મારું ગઇ કાલનું વર્તન કોઇ પણ સજ્જનને ન છાજે એવું હતું. મેં તમારા સૌનો અને મોટાભાઇનો દ્રોહ કર્યો છે.'

ફરીથી તેમને અટકાવતા હું બોલી. 'બસ કરો રમેશભાઇ. તારાબહેન સાંભળશે તો તેમને કેવું થશે! તમે કહો છો તે સાચું છે એની હું ના નથી પાડતી, પણ સૌથી વધુ દ્રોહ તમે તારાબહેનનો કર્યો છે. કેવી તેમની ભક્તિ, તેમનો પ્રેમ, તેમની શ્રદ્ધા—રમેશભાઇ, હું તો તમારી દીકરી જેવી છું હું તમને શું સલાહ આપું!'

દવા પચાવતા મારા હાથને રોકતા તે બોલ્યા, 'બસ બહેન, બહુ થયું તું કહે છે એ સાચું છે. મોટાભાઇ આગળ અને મારા આગળ મારે એનું પ્રાયશ્ચિત કરવું જ જોઇએ.'

'એ શા માટે ભાઇ! તેમણે તમારી જે માનસ પ્રતિમા પોતાના મનમાં સ્થાપી છે, તેને તોડવાથી શો લાભ! જુઓ રમેશભાઇ, ગઇ કાલની વાત ભૂલી જાવ. હું પણ ભૂલી જઇશ. આપણી વચ્ચે ગુરુ શિષ્યાનો જ સંબંધ સ્વાભાવિક છે, મિત્રનો નહિ; એ આપણે ન સમજ્યાં તેનું એ પરિણામ આવ્યું. આજથી હવે હું કેવળ શિષ્યા જ છું એ હું યે યાદ રાખીશ અને તમે પણ યાદ રાખશો તો એવું ફરી કદી નહિ થાય. તમારે હાથે જેવાં મોટાં કામો થાય એવી પરમાત્માએ મેધા બક્ષી છે એને વેડફી ન નાખશો રમેશભાઇ, અને તારાબહેન કે મોટાભાઇને દુઃખી ન કરશો.'

'બહેન મારી' રમેશભાઇએ કૃતજ્ઞતાથી મારો હાથ દાબ્યો. તેમણે આંખ મીંચી દીધી. આંસુનાં બે ટીપાં બન્ને આંખના ખુણામાંથી નીકળી સરી પડ્યાં. હું કંઇ પણ ન બોલી. મેં દવા પચાવવી ચાલુ રાખી. થોડા વખતમાં તે શાન્તિથી ઊંઘી ગયા, એ જોઇ ધીમે રહીને હું ઊઠી ને તારાબહેન રસોડામાં હતાં ત્યાં જઇ બોલી, 'લ્યો, તારાબહેન, રમેશભાઇ ઊંઘી ગયા છે. એમને ઉઠાડશો નહિ. આજે એ નિશાળે નહિ આવે તો સારું. મોટાભાઇને તમે કહેવડાવી દેજો. હું જાઉં ત્યારે!'

'હા, બહેન. આવજે હો.'

'આવજો' બોલતી હું મારા ગૃહમાં ગઇ.

એ વખતે મારું મન કંઇક હળવું બન્યું હતું. અને એ દુર્ભાગી ઘટનાનો આમ અન્ત આવ્યો એ વિચારે મને કંઇ નિરાંત જેવું પણ લાગ્યું. પણ

મારી એ મનઃસ્થિતિ લાંબો વખત ન ચાલી. આગલા દિવસનો આખો પ્રસંગ તેની એકેએક વિગત સહિત મારા મનમાં તાજો થયો. જે માણસ આવી હેવાનિયત કરી શકે તેનો પશ્ચાતાપ પણ એક છળ કેમ ન હોય? ને પશ્ચાતાપ કરવાનો ડોળ ન કરે તો બીજે દિવસે મ્હોઢું શું બતાવે? ગૃહના ઉદાત્ત વાતાવરણમાં આવી અધમ વ્યક્તિ એક ક્ષણ પણ કેમ રહી શકે? આવા માણસો પશ્ચાતાપનો કોઇ પણ આબાદ રીતે કરી શકે. રડી પણ શકે, અને આત્મહત્યા કરવાની ચેષ્ટા પણ કરી શકે. લલ્લુ જેવા એવું ન કરી શકે. તેવાને તો એકવાર તમાચો ખાધા પછી તેની કંઇ લાજ શરમ નથી હોતી, બીજે દિવસે નફફટ બની પાછા જાણે કંઈ જ બન્યું નથી એવી રીતે તમને મળે પણ ખરા, વિનોદ પણ કરે, અને તમારી સુજનતાનો લાભ લઇ, એવાને ખુલ્લા પાડવા એમાં તમને જ અન્યાય થવાનો સંભવ છે, એને તો કંઈ જ ગુમાવવાપણું નથી હોતું, એવા સ્પષ્ટ ખ્યાલ સાથે તમારી પાસેથી પોતાનું કંઇક કામ પણ કરાવી લે. પણ ભદ્ર હોવાનો! પોતાની બુદ્ધિનો બને તેટલો દુરૂપયોગ કરી તમને સંસારમાં સારી રીતે તેઓ ઠગે. રમેશભાઇ ભદ્રતાના ઓપવાળા આવા હલકા પુરુષ જ છે એમ જાણે મારી ખાત્રી થઇ ગઇ, અને ઘડી પહેલાં તેમનો મને જે પશ્ચાતાપ લાગ્યો હતો તે તેમની એક હીન યુક્તિ હતી એમ હું માનવા માંડી. મારી માન્યતા મને ક્રમશે ને પગલે સતાવવા મંડી. તારાબહેનને દુઃખ ન થાય એ કારણે મોટાભાઇ અને મોટીબહેન પાસેથી મેં વાત છુપાવવા ધારેલી, પણ એક બાજુ અનેક ઊગતી કિશોરીઓનાં જીવન આવી ચારિત્ર્યશૂન્ય વ્યક્તિના હાથમાં કેવા જોખમમાં છે, અને હું જો એના ચારિત્ર્ય ઉપર ઢાંકપીછોડો કરું તો મોટાભાઇનો કેવો મોટો દ્રોહ કરું છું, અને પાપની પણ કેવી ભાગીદાર બનું છું એ મને બહુ સ્પષ્ટ રીતે સમજાવા માંડયું. વહેલામાં વહેલી તકે મોટીબહેનને તો મારે એ વાત કહેવી જ એવો મેં સંકલ્પ કર્યો અને તે સાથે રમેશભાઇને અન્યાય ન થાય તેટલા ખાતર તેમણે મારી આગળ જે પશ્ચાતાપ વ્યક્ત કર્યો હતો તે પણ જણાવવો. મારા કરતાં તે વધુ સમજુ, વધુ ડાહ્યાં અને વધુ અનુભવી હોઇ સત્યની તારવણી વધુ સારી રીતે કરી શકશે અને તેમને એક વાર એ જણાવ્યા પછી મારું મન પણ હળવું બનશે એવું હું માનવા લાગી.

એ દિવસે રમેશભાઇ રજા ઉપર હતા. તેમને બપોરે તાવ ચઢ્યો હતો, પણ સાંજે ઉતરી ગયો. તે સાજા થાય તે પહેલાં મોટીબહેનને એ વાત કહેવાનું મને મન ન થયું. બે એક દિવસ બાદ રમેશભાઈ તદ્દન સાજા થઇ ગયા. તેમના વર્તનમાં સ્પષ્ટ ફરક પડયો હતો, પણ તે મારા સિવાય બીજા કોઇના ધ્યાનમાં ન આવ્યો. તેમનો તે વિનોદ, તેમના સ્વભાવનો તરવરાટ એ બધાં જાણે સાવ અદૃશ્ય થઇ ગયાં હતાં, બીજાંઓને કદાચ થયું હશે કે માંદગીને કારણે એ હશે. મારું વર્તન પણ તેમની સાથે અક્કડ જ રહ્યું. વર્ગમાં પણ હું જરૂર પડયે જ તેમના તરફ નજર કરતી તેમને ઘેર જવાનું તો મેં બંધ જ કરી દીધું. મારા વલણમાં થયેલો ફેરફાર તેમણે પણ નોંધ્યો હતો તે હું જોઇ શકી. એથી મને જાણે એક રીતનો આનંદ થયો.

હવે વધુ દિવસ ન થોભતાં મોટાબહેનને મારે તરત જ વાત કરવી જોઇએ એ વિચારે બે દિવસે હું તેમની પાસે ગઈ. મોટાંબહેન ખૂબ આનંદમાં હતાં. હું ગઇ ત્યારે તે રસોઈમાં ગુંથાયાં હતાં મારે માટે આ સારી તક હતી. રસોડામાં અમે બે જ હતાં. મોટાભાઈ બહાર ગયા હતા. પણ વાત કેમ શરૂ કરવી તેમને ન સમજાયું. તેમ જ મોટાંબહેનના મંગળ મુખ તરફ જોતાં, તેમના મુખ પરનો અસીમ સ્નેહ અને આનંદ જોતાં તેમની આગળ તે અમંગળ વાત કહેવી એ પણ જાણે ગુનો હોય એવી મને લાગણી થઈ. મારા મનની વાત મારે મનમાં જ રાખવી પડી, પણ મોટીબહેને એક અણધારેલો સવાલ પૂછ્યો.

'પની, કેટલાક દિવસથી તું બહુ ગંભીર દેખાય છે. કંઇ થયું તો નથીને? ઘેરે તો બધાં સારાં છે ને?'

હું ચમકી, મોટાંબહેનને કંઇ ખબર તો ન પડી

હોય એમ ઘડીભર મારા મનમાં આવી ગયું, પણ મારી જાતને સ્વસ્થ કરતાં હું બોલી

'ના મોટાબહેન એવું ખાસ કંઇ થયું નથી, ઘેરે બધા સારાં છે. પણ તમને કેમ એવું લાગ્યું?'

'તે તો મને ખબર નથી. પણ છેલ્લા થોડાક દિવસથી તારું વર્તન મને સ્વાભાવિક નથી લાગ્યું. જાણે મન ઉપર તું કંઇક બોજો લઇ ફરતી હોય એમ મને લાગ્યા કરે છે એક બે વખત તો તને પુછવાનો પણ મેં વિચાર કરેલો. પણ કઇ ને કંઇ કારણસર રહી ગયું. તને જો વાંધો ન હોય અને જો કંઇ બન્યું હોય તો મને જણાવ.'

'મારા એકલામાં જ તમે આવો ફેરફાર જોયો છે મોટાબહેન!' મેં તેમને પૂછ્યું

તે જરાક ખંચકાયાં, અને પછી સ્મિત કરતાં બોલ્યાં,

'તો મારી વાત સાચી છે ને! મારાથી કંઇક તું છુપાવે છે ખરું?'

'ના તમારાથી મારે શું છુપાવવાનું હોય! પણ નાહકની ચિન્તાઓમાં તમને શા સારુ નાખવાં એ વિચારે મારે તમને કહેવું ન હતું, પણ હવે તમે પૂછ્યું જ છે તો જણાવું, પણ તમે મારા પ્રશ્નનો ઉત્તર ખાઇ ગયાં છો તે હું ભૂલી નથી હો.'

તે હસ્યાં, "'તે મેં ક્યાં માન્યું છે કે તું ભૂલી ગઇ છે! પણ તારા પ્રશ્નનો મારી પાસે ખાસ કંઈ ઉત્તર નહોતો એટલે મેં જવાબ નહોતો આપ્યો.'

"ભલે ખાસ ઉત્તર ન હોય, પણ કંઈક ઉત્તર તો હશે જ ને! કહો, મોટાબહેન, એ ફેરફાર તમે મારા એકલામાં જ જોયો છે?" હું હવે ગંભીર બની.

મોટાબહેનનું મુખ પણ ગંભીર બન્યું, તે બોલ્યાં, 'પની, મારે હાથે જાણ્યે અજાણ્યે કોઇને અન્યાય ન થવો જોઇએ. પણ જેમ તારામાં મેં ફેરફાર જોયો છે તેવો જ મેં રમેશભાઈમાં પણ ફેરફાર જોયો છે.'

'એટલે! કઇ રીતે!' મેં વધુ જાણવા પૂછ્યું.

'તો મારું અનુમાન સાચું છે ને!' અને મારા મુખ પર ઉત્તર જોઇ તેમણે આગળ ચલાવ્યું, 'પહેલી વસ્તુ તો જે માત્ર મારા એકલાના જ નહિ, પણ સૌના ધ્યાન ઉપર આવે એવી છે તે તો તમે હવે સાથે ફરવા નથી જતાં તે. બીજું રમેશભાઈ પહેલાં જેવા હવે હસમુખા નથી રહ્યા. તેમને જાણે કંઇક અસહ્ય આઘાત લાગ્યો હોય એવું તેમને ધારી ધારીને જોનારને લાગ્યા વિના નહિ રહે. બોલ, ત્યારે મારાં આ અનુમાન સાચાં છે! તને એવું નથી લાગ્યું! ને તારામાં પણ કંઇક એવો જ ફેરફાર થએલો છે. એટલે આટલે સુધી તો અંકોડા મારાથી ગોઠવાયા હતા, પણ પછીના નથી ગોઠવાતા.'

'મારાથી કંઈ બોલી શકાયું નહિ, પણ મોટાબહેનની છાતીમાં મોં સંતાડી હું રડી પડી. મેં ફરિયાદ ન કરી. મારી વેદના વ્યક્ત કરી, લાંબા વખત સુધી મોટાં બહેન મારા વાંસા પર વહાલથી હાથ ફેરવતાં રહ્યાં. તેમણે મને ખૂબ ધીરજ આપી, મેં ધાર્યું હતું તેવો તેમને આઘાત ન લાગ્યો. બલ્કે આ આઘાતને માટે તે તૈયાર હતા એમ મને લાગ્યું. આ પછીની ઘટના અત્યંત કરુણ છે. મેં મોટાબહેનને જઈને વાત કરી તે જ દિવસે સવારે રમેશભાઈએ મોટાભાઇને એક ટૂંકો પત્ર આપ્યો હતો, એ વાંચતાં મોટાભાઈ ગમગીન બની ગયા હતા. મોટાબહેનથી એ પત્ર તેમણે છૂપાવી રાખ્યો હતો. પણ મોટાબહેનને મળીને હું પાછી વળી ત્યારે, પાછળથી મોટાબહેને મને વાત કરી તે પરથી મેં જાણ્યું હતું તેમ, તેમણે એ પત્ર મોટાબહેનને વંચાવ્યો. પત્રમાં નરી વેદના હતી. પોતાના સ્ખલનનો તેમાં નિખાલસ એકરાર હતો, અને સાથે રાજીનામું હતું મોટાભાઈએ" રાજીનામું ન સ્વીકાર્યું", તેમ એ પત્રની વાત પણ મોટાબહેન સિવાય કોઇને ન કહી. તેમણે રમેશભાઇને નાનાભાઇની જેમ ખૂબ સાંત્વન આપ્યું. સલાહ આપી. પણ કોઈ અવિચારી કૃત્ય ન કરવા, આત્મ અવજ્ઞા ન કરવા ચેતવ્યા, અને પોતાની વૃત્તિના પોતે સ્વામી થઈ શકે એવી તેમનામાં શક્તિ છે–

તેમણે માત્ર ખોટો અસંતોષ કાઢી નાખવો એવી સલાહ આપી પણ આ પછી રમેશભાઈના સ્વભાવમાં જે પરિવર્તન થયું હતું, જે ગાંભીર્ય આવ્યું હતું અને જે ગ્લાનિ હતી તેમાં ખાસ ફેર ન પડયો અને તેમને અને અમારા સૌને દુર્ભાગ્યે જેનામાં એ જોવાની શક્તિ હતી, જે અમારા સૌનાં સાચાં મોટાંબહેન હતાં, અને જે રમેશભાઈને પણ ફરીથી તેમના મૂળ આનંદી સ્વભાવમાં તે સ્વભાવને બહુ નિર્મળ બનાવી લાવી શકત એ મોટાંબહેન એકાએક અમને છોડી ગયાં. ના. એ વેદનાભરી કથા હું વિગતે નહિ કહી શકું. તેમની એ ટૂંકી માંદગી, અને મૃત્યુ ઉપર પણ જય મેળવે એવું તેમનું અન્તિમ સ્મિત હું કયા શબ્દોમાં વર્ણવું ? એમના જવાની સાથે માત્ર અમે અમારાં મોટાંબહેન જ નહિ પણ અમારા જીવનનું એક મોટું આલમ્બન ગુમાવ્યું. અમારી સંસ્થાનો પ્રાણ એમની સાથે જતો રહ્યો. એમના વિના મોટાભાઈની સ્થિતિ થડ વિનાના વૃક્ષ જેવી થઈ પડી. કન્યાગૃહ ચલાવવાની તેમનામાં હામ રહી નહિ નિરુપાયે તેમને તે બંધ કરવું પડ્યું, અને હું મારે વતન આવી. મારા જીવનના એક અતિ મહત્ત્વના, અતિ સુખદ પ્રકરણનો આમ અન્ત આવ્યો ને નવા જીવન તરફ મેં કદમ માંડ્યાં. (ચાલુ)

*

નેપચ્યૂન એસ્યોરન્સ કું૦ લિ૦

* જિંદગી
* આગ
* મોટર
* અને
* અકસ્માતના
વીમાનું કામ
લેવામાં આવે છે.

[સ્થપાઈ–૧૯૩૦]
ચાલુ કામ
રૂા. ૪,૫૦,૦૦,૦૦૦
વાર્ષિક આવક
રૂા. ૨૫,૦૦,૦૦૦
કુલ અસ્કયામત
રૂા. ૯૦,૦૦,૦૦૦
એજન્સી અને બીજી માહિતી માટે લખો.
નેપચ્યૂન એસ્યોરન્સ કું: લિ.

: હેડ ઑફિસ :
નેપચ્યૂન બિલ્ડીંગ, હૉર્નબી રોડ, ફોર્ટ, મુંબાઈ

અમદાવાદ બ્રાંચ :
પાંચકૂવા, કુત્રગ સામે, અમદાવાદ

પ્રકરણ ૭મું

ઇસ્લામની વસંત: મોગલાઇ

ઉત્તર ઇસ્લામયુગ અથવા તો ઇસ્લામનો ઉત્ક્રાન્તિકાળ. (ઇ. સ. ૧૫૨૬–૧૬૫૮)

ઇસ્લામયુગની હિન્દુ સંસ્કૃતિ

સામાન્ય રીતે એમ કહેવામાં આવે છે કે હિંદની સંસ્કૃતિ એ સમન્વયની સંસ્કૃતિ છે. મને આ કથનમાં ભારે શંકા છે. પણ આ મુદ્દા ઉપર વધુ લખતાં પહેલાં મારે મારી સમન્વયની કલ્પના સ્પષ્ટ કરવી ઘટે.

બે પરસ્પર વિરોધી સંસ્કૃતિઓ વચ્ચે જ્યારે જીવનવિગ્રહ શરૂ થાય છે ત્યારે એમની વચ્ચેના જીવનવિગ્રહનું જીવનસંગીતમાં નીચેના ક્રમે રૂપાંતર થાય છે: સંગ્રામ, સંઘર્ષ, સમાધાન, વિનિમય સંમિશ્રણ અને સમન્વય.

સમન્વય એટલે કોઇ નવી ચોક્કસ જીવનદૃષ્ટિ દ્વારા બે જૂની સંસ્કૃતિઓમાંથી સારા તત્ત્વોનો પ્રેમ પૂર્વક સ્વીકાર અને ખરાબ તત્ત્વોનો નિર્દયતાપૂર્વક નાશ. આમ બને એટલે એ બન્ને સંસ્કૃતિઓ પોતપોતાનું સ્વતંત્ર વ્યક્તિત્વ ગુમાવીને એક નવી સંસ્કૃતિમાં સમાઈ જાય. હિંદુ ને મુસ્લીમ બન્ને સંસ્કૃતિઓ પોતાનો અહમ્ ગુમાવીને હિન્દી સંસ્કૃતિમાં પીગળી ગએલી મને હજી દેખાતી નથી, તેમજ બન્ને સંસ્કૃતિઓ કરતાં ચઢિયાતી એવી કોઇ નવી સંસ્કૃતિ હજી સુધી સર્જાઇ નથી, એને માટે બન્ને સંસ્કૃતિઓ જવાબદાર છે. સમન્વયના જે થોડાઘણા નિષ્ફળ પ્રયત્નો થયા છે, તે મોટેભાગે મુસ્લીમોને હાથે થયા છે. હિન્દુઓએ તો એ દિશામાં બહુજ ઓછો પુરુષાર્થ કર્યો છે, હજી સુધી બન્ને સંસ્કૃતિઓના અનેક જીવનથરો સંગ્રામથી સંમિશ્રણની ભૂમિકામાં છે.

ઇસ્લામયુગ દરમ્યાન થએલા હિન્દુ–મુસ્લીમ ઐક્યને શ્રી. નરસિંહરાવ યાંત્રિક ઐક્ય Mechanical Combination તરીકે ઓળખાવે છે રાસાયણિક ઐક્ય Chemical Combination તરીકે નહિ, અને એમાં ઘણું સત્ય છે. હજી સુધી બન્ને સંસ્કૃતિ વચ્ચે સાચો સર્વવ્યાપી સમન્વય થયોજ નથી.

હું ભગવદ્‌ગીતાને સમન્વય કહું, અલ્લોપનિષદને નહિ. તાજમહેલને સમન્વય કહું, ડાકોરના રણછોડરાયજીના મંદિરને તો નહિજ.

ઇસ્લામ જેવા ભયંકર સાંસ્કૃતિક પડકારનો હિન્દુ સંસ્કૃતિએ શો જવાબ આપ્યો ? જીવનને દરેક મોરચે વ્યવસ્થિત અને અવ્યવસ્થિત પીછેહઠ !

સૌથી પહેલાં ધર્મનો મોરચો લઇએ.

રામાનંદ, કબીર, નાનક, ચૈતન્ય, દાદુ, વલ્લભ, તુલસીદાસ, નામદેવ, નરસિંહ ને મીરાં, એ બધા આપણા મધ્યયુગના ધર્મસુધારકો, પણ એમાં કોઇનું કદ તુલસીદાસનો અપવાદ બાદ કરતાં શંકર કે રામાનુજ જેટલું નહિ. કોઇના ધર્મચિંતનમાં મૌલિકતા નહિ. ઉપનિષદોના ચિંતનનો આનંદ કે તાઝગી નહિ કે ઇસ્લામની ઝનૂની એકાગ્રતા નહિ. એમના ધર્મચક્ર પાછળ એને રક્ષનારૂં રાજ્યચક્ર નહિ પરિણામે મુસ્લીમોનો હિન્દુઓ ઉપરનો જુલમ જોઇને નાનકનું સંત હૃદય દ્રવ્યું પણ એ કાંઇજ કરી શક્યા નહિ ! મીરાંને મેવાડ છોડવું પડ્યું, નરસિંહ મહેતા જેલમાં પૂરાયા, અને વલ્લભાચાર્ય ઔરંગઝેબના ત્રાસથી વ્રજમાંથી નાઠા, તે ઠેઠ રાજપુતાનામાં જઇને સીસોદિયાઓની સમશેર હેઠળ નાથદ્વારમાં આશરો લીધો ! ધર્મો રક્ષતિ રક્ષિતઃ। એ ઋષિવચનને મધ્યયુગના હિન્દુ ઇતિહાસે ખોટું પાડ્યું ! એમની ધર્મક્રાન્તિ રાજક્રાન્તિ ના કરી શકી. રાજક્રાન્તિ કરવાની વાત તો બાજુએ રહી, પણ જે વખતે જુનાગઢમાં નરસિંહ મહેતા જેવા પરમવૈષ્ણવનો વાસ હોય, તેજ વખતે એકબાજુ જુનાગઢનો રા. ગંગાજળીઓ મુસ્લીમ બનીને જીવ બચાવે, તો બીજી બાજુ સંસ્કારધર્મી નાગરો નરસિંહ મહેતાનો બહિષ્કાર કરે.

આમાંથી એક નેતાનું ધાર્મિક સંગઠન હિંદવ્યાપી નહિ, એકેયે પ્રાંતિક ભૂમિકાથી આગળ વધીને વ્યાપક કે સાર્વભૌમ ધર્મ સ્થાપ્યો નહિ, એકેમાં પરસંસ્કાર ઉપર આક્રમણ કરવાની સ્ફૂર્તિ નહિ. આ સૌ ધર્મનેતાઓએ હિંદુધર્મની પડતી ઠીક ઠીક પ્રમાણમાં થંભાવી; પણ એને નવી સ્ફૂર્તિ આપવામાં એ નિષ્ફળ નિવડ્યા.

ઇસ્લામનો સમશેરથી સામનો કરવાનું ફક્ત રામદાસ સ્વામી અને ગુરુ ગોવિંદને સૂઝ્યું, અને તેય ઇસ્લામી સંસ્કૃતિના પડતીકાળમાં! ત્યાં સુધીમાં તો હિન્દુ સંસ્કૃતિને અત્યંત અસાધાર્ય નુકસાન થઈ ચૂક્યું હતું.

જે વખતે અલ્લાહના અનુયાયીઓની ચીરહાકથી ત્રણે ખંડની પ્રજાઓ કાંપતી હતી તે વખતે કૃષ્ણ-ભક્ત મીરાંએ માતાજીને નમવાની ના પાડી, અને તુલસીદાસે કૃષ્ણભગવાનને સંભળાવી દીધું કે:

तुलसी मस्तक तब नमे,
जब धनुषबान लो हाथ.

અલ્લાહ જેવા આંતરરાષ્ટ્રીય દેવનો સામનો કરવા માટે હિન્દુઓના રામ અને કૃષ્ણ, માતા અને મહાદેવ એક થઈ શક્યા નહિ! હિન્દુ સંસ્કૃતિના અગ્નિહોત્રીઓ પોતાના નાના મોટા, નવાજૂના, અને દેશીપરદેશી દેવોને સંસ્કૃતિની ભઠ્ઠીમાં પીગાળી નાખીને, એમાંથી કોઈ મહાપ્રતાપી નવો દેવ સર્જી શક્યા નહિ. રામ ને રહીમ, કૃષ્ણ ને કરીમ એક છે એવો કબીરે ઉપદેશ આપ્યો, પણ એના અનુયાયીઓ કેટલા!

ગુપ્ત યુગનો જીવનનો ઉલ્લાસ ગુમાવી બેઠેલું હિંદુ માનસ વિલાસ અને વિષાદના પરસ્પર વિરોધી માનસપ્રવાહોમાં વહેંચાઈ ગયું અતિનીતિ અને અતિઅનીતિ એ બન્ને જીવનનાં થાકનાં સૂચક છે. શંકરે વૈરાગ્યનો અને રામાનુજે કૃષ્ણભક્તિનો એમ બે સંસ્કારપ્રવાહો શરૂ કર્યા ઇસ્લામના પ્રચંડ કર્મ-સામર્થ્યનો સામનો કરવાને અશક્ત એવી હિન્દુપ્રજાએ આ બન્ને સંસ્કારપ્રવાહોને ઘટ્ટ કર્યા, અને પ્રજાના વિષાદને વૈરાગ્યનું રૂપ આપી એક બાજુ પરલોકભણી દૃષ્ટિ ફેંકી, તો બીજી બાજુ કૃષ્ણગોપીના શૃંગારમાંથી રસ લૂંટીને ગુલામીને સહ્ય બનાવી.

એક બાજુ,

નાગર નંદજીના લાલ, રાસ રમંતા મારી નથની ખોવાઈ;
કાના જડી હોય તો આલ, કાના જડી હોય તો આલ.
નાગર૦

જેવાં મનોહર પ્રણયકાવ્યો લખાવા માંડ્યાં તો બીજી બાજુ,

આ તનરંગ પતંગ સરીખો, જાતાં વાર ન લાગેજી,
અસંખ્ય ગયા ધનસંપતિ મેલી, તારી નજરે આગેજી.

તેમજ

હાડમાંસ ને રૂધિર ભરેલું મઢ્યું ચામડે અંગ,
ગંદા દેહનો ગર્વ નકામો, કાયાનો રંગ પતંગ.
ભરૂંસો નહીં સાચો રે
કાયાનો રંગ કાચો રે
ભગવાન ભજો.

એ રીતે દેહછેદનની ખટપટ કર્યા વિનાજ, માનવ દેહની બીભત્સ વાસ્તવિકતાનું આમપ્રજાને જ્ઞાન આપતાં ભયંકર વૈરાગ્યકાવ્યો લખાવા માંડ્યાં, અને એ વૈરાગ્યવીરોએ જમદૂતોના કારમા મારથી પ્રજાને બીવડાવી શકાય એટલી બીવડાવી!

ક્યાં મૃત્યુ વિષેની ઉપનિષદોની મનોહર કલ્પના અને ક્યાં મૃત્યુ વિષેનો મધ્યકાલીન ત્રાસ!

શંકરયુગથી હિન્દુઓ ધર્મપ્રચારનો જુસ્સો ગુમાવી બેઠા, અને પરદેશ ખેડવાનું બંધ કર્યું, પણ હિંદમાંય એમને મુસ્લીમોએ ઝંપીને બેસવા ના દીધા. સિંધમાં હિન્દુઓ હાર્યા, અને એમની ઘણી મોટી સંખ્યા બળજોરે મુસ્લીમ બની પણ જ્યાં રજપુતોએ સીંધ જીતીને અરબોને હાંકી કાઢ્યા કે તુરંત બ્રાહ્મણોએ "દેવલસ્મૃતિ" લખીને એ નવમુસ્લીમોને ફરી પાછા હિન્દુ બનાવ્યા. ત્યાં તો મહમ્મદ ગીઝનીની જીત આવી. ફરી એનો એ ઇતિહાસ. મહમ્મદથી બીજીવાર હારવાની નામોશી સહન ના થવાથી જયપાળે અનંગપાળને રાજ સોંપી અગ્નિસ્નાન કર્યું. અનંગપાળથી પણ પરાજયના જીરવાયો એટલે એ મુસ્લીમ બની ગયો. પણ પાછળથી એ શુદ્ધ થઈને ફરી હિન્દુ થયો. આ રીતે હજાર વર્ષોથી બે સંસ્કૃતિઓ વચ્ચે ખેંચતાણ ચાલુ રહી છે. પરિણામે સરવાળે મુસ્લીમો જ ફાવ્યા અને છ હજાર અરબોનું આજે દશકરોડ મુસ્લીમોમાં પરિવર્તન થયું છે! જેને પરિણામે સ્વતંત્ર હિન્દને ઇસ્લામી સંસ્કૃતિને પાકીસ્તાનની ખંડણી આપવી પડી.

રાજસત્તા ગુમાવતા હિન્દુઓની ધર્મસત્તા પણ મર્યાદિત બની ગઈ. વલ્લભાચાર્ય અને ચૈતન્ય જેવા ધર્મગુરુઓએ રહીમ, રસખાન અને હરદાસને હિંદુ-

ધર્મમાં ઉદારતાપૂર્વક લીધા. પણ સંકોચાતા સમાજે એમને પોતાનામાં સમાવવાની ના પાડી. ઉદાર ચૈતન્યના અનુયાયીઓ બંગાળમાં એટલા ધર્માંધ બન્યા કે એમણે પોતાના શુદ્ધિધર્મમાં અસંખ્ય હિન્દુઓને મુસ્લીમ સમાજમાં ઠેલી દઈ આજનો પૂર્વ અને પશ્ચિમ બંગાળનો પ્રશ્ન ઊભો કર્યો! કાશ્મીરમાં હિન્દુ રાજ્ય થયું એટલે ત્યાંના મુસ્લીમોએ હિન્દુધર્મમાં પાછા આવવાની ઈચ્છા દર્શાવી, પણ આ અધર્મ આચરવાની કાશીના ધર્માંધ બ્રાહ્મણોએ ધસીને ના પાડી. તે દિવસે એમણે જો હા પાડી હોત તો આજનો કાશ્મીરનો પ્રશ્ન હોતજ નહિ. પૂર્વજોના પાપો આપણને આજે આ રીતે નડી રહ્યા છે. સમાજનો આ સંકોચ સહજાનંદ, દયાનંદ, વિવેકાનંદ અને ગાંધી સુધી ચાલુ જ રહ્યો છે.

'નબળો માટી બૈયર પર શૂરો' એ રીતે જીવનમાં ઠેરઠેર હારતા હિન્દુઓએ, સમાજબંધનો સખત કર્યાં, અસંખ્ય નાતો જાતોની ભુલભુલામણી રચી. આઓ અને શૂદ્રોની અવદશા કરી, સ્પર્શાસ્પર્શ, ભક્ષાભક્ષ, અને માન્ય અમાન્ય લગ્નોના ભેદ વધારી મૂક્યા, જે જે હિન્દુઓ મુસ્લીમ બને તેમને માટે હિન્દુસમાજમાં પાછા આવવાનાં બારણાં બંધ કર્યાં. અને આ રીતે ઇસ્લામના ઝંઝાવાત સામે હિન્દુસમાજ વજ્ર જેવી કઠોરતાથી ઊભો રહ્યો. મધ્યયુગનો ધર્મ ઉદાર બનવા મથતો હતો, પણ એનો સંકોચાતા સમાજ સાથે મેળ ખાતો ન હતો.

રાજકીય મોરચા ઉપર તો ઉત્તર હિન્દમાં એક જ સપાટે હિન્દુઓ બધી સત્તા હારી ગયા. પછી હિન્દુઓનું સઘળું શૌર્ય રાજસ્થાનમાં કેન્દ્રિત થયું. અને ખાસ કરીને મેવાડે આ યુગમાં શાર્ય, સંસ્કાર ભક્તિ, ઔદાર્ય, ટેક, સ્વામીભક્તિ અને દેશભક્તિની અનેક અમર કથાઓ પોતાના સ્વાર્પણ વડે લખી છે. અસીમ વીરતા, અખૂટ ધૈર્ય, પ્રબળ અભિમાન, ઘોર નિરાશા અને પ્રેમશૌર્યની પરાકાષ્ટા જેવાં કેસરિયાં અને જોહરનાં આત્મસમર્પણો દ્વારા મધ્યકાલીન રજપુતોએ માનવ મહત્તાનાં ઉત્તમોત્તમ શિખરો સર કર્યાં છે. છતાંય પોતાના યુગના દોષોથી આ સૌ મહાન સ્ત્રી-પુરુષો પણ મુક્ત નહોતાં. પ્રતાપ જેવા મહાપુરુષને 'મારો મેવાડ' એ અભિમાન હતું, પણ 'મારો દેશ' એ અભિમાન નહોતું. એ અભિમાન હોત તો માનસિંહ જેવા શૂરા અને મુત્સદ્દી પુરુષનું એ નિરર્થક અપમાન ના કરત; અને રાણા સંગની પેઠે બધા રજપુતોનું સંગઠન કરવા મથ્યા હોત.

મૌર્ય અને ગુપ્તયુગના ધાર્મિક, રાજકીય અને આર્થિક સામ્રાજ્યો સર્જનાર હિન્દુ શૌર્ય અને સાહસ પ્રતાપના જમાના સુધીમાં બહારવટાની કક્ષાએ ઊતરી ગયાં હતાં.

ક્રાન્તિકાળની આર્થિક બરબાદી પછી મોગલયુગમાં પાછી આર્થિક આબાદી આવી. પણ એને વ્યક્ત થવાનાં સઘળાં સાધનોમાં ક્રમશઃ અધઃપતન તો ચાલુ જ રહ્યું.

સ્થાપત્યમાં હિન્દુઓ મંદિરો રચતા ગયા ને મુસ્લીમો તોડતા ગયા. મંદિરને રચતાં એક સદી જોઈએ અને તોડતાં ત્રણ દિવસ! આવી અસમાન હરીફાઈ ક્યાં સુધી ચાલે! પરિણામે ચૌદમી સદીના અંત સુધીમાં હિન્દુ સ્થાપત્યે પોતાની સર્જકસ્ફુર્તિ ગુમાવી, એમાં બાહ્ય કારણ મુસ્લીમોનો ભયંકર વિનાશ એ ખરૂં જ. પણ આંતરિક કારણ પ્રજાની ઘટતી પ્રાણશક્તિને કારણે આવેલી સાંસ્કૃતિક ઓટ.

હિન્દુ અને મુસ્લીમ એ બન્ને સંસ્કૃતિઓના સંસર્ગથી મુસ્લીમ સ્થાપત્ય ઉન્નત થયું, જ્યારે હિન્દુ સ્થાપત્ય અવનત થયું! રાજપુતાનામાં હિન્દુ સ્થાપત્યની પરંપરા અખંડ ચાલુ રહી હોવા છતાં, મોગલોની ધર્મસહિષ્ણુતા છતાં, મરાઠા યુગ અને બ્રીટીશ યુગમાં હિન્દુઓને પુરું ધર્મ સ્વાતંત્ર્ય મળ્યું હોવા છતાં, હિન્દુ સ્થાપત્ય ઉન્નત થયું નથી એ હકીકત નોંધપાત્ર છે. મધ્યયુગમાં ચીતોડના વિજય સ્થંભ જેવાં કેટલાંક રમણીય સ્થાપત્યરત્નો સર્જાયાં, પણ સરવાળે જોવા જતાં હિન્દુ સ્થાપત્યની અધોગતિ એકધારી ચાલુ રહી છે. જેમાં મંદિરનું કાવ્ય અને અને મંદિરની સમાધિનો સમન્વય થયો હોય એવું દેવસ્થાપત્ય હિન્દુઓએ ક્યાંય ક્યારેય રચ્યું નથી.

મૂર્તિવિધાનમાં પણ એ જ એ અધોગતિ માલમ

પડે છે. ગુપ્તયુગ સુધીના હિન્દુઓના શ્રીકૃષ્ણ સુદર્શનચક્રની ભયંકરતા અને બંસીની રમણીયતાનો સમન્વય કરતા એક ભયંકર અને રમણીય દેવ હતા. હિન્દુઓમાંથી ક્ષાત્રતેજ ઘટ્યું, એટલે શ્રીકૃષ્ણે સુદર્શન ચક્રને સ્વર્ગમાં મોકલી આપ્યું, અને એકલી બંસીથી ગોપીઓને ગાંડી કરવાનું શરૂ કર્યું. એની સાથે લોકોક્તિ ચાલુ થઈ: नमक बीन खाना नहि, और कनैया बीन गाना नहि. પછીથી પોતાના ભક્તોને રીઝવવા ખીજવવા કે મુંઝવવા કોણ જાણે શાથી એમણે બંસી પણ ફેંકી દઈને શ્રીનાથજીનું સોહામણું સ્વરૂપ ધારણ કર્યું.

શિવ, બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય અને બુદ્ધની સુંદર મૂર્તિઓ પૂજતા, ગુપ્તયુગના પ્રતાપી હિન્દુઓના, પામર વંશજો શ્રીનાથજી, રણછોડરાયજી, વિઠોબા, મહાકાળી, શીતળામાતા, કબરો અને તાજીયા પૂજતા થઈ ગયા. પ્રજાની પડતી થઈ એટલે બિચારા દેવો પણ કદરૂપા થઈ ગયા !

આ યુગ દરમ્યાન આપણું પ્રાંતિક સાહિત્ય ખીલ્યું, પણ ભૂતકાળના સંસ્કાર ઝરણોમાંથી પોષણ મેળવતા વર્તમાનને ભૂલવા મથતા અને ભવિષ્યમાં દૃષ્ટિપાત ના કરી શકતા, એ સઘળા પ્રાંતિક સાહિત્યને આપણે ન તો સંસ્કૃત સાથે સરખાવી શકીએ કે ન તો એજ કાળમાં ખીલેલા યુરોપીઅન સાહિત્ય સાથે. સાહિત્યના પોષક બળો બે રાજા અને પ્રજા. પણ રાજાઓ હાર્યા ને પ્રજા પુરુષાર્થહીન બની, પછી સાહિત્યમાં પ્રાણ ક્યાંથી આવે ?

આપણે શેક્સપીઅરની સરખામણી કરવી હોય છે તો તે કાલીદાસ સાથે કરીએ છીએ. એના કોઈ સમકાલીન હિન્દુમુસ્લીમ લેખક સાથે કરતા નથી.

વિદ્વત્તામાંય મૌલિકતાનો ઘટાડો એકધારો ચાલુ રહ્યો છે. જો કે ૧૩મી સદીમાં લખાયેલ હંસદેવના "मृगपक्षिशास्त्र" જેવા હિન્દુ પ્રતિભાના ચમકારા અહીંતહીં માલમ પડે છે.

વૈદકની દશા એવી તે એરી છે. ૧૬મી સદીમાં લખાયેલ શંખધરનું 'लटक मेटक ह्सन' "यस्य कस्य तरोर्मूलं"—જેવા શ્લોકો દ્વારા અતંત્ર બનવા જતા હિન્દુ વૈદક ઉપર કટાક્ષ કરે છે. શ્રમણ સંસ્કૃતિની અસર હેઠળ કવિઓએ કાવ્યોમાં દેહછેદન ચાલુ રાખ્યું, પણ વૈદ્યોએ વાસ્તવિક જીવનમાં શસ્ત્રછેદન બંધ કર્યું ! સર્જરી હજામોના હાથમાં જઈ પડી. હિંદમાં જ્યારે સર્જનનું હજામમાં પતન સંપૂર્ણ થયું, ત્યારે યુરોપમાં હજામનો સર્જનમાં વિકાસ થવાનું શરૂ થયું ! પ્રસુતિ દાયણોના હાથમાં ગઈ. નિદાન માત્ર નાડીવિદ્યામાં સમાઈ ગયું, શાસ્ત્રીય સંશોધન નામશેષ થઈ ગયું, અને કામશાસ્ત્રે વાજીકરણ પ્રયોગોની આજમાજ પ્રક્રિયા શરૂ કરી.

વેદઉપનિષદ, શ્રુતિસ્મૃતિ, ચરક, સુશ્રુત અને વાગ્ભટમાં જેનું નામનિશાન નથી, એવી ગધેડાના વાહનવાળી શીતળામાતા અકબરના યુગમાં 'भावप्रकाश' માં દેખા દે છે, અને પછી વૈદકમાં વિજ્ઞાનનું સ્થાન લેતો આ વહેમ હિન્દુ માનસમાં વ્યાપક બને છે.

આ રીતે મધ્યયુગમાં થયેલા હિન્દુ સંતો, શૂરવીરો, સતીઓ, સાહિત્યકારો અને શાસ્ત્રજ્ઞોએ પોતાના પુરુષાર્થથી હિન્દુ સંસ્કૃતિની પડતીનો વેગ ઘટાડયો, એનાં શુભ તત્ત્વો સાચવ્યાં, પોતાની સંસ્કાર-પરંપરા અવિચ્છિન્ન રાખી વિદ્યાનું વિકેન્દ્રીકરણ કર્યું, પણ આ સઘળા મહાપુરુષોનો પુરુષાર્થ પ્રજાનો પ્રાણોદય કરી શક્યો નહિ

ઇસ્લામી સંસ્કૃતિ સામે જે જે સંસ્કૃતિઓને પોતાના અસ્તિત્વ માટે જીવનવિમર્દ ખેલવો પડયો એમાં સૌથી વધુ ફત્તેહમંદ ચીનની સંસ્કૃતિ થઈ.

પશ્ચિમમાં પર્વતો, પૂર્વ ને દક્ષિણમાં સમુદ્ર અને ઉત્તરે ગોબીના રણ અને ચીનના પ્રચંડ રાષ્ટ્રદુર્ગથી રક્ષાયલી, એ સંસ્કૃતિ હુણોથી મુસ્લીમો સુધીના સૌ આક્રમણકારો સામે પોતાની જાતને બચાવી શકી. આ થઈ એની સંરક્ષણ પ્રવૃત્તિ. આક્રમક બાજુએ જુઓ તો જંગીસખાન અને એના વીર્યવાન વંશજોએ એશિયાથી રશિયા સુધી પોતાના વિજયી સૈન્યો વેગપૂર્વક ઘુમાવ્યાં. આ મહાન મોંગલ યોદ્ધાઓએ બગદાદની અબ્બાસી ખીલાફતને પીંખી નાખીને આંતરરાષ્ટ્રીય ઇસ્લામની કરોડ ભાંગી નાખી. જંગીસખાનના વિજયોએ વિશ્વસંસ્કૃતિ થવાના ઇસ્લામના મનોરથ

બાબરનું વસિયતનામું જુઓ. એમાં એ હુમાયુને સલાહ આપે છે :

"આ હિન્દુસ્તાન દેશમાં જુદી જુદી જાતો વસે છે. પવિત્ર દિલથી અને નિર્મળ મનથી ધાર્મિક ઝનૂન અને પક્ષપાત વિના, સૌનો તેમના પોતપોતાના રિવાજ પ્રમાણે ન્યાય કરવો એ તારું કર્તવ્ય છે. મુખ્યત્વે કરીને ગૌહત્યાથી તું દૂર રહેજે. કારણકે હિન્દુઓના દિલને આપણી તરફ આકર્ષવાનો એ ઉપાય છે...તારા રાજ્યમાં મંદિરો, દેવાલયો કે પૂજાસ્થાનોને કોઈપણ નુકશાન ન પહોંચાય તે માટે તું કાળજી રાખજે...ઇસ્લામની ઉન્નતિ જુલમની તલવાર કરતાં અહિંસાના ખડગથી થાય એ વધારે ઇચ્છવાયોગ્ય છે."

બાબર પછી હુમાયુએ માત્ર દસ જ વર્ષમાં પોતાની અતિભક્ષાઈ અને વહીવટી ખામીઓને કારણે રાજ્ય ગુમાવ્યું. પણ એ પહેલાં, હુમાયુએ રાજ્યઅમલ દરમ્યાન ચીતોડની રાણીની રાખડી સ્વીકારી બહાદુરશાહ જેવા સ્વધર્મી સામે લડીને, મોગલો આર્યતાને ઝડપથી આત્મસાત કરી રહ્યા હતા એનું એક જ્વલંત વિશેષ દૃષ્ટાંત પૂરું પાડ્યું અને એના પછી એક પંદર વર્ષની સફળ અફઘાન પ્રતિક્રાન્તિ ઓલવાતો દીવો છેલ્લીવાર જેમ જોરથી ઝબકી જાય, તેમ આ દેશમાંથી અદૃશ્ય થતી અફઘાન સત્તાએ પોતાનો સર્વશ્રેષ્ઠ પુરુષ પોતાના અંતકાળમાં સર્જ્યો.

શેરશાહ દરેક રીતે જોતાં હિન્દના પઠાણ સુલતાનોમાં સર્વશ્રેષ્ઠ હતો. પાંચ જ વર્ષના ટુંકા રાજ્યકાળમાં એણે કરેલી કામગીરી ખરેખર વિસ્મયકારક છે.

હુમાયુને હરાવીને એણે પોતાનું ધ્યાન રાજપુતો તરફ ફેરવ્યું, અને એમને ત્રાગા કરતી હરાવીને છેવટે માલદેવને હરાવ્યો. મારવાડના આ રાઠોડ યોદ્ધાના પરાજયથી હિન્દુ પુનરુદયની રહીસહી આશા નષ્ટ થઈ ગઈ અને શેરશાહ અજમેરથી આબુ સુધીના મુલકનો માલીક થયો. એક બહાદુર યોદ્ધા અને સમર્થ સેનાપતિ કરતાંય શેરશાહે વધુ શક્તિઓ સફળ રાજ્યવહીવટમાં બતાવી. એના રાજ્ય વહીવટમાં એણે કેટલીયે હિન્દુ અને મુસ્લીમ પરંપરાઓનો પુનરુદ્ધાર કરવા ઉપરાંત અનેક મૌલિક સુધારાઓ દાખલ કર્યાં. એણે પોતાની સૈન્યવ્યવસ્થા મુખ્યત્વે અલાઉદ્દીન ખિલજીના સિદ્ધાંતો મુજબ રાખી. પણ એની ખેતનીતિમાં સંપૂર્ણ ક્રાંતિ કરી ટોડરમલ જેવા બાહોશ અર્થશાસ્ત્રી અને મહેસુલ નિષ્ણાતની સલાહ મુજબ એણે ગોઠવેલી મહેસુલી વ્યવસ્થા ભવિષ્યના અનેક રાજ્યકર્તાઓ માટે માર્ગદર્શક થઈ પડી. અને એનાથી રાજા અને પ્રજા બન્ને સુખી થયાં એના રાજ્યમાં ખેડુતો દાણા અને પૈસા બન્ને દ્વારા મહેસુલ ભરી શકતા, પણ પૈસાદ્વારા ભરતા મહેસુલને પહેલી પસંદગી અપાતી હતી પલટાતી અર્થવ્યવસ્થાનું આ એક મહત્વનું ચિહ્ન આ દેશમાં નવી અર્થવ્યવસ્થા લાવવા માટે અલ્લાઉદ્દીન ખીલજી અને મુહમ્મદ તઘલખના નિષ્ફળ પ્રયાસો પછી શેરશાહે કરેલા સફળ પ્રયત્નોથી એ ક્રાંતિ અને ઉત્ક્રાન્તિના યુગ વચ્ચેની એક સફળ કડી બની ગયો.

એની સીક્કા, નાણાં ને જકાતનીતિથી વેપાર ઉદ્યોગ આબાદ થયા. એણે રસ્તા બાંધ્યા, બન્ને બાજુ ઝાડો વાવ્યાં, હિન્દુ ને મુસ્લીમ માટે જુદી જુદી વ્યવસ્થાવાળી ધર્મશાળાઓ ઊભી કરી; ત્યાં કૂવા ખોદાવ્યા અને એનો જ ટપાલની અવરજવર માટે ઉપયોગ કર્યો. પૂર્વ બંગાળથી સિંધુ સુધી બાંધેલો પંદરસો ગાઉનો એનો રસ્તો હજીપણ હયાત છે. પોલીસ અને જાસુસી ખાતાની પુનર્વ્યવસ્થા કરી સ્થાનિક ગુન્હાઓ શોધવાની જવાબદારી સ્થાનિક માણસોને માથે નાખી. શેરશાહની ન્યાયબુદ્ધિ અત્યંત તીવ્ર હતી એના અમલમાં રાજાના સગાઓ પણ અન્યાય કરી શકતા નથી એ એક પવિત્ર મુસ્લીમ હોવા છતાં હિન્દુઓ પ્રત્યે ઉદાર હતો ટોડરમલ અને બ્રહ્મજીત ગૌર જેવા લાયક હિંદુઓને એણે નિઃસંકોચ ઊંચામાં ઊંચા હોદ્દાઓ આપ્યા હતા એણે બાળહત્યા અને સતીના રીવાજો બંધ કરવા જેવા સામાજિક સુધારા પણ કર્યા યુદ્ધકાળના ઝનૂની લડવૈયા અને ખટપટી મુત્સદ્દી સાબીત થયેલો આ સુલતાન શાંતિકાળમાં ઉદાર અને ગરીબો પ્રત્યે અપાર

અનુકંપાવાળો હતો. પોતે જ્યાં જ્યાં જાય ત્યાં ત્યાં એક પણ માણસ ભુખ્યું ના રહેવું જોઈએ એની એ ખાસ કાળજી રાખતો. એને રસોડે હમેશાં હજારો ગરીબ માણસો જમતા. એણે ગયમેનનો કિલ્લો સર કર્યા પછી કરેલી હિંદુઓની કતલ એ જ માત્ર એની સઘળી બાજૂની ઉજ્વળ કારકીર્દીમાં એક મોટો કાળો ડાઘ છે

અને આવા રાજ્યઅમલનું પરિણામ ? નિઝમુદ્દીન લખે છે કે 'એક માણસ સોના મહોરોથી ભરેલી કોથળી લઈને રાત્રીઓ સુધી ઉજ્જડ જગાઓમાં સુઈ જાય તોપણ એને જાગતા રહેવાની જરૂર નહોતી.'

શ્રી કીની નામનો અગ્રેજ એને અંજલી આપે છે. 'કોઈ સરકારે—અગ્રેજોએ પણ નહિ—આ પઠાણ જેટલું રાજવહીવટમાં ડહાપણ બતાવ્યું નથી.'

દરેક સંસ્કૃતિ એટલે ત્રીઅંકી નાટક, ક્રાન્તિ દ્વારા સર્વોદય, ઉત્ક્રાન્તિ દ્વારા સત્વોદય અને પ્રતિક્રાન્તિ દ્વારા પૂર્વોદય. પહેલા અંકમાં સંસ્કૃતિ બીજાને મારીને પોતે જીવે. બીજા અંકમાં બીજાને જીવાડીને પોતે જીવે. ત્રીજા અંકમાં બીજાનો ઘાત કરીને પોતે આપઘાત કરે

ઈસ્લામી સંસ્કૃતિના નાટકમાં બાબરની જીતથી ઉત્ક્રાન્તિયુગનો બીજો અંક શરૂ થઈ ચૂક્યો હતો. રાજવંશ બદલાયો, પણ યુગ ના આથમ્યો. શેરશાહ પોતાના યુગનું સંતાન હતો એટલે એની અને મોગલોની રાજનીતિમાં ભાગ્યે જ કોઈ તફાવત લાગે છે. મોગલયુગમાં જોવા મળતા, ધર્માંધ પઠાણશાહીના છેલ્લા બે અવશેષો શેરશાહ અને બાઝ બહાદુર એ બન્ને ધર્માંધતાથી મુક્ત હતા.

હવે અકબરની કારકિર્દી તપાસતાં પહેલાં આપણે એના ભવ્ય સમન્વયપ્રયોગને સફળતા અને નિષ્ફળતા આપનારાં સાંસ્કૃતિક બળો તપાસીએ

સોળમી સદી આપણા દેશના ઇતિહાસમાં હિન્દુ, મુસ્લીમ અને ખ્રીસ્તી એ ત્રણે સંસ્કૃતિઓની દૃષ્ટિએ બહુજ મહત્ત્વની સદી છે.

અલ્લાઉદ્દીન ખીલજીથી મહમ્મદ તઘલખ સુધીનાં મુસ્લીમ આક્રમણોને કારણે દક્ષિણ હિંદના હિંદુઓનો ધાર્મિક જુસ્સો જાગ્રત થયો અને એ ઇ. સ. ૧૩૩૬ માં વિજયનગરની સ્થાપના દ્વારા વ્યક્ત થયો. બે સદી સુધી આ મહારાજ્યે દક્ષિણમાં ઈસ્લામી સંસ્કૃતિના આક્રમક પૂરને ખાળી રાખ્યું. એની બાહ્ય કારકિર્દી લોહિયાળ યુદ્ધોથી ભરેલી હોવા છતાં આંતરિક રીતે એનો થએલો વિકાસ ઉત્તર હિન્દના હિન્દુઓના સુવર્ણ યુગની ઝાંખી કરાવતો હતો. દક્ષિણમાં બાહ્મણી રાજ્યના પાંચ ટૂકડા થઈ ગયા હતા અને એ સૌ સુલતાનો અંદર અંદર અને વિજયનગર સાથે સતત લડયા કરતા હતા. આ પ્રકારનો આંતરવિગ્રહ ઈસ્લામની પ્રગતિ માટે ભારે અવરોધક નીવડ્યો.

વિજયનગરના બધા રાજાઓમાં કૃષ્ણદેવરાય સૌથી પ્રખ્યાત અને શક્તિશાળી રાજા થઈ ગયો. એના સમયમાં વિજયનગરનો વિસ્તાર સૌથી મોટો થયો. ખંડિયા રાજાઓ વશ થયા, લશ્કરી સાહસો ફત્તેહમંદ થયાં, મુસ્લીમો પરાજીત થયા, રાજ્યવહીવટ વ્યવસ્થિત થયો, વિદ્યા ને કલાની પૂરેપૂરી ઉન્નતિ થઈ અને વેપાર, ઉદ્યોગ ને સમૃદ્ધિ પણ એના અમલમાં પોતાની ટોચે ગઈ.

એના મરણ પછી આ સામ્રાજ્યની અધોગતિ શરૂ થઈ. બહામની સુલતાનો સાથે આ રાજ્યને પહેલેથી જ ઝઘડા હતા એમાં અહમદનગરમાં રામરાયના હિન્દુ લશ્કરે વર્તાવેલા કેરથી દખ્ખણના મુસ્લીમોની ઊંઘ ઊડી ગઈ અને અહમ્મદનગર, બીજાપુર, ગોવળકોંડા અને બિડરના સુલતાનોએ પોતાનાં સૈન્યો એકઠાં કરી વિજયનગર પર ચડાઈ કરી. ઇ. સ. ૧૫૬૫ માં તાલીકોટા આગળ દક્ષિણ હિંદનો ભાગ્યનિર્ણય કરનારું એક ભીષણ યુદ્ધ થયું એમાં મુસ્લીમોનો સંપૂર્ણ જીત થઈ. રાજા રામરાય અને એક લાખ હિન્દુ સૈનિકો કપાઈ મુઆ. યુદ્ધમાંથી નાઠેલા હિન્દુ સરદારો વિજયનગર આગળ બીજો સામનો કરવા ધારત તો કરી શકત, પણ તેમ કરવાને બદલે એમણે પોતાના

હાથીઓ ઉપર ભરાય એટલું જરજવાહીર ભરી લઈ, એ રાજનગરની કમનસીબ પ્રજાને મુસ્લીમ વિજેતાઓની દયા ઉપર છોડી દઈ, સર્વ શ્રેષ્ઠ ચલાનામ્ જંઘાબલમેવ આ મંત્રનો જાપ જપતા ત્યાંથી જીવ લઈને નાઠા. મુસ્લીમ લશ્કરે આવીને શહેરનો કબજો લીધો અને પૂરા પાંચ મહિના સુધી તલવાર, કોદાળી, કુહાડી અને અગ્નિથી એ ભવ્ય નગરીને રોળી નાખી. કદાચ જગતના આખા ઈતિહાસમાં જેનો જોટો ના હોય એવી આ ઘટના હતી. અનર્ગળ સમૃદ્ધિમાં આળોટતી આ સૌંદર્યવતી મહાનગરીની સુખી પ્રજા ઉપર અચાનક આડી રાતના વર્ણનાતીત તારાજી યાતના ઊતરી, અને એ આખીએ નગરી એક કંગાલ કદરૂપા ખંડીએરમાં ફેરવાઈ ગઈ.

આ ભયંકર પ્રલયથી વિજયનગર પરાજયનગરમાં ફેરવાઈ ગયું. ઇસ્લામી સંસ્કૃતિ સામેનો છેલ્લો હિંદુ દુર્ગ ભાંગી પડ્યો. ગુપ્તયુગની દક્ષિણી આવૃત્તિ અદશ્ય થઈ ગઈ, અને હિન્દુ સંસ્કૃતિ રંડાઈ ગઈ.

ઈ. સ. ૧૫૫૭માં મહારાણા પ્રતાપનું મરણ થયું. આ શુરા સીસોદિયાના મરણ સાથે રજપુતાઈ પણ રંડાઈ ગઈ શૌર્ય ઉપર રચાએલ સત્તાની ભાવનાનો છેલ્લો પ્રતિનિધિ હિંદના ઇતિહાસમાંથી અદશ્ય થતાં, મોગલ મુત્સદ્દીગીરીનો માર્ગ નિષ્કંટક થયો.

સાથેસાથે મુસ્લીમોએ સોળમી સદીના અંત સુધીમાં હિંદુઓનાં સઘળાં દરિયાપારનાં સંસ્થાનો જીતી લીધાં.

શંકરયુગમાં જ હિંદુ સંસ્કૃતિએ બૌદ્ધ સંસ્કૃતિ સાથે છુટાછેડા કરી દીધા હતા. પછીના કાળમાં, સોળમી સદીના અંત સુધીમાં, આપણે ઉપર જોઈ ગયા એમ, ઉત્તર, દક્ષિણ અને બૃહદ્ ભારતમાંથી હિંદુ સંસ્કૃતિનો અસ્ત થઈ ગયો.

આ રીતે જ્યારે આખાયે જગતમાં હિન્દુ સંસ્કૃતિનો સૂર્ય અસ્તાચળ ઉપર હતો. ત્યારે આખીયે આલમમાં ઈસ્લામી સંસ્કૃતિનો આફતાબ મધ્યાહ્ન ઉપર તપતો હતો.

હિન્દમાં જ્યારે મહાન મોગલ સામ્રાજ્ય પૂર જાહોજલાલીમાં હતું ત્યારે દુનિયાના બીજા ભાગોમાં પણ મુસ્લીમ સંસ્કૃતિ વિજયી બનતી જતી હતી. ઈ. સ. ૧૪૫૩માં તૂર્કોએ ઇસ્તંબુલનો કબજો લીધો હતો. ત્યારપછી મહાન સુલેમાને (૧૫૨૦–૧૫૬૬) તુર્ક સામ્રાજ્યની સત્તા આખા અગ્નિયુરોપ ઉપર ફેલાવી. એજ વખતે ઈરાનમાં ઈસ્માઈલ સફવીએ (૧૫૦૦–૧૫૨૪) પ્રખ્યાત સફવી સામ્રાજ્યનો પાયો નાખ્યો.

આજ સદીની શરૂઆતમાં પશ્ચિમ યુરોપની સંસ્કૃતિએ પોતાનાં બીજ આ દેશની ધરતી પર વેર્યાં. વાસ્કો–ડી–ગામાએ કાલીકટમાં કોઠી સ્થાપી. કોઠીમાંથી કિલ્લા અને કિલ્લામાંથી રાજ્ય એ તે અને તેના પછીની બીજી યુરોપિયન સત્તાઓનો સ્વાભાવિક વિકાસક્રમ હતો. જ્યારે હિન્દુઓએ, સમુદ્રગમનમાં પાપ માનીને હિન્દની બહાર જવાનું બંધ કર્યું હતું ત્યારે પશ્ચિમ યુરોપની સાહસિક પ્રજાએ જગતનો ખૂણેખૂણો ખુંદીને પોતાની ભવિષ્યની મહત્તાનો પાયો નાખી રહી હતી. વિજયનગરના નાશનું એક મહત્ત્વનું કારણ એ હતું કે એની વિરોધી મુસ્લીમ સલ્તનતો પશ્ચિમ દિશામાંથી તુર્કી તોપખાનું અને તુર્કી તોપચીઓ મેળવતી હતી. આ રીતે આ યુદ્ધમાં પશ્ચિમની ચઢીયાતી યુદ્ધવિદ્યાએ પોતાનો પ્રભાવ આ દેશની ધરતી ઉપર પહેલવહેલો બતાવી આવી રીતે થએલી શરૂઆતનો અંત બ્રીટીશ સામ્રાજ્યની સ્થાપનામાં આવ્યો.

આ રીતે સોળમી સદીના અંતમાં આપણા દેશમાં એક સંસ્કૃતિ ઉગતી હતી, એક સંસ્કૃતિ આથમતી હતી અને એકનો સૂર્ય મધ્યાન્હ ઉપર તપતો હતો. મુસ્લીમ સંસ્કૃતિ સાથેના સંસર્ગથી હિંદુ સંસ્કૃતિને જે કાંઈ નુકશાન થયું, એમાંથી ઓછામાં ઓછું નુકસાન હિંદુ સાહિત્યને થયું, અને વધુમાં વધુ નુકશાન હિંદુ શિલ્પસ્થાપત્યને. વધુમાં વધુ નુકસાન થવાનું કારણ મુસ્લીમ ધર્માંધતા. સાહિત્યને ઓછામાં ઓછું નુકસાન થવાનું કારણ મુસ્લીમ વિદ્યાપ્રેમ.

યુદ્ધકાળમાં પોતાના ધર્મઝનૂનમાં અસંખ્ય

ગ્રંથભંડારો બાળનારા મુસ્લીમો શાંતિકાળમાં સરસ્વતીના સમર્થ ઉપાસકો બનતા હતા. મુસ્લીમો ધર્માંધ ધર્મપ્રચારકો હતા, પણ જંગલી હૂણો નહોતા એ આપણે ભૂલવું ના જોઇએ. 'વિદ્યા મેળવવા માટે તો ચીન સુધી પણ જજો.' એ પયગમ્બર સાહેબના ઉપદેશનો મુસ્લીમોએ પોતાના શાન્તિકાળમાં પણ અમલ કર્યો છે. યુરોપના અંધકારયુગમાં આખી ગ્રીક સંસ્કૃતિને મુસ્લીમોએ સાચવી રાખી હતી. બગદાદના ખલીફા મનસુરે વેદપાઠ (વિદ્યાપતિ) નામના બ્રાહ્મણ વિદ્વાનને આમંત્રણ આપી એની પાસે "पंचतंत्र"માંથી "कलीला दमना"નું પ્રખ્યાત પુસ્તક લખાવ્યું હતું. સિંધમાનો મુસ્લીમ અમલ હિન્દુઓ માટે તો ભારે જુલ્મી હતો, છતાંય એ સમય દરમ્યાન પણ મુસ્લીમો હિંદુઓ પાસેથી વૈદક, જ્યોતિષ, ગણિત, ખગોળ વ. અનેક વિષયો શીખ્યા. અને એના ઘણા સંસ્કૃત ગ્રંથોનું અરબીમાં ભાષાંતર કર્યું. અરબો હિન્દુઓની વિદ્યાઓ ભણ્યા, એમાં પોતાની પ્રતિભાથી સુધારાવધારા કર્યા અને એ વિદ્યાઓ ઠેઠ યુરોપ સુધી પહોંચાડી. મહમદ ગીઝની જેવા ધર્માંધ ધાડપાડુના સમયનો મહાપંડિત અલબેરૂની સંસ્કૃતનો પ્રખર અભ્યાસી અને ભગવદ્‌ગીતાનો પ્રશંસક હતો. ફીરોઝ તઘલખ એક ધર્માંધ સુલતાન હતો પણ એણે અશોકનો એક ધર્મસ્તંભ ઠેઠ પંજાબથી દીલ્હી આણ્યો, અને બ્રાહ્મણો મારફતે એને વંચાવવાની ઘણી વ્યર્થ માથાકુટ કરી.

આપણા ઇતિહાસના એક અત્યંત મહત્ત્વના પ્રશ્ન તરફ હજી સુધી કોઈ ઇતિહાસકારનું કે લેખકનું ધ્યાન ગયું નથી. હિંદુ ઇતિહાસમાં પહેલો ગુપ્તયુગ એટલે કે રાષ્ટ્રીય ઉત્ક્રાન્તિનો યુગ આવે છે, પછી સોલંકી યુગ એટલે કે પ્રાંતિક ઉત્ક્રાન્તિનો યુગ આવે છે. મુસ્લીમ ઇતિહાસમાં આ ક્રમ ઊંધો થઈ જાય છે. અમદાવાદ, મહેમદાવાદ અને ચાંપાનેરના મુસ્લીમ સ્થાપત્યો દીલ્હી, આગ્રા, અને ફતેહપુર સીક્રીની પહેલાં રચાયાં છે, પછી નહિ. આવું ને આવું દરેક પ્રાંતના ઇતિહાસમાં જોવાનું મળે છે. કારણ? મુસલમાનો દરેક બાબત કરતાં હિન્દુઓથી ઊંધા હોય છે એ કે બીજું કંઈ?

મને આ પ્રશ્નનો એક જ જવાબ જડે છે અને તે એ કે નવી સંસ્કૃતિ પ્રાંતિક ભૂમિકાથી રાષ્ટ્રીય ભૂમિકા ઉપર ચઢતી હતી, જ્યારે જૂની સંસ્કૃતિ રાષ્ટ્રીય ભૂમિકાથી પ્રાંતિક ભૂમિકા ઉપર પડતી હતી.

આપણે આગળ જોઈ ગયા કે હિંદમાં ઇસ્લામી ક્રાંન્તિ ત્રણ ભૂમિકામાંથી પસાર થઇ, આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય, અને પ્રાંતિક. ઉપલી ભૂમિકામાં ક્રાન્તિ થોડા જ સમય પછી ઉત્ક્રાન્તિનું સ્વરૂપ ધારણ કરીને મોગલયુગ માટે પૂર્વભૂમિકા પૂરી પાડે છે.

ગુજરાતના સુલતાનોએ તોડાય એટલાં મંદિરો તોડ્યાં, તોડીને થાક્યા એટલે જોડવાનું શરૂ કર્યું. એમાંથી ઇસ્લામી સ્થાપત્યની ભાવનાની વિશાળતા અને હિંદુ સ્થાપત્યનું રમણીય લાવણ્ય એ બન્નેનો સમન્વય કરતું અનોખું ગુજરાતી સ્થાપત્ય નિર્માણ થયું. અમદાવાદ મહેમદાવાદ અને ચાંપાનેરના મનોહર મુસ્લીમ સ્થાપત્યો રચાયાં. અમદાવાદની જુમ્મા મસ્જીદથી શરૂ થએલી એ સ્થાપત્યકૃતિનો અંત સીદી સૈયદની વિશ્વવિખ્યાત જાળીઓમાં આવ્યો. અને આ બધા શીલાકાવ્યોએ શાહજહાં જેવા રસિક ગજાનીની સૌંદર્યભાવના સર્જવામાં મોટો ફાળો આપ્યો.

કાશ્મીરમાં ઝૈન–ઉલ–આબીદીન ઇ. સ. ૧૪૨૦ ગાદીએ આવ્યો. એ એક સમર્થ, ઉદાર, ને વિદ્વાન રાજા હતો. એણે જીવનના દરેક ક્ષેત્રમાં પ્રજાકલ્યાણના અનેક કામો કર્યાં. પોતાના બાપની ધર્માંધતાથી નાઠેલા બ્રાહ્મણ પંડિતોને ફરી પાછા કાશ્મીરમાં બોલાવીને વસાવ્યા. સંસ્કૃત વિદ્યાને ઉત્તેજન આપ્યું. પોતાની પ્રજાને સંપૂર્ણ ધર્મસ્વાતંત્ર્ય બક્ષ્યું અને જજીઆવેરો માફ કર્યો. મહાભારત અને રાજતરંગિણીના સંસ્કૃતમાંથી ફારસીમાં ભાષાંતર કરાવ્યા, તેમજ કેટલાક ફારસી અને અરબી પુસ્તકોના હિંદીમાં ભાષાંતર કરાવ્યાં. સાહિત્યની પેઠેજ સંગીત ને ચિત્રકળાને ઉત્તેજન આપ્યું, આવી રીતે ૫૦ વર્ષ રાજ્ય કરી આ મહાન

સુલતાન ઈ. સ. ૧૪૭૦ માં ગુજરી ગયો. એને કાશ્મીરીઓ તદ્દન વ્યાજબી રીતે 'કાશ્મીરના અકબર" તરીકે ઓળખે છે

બંગાળમાં "બડા સોના મસ્જિદ" અને "કદમ રસૂલ"ની ભવ્ય ઇમારતો બંધાવનાર સુલતાન નાસીરૂદ્દીન નસરતશાહે મહાભારતનું સંસ્કૃતમાંથી બંગાળીમાં ભાષાંતર કરાવ્યું હતું

આ રીતે ઇસ્લામના પ્રાન્તોત્ક્રાન્તિ અને રાષ્ટ્રોત્ક્રાન્તિના યુગમાં રામાયણ, મહાભારત, ઉપનિષદો, પંચતંત્ર, ભગવદ્ગીતા અને બીજા અનેક નાનામોટા સંસ્કૃત ગ્રંથોનાં ફારસી અરબી ભાષાંતરો થયાં.

જ્યારે સામેપક્ષે હિંદુઓને કુરાન, શાહનામા, અરબી રાત્રીકથાઓ, શેખ સાદી, ઉમ્મર ખૈયામ, હાફીઝ અને ખ્વાજા નસરુદ્દીનમાંથી એકે ગ્રંથ સંસ્કૃત, પ્રાકૃત કે અપભ્રંશમાં ઉતારવા જેવો લાગ્યો નહિ!

ચઢતી પ્રજા અને પડતી પ્રજા વચ્ચેનો આ તફાવત!

(આવતે અંકે "મહાન અકબર")

★

ચમકાર

અંધકારે તેજનો ચમકાર મારે ચખ અડયો;
આ રહ્યો, એ આ રહ્યો, કહેતો પકડવા હું ધસ્યો;
પ્રાણથી પૂરી જીવન અજવાળવા મનોરથ કર્યો;
એ ન આવે હાથમાં, ચમકાર આધિથી ડર્યો!
વૃક્ષે વૃક્ષે એ ઉડયો ને વિટપે વિટપે એ લપ્યો;
હું અથડતો, કૂદતો, મથતો, પડી પગમાં ગયો!
તોય શ્યામ વિશાળ વ્યોમે તારલા સમ એ રહ્યો;
એ પલક પલકારતો, અહીં ને વળી ત્યાં તે વહ્યો:
પૂરો ન પૂરાતી કળામાં કલ્પના સમ એ બન્યો;
રૂપમૂર્તિ જેમ નયણે આવી દૂર રહ્યા કર્યો;
ઝંખના જેવો મને ઝણુણાવતો આશાભર્યો;
કાષ્ઠ તારણહાર જેવો પાસ સરતાં તે સર્યો:
હું ન છોડું આજ, એવો એક નિશ્ચય મેં કર્યો;
એ જતો ત્યાં હું જતો, સ્થળ કાળ સીમા વીસર્યો!
ધમપછાડા કંઈ કર્યા, પડતાં અથડતાં ઊગર્યો;
એ મને નજરે પડયો, જાણે પ્રકાશ અંગે નર્યો!
ઊડતાં તે હું ઊડયો, ને થંભતાં તે થંભિયો,
જાણે પ્રકાશે એ જ મારા પ્રાણને નિયત કર્યો!
આખરે ભરી ફાળ મેં તેને કરે ઝકડયો, અહો;
હાય! તેજ ખરી ગયું, તે હા હતો એક આગિયો!

સરોદ

ત્રણ નવાં પુસ્તકો

અધ્યા૦ ધીરુભાઈ ઠાકર

છંદોલય : લેખક શ્રી. નિરંજન ભગત, પ્રકાશક ઇન્દ્રધનુ બુક હાઉસ, અમદાવાદ. પૃ. સં. ૭૨; કિંમત દોઢ રૂપિયો.

શ્રી. નિરંજનનો આ પહેલો જ કાવ્યસંગ્રહ છે. એકાવન નાની મોટી કૃતિઓનો એમાં સમાવેશ થયેલો છે. કવિએ એમાં સોનેટ, મુક્તક, મનનકાવ્ય અને ઊર્મિગીત એમ વિવિધ પ્રકારની અજમાયેશ કરી છે. પ્રેમ તેમના કવનનો મુખ્ય વિષય છે; છતાં પ્રકૃતિ અને ભારતની મુક્તિને પણ તેમણે વિસારી નથી. મોટા ભાગની કૃતિઓ આત્મલક્ષી છે.

આ કાવ્યો વાંચતાં સમજાય છે કે શ્રી નિરંજન પ્રકૃતિએ ઊર્મિકવિ છે.

'ઉર મહીં' વ્યથા રહેવી,
રહેવાય ના;
સૂરમહીં' જે કથા કહેવી,
કહેવાય ના;
ને છતાં હૃદયને સ્પંદવું!' (પૃ૦ ૪૯)

એ અનિવાર્ય સ્પંદનક્રિયાની આ જુવાન કવિને સાચી અનુભૂતિ છે એટલું જ નહિ, તેની એમને ઊંડી સમજ પણ છે. એટલે ઊર્મિના પ્રવાહમાં તણાઇને મિથ્યા જલ્પનામાં ઊતરવાને બદલે તેઓ સંવેદનના મર્મને ઝડપથી ગ્રહીને તેને રસસંભૃત વાણીમાં સ્વસ્થપણે નિરૂપી શકે છે. નમૂના તરીકે જૂઓ 'સુધામય વારૂણી' નામનું નાનું કાવ્ય. કવિ કહે છે.

એક ચૂમી.
મત્ત પાગલ મેહુલા જેવું ચૂમી
બસ એક ચૂમી મેં લીધી:
શી સ્વર્ગની જ સુધા પીધી!
એકકે જેનું બિન્દુ
એ બિન્દુ નહિ, પણ ઘોર વડવાનલ જલ્યો સિન્ધુ
હતો, ને એ જ બિન્દુ
પૂર્ણિમાની ચંદની ચંદન સમી વરસાવતો ઇન્દુ
હતો, બસ એક પણ એ એક તે કેવી ચૂમી
કે આગની ને રાગની જ્યાં એક થૈ જાતી ભૂમી!
(પૃ૦ ૧૧)

ચોટદાર છતાં કોમલ અને પ્રાસયુક્ત વાણીમાં હૃદયરસને ઘૂંટી ઘૂંટી તેમાંથી કાવ્યક્ષમ ધ્વનિને પ્રગટાવવાની કવિને કેવી સરસ ફાવટ છે તે આ ઉપરથી સમજાશે.

'રે પ્રીત, ભર્તૃહરિના ફૂલમાં તું ભૂત' (પૃ૦ ૨૪) અથવા તો,

'હે મૃત્યુ,
મારે પ્રેયસીના વેશમાં
તું આવ, તો ધારુ તને થૈ એ જ આ આશ્લેષમાં' (પૃ૦૨૫)–જેવી ચોટૂકિતઓમાં પ્રતિત થતી માર્મિક જીવનદૃષ્ટિ કેળવવામાં તેમને આધુનિક અંગ્રેજી કવિતાનું પરિશીલન ઘણે અંશે સહાયભૂત થયું છે, તો 'સાગર અને શશી' જેવું અનવદ્ય કલાસ્વરૂપવાળું સંગીતકાવ્ય પ્રગટાવવાની મહેચ્છા તેમનામાં કાન્ત અને ન્હાનાલાલે જગાડી છે એમ સંગ્રહમાંનાં ઊર્મિકાવ્યો તપાસતાં લાગ્યા વિના રહેતું નથી.

છંદનુ માધુર્ય અને વાણીનું મૃદુતાભર્યું ઉઠાવ એ કવિની કવિતાની ખાસ વિશિષ્ટતા છે. આથી તો તેમણે ઝૂલણાં અને ગુલબંકી જેવા લલિતમૃદુ છંદ પસંદ કર્યાં છે અને સંગ્રહનું નામ પણ 'છંદોલય' રાખ્યું છે. 'અકારણ' 'મનમાં મન' 'ધરતીની પ્રીત' અને 'ઘડીક સંગ' જેવાં કાવ્યો વાંચતાં જણાય છે કે કાન્ત, ન્હાનાલાલ, બોટાદકર અને મેઘાણી પર્યંત આવીને અટકી ગયેલા આપણી સઘન ઊર્મિકવિતાના પ્રવાહને સફળપણે આગળ ધપાવે તેવી લલિત મંજુલ મસ્ત શૈલીનાં બીજ આ કવિમાં પડેલાં છે.

'તેને ન્હાતાં ન્હાતાં' ઉત્તમ સોનેટનો, 'કંટકોના પ્યારમાં' છટાદાર મનનકાવ્યોનો અને 'આશ્લેષ' ચોટદાર મુક્તકનો નમૂનો છે. પરંતુ સંગ્રહમાં સૌથી વિશેષ ધ્યાનપાત્ર તો છેલ્લે મૂકેલું લાંબું ઇતિહાસકાવ્ય 'સંસ્મૃતિ' છે. એમાં ભારતના મુક્તિદિને કવિના સ્મૃતિપટ પર તાદશ થતી મુક્તિની 'ભગ્ન સ્વપ્ન-

બીન'ની કરુણકથા વર્ણવેલી છે. ભારતના દેહછેદન પછી વેરવમન કરવા આતતાયીઓએ ઉપજાવેલી ભીષણ યંત્રણાઓને વર્ણવવા છતાં, કવિ એના સ્મરણને કટુતાથી સતત મુક્ત રાખી શકે છે. અને અંતે,

'એક દિન સમરસરમાં અમે પ્રગટશું તાહરી ઝંકૃતિ,
વિશ્વપાંગણ્યની મ્હોરશું નૂતન હો' સંસ્કૃતિ' (પૃ૦ ૬૧)

એવો મંગલ આશાભાવ પ્રગટ કરી શકે છે. ખરેખર, આ કાવ્ય સંગ્રહની જ નહિ, પણ આ વિષય પર લખાયેલી સર્વ ગુજરાતી કાવ્ય કૃતિઓમાં શ્રેષ્ઠ ઠરે છે

આમ અનેક રીતે આ નવીન આશાસ્પદ કવિની ઊઘડતી પ્રતિભા ગુજરાતી ભાષાને ઉદાત્ત કાવ્યસર્જનો આપે તેવી અપેક્ષા જન્માવે છે.

મત્સ્ય–ગલાગલઃ લેખક શ્રી 'જયભિખ્ખુ'; પ્રકાશક ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ: ૩૦૯ પાનાં; કિંમત સાડાચાર રૂપિયા.

जीवो जीवस्य जीवनः એ નિયમ અનુસાર બળવાળો નબળાને ખાઈ જાય એ પરિસ્થિતિ પ્રાચીન કાળથી ચાલતી આવી છે. 'મત્સ્ય–ગલાગલ' એટલે મોટું માછલું નાના માછલાને ખાય, એ તેનાથી નાનાને ખાય ને તેનાથી નાનુ વળી એનાથી નાનાને ખાય એવું દુશ્ચક્ર. લેખકનો આશય ધર્મ અને ઇતિહાસમાંથી યોગ્ય કથાવસ્તુ લઈને સબળા નબળાને ખાય એ દુષ્ટ પરંપરાનો હ્રાસ કરી બતાવવાનો છે.

પાત્ર અને પ્રસંગની યોજના આ હેતુને લક્ષમાં રાખીને થઈ છે એમ નવલકથા વાંચતાં તરત સમજાય છે. જેમ વાર્તાકારે પ્રકરણોને 'મત્સ્ય' કહેલાં છે તેમ પાત્રો પાસે પણ તેમણે નાનાં મોટાં મત્સ્યનુંજ કામ કરાવ્યું છે. કૌશાંબીપતિ શતાનિક અંગરાજને ગળે છે તો અવંતીપતિ પ્રદ્યોત શતાનિકને ગળી જાય છે. રાણી મૃગાવતી વળી પતિનું વેર લેવા ચંડ પ્રદ્યોતનો નાશ કરવા ધસે છે. બીજી બાજુ પ્રદ્યોતનો તો વત્સરાજ અને મગધરાજ સાથે સતત મલ્લાહ ચાલ્યા જ કરે છે. પરિણામે હિંસા, દ્વેષ, ઉદ્વેગ, ઈર્ષ્યા, અભિમાન, કપટ અને તિરસ્કારની જ્વાળા ચોમેર સળગી ઊઠે છે.

વેર અને પ્રતિવેરના અગ્નિથી પ્રજ્વલતો આ પ્રચંડ દાવાનળ કોણ હોલવી શકે? એને હોલવવાની પૃથ્વી પરના કોઈ સામાન્ય રાજસી વૃત્તિવાળા મનુષ્યની શક્તિ નથી એને તો ત્રિગુણાતીત ભગવાન મહાવીર જ પહોંચી શકે. રાજા, પ્રધાન અને ધનિકોના હાથ પાછા ઠેલીને દિવસો સુધી ઉપવાસી રહેનાર આ તપસ્વી કૌશામ્બીનગરીના એક વણિકને ત્યાં માથે મુંડન અને હાથપગમાં બેડીઓ સહિત ગુલામ સ્થિતિમાં પડેલી ચંદનાના હાથની ભિક્ષા લઇને શોષાતી માનવતાનું બહુમાન કરે છે. એની શાંત અને તેજસ્વી મૂર્તિ સમક્ષ રાણી મૃગાવતીનો વૈરાગ્નિ નિર્મૂળ થઇ જાય છે અને કામી તથા ચંડ પ્રકૃતિના રાજા પ્રદ્યોતનું પણ હૃદયપરિવર્તન થાય છે. આમ, આ નવલકથામાં મત્સ્ય ગલાગલના ન્યાય વિરુદ્ધ અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તની પ્રતિષ્ઠા કરતા આત્મશાસનનું ગૌરવ સ્થપાય છે. વિશ્વમાં ઉદ્વેગ, સંઘર્ષ, દમન, દ્વેષ અને અશાંતિ ઉત્પન્ન કરતાં બાહ્ય યુદ્ધોને નિવારવા સારુ મનની સામે આન્તરિક યુદ્ધ ખેલીને વિશ્વબંધુત્વવાળું વિશ્વશાસન સ્થાપવાની મંગલધોષણા ભગવાન મહાવીર પાસે કરાવીને લેખક નવલકથાને પ્રેરક અને આશ્વાસક પુનિતતાની છાપ આપી છે.

લેખકે વાર્તામાં વચ્ચે વચ્ચે મહાવીર ભગવાનનાં ઉપદેશવચનો તથા જૈનધર્મની આખ્યાયિકાઓ ઇ૦ મૂકીને ધાર્મિક વાતાવરણ જમાવ્યું છે તેથી વાર્તા બોધક બની છે. છતાં એમાં કોઇ સ્થળે સાંપ્રદાયિક પ્રચારની ગંધ સુદ્ધાં આવતી નથી. ઊલટું, એમાંથી વ્યાપક માનવતાનો પુરસ્કાર કરતો શાંતિનો આદેશ ફલિત કરી બતાવીને તેમણે ધર્મ અને સાહિત્ય ઉભયનું શ્રેય સાધ્યું છે.

વાર્તાનો ઉદ્દેશ જ એવો છે કે કોઈ એક પાત્રને એમાં નાયકનું પદ ન મળે. આમ છતાં સર્જકના વ્યક્તિત્વમાંથી તેને પ્રિય એવું એકાદ વિશિષ્ટ વ્યક્તિતાવાળું પાત્ર ઘડાયા વગર રહેતું નથી. નવલકથાની કેન્દ્રસ્થ ભાવનાના જનક તરીકે મહાવીર ભગ-

વાનનું પાત્ર સર્વશ્રેષ્ઠ છે તેથી કોઈ તેમને નાયકનું પદ આપવા પ્રેરાય તે અનવાજોગ છે. પણ તેમ કરવાથી મંગલમૂર્તિ મહાવીરને અન્યાય કરવા જેવું થશે. એ તો નવલકથાના સૌ પાત્રોના માનસ પર દેવી પ્રભાવ પાડનારા ધાર્મિક બળરૂપ વાતાવરણ રૂપ છે. તેમને નવલકથાના પ્રત્યક્ષ કાર્યના પાર્થિવ નિર્વાહક ગણવા તે એમનું ગૌરવ ખંડિત કરવા બરોબર છે. હા, ધીર અને ઉદાત્ત નાયકના ગુણો રાણી મૃગાવતીના કુમાર ઉદયનમાં છે. તેનું સ્ત્રી-દાક્ષિણ્ય અને તેનાં શૌર્યભર્યાં પરાક્રમો જોતાં તેને નાયક કહેવો હોય તો કહી શકાય. એમ થાય તો અવન્તિપતિ પ્રદ્યોત પ્રતિનાયકની ગરજ સારે તેમ છે.

શ્રી જયભિખ્ખુની શૈલી આલંકારિક સુશોભ-નોવાળી હોવા છતાં એમાં નૈસર્ગિક ચેતના છે. શિષ્ટતા અને સરસતા તેના મુખ્ય ગુણો છે. નવલ-કથાના વાર્તારસને સતત વહેતો રાખવાની જવાબદારી આ કથનશૈલીએ સરી પેઠે બજાવી છે, 'સબળ નિર્બળને ખાય' 'બળ અને બુદ્ધિનો ઝઘડો' 'મંગલ મૂર્તિ મહાવીર' અને 'કુંવરી કાણી ને રાજા કોઢિયો' જેવાં પ્રકરણો એનાં મુખ્ય દૃષ્ટાંતો છે. પણ ઘણીવાર તેઓ શબ્દચિત્રને ધ્વનિત રાખવા કરતાં વિગતે વર્ણવવામાં રાચતા હોય એમ વર્ણનો જોતાં જણાય છે. આથી શૃંગારના આલેખનમાં માદકતા વિશેષ જામે છે. વૈરાગ્યના ઉપદેશ સારુ મુકેલી સોની અને તેની સ્ત્રીની લંપટતાની આખ્યાયિકા વાર્તામાં પુનરુક્ત થતાં વિકારોત્તેજક નીવડવાનો સંભવ ઊભો થાય છે. એકંદરે 'મત્સ્ય-ગલાગલ' રસપ્રદ વાચન પૂરું પાડે છે. આપણું ધર્મ-કથા-સાહિત્ય પ્રેરક અને રસિક નવલ-કથા માટે કેટલા મોટા પ્રમાણમાં કાચો માલ આપી શકે તેમ છે તેનો સચોટ ખ્યાલ પણ એમાંથી મળે છે.

×

જૂજવાં: લેખક શ્રી જયંતી દલાલ; પ્રકાશક ગતિ પ્રકાશન લિ૦ અમદાવાદ. પૃ ૨૪૫; કિંમત રૂ. ૩ા

રોજિંદા વાસ્તવજીવનના અવલોકનમાંથી આ વાર્તાઓ ઉદ્ભવ પામી છે. સંગ્રહની કુલ ૪૦ કૃતિ-ઓમાંથી છેલ્લે 'વીતી રાત !' એ મથાળા નીચે મૂકેલી ૧૧ વાર્તાઓ કોમી રમખાણ દરમિયાન નજરે ચડેલ માણસાઈના 'અદકા રૂપ'ને નિરૂપે છે, તો બાકીની ત્રીસ સમાજના નિત્ય જીવનક્રમમાં વિવિધ સમય અને સંજોગોમાં જૂજવાં રૂપ ધારણ કરતી માનવતાને પ્રતિબિંબ કરી બતાવે છે. વાર્તાના વિષયો વિવિધ છે તેમ પાત્રસૃષ્ટિ પણ વિશાળ અને બહુ-રંગી છે. ભૂરીઆ અને મશુકી વચ્ચે થયેલ ખટરાગના કારણરૂપ ચૂંદડીને ફાડી નાખીને સ્વામીસેવા બજાવતો કુતરો; પત્નીના છૂટકારાની ઉત્સુકપણે રાહ જોઈ રહેલ કાગળનો લખનાર હરિસુખ; ઘરનાં બાળકની ભૂખ સંતોષવા સારુ શેઠને ત્યાંની પાર્ટીના મહેફિલમાંની કેકને કજની ચોરી કરનાર સત્યપ્રિય પ્રભુદાસ; ધંધાદારી નાટક કંપનીનો નમૂનેદાર નટ વનમાળી નવાબ; વિકાસની કેડીએ સમાજને લઈ જવા સારુ મુગ્ધ ભાવનાશીલ જુવાનનું લોહી લઈને શકતને દસ દસ વર્ષ પાછું ઠેલતો જતો સમાજસેવક જગદીશ; રક્તપીતિયા ભિખારીને માસિક પાંચ રૂપિયાનો પગાર બાંધી આપીને કમાનારો વેપારી; સમાજને વાંકે ફાંસીને માંચડે ચડનાર નિર્દોષ હિંમત; મૂંગા, બહેરા અને મૂઢ બાળકને હસતો કરીને ખિન્ન થઈ જનાર ડૉ. હરિશ; મારવાડણના 'ફિગર'ને શુદ્ધ કલાદૃષ્ટિએ નિહાળવા જતાં ખત્તા ખાઈ બેસનાર ચિત્રકાર નટવર; ઉત્પલાને નામે લેખો લખીને પ્રેમ કરવામાં 'પચાસ ટકા' સફળ થયેલો શ્રીપત; પોતાને ફિલ્મમાં હવે નહિ ઉતારવાની વિનંતિ કરનાર ભગવાનને 'બોક્સ ઓફિસ' બતાવનાર ફિલ્મનિર્માતા અને શેઠિયે નંદલાલ શેઠને ત્યાં સત્યનારાયણની કથા કરવા જતાં દક્ષિણા ઉધાર રાખીને આવનાર દેવશંકર પંડ્યા, આ અને આવાં બીજાં અનેક પાત્રોના ચિત્રો વાર્તાકારના કેલિડોસ્કોપમાં ગોઠવાઈ જઈને આપણી નિકટવર્તી રમણ કાળમાં સતત પલટા ખાતી માનવતાનું યથાર્થદર્શન કરાવે છે.

શ્રી દલાલ પાસે વાસ્તવને કલાક્ષમ બનાવવા સમર્થ હથોટી છે, તેમની ભાષામાં કટાક્ષ છે, ચાપલ્ય છે, વેધકતા છે. આજદાર વસ્તુને રમતા હોય તેમ પકડી

લઈ તેને ચમત્કૃતિજનક વળ આપવાનો કિમિયો તેમને સહજસિદ્ધ છે, વાર્તાના સ્વરૂપવિધાનની લાંબી ચર્ચા કર્યા વિના તેઓ મર્મને વ્યક્ત કરવા કરવા પૂરતો પ્રસંગ લઈને સંતોષ માને છે. બનાવ તેમની વાર્તાના રસને જમાવે છે, અને બનાવ જ ઘાટને પણ ઘડે છે આથી સમજદાર વાચકને મર્મ પામ્યાનો આનંદ થાય છે, તો વાતભૂખ્યાને કૌતક સંતોષાયાનો અમૂઝો રહી જાય એવું પણ બને છે

વાર્તા એટલે ઝબુકિયાં કરીને વાચકના ચિત્તને ક્ષણભર હલાવી નાંખતો આગિયો એ સમજણ પર આ વાર્તાઓની રચના થઈ હોય એમ લાગે છે એમાં ચોકકસ આદિ, મધ્ય અને અંતને ડોરી કઢના વિસ્તૃત પ્રસંગચિત્ર કે પાત્રનિરૂપણને બહુ અવકાશ નથી. વાર્તાકાર કૃતિના વાસ્તવિક ઉપાદાનમાં એવું કશું અસ્તર મૂકવામાં માનતા પણ નથી આથી ઘણીવાર વાર્તા ટૂચકા જેવડી બલ્કે તેનાથી યે ટૂંકી બને છે. આનો એક લાભ એ છે કે વાચક વાર્તાને એ કે ત્રણ મિનિટમાં પતાવી શકે છે, તો ગેરલાભ એ કે વાચકના ચિત્ત પર એની અસર ક્ષણજીવી નીવડે છે વાર્તાની ચોટનો આધાર છેવટે તેને મળતા વળાંક પર હોય છે શ્રી. દલાલે જીવાતા જીવનના ધબકારને ઉષ્માભર્યા હૈયે ઝીલીને, તેને છેવટ લગી વળ ચઢાવતા જઈને વાર્તાને ચિત્તભેદક બનાવવામાં સારી તકેદારી રાખી છે

રચનાની દૃષ્ટિએ નવી જ ભાત પાડતો આ વાર્તાસંગ્રહ આપણા પ્રચલિત કાવ્ય સ્વરૂપને પડકાર રૂપ છે એમાંથી કમમાં કમ 'ઊભા શેરીએ' 'ચૂંદડીઓ' 'કાગળનો લખનાર' 'મહેફિલ' 'વનમાળી નવાબ' 'એક મે-ત્રણ', 'એણે દસનો કર્યો,' 'પચાસ ટકા' 'માદાએ જગાડ્યું' 'મજૂર અને મુર્ગી' તથા 'લૂંટાએલાં': એટલી કૃતિઓ તો, શ્રી દલાલની જ એક વાર્તાના પાત્ર નટવરની માફક તેના ટીકાકારોને વારંવાર પૂછ્યા કરશે કે,

'કોણે કહ્યું કે વાસ્તવિકતામાં સુંદરતા નથી!
કોણે કહ્યું કે સચ્ચાઈમાં મૃદુતા નથી!
કોણે કહ્યું કે જીવાતા જીવનમાં રસિકતા નથી!'

★ [તા ૨૯-૫-૫૦ના રોજ 'ઓલ ઈન્ડિયા રેડિયો અમદાવાદ' સ્ટેશનેથી આપેલા વાર્તાલાપ માંથી ઓલ ઈન્ડિયા રેડિયોના સૌજન્યથી]

★

ભલે

ભલું ભોળું જ્યારે ધડકન ભરી એ ધ્રુજવતું
મને વહાલું એવું હૃદય કુમળું કૈક કથતું.
કહેલું માનેલું તવ ન થડકારો ધ્રુજવતા!
હવે મારું ના એ ધડકન ભલે સૌ જગવતી!

જયન્ત પરમાર

શેઠ અને નોકર

લેખક : બલાઇચાંદ મુખોપાધ્યાય
અનુવાદક : સુરેશ હ. જોશી

: ૧ :

પત્ની પિયર ગઈ છે.

'હાશ' કરીને છૂટકારાનો દમ ખેંચવા જેવું છે, પણ તે ય કરી શકાય એમ નથી. રસ્તો નોકર રોકીને ઊભો છે. જે નોકરની દેખરેખ નીચે મને પત્ની મૂકી ગઈ છે તે ભારે વિચક્ષણ આદમી છે કામકાજમાં આળસ નહીં, આપની વસ્તુ તેમ થવા દે નહીં, મોઢામાંથી પડ્યો બોલ ઉપાડી લે છે, છતાં ય ઉંચે શ્વાસે રહું છું. કોણ જાણે કેમ, પણ મનને કરાર નથી.

એનું કારણ એ છે કે નોકર પત્નીના પક્ષનો છે. નામ અરિંદમ.

મારા કોઈ આચરણનો એ વિરોધ કરે છે એવુંય નથી, પણ હું જે કાંઈ કરું છું તેના પર એ બરાબર ધ્યાન રાખે છે. એનું ઘર અહીં જ હોવા છતાં એ આજકાલ રાતે મારા ઘરમાં જ સૂએ છે. એનું કારણ એ છે કે એની વહુ પણ પિયર ગઈ છે. પ્રોષિત-પત્નીક નોકર પ્રોષિતપત્નીક શેઠના ઉપર પહેરો ભરે છે. હું ક્યાં ક્યાં જાઉં છું, રાતે ઘરે ક્યારે પાછો ફરું છું, કેવી જાતના લોકો સાથે હળુંભળું છું, દાળમાં મરચાં કેટલાં નાંખવાના કહું છું. કપડાં કેટલાં જલદી મેલાં કરું છું, કઇ કઇ જાતની ચોપડી વાંચું છું ને તેમાં કેવાં કેવાં ચિત્રો હોય છે—આ બધું જ એ ચૂપચાપ મનમા નોંધતો જાય છે. મને લાગે છે કે જાણે એ છાનોમાનો મારી સામે એક તહોમતનામું ઘડી રહ્યો છે. યથાસમયે યથાસ્થાને એક દિવસ એને પેશ કરીને હાથ જોડીને ઊભો રહેશે ને કહેશેઃ "આમાંનો એકકેય અક્ષર ખોટો નથી."

: ૨ :

આથી ચોકેલો ને ચોકેલો રહું છું.

યેનકેન પ્રકારેણ એની ખુશામત કરીને જ દહાડા કાઢું છું. એ ખુશ થાય તો હું ય ખુશ થયો છું એમ બતાવું છું, એ દુઃખી થાય તો મારે ય દુઃખી થવું પડે છે. કારણ કે વિનાકારણે એને બક્ષિસ આપતો રહું છું, છતાં ય એના મોઢા પરના સી. આઇ. ડી. ના માણસ જેવા ભાવને કારણે કોઈ રીતે ય સ્વતંત્રતા અનુભવી શકતો નથી. એકજણને જમવા તેડવાની ઘણા વખતથી ખાસ ઇચ્છા છે પણ એ સમ્બન્ધમાં મોઢેથી એક અક્ષર સરખો ઉચ્ચાર-વાની હિમ્મત થતી નથી. શહેર નહીં એટલે હોટલ બોટલ પણ નહીં! જો કોઇને જમવા તેડવું હોય તો ઘરે જ બધી વ્યવસ્થા કરવાની રહે ને તે અરિં-દમને જ કરવી પડે રાતે વાળુ કરતી વખતે વિચારતો હતો કે વાત કાઢવી શી રીતે? જાણ્યે અજાણ્યે અત્યાર સુધીમાં બરૂ ઘણા અપરાધ કરી ચૂક્યો હોઇશ. અપરાધનો બોજો અત્યારથી જ ખાસ્સો ભારે થઇ ચૂક્યો હશે. એના ઉપર વળી એક વધુ અપરા-ધનો બોજો લાદવાનું ઠીક થશે કે કેમ તેનો વિચાર કરી રહ્યો હતો. ને એ અપરાધનો ભાર પણ કાંઈ ઓછો તો નહીં જ કહેવાય.

એકાએક અરિંદમે કહ્યું: "શેઠ, જરા દૂધ ચાખી જૂઓ તો." દૂધની વાડકીમાંથી એક ઘુંટડો ભરીને મેં અરિંદમના ઉપર નજર માંડી. એ ભમર વાંકી કરીને દૂધની વાડકી તરફ જોઈ રહ્યો હતો. દૂધને સારૂં કહી શકાય એમ નથી તે હું સમજી ગયો.

મેં કહ્યું: "કાંઇ બહુ સારું લાગતું નથી."

'હ' કરીને અરિંદમ બીજે કામે ચાલ્યો ગયો. જે દાઢીવાળો બુઢ્ઢો ભરવાડ દરરોજ વહેલી સવારે મારે ત્યાં દૂધ પૂરૂ પાડે છે તેને હું ભાગ્યે જ મળું છું, કારણ કે, હું હમેશાં મોડો ઊઠું છું. આવતી કાલે અરિંદમને હાથે એની જે દશા થશે તેના વિચારે મને દુઃખ થયું. ડોસાને ચેતવી દેવાનો પણ સમય નો'તો રહ્યો.

: ૩ :

એ દિવસ પછી ફરી રાતે અરિંદમે કહ્યું: "શેઠ, આજનું જરા ચાખો તો.' દૂધનો ઘુંટડો પીને મેં અરિંદમના મો ભણી જોયું.

પુલકિત મુખાકૃતિ!

સાચી વાત ઢાંકી દઇને કહેવું પડ્યું: "આજનું દૂધ સરસ છે, ખૂબ સરસ છે."

એકી શ્વાસે બધું દૂધ ગટગટાવી ગયો! પણ મનમાં ને મનમાં નક્કી કર્યું કે કાલે સવારે ભમે તે

રીતે બુઢ્ઢા દાઢીવાળા ભરવાડની ખબર લેવી પડશે. દૂધ આપીને પાછો ફરે ત્યારે રસ્તામાં જ એને રોકીને ધમકાવવો પડશે અરિંદમની સામે તો એને કશું કહી શકાશે નહિ. કોણ જાણે એ બુઢ્ઢાની સાથે એણે શીય મસલત કરી રાખી હશે! પણ આ જાતનું દૂધ ભેળવેલું પાણી દરરોજ પીવાનું હોય તો તો માર્યાજ પડીએ ને!

:૪:

પણ સવારે ઊઠીને જોતાં મારી તો નજર જ સ્થિર થઇ ગઈ!

દાઢીનું નામ નિશાન નથી.

એક જુવાનવયની ગ્વાલણ ગ્સોડાના ઓટલા પર બેસીને અરિંદમને દૂધ માપી આપે છે ને અરિંદમ હર્ષોત્ફુલ્લ લોચને એની સામે એકી ટસે જોઇ રહ્યો છે. મારા ત્યાં એકાએક જઇ ચઢવાથી સહેજ પણ ઝંખવાઇ ગયા વિના અરિંદમ બોલ્યો: "પેલા ડોસાનું દૂધ તમને ઠીક નહીં લાગ્યું એટલે આનું દૂધ શરૂ કર્યું છે. કાલનું દૂધ એ જ આપી ગઇ હતી. તમે કહ્યું હતું ને કે સારું છે!"

હું થોડી વાર સુધી ચૂપ રહ્યો.

પણ થોડીવાર જ હં.

પછીથી મોં ગંભીર રાખીને બોલ્યો: "આજે જરા દૂધ વધારે લેજે, દૂધપાક બનાવવાનો છે. હૉસ્પિતાલની નર્સ રૂબિ આજે આપણે ત્યાં જમવા આવવાની છે."

બહુ અદબથી અરિંદમ બોલ્યો: "વારુ શેઠ."

★

સંપૂર્ણ

વાદો પ્રવાદો સર્વ ચર્ચી માનસો થાકયા ઘણાં,
એ ચર્ચવામાં જે જતી શકિત, સમય ને ચિન્તના;
એ સર્વનો ઉપયોગ એકાદા સુકૃત્યે જો થતો:
જીવ્યું કરે સાર્થક સદા. એ જિંદગી સંપૂર્ણ છે.

જયન્ત પરમાર

ગ્રંથસમીક્ષા

અ. મ રા.

પરિશીલન

[લે. વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદી; ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત-મુંબઇ; ચાર રૂપિયા.]

આજના આપણા એક અગ્રગણ્ય વિવેચક પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો 'વિવેચના' પછીનો આ બીજો વિવેચનસંગ્રહ છે. પ્રો. ત્રિવેદીને ૧૯૪૪ના ઠક્કર વસનજી માધવજી વ્યાખ્યાનો આપવા મુંબઈ વિદ્યાપીઠે નિમંત્રણ આપ્યું તે પ્રસંગે એમના વિદ્યાર્થી-પ્રશંસકોએ એકઠા થઈ બનાવેલી પ્રા. ત્રિવેદી સન્માન સમિતિએ પોતે એકઠો કરેલો ફાળો પ્રા. ત્રિવેદીના લેખો અને વ્યાખ્યાનોનો આ સંગ્રહ પ્રગટ કરવામાં વાપરી જે વિવેક વાપર્યો છે એ ખરેખર અભિનંદનીય છે.

પુસ્તકમાં કુલ એકવીસ લખાણો સંગ્રહાયાં છે. એમાં કેટલાંક કર્તાએ આપેલાં વ્યાખ્યાનો છે, કેટલાંક તેમણે લખી આપેલા કોઇ પુસ્તકોના પ્રવેશકો છે, કેટલાક સાહિત્યની તત્વચર્ચાના લેખો છે અને કેટલાંક કેટલાંક પુસ્તકોનાં અવલોકનો છે. વ્યાખ્યાનોમાં વિવેચનનું ધ્યેય અને કાર્ય સમજાવતું 'વિવેચનની પ્રતિષ્ઠા' અને કાવ્ય તથા ઉપલક્ષણથી સર્વ સર્જનાત્મક સાહિત્યની સર્જનપ્રક્રિયા, તેનો રસાનુભવ, સહૃદયોની અનુભાવના, કાવ્યનો ચમત્કાર, સર્જકની ભાષા, પદ્યાપદ્ય રચના, વિચારતત્ત્વ, ભાવોર્મિ આદિ તેને લગતા પ્રશ્નોની તત્ત્વચર્ચા કરતું 'અનુભાવના' આ સંગ્રહમાં ખાસ ધ્યાન ખેંચે છે. પ્રા. ત્રિવેદીની સાહિત્યભાવના અથવા "સાહિત્ય વિશેનું એમનું દૃષ્ટિબિન્દુ કે વલણ સમગ્રતયા છતાં સંક્ષેપમાં એમાં વ્યક્ત થાય છે. 'રસના સિદ્ધાંતમાં સાપેક્ષતા,' 'સાધારણીકરણ,' 'ઉર્મિ્નોત્તમ કવિતા જાતિ' અને 'કાવ્યસ્પર્શ' એ ચાર લેખોમાં પણ સાહિત્યની તત્ત્વચર્ચા છે. તેમાં કર્તાનો સંસ્કૃત કાવ્યશાસ્ત્રનો અભ્યાસ દાખવતા અને અંગ્રેજી વિવેચન સિદ્ધાંત પાસેથી પણ થોડું શીખેલી આજની સ્વતંત્ર દૃષ્ટિથી આપણા પ્રાચીન કાવ્યશાસ્ત્રીઓની વિચારણાનું શોધન-વિકસન કરતા આવતા બે લેખ આગળ ઉલ્લેખ્યાં તે બે વ્યાખ્યાનોની માફક કર્તાનો સાહિત્યસિદ્ધાંત સમજવામાં ઠીક મદદગાર બને તેમ છે. આ બધા સાથે, આચાર્ય આનંદશંકરનાં ધર્મચિન્તન અને કાવ્યતત્વ મીમાંસા અને તેમની વિચારધારાનાં મૂળ તપાસતા બે લેખો અને 'કેટલાંક ભાષાશાસ્ત્રીય પ્રશ્નોનું અવલોકન' અને 'નરસિંહરાવ ભાષાશાસ્ત્રી' એ બે ભાષાશાસ્ત્રવિષયક લેખો પણ આ પુસ્તકના ભૂષણરૂપ છે. 'આપણી ભુમિમાં નરસિંહરાવ, આનંદશંકર આદિ તેજસ્વી વિદ્વાનો અર્વાચીન સમયમાં પાક્યા છે. અને આજે આટલે વર્ષે પણ વિદ્વાનોનો હું એક પ્રકારનો વિદ્યાર્થી છું એટલું જ ગૌરવ લઇ શકું,' આમ પ્રસ્તાવનામાં લખનારે પોતાના એ બન્ને ગુરુઓની સેવાનું યથાર્થ મૂલ્યાંકન પાછળ ગણાવ્યા તે લેખોમાં કરી તેમને ઉચિત અંજલી આપી ગણાશે.

એમના પ્રસ્તાવનામાંના એ ઉદ્‌ગારને પુસ્તક બીજી રીતે પણ સાચા ઠરાવે છે. પ્રા. ત્રિવેદીમાં નરસિંહરાવનો તલસ્પર્શ અને બૌદ્ધિક પ્રમાણિકતામાંથી જન્મતું સ્પષ્ટવક્તૃત્વ છે અને આનંદશંકરના જેવી વ્યાપકતા ઊંચી ભુમિકાની રસાભિરુચિ અને સ્વભાવસૌજન્યમાંથી આવતી ગુણગ્રહિષ્ણુતા અને મીઠાશ છે. ન્હાનાલાલની ડોલનશૈલી, ઠાકોરનો કાવ્યમાં વિચારતત્ત્વ માટેનો આગ્રહ, અત્યારે થતા મુશાયરા અને એવી બાબતો માટે તેમણે સ્પષ્ટ ભાષામાં પોતાનું મંતવ્ય ઉચ્ચર્યું છે. 'મદાલસા અને 'કવિતામાં ચંદ્રશંકર' એ બે પ્રવેશક લેખોમાં તેમજ 'પ્રભાતનર્મદા' 'આતિથ્ય' અને ' અર્વાચીન કાવ્યસાહિત્યનાં વહેણોં'નાં અવલોકનોમાં ઊંચી કોટિના સહૃદયનું અને મુલ્યપરીક્ષક વિવેચકનું સારું દર્શન થાય છે. 'વિવેચન પણ વ્યક્તિત્વના આવિષ્કારનો ઉચિતમાર્ગ થઇ શકે છે.' એમ કહેતાં પ્રા. ત્રિવેદીનાં પોતાનાં વિવેચનોમાં એમના વ્યક્તિત્વનો રંગ પણ સ્પષ્ટ દેખાય છે. કૃતિના નિઃશેષ મર્મસ્પર્શી વિવેચનને બદલે રસલક્ષી અને રહસ્યદર્શી દૃષ્ટિએ એમને એમાં જેમાં જે લાગ્યું હોય તેટલું જ ક્યારેક ચૈતીછટા ચમકાવતી રસિક અને કાવ્ય

તેટલી મિતભાષી વાણીમાં કહી નાંખી તેઓ અટકી જાય છે. એમના વિવેચનોની આ લાક્ષણિકતા અભ્યાસીની તરત નજરે ચડશે.

સાહિત્યના અભ્યાસીઓને સાહિત્યનું પરિશીલન કઈ રીતે કરાય તેનો આદર્શ આ 'પરિશીલન' શીખવાડશે. આપણા વિવેચનસાહિત્યમાં એક મૂલ્યવાન ઉમેરો છે.

મારી હૈયાસગડી—૧–૨

[લેખક. ઈશ્વર પેટલીકર; પ્ર. ભારતી સાહિત્ય સંઘ. લિ૦ અમદાવાદ; મૂલ્ય બેઉ ભાગના ત્રણ ત્રણ રૂપિયા.]

'પ્રજાબંધુ' સાપ્તાહિકમાં સને ૧૯૪૯ની આખી સાલ ચાલુ વાર્તા તરીકે હપ્તાથી છપાયેલી અને એ વખતે વાચકોને ખેંચનારી શ્રી પેટલીકરની આ કથા બે ભાગમાં પુસ્તકાકારે આ રીતે પ્રગટ થઈ છે. 'પાટીદાર'ના તંત્રીપદે તેમજ પોતાના વૃત્તિવલણોએ પેટલીકરને સુધારક બનાવેલા છે એ હવે સૌ જાણીએ છીએ. એમની ઘણી વાર્તાઓ આ કારણે વાસ્તવરૂપી સમાજદર્શન કરાવી સમાજસુધારણાના ક્યારેક પ્રચ્છન્ન અને ક્યારેક પ્રગટ ધ્યેયને લક્ષતી હોય છે. એમની આ નવલકથા પણ એવી જ છે.

એમાં એક હિંદુ નારીની વીતકકથા વિગતે આલેખાયેલી છે. કથાની નાયિકા અને તેની આ વીતક કથા કલ્પિત નાયિકાની જ નિમિત્તભૂત વ્યક્તિ પાસેથી એ અકબંધ જાણવા મળી છે, જેમ પોલિસ ખાતામાં જોડાવા ગયેલ, એક જુવાનનો અનુભવ સાંભળી લેખકે 'કાજળકોટડી' લખી નાખી તેમ એ સંસાર દાઝેલી બેનના અનુભવની તેમણે આ કથા બનાવી કાઢી છે.

કથાની નાયિકાનું, નામ કર્તાએ આજના જમાનાને રુચે એવું, 'ચિત્રલેખા' એમ રાખ્યું છે પણ તેનો જન્મ ૧૮૯૮માં થયેલો છે. એટલે છેલ્લાં પચાસ વરસના ગાળાના આપણા સમાજનું દર્શન આ કથામાં મળે છે. પણ પચાસ વરસમાં જબરી પ્રગતિ કરી ભરે એ દેશ બીજા, આપણો દેશ નહિ. એટલે જે સમાજદર્શન કથામાં મળે છે એ હજુય આપણા અસંખ્ય ગામડાંઓમાંના સમાજનું જ દર્શન છે એમ માનો તો કંઈ ખોટું નથી. નવ વર્ષની ઉંમરે દગાખોરી કુટુંબની સલાહથી બાર વર્ષના ગાંડા અને નપુંસક છોકરા જોડે પરણાવી દેવાયેલી ચિત્રલેખા ભણવામાં પ્રીતિવાળી અને હોશિયાર છતાં સાસુને લીધે ભણવામાં કેવાં વિઘ્ન અનુભવે છે, ગાંડા પતિની કેવી પજવણી પામે છે, યૌવનપ્રાપ્ત દશામાં ગાંડા તો ગાંડા પતિ પાસેથી શરીરસુખ મળે તોય ગની મન માનતી તેય ન મળતાં કેવી વેદના અનુભવે છે, કામી જેઠ અને સાસુ તરફથી કેવી હેરાનગતી વેઠે છે એ બધું, હૃદયમાં એની હૈયાસગડીની ઝાળ, શ્રી પેટલીકરે સંવેદનશીલ ભાષામાં વાંચનારમાં દુર્ભાગી નાયિકાની પ્રત્યે સહાનુભૂતિ અને આવું શક્ય બનાવતા સમાજ પ્રત્યે રોષ ઉપજાવે એવી રીતે કથામાં પ્રત્યક્ષ કરાવેલ છે. પણ શ્રી. પેટલીકર સુધારક હોવાથી, તેમણે ચિત્રલેખાને આ પરિસ્થિતિ વચ્ચે પણ આગળ ભણી સિનિયર ટ્રેન્ડ બનતી, પુનર્લગ્નથી ભાવનાશાળી ધનંજય સાથે પરણેલી વિધવા કુસુમના અને દેવુભાઈ–મનોરમાના સંપર્કમાં આવતી અને આદર્શભક્ત લોકસેવક જયંતિલાલ પ્રત્યે આકર્ષાતી તથા બહુવિધ મંથનને અંતે તેની જોડે લગ્ન કરી પોતાની હૈયાસગડી હોલવતી બતાવી છે. આમ કરીને કુરૂઢિ અને હિંદુ કાયદા સામે સત્યાગ્રહ તેની પાસે તેમણે કરાવ્યો છે. મૂળ વ્યક્તિએ તો આવી અવસ્થામાં નારીને જે વેદના થાય એ બધી વેઠવા જ કરી વિધિનું પાયું પી જવાનું કોઈક રીતે સમાધાન શોધ્યું હશે. અને તેનું જીવન તો આ દૃષ્ટિએ વાચકોની નજરે મરણ લગી કરુણ રંગ્યું જ રહેવા સર્જાયું હશે. એવો જ સંભવ આપણી સમાજસ્થિતિ જોતા તો માનવો જોઈએ. પણ લેખકે આમ સુખી અંત લાવી નાયિકાને સુખી કરવાની વાચકોના ઈચ્છાને સંતોષી છે અને સાથે સાથે સુધારાનો માર્ગ દાખવવાનું પોતાને ભાવતું કામ પણ કર્યું છે.

કથવસ્તુ વાર્તાકારને એમને એમ મળી જવાથી તેમને પોતાની વાર્તા કસબ દેખાડવા સિવાય બીજી મહેનત કરવી પડી નથી, અને વાર્તાનો કસબ તો હવે તેમને બરાબર હસ્તસિદ્ધ થઈ ગયો છે એને લીધે કથા નાના મોટા પ્રસંગોનું અને નાયિકાના સંવેદનોનું ક્રમબદ્ધ સ્વરૂપમાં સીધું સાદું આલેખન હોવા છતાં છેક સુધી આકર્ષણ જમાવી રાખે તેવી બની છે.

પંચામૃત

[રવીન્દ્રનાથ ઠાકુર; અનુ૦ સુરેશ જોષી; ચારુતર પ્રકાશન વલ્લભ વિદ્યાનગર; સવા રૂપિયો]

ઉપનિષત્કાલીન તત્વદ્રષ્ટાઓ, ઋષિઓ અને કવિઓના અર્વાચીન સમાનધર્મા અને વાર્તિકકાર રવીન્દ્રનાથનાં અમૃત, સુંદર, અને અક્ષયની ઉપાસનાના અને કર્મયોગનો માર્ગ પ્રસન્નગંભીર, લલિત અને ક્યારેક મંત્રની કોટિએ પહોંચી જતી એમની લાક્ષણિક કવિવાણીમાં પ્રબોધતાં પાંચ સુપ્રકાશક મનનીય ઉદ્‌બોધનોનો એક અધિકારી ઉત્સાહી યુવાન અધ્યાપકે ભક્તિભાવ પૂર્વક કરેલો અને સુઘડ રીતે છપાયેલો આ અનુવાદ ખૂબ આવકાર પાત્ર છે. એના વાંચનારાઓને એ તેમની દૃષ્ટિને વિશાળ બનાવે અને તેમના જીવનપંથને અજવાળે એવો પ્રકાશ અવશ્ય બક્ષશે.

ભારતને

[સ્વામી વિવેકાનંદ; અનુ૦ સૌ. ઉષા જોષી; પ્ર. રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ; સવા રૂપિયો.]

ભારતની સંસ્કૃતિનો મર્મ અને એનો આદર્શ સમજાવી, ભારતવાસીઓની આજની નબળાઈઓ બતાવી, રાષ્ટ્રોદ્ધારક નવવિધાનના માર્ગ દાખવતા સ્વામી વિવેકાનંદના ઉત્કટ સ્વદેશવાત્સલ્ય અને ઊંડી ધર્મભાવનાથી ભરેલા પ્રાણવાન અને પ્રેરક ઉદ્‌ગારોના સંકલન India and Her Problemsનું ઉત્સાહપૂર્વક કરેલું આ ભાષાન્તર પણ ઉપરના પુસ્તકના જેટલું જ આવકાર પાત્ર છે, અને આજનાં યુવક યુવતીઓના હાથમાં ખાસ મૂકવા જેવું છે.

રાજર્ષિ કુમારપાલ

[લે. 'ધૂમકેતુ'; ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; સાડા ચાર રૂપિયા.]

પરમ આર્હત

[લે. ચુનીલાલ વ. શાહ; પ્ર. જીવન સાહિત્ય મંદિર, સુરત–મુંબઈ; સાડા ચાર રૂપિયા]

સોલંકી યુગની ઐતિહાસિક નવલકથાઓ લખતા શ્રી. ચુનીલાલ શાહ અને 'ધૂમકેતુ' કુમારપાલ વિષયક નવલકથાઓમાં કાનસૂરીએ જોડેલા ઘોડાઓની માફક એકમેકની સાથે જ લેખન-દોર દોડી રહ્યા છે. બંનેએ કુમારપાળની રાજપ્રાપ્તિ ની કથાઓ લખી પ્રગટ કરાવ્યા પછી કુમારપાળના રાજ્યના ઉત્તરાર્ધને કથાવિષય બનાવતી આ કૃતિઓ લગભગ એક જ સમયે પ્રગટ કરી છે. બંનેનો વિષય એક હોવાથી બંનેને સાથે અવલોકવી ઠીક પડશે.

આમ તો સિદ્ધરાજ જયસિંહ નવલકથા માટે માટે જેટલી ઝમકદાર સામગ્રી પૂરી પાડે છે તેટલી કુમારપાળ અને અને તેમાંય રાજા બન્યા પછીનો કુમારપાળ પૂરી પાડતો નથી. ગાદીએ બેઠા પછી કુમારપાળના જીવનમાં સોરઠ પર સવારી અને મલ્લિકાર્જુન વધ સિવાય વાર્તારસ આપે એવા બનાવો ઝાઝા નથી. કુમારપાળનો આત્મવિકાસ, જૈનધર્મીઓ રાજી થાય એવી તથા પ્રેરાયેલી તેની અપુત્રીકા ધન અથવા રુદતીવિત્ત રાજભંડારમાં ન લેવાની જાહેરાત તથા અમારિઘોષણા, પરોપકાર અર્થે સુવર્ણસિદ્ધિની તેની આકાંક્ષા, બ્રાહ્મણોને અને પરંપરાગત ક્ષત્રિયોને ગમે તેવું સોમનાથના મંદિરનું નિર્માણ: આટલા બનાવોમાં બધું આવી જાય છે. આ બધા બનાવો તેમજ સોરઠની સવારીમાં ઉદયન મંત્રીનું અને સોમ-

સંગ્રહની વાર્તાઓમાં ઓછી દેખાય છે, આ મધ્યમવર્ગી જીવન ને પાત્રો જ એમાં વિશેષ દેખાય છે. લેખકની એ મર્યાદાને તેઓ ફેશનને નથી અનુસરતા પણ પોતાને જ વફાદાર રહે છે એમ કહી ગુણરૂપે પણ કોઈ ઓળખાવે ખરું. એમની નવલકથાઓમાં વેર્યાં હોય છે તેવાં અવલોકનો અને ચિંતનો આ વાર્તાઓમાં પણ દેખાય છે. એ તો લેખકને પડી ગયેલી એની ટેવનું ફળ.

ચંપો અને કેળ

[ચુનીલાલ મડિયા; એન. એમ. ત્રિપાઠી લિ. મુંબઈ; ત્રણ રૂપિયા.]

શ્રી. મડિયાના આ નવા વાર્તાસંગ્રહમાં પણ સત્તર વાર્તાઓ છે. ભાગલા પછીના હિજરત પ્રકરણને અનુલક્ષીને લખાયેલ 'પ્રથમીના પોઠીમાં વાર્તાપણું ઓછું છે અને 'હું મંજરીને પરણું તો' અને 'સીતા અને મંજરી' એ બે તો વાર્તાઓની નાતમાં ભેળવી દેવાયેલા બીજી રીતે ઠીક શૈલીચમક દાખવતા રેડિયો વાર્તાલાપ જ છે. બાકીની ચૌદ ખરી વાર્તાઓમાં, બૈરક બોલી અને માનસનું તથા તેને લીધે ઉદ્‌ભવતા કુટુંબીઓના ઝઘડા પર અપત્યપ્રેમ અને કુટુંબપ્રેમે મેળવેલા વિજયનું નિરૂપણ કરતી માનસશાસ્ત્રીય રસની વાર્તા 'મજિયારી પછીતના પથ્થરો' અને હિન્દના ભાગલા માટે જવાબદાર માનસની હાસ્યાસ્પદ ક્ષુદ્રતા, મૂર્ખતા અને જીદ પર કટાક્ષ કરતી આપણા લોકમાનસનું દર્શન કરાવતી 'સમોવડિયા' એ બે આ સંગ્રહની બીજી રીતે ગણનાપાત્ર વાર્તાઓના અપવાદ સિવાય બાકીની બધીમાં મુખ્ય વિષય સ્ત્રી–પુરુષના આકર્ષણનો અને પ્રેમનો છે. 'ચંપો અને કેળ' એવા આ વાર્તાસંગ્રહના નામને એ જ નામની એની પહેલી વાર્તા જ નહિ પણ આ હકીકત પણ સાર્થ ઠરાવે છે. શ્રી. મડિયાની રસિકતાને પ્રેમ અને જાતીય આકર્ષણનો વિષય ઠીક ભાવે-ફાવે છે; કેમ એ તો એ જાણે.

એ વિષયને લગતી વાર્તાઓમાં મુગ્ધ યુવક-યુવતીઓના પ્રણયાકર્ષણની વાર્તાઓ આ સંગ્રહમાં વિશેષ છે. 'લઘુત્વાકર્ષણની લીલા' 'પોરિયા ફોન હૂપયો', 'પ્રેમના સંગીતમાં', 'સ્વપ્નશકુંતલા', 'કૌશિક અને મંદાકિની' 'મેંદીના રંગ' અને 'પરાજયની વિજયકથા' આવી વાર્તાઓ છે. એમાં 'મેંદીના રંગ' 'પ્રેમના સંગીતમાં' અને 'કૌશિક અને મંદાકિની' માનસશાસ્ત્રીય રસની વાર્તાઓ છે. હલ્લી મચાવી એ વાર્તાસંગ્રહની લાંબામાં લાંબી વાર્તા છે. સાઈકો-ફેનિયા'ના માનસિક રોગ માટે પોતે જે કંઈ વાંચ્યું જાણ્યું હશે તેનો ઉપયોગ કરવા જ લેખકે લખેલી લાગે એવી એ વાર્તા છે. સંગ્રહની છેલ્લી વાર્તા 'પ્રેમના સંગીતમાં' પણ જાતીય આકર્ષણનું માનસશાસ્ત્ર રજૂ કરવા લખાયેલી લાગે એવી છે.. એમાં આગલીમાં કૌશિકના મનોરોગનું કારણ અને પાછલીમાં સુશીલાનું ઉતરતું વર્તન માનસશાસ્ત્રની સૈદ્ધાંતિક દૃષ્ટિએ સાચું પણ વાસ્તવિક અનુભવની દૃષ્ટિએ કદાચ કોઈને અપ્રતીતિકર લાગવાનો સંભવ છે ખરો.

પ્રેમવિષયક અન્ય વાર્તાઓમાં ધારા અને રખમાઈના પ્રથમ એક નાનકડા અકસ્માતથી ખંડિત થતા અને પછી પાકટ ઉંમરે જુદા જ સંજોગોમાં ફરી સંધાતા દાંપત્યની વાર્તા 'ચંપો ને કેળ' સંગ્રહની એક સારી વાર્તા છે. એ વાર્તાની નાયિકા જાણી જોઈને સ્ખલન કરતી નથી પણ 'ત્રિવેણી'ની ત્રિવેણી અને 'શઠ અને સુકાન'માંની શેઠાણીના તો સ્ખલનની કથા લેખકે રસથી વર્ણવી છે. પ્રણય વાર્તાઓમાં સ્ખલનકથાનું તત્ત્વ એની સુગવાળાઓનું ધ્યાન ખેંચે તો ખેંચે. 'શઠ અને સુકાન' એ એક શ્રીમંતની પુત્રી અને પત્નીની પ્રણયલીલાની વાર્તા લખાવટની દૃષ્ટિએ આકર્ષક છે. છાપાંની જાહેરાતો પત્રો તથા ટેલીફોન વાર્તાલાપના સાધનથી વાર્તા બનાવવાના સુંદર પ્રયોગનું ફળ 'પરાજયની વિજયકથા' એ સ્નેહલગ્નની વાર્તા પણ લેખકની વાર્તાલેખનની કળા જુદી રીતે ચમકાવે છે.

'હિંદના ભાગલાના અને ત્યારપછીના હિજરત આદિ બનાવો પર લખાયેલી, ચાર વાર્તામાં 'પ્રથમ ના પેઢી'માં વાર્તાતત્ત્વ નથી, 'હરખસકુંવર'માં પ્રસંગકથન જ છે, અને 'સમોવડીયા' તથા 'પંચસિંધુના પ્રદેશમાં' એ બે જ વાર્તા તરીકે ધ્યાન ખેંચે તેવી છે; ઉતાવળે લખી નાખવી પડી હોય એવી છાપ એ વાર્તાઓની પડે છે.

શ્રી. મડિયાની લખાવટ જોરદાર છે. વાર્તાલેખનની કળા એમને સારી સિદ્ધ થઇ છે. એ 'શઢ અને સુકાન' અને 'લઘુત્વાકર્ષણની લીલા' જેવી વાર્તાઓમાં સાદ્યંત વિનોદી લખાવટ પણ અજમાવી શકે છે. રસિક શૃંગારની તેમ મુગ્ધ પ્રેમની કથાઓ તો એ રસથી કહી જાણે છે. શ્રી. રમણલાલ દેસાઇની ઉપર અવલોકેલી વાર્તાઓમાં નથી તેવું ગામડાં તથા કસ્બાઓના નીચલા મધ્યમવર્ગી સમાજનું આલેખન લોકમાનસ, લોકવહેવાર અને લોકભાષાના જીવન્ત સ્પર્શ સાથે આ સંગ્રહની કેટલીક વાર્તાઓમાં થયું છે. એ શ્રી. મડિયાની મોટી વિશિષ્ટતા છે. સૌરાષ્ટ્રની લોકબોલીનો ઉપયોગ શક્ય તેટલે ઠેકાણે કરતાં લેખક ચૂક્યા નથી. ઘેરાજી બાજુના લેખકે ત્યાંની બોલી પ્રમાણે 'ગાળાને ગોરો' બેચાર લખ્યો છે. અને 'પૂર્ણિમનાં બધાં પાસાં અવળાં પડ્યાં (પૃ ૪૫) એવી 'પાસા' શબ્દની જાતિભૂલ પણ એમણે કરી છે. એ ભૂલી જઇએ તો એમની ભાષા, (જે 'શઢ અને સુકાન' જેવામાં જે ચાપલ્ય અને હળવાશ પણ બતાવે છે તે)નો પણ વાર્તાઓને રસપૂર્ણ બનાવવાનો સારો ફાળો છે.

'ચંપો ને કેળ' ગુજરાતના વાર્તારસિકોને ગમી જાય એવો વાર્તાસંગ્રહ છે.

★

પાછાં વળો રે

[૧]

પાછાં વળો રે, ઉદધિ તરંગો
શાને નકામાં અથડામણે ડુંગો ?
આસમાન ઊંચેથી પ્રવાસ આદરો
દૂરેથી નિત્યે ક્ષિતિજેથી આવો.
તમો પરન્તુ નહીં પત્થરોને :
કિનારને સ્વાગત શબ્દ નાવડે,
આ શ્વેત વર્ણી ઊછળો તરંગો !
ચિંતાતુરા, સુંદરતા ન ત્યાગો.
પહાડ ના પ્રેમી : પ્રયત્ન વ્યર્થ શા
બને નહીં પત્થર પ્રેમ ભીંજ્યા.
શા કાળમીંઢા, ક્રૂરતા ભરેલા !
બને વિશેષ કયમ ક્રૂર પાછા !
યત્નો સહુ પ્રેમની જીત કાજના
છે દીર્ઘકાલી અવિશ્રાંત કેરા !

[૨]

પાછાં વળો રે ઉદધિ તરંગો
ના વેડફો વ્યર્થ જ પ્રેમ મોંઘો :
શૃંગાર તો છે રાશ હોય ત્યારે,
ઉષા ય સંધ્યા તમને રિઝાવે.
પ્હેરો ભરે પુષ્પન પ્રેમ મંદીરે,
પ્રમાણુ પાછાં ગૃહની ભણી હવે.
વૈચિત્ર્યના વંશજ પ્રેમપંથો
સ્વાતંત્ર્યનું શોભન પ્રેમપૂજનો.

—ભગીરથ મહેતા—

×

અણુપીછયો—અણુ પીછેલો....

મ. હુ. મહેતા

મોડી રાત્રે જ્યારે શ્યામે પોતાના પરમપ્રિય મિત્રનો હાથ પકડી ગૃહપ્રવેશ કર્યો ત્યારે તેની મા—ગંગા હાથમાં માળાને સ્થિરતાથી પકડી આંખો મીંચી, વાથી પીડાતા શરીરને ચારે તરફથી સંભાળપૂર્વક વીંટાળી, પથારીના એક ખૂણે બેઠી હતી. પોષ માસ અર્ધો પસાર થઇ ગયો હતો છતાં અંદર બધે ઠંડીનું સામ્રાજ્ય હતું. તેની સત્તાની અવગણના કરી બહાર નીકળેલાં રડયાં ખડયાં માનવીઓ પૂરેપૂરા હારી, ધ્રુજતા ધ્રુજતા ઘેર જતા અને ગોદડા ભેગા થતા ત્યારે જ તેઓનો છુટકારો થતો. શેરીનાં કૂતરાંઓ પણ ઉકરડે ઉકરડે જેટલું ભરાય તેટલું ભરાઇ—‘હવે ભલે બીજી હદનો જાતભાઇ આપણી હદમાં આવે’ એવો સંકલ્પ કરી ઝંપી ગયાં હતાં.

પરસાળમાં મિત્રને બેસાડી શ્યામ ધીમેથી બારણું ખોલી સીધો મા પાસે જઇને ઊભો. ત્યારપછી કોટ ઉતારતાં, બૂટ કાઢતાં, ખીસ્સામાંથી વસ્તુઓ મેજ પર મૂકતાં બની શકે તેટલો અવાજ કરી માનું ધ્યાન દોરવામાં જ્યારે શ્યામ નિષ્ફળ થયો ત્યારે કંઇક ઊંચે અવાજે કહ્યું, “મા, ઊંઘી ગઇ કે શું ?”

આંખો મીંચેલી રાખી નિસ્પૃહભાવે જવાબ મળ્યો. ‘ઊંઘી ગઇ હોત તો તારું ચાલે છે એ ન ચાલતું હોત. બાર માથે બે વાગે ત્યારે દિકરો આવીને પૂછે છે કે મા ઊંઘી તો નથી ગઇને ? કહું છું તને ઘરની તો નથી પડી શરીરની ય દરકાર છોડી દીધી છે ?’

શ્યામે કંઇક અકળાઇને કહ્યું, ‘મા આજે...’

વચ્ચે જ માએ કહ્યું ‘હં. આજે જ એવું થયું. કાલથી નહીં થાય એ જ કહેવું છે ને તારે ? એ તારી કાલ ક્યારે આવશે કહીશ ? ના બાપુ, કાલે જ તારા બાપુને તાર મૂકી દે એ આવી જાય એટલે નિરાંત. મારાથી હવે આ બધુ સહન નથી થતું.’

શ્યામે હસીને કહ્યું, ‘ ઠપકા માટે કાલનો આખો દહાડો પડયો છે મા. જેને અહીં ખેંચી લાવવામાં મોડું થઇ ગયું છે એ હજી બહાર ઠંડી સામે ઝઝુમે છે. એ સાંભળશે તો સારું ન દેખાય. કયા ઓરડામાં અમે પથારી કરીએ એ કહી સુખેથી સુઇ જા.’

છેલ્લુ વાકય પકડી શ્યામની મા બોલી, ‘ કયા સુખે સુઇ જાઉ કહે તો ! ઘરની કોને પડી છે ! તારા બાપ પરદેશ, ઘરમાં છોકરી પરણાવવા જેવડી.........

‘પણ મા એનું......’

‘ કંઇ બોલી મને નાહકની ચીડવીશ નહિ શ્યામ, ઘરના ઘણાય ઓરડા છે.’

શ્યામ ધીમે ધીમે ચાલ્યો ગયો.

. વ્હેલી સવારે કામવાળી હાંફળી ફાંફળી શ્યામની માની પથારી પાસે આવી, તેને ઢંઢોળી કહેવા લાગી, ‘ઊઠો મા ઊઠો. જુઓ તો ખરાં—બેબાકળી’ ઊઠી ગૃહિણીએ કહ્યું: ‘ શું છે રે ! ઘર લૂંટાઇ ગયું કે શું !’

દાસીએ કહ્યું: ‘જુઓ મા જુઓ—આવો તો—’

હાથ પકડી, શ્યામ જ્યાં સૂતો હતો ત્યાં દાસી માને તેડી લાવી. બારણું અરધું ખુલ્લું હતું સવાર પડવામાં ઝાઝી વાર નહોતી. ઓરડાની પશ્ચિમ તરફ બારી ખુલ્લી હતી અને ત્યાંથી સુસવાટાભેર પવન આવતો હતો. એ બારીની સામે ખુરશી પર બેસી ગઈ રાત્રે આવેલો શ્યામનો મિત્ર એકાગ્ર ચિત્તે કંઇ લખી રહ્યો હતો કૃષ શરીર, સ્વચ્છ ન કહી શકાય તેમાં લૂગડાં અને માથે વેતવેત જેવડા વાળ પવનમા ઝાડની ડાળીઓ ઝુમે તેમ વાળ આમ તેમ ફંગોળાઇ રહ્યા હતા.

દાસીએ કહ્યું: ‘કોણ છે મા ? હાય રે, હું તો એવી બ્હીની...કહ્યું માને જલ્દી જલ્દી ઊઠાડું. વખત છે...’

માએ અનિમેષ નયને એ દુર્બળ દેહ તરફ નજર કરી કહ્યું: ‘જા, તું તારે કામે વળગ આ ઘરમાં આ કંઇ નવું નથી. ઉલ્ટાનું આવુ ન હેય તો નવાઇ પામવા જેવું છે, સમજી !’

‘કેમ ન સમજું મા ? હું તો બધુ ય સમજું છું—એટલે જ તો મારા માબાપે મારુ નામ સમજુ

રાખ્યું છે! કહી તે પોતાને કામે વળગી.

સવારે જાણે કંઇ કૌતુક હોય તેમ ઘરનાં નાનાં મોટાં તમામ માણસો નવા આવનારને જોઇ ગયાં. શ્યામની મા પણ ફરી એકવાર આવી જોઇ ગઈ અને પછી પોતાના ઓરડામાં જઇ બારણું વાસી સુઇ ગઇ. સુઇ ગઇ એમ કહેવા કરતાં સૂવાનો ઢોંગ કરી પડી રહી કહેવું વધારે વ્યાજબી છે, કારણકે જ્યારે થોડી વાર પછી ઓરડાનું બારણું ખખડયું ત્યારે જાગતાં છતાં તેણે કંઈ જવાબ દીધો નહિ. છેવટે નછૂટકે બારણું ઉઘાડી શ્યામને અંદર લઈ પાછું ઝડપથી બારણું વાસી દીધું. શ્યામે કહ્યું, 'આ તારો કેવો અન્યાય મા, રાજેશ જાય છે અને તને મળીને જવાનું કહે છે–બોલાવું છું એને...'

માએ તેને રોકીને કહ્યું, 'નહિ શ્યામ, જતો નહિ. એને કહે મારી તબિયત સારી નથી. સારી હોય તો પણ તારા મિત્રોને મળવાની હવે મારામાં હામ રહી નથી. ઘણાંને મળી. ચા-પાણી પીવડાવી, નાસ્તો કરાવી વિદાય આપો.' પછી જરા ઊંચે સાદે કહ્યું, 'જેવા તેવા માણસોને મળી તારી મા પોતાની કિંમત ઘટાડવા નથી માગતી.' આમ કહી તેણે બારણા સામે તીરછી નજરે જોઈ લીધું.

શ્યામ વીલે મોંએ જ્યારે બહાર આવ્યો ત્યારે રાજેશ બારણા પાસે જ ઊભો હતો. રાજેશને જોઇ શ્યામનું મોં કાળું પડી ગયું. થોડીવાર સુધી કોઇ કંઇપણ બોલ્યું નહિ. પછી બોલ્યો રાજેશ—આને મારે લઇને ખૂબ તકલીફ પડી. પણ જતાં જતાં તને એટલું કહી જાઉં છું શ્યામ, કે આને લઇને મા પર ગુસ્સો કરતો નહિ.' આટલું કહી રાજેશ ડેલીની બહાર નીકળી ગયો.

શ્યામ શુન્યમનસ્કભાવે તેને જોઈ રહ્યો. એકા-એક તેના વચેટભાઈ નાનુએ કહ્યું, 'મોટાભાઇ, "મિત્ર નં–૨૧"–ઉપનામ–"ધાચીનો ધાણો" અને નામઠામ તમે આપો ત્યારે—'

શ્યામે પાછું ફરી તેને મારવા હાથ ઊગામ્યો પણ તે છટકીને હસતો હસતો જતો રહ્યો.

×

શ્યામના કુટુંબનો થોડો પૂર્વ ઇતિહાસ જાણી લેવો જરૂરી છે શ્યામના પિતાએ એક સાધારણ કાપડના દુકાનદાર તરીકે પોતાની કારકિર્દી શરૂ કરી. ભણેલ ઓછું છતાં ય કામ કરવાની ધગશ અને સમજણને લઇને લક્ષ્મીદેવીની કૃપા મેળવી શક્યા હતા. પરદેશમાં આજે એક મોટું કાપડનું મીલ નાખ્યું હતું. બે વરસ થયાં ઘરનાં માણસો દેશમાં રહે છે. ઘરમાં શ્યામ સહિત પાંચ ભાઈઓ અને બે બ્હેનો હતી. આ ઉપરાંત એક માસ પહેલાં એક દૂરની ફઈ પોતાનો પરિવાર સાથે લઇ આ ઘર પર અનુગ્રહ કરી અહીં આવી વસી હતી. ઘર તથા ઘરનાં માણસોનો સ્વભાવ દરેક રીતે અનુકુળ છે એમ ચોક્કસ લાગવાથી ફઇ નજીકના ભવિષ્યમાં ઘર છોડી જાય તેમ લાગતું નહોતું.

શ્યામ ઘરનો મોટો માણસ ગણાય છે. અને એ જવાબદારી સંપૂર્ણ રીતે અદા કરવામાં ભણતર નડતરરૂપ છે એમ સમજી તેને તિલાંજલી આપી દીધી છે. પરદેશથી આવતા પૈસાનો ક્યાં અને કેવી રીતે ઉપયોગ કરી નાખવો એજ હવે તો માત્ર શ્યામનું કામ હતું. એ કામ તે બહુ ઉત્સાહભેર કરતો. પણ પાછળથી જ્યારે હિસાબ માંડવાનું મા કહેતી ત્યારે કહેતો, "એ નહિ બને મા, પૈસા વાપર્યા છે તે સારે રસ્તે વાપર્યા છે. વેડફી નાખ્યા નથી. એમ હોત તો હિસાબની જરૂર રહેત ખરી." છતાં ય માની હઠ આગળ નમતું મૂકી અમસ્તુ માને સમજાવવા કાગળ પર બેચાર લીટા તાણી નાખતો.

બીજી એક વસ્તુ કહેવી જોઇએ. તે એ કે શ્યામને મિત્રોનો પાર નહોતો. આ લોકો ગમે તે સમયે ધામધૂમપૂર્વક શ્યામને ઘેર આવી, બે ચાર કલાક ગાળી, ચા-નાસ્તાનું નૈવેદ્ય સ્વીકારી પછી જ ઘેર જતા. શ્યામનો સરળ સ્વભાવ આ બધું નિભાવી લેતો. ન નિભાવતાં ઘરનાં માણસો. કામવાળીથી માંડી શ્યામની મા સુદ્ધાં બધાં લોકો કંટાળી ગયાં હતાં. શ્યામના નાનાભાઇઓએ તો મિત્રોની નામાવલી તૈયાર કરી રાખી હતી. નવો મિત્ર આવે ત્યારે તેમાં તેને દાખલ કરવો, તેનું સર્વાનુમતે એક યોગ્ય ઉપનામ

પાડી દેવું અને તેનું નામઠામ લખી લેવું—આ બધું કામ તેઓ બહુ નિયમિત અને ચોકસાઈથી કરતાં. છેવટે છેવટે તો ખૂદ શ્યામ પણ આ લોકોથી કંટાળી ગયો હતો અને એટલે જ તો તે દિવસે વ્હેલો ઘેરથી નીકળી રાતના મોડે મોડે ઘેર આવ્યો હતો. પણ હાય રે દુર્ભાગ્ય–સ્વભાવ કંઈ શ્યામને છોડે તેમ નહોતો. એટલી રાતે પણ આવ્યો ત્યારે ય એક મિત્રને ઘેર ખેંચી લાવ્યો!

તે દિવસને આજે આઠમો દિવસ છે. રવિવારની રજા હતી. છોકરાંઓ આમતેમ રમતા હતા. મોટી છોકરી ઉમા શાળાનું લેશન કરી હમણાં જ મા પાસે આવી બેઠી હતી. આજે મા કંઈક વ્યગ્ર હતી. ચિંતાતુર અવાજે તેણીએ ઉમાને કહ્યું, 'ઉમી, તારા બાપુનો છેલ્લો કાગળ આવ્યાને બરાબર મહીનો થવા આવ્યો આજ કાગળ આવવો જોઈએ ખરુંને?

'હા, મા આજ કાગળ આવી જવો જોઈએ.'

'તો કેમ નહિ આવ્યો હોય?'

ઉમાએ બે ત્રણ મિનિટ સુધી વિચાર કરી કહ્યું 'કહું? નહિ લખ્યો હોય!'

આ જ વખતે બારણું ખખડ્યું, કદાચ જેની આશા રાખીને પોતે બેઠી છે એ જ હોય એમ માની ઝડપથી ઊઠી બારણું ખોલ્યું. પણ આ શું! વિધિની આ તે કેવી ક્રૂર મશ્કરી! રાજેશે ઘોડાગાડીમાંથી હળવેથી નાનુના પાટાપીંડી કરેલા દેહને ઉપાડી કહ્યું, 'બારણું ખોલી નાખો મા, ગાડીની હડફેટમાં આવી ગયો છે. દવાખાને પાટાપીંડી બંધાવીને આવ્યો છું. હવે માત્ર બેશુદ્ધિ છે. તમે લોકો આમ બાઘા જેમ ઊભા રહેશો એ કેમ ચાલશે? ઉમા. જા તો બ્હેન, એક પથારી કરી આપ જોઉં!'

મા તો અવાક થઈ જોઈ રહી. શું કરવું તે સૂઝ્યું જ નહિ, ઘડી નાનુ સામે તો ઘડી રાજેશ તથા લોહીના ડાઘવાળાં તેનાં કપડાં સામે જોતી રહી. પછી હમણાં જાણે હૃદય ફાટી જશે એવી ચીસ પાડી ત્યાંને ત્યાં બેસી પડી.

નાનુને પથારીમાં સુવડાવતાં સુવડાવતાં રાજેશે કહ્યું, 'ગભરાવા જેવું કંઈ નથી શુદ્ધિમાં આવી જાય એટલે કોઈ જાતની ઉપાધિ જેવું નહિ રહે.'

રાત્રે રાજેશે કહ્યું. 'તમે બધાં સૂઈ જાઓ મા. હું જાગું છું. નકામો ઉજાગરો ન કરશો. કંઈ બીવા જેવું નથી. રૂપાબાએ મોટા અવાજે કહ્યું, 'અમને કયા સુખે ઊંઘ આવે ભાઈ, અમારી તો ઊંઘ ઊડી ગઈ છે. પણ બે કલાક પછી રાજેશે જોયું કે બધાં ટપોટપ સૂઈ ગયાં છે. ઉડી ગયેલી ઊંઘ ફરીવાર આવીને રૂપબાને ચોંટી છે અને સવારના આઠ વાગ્યા સુધી ફરી ઊડી જવાનો સંભવ નથી. માત્ર શ્યામની મા એકલી સુમસામ જેમ બેસી રાજેશ સામે જોઈ રહી હતી. આ જ એ રાતે આવેલ પેલો રાજેશ, જેને પોતે મળવાની પણ ના પાડી હતી. તે વખતના અભિમાનનું ખંડન કરવા ભગવાને તેનાં પર કેવી આકરી સજા કરી! શરમનો કેવો બોજ માથા પર લાદી દીધો કે એ જેવા તેવા માણસની સામે આજે આંખ ઉંચી કરી જોઈ પણ શકતી નથી!

શહેરના ટાવરમાં રાતના બારના ટકોરા પડ્યા. આ વખતે રાજેશ ઊઠી, નાનુને જતનપૂર્વક ઓઢાડી ખુરસી પર બેસી કંઈ વાંચવામાં તલ્લીન થઈ ગયો. ઠંડી સખત હતી છતાં ય એક પાતળો ઝભ્ભો પહેરી રાજેશ બેઠો હતો. પોતાને ગળે જે મફલર હતું તે નાનુના માથાપર વીંટાળી દીધું હતું.

રાતના ત્રણેક વાગે નાનુએ આંખ ઉઘાડી સામટો જ સવાલ કર્યો. 'હું ક્યાં છું?'

• 'તું મારી પાસે જ છે ભાઈ,'

નાનુ આ વખતે પડખું ફેરવવા ગયો પણ દુઃખને લઈને તેમ કરી શક્યો નહિ. થોડું પાણી પીવડાવી, માથે થોડીવાર હાથ ફેરવી રાજેશે કહ્યું. 'સૂઈ જા હો, હું અહીં તારી પાસે બેઠો બેઠો તને હાથ ફેરવું છું.' થોડીવારે નાનુ સૂઈ ગયો. રાજેશે બહુ જ ધીમેથી ઊઠી મા પાસે આવી કહ્યું, 'મા–જાગો છો? હવે કંઈ બીવાનું નથી. નિરાંતે ઊંઘે છે, જરા ડેલીનું બારણું વાસી જાઓ, હું જાઉં છું.'

આમ કહી, કશું ય સાંભળ્યા વગર રાજેશ

ઉતાવળો ઉેલી બહાર નીકળી ગયો. આંખમાં પાણીનાં ઝળઝળીયાં સાથે મા રાજેશને અદ્રશ્ય થતો જોઈ રહી.–ન કશું ખાધું, ન પાણીનો પ્યાલો પીધો, ન કશું સાંભળ્યું. માત્ર હજી સજા અધૂરી હોય તેમ ઉત્કટનો ઘા કરી નિષ્ઠુરભાવે ચાલ્યો ગયો.

બીજે દિવસે હરરોજ કરતાં શ્યામની મા મોડી ઊઠી. કામવાળીએ આવી કહ્યું, 'ઊઠોને મા. જુઓ તો દિવસ કેટલો ચડી ગયો છે! નાનુભાઈ પણ ઊઠીને દાતણ કરે છે, વીખરાયેલા વાળને સરખા કરી મા સીધી શ્યામ પાસે ગઈ. કહ્યું, 'આ રાજેશ છે કોણ? પહેલાં તો કદી ય એ તારી સાથે આવ્યો નથી શ્યામ?.'

શ્યામ હમણાં જ આવેલી નવી ચોપડીઓ કબાટમાં ગોઠવતો હતો. તેણે કહ્યું, 'એ કોણ છે એ તો હું ય પૂરેપૂરું નથી જાણતો મા. જાણું છું એટલું કે ઘણાં વર્ષ પહેલાં હું અને તે સાથે ભણતા. બીચારો સીધો, સાદો માણસ, ક્યાં રહે છે? કોણ સગાંવહાલાં, કોણ માબાપ કશી જ ખબર નથી ખબર પડવા દીધી નથી. કોઈ વખતે દિવસમાં ત્રણ વખત મળી જાય, પછી ત્રણ વર્ષ પસાર થઈ જાય તો ય ક્યાંય પત્તો ન મળે! મળે ત્યારે પૂછું કે ક્યાં હતો ત્યારે હસીને એવી વાત ઉડાવી દે કે ફરીને પૂછવાનું મન ન થાય. એક દિવસ કહે છે કે રાજેશ...આ શું મા. હું તો બોલ્યે જાઉં છું પણ તારું તો ધ્યાન જ નથી–શું થયું છે?'

અન્યમનસ્કભાવે તે બોલી, 'હં–હા– ભલા એ ફરીથી તને મળશે? તને ખબર તો હશે તે ક્યાં મળે?'

શ્યામે હસીને કહ્યું, 'એનું કંઈ ઠેકાણું નહિ મા. છતાંય જો માણસ પ્રયત્ન કરે તો ખાસ કરીને સ્મશાને, મજૂરોની ચાલીઓમાં, કે ચોર ડાકુઓના નિવાસસ્થાને કદાચ મળે!'

આ જવાબથી મા હસશે એમ શ્યામે ધારેલું. પણ એવું બન્યું નહિ. કરુણ સ્વરે માએ કહ્યું, 'તારી આ બનાવટ સહન કરવાની મારી સ્થિતિ નથી.'

'બનાવટ? ના, મા એ બનાવટ નથી. તદ્દન સત્ય હકીકત છે. એક દિવસની વાત તને કહું. તને ખ્યાલ છે એક દિવસે આપણે પેલા રક્તપિત્તિયાના દવાખાના પાસેથી ગાડી હંકારી હતી?'

જાણે રક્તપિત્તિયાના નિર્દેશમાત્રથી તે લોકો સામે આવી ઊભા હોય અને તેના બાંધેલા ઠુંઠા હાથ પગોમાંથી જાણે માથું ફાડી નાખે તેવી દુર્ગંધ આવતી હોય એમ સાડીનો છેડો મોં પર દાબી બોલી, 'સવારના પહોરમાં એને ના સંભારીશ. ખાવાનું પણ નહિ ભાવે. પણ રાજેશ ક્યાં મળે એ કહેને?'

'એ કહેવામાં તો મા, રક્તપિત્તિયાં તો વચ્ચે આવવાનાં જ; કારણ કે એવા એક દુર્ભાગી માણસને પોતાના ખભાનો ટેકો આપી દવાખાનામાં લઈ જતાં મેં તેને જોયો.'

માનું મોં સફેદ પૂણી જેવું થઈ ગયું, કહ્યું, 'પછી?'

શ્યામે કહ્યું, 'મેં તેને બોલાવ્યો ત્યારે તેણે કહ્યું, 'જરા રોકાજે શ્યામ–હમણાં આવું છું કહી ખાસ્સી ચાર કલાક કાઢી નાખી. પાછો આવ્યો તે વખતે રાતના ૧૧ વાગ્યા હશે. દવાખાનાની સામે જ એક મોટું ચોગાન છે તેમાં અમે બન્ને જઈ બેઠા. ખીસ્સામાંથી મગફળીના થોડા દાણા કાઢી મને કહ્યું 'લે, ખા.''

માએ એકદમ પૂછ્યું, 'તેં ખાધા હતા?'

'ના, મા, ના; અને ખાધા હોત તો ય એ રોગ તારા દિકરાને લાગુ પડવાનો જ નથી.'

'હં. પછી શું થયું?'

'થોડા ઘણા દાણા મોમાં નાખી, પાણી પી મને વિદાય કરી દીધો.'

ઊંડો નિસાસો નાખી મા બોલી, 'તેને ફરીથી એકવાર અહીં લઈ આવ શ્યામ.'

'તે નહિ આવે મા.'

'આવશે ભાઈ, જરૂર આવશે. કહેજે 'મા' બોલાવે છે.

'કહી જોઈશ મા.'

૪

ચાર પાંચ દિવસ પછીની વાત છે. આજે કંઈ

કંઈક ઓછી હતી. શ્યામ ઘરનાં કામે બહાર ગયો હતો અને તેના મિત્રો એક પછી એક આવી, ખબર પૂછી ચાલ્યા ગયા હતા. બાળકો સૌ રમતમાં ગૂંથાયા હતા અને શ્યામની મા 'સમજુ' કામવાળી સાથે લમણાઝીક કરી કામ નિયમિત અને સુઘડ રીતે થવું જોઈએ એ સમજાવી રહી હતી. ઉમા એક દાખલામાં ગૂંચવાઈ પાટીમાં મોં ઘાલી બેઠી હતી. માત્ર નાનુ આજે કંઈક ચૂપ હતો. હજી ય માથેથી પાટો છોડયો નહતો. એકાએક દિવાનખાનાનું બારણું ખોલી રાજેશે પ્રવેશ કર્યો નાનુ સીધો 'રાજેશભાઈ' કરી તેને ગળે વળગી પડયો.

આજ વખતે મા ઉપરને માળે કામવાળીને કહેતી હતી, 'તને કેટલીવાર કહ્યું કે કપડાંમાં ગળી બહુ ન નાખતી જા.'

'આ બહુ કહેવાય મા ? મેં હજાર ઠેકાણે કામ કરેલ છે. આટલી ગળી તો હું બધેય નાખતી હતી. એ ય મોટાં તવંગરનાં ઘર હતાં મા!'

'બીજાની વાત ન કર. હું કહું એમ કરતી જા'

'સારું', બીજાંની વાત ન કરીએ તો તેઓની સાથે આપણે ઉભાં કેમ રહી શકીએ ?

'ઠીક હવે. બોલીશ નહિ.'

'શું કામ બોલું મા ? એમ બોલવા જ કરીએ તો અમારું કામ કેમ ચાલે ? હજાર ઠેકાણે કામ કરી આવી છું–એ તો કામ ચોખ્ખું એટલે જ બધાં...'

મા ખીજાઈને તેને પૂરું સાંભળ્યા સિવાય પોતના ઓરડામાં ચાલી ગઈ.

એકાએક બાળકોનો કિલકિલાટ, હાસ્યનો મંજુલ ધ્વનિ દિવાલો અને બારણાંઓ વટાવી તેના કાન સુધી પહોંચ્યો. અવિરત હાસ્ય તેના કાનમાં જાણે અમીવર્ષણ કરી રહ્યું હોય તેમ લાગ્યું. જાણે મંત્રમુગ્ધ થઈ ગઈ હોય તેમ તે ધીમે ધીમે દાદરા તરફ ખેંચાઈ બે ત્રણ પગથિયાં ઉતરી જોયું તો એક ખૂણામાં રાજેશ બાળકોને વાર્તા કહી રહ્યો છે. કેટલાંક બાળકો તો હાસ્યનો આવેગ સહન ન થવાથી જમીન પર આળોટી રહ્યાં હતાં. ઉમા હાથમાં પેનપાટી પકડી મંત્રમુગ્ધ થઈ ગઈ હોય એમ છાનું છાનું હસી રહી હતી. માએ કાન દીધો. મહાભારતમાંથી ભીમે પોતાના અથાગ બળ વડે ઝાડ પર ચડી ગયેલાં કૌરવોને ઝાડ હલાવીને ફળ ખેરે તેમ ખેરી નાંખ્યા એ પ્રસંગ હતો. અગાઉ કદીય આવી મજા બાળકોએ માણી હોય એવું લાગતું નહોતું.

મા રાજેશને જોઈ રહી. આજે કેટલાય દિવસ થયાં એ છોકરાને જોવાની પોતાને તીવ્ર ઉત્કંઠા થઈ હતી. ઈશ્વરે ઉપરે તેની પ્રાર્થના સાંભળી ખરી. કોઈને કંઈ કહેવું પડ્યું નહિ માના અંતરનો પોકાર સાંભળી પોતે આપોઆપ આવી હાજર થઈ ગયો!

તેણીના માતૃહૃદયમાં મમતા જાગી ઉઠી' એમાં ય જ્યારે પોતાને જોઈ રાજેશ પગે પડ્યો ત્યારે મમતાનો જુવાળ એટલો બધો વધ્યો કે એ જુવાળમાં પોતાની જાતને સંભાળવાનું લગભગ અશક્ય થઈ ગયું.

'નાનુની ખબર કાઢવા આવ્યો હતો મા.'

મા બબડી, 'અને અમારી નહિ !'

એકાએક રાજેશે કહ્યું, 'સાંજ પડી ગઈ. મારે જવું જ જોઈએ. કેટલો વખત પસાર થઈ ગયો એની કંઈ ખબર જ ન પડી. હું 'જાઉં' ત્યારે.'

તેને જતો જોઈ માએ કહ્યું, 'જરા ઊભો રહે કાલે નાનુની જન્મગાંઠ છે. તારે આવવું પડશે.

'મને માફ કરો મા. મારાથી નહિ આવી શકાય.'

'માફ બાફ કંઈ નહિ થાય. તારે આવવાનું જ છે. મારી આજ્ઞા છે.'

તો આવીશ કહી વાતનો બાકી રહેલો ભાગ ફરી કોઈ વખત પૂરો કરવાની ખાત્રી આપી પોતે ચાલ્યો ગયો.

બીજે દિવસે વહેલી સવારથી ઉત્સવનાં પગરણ મંડાઈ ચૂક્યાં. સગાંવહાલાં ઉપરાંત શ્યામના મિત્રોએ બધાં મળી બાળકો ઘરને ભરી દીધું. માત્ર ન આવ્યો રાજેશ. રસ્તાપરની બારીએથી જોઈને શ્યામની માની

આંખો થાકી ગઇ, રસોડામાં તેને માટે ઢાંકેલી થાળી કરીને ઠીકરું થઇ ગઇ. છેવટે "એ નહિ જ આવે–હું એને આજ્ઞા કરનાર કોણ ?" ફરી પોતે પોતાના મનને કામમાં પરોવ્યું. દિવાનખાનામાં શ્યામના મિત્રો વાગ્યુદ્ધ કરી રહ્યા હતા. જુદી જુદી ટુકડીઓ પડી ગઇ હતી. 'મુસલીમો હિન્દુઓ કરતા ગજનીતિમાં વધારે પ્રવીણ છે. અંગ્રેજોની Nobility વિના સ્વરાજ મળવું મુશ્કેલ હતું–ગાંધીજી ફીફાં ખાંડતા હતા ' વગેરે વગેરે વિધાનોને પોતાના સાધનરૂપ ગણી પૂરા જોરશોરથી તેનું ખંડનમંડન કરવા લાગી પડ્યા હતા. આ ઉપરાંત પણ ફિલ્મોમાં કામ કરનારાઓને પણ બહુ માનપૂર્વક ચર્ચામાં સ્થાન આપવામાં આવ્યું હતું. થોડીવાર પહેલાં ઉદરસ્થ કરેલી જુદી જુદી વાનગીઓ વિષે પણ રસનાભોગીઓ રસના લડાવતા હતા.

છેક રાતે જ્યારે ગાયનવાદનનો જલસો જામ્યો હતો ત્યારે રાજેશ આવી ચુપચુપ બધાં ભેગો બેસી ગયો. તેના આવવાથી જે હલચલ મચી ગઇ તેને લીધે ઉસ્તાદને લાગ્યું કે પોતાના ગાવાનો કંઇ અર્થ નથી, એટલે તેણે એ મહેનત છોડી દીધી.

અંદરના ઓરડામાંથી માનો અવાજ આવ્યો. 'રાજેશને અહીં મોકલ શ્યામ.'

રાજેશ અંદર ગયો. માએ કહ્યું, 'બહુ મોડું કર્યું. હવે પહેલાં થોડું પેટમાં નાખી લે. રસોઇ ઠરીને ઠીકરું થઇ ગઇ છે.

જાણે કંઇ સાંભળ્યું જ ન હોય તેમ રાજેશ ઊંડા વિચારમાં પડી ગયો. માએ ફરીથી કહ્યું, 'જા ભાઇ. ઉમા– થાળી પીરસ.'

'મારાથી નહિ ખાઇ શકાય મા.'

આશ્ચર્યથી માએ કહ્યું, 'કેમ નહિ ખાઇ શકાય ભઇ ?

'બસ એમ જ.'

'એ કરતાં ન આવ્યો હોત તો સારું હતું.

'ખીજાશો નહિ મા. તમારા આ એક બાળકના જરૂરી વસ્તુ માટે માફી આપો.'

રાત્રીના બે ત્રણ વાગ્યાના સુમારે મૃદંગના અવાજને પણ ટપી જાય તેવા અવાજો ઉપરના દાદરેથી આવવા લાગ્યા. ઘરનાં બધાં માણસોએ નીચે જ બેઠક જમાવી હતી, અને સંગીતની –ધૂનમાં આ અવાજ તેઓને ખૂંચ્યો પણ ખરો. અવાજ ઉત્તરોત્તર વધતો જ ગયો. પરિણામે સંગીત બંધ રહ્યું, ધણાંને ચીડ ચડી અને અવાજ ઉપરથી આવે છે એ સમજ્યા પછી બીક લાગી. આવી ધમાલમાં કોઇ ઉપર ચડી ટ્રંક તથા પેટીઓ તોડી રહ્યા હોય એ બનવાજોગ છે એમ બધાંએ કબુલ કર્યું. બીકથી બધાં જડ જેવાં થઇ ગયાં. મા પણ ગભરાઇ ગઇ. બધાંએ અભિપ્રાય ઉચાર્યો, 'ઉપર જઇને તપાસ કરવી જોઇએ.' પણ પગોએ એ અભિપ્રાયને ગણકાર્યો નહિ. કોઇએ કહ્યું બહાર જઇ બીજાં માણસોને બોલાવી લાવવાં જોઇએ પણ એ હરામખોર કાયા ન સમજવા. બે ઘરમાં હોય તો દસ ઘરની બહાર હોય' આ વખતે બધાંની નજર ડેલીના બારણા તરફ વળી. 'પણ અરે, આ કોણ દાદરો ચડી રહ્યું છે ! મોતને ભેટવાની આટલી બધી ઉતાવળ કોને છે ?'

ઓમંડળમાંથી દબાયેલી ચીસો નીકળી, 'ન જા, રાજેશ, પાછા ફરો રાજેશભાઇ.'

અર્ધો દાદરો ચડી રાજેશે બધાં તરફ એક સર્વગ્રાહી નજર ફેંકી લીધી. મક્કમ પગલે ઉપર ચડી ગયો. તેની પાછળ શ્યામ અને બીજા બધા લોકો ધ્રુજતે પગલે ઉપર ચડી ગયા. રાજેશે બારણું ઉતારી નાખતાં જ એક સણસણ કરતો કોહાડાનો છૂટો ઘા થયો. રાજાનો છૂર લડી ગયો. સ્ત્રીઓને બાઝી પડી દાદરા સરસાં થઇ ગયાં. કોહાડો સામેની બારીમાં ભટકાઇ, કાચના ચૂરેચૂરા કરી ફળીમાં જઇ પડ્યો.

પણ બીજી જ પળે રાજાએ જે જોયું તે સ્વપ્ન તો નહિ હોય એમ દરેકને લાગવા લાગ્યું. કોઇએ પોતાના ગાલ પર તમાચો મારી જોયો. છતાં જ ઊભો અને આ જે મર્મચક્ષુને દેખાય છે એ સાચું જ છે એમ ખાત્રી થતાં આશ્ચર્યચકિત થઇ ગયાં.

અને ડાકુઓ હથિયારો ફેંકી દઈ રાજેશના પગ આગળ ઢગલો થઈ પડયા હતા.

ઊંડે ઊંડેથી અવાજ આવતો હોય તેમ રાજેશ બોલ્યો, ' જાઓ–ઘેર જાઓ. '

બેમાંથી એકે કહ્યું, ' માફ કરો ગજુભાઈ, ઘરમાં અનાજનો દાણો નથી. ત્રણ દિવસ થયાં બાળકો ભૂખે ટળવળે છે.'

રાજેશે કહ્યું ' કાલે તો તેં મને કંઇ કહ્યું ન્હોતું ગંગુ ! '

'તમે અમારે માટે ઘણું કર્યું. તમને કેટલી તકલીફ આપવી ? '

' હં...કાલે ઘેર રહેજો જાઓ.

બીચારા થોડે સુધી ચાલી ગરીબ ગાયની જેમ નાસી ગયા. આવ્યા હતા હથિયાર લઈને, ગયા ત્યારે હથિયાર લેવાની પણ તેનામાં હામ રહી નહિ !

કોઈ પણ કાર્ય–પછી તે ભલે સારું હોય કે ખરાબ હોય–વખાણની સાથે નિંદા પણ થવાની જ. આ બનાવ વિષે પણ એવું જ બન્યું, કોઈએ કહ્યું, ' અજબ માણસ છે. મંત્ર જાણતો લાગે છે. ભૂતને વશ કર્યું છે. ' નિંદાખોરોએ કહ્યું, ' ડાકુઓનો સરદાર છે. તેનાથી ચેતતા રહેવું સારું ' તે જ ક્ષણે સગાંવહાલાંમાંથી અર્ધો ભાગ પોતાની ઓઓને લઈને પરભોગો થઈ ગયો.

તેજ રાત્રે શ્યામની માએ પરદેશ પત્ર લખી આગલા પત્રોમાં કરેલાં રાજેશના વખાણમાં ઠીક ઠીક વધારો કર્યો. વળતા પત્રમાં શ્યામના પીતાએ રાજેશને નીચે પ્રમાણે ચીઠ્ઠી મોકલી.' 'ઘરની સંભાળ રાખજે. કદીય ઊંધે રસ્તે ચાલતું હોય તો સાચા રાહ પર મૂકી દેજે. જીવનભર તારો ઉપકાર નહિ ભૂલું. '

રાજેશને ચીઠ્ઠી મળી પણ ગઈ.

×

છ એક માસ એમને એમ પસાર થઈ ગયા. રાજેશ શહેર છોડી કોણ જાણે કયાં ચાલ્યો ગયો હતો. જતી વખતે ઠેકાણું આપતો ગયો હતો. એ ઠેકાણે શ્યામે પત્ર લખી જોયો પણ જવાબ ને બદલે પત્ર પાછો આવ્યો.

ઉનાળો લગભગ પૂરો થવા આવ્યો હતો. પરદેશથી શ્યામના પિતાએ લખ્યું હતું કે તેઓ ઉનાળો પૂરો થયે દેશમાં આવશે. ઉમાના સગપણની વિધિ પણ ત્યારે જ કરવામાં આવશે. કંઈ ઉતાવળ કરવાની જરૂર નથી વગેરે. પણ એ જવાબદારી ગૃહિણિને બહુ જ મોટી લાગી હોય કે પછી એ શુભ કાર્યનો જશ પોતાને એકલાને જ લેવો હોય કોણ જાણે પણ કોલેજમાં ભણતા એક વિદ્યાર્થી સાથે ઉમાના સગપણની વાત ચલાવી દીધી હતી, છોકરો ઉમાને જોઈ ગયો. 'છોકરી શ્યામ છે' કહીને જતો પણ રહ્યો. કોઈ એમ કહેનારાળું પણ ન નીકળ્યું કે 'મૂરખ, તારૂં નસીબ જ કાળું છે. જરા અરીસા સામે ઊભો રહીને જોઈ તો જો કે કોણ શ્યામ છે. પણ એથી તો ગૃહિણીની ચિંતા હજાર ગણી વધી ગઈ. મહાઅનર્થ થઈ ગયો ? એ તુકશાનીમાંથી બચવા તેણી ફાંફાં મારવા લાગી ગઈ. અને ઉત્તરે પાસેના શહેરનો એક લાખોપતિનો છોકરો મદદે આવી ગયો ! થોડાજ પછો જોવા ખાતર જોઈ જશે એવી મતલબનો પત્ર આવ્યો ત્યારે શ્યામની માએ નિરાંતનો દમ ખેંચ્યો. ભગવાનને બે માળા ફેરવવાના કાર્યક્રમમાં તે દિવસથી ફેર પડયો–ચાર ફેરવવાનું નક્કી કર્યું.

આજકાલ શહેરમાં રોગચાળો ફાટી નીકળ્યો હતો. કોલેરાના ઉપદ્રવે માણસો ત્રાસી ઊઠયાં છે. *સરકાર તરફથી કોલેરાની રસીઓ મૂકાવવાની ગોઠવણ* થઈ. ઠેર ઠેર સગવડતાઓ થઈ ગઈ છે. છતાં ય રોગ મચક આપતો નથી. રાજેશ પાછો થોડા દિવસથી આવી ગયો છે અને પોતાના કામે લાગી ગયો છે. આટલા દિવસથી આવ્યો છે પણ શ્યામને ઘેર જવાની હજી તેને ફુરસદ મળતી નહોતી. આજે ત્યાં જઈ આવું એવું નક્કી કરી રસ્તા પર નીકળી પડયો હતો. ત્યાં અચાનક પાછળથી અવાજ આવ્યો—અરે રાજેશ કે ! '

પાછું ફરીને જોયું તો સફાઈબંધ અંગ્રેજી પોષાકમાં સજ્જ થયેલો એક જુવાન તેને બોલાવી રહ્યો હતો. તેણે પાસે આવી કહ્યું, 'અરે, તેં મને ન ઓળખ્યો ? હું બંસીલાલ. આપણે સાથે ભણતા ?'

રાજેશે ખબર અંતર પૂછી કહ્યું. 'શું કરે છે આજકાલ ?

બંસીલાલે જવાબ આપ્યો. ઘણા કામમાં છું દોસ્ત. વાત એમ છે કે આજકાલ લગ્નના બજાર તેજીમાં છે. એમાં ય અમારી નાત-છોકરીઓનો રાફડો ફાટયો છે યાર. આપણે પણ આપણો ઘોડો રેસમાં મૂકયો છે. છોકરીઓ જોઉં છું. થોડો વખત લ્હેર કરી બંદા, ઘર બદલે છે. ફાવી ગયું છે. આવી મઝા છે યાર. મારા બાપદાદાએ પણ નહીં દેખી હોય. ચાલ મારી સાથે, આજે તને એ બધું નજરે દેખાડું ત્યારે હું ખરો !

રાજેશે કહ્યું, 'મારે ખૂબ કામ છે, તું જા.'

કંઈક નફ્ફટ જેવું હસી બંસીલાલ પોતાને રસ્તે પડયો,

તે દિવસે શ્યામને ઘેર જવામાં બહુ મોડું થઈ ગયું એટલે ગયો નહિ. બીજે દિવસે ગયો ત્યારે ખબર પડી કે ઉમાની સગાઈનું લગભગ નક્કી જેવું જ છે. પરમ દિવસે બધી પાકે પાયે વાત થઈ જશે. પિતાજી આવે તો ઠીક છે નહિતર ગૃહિણીના શુભહસ્તે એ કામ નિર્વિઘ્ને પતી જશે એમાં કંઈ શંકા નથી. ઉઠયો ત્યારે થોડો વરસાદ શરૂ થયો. તેને જતો જોઈ આજની રાત અહીં જ ખેંચી કાઢવાનું શ્યામે રાજેશને કહ્યું. મા પણ બેઠી હતી છતાં તેણી કંઈ બોલી નહિ. શા માટે ન બોલી એનું કારણ છે. ઘણા વખત પછી તેના બુદ્ધિશાળી મગજમાં પેલા ચોરીના પ્રસંગ પછી વાત બેસી ગઈ હતી કે આવા માણસની સાથે ઝાઝો સંબંધ રાખવો એ કદાપિ બનું નથી. છતાં ય રાજેશે શ્યામના આગ્રહને માન્ય રાખ્યો.

વહેલી સવારે પાંચ વાગે રાજેશની ઊંઘ ઉડી ગઈ. અગાસીમાં જઈ આકાશ સામે મીટ માંડી તાકી રહ્યો. ઘનઘોર વાદળાઓ જાણે હમણાં તૂટી પડશે એમ લાગતું હતું. જાણે એમાંથી એક વાદળું છૂટું પડી પોતાના પગ પાસે પડી તેને ભીંજવી રહ્યું હોય એમ લાગ્યું. પગ પાસે જોયું તો ઉમા પોતાના પગ પકડી તેને આંસુઓથી ભીંજવી રહી હતી. રાજેશ આભો બની ગયો. 'અરે શું છે બેન !'

થોડીવાર પછી સ્વસ્થ થઈ ઉમાએ કહ્યું. 'મારી વાત કોને કહું રાજેશભાઈ ?'

'મને કહે બેન-'

'મને બચાવો ભાઈ, મારે પેલા સાથે સગાઈ નથી કરવી. એ નીચ નફ્ફટની સાથે-'

રાજેશે કહ્યુ, 'જો બેન, ઘરમાં મા છે, ભાઈ છે: હું કંઈ ઘરનો માણસ નથી. તેઓને કહે જા. ઉપરાંત સાંભળ, કોઈને નીચ નફ્ફટ કહેવાથી તેઓ નીચ નફ્ફટ છે એમ કોઈ નહિ માને-સાબીતિ જોઈએ. છે તારી પાસે ?

ઉમાએ નીચે જોઈને જ જવાબ આપ્યો'-છે મારી પાસે પુરાવા છે સાંભળશો !'

'કહે જોઉં !'

'એક તો હું પોતે. બીજી મારી સાથે ભણતી મારી અસંખ્ય સાહેલીઓ-'

રાજેશનો ચહેરો જાણે કે સાવ બદલાઈ ગયો. બહુ જ હેતપૂર્વક તેને ઊઠાડી તેનાં આંસુઓ લુછી તેના વાંસાપર હાથ ફેરવતો રહ્યો. મુરારીની બંસી જેવા અવાજે કહ્યું. 'ઊઠો બેન, ઘરમાં જાઓ !'

×

ઉપલી વાતને બે દિવસ વીતી ગયા. ઉમાની સગાઈ કરવા માટે થોડાં માણસો આવ્યાં છે. તેની સરભરામાં બધાં માણસો ગૂંથવાઈ ગયાં છે. તેમની મહેમાનગતી કરવામાં પૈસાનો હિસાબ કરવાનો નથી એવી ગૃહિણી તરફથી સૂચના મળવા પછી માતૃભાષા ક્યાંય તેમાં પાછા પડે તેમ નહોતો. દિવસ અને રાતના ચોવીસ કલાકમાંથી એવી એક ક્ષણ પણ કંટાળો આપે તેવી ન હોવી જોઈએ એની બધાં

તકેદારી રાખતાં હતાં.

આજે રાત્રે વાત પાકી કરવાની હતી શ્યામના પિતાને કંઇ ખબર નહોતી. આવું ભગીરથ કાર્ય પોતાને જ હવે તો પાર પાડવાનું છે એમ સમજી ગૃહિણી તેને કેવી રીતે પાર પાડવું તેની યોજના વિચારી રહી હતી એમાં તેને મદદ આપવા નજીકનાં સગાંવહાલાં પણ આવી ચાર્યાં હતાં

રાત્રે જમી રહ્યા પછી એક ઓરડામાં બેઠક રાખી હતી નિરાંતનો સમય હતો અને સગાઇનું હવે નક્કી થઇ જાય તો કંઇ વાંધા જેવું નથી એમ બધાંને લાગ્યું.

વાત ઉપાડી છોકરાના બાપે—'ત્યારે શુભકાર્યમાં ઢીલ શી—હાલે જ—'

પણ તેનું વાક્ય પૂરું થયું જ નહિ. વજ્રપાત થાય તેમ બારણા બાજુથી અવાજ આવ્યો.

'એ સગાઇ નહિ થઇ શકે.'

બધાંએ દ્વાર તરફ જોયું. તો રાજેશ ઊભો હતો. જોરથી બીડેલો હોઠ, તેજના તીક્ષ્ણ કિરણો છોડતી આંખો વગેરે જોઇ બધા બે ઘડી અવાક્ થઇ ગયાં.

શ્યામની માને ધરતી પગ નીચેથી સરતી લાગી બોકા જેવી થઇ કહ્યું, 'અમારી બાબતોમાં વચ્ચે ન પડીશ રાજેશ. મહેરબાની કરીને ચાલ્યો જા.'

તેણે મા તરફ ફરીને કહ્યું, 'હવે જવાનો વારો આવ્યો જ છે. મા એક વખત તમે જ બોલાવેલો. આજે તમારું જ કહ્યું માની ચાલ્યો જઇશ પણ તમે જે ઊંડા પાણીમાં ઊતરી રહ્યાં છો એનો તમને ખ્યાલ આપી રોકીશ નહિ તો લાખ પ્રયત્ને ય બહાર નહિ નીકળી શકો મા.

'તું જા, કહું છું—'

રાજેશે વરના બાપ તરફ જોઇ કહ્યું, 'બસીલાલને તમે મારા કરતાં વધારે સારી રીતે ઓળખો છો તમારા ભલા ખાતર બીજાને શા માટે કૂવામાં ધકેલી રહ્યા છો કહેશો!'

પછી માને કહ્યું, 'આજે તમને મા, તમારી આબરૂની પડી છે. તેને જાળવી રાખવામાં આંખે જે પડળ ચડી ગયાં છે તેથી તમને કંઇ દેખાતું નથી. ચારિત્ર્યહીન છોકરા સાથે તમારી છોકરીને આપી તમે કેટલું નુકશાન વહોરી રહ્યાં છો એનો ખ્યાલ આજે તમને નહિ આવે. જરા છોકરીને પાસે બેસાડી પૂછી તો જુઓ કે તે શું કહે છે? મા થઇને તેનું દીલ વાંચવાની તમારામાં આવડત નથી? કળિયુગમાં, કહ્યું છે કે—મા પોતાનાં છોકરાંને વેચશે—એ તમે છો—તમે જ છો એ મા.'

'બહાર નીકળ કહું છું હરામી—'

આટલા આવેશપૂર્વક બોલતો હતો છતાં રાજેશના શરીરમાં જરાય થથરાટ નહોતો. આગ જેવી વાણીથી બધાંને જાણે બાળી રહ્યો હોય એમ લાગતું હતું. આકાશમાં થતી મેઘગર્જના અને વીજળીના સળકારા પણ રાજેશને સાથ દઇ રહ્યાં હતાં!

આજ વખતે શ્યામના પિતા પોતાના હાથમાં ઉમાનો હાથ લઇ મુસાફરીના જ લૂગડે ઓરડામાં દાખલ થયા એક સમય નજર ફેરવી, ઘડીભર રાજેશ સામે જોઇ, વરના બાપને કહ્યું. 'ઉમાની સગાઇ તમારા પુત્ર સાથે મારે નથી કરવી'

શ્યામની માએ કહ્યું, 'પણ—'

તેને વચ્ચે રોકી કહ્યું, 'રાજેશની બધી વાત મેં સાંભળી છે મેં મારો નિશ્ચય કરી દીધો. તમે લોકો બધા આવ્યા છો તો કાલનો દિવસ રોકાઇને જજો બેટા ઉમા, જા તો સરસામાન બધો ગોઠવી નાખો

આ દરમાન રાજેશ ધીમે ધીમે સરકી ગયો ડેલીમાંથી પસાર થવા જાય છે ત્યાં કોઇએ એના પગ પકડી લીધા ગળગળે અવાજે ઉમાએ કહ્યું 'તમે ચાલ્યા જવાના છો એ મને ખબર છે નાની બ્હેનને આશીર્વાદ નહિ આપતા જાઓ!

ઉમાને માથે સ્નેહપૂર્વક હાથ મૂકી રાજેશ જ્યારે રસ્તા પર આવ્યો ત્યારે મેઘરાજા તેને વધાવવા બમણા જોરથી તૂટી પડ્યા. વીજળીએ પોતાના તેજકિરણની એક ઝલક આપી અને શેરીનાં પાણી તેના પગ ધોઇ રહ્યાં.

... અનુવાદ ... ચાર નવા પુસ્તકો

લેખક તારાશંકર બંદોપાધ્યાય
અનુવાદક રમણિક મેઘાણી
કિંમત રૂ. ૩-૦-૦ ટપાલ ખર્ચ જુદું

લેખ- તારાશંકર બંદોપાધ્યાય
અનુવાદ રમણિક મેઘાણી
કિંમત રૂ. ૪ ૮ ૦ ટપાલ ખર્ચ જુદું

લેખક બનફૂલ
અનુવાદ રમણિક મેઘાણી
કિંમત રૂ. ૩-૮-૦ ટપાલ ખર્ચ જુદું

લેખક શરદિન્દુ બંદોપાધ્યાય
અનુવાદ રમણિક મેઘાણી
કિંમત રૂ. ૨-૪-૦ ટપાલ ખર્ચ જુદું

ભારતી સાહિત્ય સંઘ લિમિટેડ
ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધી રસ્તો, અમદાવાદ-૧

નવાં પ્રકાશનો

જીવાનની જીવનવાણી	ધૂમકેતુ	૩-૮
સંસ્કારકથાઓ	,,	૧-૦
બોધકથાઓ ૧-૨	,,	૨-૦
વનછાયા	,,	૩-૦
મેઘબિન્દુ	,,	૩-૦
રાજર્ષિ કુમારપાળ	,,	૪-૮
મારી હૈયા સગડી ભા ૧-૨	ઈશ્વર પેટલીકર	૬-૦
પારસમણી	,,	૩-૦
કાજળકોટડી	,,	૩-૮
કાશીનું કરવત	,,	૩-૮
કળિયુગ ભાગ ૧ ૨	,,	૬-૦
વિકાસ	ચુનીલાલ વ. શાહ	૫-૦
પરમ આર્હત	,,	૪-૮
વૈતરણી તીરે	રમણિક મેઘાણી	૨-૪
મરૂભૂમિમાં	,,	૩-૮
મૂંગુરુદન	,,	૩-૦
વિલોપન	ઝવેરચંદ મેઘાણી	૩-૮
પરિભ્રમણ ભા ૧ ૨-૩	,,	૧૦-૮
પરકમ્મા	,,	૨-૮
છેલ્લું પ્રયાણ	,,	૨-૪
પાથેય	નવલભાઈ શાહ	૨-૮
શેખચલ્લી નિરંજન વર્મા	જયમલ્લ પરમાર	૧-૦
ગગનને ગોખે	,,	૩-૮
આપણે આંગણે ઉડનારા	,,	૪-૪
પરિકથાઓ ૧-૨	,,	૭-૦
રૂપકથાઓ	,,	૩-૦
ખંડિત કલેવરો	,,	૩-૮
અણખૂટ ધારા	,,	૩-૮
રાજયાત્રા	રમણલાલ સોની	૪-૪
શંખનાદ	,,	૨-૧૨
પાનેતરના રંગ	પન્નાલાલ પટેલ	૩-૦
યૌવન ભા. ૧-૨	,,	૭-૦
સાચાં શમણાં	,,	૩-૮
જૂજવાં	જયંતિ દલાલ	૩-૮
કથરોટમાં ગંગા	,,	૧-૦
શહેરની શેરી	,,	૨-૮
અવતરણ	,,	૧-૦
સ્ટેલિનગ્રાડ	,,	૧-૦
મેના	સાને ગુરુજી	૩-૮
સંધ્યા	,,	૪-૮

હાઈસ્કૂલ, કૉલેજ અને સાર્વજનિક પુસ્તકાલયના મંત્રીઓને જણાવવાનું કે ગુજરાતી સાહિત્યનાં દરેક પ્રકારનાં પુસ્તકો અમારે ત્યાં વ્યાજબી કિંમતે મળે છે. એકવાર આપ ઓર્ડર આપીને ખાત્રી કરશો. વિસ્તૃત સૂચિપત્ર મગાવો:—

ભારતી સાહિત્ય સંઘ લિ૦

(રૂ નો) હીરા,ચ પુલ નીચે • ગાંધી રસ્તો • અમદાવાદ-૧

રેખા

તંત્રી: ઈશ્વર પેટલીકર

- 'રેખા' એટલે રોજ રોજ જીવનના પ્રશ્નો રજૂ કરતું માસિક
- એ તમારા ઘરમાં મુરબ્બી થઈને સલાહ આપવા આવતું નથી, પણ મિત્ર તરીકે સુખદુઃખની વાત કરવા આવે છે
- એની ઇચ્છા ઘરના સૌનો સ્નેહ સંપાદન કરવાની છે, એ માટે એ દિલથી પ્રયત્ન કરશે
- દર મહિનાની પહેલી તારીખે એ પોસ્ટ કરવામાં આવશે
- વાર્ષિક લવાજમ રેખાના રૂપિયા છ અને પરદેશમાં શિલિંગ બાર છે
- 'રેખા' આ લવાજમમાં ત્રણ રૂપિયાનું ભેટ પુસ્તક ગ્રાહકોને આપે છે. એટલે એ રીતે માસિક ગ્રાહકોને માત્ર ત્રણ રૂપિયામાં મળે છે. આજનું એનું વાચન જોતાં એ ઘણું સસ્તું છે

- એમ સસ્તુ સાહિત્ય આપવું ત્યારે જ પોષાય કે આપણને એનું વાચન ગમતું હોય તો લવાજમ ભરી ગ્રાહક બનીએ, આપણે ત્યાં વાચન પાછળ ખર્ચ કરવાની વૃત્તિ થોડી છે. વાચન શોખ વધતો જાય છે એ પ્રમાણે ખરીદીને વાચવાની વૃત્તિ જો વધે તો 'રેખા' આ રીતે સસ્તુ આપવું મુશ્કેલ ન પડે.
- આ માસિક જો તમને ગમે તો એના ગ્રાહક બની આ પ્રવૃત્તિને સહકાર આપજો.
- આ વરસના ભેટ પુસ્તક તરીકે ઈશ્વર પેટલીકરની નવી નવલકથા 'મધનાળ' ગ્રાહકોને ભેટ આપવામાં આવશે.
- તંત્રી તરીકેનો બધો પત્રવ્યવહાર, લેખો, અવલોકન માટેનાં પુસ્તકો, પત્રો વગેરે માટે નીચેના શિરનામે પત્રવ્યવહાર કરવો: તંત્રી, 'રેખા' આણંદ.
- વ્યવસ્થા અંગેનો પત્રવ્યવહાર, લવાજમના મ. ઓ., અંક ન મળ્યાની ફરિયાદ, જા. ખ અંગે, ગ્રાહક થવા અંગે નીચેના શિરનામે પત્રવ્યવહાર કરવો- વ્યવસ્થાપક, 'રેખા' C/o. ભારતી સાહિત્ય સંઘ લિ., ફરનાન્ડીઝ પૂલ, ગાંધી રસ્તો : અમદાવાદ ૧.

મુદ્રક છાપનાર દીપક પ્રિન્ટરી અમદાવાદ